શ્રી

# જૈનાગમ કથા કોષ

લેખક અને પ્રકાશક

જીવનલાલ છગનલાલ સંઘવી

श्री जिनवराय नमः

श्री

# જૈનાગમ કથા કોષ

તપાગચ્છાધિપતિ
જ્ઞાનભંડાર,
શ્રી વિજયનેમિસૂરીશ્વરજી

લેખક અને પ્રકાશક

**જીવનલાલ છગનલાલ સંઘવી**

પંચભાઈની પોળ—અમદાવાદ

કિંમત [illegible]

પ્રથમાવૃત્તિ પ્રત ૧૧૦૦

સર્વાધિકાર સ્વાધીન

**संबुज्झह ! किं न बुज्झह ? संबोही खलु पेच्च दुल्लहा ।**
**णो हूवणमंति राइओ, नो सुलहं पुणरावि जीवियं ॥**

જાગો ! તમે કેમ સમજતા નથી ? પાછળથી બોધીબીજની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. કારણકે જેમ વીતી ગયેલી રાત્રિઓ પાછી આવતી નથી તેમ આ જીવન (મનુષ્યભવ) ફરીથી સહેલાઈથી મળી શકતું નથી.

—શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી વીરવિજય પ્રિન્ટીંગ પ્રેસ
રતનપોળ, સાગરની ખડકી
અમદાવાદ

## સ્વ૰ હીરાચંદ ઠાકરશી શાહ—ચોટીલા.



જન્મ: સં. ૧૯૪૬
ફાગણ શુદિ ૧૩

અવસાન: સં. ૧૯૯૨
ફાગણ શુદિ ૨

# અર્પણ

શ્રીયુત સ્વધર્મનિષ્ટ

**રા. રા. નેમચંદભાઇ ઠાકરશી શાહ.**

ચોટીલા.

**મુરબ્બીશ્રી !**

જૈન આગમમાંથી તારવેલાં જૈન મહાપુરુષો અને સન્નારીઓનાં જીવનચરિત્રોનો આ સંગ્રહ-ગ્રન્થ કોને અર્પણ કરવો, એ વિકટ પ્રશ્નનો ઉત્તર મેળવવાની વિચારમાળા દરમ્યાન મ્હને આપનો પરિચય થયો. એ પરિચય દ્વારા હું જાણી શકયો, કે આપનો જૈન ધર્મ પ્રત્યે અવિરત્ પ્રેમ છે. જૈન સાહિત્યકારોને ઉત્તેજન આપી જૈન સાહિત્ય વિકાસમાન થયેલું જોવાના આપ સુંદર મનોરથો સેવો છો, એટલું જ નહિ પણ સમય સમય પર આપ સાહિત્યકારોને ઉત્તેજન આપી સક્રિય સાથ આપો છો.

વળી આપ ધંધાર્થે કલકત્તા જેવા દૂરના ક્ષેત્રમાં વસતા હોવા છતાં, આપ આપનું ધાર્મિક નિત્યકર્તવ્ય-સામાયિક, પ્રભુસ્મરણાદિ અસ્ખલિતપણે બજાવ્યે જાવ છો, તેમજ આપ કલકત્તાના સ્થા. જૈન સંઘમાં હમેશાં આગેવાનીભર્યો ભાગ લઈ ભગવાન મહાવીરના શાસનરક્ષણમાં સુંદર ફાળો આપી રહ્યા છો. એ વગેરે આપના ઉદાર અને પ્રશંસનીય કાર્યોથી આકર્ષાઈને "જૈનાગમ કથાકોષ" નામનું આ પુસ્તક હું આપને પ્રેમપૂર્વક અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

—જીવનલાલ.

# સ્વ. હીરાચંદભાઈ ઠાકરશી શાહનો
# ટુંક જીવન પરિચય

ચોટીલા (કાઠીયાવાડ) ના સ્થા. જૈન સમાજમાં એક યશસ્વી, ધાર્મિક અને પ્રેરણાત્મક જીવન વિતાવી જનાર સ્વ. શ્રી હીરાચંદભાઈ ઠાકરશી શાહનો જીવન પરિચય આ ધાર્મિક કથાનકવાળાં પુસ્તકમાં આપતાં અમોને ઘણોજ આનંદ થાય છે. આપણે આપણાં પૂર્વજોનાં રસાત્મક ધાર્મિક જીવન વૃત્તાંતો વાંચીએ, તે સાથે આધુનિક યુગના કો' વીરલાઓ પણ એ મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણાની મીઠી સુવાસ લઈ, પોતાનું જીવન સુવાસિત બનાવી શકે છે; એ જાણવા માટે જો આપણે ઉત્સુક્ત થઈએ તો, પ્રાચીન અર્વાચીન ચરિત્રોના મેળથી આપણને વધારે પ્રેરણા મળે એ સ્વાભાવિક છે.

ચોટીલામાં શ્રી ઠાકરશી મોતીચંદનું કુટુંબ જાણીતું છે. શ્રી. હીરાચંદભાઈ, રાયચંદભાઈ અને નેમચંદભાઈ એ તેમના સુપુત્રો છે. જેમાંના શ્રી રાયચંદભાઈ હાલ ચોટીલામાં અને શ્રી નેમચંદભાઈ કલકત્તામાં કાપડનો ધિકતો વ્યાપાર કરી રહ્યા છે. તે સાથે આ બંને સજ્જનો ધર્મકાર્યમાં પોતાનો યથાશક્ય સુંદર ફાળો આપી રહ્યા છે.

સૌથી મોટા શ્રી હીરાચંદભાઈ હતા, તેમનો જન્મ સં. ૧૯૪૬ ના ફાગણ સુદ ૧૩ ના રોજ ચોટીલામાં થયો હતો. તેમના માતુશ્રી મોંઘીબાઈ હાલ હયાત છે. વૃદ્ધ ઉંમર છતાં તેમની ધાર્મિક ભાવનાઓ અતિ પ્રશંસનીય છે. તેમના પિતાશ્રી પણ ધર્મસંસ્કાર અને ધાર્મિક ઉચ્ચ વિચારોથી દિપ્ત હતા. આમ માતાપિતાના સુસંસ્કારો પુત્રમાં ઉતરે, એ સહજ ક્રમાનુસાર સદ્‌ગત હીરાચંદભાઈમાં પણ ધાર્મિક સંસ્કારો સારી રીતે વિકાસ પામ્યાં હતાં.

ધર્મભાવનાની સાથે તેમનામાં ધંધાની સાહસિકતા પણ ઘણી સારી હતી. ગુજરાતી અભ્યાસ પૂરો કરી તેઓ ચોટીલાની પોતાની કાપડની દુકાનમાં જોડાયા, અને ધીરે ધીરે તે વ્યવસાયને સારી રીતે ખીલવ્યો; એટલું જ નહિ પણ તેમણે વડિલ બન્ધુ તરિકેની પોતાની ફરજ અદા

કરતાં, પોતાના બંને ભાઈઓને પણ દુકાનમાં પોતાના હાથ નીચે રાખી હોશિયાર બનાવ્યા.

સં. ૧૯૭૯ ની સાલમાં ધંધાના વધુ વિકાસાર્થે તેઓ કલકત્તા ગયા. જ્યાં તેમણે પોતાની ઉદારતા, પ્રામાણિકતા અને સાહસિકતા વડે કાપડની દુકાન સારી રીતે જમાવી.

માત્ર ધંધામાંજ આગળ વધી પૈસા પ્રાપ્ત કરવાં, એવો એકજ માત્ર ઉદ્દેશ તેઓનો ન હતો. પોતાના ગરીબ સ્વધર્મી બંધુઓને આર્થિક મદદ, કેળવણીમાં સહાય વગેરે ગુપ્તદાન પણ તેઓ કરતા, હંમેશાં પ્રાતઃકાળે સામાયકવ્રત કરવું, ફુરસદના વખતે ધાર્મિક વાંચનનું અધ્યયન કરવું, ધાર્મિક સાહિત્ય તથા જીવદયાદિ શુભ કાર્યોમાં યથા શક્તિ ફાળો આપવો, સાધુસંતની વૈયાવચ્ચ—સેવાભક્તિ કરવી, વગેરે પવિત્ર જીવન ગાળવા માટે કરવાં યોગ્ય કાર્યો કરીને તેઓ સંતોષ પામતા. ટુંકમાં તેમના જીવનનાં છેલ્લાં દશ વર્ષો વ્યવહારિક પ્રવૃત્તિ કરતાં ધાર્મિક પ્રવૃત્તિમાં વધારે ગયા હતા, એમ કહીએ તો તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી.

સાધારણ સ્થિતિમાંથી આગળ વધ્યા, ત્યારે તેમને ધાર્મિક કાર્યોમાં જરા વધારે ઉદારતાથી બે પૈસા ખર્ચવાની ઇચ્છા થઈ અને ચોટીલામાં ધાર્મિક અને કેળવણી વિષયક કાર્યોમાં યત્કિંચિત્ મદદ આપવાની પોતાની ઇચ્છા તેમણે પોતાના ભાઈઓને જણાવી. બંને ભાઈઓએ તેમની આ ઇચ્છા સહર્ષ વધાવી લીધી; પણ 'ધાર્યું ધણીનું થાય' એ નિયમ મુજબ હીરાચંદભાઈ ન્હોતા જાણતા કે માત્ર ૪૬ વર્ષની ઉંમરે મારે એકાએક આ જગતમાંથી વિદાય લેવી પડશે; તેઓ ન્હોતા જાણતા કે મ્હારા સ્વહસ્તે ન્હાની સરખી સખાવત કરી હું સંતોષ મેળવો શકીશ કે કેમ ?

સં. ૧૯૯૨ ની સાલ ચાલતી હતી. એ વખતે હીરાચંદભાઈ કલકત્તામાં હતા. તે વખતે તેઓ સહજ બિમાર પડ્યા. આ બિમારી પણ એવી ન હતી, કે જે જીવલેણ નીવડે. પણ હીરાચંદભાઈ માટે તો 'આદર્યાં અધુરાં રહે, ને હરિ કરે સો હોય' એવુંજ કાંઈ નિર્માણ થયું હતું; તેથી તેઓ એજ અરસામાં સં. ૧૯૯૨ના

ફાગણ શુદ ૨ ને દિવસે બપોરના એક વાગે એકાએક આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા.

તેમની ધારણાઓ ભલે તે વખતે અધુરી રહી, પણ તેમની પ્રેરણાઓ અધુરી રહેવા સરજાઈ ન હતી. એટલે તેમના બંધુઓ અને પુત્રોએ મળી તેમની એ ઇચ્છા તેમના મૃત્યુબાદ પૂર્ણ કરી. તેના ફળ સ્વરૂપે તેમના બંધુઓએ ચોટીલાની કન્યાશાળામાં પોતાના માતુશ્રીના નામથી "શ્રી મોંઘીબાઇ રૂમ" બંધાવી આપ્યો છે, તેમજ ત્યાંના સ્થા૦ જૈન ઉપાશ્રયમાં રૂા. ૩૦૦૦) ના ખર્ચે ઉપરનો માળ બંધાવ્યો છે, ઉપરાંત સદ્‌ગતના પુણ્ય–સ્મરણાર્થે તેઓ ધાર્મિક પારમાર્થિક કાર્યોમાં યત્કિંચિત્ ખરચ્યે જાય છે; એ ખરેખર પ્રશંસનીય છે.

શ્રી રાયચંદભાઈ અને નેમચંદભાઈ બહોળું સંસ્કારમયી કુટુંબ ધરાવે છે. તેઓ પણ પોતાનું જીવન પ્રમાણિકપણે વીતાવી, પોતાની ધર્મ અને સમાજ પ્રત્યેની ફરજો બજાવ્યે જાય છે.

મર્હુમ હીરાચંદભાઈ પોતાની પાછળ ભાઈ કેશવલાલ, ચંપકલાલ, ધીરજલાલ, બાબુલાલ વગેરે ચાર પુત્રો અને બે પુત્રીઓ વગેરેનું બહોળું કુટુંબ મૂકતા ગયા છે, જેઓ બધા સંસ્કારી છે. તેમાંના ભાઇ કેશવલાલ તથા ચંપકલાલ કલકત્તા ખાતે ધંધામાં જોડાયેલા છે; અને તેઓ પણ યત્કિંચિત ધાર્મિક ફરજો બજાવે છે.

આમ આખા સંસ્કારાત્મક સમૃદ્ધ કુટુંબનો પરિચય આપ્યા પછી ઇચ્છીએ કે સદ્‌ગત હીરાચંદભાઈ પોતાના ઉજ્જવળ ધાર્મિક જીવનની જે સુવાસ પોતાના જીવનમાં મૂકી ગયા. અને જે પ્રેરણા તેમણે તેમના કુટુંબી જનોને આપી, તે ધાર્મિક પ્રેરણામાં તેમના કુટુંબીજનો ઉત્તરોત્તર અભિવૃદ્ધિ કરી, જૈન ધર્મને દીપાવી, શાસનોદ્ધારનાં સત્કાર્યો કરે અને આપણે પણ સદ્‌ગતના ધર્મમય સરળ અને પ્રમાણિક જીવનનું અનુકરણ કરી, ધાર્મિક રસાત્મક જીવન ગાળીએ, એજ અભ્યર્થના ! ॐ શાંતિઃ

—જીવનલાલ.

# પ્રસ્તાવના.

આજથી બરોબર પાંચ વર્ષ પહેલાં મ્હારા તરફથી જૈન સિદ્ધાન્તની વાર્તાઓ ભા. ૧ લો બહાર પડેલો, જેમાં જૈનાગમમાં આવેલી ૬૮ ટુંક વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને એ અલ્પ પ્રયાસથી પણ જણાયું હતું કે જનરુચિ ભ. મહાવીરના શ્રીમુખે ઉચ્ચારાયલી વાણીનું રહસ્ય જાણવા કેટલી આતુર છે, અને તેની વધુ પ્રતીતિ તો ત્યારે જ થઇ કે ઉપર્યુક્ત પુસ્તક ખલાસ થતાં હજુયે તેની માગણી ચાલુ જ છે. આ દરમ્યાન ધર્મજીજ્ઞાસુ એવા એક વર્ગ તરફથી એક એવા પ્રકારની માગણી થતી કે જૈનાગમમાં આવેલો સમસ્ત કથા વિભાગ જનતાની જાણ માટે પ્રકટ કરવામાં આવે, તો ઘણો જ લાભ થાય તેમ છે, એટલું જ નહિ પણ ઘણાઓ સાધુ વંદણા વાંચે છે, મુખપાઠ બોલે છે, પરન્તુ તેમાં દર્શાવેલા મહાન આત્માઓની નામાવલી સિવાય, ત્હેમનાં અપૂર્વ, ધાર્મિક અને બોધપ્રદ ચરિત્રની લેશપણ માહીતિ હોતી નથી. આથી આ પ્રકારનો જનતાનો વિચાર સ્વપરહિતાર્થે મ્હને ખૂબજ ઉપયોગી લાગ્યો, અને અનુકુળ સંયોગો અને સમય પર આ જાતનો પ્રયાસ કરવાનો મેં નિર્ણય કર્યો.

એવા સમયમાં વીસલપુરવાળા આપણા એક સ્વધર્મીબન્ધુ શ્રી નગીનદાસ હઠીશંગ શાહ (પેન્શનર મહેતાજી) દ્વારા જાણવામાં આવ્યું કે તેઓએ આ જાતનો પ્રયાસ કર્યો છે; અને સમસ્ત આગમ તપાસી તેમાંથી તેઓએ મહાપુરૂષો અને સતીઓનાં ટુંક ચરિત્રોની તારવણી કરી છે. એ હસ્તલિખિત નોંધ તપાસતાં તેમાં મને ઘણી ઉણપ લાગી, ચરિત્રો અધુરાં તથા ભાષાશુદ્ધિની જરૂરિયાતવાળાં જણાયા. આ બધા પ્રકારની ત્રુટિઓ દૂર કરી, સાધારણ રીતે સમજી શકાય, જનતા આગમના કથા સાહિત્યને જાણી શકે, અને સમાજમાં એક સુંદર ગ્રંથ તૈયાર થઇ શકે તેવું હોય તો શ્રી. માસ્તર સાહેબે તેમનો પ્રયાસ લેખે લાગે, ઉપકારક અને એ

હેતુથી આધાર માટે મને એ હસ્તલિખિત યાદી આપી, અને અતિશયોક્તિ વગર કહું તો આ ગ્રંથ અલ્પ પ્રયાસે, આટલો વહેલો પ્રગટ કરવામાં કારણભૂત હોય તો તે શ્રી. નગીનદાસભાઈને આભારી છે. તેથી તેમના અને મ્હારા અગાઉના પુસ્તકના આધારથી, તેમજ અન્ય અનેક પુસ્તકોના સંશોધનથી આ ગ્રંથ તૈયાર થવા પામ્યો છે.

આપણું આગમ સાહિત્ય ઘણું વિશાળ છે. તેનાં એકેક શ્લોક પર, એક એક કથા પર વિવેચન કરવા બેસીએ, તો વર્ષોના વર્ષો પસાર થતાં પણ તેનો પાર આવે તેમ નથી. તેમાં એટલું રહસ્ય, એટલો બધો ન્યાય, એટલો બધો બોધ છે કે ખરેખર શ્રદ્ધાવંત મનુષ્ય એકેક વિષયને વિચારપૂર્વક મનન કરે, તો તેનાં હૃદયમાં આનંદની વિચિઓ ઉછળી આવે, વીરવાણીની ખૂબીનું મહત્વ સમજાય, સંસારની અસારતાનું ભાન થાય અને આ જગતમાં સદૈહે કરવાં યોગ્ય કાર્યોનું યથાર્થપણું સમજાય. પરિણામે મનુષ્ય સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના કરી સંસાર પરિત્ કરી શકે; જન્મ મરણનાં દુઃખોથી મુકત થઈ શકે.

ભ૦ મહાવીરે ઉપદેશેલી વાણીમાંથી શ્રી ગણધર મહારાજાઓએ જીવને સમ્યક્જ્ઞાન દર્શનની પ્રાપ્તિ માટે અને જનકલ્યાણાર્થે સૂત્રોની ચાર અનુયોગમાં ગુંથણી કરી છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ચરિતાનુયોગ અને (૪) ચરણ કરણાનુયોગ. તેમાં ચરિતાનુયોગ સુગમ હોવાથી મનુષ્યની સ્મરણશક્તિ બહુધા જલ્દીથી અને રસપ્રદ રીતે સ્પર્શ કરી શકે છે; એટલું જ નહિ પણ પ્રાયઃ મનુષ્યનું જીવન અનુકરણ કરવા પ્રતિ વધારે દોરાયલું હોઈ, અનુકરણ માર્ગે વળે છે, અને તેથી તે પોતાના જીવનની ત્રુટિઓ નિહાળી, તેને સુધારી યથાર્થ પુરુષાર્થ વડે આત્મહિત સાધે છે. આ કારણે જ આજે જીવનચરિત્રોનાં પુસ્તકોને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

આમાંના એક એક ચરિત્રને ધારીએ તેટલું લંબાવી શકાય છે, પરન્તુ એમ કરવા જતાં એક જ ગ્રન્થમાં સંપૂર્ણ માહીતિ આપી દેવાની ઈચ્છા પાર પડી શકે નહિ, તેથી જ સામાન્ય જરૂરિયાતની માહીતિ આપવાનો આ ગ્રંથમાં પ્રયત્ન કર્યો છે.

આ ગ્રંથમાં ૩૨ આગમોમાંના કથા-સાહિત્યની માત્ર ૨૪૩ વાર્તાઓ આપવામાં આવી છે, અને અમારે મતે આમાં જાણવા લાયક લગભગ સઘળી વાર્તાઓનો સમાવેશ થાય છે. કેટલાંક પાત્રોનું ચરિત્ર મુખ્ય વાર્તાના અંતરભાગમાં ગૌણ વાર્તા તરીકે આવી જાય છે. દાખલા તરીકે હલ્લકુમાર, વિહલ્લકુમાર, પોટિલ્લા વગેરે; તેથી તે અલગ આપેલ નથી. ઉપરાંત કેટલાંક ટુંક ચરિત્રો કે જેની સ્થળ, દીક્ષા અને મોક્ષ સિવાય અન્ય કશી માહીતિ સૂત્રોમાં નથી, તે આમાં ઉધ્ધૃત કર્યાં નથી. દાખલા તરીકે શ્રેણિક રાજાના પુત્રો તથા રાણીઓએ લીધેલી દીક્ષા અને તેમનું મોક્ષગમન, કૃષ્ણની રાણીઓની દીક્ષા અને તેમનું મોક્ષગમન, કેટલાક સાર્થવાહોના પુત્રોની દીક્ષા અને તેમનું મોક્ષગમન, વગેરે.

આ કથાગ્રન્થમાં ૨૪ તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, પ્રતિવાસુદેવો, ભ. મહાવીરના ભક્તરાજાઓ, દશ ઉપાસકો, ચાર પ્રત્યેક બુદ્ધ, ૧૧ ગણધરદેવો, અનેક તપસ્વી મુનિવરો અને મહાસતીઓ, આદર્શ ગૃહસ્થો અને સન્નારીઓ વગેરેના વૃત્તાંતો આપવામાં આવ્યા છે. તે સાથે કથાઓ પરથી નીકળતો ન્યાય-સાર પણ કેટલીક વાર્તાઓને અંતે આપવામાં આવ્યો છે, જેથી વાચકને પાત્રોના ઉજ્જવળ અને મ્લાન એ બંને પ્રકારના ઉલ્લેખનીય જીવનમાંથી સુયોગ્ય પ્રેરણા મળી શકે.

જોકે આમાંની પ્રત્યેક કથાની નીચે સૂત્રાધાર ટાંક્યો નથી; પણ લગભગ આમાંની મ્હોટા ભાગની કથાઓ શ્રી ભગવતી, ઉપાસક દશાંગ, સૂત્રકૃતાંગ, નિર્યાવલિકા, અનુત્તરોવવાઈ, જ્ઞાતા, અંતગડ, વિપાક, ઉત્તરાધ્યયન આદિ સૂત્રોની છે. માત્ર થોડી એક કથાઓ જેવી કે—સુભદ્રા, સ્થૂળીભદ્ર, સુદર્શન, વગેરે કથા ગ્રંથની છે. બીજી થોડી એક વાર્તાઓ જેનું આગમમાં પણ અધુરૂં ચરિત્ર જોવામાં આવે છે, અને તે પૃથક્ પૃથક્ સ્થળે થઈ પૂર્ણ તારવી શકાય છે તેવાં થોડાંક ચરિત્રોની પશ્ચાત્ અને અધુરી હકીકત ગ્રંથ દ્વારા મેળવીને પૂર્ણ કરવામાં આવી છે, તે સાથે ન્યાય

જાળવવા ખૂબ જ લક્ષ રાખવામાં આવ્યું છે. છતાં આગમથી કદાચ વિરુદ્ધ જતી કોઈ વાર્તા માલમ પડે તો વિદ્વાનો સૂચિત કરશે, કે જેથી બીજી આવૃત્તિ સમયે યથાર્થ સંશોધન કરી શકાય.

આ કથાગ્રંથની પ્રુફ શુદ્ધિ માટે ખૂબ જ કાળજી રાખવામાં આવી છે, છતાં શીઘ્રતાને લીધે દૃષ્ટિદોષ અને પ્રેસદોષને અંગે રહેવા પામેલી ભૂલો વાચકો સુધારી લેશે. અલગ પ્રુફ શુદ્ધિ આપવામાં આવી નથી. મુખ્ય શુદ્ધિ અને પુરવણી આ ગ્રંથને છેડે આપવામાં આવી છે.

આ પુસ્તક આદ્યંત તપાસી મને યોગ્ય સૂચનો અને સલાહ આપવામાં દરિયાપુરી સંપ્રદાયના વિદ્વાન મુનિશ્રી હર્ષચંદ્રજી સ્વામીએ પોતાના અમૂલ્ય સમયનો જે ભોગ આપ્યો છે, તે માટે હું તે વિદ્વાન મુનિનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તેમજ મારાં આ પ્રકાશન માટે, પ્રેમપૂર્વક સહકાર આપી, સારી સંખ્યામાં અગાઉથી ગ્રાહકો થઈ જે જે સ્વધર્મી બંધુઓએ આ ધાર્મિક ચરિત્રયુક્ત પુસ્તકને અપનાવ્યું છે, તે બધા બંધુઓનો તથા ચોટિલા-નિવાસી શ્રી રાયચંદભાઈ ઠાકરશી તથા નેમચંદભાઈ ઠાકરશી કે જેઓએ આ પુસ્તકની સારી નકલો ખરીદીને, મને પ્રોત્સાહિત કર્યો છે; તેમનો હું સહૃદય ઉપકાર માનું છું, અને ઈશ્વર પાસે યાચું છું કે ધાર્મિક પ્રકાશનો વડે ઉત્તરોત્તર જૈનસમાજની સાહિત્યસેવા બજાવવાનું પ્રભુ મને બળ આપે.

અંતમાં મ્હારા અલ્પ અભ્યાસને અંગે આ પુસ્તકમાં રહી ગયેલી ત્રુટિઓ બદલ વિદ્વાન વાચકો ક્ષમા કરશે, અને સાથે સાથે પ્રેરણાત્મક ચરિત્રોના વાચન, મનન અને નિદિધ્યાસનથી જૈન ભગિનીઓ અને બંધુઓ યોગ્ય પ્રેરણાઓ મેળવી સ્વહિત સાધવા પ્રયત્નશીલ બનશે, તો મ્હારો આ પ્રયાસ કેટલેક અંશે સફળ થયો ગણાશે. ઈત્યલમ્. કિં બહુના સુજ્ઞેષુ !

ચૈત્ર શુક્લાષ્ટમિ : ૧૯૯૩ } શ્રી સંઘનો સેવક,
પંચભાઈની પોળ : **અમદાવાદ** } **જીવનલાલ છગનલાલ સંઘવી**

# અનુક્રમણિકા.


| વાર્તાનું નામ | પૃષ્ટ |
|---|---|
| ( અ ) | |
| અકંપિત | ૧ |
| અગ્નિભૂતિ | ૧ |
| અચળ | ૨ |
| અચળ બળદેવ | ૨ |
| અચળ ભ્રાતા | ૨ |
| અજીતનાથ | ૨ |
| અજીતસેન | ૩ |
| અતિબળ | ૪ |
| અતિમુક્ત | ૪ |
| અતિમુક્ત કે અઈવંત | ૫ |
| અદીનશત્રુ રાજા | ૭ |
| અનાથી મુનિ | ૮ |
| અનાદષ્ટિ | ૧૦ |
| અનિકસેન | ૧૦ |
| અનિરુદ્ધ | ૧૦ |
| અનંતનાથ | ૧૧ |
| અનંતસેન | ૧૨ |
| અભગ્ગસેન ચોર | ૧૨ |
| અભયકુમાર | ૧૩ |
| અભિચ | ૧૫ |
| અભિચંદ | ૧૫ |
| અભિનંદન | ૧૫ |
| અઈવંતા સુકુમાલ | ૧૬ |
| અરણિક | ૧૭ |
| અરનાથ | ૧૮ |
| અલખરાજા | ૧૯ |
| અરિષ્ટનેમિ—નેમનાથ | ૧૯ |
| અક્ષોભ | ૨૨ |
| અહૅન્નક | ૨૨ |
| અર્જુનમાળી | ૨૩ |
| અષાડાભૂતિ | ૨૫ |
| ( આ ) | |
| આર્દ્રકુમાર | ૨૭ |
| આનંદ ગાથાપતિ | ૨૯ |
| આનંદ બળદેવ | ૩૧ |
| આનંદકુમાર | ૩૧ |
| અંગતિ ગાથાપતિ | ૩૨ |
| ( ઇ ) | |
| ઇષુકાર રાજા | ૩૨ |
| ઇંદ્રભૂતિ ( ગૌતમ ) | ૩૩ |
| ઇલાચીકુમાર | ૩૫ |
| ( ઉ ) | |
| ઉગ્રસેન રાજા | ૩૭ |
| ઉજ્જવાળીકુમાર | ૩૮ |
| ઉઝિઝયકુમાર | ૩૮ |

| | | | |
|---|---|---|---|
| ઉદાયનરાજા | ૪૨ | કૃષ્ણારાણી | ૭૭ |
| ઉદાયન (૨) | ૪૩ | કૃષ્ણ વાસુદેવ | ૭૭ |
| ઉંબરદત્ત | ૪૩ | કૃષ્ણકુમાર | ૮૦ |
| ( ऋ ) | | કુંથુનાથ | ૮૦ |
| | | કુબેરકુમાર | ૮૧ |
| ઋષભદત્ત બ્રાહ્મણ | ૪૫ | કુંભરાજા | ૮૧ |
| ઋષભદેવ | ૪૬ | કુંડકોલિક | ૮૨ |
| ઋષિદાસ | ૪૮ | કેશીસ્વામી | ૮૨ |
| ( अं ) | | કૈકેયી | ૮૫ |
| અંજુ | ૪૮ | કૈલાસ ગાથાપતિ | ૮૫ |
| અંજના | ૪૯ | કોણિક (અજાતશત્રુ) | ૮૫ |
| અંધક વિષ્ણુ | ૫૪ | કૌશલ્યા | ૮૯ |
| અંબડ પરિવ્રાજક | ૫૪ | કંસ | ૮૯ |
| અંબડ સન્યાસી | ૫૬ | ( ख ) | |
| ( क ) | | ખંધક મુનિ | ૯૧ |
| કપીલમુનિ | ૫૭ | ખંધક સન્યાસી | ૯૪ |
| કમળાવતી | ૬૦ | ( ग ) | |
| કરકંડુ | ૬૧ | | |
| કલાવતી | ૬૬ | ગર્ગાચાર્ય | ૯૫ |
| કામદેવ શ્રાવક | ૭૦ | ગજસુકુમાર | ૯૬ |
| કાર્તિક શેઠ | ૭૨ | ગર્દભાળીમુનિ | ૧૦૨ |
| કાલીકુમાર | ૭૩ | ગોશાળો | ૧૦૩ |
| કાલીરાણી | ૭૫ | ગોભદ્ર શેઠ | ૧૦૬ |
| કાલીકુમારી | ૭૬ | ગૌતમ (૨) | ૧૦૬ |
| કાસવગાથાપતિ | ૭૭ | ગૌરીરાણી | ૧૦૭ |
| કીર્તિવીર્ય | ૭૭ | ગંગદત્ત | ૧૦૭ |

( च )

| | |
|---|---|
| ચિત્ત અને બ્રહ્મદત્ત | ૧૦૮ |
| ચુલ્લણીપિતા | ૧૧૭ |
| ચુલ્લણી શતક | ૧૧૮ |
| ચેડારાજા (ચેટક) | ૧૧૯ |
| ચેલ્લણા (ચિલ્લણા દેવી) | ૧૧૯ |
| ચંડપ્રદ્યોત | ૧૨૨ |
| ચંડકૌશિક સર્પ | ૧૨૪ |
| ચંદનબાળા | ૧૨૬ |
| ચંદ્રછાયા | ૧૩૦ |
| ચંદ્રપ્રભુ | ૧૩૧ |
| ચંદ્રયશ | ૧૩૨ |

( ज )

| | |
|---|---|
| જમાલી | ૧૩૨ |
| જયઘોષ | ૧૩૪ |
| જયંતી | ૧૩૬ |
| જયસેન | ૧૩૭ |
| જરાકુમાર | ૧૩૮ |
| જરાસંધ | ૧૩૯ |
| જસા | ૧૪૦ |
| જશોભદ્ર | ૧૪૦ |
| જાલીકુમાર | ૧૪૨ |
| જિતશત્રુ રાજા અને સુબુદ્ધિપ્રધાન | ૧૪૨ |
| જિતશત્રુ | ૧૪૪ |
| જિનદાસ | ૧૪૫ |
| જિનરક્ષ, જિનપાલ | ૧૪૫ |
| જીરણશેઠ | ૧૪૮ |
| જુઠલશ્રાવક | ૧૪૯ |
| જંબુસ્વામી | ૧૫૦ |

( ढ )

| | |
|---|---|
| ઢંઢણકુમાર | ૧૫૨ |

( त )

| | |
|---|---|
| તામલી તાપસ | ૧૫૩ |
| ત્રિપૃષ્ટ વાસુદેવ | ૧૫૫ |
| ત્રિશલા દેવી | ૧૫૬ |
| તેતલી પ્રધાન | ૧૫૬ |

( थ )

| | |
|---|---|
| થાવર્ચા પુત્ર | ૧૫૯ |

( द )

| | |
|---|---|
| દત્ત | ૧૬૨ |
| દમયંતી | ૧૬૨ |
| દશરથ રાજા | ૧૬૩ |
| દશાર્ણભદ્ર | ૧૬૪ |
| દ્વિપૃષ્ટ | ૧૬૫ |
| દ્વિમુખ (પ્રત્યેક બુદ્ધ) | ૧૬૫ |
| દેવદત્તા | ૧૬૭ |
| દેવકી | ૧૭૦ |
| દેવાનંદા | ૧૭૦ |
| દ્રૌપદી | ૧૭૧ |

( ધ )

ધન્યકુમાર (ધન્નો) ૧૭૬
ધન્નાઅણગાર ૧૮૦
ધન્ના સાર્થવાહ ૧૮૧
ધર્મનાથ ૧૮૫

( ન )

નમિ, વિનમિ ૧૮૫
નમિનાથ ૧૮૬
નમિરાજ (પ્રત્યેકબુદ્ધ) ૧૮૭
નળરાજા ૧૯૩
નારદ ૧૯૪
નિર્ગતિ (પ્રત્યેકબુદ્ધ) ૧૯૪
નિષધકુમાર ૧૯૬
નંદ બળદેવ ૧૯૮
નંદ મણીયાર ૧૯૮
નંદિની પિતા ૨૦૦
નંદીવર્ધન ૨૦૧
નંદીષેણ મુનિ ૨૦૨
નંદીષેણ કુમાર ૨૦૫

( પ )

પ્રતિબુદ્ધ ૨૦૬
પદ્મકુમાર ૨૦૬
પદ્મપ્રભુ ૨૦૭
પદ્માવતી ૨૦૮
પ્રદ્યુમ્ન ૨૧૦
પ્રભવસ્વામી ૨૧૨
પ્રભાવતી ૨૧૩
પ્રભાસ ગણધર ૨૧૩
પ્રદેશી રાજા ૨૧૪
પ્રસન્નચંદ્ર રાજર્ષિ ૨૨૨
પાર્શ્વનાથ ૨૨૪
પ્રિયદર્શના ૨૨૬
પુંડરિક, કુંડરિક ૨૨૭
પુરુષોત્તમ ૨૨૯
પુરુષ પુંડરિક ૨૨૯
પુરુષસિંહ ૨૨૯

( બ )

બળભદ્ર ૨૩૦
બ્રાહ્મી અને સુંદરી ૨૩૦
બૃહસ્પતિ દત્ત ૨૩૨
બહુપુત્રી દેવી ૨૩૩

( भ )

ભરત અને બાહુબળ ૨૩૫
ભૃગુ પુરોહિત ૨૩૮
ભદ્ર બળદેવ ૨૩૮
ભોજ વિષ્ણુ અંધક વિષ્ણુ ૨૩૮

( म )

મઘવ ચક્રવર્તી ૨૩૮
મરિચિ ૨૩૯
મરુદેવી માતા ૨૪૦

મલ્લીનાથ ૨૪૦
મહાપદ્મ ૨૪૫
મહાવીર પ્રભુ ૨૪૬
મહાશતક ૨૫૦
મહાસેન કૃષ્ણાકુમારી ૨૫૨
મુનિ સુવ્રત સ્વામી ૨૫૨
મૃગાપુત્ર (વૈરાગ્યવંત) ૨૫૩
મૃગલોઢીઓ (મૃગાપુત્ર ૨) ૨૫૬
મૃગાવતી ૨૬૦
મેઘકુમાર ૨૬૨
મેતાર્યમુનિ ૨૬૮
મેતાર્ય ગણધર ૨૭૦
મૌર્યપુત્ર ગણધર ૨૭૦
મંડિત ગણધર ૨૭૧

( र )

રહનેમી–રાજેમતી ૨૭૧
રામ ૨૭૪
રાવણ ૨૭૫
રૂક્મિણી ૨૭૫
રૂપી રાજા ૨૭૬
રેવતી ૨૭૭
રોહિણી ૨૭૮
રોહિણીયો ચોર ૨૮૨

( ल )

લક્ષ્મણ ૨૮૩

( व )

વરૂણ ૨૮૩
વ્યક્ત ગણધર ૨૮૪
વાયુભૂતિ ગણધર ૨૮૪
વાસુપૂજ્ય ૨૮૫
વિજય બળદેવ ૨૮૬
વિમળનાથ ૨૮૬

( श )

શાલિહી પિતા ૨૮૭
શાંતિનાથ ૨૮૭
શાળીભદ્ર ૨૮૯
શિવરાજ ઋષિ ૨૯૧
શ્રીદેવી ૨૯૨
શિતળનાથ ૨૯૨
શ્રેયાંસનાથ ૨૯૩
શ્રેયાંસકુમાર ૨૯૪
શ્રેણિક રાજા ૨૯૪
શંખ રાજા ૨૯૬
શંખ અને પોખલી ૨૯૬

( स )

સદ્દાલપુત્ર ૨૯૮
સનંતકુમાર ચક્રવર્તી ૩૦૦
સગર ચક્રવર્તી ૩૦૩
સગડ કુમાર (શકટ) ૩૦૪
સમુદ્રપાળ મુનિ ૩૦૬

| | |
|---|---|
| સ્વયંભૂ | ૩૦૬ |
| સ્થૂળીભદ્ર | ૩૦૭ |
| સીતા | ૩૧૧ |
| સુકોશલમુનિ | ૩૧૨ |
| સુદર્શન ( બળદેવ ) | ૩૧૪ |
| સુધર્માસ્વામી | ૩૧૪ |
| સુદર્શન શેઠ | ૩૧૫ |
| સુપ્રભબળદેવ | ૩૧૭ |
| સુપાર્શ્વનાથ | ૩૧૭ |
| સુબાહુ કુમાર | ૩૧૮ |
| સુભદ્રા | ૩૨૦ |
| સુમતિનાથ | ૩૨૩ |
| સુરાદેવ | ૩૨૩ |
| સુષુમાદારિકા | ૩૨૪ |
| સુલસા | ૩૨૭ |
| સુભૂમ ચક્રવર્તી | ૩૨૯ |
| સુવિધિનાથ | ૩૩૦ |
| સોમિલ | ૩૩૦ |
| સોરિયદત્ત મચ્છીમાર | ૩૩૧ |
| સંયતિ રાજા | ૩૩૩ |
| સંભવનાથ | ૩૩૫ |
| ( હ ) | |
| હરિસેન (ચક્રવર્તી) | ૩૩૬ |
| હરિતપાળ | ૩૩૬ |
| હરિકેશબળ (મુનિ) | ૩૩૬ |

શ્રી

# જૈનાગમ કથાકોષ

## ૧ અકંપિત

વિમળાપુરી નગરીમાં દેવ નામના બ્રાહ્મણની જયન્તી નામની સ્ત્રીથી 'અકંપિત' નામનો પુત્ર થયો હતો. વેદાદિ ગ્રંથોમાં પારંગત થયા પછી, તે ગૌતમ નામના બ્રાહ્મણ સાથે યજ્ઞમાં ગયો હતો. તેને 'નારકીનું અસ્તિત્વ હશે કે નહિ' એ સંબંધી મ્હોટી શંકા હતી. ભગવાન મહાવીરના પરિચયમાં આવતાં પ્રભુએ તેની શંકાનું સમાધાન કર્યું; આથી તેણે ગૌતમની સાથે જ ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી. અકંપિત મુનિ પ્રભુ મહાવીરના આઠમા ગણધર ગણાયા અને તે મોક્ષમાં ગયા.

## ૨ અગ્નિભૂતિ.

ગોબ્બર નામક ગ્રામમાં વસુભૂતિ બ્રાહ્મણની પૃથ્વી નામની સ્ત્રીથી 'અગ્નિભૂતિ' ઉત્પન્ન થયેલા. તે ઈંદ્રભૂતિના ન્હાના ભાઈ હતા. ઈંદ્રભૂતિ અથવા ગૌતમ સાથે તેઓ એકવાર સોમિલ બ્રાહ્મણના યજ્ઞમાં ગયા હતા. તેમની એ માન્યતા હતી કેઃ—'કર્મ' જેવી વસ્તુ જ નથી, અને જો હોય તો અમૂર્તમાન જીવ શી રીતે બાંધે? તેનો આ સંશય ભગવાન મહાવીરે એવી રીતે ટાળ્યો કેઃ—'કેવળજ્ઞાનીઓ કર્મ પ્રત્યક્ષ દેખે છે અને છદ્મસ્થ જીવો અનુમાનથી જાણે છે. આથી સંતોષ પામી અગ્નિભૂતિએ ગૌતમ સાથે જ દીક્ષા લીધી, અને બીજા ગણધરપદે સ્થપાયા. અહિંસા, સંયમ અને તપનું ઉત્કૃષ્ટ પાલન કરી તેઓ મોક્ષમાં ગયા.

## ૩ અચળ.

'અચળ' એ અંધક વિશ્નુના પુત્ર હતા. તેમણે પ્રભુ નેમનાથ પાસે દીક્ષા લીધી હતી. ૧૬ વર્ષની ઉગ્ર સંયમ આરાધનાને અંતે તેઓ મોક્ષમાં પધાર્યા. (અંતકૃત)

## ૪ અચળ બળદેવ.

પોતનપુર નામની નગરીમાં પ્રજાપતિ નામે રાજા હતો. તેની ભદ્રા નામની રાણીથી અચળ નામે બળદેવ થયો. તેમણે શ્રેયાંસનાથ પ્રભુના સમયમાં ચારિત્ર લઇ ૮૫ લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યું અને તેઓ મોક્ષમાં ગયા.

## ૫ અચળ ભ્રાતા.

કૌશંબી નગરીમાં વસુ નામના બ્રાહ્મણની નંદા નામની સ્ત્રીથી ઉત્પન્ન થયા હતા. તેમને 'પુણ્ય અને પાપ' સંબંધીનો સંશય હતો. ભ. મહાવીરે તેમનો તે સંશય ટાળ્યો, તેથી તેમણે ગૌતમ સાથે દીક્ષા લીધી અને તપ સંયમની આરાધના કરી મોક્ષમાં ગયા. તેઓ ભગવાન મહાવીરના નવમા ગણધર હતા.

## ૬ અજીતનાથ.

વર્તમાન ચોવીસીના છેલ્લા તીર્થંકર. તેઓ વનિતા નગરીમાં જિતશત્રુ રાજાની વિજયાદેવી નામની રાણીની કુક્ષિએ, સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવીને વૈશાક શુદિ ત્રીજને દિવસે ઉત્પન્ન થયા હતા. તે વખતે તેમની માતાને ચૌદ સ્વપ્ન આવ્યા હતા. ગર્ભકાળ પૂરો થતાં મહાશુદિ આઠમે તેમનો જન્મ થયો. છપ્પન કુમારિકા દેવીઓએ આવી સૂતિકાકર્મ કર્યું. ઇન્દ્રોએ જન્મોત્સવ ઉજવ્યો. પિતાને અતિ આનંદ થયો. અજિતનાથ ગર્ભમાં આવ્યા ત્યારથી રાજારાણી પાસા રમતાં, વિજયાદેવીને પાસાની રમતમાં રાજા જીતી શકયો ન હોવાથી

પુત્રનું નામ અજીતનાથ પાડયું. અજીતનાથ ૧૮ લાખ પૂર્વ સુધી કુમારપણે રહ્યા. ૫૩ લાખ પૂર્વ અને એક પૂર્વાંગનું રાજ્ય ભોગવ્યું. ત્યાર પછી પોતાના કાકાના દીકરા સગરને રાજ્ય સોંપી વરસી દાન આપવું શરૂ કર્યું. દાનમાં ૩૮૮૮૦ લાખ સોનૈયા (સુવર્ણ મહોરો) યાચકોને આપ્યા. (દરેક તીર્થંકર એટલું દાન આપે) મહા શુદિ ૯ ના દિવસે પ્રભુએ ચારિત્ર લીધું. ૧૨ વર્ષ સુધી છદ્મસ્થતામાં રહ્યા પછી પોશ શુદિ ૧૧ ને દિવસે શ્રી અજીતનાથ પ્રભુને કૈવલ્યજ્ઞાન થયું. તેમને સિંહસેન આદિ ૯૫ ગણધરો હતા. તેમના સંઘમાં ૧ લાખ સાધુ ૩૩૦ હજાર સાધ્વીઓ, ૨૯૮ હજાર શ્રાવકો અને ૫૪૫ હજાર શ્રાવિકાઓ હતાં. સાધુઓમાં ૩૭૦૦ ચૌદ પૂર્વી, ૯૪૦૦ અવધિ જ્ઞાની અને ૨૨૦૦ કેવળજ્ઞાની હતા. ૧ લાખ પૂર્વમાં ૧ પૂર્વાંગ માં ૧૨ વરસ ઓછાં કેવળજ્ઞાન રહ્યું, એકંદર ૭૨ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી ૧૦૦૦ સાધુઓ સાથે ૧ માસના સંથારે તેઓ ચૈત્ર શુદિ પાંચમે મોક્ષમાં ગયા.

## ૭ અજીતસેન.

ભદ્દિલપુર નગરમાં નાગ નામે ગાથાપતિને સુલસા નામની સ્ત્રી હતી. તેને નિમિત્તિયાએ કહ્યું હતું કે–' તારે મરેલાં બાળક અવતરશે ', આથી તેણે હરિણુગમેષી નામના દેવની આરાધના કરી. દેવે પ્રસન્ન થઇને તેનો સંતાપ ટાળ્યો. પૂર્વ ઋણાનુબંધના યોગે દેવે દ્વારકાના વસુદેવ રાજાની દેવકી રાણીને જન્મતાં જીવતાં બાળકો ઉપાડીને સુલસાની કુક્ષિમાં મૂક્યાં અને સુલસાના મૃત બાળકો ઉપાડીને દેવકીની કુક્ષિમાં મૂક્યાં. એમ ૭ ગર્ભનું ઉલટસુલટ સાહરણ કર્યું. બીજી તરફ દેવકીને જન્મતા પુત્રોનો નાશ કરવાનો કંસે નિશ્ચય કર્યો હતો, પરન્તુ દેવકીથી જન્મ પામતાં પુત્રોનું પુણ્ય પ્રભાવે આયુષ્યબળ લાંબુ હોવાથી આવો યોગ મળી આવેલો. શ્રી નેમનાથ પ્રભુનો ઉપદેશ સાંભળી સુલસાના અજીતસેન પુત્રે દીક્ષા લીધી.

છટ્ઠછટ્ઠના પારણાનો અભિગ્રહ લઇ ચૌદપૂર્વનું જ્ઞાન મેળવ્યું અને ખૂબ તપશ્ચર્યા કરી. ૨૦ વર્ષ ચારિત્ર પાળી એક માસના સંથારે તેઓ શત્રુંજય પર્વત પર સિદ્ધ થયા.

## ૮ અતિબળ.

ભરત પછી આ ત્રીજા રાજા અને મહાયશાના પુત્ર હતા. ભરતરાજાની જેમ અતિબળને પણ અરિસાભુવનમાં કૈવલ્યજ્ઞાન થયું હતું. ( અંતકૃત )

## ૯ અતિમુક્ત.

દ્વારિકાના ઉગ્રસેન રાજાને અતિમુક્ત નામે પુત્ર હતો. તેણે સમય જતાં દીક્ષા અંગીકાર કરી હતી. અતિમુક્ત સાધુ નિમિત્ત-શાસ્ત્રમાં પ્રવિણ હતા. વસુદેવ અને કંસને પરસ્પર અતિ પ્રેમ હતો. તે પ્રેમના બદલામાં કંસે પોતાના કાકા દેવકરાજાની દીકરી દેવકીજીને વસુદેવ સાથે પરણાવી હતી. પરણીને પાછા ફરતી વખતે કંસે તે જાન પોતાને ત્યાં રોકી હતી. કંસની સ્ત્રી જીવયશા અને દેવકીજી પરસ્પર વાર્તા વિનોદ કરતાં ગોખમાં બેઠા હતા. તેવામાં પ્રસ્તુત અતિમુક્ત મુનિ ત્યાં ગૌચરી અર્થે આવી ચડ્યા. જીવયશાએ મુનિની મશ્કરી કરતાં કહ્યું કેઃ—દિયરજી, પધારો. આપણે દેવકીબાનાં લગ્ન-ગીત ગાઇએ. આ સાંભળી મુનિ મૌન રહ્યા. જીવયશાએ ફરી ફરી ત્રણવાર આ પ્રમાણે કહ્યું. મુનિ સમતાના સાગર હતા, છતાં આ વખતે તેમનો સંયમ કાબુમાં ન રહી શક્યો. તે બોલ્યાઃ—જીવયશા! શું જોઇને તું મારી મશ્કરી કરે છે? ત્હને તો ખબર નથી, પરન્તુ હું તને નિમિત્તબળથી કહું છું કેઃ–" આ દેવકીજીનો સાતમો બાળક તારા પતિના અને તારા બાપના કુળનો નાશ કરશે." આમ કહી તરત જ અતિમુક્ત મુનિ ત્યાંથી ચાલી નીકળ્યા. જીવયશા ભયભ્રાન્ત બની. ( વધુ વૃત્તાન્ત કંસ ચરિત્રમાં ) મુનિ આ સાહસ વચનનો પશ્ચાત્તાપ કરી શુદ્ધ થયા અને એ જ ભવમાં મોક્ષ પામ્યા.

# ૧૦ અતિમુક્ત કે અઇવંત.

પોલાસપુર નગરમાં વિજય રાજાની શ્રીદેવી નામની રાણીથી તે જન્મ્યા હતા. બાળપણમાં જ્યારે તેઓ ચોગાનમાં રમતા હતા, ત્યારે તેણે ગૌચરી અર્થે જતાં ગૌતમ સ્વામીને નિહાળ્યા. જૈન સાધુને જોઇ અતિમુક્ત આશ્ચર્ય પામ્યો અને તેમની નજીક પહોંચી જઈ પૂછવા લાગ્યોઃ—મહાનુભાવ! આપ કોણ છો? અને શા માટે ફરો છો? શ્રી ગૌતમ બોલ્યાઃ—કુમાર! અમે નિર્ગ્રન્થ સાધુ છીએ અને ભિક્ષા અર્થે ફરીયે છીએ. આ સાંભળી અતિમુક્ત શ્રી ગૌતમની આંગળી પકડી કહેવા લાગ્યોઃ—ભગવાન, મારે ઘેર પધારો. બાળકની ભાવભીની ભક્તિ જોઇ શ્રી ગૌતમ તેની સાથે સાથે રાજ્ય મહેલમાં ગયા. ત્યાં શ્રીદેવીએ મુનિને નિર્દોષ આહાર પાણી વહોરાવ્યા. તે લઈ શ્રી ગૌતમ પાછા વળ્યા, ત્યારે કુમારે પૂછ્યુંઃ—મહારાજ, આપ ક્યાં જાઓ છો? શ્રી ગૌતમે કહ્યુંઃ—કુમાર, આ નગરની બહાર શ્રીવન નામના બાગમાં મારા ગુરુ પ્રભુ મહાવીર બિરાજે છે ત્યાં. કુમારે કહ્યુંઃ—હું આવું? જવાબમાં શ્રી ગૌતમે કહ્યુંઃ—જેવી તારી ઈચ્છા.

અતિમુક્ત ગૌતમ સ્વામી સાથે શ્રી મહાવીર પાસે આવ્યો, અને પ્રભુને વંદન કરી તેમની સામે બેઠો. પ્રભુએ તેને ધર્મોપદેશ આપ્યો. અતિમુક્તના આંતર્ ચક્ષુઓ ખૂલ્યાં, તેને વૈરાગ્ય થયો. પ્રભુને કહ્યું કે હું સાધુ પ્રવર્જ્યા લેવા ઇચ્છું છું, તો હું મારા માતાપિતાની રજા લઇ આપની પાસે આવીશ. પ્રભુએ કહ્યુંઃ—જેવી ઇચ્છા.

અતિમુક્ત ઘેર આવ્યો, પ્રભુના ઉપદેશની અને પોતાને થયેલા વૈરાગ્યની વાત તેણે પોતાના માતાપિતા સમક્ષ કહી.

માતાએ કહ્યુંઃ—કુમાર, આ બચપણમાં તું ધર્મ અને પ્રવર્જ્યામાં શું સમજે?

કુમારે કહ્યું:—માતા, હું જાણું છું તે નથી જાણતો, અને નથી જાણતો તે જાણું છું.

માતાપિતા—આનો અર્થ શો ?

અતિમુક્ત—હું જાણું છું કે જે જન્મે છે તેને અવશ્ય મરવાનું છે, પણ એ નથી જાણતો કે ક્યારે અને કેવી રીતે મરવાનું છે! કયા કર્મયોગે જીવો નરક, તિર્યંચાદિ ગતિમાં પરિભ્રમણ કરે છે, તે જાણતો નથી, પણ એટલું જાણું છું કે કર્મમાં આસક્ત થવાથી ચાર ગતિમાં અથડાવું પડે છે.

માતા પિતા કુમારના ઉત્તરથી આશ્ચર્ય પામ્યા. અતિમુક્તને દીક્ષિત થતો રોકવા તેમણે અનેક પ્રશ્નો પૂછ્યા, અનેક પ્રલોભનો બતાવ્યા, પરન્તુ અતિમુક્તના વૈરાગ્ય ભર્યા અને બોધક વચનોથી સંતોષ પામી આખરે તેઓને રજા આપવાની ફરજ પડી. એક દિવસનું રાજ્ય ભોગવવા પિતાએ વિનંતિ કરી. અતિમુક્ત એક દિવસનો રાજા બન્યો. પિતાને હર્ષ થયો, બીજે દિવસે ધામધૂમપૂર્વક અતિમુક્ત શહેર બહાર નીકળી ગયો, અને પ્રભુ મહાવીર પાસે દીક્ષિત બન્યો.

એકવાર અતિમુક્ત બાળમુનિ ભારે વરસાદ પડયા પછી બહાર નીકળ્યા, ત્યારે તેમણે પાણીના વહેળાઓ ખળખળ ચાલી જતાં જોયાં. મુનિને પોતાની સાંસારિક બાળ રમત યાદ આવી. તરત જ તેમણે બંને બાજુ પાળ બાંધી પાણીના ચાલ્યા જતા પ્રવાહને રોકયો અને તેમાં પોતાની પાસેનું પાત્ર મૂકી “ આ મારી નાવા કેવી તરે છે! ” કહી હસવા કુદવા લાગ્યા, આ દ્રશ્ય તેમનામાંના કેટલાક મુનિઓ તે સ્થળેથી જતા હતા તેમણે જોયું. તરત જ તેઓ પ્રભુ મહાવીર પાસે પહોંચી ગયા અને પૂછયું:-પ્રભો, આપના અતિમુક્ત નામના બાળમુનિ કેટલા ભવ કરશે ? પ્રભુએ કહ્યું:-તે બાળમુનિ આ ભવમાં જ મોક્ષ જશે, માટે તેમની નિંદા કરશો નહિ. પણ તેમની ભક્તિ જ કરજો.

થોડીવારે અતિમુક્તને પોતાનું સાધુપણું યાદ આવ્યું. પોતાના બાળ સ્વભાવ માટે તેમને ઘણો ખેદ થયો; પ્રાયશ્ચિત્તાર્થે તેમણે ઇરિયાવહી પ્રતિક્રમી. પશ્ચાતાપના અગાધ જળમાં સ્નાન કરતાં તેઓ શુદ્ધ થયા. ૧૧ અંગ ભણ્યા, ગુણ સંવત્સર કર્યો. અને વિપુલગીરી પર્વત પર સંથારો કરી તેઓ નિર્વાણ ( મોક્ષ ) પામ્યા.

## ૧૧ અદીનશત્રુ રાજા.

કુરુદેશના હસ્તિનાપુર નગરનો તે રાજા હતો; પૂર્વભવમાં મહાબળનો વૈશ્રમણ નામે તે મિત્ર હતો. તેણે ગત ભવમાં મહાબળ સાથે દીક્ષા લીધી હતી. ઉગ્રતપ સંયમના પ્રભાવે તે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયો હતો, અને ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી તે અદીનશત્રુ નામે રાજા થયો હતો.

મલ્લીકુંવરી ( મલ્લીનાથ ) ના પિતા કુંભરાજાને મલ્લદિન નામનો એક કુમાર હતો. તેણે પોતાના મહેલના બગીચામાં અનેક સ્થંભો અને ચિત્રોથી સુશોભિત એવો સભા મંડપ બંધાવ્યો હતો. ચિત્રોની હારમાળામાં એક ચિત્રકારે મલ્લીકુંવરીનું આબેહુબ ચિત્ર ચિતર્યું હતું. મલ્લીકુંવરીની આ પ્રતિમા મલ્લદિન પણ ન પારખી શકયો કે તે જીવન્ત પ્રતિમા છે કે જડ? આવી ઉત્તમ કળાકૃતિ માટે મલ્લદિન તે ચિત્રકાર પર પ્રસન્ન થવાને બદલે ક્રોધિષ્ટ બન્યો. ચિત્રકારને ઇનામ આપવાને બદલે તેણે તેનો નાશ કરવાની અનુચરોને આજ્ઞા આપી. આ સાંભળી ચિત્રકાર કંપ્યો, પ્રજાજનો દયાથી બોલી ઉઠયાઃ–મહારાજ! ચિત્રકારનો આમાં અપરાધ નથી, છતાં આપની દૃષ્ટિએ તે અપરાધી હોય, તોપણ તે એક માત્ર અંગુઠાને જોવાથી સાક્ષાત્ આખી પ્રતિમા ચિતરી શકતો હોવાથી, તેનો ગુન્હો માફ કરવો જોઇએ. પ્રજાજનોની આ વિનંતિથી મલ્લદિને તેનો વધ ન કરાવ્યો, પણ તેની આંગળી છેદાવી તેને દેશનિકાલની સજા કરી. આથી તે ચિત્રકાર હસ્તિના-

પુરમાં અદીનશત્રુ રાજાને આશ્રયે ગયો. ત્યાં તેણે મલ્લિકુંવરીનું રૂપ ચિતરી રાજાને બતાવ્યું. રાજા મોહાધિન બન્યો.

મલ્લીકુંવરી સાથે લગ્ન કરવાની ઇચ્છાથી રાજાએ કુંભરાજા પાસે પોતાનો દૂત મોકલ્યો, અને એ રીતે તે સ્વયંવર મંડપમાં ગયો. (વૃત્તાન્ત શંખ રાજાને મળતું). ત્યાંથી પાછા ફરી અદીનશત્રુએ દીક્ષા લીધી અને મોક્ષમાં ગયો.

## ૧૨ અનાથો મુનિ.

કૌશંબી નગરીના ધન સંચય નામક શ્રેષ્ઠિના તે પુત્ર હતા. યુવાવસ્થા થતાં પિતાએ તેમને પરણાવ્યા હતા. પુષ્કળ ધન સંપત્તિ, માતા, પિતા, સ્ત્રી, બહેન, ભાઇ અને વિસ્તૃત કુટુંબથી પરિવૃત હોઈ સર્વ પ્રકારે તે સુખી હતા. એક દિવસે તેમને આંખની અતિશય વેદના ઉપડી, અને તે વધતાં વધતાં શરીરનાં સમસ્ત ભાગો પર અનેક પ્રકારના દાહજ્વરાદિ રોગો થયાં. આ રોગો મટાડવા તેમના માતા પિતાએ અઢળક ધન ખર્ચી વૈદ્યો દ્વારા અનેક પ્રકારના ઉપચારો કરાવ્યા; પરન્તુ અનાથીનો આ રોગ કોઇ રીતે નષ્ટ ન થયો. અનાથી ચિંતાગ્રસ્ત બન્યા.

એક દિવસે 'આ રોગ શાથી?' એ સંબંધી અનાથીએ (અપર નામ ગુણસુંદર) વિચાર કર્યો, તો તેમને જણાયું કે 'પોતાના કર્માનુસાર જ સૌને સુખદુઃખ ભોગવવાં પડે છે,' આથી તેમણે એવો નિશ્ચય કર્યો કે, 'જો મારી આ વેદના નાશ પામે, તો હું ચારિત્ર ગ્રહણ કરી સંસારનો ત્યાગ કરીશ.' શુભ ભાવના અને પૂર્વ યોગે તેજ રાત્રિએ તેમની આ વેદના કાંઇક શાન્ત થઇ, અનાથીને તે રાત્રીએ ઉંઘ આવી, અને જોતજોતામાં પ્રાતઃકાળ થતા, અનાથી સર્વ રોગોથી મુક્ત બન્યા. બીજે દિવસે સંસારના પરિતાપોનું અને સંયમ માર્ગનું આબેહુબ વૃત્તાન્ત તેમણે પોતાના માતાપિતા, સ્ત્રી આદિને કહ્યું અને તે સર્વની રજા મેળવી, તેઓ દીક્ષિત બનીને ચાલી નીકળ્યા.

ફરતા ફરતા તેઓ રાજગ્રહી નગરીના મંડીકુક્ષ ઉદ્યાનમાં આવી ચડયા. મુનિ તે સ્થળે ધ્યાનમાં બેઠેલા છે તેવામાં તે નગરીનો રાજા શ્રેણિક અશ્વ ખેલાવતો મુનિ સમીપ આવી પહોંચ્યો. તેણે મુનિનું સર્વાંગ સુંદર શરીર નીહાળી આશ્ચર્ય ચકિત બની પૂછયું:–મહાનુભાવ, કૃપા કરીને કહેશો કે આપ કોણ છો? આ સુંદર દેહે આવો કઠિન્ તપ શા માટે?

અનાથીએ કહ્યું:—રાજન્, હું અનાથી નામે નિર્ગ્રન્થ–સાધુ છું.

શ્રેણિકે કહ્યું:—મહાનુભાવ, તમારો કોઇ નાથ ન હોય તો હું તમારો નાથ થાઉં.

મુનિ—રાજન્, તું પોતે જ જ્યાં અનાથ છે ત્યાં તું મારો નાથ શી રીતે થઇ શકશે?

શ્રેણિક આશ્ચર્ય પામી બોલ્યો:—આપ મૃષાવાદ તો બોલતા નથીને? કેમકે હું તો અંગ અને મગધ દેશનો રાજા છું. કરોડોની ધનસંપત્તિ અને લાખો અનુચરોનો હું માલીક છું.

મુનિ—રાજન્, એ બધું જાણીને જ મેં તમને કહ્યું છે. મારૂં અનાથપણું તમે સમજી શકયા નથી. તો સાંભળો:—હું કૌશંબી નગરીના ધનાઢય શેઠનો પુત્ર છું, મારે ત્યાં ધન સંપત્તિની કમીના ન હતી. નોકર, ચાકર, સ્ત્રી, માતા, પિતા, બ્હેન, ભાઇ વગેરે બધું મારે હતું. હું મારા દિવસો સુખમાં નિર્ગમન કરતો, પરન્તુ કોઈ એવા વિષમ યોગે મને આંખની અતુલ પીડા ઉત્પન્ન થઇ, શરીરમાં દાહ જ્વર થયો, મારૂં આખું અંગ વ્યાધિથી ઘેરાઇ રહ્યું. મારા આપ્તજનો મારા આ દુઃખ માટે ખૂબ શોક કરવા લાગ્યા. પુષ્કળ ધન ખર્ચીને દવાઓ કરાવી, પરન્તુ મારૂં આ દુઃખ મટયું નહિ—કોઇ મટાડી શક્યું નહિ. મારી સ્ત્રી રાત દિવસ મારી પાસે બેસી રહીને આંસુઓ સારતી, મારી માતા મને દુઃખ મુક્ત જોવા અતિ આતુર હતી. મારા ભાઇઓ અને બહેનો, નોકરો અને ચાકરો સતત મારી સેવા

કર્યા કરતાં હતાં, પણ તેમાંનાં કોઈ પણ મારી આ વેદના જરાયે ઓછી કરી શક્યાં નહિ. રાજન્, આ મારૂં અનાથપણું હતું. તે વખતે હું સમજ્યો કે સૌ કોઈ જગતનાં પ્રાણીયો અનાથ છે, કોઈ કોઇનો નાથ થઈ શકતો નથી, પણ જો સંયમ લઈ પોતે જ પોતાનો નાથ બનવાનો માર્ગ ગ્રહણ કરે તો જ બની શકે, અને ત્યારે જ અનાથ-પણું ટળી શકે. આ વિચારે એક રાત્રિની કોઇ ધન્ય પળે મારી વેદના શાંત થઈ, મેં સુખ–નિંદ્રા અનુભવી અને બીજે દિવસે મેં મુનિપણું અંગીકાર કર્યું. રાજન્, હવે કહે, કે તું મારો નાથ થઈ શકીશ ? વિચાર કર, કે તું પોતે નાથ છે કે અનાથ ?

રાજા વિચારમાં પડ્યો, મુનિએ તેને બોધ આપ્યો. આથી શ્રેણિક રાજા બૌદ્ધધર્મનો ઉપાસક મટી જૈનધર્મનો અનુયાયી બન્યો. અનાથી મહા નિર્ગ્રન્થ કર્મનો ક્ષય કરી મોક્ષ પામ્યા.

## ૧૩ અનાદૃષ્ટિ.

વસુદેવ રાજાની ધારણી રાણીના એ પુત્ર હતા, ૫૦૦ સ્ત્રીઓ પરણ્યા હતા, પરન્તુ પ્રભુ નેમનાથના એક જ અખંડ ઉપદેશના યોગે વૈરાગ્ય પામી પ્રભુ પાસે દીક્ષિત બન્યા હતા. ચૌદપૂર્વનો અભ્યાસ કરી, વીસ વર્ષની ઉગ્ર સંયમઆરાધના કરી, શત્રુંજય પર્વત પર સંથારો કરી તેઓ નિર્વાણ પામ્યા. ( અંતકૃત )

## ૧૪ અનિકસેન.

ભદ્દિલપુર નગરના નાગ ગાથાપતિની સુલસા નામક સ્ત્રીના એ સૌથી મોટા પુત્ર હતા. તેમનું વૃત્તાન્ત અજીતસેનના વૃત્તાન્તને મળતું છે.

## ૧૫ અનિરુદ્ધ.

તેઓ પ્રદ્યુમ્ન રાજાની વૈદરભી રાણીના પુત્ર હતા. ભગવાન નેમનાથના ઉપદેશે વૈરાગ્ય પામી તેમની પાસે દીક્ષિત થયા અને મહાતપ કરી મોક્ષમાં ગયા. ( અંતકૃત )

# ૧૬ અનંતનાથ.

અયોધ્યા નગરીના સિંહસેન રાજાની સુયશા નામક રાણીની કુક્ષિમાં, પ્રાણુત દેવલોકથી ચ્યવીને, શ્રાવણ વદ સાતમે શ્રી અનંતનાથ ઉત્પન્ન થયા હતા. તે વખતે માતાએ ૧૪ સ્વપ્ન દીઠાં. ગર્ભકાળ પૂરો થયે, વૈશાક વદિ ૧૩ ને દિવસે આ ૧૪ મા તીર્થંકર શ્રી અનંતનાથનો જન્મ થયો. છપ્પન કુમારિકા દેવીઓ અને ઇંદ્રોએ આવી તેમનો જન્મ મહોત્સવ ઉજવ્યો. અનંતનાથ ગર્ભમાં આવતા દુશ્મનોએ અયોધ્યા નગરીને ઘેરો ઘાલેલો, પણ શત્રુઓના અનંત બળને સિંહસેન રાજા હઠાવી શકયો હતો, તેથી પુત્રનું નામ ‘ અનંતજીત ’ પાડવામાં આવ્યું. તેમનું દેહમાન ( શરીરની ઉંચાઈ ) ૫૦ ધનુષ્યનું હતું. પિતાના સંતોષને ખાતર તેઓ પરણ્યા. સાડાસાત લાખ વર્ષની ઉમરે ગાદીએ બેઠા. પંદર લાખ વર્ષ રાજ્ય કર્યું. ત્યાર પછી સંયમ લેવાનો નિરધાર કર્યો. વરસીદાનમાં લાખો સુવર્ણ મહોરો આપી, એક હજાર રાજાઓ સાથે વૈશાખ વદ ૧૪ ના રોજ તેમણે સંયમ ધારણ કર્યો. તે પછી ત્રણ વર્ષ સુધી છદ્મસ્થ તરીકે રહ્યા અને વૈશાક વદ ચૌદશે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમને ૫૦ ગણધર હતા. તેમાં સૌથી મોટા ‘ યશ ’ હતા.

અનંતનાથ પ્રભુના સંઘ પરિવારમાં ૬૬ હજાર સાધુઓ હતા, તેમાં ૯૦૦ ચૌદ પૂર્વધારીઓ, ૪૩૦૦ અવધિજ્ઞાની, અને ૫ હજાર કેવળજ્ઞાની હતા. ૬૨ હજાર સાધ્વીઓ, ૨૦૬ હજાર શ્રાવકો અને ૪૧૪ હજાર શ્રાવિકાઓનો પરિવાર હતો. કૈવલ્યજ્ઞાનીપણે તેઓ સાડાસાત લાખ વર્ષમાં ત્રણ વર્ષ ઓછા સમય સુધી વિહાર કર્યો. અંતે સમેતશિખર પર્વત પર જઈ, એક માસનો અનશન કરી ચૈત્ર શુદિ પાંચમે ૭ હજાર સાધુઓ સાથે તેઓ મોક્ષમાં ગયા. તેમણે એકંદર ૩૦ લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું.

## ૧૭ અનંતસેન

ભદ્દિલપુર નગરના નાગ ગાથાપતિના એ પુત્ર હતા. અનિકસેન સાથે નેમનાથ પ્રભુ પાસે તેમણે દીક્ષા લીધી હતી. સર્વ અધિકાર અજીતસેનના ચરિત્ર માફક છે. ( અંતકૃત )

## ૧૮ અભગ્ગસેન ચોર

પુરિમતાલ નામના નગરમાં મહાબળ નામને રાજા હતો. તે નગરથી થોડેક દૂર એક ચોરપલ્લી ( ચોરનું ગામ ) હતી. તે ઘણી ગુફાએ અને પર્વતોની વચ્ચે આવેલી હતી. ત્યાં વિજય નામનો સેનાપતિ રહેતો, તેના નીચે બીજા પાંચસેં ચોરો હતા. આ વિજયચોર મહા અધર્મી હતો. લોકોને લૂંટતો, ગામ બાળતો અને સર્વત્ર ત્રાસ વર્તાવતો. વિજયચોરને ‘ અભગ્ગસેન ’ નામનો એક પુત્ર હતો, તે બાપથી સવાયો હતો. અભગ્ગસેનના ત્રાસથી પુરિમતાલના પ્રજાજનો ત્રાસી ગયા હતા, તેથી તેમણે ચોરના ત્રાસથી રૈયતને મુક્ત કરવા માટે રાજાને પ્રાર્થના કરી.

રાજાના કોટવાલે લશ્કર લઇ અભગ્ગસેનને પકડવા ઘણા પ્રયાસો કર્યા, પરન્તુ તે પકડાયો નહિ. આખરે રાજાએ એક યુક્તિ રચી, ૧૦ દિવસનો મહોત્સવ ઉજવ્યો, તેમાં ભાગ લેવા અભગ્ગસેન અને તેના સાથીઓને રાજાએ કહેવડાવ્યું. અભગ્ગસેન સાથીઓ સાથે આવ્યો. રાજાએ તે બધાને દારૂ અને માંસમાં ચકચૂર બનાવી પકડયા. પછી અભગ્ગસેન ચોરને બંધન સાથે શહેરના મુખ્ય મુખ્ય રસ્તાઓ પર ફેરવ્યો, પાણીને બદલે લોહી અને ખોરાકને બદલે માંસ ખવરાવતાં ખવરાવતાં તેને શુળી પર ચડાવવામાં આવ્યો. ત્યાં તે મરણ પામી પહેલી નરકમાં ગયો.

આ વખતે શ્રી ગૌતમ એ રસ્તેથી પસાર થયા. આ દૃશ્ય જોઈ ત્હેમને ત્રાસ થયો. પ્રભુ મહાવીર પાસે આવી તેમણે પૂછયું:-પ્રભુ, એ અભગ્ગસેન ચોરને કયા પાપનું ફળ ભોગવવું પડે છે? પ્રભુએ

કહ્યું:-હે ગૌતમ, પૂર્વ ભવે તે આજ નગરમાં નિન્હવ નામે વાણીયો હતો, તે ઇંડાનો વેપાર કરતો-ઇંડાને શેકી-તળીને વેચતો અને પોતે પણ ખાતો. આ ઘોર પાપ કરી એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવી તે ત્રીજી નરકે ગયો હતો, ત્યાંથી ચ્યવી તે અભગ્ગસેન ચોર થયો છે, અને હિંસા, ચોરી, અધર્મ, અણાચાર અને દુર્વ્યસનોનો ભોગી બની ઘોર પાપ કર્યું છે, તેના ફળ સ્વરૂપે રાજાએ તેની આ દશા કરી છે, એટલુંજ નહિ પણ તે આજે ત્રીજા પહોરે શુળી પર ચડી ૨૭ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી ૧ લી નરકે જશે, ત્યાંથી નીકળી જન્મ મરણના અનેક ભવો કરી આખરે તે વારાણસી નગરીમાં એક શ્રેષ્ઠિને ત્યાં જન્મ લઈ, સંયમ પાળી મોક્ષમાં જશે.

## ૧૯ અભયકુમાર

રાજગૃહિના શ્રેણિક રાજાની અનેક રાણીઓમાં નંદા નામે રાણી હતી, તેનાથી અભયકુમાર નામનો મહા બુદ્ધિશાળી પુત્ર જન્મ્યો હતો. શ્રેણિક રાજાએ પોતાના પાંચસો પ્રધાનોમાં અભયકુમારને મુખ્ય પ્રધાનની જગ્યા આપી હતી. અભયકુમારની બુદ્ધિમતા, રાજ્યનિપુણતા અને સમાનતાના સદ્દગુણોથી તે રાજ્યમાં સર્વત્ર પ્રિય થઈ પડયો હતો, અનેક અપરાધીઓને તેણે પોતાની બુદ્ધિમતાથી શોધી કાઢી, પ્રજાને નિશ્ચિંત બનાવી હતી. ધારિણી અને ચેલ્લણાદિ પોતાની અપર માતાઓ હોવા છતાં તેણે તેમના દોહદ, તપ અને યુક્તિથી પૂર્ણ કરાવ્યા હતા. વૈશાલક નગરીના ચેડા રાજાને પરધર્મીને કન્યા નહિ આપવાની પ્રતિજ્ઞા હતી; છતાં શ્રેણિક રાજાને તે ચેડા રાજાની સુજયેષ્ટા નામની પુત્રીને પરણવાની ઇચ્છા થઈ. પિતાની ચિંતા ટાળવા અભયકુમારે યુક્તિપૂર્વક સુજયેષ્ટાનું હરણ કરવાનું ધાર્યું, પરન્તુ સુજયેષ્ટાને બદલે તેના રૂપને મળતી ચેલ્લણા આવી; શ્રેણિકે ચેલ્લણા સાથે ઉમંગથી લગ્ન કર્યું.

ભગવાન મહાવીરના એક વખતના ઉપદેશથી અભયકુમારને ચારિત્ર લેવાની ઇચ્છા થઇ, તેથી તેણે તે માટે પિતાની આજ્ઞા માગી. શ્રેણિકે તેને રાજ્યગાદી સુપ્રત કરવાનું કહ્યું, પરન્તુ અભયકુમારે તે ન લેતાં સંયમ માટે આગ્રહ કર્યો. શ્રેણિકે દુઃખિત થતા કહ્યું:-કુમાર, ભલે તમે રાજ્યગાદી ન લ્યો, પરન્તુ હું ત્હમને જ્યારે 'જા' કહું ત્યારેજ તમારે જવું. અભયકુમારે પિતાની આ વિનતિ માન્ય રાખી.

પ્રસંગવશાત્ એવું બન્યું કે એક દિવસે ચેલ્લણા દેવીએ એક ઉદ્યાનમાં વસ્ત્ર ઓઢયા વિનાના એક ધ્યાનસ્થ મુનિને જોયા, તે રાત્રે સખ્ત ઠંડી પડી હતી, તે વખતે સાલમાં વીંટાયલો તેણીનો હાથ અકસ્માત બહાર નીકળી જતાં તેને ઠંડીનો સખ્ત આંચકો લાગ્યો, પરિણામે હાથ નિશ્ચેતન જેવો બની ગયો. આ ત્રાસથી ચેલ્લણાથી સહજ બોલાઇ ગયું કે અહો, આવી સખ્ત ઠંડીના વખતે મેં ઉદ્યાનમાં જોયેલા તે મુનિ શું કરતા હશે? આ શબ્દો શ્રેણિકના સાંભળવામાં આવતાં તેને ચેલ્લણા પર સતીપણાનો વહેમ આવ્યો. પ્રાતઃકાળે વહેલા ઉઠી તેણે ચેલ્લણા સાથે તેનો મહેલ સળગાવી મૂકવાની અભયકુમારને આજ્ઞા કરી; પણ બુદ્ધિનિધાન અભયકુમાર આ અવિચારી આજ્ઞાનો અમલ એકદમ કેમ કરે? તેણે યુક્તિ કરી. ચેલ્લણાના મહેલને બદલે જીર્ણ ઓરડીઓ સળગાવીને, પોતે પ્રભુ મહાવીરના દર્શન કરવા નીકળી ગયા. બીજી તરફ આજ્ઞા આપીને તરતજ શ્રેણિક રાજા અભયકુમારની પહેલાં પ્રભુ પાસે પહોંચી ગયા હતા; ત્યાં શ્રેણિકે પ્રભુને ચેલ્લણા સંબંધીનો પોતાનો સંશય પૂછયો:-પ્રભુએ મુનિની વાત કરી ચેલ્લણાનું સતીત્વ સાબિત કર્યું. આથી શ્રેણિકને ખૂબ પશ્ચાતાપ થયો. તરતજ પોતે આપેલ હૂકમ બંધ રખાવવા ઉતાવળે પાછો ફર્યો; તે વખતે અભયકુમાર તેને સામે મળ્યો, તે સાથે શ્રેણિકે બળતી ઓરડીઓના ધૂમાડા જોયા. આથી તેણે ગુસ્સે થઇને અભયકુમારને કહ્યું કે:-'જા, મારી દૃષ્ટિથી દૂર થા.' અભયકુમારને એટલું જ જોઇતું

હતું. તે પ્રભુ મહાવીર પાસે આવ્યો અને બોધ સાંભળી વૈરાગ્યવાન બન્યો, માતાની રજા લઈ તેણે પ્રભુ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. અતિશય તપશ્ચર્યા કરી, પાંચ વર્ષનું ચારિત્ર પાળી અભયકુમાર વિજય નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ ધરી, ઉત્કૃષ્ટ સંયમ પાળી મોક્ષમાં જશે.

## ૨૦ અભિચ

વિત્તભય નામની નગરીના ઉદાયન રાજાનો એ પુત્ર હતો. ઉદાયન રાજાએ પોતાનું રાજ્ય અભિચને સુપ્રત ન કરતાં, તેના ભાણેજ કેશીને રાજ્ય આપ્યું, આથી તેને પિતા પર ક્રોધ થયો; એટલું જ નહિ પણ કેશીના હાથ નીચે રહેવું તેને ઉચિત ન લાગ્યું, તેથી તે પોતાના મસીયાઇ ભાઈ રાજા કોણિક પાસે જઇ રહ્યો, ત્યાં જૈન સાધુના સંસર્ગમાં આવતાં તે જૈનધર્મી બન્યો અને શ્રાવક ધર્મ પાળવા લાગ્યો. અંત સમયે તેણે ૧૫ દિવસનું અનશન કર્યું, અને પિતાના રોષને ખમાવ્યા વિના તે કાળધર્મ પામી દેવલોકમાં ગયો, ત્યાંથી ચ્યવી તે મહાવિદેહમાં જન્મ લેશે અને પૂર્વ કૃત્યનો પશ્ચાતાપ કરી, સંયમની આરાધના વડે મોક્ષમાં જશે.

## ૨૧ અભિચંદ

વિષ્ણુરાજાના એ પુત્ર હતા. તેમણે નેમનાથ પ્રભુ પાસે ચારિત્ર અંગીકાર કરેલું. ૧૬ વર્ષનો દીક્ષાપર્યાય ભોગવી, એક માસના અનશને તેઓ શત્રુંજય પર્વત પર સિદ્ધ થયા. ( અંતકૃત )

## ૨૨ અભિનંદન

વર્તમાન ચોવીસીના એ ચોથા તીર્થંકર હતા. તેઓ અયોધ્યા નગરીમાં સંવર નામે રાજાની સિદ્ધાર્થી નામક રાણીની કુક્ષિએ વિજય વિમાનમાંથી ચ્યવીને વૈશાખ શુદિ ૪ ના દિવસે ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન દીઠાં. ગર્ભકાળ પૂરો થતાં મહા શુદિ બીજની રાત્રે તેમનો

જન્મ થયો. નિયમ મુજબ છપ્પન કુમારિકા દેવીઓએ આવી, સૂતિકાકર્મ કર્યું. ૬૪ ઈંદ્રોએ આવી જન્મોત્સવ ઉજવ્યો. પ્રભુ ગર્ભમાં હતા તે દરમ્યાન સર્વને અભિનંદ થયેલો, તે પરથી તેમનું નામ 'અભિનંદન' પાડવામાં આવ્યું. બાલ્યાવસ્થા વ્યતિત કરી તેઓ યુવાવસ્થા પામ્યા ત્યારે તેમના પિતાએ ઘણી રાણીઓ સાથે તેમનું પાણીગ્રહણ કરાવ્યું. તેમનું દેહમાન ૩૫૦ ધનુષ્યનું હતું. સાડાબાર લાખ પૂર્વની ઉમરે પહોંચતાં પિતાએ આપેલું રાજ્ય ગ્રહણ કર્યું. સાડીછત્રીસ લાખ પૂર્વ અને આઠ પૂર્વાંગ સુધી રાજ્ય ચલાવ્યું. પછી સંયમનો ભાવ થતાં વરસીદાન દેવું શરૂ કર્યું, અને મહા શુદિ ૧૨ ને દિવસે પ્રવર્જ્યા અંગીકાર કરી, તેમની સાથે એક હજાર રાજાઓએ પણ પ્રવર્જ્યા લીધી.

૧૮ વર્ષ છદ્મસ્થાવસ્થામાં રહ્યા. અભિનંદન જિનને પોશ શુદિ ચૌદશે કૈવલ્યજ્ઞાન ઉત્પન્ન થયું. તેમને ૧૧૬ ગણધર હતા. તેમાં સૌથી મોટા વજ્રનાભ હતા. તેમના શાસનમાં ત્રણ લાખ સાધુ, ૬૩૦ હજાર સાધ્વી, ૨૮૮ હજાર શ્રાવકો અને ૫૨૭ હજાર શ્રાવિકાઓ હતા. સાધુમાં ૯૮૦૦ અવધિજ્ઞાની, ૧૫૦૦ ચૌદપૂર્વી હતા. એક લાખ પૂવમાં આઠ પૂર્વાંગ અને અઢાર વર્ષ ઓછાં સમય સુધી કેવળજ્ઞાનીપણે વિચર્યા. અંત સમયે એક હજાર મુનિઓ સાથે સમેતશિખર પર એક માસનો અનશન કર્યો અને તેઓ વૈશાખ શુદિ આઠમે પચાસ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી સિદ્ધગતિને પામ્યા.

## ૨૩ અઇવંતા સુકુમાલ

ઉજ્જયિની નગરીના ધનશેઠ નામના એક શ્રેષ્ઠિને ત્યાં નલિનીગુલ્મ નામના વિમાનમાંથી ચ્યવીને એ ઉત્પન્ન થયા હતા. યુવાવસ્થાએ પહોંચતા તેઓ અનેક સ્ત્રીઓને પરણ્યા. ભોગવિલાસમાં દિવસો નિર્ગમન કરતાં, રાત્રિ કે દહાડો કેવી રીતે પસાર થાય છે તેની પણ તેમને ખબર પડતી ન હતી. એવામાં તે નગરમાં આર્યસુહસ્તિ નામના એક તપસ્વી મુનિ પધાર્યા. તેમના ઉપાશ્રય સ્થાન સામે જ બરોબર અઇવંતા સુકુમાલનો મહેલ હતો. મુનિ

સ્વાધ્યાય કરતા હતા, તેમાં નલિનીગુલ્મ વિમાનના અધિકારની વાત આવી. અઇવંત ધ્યાન પૂર્વક આ સાંભળી રહ્યો હતો. સાંભળતાં જ તે આશ્ચર્યચકિત બન્યો અને તેને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. જાતિ સ્મરણજ્ઞાન થતાં તરત જ તે મુનિ પાસે આવી પહોંચ્યો અને કહેવા લાગ્યોઃ—મુનિદેવ, શું આપ પણ નલિનીગુલ્મ વિમાનમાંથી આવ્યા છો ? મુનિએ કહ્યુંઃ–ના. હું તો ભગવાને કહેલા અધિકારનો સ્વાધ્યાય કરું છું. અઇવંતે કહ્યુંઃ—કૃપા કરી મને ત્યાં જવાનો રસ્તો બતાવો. મુનિએ તેને કેવલી પ્રરુપિત ધર્મ સંભળાવ્યો. અઇવંત વૈરાગ્યવાન બન્યો અને તે માતાપિતા, સ્ત્રી આદિની રજા લઇ દીક્ષિત બની ચાલી નીકળ્યો. સત્વર નલિનીગુલ્મ વિમાનમાં પહોંચવા ગુરૂની આજ્ઞા લઇ તેમણે ભિક્ષુની બારમી પ્રતિમા ધારણ કરી અને સ્મશાનમાં જઇ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન થયા. ગુરુએ આ ક્રિયાનું ફળ મોક્ષ બતાવ્યું, પરન્તુ અઇવંત સુકુમાલે નલિનીગુલ્મ વિમાનમાં જવાનું નિયાણું (સંકલ્પ) કર્યું. એવામાં તેની પૂર્વભવની સ્ત્રી કોઇ પૂર્વકર્મને યોગે શિયાળણી (ગ્રંથાધારે) થઇ હતી તે, ફરતી ફરતી આ સ્થળે આવી પહોંચી. તેને અઇવંત સાથે પૂર્વભવનું કોઇ વૈર હોય કે સ્વાભાવિક કારણથી તેણે પ્રસ્તુત મુનિનું શરીર વિદારી માંસ ભક્ષણ કરવા માંડયું. મુનિને ઉગ્રવેદના થવા લાગી. ધીમે ધીમે તે શિયાળણીએ મુનિનું આખું શરીર લોહી લોહાણુ કરી મૂકયું. આ પરિષહથી મુનિ લેશ પણ ડગ્યા નહિ, કે મનમાં અસદ્ભાવ આણ્યો નહિ. પરિણામે મુનિ ત્યાં કાળ ધર્મ પામી સંકલ્પનાના બળે નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

## ૨૪ અરણિક

તગરા નામના નગરમાં દત્ત નામના વણિકના તે પુત્ર હતા. એક વાર મિત્રાચાર્ય નામના કોઇ સ્થવીર મહાત્મા ત્યાં પધાર્યા. તેમના ઉપદેશથી બોધ પામી દત્ત તથા તેની સ્ત્રી ભદ્રાએ પોતાના બાળક અરણિક સાથે દીક્ષા લીધી. દીક્ષિત પિતાને બાળક પર અતિ મોહ હતો,

તેથી તે સારૂં સારૂં વહોરી લાવી તેને ખવડાવતા. કેટલાક દિવસો પછી પિતાના કાળધર્મ પામવાથી ગૌચરીનો બોજો અરણિક પર આવી પડયો. તેઓ ગૌચરી નીકળ્યા; પરન્તુ અત્યંત તાપને લીધે થાકીને એક વિશાળ હવેલી નીચે બેઠા. તે હવેલીમાં રહેતી એક પતિવિરહિની સ્ત્રીએ તેમને જોયા અને દાસી દ્વારા પોતાના આવાસમાં બોલાવ્યા. તે ખુબસુરત સ્ત્રીએ અનેક પ્રકારના ખાનપાન, હાવભાવથી મુનિને મોહિત બનાવી ચારિત્ર ભ્રષ્ટ કર્યાં. મુનિ પ્રલોભનમાં આસક્ત બની તે સ્ત્રીને ત્યાં જ રહ્યા.

બીજી તરફ તેની માતા સાધ્વી અરણિકને ન દેખવાથી ઝૂરણા કરવા લાગી. ૩ દિવસ સુધી અરણિકનો પત્તો ન લાગવાથી તે ગાંડા જેવી બની ગઇ, અને શહેરમાં ' અરણિક, અરણિક ' નામના પોકાર કરતી અહિં તહિં ભટકવા લાગી, પણ કોઇએ અરણિકના સમાચાર આપ્યા નહિ. એક વખતે તે સાધ્વી આક્રંદ કરતી, અરણિકના નિવાસસ્થાન સમીપ આવી પહોંચી. બારીમાંથી નીચે દૃષ્ટિ કરતાં અરણિકે પોતાની માતા સાધ્વીને ભયભ્રાન્ત દશામાં જોઈ. જોતાં જ તે મહેલમાંથી નીચે ઉતર્યો અને હું અરણિક આ રહ્યો, કહી માતા સાધ્વીના પગમાં પડયો. સાધ્વીના આનંદનો પાર ન રહ્યો. તેણીએ ચારિત્રભ્રષ્ટ ન થવા અરણિકને ખૂબ સમજાવ્યો. માતાના પ્રેમને વશ થઇ અરણિકે તે વિલાસસ્થાનનો ત્યાગ કર્યો અને પુનઃ દીક્ષા લીધી. સંયમ તપની આરાધના કરતાં અંત સમયે તેમણે ધગધગતી રેતીમાં અનશન કર્યું. ઉગ્ર તપશ્ચર્યા અને પ્રચંડ પશ્ચાતાપના પ્રભાવે અરણિક મુનિ સર્વ કર્મનો ક્ષય કરી કૈવલ્યજ્ઞાન પામ્યા અને મોક્ષમાં ગયા.

## ૨૫ અરનાથ

હસ્તિનાપુર નગરમાં સુદર્શન રાજાની મહાદેવીરાણીની કુખે નવમા ગ્રૈવેયકથી ચ્યવીને ફાગણ શુદિ ત્રીજને દિવસે તેઓ ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન નિહાળ્યાં. ગર્ભકાળ પૂરો થયે માગશર શુદિ ૧૦ મે

અરનાથ પ્રભુનો જન્મ થયો. પિતા તથા દેવોએ જન્મ મહોત્સવ ઉજવ્યો. માતાએ સ્વપ્નમાં ચક્રના આરા દીઠા હતા, તેથી પુત્રનું નામ અરનાથ પાડયું. યૌવનવય થતાં અરનાથ ઘણી રાણીઓ પરણ્યા. ૨૧ હજાર વર્ષની ઉમર થતાં તેઓ પિતાની જગ્યાએ રાજ્યાસન પર બિરાજ્યા. આયુદ્ધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થવાથી તેઓ ૭ ખંડ જીતી, ચક્રવર્તી થયા. ૨૧ હજાર વર્ષ ચક્રવર્તીપણે રહ્યા. પછી દીક્ષા લેવાનો અભિલાષ થયો. વરસીદાન આપવું શરૂ કર્યું અને તે પછી માગશર શુદિ ૧૧ ના રોજ શ્રી અરનાથે સંયમ લીધો. ત્રણ વર્ષ છદ્મસ્થતાના વિતાવતાં કાર્તિક શુદિ ૧૨ ને દિવસે તેમને કૈવલ્યજ્ઞાન થયું. પ્રભુના પરિવારમાં ૫૦ હજાર સાધુ, ૬૦ હજાર સાધ્વીઓ ૧૮૪ હજાર શ્રાવકો અને ૩૭૨ હજાર શ્રાવિકાઓ હતાં. તેમના સાધુ સંઘમાં ૨૬૦૦ અવધિજ્ઞાની, ૬૧૦ ચૌદ પૂર્વધારી અને ૨૮૦૦ કેવળજ્ઞાની થયા. આખરે સમેત શિખર પર જઈ એક હજાર સાધુ સાથે શ્રી અરનાથે અનશન કર્યું. એક માસના અનશન પછી તેઓ માગશર શુદિ ૧૦ ને દિવસે ૮૪ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નિર્વાણ (મોક્ષ) પામ્યા.

## ૨૬ અલખરાજા.

એ વારાણશી નગરીના રાજા હતા. ભગવાન મહાવીર દેવ પાસેથી ધર્મ સાંભળતાં તેમને વૈરાગ્ય થયો, અને પોતાના મોટા પુત્રને રાજ્ય કાર્યભાર સોંપી તેઓ પ્રભુ મહાવીર પાસે દીક્ષિત થયા. ૧૧ અંગ ભણી ઘણાં વર્ષ સુધી ચારિત્ર પાળ્યું અને અંત સમયે વિપૂલ પર્વત પર જઇ સંથારો કરી મોક્ષમાં ગયા.

## ૨૭ અરિષ્ટનેમી ઉર્ફે શ્રી નેમનાથ.

સાર્યપુર નગરના સમુદ્રવિજય રાજા અને શિવાદેવી રાણીના એ પુત્ર, વર્તમાન ચોવીસીના ૨૨ મા તિર્થંકર થયા. તેઓ અપરાજિત નામના અનુત્તર વિમાનમાંથી ચ્યવી, કારતક વદિ ૧૨ ના રોજ

શિવાદેવીની કુક્ષિમાં ઉત્પન્ન થયા. માતાએ ચૌદ ઉજ્જવળ સ્વપ્ન દીઠાં. ગર્ભકાળ પૂરો થયે ચિત્રા નક્ષત્રમાં શ્રાવણ શુદિ ૫ ના રોજ તેમનો જન્મ થયો. દરેક તીર્થંકરની જેમ દેવીઓ અને ઇંદ્રદેવોએ આવી તેમનો જન્મોત્સવ ઉજવ્યો. પ્રભુ દિવસે દિવસે વયવૃદ્ધિ કરવા લાગ્યા. તેમના બધા ભાઈઓમાં તે સૌથી નાના હતા. તેમનું નામ અરિષ્ટનેમિ અથવા નેમનાથ હતું. યુવાનાવસ્થા થતાં તેમના પિતા તથા શ્રીકૃષ્ણ તેમના લગ્ન માટે પ્રબંધ કરવા લાગ્યા, પરન્તુ કામને જીતનાર એવા શ્રી નેમનાથે તે વાતનો સાફ ઇન્કાર કર્યો. તેમનામાં અતૂલ બળ હતું, પણ અદ્યાપિ તે બળનો કોઇને પરિચય થયો ન હતો. એકવાર તેઓ આયુદ્ધશાળામાં શસ્ત્રો જોવા માટે આવ્યા. ત્યાં એક મોટો શંખ પડયો હતો. એક રક્ષકે કહ્યું કે મહારાજ, આ શંખ તો એક શ્રીકૃષ્ણ સિવાય કોઈ ઉપાડી કે વગાડી શકે તેમ નથી. શ્રી નેમનાથે પોતાના બળનો ઉપયોગ કર્યો. શંખ હાથમાં લીધો અને જોરથી વગાડયો. શંખ વાગતાં જ પ્રજાજનો કંપી ઉઠયા, સર્વત્ર કોલાહલ થયો, સમુદ્રમાં ખળભળાટ થયો અને શ્રી બળભદ્ર તથા કૃષ્ણ ક્ષોભ પામ્યા. તેઓ વિસ્મીત બની બોલી ઉઠયા, અહો! આવો બીજો બલિષ્ટ કોણ થયો ? તપાસ કરતાં જણાયું કે યૌવનને પહેલે પગથીયે પ્રવેશનાર શ્રી નેમનાથે તે શંખ વગાડયો. આ સાંભળી તેઓ ખૂબ આનંદ પામ્યા. તેમનું બળ ઓછું કરવા શ્રીકૃષ્ણ વગેરેએ તેમને પરણવાની વિનતિ કરી, પણ શ્રી નેમનાથે ન માન્યું. આખરે રાજ્યરાણીઓના આગ્રહથી, પોતાને હજુ ભોગાવલી કર્મ બાકી છે એમ જાણવાથી પોતે લગ્ન કરવા સંમત થયા. આથી શ્રી કૃષ્ણ સુરૂપ કન્યાની શોધ કરવા લાગ્યા. તેવામાં સત્યભામાએ કહ્યું કે મારી ન્હાની બેન રાજેમતી શ્રી નેમને લાયક છે. આથી શ્રી કૃષ્ણ ઉગ્રસેન રાજા પાસે ગયા અને તેની કન્યા રાજેમતીનું શ્રી નેમનાથ માટે માગું કર્યું. ઉગ્રસેને પ્રસન્નવદને તે કબુલ કર્યું અને ઘડીયાં લગ્ન લીધાં. વિશાળ સૈન્ય સાથે શ્રી કૃષ્ણ, સમુદ્રવિજય

વગેરે અનેક રાજાઓ નેમનાથને પરણાવવા માટે જાન લઈ વિવાહ મંડપે ગયા, ત્યાં એક મોટા પાંજરામાં અનેક પશુ પંખીઓ પૂરવામાં આવ્યા હતા. તેમનો કરુણ આર્તનાદ સંભળાઈ રહ્યો હતો. શ્રી નેમનાથના કાને આ કરૂણ ધ્વનિ પડ્યો. નેમનાથે રથ-સારથીને પૂછ્યું કેઃ—આ પશુ પંખીઓને પાંજરાંમાં કેમ પૂર્યાં છે? અને આ બધો કિલકિલાટ શાથી? સારથીએ કહ્યું:—મહારાજ! આપના લગ્ન થઈ જતાં જ આ બધા પ્રાણીઓનો ભોગ લેવાશે અને આ લગ્ન મંડપમાં નોતરેલા કેટલાક હિંસક મનુષ્યોને એ માંસનો ખોરાક આપી સંતોષાશે. શ્રી નેમનાથ ચમક્યા અને બોલ્યાઃ—અહો! મારા એકના લગ્ન માટે-મારા ક્ષણિક ભોગ-વિલાસને માટે શું આ અસંખ્ય જીવોનો વધ થશે? આમ ન થવું જોઇએ. એમ કહી નેમનાથે સારથીને રથ પાછો વાળવા કહ્યું. રથ પાછો ફર્યો, શ્રી નેમ તોરણેથી લગ્ન કર્યા વિના જ પાછા વળ્યા. કૃષ્ણ, સમુદ્રવિજય શરમીંદા મ્હોંએ સ્વસ્થાનકે પાછા ફર્યા. નેમનાથે રાજ્યમાં આવી વાર્ષિક દાન આપવું શરૂ કર્યું. નેમનાથના પ્રચંડ વૈરાગ્યને કોઈ રોકી શક્યું નહિ. પ્રભુએ વર્ષ અંતે શ્રાવણ શુદિ આઠમે દીક્ષા લીધી. તે વખતે તેમની ઉંમર ૩૦૦ વર્ષની હતી. તેમની સાથે બીજા એક હજાર રાજાઓએ પણ દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તરત જ શ્રી નેમનાથને મનઃ પર્યવજ્ઞાન અને દીક્ષા પછી ચોપનમે દિવસે એટલે આશો વદિ અમાસે* કૈવલ્યજ્ઞાન થયું. તેમનું દેહમાન ૧૦ ધનુષ્યનું હતું. નરદત્ત વગેરે તેમને ૧૧ ગણધરો થયા. પ્રથમ શિષ્યા યક્ષણી નામની આર્યા થયા. ૧૦ દશાર્હો મુખ્ય શ્રાવક અને શિવાદેવી મુખ્ય શ્રાવિકા થયા. તેમના પરિવારમાં ૧૮ હજાર સાધુઓ, ૪૦ હજાર સાધ્વીઓ, ૧૬૯૦૦૦ શ્રાવકો અને

---

* સર્વ તીર્થંકરોની જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણની તીથીઓ આવે ત્યાં પુનમીયા મહિના સમજવા.

૩૩૯૦૦૦ શ્રાવિકાઓ હતા. સાધુઓમાં ૪૦૦ ચૌદપૂર્વધારીઓ, ૧૫૦૦ અવધિજ્ઞાની અને ૧૫૦૦ કેવળી હતા. પ્રભુએ ૫૨૬ સાધુઓ સાથે ગીરનાર પર અનશન કર્યું અને અશાડ શુદિ ૮ના રોજ તેઓ નિર્વાણ પામ્યા. શ્રી નેમનાથ ૩૦૦ વર્ષ કુમારપણે રહ્યા. ૭૦૦ વર્ષની દીક્ષા પાળી, એકંદર એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું.

## ૨૮ અક્ષોભ

એ અંધક વિશ્નુ અને ધારિણીના પુત્ર હતા. તેઓ આઠ સ્ત્રીઓ પરણ્યા હતા. શ્રી નેમનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી અને સ્થવીર પાસે ૧૧ અંગ ભણ્યા. બાર વર્ષ ચારિત્ર્ય પાળ્યું. ૧ માસનું અનશન કરી તેઓ શત્રુંજય પર સિદ્ધ થયા. ( અંતકૃત )

## ૨૯ અર્હન્નક

શ્રી મલ્લિનાથના સમયમાં ચંપાનગરીના કોઈ ધનશ્રેષ્ઠિનો તે જૈનધર્મી શ્રાવકપુત્ર હતો, જીવ, અજીવાદિ નવતત્ત્વનો જાણ હતો. તે અર્હન્નક એક વાર ચાર પ્રકારનાં કરિયાણા (૧ ગણત્રી બંધ વેચાય તેવાં ૨ તોળીને વેચાય તેવાં, ૩ ભરીને–માપીને વેચાય તેવાં, ૪ પરખ કરીને વેચાય તેવા ) ભરી, સ્વજન કુટુંબને જમાડી–રજા લઇ દેશાવર જવા નીકળ્યો. લવણ સમુદ્રમાં ઘણે દૂર ગયા પછી એકાએક વાવાઝોડાંનું તોફાન થયું. તેમાં એક મિથ્યાત્વી દેવ, પિશાચનું રૂપ ધરી વહાણ તરફ ધસી આવ્યો. આ જોઈ અર્હન્નક સિવાયના બાકીના બધા લોકો ભયભીત બન્યા. અર્હન્નક નિર્ભય બની વહાણના એકાંત ભાગમાં જઈ બેઠો, અને અરિહંત તથા સિદ્ધની સ્તુતિ કરી નિશ્ચયપૂર્વક મનોગત બોલ્યોઃ–કે જો હું આ ઉપસર્ગથી બચું, તો મારે કાયોત્સર્ગ પાળવો, નહિ તો મારે જીવનપર્યંત ચારે આહારના પ્રત્યાખ્યાન, એ રીતે એણે ત્યાં સાગારી સંથારો કર્યો. અને પંચ પરમેષ્ઠિના

ધ્યાનમાં તલ્લાલીન થયો. તેવામાં તે પિશાચ અર્હન્નક પાસે આવ્યો અને બોલ્યોઃ કે આ તેં લીધેલું વ્રત મૂકી દે, નહિ તો તારો સંહાર કરીશ. અને તારાં બધાં વહાણો પણ ડૂબાડી દઇશ. આ ભયની અસર અર્હન્નક પર કાંઇજ ન થઇ. તેણે કહ્યું કે ધન ધાન્યાદિ સર્વ ક્ષણિક પુદ્ગળો છે, તેની મને દરકાર નથી, તું તારૂં ધાર્યું કરી શકે છે. ત્રણવાર દેવે તેને ભયથી, લાલચથી સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ અર્હન્નક ડગ્યો નહિ. આથી દેવે વહાણને અધર ઉપાડયું, પણ અર્હન્નક લેશ પણ ચલિત ન થયો, આખરે દેવ તેના પર પ્રસન્ન થયો, અને વહાણને સહિસલામત જળની સપાટી પર મૂકી, અસલ સ્વરુપે અર્હન્નક સામે આવી, હાથ જોડીને ઉભો રહ્યો અને પોતાના અપરાધની ક્ષમા માગી, વંદન કરી ચાલ્યો ગયો. દેવના ગયા પછી અર્હન્નકે અનશન પાળ્યું. પછી ફરતો ફરતો તે મિથિલાનગરીમાં આવ્યો. ત્યાં તેણે રાજકુમારી મલ્લિકુંવરીને દિવ્ય યુગલ કુંડળની ભેટ આપી, ત્યાં વેપાર કરી તે પુષ્કળ દ્રવ્ય કમાયો. ત્યાંથી તે સ્વવતનમાં આવ્યો અને બાકીનો બધો વખત ધર્મ ધ્યાનમાં ગુજારી દેવલોકમાં ગયો.

## ૩૦ અર્જુનમાળી

મગધદેશની રાજગૃહી નગરીની બહાર એક બગીચો હતો. તેનો માલીક અર્જુન નામનો માળી હતો. તેને બંધુમતી નામે સ્ત્રી હતી. તે સુસ્વરૂપા હતી. બાગમાં એક યક્ષનું દેવાલય હતું. બંને જણા બાગમાંથી ફૂલો વીણી, તે દેવાલયમાંના મુદ્ગળપાણી નામક યક્ષની પ્રતિમાની પુષ્પોથી પૂજા કરતાં, અને શહેરમાં ફૂલો વેચી પોતાનું ગુજરાન ચલાવતાં. એજ નગરીમાં અર્જુનમાળીના છ મિત્રો હતા, જેઓ ઘણા દુષ્ટ અને ખરાબ વર્તનવાળા હતા. કોઈ તહેવારના દિવસે તે છએ જણા ફરતા ફરતા અર્જુનમાળીના બગીચામાં આવ્યા.

તે વખતે અર્જુનમાળી યક્ષની પૂજામાં લીન હતો, બીજી તરફ તેની સ્ત્રી બંધુમતી બગીચામાં ફૂલો વીણતી હતી, તેના પર આ છએ મિત્રોની દૃષ્ટિ પડતાં તેમને દુર્બુદ્ધિ થઈ, છએ જણાએ સંકેત કરી અર્જુનમાળીને બાંધ્યો, અને પછી બંધુમતી પર બળાત્કાર કર્યો. આ દૃશ્ય જોઇ અર્જુનમાળી ક્રોધાયમાન થયો અને યક્ષને ઉપાલંભ આપતો કહેવા લાગ્યો કેઃ–હે દેવ, હું તારી રોજ સેવા પુજા કરૂં છું, છતાં મારી જ હાજરીમાં, મારા સામે મારા આ દુષ્ટ મિત્રો, મારી સ્ત્રીની આબરુ પર હાથ મૂકે છે, એ તું કેમ જોઈ શકે છે? મને સહાય કર. અર્જુનના આ ઉપાલંભથી યક્ષે અર્જુનના શરીરમાં પ્રવેશ કર્યો, તેના બંધન તૂટી ગયા. હાથમાં હજાર મણ વજનનું મુદ્ગળ રહી ગયું છે એવા યક્ષમય અર્જુને ત્યાંથી દોડી જઇને, તેના છ મિત્રો અને બંધુમતી સ્ત્રીનો નાશ કર્યો. અર્જુનનો ક્રોધ મ્હાતો ન હતો. સાત જણને મારી નાખ્યા પછી તે શહેર તરફ ધસ્યો, અને જેટલા જેટલા માણસો તેને રસ્તામાં મળ્યા, તે બધાનો તેણે જીવ લીધો. શહેરમાં હાહાકાર થયો. રાજાને ખબર પડી એટલે તરત જ નગરીના દરવાજા બંધ કરાવી દીધા. અર્જુનમાળી શહેર બહાર કીલ્લાની ઓથે ઓથે ચારે તરફ ઘુમતો હતો, અને નજરે ચડતાં માણસોનો સંહાર કરતો હતો. (આમ પાંચ માસ અને ૧૩ દિવસ સુધી અર્જુનમાળી ફર્યો અને ૧૧૪૧ માણસોનો તેણે નાશ કર્યો.) કોઇ માણસ શહેર બહાર નીકળવાની હિંમત કરતું નહિ, એવામાં ભગવાન મહાવીર ઉદ્યાનમાં પધાર્યાના સમાચાર શહેરમાં પ્રસર્યા. તે વખતે સુદર્શન નામનો ભગવાનનો એક પરમ ભક્ત શ્રાવક હતો, તે આ સમાચારથી બેસી રહી શકયો નહિ. તેણે રાજાને વિનતિ કરી, અને અતિ આગ્રહે તે રજા લઇ શહેર બહાર નીકળ્યો, તેવામાં તેણે સામેથી વિકરાળ સ્વરૂપે આવતા અર્જુનમાળીને જોયો. મરણાંત ઉપસર્ગ જાણી, સુદર્શને ત્યાં સાગારી સંથારો કર્યો અને કાયોત્સર્ગ ધ્યાને ઉભો. અર્જુનમાળી તેના પર ધસી આવ્યો, અને મુદ્ગળ ઉપાડી જ્યાં તેને મારવા જાય

છે કે તરત જ અધિષ્ઠાયક દેવના પ્રભાવે યક્ષ તેના શરીરમાંથી નીકળી પલાયન થઈ ગયો. લગભગ છ મહિનાનો ભૂખ્યો તરસ્યો અર્જુન દીન બની, મૂર્છા ખાઇ જમીન પર ઢળી પડયો. સુદર્શને આશ્ચર્ય પામી પ્રભુનો આભાર માન્યો. તેણે અર્જુનમાળીને બોધ આપ્યો અને ભ૦ મહાવીર પાસે લઈ ગયો. ભગવાનના ધર્મોપદેશથી વૈરાગ્ય પામી અર્જુનમાળીએ દીક્ષા લીધી અને જાવજ્જીવ પર્યંત છઠ્ઠ છઠ્ઠનો તપ કરવાનો નિયમ કર્યો. પારણાને દિવસે શહેરમાં ગૌચરી અર્થે નીકળતા હજારો લોકો તેના પર પત્થરનો વર્ષાદ વરસાવી, સંતાપ આપતા. તે સઘળું ઉત્કૃષ્ટ પરિણામે અર્જુન મુનિ સહન કરતા અને આત્માના સ્વરુપને વિચારતા. આ પ્રમાણે સમભાવે પરિષહ સહન કરતા અને ત્યાગની સર્વોત્કૃષ્ટ ધારાએ પ્રવેશતાં એજ ભવમાં અર્જુનમાળીને કૈવલ્યજ્ઞાન થયું અને તે કર્મનો ક્ષય કરી મોક્ષ પામ્યા.

## ૩૧ અષાડાભૂતિ

અષાડાભૂતિ નામના એક મહાસમર્થ આચાર્ય હતા. તેમને શિષ્યનો સારો પરિવાર હતો. એક શિષ્યના અંતઃકાળ વખતે તે આચાર્યે તેને કહ્યું કે તું અહિંથી કાળ કરીને જો દેવ થાય, તો મને આવીને કહી જજે. શિષ્યે કાળ કર્યો અને તે દેવલોકમાં ગયો. પણ ત્યાંની સુખ સમૃદ્ધિમાં લીન થવાથી તે ગુરૂ પાસે આવ્યો નહિ. આથી આચાર્યને જૈનમાર્ગની સત્યતા વિષે સંશય થયો. 'સ્વર્ગ, નરક કે મોક્ષ જેવું કાંઇ છેજ નહિ, અને જો હોય તો મૃત્યુ પામેલો મારો શિષ્ય મારા પ્રેમને વશ થઈ અહિંયા કેમ ન આવે ?' માટે આ જૈન માર્ગ છોડી દેવો અને ઘેર જઇ સ્ત્રી સુખ ભોગવવું એજ ઇષ્ટ છે. આવો વિચાર કરી અષાડાભૂતિ ઘર તરફ જવા નીકળ્યા. આ વાત પેલા દેવ થયેલા શિષ્યે અવધિજ્ઞાનથી જાણી, એટલે ગુરુને સ્થિર કરવા તે મૃત્યુલોકમાં આવ્યો અને રસ્તે જતા આચાર્ય સન્મુખ

તેણે નાટક બતાવ્યું. નાટકના મોહમાં ગુરૂ લોભાયા, અને એ રીતે નાટક જોવામાં છ માસ વીતી ગયા, પણ ગુરુને કાંઇ જ્ઞાન થયું નહિ. દેવે વિચાર કર્યો કે મારા પૂર્વ ગુરુમાં દયાનો અંશ છે કે નહિ ? એ મારે જોવું જોઇએ. એમ વિચારી તેણે નાટક પૂરૂં કર્યું. ગુરૂ પોતાના ઘર તરફ આગળ વધ્યા. ત્યારે દેવે ઘરેણાથી લાદેલાં એવાં છ બાળકો વિકુર્વ્યાં અને ગુરૂની સામે મોકલ્યાં. બાળકનાં શરીર પરનાં ઘરેણાં દેખી ગુરૂ લોભાયા; અને તેમને એકાંતમાં લઇ જઇ નામ પૂછ્યાં. છએ બાળકોએ 'પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ અને કાય ' એમ અનુક્રમે પોતાના નામ કહ્યાં. મુનિએ વિચાર્યું કે મેં છકાયની દયા ઘણી પાળી, પણ કાંઈ દીઠું નહિ. એમ કહી ગુરૂએ તે છએ બાળકોને મારી નાખ્યા અને તેમનાં શરીર પરનાં ઘરેણાં ઉતારી, ઝોળીમાં મૂક્યાં. આ જોઈ શિષ્યદેવે વિચાર્યું કે ગુરૂમાં દયાનો અંશ પણ રહ્યો લાગતો નથી. માટે હવે તેમનામાં શરમ રહી છે કે કેમ, એ મારે જોવું જોઈએ. એમ ધારી તે દેવે એક શ્રાવક સંઘ ઉત્પન્ન કર્યો. એ ચાર અગ્રેસર શ્રાવકો અષાડાભૂતિ પાસે આવ્યા અને તેમને ' મત્થએણં વંદામિ ' કહી નમી પડયા અને બોલ્યા કેઃ—ગુરૂદેવ, ભિક્ષાની વેળા થઇ છે, માટે કૃપા કરી અમારા ઉતારે પધારો, કેમકે અમારે મુનિને વહોરાવ્યા પછી જ જમવાનો નિયમ છે. પાત્રમાં ઘરેણાં ભરેલાં હતાં તે બીકથી ગુરૂએ સહેજ ભયભીત થતાં કહ્યું કે મારે ભિક્ષા જોઈતી નથી. શ્રાવકોએ ઘણો આગ્રહ કર્યો, પરંતુ ગુરૂ માન્યા નહિ, એટલે શ્રાવકોએ ગુરૂની ઝોળી પકડી, રકઝક કરતાં અનાયાસે ઝોળી છુટી ગઇ, અંદરના ઘરેણાં ઉઘાડાં થયાં. ગુરૂ શરમિંદા બન્યા. એટલે શ્રાવકો એક પછી એક કહેવા લાગ્યા કે આ તો મારા પૃથ્વી નામના બાળકનાં ઘરેણાં છે, બીજો કહે, આતો મારા ' અપ ' નામનાં બાળકનાં છે. એમ કહી ગુરૂને ધમકાવતાં કહેવા લાગ્યા કે મહારાજ ! આટલા બધા નિર્દય કેમ બન્યા ? બતાવો, અમારાં બાળકો કયાં છે ? ગુરૂને આથી ઘણો ખેદ થયો. દેવે જોયું

કે ગુરૂને હજુ શરમ છે માટે સમજી શકશે, એમ ધારી તેણે ઉત્પન્ન કરેલાં બધાં સ્વરુપો સંકેલી લીધા અને શિષ્યનું સ્વરૂપ ધરી ગુરૂ સમીપે ઉભા રહી વંદન કર્યું અને પછી તેણે દેવ સ્વરૂપે પ્રગટ થઇ સઘળો વૃત્તાંત કહ્યો; એટલે ગુરૂને જૈનધર્મની શ્રદ્ધા દૃઢ થઈ. પુનઃ તેમણે ચારિત્ર લીધું. અશ્રદ્ધા માટે પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થયા અને સંયમની ઉત્કૃષ્ટ શ્રેણિમાં પ્રવેશી મોક્ષ પામ્યા.

## ૩૨ આર્દ્રકુમાર.

સમુદ્રની મધ્યમાં આર્દ્રકપુર નગર હતું. ત્યાં આર્દ્રક રાજા રાજ્ય કરતો. તેને આર્દ્રકા નામની રાણી હતી અને ‘ આર્દ્રકુમાર ’ નામે પુત્ર હતો.

રાજગૃહિ નગરીના રાજા શ્રેણિક અને આર્દ્રકપુરના રાજા આર્દ્રકને સારો સંબંધ હતો, તેથી તેમના રાજપુત્રો ‘ આર્દ્રકુમાર અને અભયકુમાર ’ને મિત્રાચારી થઈ હતી. આ પ્રીતિની વૃદ્ધિ માટે બંને રાજાઓ અને બંને કુમારો પરસ્પર એકબીજાને અવનવી ભેટ મોકલતા હતા. એકવાર અભયકુમારે વિચાર કર્યો કે હું ધર્મ પામ્યો હોવા છતાં અનાર્યભૂમિમાં વસતા મારા આર્દ્રકુમાર મિત્રને ધર્મ ન પમાડું તો અમારી મિત્રાચારી શા કામની ? એમ વિચારી એકવાર અભયકુમારે એક પેટીમાં તેને ધર્મના ઉપકરણો મોકલ્યાં અને તે પેટી એકાંતમાં ઉઘાડી જોવાનું કહ્યું. આર્દ્રકુમારે તે પ્રમાણે એકાન્તમાં પેટી ઉઘાડી ધર્મ ઉપકરણો જોયાં. આશ્ચર્ય સાથે તે સંબંધી વિચાર કરતાં તેને યાદ આવ્યું કે ‘ પૂર્વે મેં આવી વસ્તુઓ જોઈ છે. ’ વિશેષ ચિંતવન કરતાં આર્દ્ર-કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે વડે તેણે પોતાના પૂર્વભવનું મુનિ સ્વરૂપ જોયું. આથી તેણે અભયકુમાર પાસે જવાની પિતા પાસે

આજ્ઞા માગી; પણ પિતાએ જવાની રજા ન આપી, એટલું જ નહિ પણ તે છાનોમાનો જતો ન રહે, તે માટે ૫૦૦ રક્ષકો મૂક્યા. પરન્તુ નિશ્ચયબળવાળો આર્દ્રકુમાર બધાને ભૂલથાપ આપી, આર્યભૂમિમાં આવ્યો અને સ્વહસ્તે દીક્ષા લઇ મુનિ થયો. તે વખતે દેવોએ આકાશવાણીથી કહ્યું કે હે આર્દ્ર! 'તું દીક્ષા ન લે, હજુ તારે ભોગાવલી કર્મ બાકી છે.' પણ આર્દ્રકુમારે તે માન્યું નહિ અને દીક્ષિત થયો. કેટલાંક વર્ષો સંયમકાળમાં ગાળ્યા પછી, એક પ્રસંગે તે વસંતપુર નગરના ઉદ્યાનમાં આવ્યા અને કાઉસ્સગ ધ્યાને ઉભા રહ્યા. તેવામાં તે શહેરની કેટલીક શ્રીમંત બાળાઓ ઉદ્યાનમાં દેવાલયના દર્શને આવી. તેમાં શ્રીમતી નામની એક અવિવાહિતા કન્યા હતી, તે ધ્યાનસ્થ મુનિને દેખી મોહિત થઈ. નવયૌવનાઓ 'વરવરની રમત રમતાં' શ્રીમતીએ આર્દ્ર મુનિનો પગ પકડી 'આ મારા વર છે' એવી મીઠી મશ્કરી કરી. આર્દ્રમુનિ પોતાને ઉપસર્ગ આવશે, એમ ધારી ત્યાંથી વિહાર કરી ગયા. પરન્તુ શ્રીમતીની મશ્કરી સાચી હતી. આર્દ્રકુમાર મુનિ સાથે પરણુવાનો તેનો દૃઢ મનોભાવ હતો.

શ્રીમતીએ વરની પસંદગીની વાત પોતાના પિતાને કહી. પિતાએ બીજે લગ્ન કરવા તેણીને સમજાવ્યું પણ તે એકની બે ન થઈ. શ્રીમતીએ દાનશાળા માંડી અને સર્વ યાચકોને સ્વહસ્તે દાન આપવા લાગી.

આમ બાર વર્ષ પસાર થયા. પછી દિશા ભૂલવાથી કે સંયોગ-વશાત્ આર્દ્રમુનિ પુનઃ વસંતપુરમાં આવ્યા અને શ્રીમતીએ માંડેલી દાનશાળામાં ભિક્ષાર્થે ગયા. શ્રીમતીએ મુનિને ઓળખ્યા–પકડ્યા અને પોતાને પત્ની તરીકે સ્વીકારવા આગ્રહ કર્યો, વળી જો મુનિ તેનો સ્વીકાર ન કરે, તો પોતે આત્મહત્યા કરશે એવી બીક બતાવી.

શ્રીમતીના અપાર સૌંદર્યમાં મુનિ લોભાયા અને પોતાને। મુનિવેશ મૂકી તેની સાથે લગ્ન કર્યું. સુખભોગ ભોગવતાં શ્રીમતીથી તેમને એક પુત્ર થયો, એટલે પુનઃ ચારિત્ર લઇ ચાલી નીકળવાની શ્રીમતી પાસે રજા માગી. તેવામાં તે બાળકપુત્ર આર્દ્ર પાસે આવ્યો. તેની કાલી બોલીમાં આર્દ્ર લુબ્ધ થયા અને બીજાં બાર વર્ષ એ રીતે ગૃહસ્થાશ્રમમાં વીતાવ્યા.

ઉદયકાળ પૂરો થયો—ભોગાવલી કર્મ છૂટયું હતું. એટલે તેમણે પુનઃ દીક્ષા લીધી. રસ્તામાં પોતાના ૫૦૦ સામંતો મળ્યા તેમને ઉપદેશ આપી જૈનધર્મની દીક્ષા આપી. આગળ જતાં ગૌશાલક તથા તાપસો મળ્યા, તેમને વાદમાં જીતી લીધા. હસ્તી તાપસોએ વીરપ્રભુ પાસે દીક્ષા લીધી. આર્દ્રમુનિ રાજગૃહિમાં આવ્યા. ત્યાં અભયકુમાર તેમને વંદન કરવા ગયા. આર્દ્ર મુનિએ અભયકુમારને। આભાર માન્યો. ત્યારબાદ આર્દ્રમુનિ મહાવીરપ્રભુ પાસે રહ્યા અને ઉત્કૃષ્ટ સંયમ તપનું આરાધન કરી મોક્ષમાં ગયા.

## ૩૩ આનંદ ગાથાપતિ.

મગધ દેશના વાણિજ્યગ્રામ નામના નગરમાં આનંદ નામને। ગાથાપતિ ( ગૃહસ્થપતિ ) રહેતો હતો. તે ઘણો ધનવાન હતો. તેની પાસે ચાર ક્રોડ સોનામહોરો જમીનમાં દાટેલી હતી, ચાર ક્રોડ વેપારમાં રોકાયેલી અને ચાર ક્રોડ ઘરવખરામાં રોકાયેલી હતી. ઉપરાંત તેને ત્યાં ૪૦ હજાર ગાયોના ૪ ગોકુળ હતા. તે ઘણો બુદ્ધિમાન અને વ્યવહારકુશલ હોવાથી સૌ કોઇ તેની જ સલાહ લેતું. તેને શિવાનંદા નામની સુસ્વરૂપવાન પત્ની હતી. ૭૦ વર્ષની ઉમર થતાં સુધીમાં તે જૈનધર્મના તત્ત્વોથી અજાણ હતો. તેવામાં કોઇ એક સમયે ભગવાન મહાવીર તે ગામમાં પધાર્યા. હજારો લોકોની સાથે આનંદ, પ્રભુની દેશનામાં ગયો. પ્રભુએ ગૃહસ્થ

શ્રાવક અને સાધુનું આબેહુબ સ્વરૂપ સમજાવ્યું. આનંદને જીજ્ઞાસા બુદ્ધિ જાગી. અને પ્રભુ પાસે તેમણે શ્રાવકના બારવ્રત અંગીકાર કર્યાં. ઘેર આવી તેમણે શ્રાવક ધર્મ અંગીકાર કર્યાની વાત પોતાની પત્નીને કરીને, તેણીને પણ તેમ કરવા ઉપદેશ્યું. એટલે શિવાદેવીએ પણ પ્રભુ પાસે જઈ બારવ્રત અંગીકાર કર્યાં. એ રીતે ઉભય પતિ-પત્ની શ્રાવક ધર્મનું સુંદર રીતે પ્રતિપાલન કરતાં, સુખપૂર્વક સમય વિતાવવા લાગ્યા.

કેટલોક કાળ આ પ્રમાણે પસાર થયા પછી આનંદને ઉગ્ર તપશ્ચર્યા કરવાનું મન થયું, એટલે તેમણે સગાં સંબંધીઓને જમાડી, ગૃહકાર્યભાર પોતાના મોટા પુત્રને સોંપ્યો અને પોતે શ્રાવકની ૧૧ પ્રતિમાઓનું વહન કરવા લાગ્યા. આકરાં તપથી શરીર દુર્બલ બન્યું. એક વખત પૌષધવૃત્તમાં ધર્મચિંતવન કરતાં તેમને અવધિજ્ઞાન થયું. તે વડે તેમણે પૂર્વ દિશામાં લવણ સમુદ્રમાં ૫૦૦ ધનુષ્ય સુધી દીઠું. અને પશ્ચિમ તથા દક્ષિણમાં એટલું જ અને ઉત્તરમાં ચુલહિમવંત અને વર્ષધર પર્વત જોયા. ઉંચે સૌધર્મ દેવલોક અને નીચે રત્નપ્રભા નરકનો વાસ જોયો. આ જોઈ તેઓ ખૂબ પ્રસન્ન થયા અને પ્રભુ મહાવીરના દર્શનની તેમને જીજ્ઞાસા થઈ.

ભાગ્યવશાત્ પ્રભુ મહાવીર તેજ ગામમાં પધાર્યા. ગૌતમ મુનિ ગૌચરીએ નીકળ્યા. લોકોને મોઢે આનંદના અનશન અને અવધિ જ્ઞાનની વાત સાંભળી શ્રી ગૌતમ આનંદ શ્રાવકની પૌષધશાળામાં ગયા. ગૌતમ મુનિને આવતાં જોઈ આનંદે વિધિપૂર્વક વંદન કર્યું. અને પછી વિવેકપૂર્વક પ્રશ્ન કર્યો કેઃ—મહારાજ, શ્રાવકને સંસારમાં રહેતા થકાં અવધિજ્ઞાન થાય ?

ગૌતમે જવાબ આપ્યોઃ—હા, થાય.

આનંદ—પ્રભુ ! મને તે થયું છે. હું લવણ સમુદ્રમાં ૫૦૦ ધનુષ્ય સુધી, તથા સૌધર્મ દેવલોક અને રત્નપ્રભા નરક દેખું છું.

આ સાંભળી ગૌતમ સંશયમાં પડયા. તેમણે કહ્યું:—આનંદ, તમે જુઠું બોલો છો, એટલું દેખી શકાય નહિ, માટે મૃષાવાદનું પ્રાયશ્ચિત્ત લ્યો.

આનંદે કહ્યું:—દેવ, હું યથાર્થ કહું છું. આપ ભૂલ્યા છો માટે આપને જ પ્રાયશ્ચિત લેવું ઘટે.

શ્રી ગૌતમને આ વાત હૈયે ન બેઠી. તેઓ તો સંશયાત્મક બની 'બહુ સારૂ' કહી રસ્તે પડયા અને પ્રભુ મહાવીર દેવ પાસે આવી, બનેલી વિતક કહી સંભળાવી. પ્રભુ મહાવીરે આનંદનું કથન સત્ય છે, અને ગૌતમનું કથન અસત્ય છે, કહેતાં જ આશ્ચર્ય સાથે શ્રી ગૌતમે પ્રાયશ્ચિત લીધું અને શ્રી આનંદ પાસે આવી પોતાની ભૂલની માફી માગી.

આનંદ શ્રાવકે ૨૦ વર્ષનું શ્રાવકવ્રત પાળ્યું. મરણાંતે ૧ માસનું અનશન કર્યું અને વિશુદ્ધ પરિણામે કાળધર્મ પામી તેઓ પહેલા સૌધર્મ નામના દેવલોકમાં ગયા, જ્યાંથી મહાવિદેહમાં જન્મ લઇ મોક્ષમાં જશે.

## ૩૪ આનંદ બળદેવ.

ચક્રપુરી નામક નગરીમાં મહાશિર નામે રાજા હતો, તેની વિજયંતી નામની રાણીથી આનંદ નામે ૬ ઠા બળદેવ થયા. તેઓ પુરિષ પુંડરિક નામના વાસુદેવના ઓરમાન ભાઇ હતા. તેમણે અરનાથ પ્રભુના શાસનમાં દીક્ષા લીધી. સંયમ તપની ઉત્કૃષ્ટ આરાધના કરીને, ૮૫ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ નિર્વાણ પામ્યા-મોક્ષમાં ગયા.

## ૩૫ આનંદ કુમાર

તેઓ રાજગૃહિના શ્રેણિક રાજાના પુત્ર પ્રિયસેનના પુત્ર હતા.

ઉંમર લાયક થતાં ૮ કન્યાઓ પરણ્યા. પ્રભુ મહાવીરના ઉપદેશથી ચારિત્ર લીધું. બે વર્ષ ચારિત્ર પાળી પ્રાણત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષમાં જશે.

## ૩૬ અંગતિ ગાથાપતિ

શ્રાવસ્તી નામની નગરીમાં, પ્રભુ પાર્શ્વનાથના સમયમાં અંગતિ નામે મહાસમર્થ ગાથાપતિ હતો. એકવાર તે નગરીમાં ભગવાન પાર્શ્વ-નાથ પધારતા, અંગતિ તેઓના વ્યાખ્યાનમાં ગયા, અને પ્રભુના બોધથી વૈરાગ્ય પામી, પોતાના મોટા પુત્રને ગૃહકાર્યભાર સોંપી સંયતિ થયા. બહુસૂત્રી સ્થવીર મુનિ પાસે તે ૧૧ અંગ ભણ્યા, છઠ અઠમાદિ તપશ્ચર્યા કરી. સામાન્ય ચારિત્ર પાળી અંતિમ સમયે ૧૫ દિવસનું અનશન કર્યું. પરન્તુ વિરાધક પણે મૃત્યુ પામવાથી તેઓ ચંદ્રાવતંશક નામના વિમાનમાં જ્યોતિષિના ઈંદ્રપણે ઉત્પન્ન થયા. ત્યાં તે એક પલ્યોપમ અને એક લાખ વર્ષનું આયુષ્ય ભોગવી મહાવિદેહમાં જન્મ લેશે અને મોક્ષમાં જશે.

## ૩૭ ઇષુકાર રાજા

ઇષુકાર નામના નગરમાં ઇષુકાર નામે રાજા હતો. તેને કમ-ળાવતી નામે રાણી હતી. એજ નગરમાં ભૃગુ નામનો એક પુરોહિત, તેની જશા નામની સ્ત્રી અને તેના બે પુત્રો હતા. આ રીતે આ છએ જીવો પૂર્વભવમાં પહેલા દેવલોકના નલિનીગુલ્મ વિમાનમાં હતા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, તે છએ ઇષુકાર નગરમાં ઉત્પન્ન થયા હતા. કોઈ આનંદના પ્રસંગે રાજાએ પુરોહિતને કેટલુંક ધન જાગીર વગેરે આપ્યા હતા. પૂર્વના શુભ કર્મના ઉદયે પુરોહિત, તેની સ્ત્રી જશા અને બંને પુત્રો, વૈરાગ્ય થતાં સર્વ ધનસંપત્તિ છોડી, પ્રવર્જિત થયા. આ વાતની ઇષુકાર રાજાને ખબર પડતાં, નિર્વંશીયું (બીનવારસવાળું) ધન

રાજાએ પોતાના ભંડારમાં લઈ લીધું. આ વાત કમળાવતી રાણીના જાણવામાં આવી એટલે તેણે રાજાને કહ્યું કે:— પ્રથમ દાનમાં આપેલું ધન આપણાથી પાછું ન લેવાય. જો ઓકેલું ધાન્ય ફરી ખાઈ શકાતું હોય તો જ દાનમાં આપેલું ધન પાછું લેવાય. ધન એ તો ક્લેશ, ચિંતા, અને ભયનું કારણ છે. તે આપણને રોગ, જન્મ અને જરાથી મુકાવનાર નથી, માટે ધનનો મોહ છોડી ધર્મ-માર્ગમાં પ્રવર્તવું એ જ આપણી ફરજ છે. એ પ્રમાણે અનેક બોધ-વચનો કહી કમળાવતીએ રાજાને બુઝવ્યો અને પછી બંને જણાએ ચારિત્ર અંગીકાર કર્યું. તીર્થંકર માર્ગની વિશુદ્ધ આરાધના કરતાં ઈષુકાર રાજા મોક્ષ પામ્યા.

## ૩૮ ઇંદ્રભૂતિ ઉર્ફે ગૌતમ.

ગોબર નામના ગામમાં ગૌતમગોત્રી વસુભૂતિ નામે બ્રાહ્મણ હતો. તેને પૃથ્વી નામની સ્ત્રી હતી. તેમને ઇંદ્રભૂતિ નામે પૂત્ર હતો. તે ચારવેદ, ચૌદ વિદ્યા, આદિ છ શાસ્ત્રોમાં પ્રવિણ હતો. ઇંદ્રભૂતિ પોતાના ગૌતમ નામના ગોત્ર પરથી "ગૌતમ" તરીકે પણ ઓળખાતા. બ્રાહ્મણ સમાજમાં તેમનું સારૂં માન હતું. એકવાર રાજગૃહિ નગરીમાં બાહુલ નામના બ્રાહ્મણે યજ્ઞ આરંભ્યો. તેના આમંત્રણથી ગૌતમ વગેરે મોટા મોટા ૧૧ બ્રાહ્મણ આચાર્યો પોતાના વિશાળ પરિવાર સાથે યજ્ઞમંડપમાં આવ્યા. તે સિવાય પણ બીજા ઘણા બ્રાહ્મણો હતા. એજ વખતે ભ૦ મહાવીર દેવ રાજગૃહિ નગરીના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા હતા. ત્યાં દેવતાઓએ સમવસરણની રચના કરી. રચના કરવા માટે દેવોના યુથો યજ્ઞમંડપ પાસે થઈને નીકળ્યા. તે વખતે બ્રાહ્મણો ખૂશ થઈને વિચારવા લાગ્યા કે, આપણો યજ્ઞમંડપ જોવા માટે દેવો આવે છે, પણ થોડીજ વારમાં દેવો ત્યાંથી પસાર થઈને ગુણશીલ ઉદ્યાનમાં આવ્યા. તપાસ

કરતાં બ્રાહ્મણોએ જાણ્યું કે દેવો તો સર્વજ્ઞ મહાવીર નામના એક શ્રમણ આવ્યા છે ત્યાં ગયા. આથી ગૌતમ-ઈંદ્રભૂતિ અભિમાન પૂર્વક બોલી ઉઠયા કેઃ—હું એકલોજ સર્વજ્ઞ છું. મહાવીર તો સર્વજ્ઞ પણાનો દાવો કરનાર ઇંદ્રજાળીઓ છે, અને તેથી જ તેણે યજ્ઞમાં આવનાર દેવોને ભ્રમમાં નાખી પોતાની તરફ ખેંચ્યા છે. એમ વિચારી તે ગૌતમ પોતાની સાથે ૫૦૦ શિષ્યો લઈ ભ. મહાવીર પાસે આવ્યા. ત્યાં સમવસરણની સુંદર રચના જોતાંજ તે મૂઢ બની ગયા. શરમને લીધે તે પાછા ફર્યા નહિ. પણ મનમાં વિચાર્યું કે મારા મનમાં હજુયે ઘણા સંશયો છે, જો સર્વજ્ઞપણાનો દાવો કરનાર મહાવીર મારા સંશયો ટાળે તો હું તેને સર્વજ્ઞ તરીકે સ્વીકારૂં.

મનઃપર્યવજ્ઞાન વડે પ્રભુ મહાવીરે ગૌતમના વિચાર જાણી લીધા અને કહ્યુંઃ—ગૌતમ! વેદમાં ત્રણ 'દ'કાર છે તેનો તને ઘણા વખતથી સંશય છે તો સાંભળ, હું તેનું સમાધાન કરૂં છું. તે ત્રણ 'દ'કારના નામઃ-દાન, દયા અને દમ છે. આ ઉપરાંત 'જીવ છે કે નહિ' એ બાબતની ઇંદ્રભૂતિની શંકાનું પ્રભુએ નિવારણ કર્યું. આથી ઇંદ્રભૂતિનો સંશય દૂર થયો અને ત્યાંજ તેણે પોતાના ૫૦૦ શિષ્યો સહિત ભગવાન પાસે દીક્ષા લીધી. અને ત્રિપદી-ઉપ્નેવા, વિધ્નેવા, ધ્રુવેવાથી ચૌદપૂર્વનું જ્ઞાન મેળવ્યું. પોતાના જ્ઞાનબળ વડે તેઓ સર્વ સાધુ-ઓમાં મુખ્ય ગણધર થયા. લબ્ધિવંત અને સૂત્રાર્થના પારગામી બન્યા. તેઓ હંમેશાં ભગવાનની પાસેજ રહેતા અને છઠ છઠના પારણા કરતા. પોતાને સંશય પડે કે ન પડે, તો પણ તેઓ ભગ-વાનને અનેક પ્રકારના પ્રશ્નો પૂછી જ્ઞાન મેળવતા. એક ભગવતી સૂત્રમાં જ તેમણે છત્રીસ હજાર પ્રશ્નો ભગવાનને પૂછયા છે. ભગ-વાન મહાવીરદેવ પર તેમનો અતીશય મોહ હતો, અને તે કારણથી જ તેમના પછી દીક્ષિત થયેલા અનેક મુનિઓ કૈવલ્યજ્ઞાન પામેલા, પરન્તુ શ્રી ગૌતમને કૈવલ્યજ્ઞાન ન્હોતું થતું. આ મોહ છોડી દેવા ભગવાન ઘણીવાર શ્રી ગૌતમને કહેતા, પણ ઉદયમાન પ્રકૃતિને

અદ્યાપિ ગૌતમ રોકી શકયા નહિ. એકવાર છેલ્લું ચોમાસુ ભગવાને પાવાપુરીમાં કર્યું, ત્યારે અંતસમયે ભગવાને શ્રી ગૌતમને પોતાના પરનો રાગ દૂર થઈ કૈવલ્યજ્ઞાન પ્રગટે તે માટે દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ આપવા અર્થે મોકલ્યા. તે વખતે એટલે કાર્તિક વદિ ૦)) (ગુજરાતી આશો વદિ ૦)) ) ના દિવસે પાછલી રાત્રે ભગવાન નિર્વાણ ( મોક્ષ ) પામ્યા. પ્રભુનો નિર્વાણ મહોત્સવ ઉજવવા આવતા દેવોને દેખીને શ્રી ગૌતમે આ વાત જાણી ત્યારે તરતજ તેઓ મૂર્છા પામ્યા. મૂર્છા વળ્યા પછી પ્રભુના વિરહ માટે શ્રી ગૌતમ ગણધર વિલાપ કરવા લાગ્યા. 'વીર, વીર' શબ્દનો ઉચ્ચાર કરતા તેમને આત્મતત્ત્વ–વીતરાગદશાનું અપૂર્વ ભાન થયું અને તેઓ ક્ષપક શ્રેણિમાં પ્રવેશ્યા કે તરતજ તેમને કૈવલ્યજ્ઞાન પ્રગટયું અને તેઓ મોક્ષમાં ગયા. શ્રી ગૌતમે ૫૧મા વર્ષે દીક્ષા લીધી હતી. ૮૧ મા વર્ષના પ્રારંભે તેમને કૈવલ્યજ્ઞાન થયું હતું. ૧૨ વર્ષ કૈવલ્ય પ્રવર્જ્યામાં વિચરી અનેક જીવોનો ઉદ્ધાર કરી ૯૨ વર્ષની ઉંમરે તેઓ મોક્ષ પધાર્યા હતા.

## ૩૯ ઈલાચીકુમાર.

ઈલાવર્ધન શહેરમાં એક ધનદત્ત નામના શેઠનો તે પુત્ર હતો. એકવાર કેટલાક નટ લોકો તે શહેરમાં રમવા આવ્યા અને ધનદત્ત શેઠની હવેલી પાસે વાંસડાઓ ઉભા કરી રમત શરૂ કરી. આ નટ-લોકોને એક સુસ્વરૂપવાન કન્યા હતી. ઝરુખામાં બેઠા બેઠા રમત નિહાળતાં આ કન્યા પર ઈલાચીકુમારની દૃષ્ટિ પડતાં જ તે તેના પર મોહિત બન્યો અને તે નટકન્યા સાથે લગ્ન કરવાનો વિચાર કર્યો. આ વાત તરતજ તેણે પોતાના પિતાને કહી, અને અઢળક ધનના ભોગે પણ તે નટકન્યા પોતાની સાથે પરણાવવાનો આગ્રહ કર્યો. ધનદત્ત શેઠે ઈલાચીને તેમ ન કરવા, અને પોતાની જ્ઞાતિની રૂપસુંદર કન્યા લાવી આપવા ઘણું સમજાવ્યો, પણ ઈલાચી એકનો બે ન થયો. ત્યારે તેના પિતાએ આ વાત નટને કરી, તેની કન્યા

ઈલાચી વેરે પરણાવવાનું કહ્યું. ત્યારે નટે જવાબ આપ્યો કે જો તમારો પુત્ર અમારી સાથે રહી નટવિદ્યામાં પ્રવિણ બની રાજાને રીઝવે તો હું મારી કન્યા એને પરણાવું. આ વાત સાંભળી ઈલાચી પુત્ર પ્રથમ તો સંકોચાયો, પરન્તુ મોહની પ્રબળ જાળ પાસે તેનું કાંઈ ચાલ્યું નહિ. નટની ઈચ્છાને તે તાબે થયો, અને મકાન, ધન વગેરે બધું છોડી ઈલાચી નટલોકો સાથે ભળી ગયો. થોડા વખતમાં તે નટવિદ્યામાં ખૂબ પારંગત બન્યો. ફરતા ફરતા તે નટ લોકોની સાથે કોઈ એક મોટા શહેરમાં આવ્યો. કુશળ નટોની ખ્યાતિથી ત્યાંના રાજાએ રાજયોગાનમાં નટોને ઉતારી રમત શરૂ કરાવી. હજારો પ્રજાજનો જોવા આવ્યા. તે વખતે નટ કન્યાનું સુંદર રૂપ જોઈ રાજા તેના પર મોહાંધ થયો. બીજી તરફ ઈલાચી વાંસડા પર ચડી દોરી પર વિધવિધ જાતના ખેલ કરવા લાગ્યો. લોકોએ હર્ષના ઉદ્-ગાર કાઢ્યા, ઈલાચીએ નીચે આવી રાજાને સલામ કરી, પણ રાજા મૌન રહ્યો. તેણે નટને ઈનામ ન આપ્યું. કાંઈક ખામી હશે એમ ધારી પુનઃ ઈલાચી દોરી પર ચડી નાટક ભજવવા લાગ્યો અને સુંદર દૃશ્યો બતાવ્યા. પ્રજાએ વાહવાહ પોકારી. નટે નીચે ઉતરી ફરી રાજાને સલામ કરી, પણ રાજાએ બીજી વખત પણ દાન ન આપ્યું. તેની નજર તો એ નટીપરજ હતી. ત્રીજીવાર ઈલાચી વાંસ પર ચડ્યો અને ઈનામ મેળવવાની લાલચે જીવ સટોસટના ખેલો કરવા લાગ્યો. ખેલ કરતાં તેની નજર એક દૂરના મહેલમાં પડી. તે વખતે એક નવયૌવના—વસ્ત્રાલંકારથી સુશોભિત સ્વરૂપવાન સ્ત્રી એક મુનિને લાડુ વહોરાવતી હતી, નિસ્પૃહિ મુનિ નીચી દૃષ્ટિએ 'પોતાને જરૂર નથી' એમ કહી લાડુ લેવાની ના પાડતા. એકાંત છતાં બ્રહ્મચર્ય અને સંયમનું આવું ઉત્કૃષ્ટ દૃશ્ય દેખી ઈલાચી મુંઝાયો, તેને પોતાની સ્થિતિ, નીચ કન્યાનો પ્રેમ ઈત્યાદિનું ભાન થયું, ઈલાચી પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે અહો, ક્યાં આ મહાત્મા, અને ક્યાં હું વિષયમાં લુબ્ધ પામર કીડો! એક સ્ત્રીને ખાતર હું નાત, જાત, સગાં સંબં-

ધીઓ, માતાપિતા અને વિપૂલ સંપત્તિને છોડી શહેરે શહેર ભટકું છું; અને ભીખના ટુકડાથી જીવન નિર્વાહ ચલાવું છું, હું કોણ? મારૂં સ્વરુપ શું છે? એ વિચારતાં જ તેને પૂર્વ સ્મરણ થયું અને અનિત્યભાવમાં પ્રવેશતાં કૈવલ્યજ્ઞાન થયું. દેવોએ તેને મુનિવેશ આપ્યો. નીચે ઉતરી તેણે પ્રજાજનોને બોધ આપ્યો. જે વડે નટ કન્યા પણ વૈરાગ્ય પામી. રાજાને પણ 'નટના મૃત્યુ ચિંતવન' માટે પશ્ચાત્તાપ થયો, અને એ રીતે (ગ્રંથાધારે) ઈલાચીકુમાર, નટકન્યા અને રાજાને કૈવલ્યજ્ઞાન થયું. અને તેઓ મોક્ષમાં ગયા.

## ૪૦ ઉગ્રસેન રાજા.

કંસના પિતા ઉગ્રસેન, એ ભોજવિષ્ણુના પુત્ર હતા. પિતાની પછી પોતે ગાદી પર બેઠા હતા. તેમને ધારિણી નામની સ્ત્રી હતી. એકવાર ઉગ્રસેન રાજાએ કોઈ એક તાપસને પોતાને ત્યાં જમવા માટે પારણાનું નોતરૂં આપ્યું, પરન્તુ તે વિસ્મૃત થવાથી તાપસને જમાડયા નહિ. આ પ્રમાણે ત્રણ વખત તેણે તાપસને જમવાનું નોતરૂં આપ્યું, પરન્તુ બધીયે વખત તે તેને તેડવાનું વીસરી જ ગયો. આથી તાપસને ઘણો પશ્ચાત્તાપ થયો, તેણે પોતાનું ભયંકર અપમાન થયેલું માન્યું ને તે અપમાનનો બદલો લેવાનો નિર્ણય (નિયાણું) કરતાં તે તાપસ મૃત્યુ પામીને તેજ ઉગ્રસેનની પત્ની ધારિણીની કુક્ષિએ પુત્રપણે અવતર્યો. ગર્ભધારણના સમય દરમ્યાન રાણીને ખરાબ દોહદ ઉત્પન્ન થવાથી તેણીયે માન્યું કે કોઈ પાપી જીવ પોતાના ઉદરમાં ઉત્પન્ન થયો છે; આથી તેણીએ પ્રસવેલા તે કુંવરને જન્મતા વેંતજ, એક કાંસાની પેટીમાં ઘાલ્યો અને તે પેટી યમુના નદીમાં તરતી મૂકી. બીજી તરફ રાજાને કહેવડાવ્યું કે કુંવર જન્મીને તરત જ મૃત્યુ પામ્યો છે. આ પેટી તરતાં તરતાં એક વણિકના હાથમાં આવી. તેણે ઘેર લઈ જઈને તે પેટી ઉઘાડી, તો તેમાંથી તરતનું

જન્મેલું બાળક નીકળ્યું. વણિક તેને પોતાને ત્યાં રાખી સાર સંભાળ કરવા લાગ્યો. કાંસાની પેટીમાંથી નીકળેલ, માટે તેનું નામ કંસ રાખવામાં આવ્યું. કંસ અનુક્રમે વયવૃદ્ધિ કરવા લાગ્યો. વખત જતાં તે ખૂબ તોફાની નીવડયો, આથી વણિકે કંટાળીને તે પુત્ર વસુદેવ રાજાને સોંપ્યો. એકવાર તે કંસ, વસુદેવની સાથે રાજા જરાસંધના દુશ્મન સિંહરથને પકડવા ગયો, તેને પકડયા પછી તે જરાસંધની પુત્રી જીવયશાને પરણ્યો. પોતે ઉગ્રસેન રાજાનો પુત્ર છે અને માતાએ તેને જન્મતાં જ નદીમાં ફેંકી દીધો હતો, આ વાતની તેને ખબર પડતાજ, તેણે ઉગ્રસેનને કેદમાં પૂર્યો અને પોતે ગાદીપર બેઠો. પાછળથી શ્રી કૃષ્ણે કંસને મારી ઉગ્રસેનને છોડાવ્યો; પણ ઉગ્રસેન જરાસંધના ભયથી કૃષ્ણ સાથે નાસીને દ્વારિકામાં આવી રહ્યો. ઉગ્રસેનને કંસ ઉપરાંત અતિમુક્ત પુત્ર તથા રાજેમતિ નામક પુત્રી વગેરે હતા. રાજેમતી અને અતિમુક્ત કુમારે જૈન પ્રવજ્યા અંગીકાર કરી હતી.

## ૪૧ ઉજ્જવાળી કુમાર.

શ્રેણિક રાજાની ધારિણી નામક રાણીના એ પુત્ર અને જાલીકુમારના સગા ભાઈ હતા. યૌવનાવસ્થા થતાં તેઓ આઠ સ્ત્રીઓ પરણ્યા હતા. ભ. મહાવીરની દેશના સાંભળી તેમને વૈરાગ્ય થયો અને મહાવીર પ્રભુ પાસે દીક્ષા લીધી. સોળ વરસ ચારિત્ર પાળ્યું. ગુણ રત્ન સંવત્સર નામનો મહાતપ કર્યો. અને અંત સમયે અનશન કરી, મૃત્યુ પામી તેઓ જયંત વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષમાં જશે.

## ૪૨ ઉઝ્ઝિય કુમાર.

હસ્તિનાપુર નામનું નગર હતું. સુનંદ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં એક જોવા લાયક અનેક સ્તંભવાળી ગોશાળા

હતી. જેમાં ગાય, ભેંસ, બળદ, પાડા વગેરે અનેક પશુઓ સુખપૂર્વક રહેતા હતા. તે ગામમાં ભીમ નામે એક કુડગ્રાહી રહેતો હતો તે ઘણોજ પાપી હતો. તેને ઉપ્પલા નામે સ્ત્રી હતી. તે ગર્ભવંતી થઈ ત્યારે તેને ગાય ભેંસના આંચળનું તથા ગરદનનું માંસ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો. દોહદ પૂર્ણ કરવા નિરંતર તે ચિન્તાતુર રહેતી, અને આર્તધ્યાન ધરતી. એક વાર ભીમને આ વાતની ખબર પડી એટલે તે મધ્ય રાત્રીએ ગૌશાળામાં આવ્યો અને હથીયાર વડે કેટલી-એક ગાયો તથા ભેંસોની ગરદન તથા આંચળની ચામડી કાપી નાખી, અને માંસ લઈને ઘેર આવ્યો. સ્ત્રીએ તે માંસ દારૂ સાથે મેળવી ભક્ષણ કરી, પોતાનો દોહદ પૂર્ણ કર્યો. અનુક્રમે નવમહિને તેણે એક બાળકનો જન્મ આપ્યો. જન્મતાવેંતજ બાળકે એક મ્હોટી ભયાનક ચીસ પાડી, જેને પરિણામે ગામનાં ઘણા ઢોર બીકથી નાસભાગ કરવા લાગ્યા. તેથી આ બાળકનું નામ 'ગોત્રાસિયા' પાડયું. આ બાળક મ્હોટું થયું ત્યારે તેનો બાપ ભીમ મરી ગયો. ગોત્રાસિયો ઘણો અધર્મી, કુકર્મ સેવનારો નીવડયો, તેથી રાજાએ તેને સેનાપતિ બનાવ્યો કે જેથી ગામમાં તેના દુષ્કર્મો ઓછાં થાય; છતાં ગોત્રાસીયો રોજ અર્ધી રાતે ઉઠી, બખતર પહેરી હાથમાં હથીયાર લઈ ગોશાળામાં જાય અને અનેક પશુઓના માંસ કાપી તેનું ભક્ષણ કરે. આવી રીતે ઘણા પાપનો પુંજ ભેગો કરીને ગોત્રાસીયો મરણ પામીને બીજી નરકમાં ગયો.

ત્યાંથી નીકળીને તે વાણીજય નામના ગામમાં વિજયમિત્ર સાર્થવાહને ત્યાં તેની સુભદ્રા નામની સ્ત્રીને પેટે પુત્ર પણે અવતર્યો. અવતરતાંજ તેને ઉકરડામાં ફેંકી દીધો, છતાં ફરીથી પાછો લાવ્યા; તેથી તેનું નામ ઉજ્ઝિયકુમાર પાડયું. અનુક્રમે યુવાવસ્થા પામતા આ ઉઝ્ઝીયકુમાર દુર્વ્યસની બન્યો. કોઇવાર જુગારીને ત્યાં, કોઈવાર વેશ્યાને ત્યાં, કોઈવાર કલાલને ત્યાં એમ રખડવા લાગ્યો. તે ગામમાં

એક કામધ્વજા નામની ગણિકા હતી. તે ઘણી ચતુર અને વિલક્ષણ હતી. ગાવામાં ઘણી પ્રવિણ, હાથીની ચાલે ચાલનારી, ચંદ્રમુખી, સુશોભિત અને ચિત્તાકર્ષક હતી. એક હજાર સોનામહોર તેને રાજા તરફથી મળતી, રથ પાલખી વગેરે રાજા તરફથી તેને બક્ષીસ આપવામાં આવ્યા હતા. અને સુખપૂર્વક તે દીવસો વ્યતીત કરતી હતી. ઉઝ્ઝીયકુમાર આ વેશ્યાના પ્રેમમાં પડયો અને ભોગ ભોગવવા લાગ્યો. એકવાર રાજાની સ્ત્રીને ગુહ્ય સ્થાનમાં શૂળ રોગ ઉત્પન્ન થયો. તેથી રાજાએ આ ઉઝ્ઝીયકુમારને કામધ્વજા ગણિકાના ઘરમાંથી કાઢી મૂકયો. અને કામધ્વજાને પોતાના જનાનામાં રાખી.

ગણિકાના ઘરમાંથી નીકળવાથી ઉઝ્ઝીયકુમાર મૂર્છા પામ્યો. કામધ્વજાના મોહમાં આસક્ત બનવાથી, તેમજ તેને કયાંઇ ચેન ન પડવાથી, તે હરાયા ઢોરની માફક રખડવા લાગ્યો અને કામધ્વજાને મળવાનો લાગ શોધવા લાગ્યો. એકવાર બરાબર લાગ જોઇને તે કામધ્વજાના ઘરમાં પેસી ગયો અને તેની સાથે ભોગ ભોગવવા લાગ્યો. એટલામાં રાજા સ્નાન કરી, વસ્ત્રાલંકાર પહેરી કેટલાક માણસોની સાથે તે કામધ્વજા ગણીકાના આવાસમાં આવી પહોંચ્યો. ત્યાં કામધ્વજાની સાથે ઉઝ્ઝિયકુમારને ભોગવિલાસ કરતો જોયો. રાજા ક્રોધે ભરાયો. માણસો મારફત તેને પકડાવ્યો અને ખુબ માર મરાવ્યો. અને હુકમ કર્યો કે આના બધા અંગો બાંધીને ખૂબ માર મારો. તેના નાક કાન કાપી નાખો અને બને તેટલો તેના પર જુલમ ગુજારી ગામમાં ફેરવી શુળી પર ચઢાવો. આ હુકમ સાંભળી માણસો તે પ્રમાણે કરવા તત્પર થયા. પ્રથમ તેને હાથ પગમાં બેડી પહેરાવી, નાક કાન કાપી નાખ્યાં, ચોર જેવા કપડા પહેરાવ્યા, મ્હોં કાળું કર્યું, શરીર પર ગેરૂ ચોપડી, અને ગામમાં ફેરવવા લાગ્યા. રસ્તામાં તેને ખૂબ માર મારતાં, તેના શરીરના ઝીણા ઝીણા કકડા કરી તેને ખવરાવતાં ખવરાવતાં, ત્રાસ પમાડતાં પમાડતાં ગામ વચ્ચેથી લઈ

જતા હતા. ઉઝ્ઝીયકુમાર ત્રાસ ત્રાસ પોકારી રહ્યો હતો અને કર્મનો બદલો ભોગવતો હતો.

તે સમયે પ્રભુ મહાવીર તેજ નગરના ઉદ્યાનમાં બીરાજતા હતા. શ્રી ગૌતમ પ્રભુની આજ્ઞા લેઈ ગૌચરી અર્થે નીકળ્યા હતા. રસ્તામાં તેમણે આ દ્રશ્ય જોયું. ગૌતમે વિચાર્યું કે પૂર્વ ભવના ખરાબ આચરણથી તે આવી દુઃખદ દશાને પામ્યો હશે. ત્યાંથી ગૌતમ શ્રી પ્રભુ પાસે આવ્યા. રસ્તામાં જોયેલ દ્રશ્યની વાત કરી. પ્રભુએ ઉઝ્ઝીયકુમારનો ઉપર કહ્યો તે પૂર્વભવ વર્ણવ્યો. શ્રી ગૌતમે પૂછયું, હે પ્રભુ! હવે ઉઝ્ઝીયકુમારનું શું થશે? અને મરીને તે કયાં જશે? પ્રભુએ ઉત્તર આપ્યો. હે ગૌતમ, આ ઉઝ્ઝીયકુમાર હવે ત્રણજ પહોરનું આયુષ્ય ભોગવીને, શૂળી પર ચઢીને મરણ પામશે અને પહેલી નરકમાં જશે. ત્યાંથી ચવી તે અનંત સંસારમાં પરિભ્રમણ કરશે. છેવટે એક શેઠને ત્યાં સાધુ મહાત્માની પાસેથી ધર્મ સાંભળી દીક્ષા લેશે. ત્યાં આયુષ્ય પુર્ણ કરી પહેલા દેવલોકમાં જશે. અને પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી સર્વ દુઃખોનો અંત કરશે.

## ૪૩ ઉદાયન રાજા.

સિંધુ (સૌવીર) દેશના વિતભય નગરનો તે મહારાજા હતો. મહાસેન વગેરે દશ મુકુટબંધ રાજાઓ તેની આજ્ઞામાં રહેતા. એ સોળ દેશનો સ્વામી ગણાતો. તેને પ્રભાવતી નામક રાણી હતી. એકવાર ઉદાયન રાજાને, સુવર્ણગુલિકા નામક દાસીને કારણે ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોત સાથે યુદ્ધ કરવાની ફરજ પડી હતી, તેમાં ચંડપ્રદ્યોતનો પરાજય થયો. તેને પકડીને સ્વદેશમાં પાછા ફરતા રસ્તામાં ચોમાસુ શરૂ થવાથી, ઉદાયન રાજાને પડાવ નાખીને એક સ્થળે રોકાવું પડયું. ઉદાયન રાજા જૈનધર્મી અને પ્રભુ મહાવીરનો પરમભક્ત હતો. તેથી તેણે મહા પર્વ સંવત્સરીને દિવસે

પૌષધ કર્યો. ચંડપ્રદ્યોતે પણ પૌષધ કર્યો હતો. પ્રતિક્રમણને અંતે ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતની ક્ષમાપના માગી, તે વખતે ચંડપ્રદ્યોતે 'કેદીને ક્ષમાપના શી' એવો જવાબ વાળ્યો. પ્રાતઃકાળે પૌષધ પાળીને ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતને બંધનમુક્ત કર્યો અને તેને દાસી સાથે પરણાવીને ઉજ્જયિનીને માર્ગે રવાના કર્યો. ત્યારબાદ ઉદાયન રાજા વિતભય નગરમાં આવ્યો. એક દિવસે તેને ભગવાન મહાવીરના દર્શનની અભિલાષા થઈ. તેવામાં જ પ્રભુવીર તે નગરમાં પધાર્યા. આ સમાચાર સાંભળી ઉદાયન રાજા ધામધૂમ પૂર્વક પ્રભુના દર્શને ગયો, અને દેશના સાંભળી વૈરાગ્યપ્રેરિત બન્યો. તેને ચારિત્ર લેવાની ઉત્કટ ઇચ્છા થઈ, પરન્તુ તે સાથે એવો વિચાર થયો કે, જો હું મારૂં રાજ્ય મારા પુત્ર અભિચ કુમારને આપીશ, તો તે રાજ્યમાં આસક્ત બનીને નરકે જશે, તેથી કેશીને રાજ્ય આપવું ઈષ્ટ છે. એમ ધારી તેણે ઘેર આવી પોતાનું રાજ્ય પોતાના ભાણેજ કેશીને આપ્યું અને પોત્તે દીક્ષા લઈ ચાલી નીકળ્યો. ( અભિચકુમાર રિસાઇને ચંપાનગરીમાં કોણિક પાસે જઈ રહે છે. પૂર્વકથા )

ઉદાયન મુનિ ભ. મહાવીર પાસે ૧૧ અંગ ભણ્યા અને પ્રભુની આજ્ઞા માગી એકલ વિહારી થયા. ફરતા ફરતા તેઓ વિતભય નગરમાં આવ્યા. આ સમાચાર કેશી રાજાને મળતાં, તેને વિચાર આવ્યો કે મામા પોતાનું રાજ્ય પાછું લઈ લેવાની લાલચે અહિં આવ્યા જણાય છે. તેથી તેણે ઉદાયનને ક્યાંઈ પણ રહેવા માટે સ્થાન ન આપવાનો પ્રજાને આદેશ આપ્યો; પરન્તુ આ આદેશનો અનાદર કરીને એક કુંભારે ઉદાયનમુનિને ઉતારો આપ્યો. કેશી રાજાએ એક બીજી યુક્તિ રચી. તેણે એક વૈદ્ય મારફત તેમને આહારમાં ઝેરી દવા અપાવી. આ દવાથી ઉદાયન મુનિને શરીરમાં અતૂલ વેદના થઈ. પરન્તુ મુનિએ કોઈ ઉપર લેશ પણ ક્રોધ ન

કરતાં આ બધું સમભાવે સહન કર્યું, અને આત્મભાવના પ્રદિપ્ત કરી. અનુક્રમે ક્ષપક શ્રેણીમાં પ્રવેશતાં તેમને કૈવલ્યજ્ઞાન થયું અને તેઓ મોક્ષમાં ગયા. (અંતકૃત)

મહારાજા ઉદાયન અને ચંડપ્રદ્યોત બંને વૈશાલિના ચેડા મહારાજાના જમાઈ હતા.

## ૪૪. ઉદાયન (૨)

કૌશાંબી નગરીના શતાનિક રાજા અને મૃગાવતી રાણીનો તે પુત્ર હતો. શતાનિકના મૃત્યુ પછી મૃગાવતી રાણીની કુશલતાથી ઉદાયન રાજ્યાસન પર બેઠો હતો. તે ગાંધર્વ વિદ્યામાં પ્રવિણ હતો. એકવાર ઉજ્જયિની નરેશ ચંડપ્રદ્યોતે એક લાકડાનો હાથી બનાવી, તેમાં સુભટોને બેસાડી વનમાં છૂટો મૂકયો. આ હાથીને ઉદાયન પકડવા ગયો, પરન્તુ તે પોતે જ પકડાઈ ગયો અને ચંડ પ્રદ્યોતનો કેદી બન્યો. ચંડપ્રદ્યોતને વાસવદત્તા નામે એક અવિવાહિત પુત્રી હતી, તેને ગાંધર્વાદિ કળા શીખવવા માટે ઉદાયનને રાખ્યો. ઉદાયને વાસવદત્તાને સર્વ પ્રકારની વિદ્યા શીખવી, આથી તે બંનેને પરસ્પર પ્રેમ બંધાયો. સારો યોગ મળતાં ઉદાયન અને વાસવદત્તા બંને આ ઉડ્ડયન વિદ્યાથી નાસી ગયા. ચંડપ્રદ્યોતે તેમને પકડવા ઘણી કોશીશ કરી, પણ ફાવ્યો નહિ, તેથી પ્રધાનોના સમજાવવાથી ચંડ-પ્રદ્યોતે સ્વહસ્તે પોતાની પુત્રી વાસવદત્તા, ઉદાયનને પરણાવી અને પોતાના જમાઈ તરીકે તેને કબુલ રાખ્યો.

## ૪૫ ઉંબરદત

પાડલીસંડનગર, સિદ્ધાર્થરાજા, સાગરદત્ત શાહુકાર, ગંગદત્તા નામે તેની સ્ત્રી, તેને એક પુત્ર, નામ ઉંબરદત્ત.

પ્રભુ મહાવીર તે નગરમાં પધાર્યા. શ્રી ગૌતમ ભિક્ષાર્થે નીકળ્યા. તેમણે એક મહા રોગીષ્ટ પુરૂષ જોયો. જેને ખુજલી, કોઢ,

જલંદર, ભગંદર, આદિ ઘણા રોગો હતા. હાથપગ સુજેલાં, આંગળીયો સડેલી, નાક કાનમાંથી નીકળતી રસી, મ્હોઢાં પર ગુમડાં, તેમાંથી નીકળતું લોહી, ઉલ્ટીમાંથી નિકળતું લોહી, બણબણતી માંખીયો, ફાટેલાં કપડાં, ખાવા માટે ફુટેલું ઠીબરૂં, પાણી માટે ફુટેલો ઘડો હાથમાં રાખી ઘરઘર ભટકતો આવો એક ભિખારી શ્રી ગૌતમે જોવાથી 'કર્મની વિચિત્રતા' પર વિચાર કરતા, તેઓ પ્રભુ મહાવીર પાસે પહોંચ્યા અને તેની હકીકત પૂછી. પ્રભુએ તેનો પૂર્વ પરિચય આપતાં કહ્યું:—

વિજયપુર નામનું નગર હતું. કનકરથ નામે રાજા હતો. ત્યાં ધન્વંતરી નામનો વૈદ્ય હતો. તે વૈદિકકળામાં પ્રવીણ હતો અને આખા ગામની દવા કરતો હતો. દરદીઓમાંના કોઈને તે મચ્છીનું માંસ ખાવાનું કહેતો, કોઇને કાચબાનું માંસ ખાવાનું કહેતો, કોઇને બકરીનું, કોઇને રોઝનું, કોઇને મૃગનું, કોઇને ગાયનું તો કોઇને કબુતરનું. એમ જુદા જુદા પ્રાણીઓનું માંસ ખાવાનું સૂચવતો અને તે પોતે પણ મચ્છીનું માંસ રોજ ખાતો હતો. વળી દારૂ પણ પીતો હતો. આવી રીતે માંસ દારૂમાં ચકચૂર બની બીજાને માંસ ખાવાનો ઉપદેશ આપી મહા પાપકર્મ સેવી ૩૨૦૦ વર્ષ જીવીને તે મરણ પામ્યો અને છઠી નરકે ગયો.

ત્યાંથી નીકળીને તે ધન્વંતરી, સાગરદત્ત શાહુકારને ત્યાં ગંગદત્તા સ્ત્રીની કુક્ષિમાં આવ્યો. ગર્ભમાં ગંગદત્તાને યક્ષની પુજા કરી દારૂ માંસ ખાવાનો દોહદ થયો. સાગરદત્તે તે દોહદ પુરો કરાવ્યો. યક્ષના પ્રભાવે પુત્ર મળ્યો એમ માની તેનું નામ ઉંબરદત્ત રાખ્યું. બાલ્યાવસ્થા વીતાવી ઉંબરદત્ત યુવાન થયો. તેના માતાપીતા મરણ પામ્યા. રાજાએ તેના ઘરમાંથી ઉંબરદત્તને હાંકી કાઢ્યો અને ઉંબરદત્તને થોડા વખત બાદ પાપકર્મના ઉદયથી ઉપર પ્રમાણે મહાન

રોગો ઉત્પન્ન થયાં. તે મહા વેદનાના દુઃખથી મરણ પામીને બોતેર વરસનું આયુષ્ય ભોગવી પહેલી નરકમાં જશે. ઉપરનું કથન સાંભળી શ્રી ગૌતમે તેનો પશ્ચાતભવ જાણવા ઈચ્છા બતાવી. પ્રભુએ ઉત્તર આપ્યો. ઉંબરદત્ત પહેલી નરકમાંથી નીકળી અનંત સંસાર ભટકશે અને કર્મક્ષય થતાં મોક્ષગતિને પામશે. (દુઃખવિપાક)

## ૪૬ ઋષભદત્ત બ્રાહ્મણ

મગધ દેશના બ્રાહ્મણકુંડ નામક ગ્રામમાં ઋષભદેવ નામક બ્રાહ્મણ હતો. તેને દેવાનંદા નામે સ્ત્રી હતી. તેની કુક્ષિમાં ભગવાન મહાવીર દેવ ઉત્પન્ન થયા. હરિણગમેષિ દેવે વર્તમાન ચોવિસીના અંતિમ તીર્થંકરને ભિક્ષુક કુળમાં ઉત્પન્ન થયેલા જાણી, પ્રભુના ગર્ભનું સાહરણ કર્યું. ૮૨ દિવસ સુધી દેવાનંદાના ગર્ભસ્થાનમાં રહેલા મહાવીરના જીવને તે દેવે ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાની ત્રિશલા રાણીની કુક્ષિમાં મૂકયો, અને ત્રિશલાના ગર્ભને દેવાનંદાની કુક્ષિમાં મૂક્યો. આ સાહરણમાં પૂર્વ ઋણાનુબંધનો પણ યોગ હતો એમ ગ્રંથકારે ઉદાહરણ સહિત વર્ણવેલું છે.

કેટલાક વર્ષો પછી ભગવાન મહાવીરે જ્યારે દીક્ષા લીધી, અને તેઓ દેશના દેતા થકા ગ્રામાનુગ્રામ વિહરતા હતા, તે સમયે ઋષભદેવ અને દેવાનંદા ભગવાનના દર્શને ગયા. ત્યાં મહાવીરને દેખી દેવાનંદાનાં ગાત્રો પુત્રપ્રેમથી વિકસિત થઈ આવ્યાં. આ વખતે પ્રભુએ જ્ઞાનબળે પોતાના તેઓની સાથેના માતાપિતા તરીકેના પૂર્વ સંબંધનું વર્ણન કર્યું. આ સાંભળી બંનેને અત્યંત આનન્દ થયો. પ્રભુનો ઉપદેશ સાંભળી ઋષભદેવે દેવાનંદાની સાથે દીક્ષા ગ્રહણ કરી અને કૈવલ્યજ્ઞાન પામી તે મોક્ષમાં ગયા.

## ૪૭ ઋષભદેવ

અયોધ્યા નગરીમાં નાભિરાજાની મરૂદેવી નામક રાણીની કુક્ષીથી ભગવાન ઋષભદેવનો ચૈત્ર વદિ આઠમે જન્મ થયો. નાભિ રાજા ૭ મા કુલકર હતા. તે વખતે યુગલીયા યુગ પ્રવર્તતો હતો, અને સ્ત્રીઓ એક જોડકાં (પુત્ર–પુત્રી) નો પ્રસવ કરતી; જેઓ આગળ જતાં પરસ્પર લગ્ન કરતાં. ઋષભદેવની સાથે સુમંગળા નામક પુત્રીનો જન્મ થયો હતો. એજ અરસામાં એક બીજું યુગલ જન્મ્યું હતું, તેમાંથી નરનું મૃત્યુ થતાં 'સુનંદા' નામની બાળિકા બચેલી. ભ. ઋષભદેવે યુવાવસ્થામાં પ્રવેશતા, સુમંગળા અને સુનંદા સાથે લગ્ન કર્યું. સુમંગળાથી તેમને 'ભરત અને બ્રાહ્મી' જોડલે અવતર્યાં અને સુનંદાથી 'બાહુબળ અને સુંદરી' અવતર્યાં. આ ઉપરાંત સુમંગળાને બીજાં ૪૯ જોડલાં એટલે ૯૮ પુત્ર થયા. તે વખતે કલ્પવૃક્ષનો પ્રવાહ ઓછો થવા લાગ્યો અને યુગલીઆઓ માંહોમાંહે લડવા લાગ્યા. આથી સઘળાઓએ મળીને નાભિ રાજાની આજ્ઞાથી ઋષભદેવને પોતાના રાજા તરીકે સ્થાપ્યા. દેવોએ સિંહાસન રચી પ્રભુનો રાજ્યાભિષેક કર્યો. કુબેરે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી એવી વિનીતા નગરી બનાવી અને તેનું અયોધ્યા એવું નામ આપ્યું. ઋષભદેવ રાજાપણે ત્યાં રહેવા લાગ્યા. રાજ્યની રક્ષા અર્થે મંત્રીઓ, રક્ષકો વગેરે નીમ્યા અને નીતિ નિયમો ઘડયા. આ વખતે કલ્પવૃક્ષોનો નાશ થવાથી લોકો કંદમૂળ, ફૂલફળાદિ અને કાચું ધાન્ય ખાતા. કાચા ધાન્યથી લોકોને અજીર્ણ થતાં પ્રભુએ તે રાંધીને ખાવાનો વિધિ બતાવ્યો, આથી લોકો પ્રસન્ન થયા. એ રીતે પ્રભુએ અસિ, મસી અને કૃષિ એ ત્રિવિદ્યાનો પ્રચાર કર્યો. સ્ત્રીઓને ૬૪ અને પુરૂષોને ૭૨ કળાઓ શીખવી. બ્રાહ્મીને જમણા હાથ વડે અઢાર લીપીઓ બતાવી અને સુંદરીને ડાબા હાથથી ગણિત બતાવ્યું. એ રીતે જગત પર ઉપકાર કરી શ્રી ઋષભદેવે ત્રેસઠ લાખ પૂર્વ સુધી રાજ્ય કર્યું.

એકવાર શ્રી ઋષભદેવ ઉદ્યાનમાં આવ્યા, ત્યાં વસંતઋતુમાં વિકસેલાં પુષ્પો ચુંટીને આભરણ બનાવતાં લોકોને જોઈ, વિચારમગ્ન થતાં તેમને પૂર્વ સ્મરણ થતાંની સાથે અવધિજ્ઞાન થયું, અને તેમાં તેમણે પૂર્વભવે અનુત્તર વિમાનમાં ભોગવેલું સુખ જોયું. તેમને સંસાર પર તિરસ્કાર આવ્યો અને ત્યાગના અભિલાષે મહેલમાં આવી વરસીદાન આપવું શરૂ કર્યું. સમય થતાં પોતાના પુત્ર ભરતને રાજ્યાસને સ્થાપી તેઓ ચૈત્ર વદિ ૮ મે દીક્ષિત બન્યા. સાધુને કેવો આહાર ખપે એનું જ્ઞાન લોકોને ન હોવાથી ઋષભદેવને બાર માસ સુધી ભિક્ષા મળી નહિ. પ્રભુની સાથે કચ્છ, મહાકચ્છ આદિ ચાર હજાર રાજાઓએ દીક્ષા લીધી હતી, તેઓ આ પરિસહ સહન ન કરી શકવાથી છુટા પડી વનમાં ચાલ્યા ગયા અને કંદમૂળ ફૂલ–ફળાદિનો આહાર કરવા લાગ્યા. એક વર્ષને અંતે હસ્તિનાપુરમાં બાહુબળના પુત્ર સોમપ્રભ રાજાના પુત્ર શ્રેયાંસકુમારે વૈશાક શુદિ ૩ ના રોજ શેરડીના રસના ૧૦૮ ઘડાઓની ભિક્ષા આપી, પ્રભુને પારણું કરાવ્યું.

દીક્ષા લીધા પછી એક હજાર વર્ષે પુરિમતાલ નગરમાં ફાગણ વદિ ૧૧ ના રોજ પ્રભુને કૈવલ્યજ્ઞાન થયું.

તેમના સંઘ પરિવારમાં પુંડરિક વગેરે ૮૪ ગણધરો, ૮૪૦૦૦ સાધુઓ, બ્રાહ્મી આદિ ૩ લાખ સાધ્વીઓ, ભરતાદિ ૩ લાખ ૫૦ હજાર શ્રાવકો અને સુંદરી આદિ ૫ લાખ ૫૪ હજાર શ્રાવિકાઓ હતા.

શ્રી ઋષભદેવે એક લાખ પૂર્વ સુધી દીક્ષા પાળી, ૮૩ લાખ પૂર્વ સંસારમાં રહ્યા, ૬ દિવસનું અનશન કર્યું અને મહા વદિ ૧૩ ના દિવસે મોક્ષ પધાર્યા, તેજ વખતે બીજા ૧૦ હજાર મુનિ મોક્ષે ગયા.

## ૪૮ ઋષિદાસ

રાજગૃહિ નગરીની ભદ્રા નામક એક સાર્થવાહિનીના તે પુત્ર હતા; ૩૨ સ્ત્રીઓ પરણ્યા હતા. એકવાર તેઓ ભગવાન મહાવીરની દેશના સાંભળવા ગયા, ત્યાં તેમને વૈરાગ્ય થયો, અને માતા પિતા સ્ત્રી આદિકની રજા લઈ દીક્ષિત થયા. તેમનો દીક્ષા ઉત્સવ શ્રેણિક મહારાજાએ કર્યો. ઘણા વર્ષ સુધી તેમણે ચારિત્ર પાળ્યું, દુષ્કર તપ કર્યો, અને અંતિમ સમયે એક માસનું અનશન કરી તેઓ મૃત્યુ પામી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષમાં જશે.

## ૪૯ અંજુ

ઇંદ્રપુર નામનું નગર, ઇંદ્રદત્ત રાજા, ત્યાં પુઢવીશ્રી નામની એક વેશ્યા રહેતી હતી. તેણે ચૂર્ણાદિના પ્રયોગથી રાજા, પ્રધાન, શેઠ સેનાપતિ, પુરોહિત આદિ ઘણાને વશ કર્યાં હતા. અને તે મનુષ્ય સંબંધીના ભોગ ભોગવતી હતી. પાંત્રીસસો વર્ષ સુધી આ જાર કર્મ સેવીને તે મરણ પામી. અને મરીને તે છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી નીકળી વર્ધમાનપુર નગરમાં ધનદેવ નામના શાહુકારને ત્યાં પુત્રીપણે અવતરી. નામ અંજુ. રૂપમાં તે અધિકાધિક સુંદર હતી. એકવાર રાજાએ ત્હેને જોઈ, માણસો દ્વારા માગું કર્યું. શેઠ કબુલ થયો, વિવાહ થયા અને સુખ ભોગવવા લાગ્યા. એકવાર અંજુને ગુહ્યસ્થાનમાં શૂળ રોગ પેદા થયો. ઘણી ઘણી દવાઓ કરી, પરંતુ આરામ થયો નહિ. અંજુ મહા વેદના પામતી, આક્રંદ કરતી, વિલાપ કરતી, દુઃખથી ક્ષીણ થતી જતી હતી. પૂર્વકર્મના ઉદયથી મહાકષ્ટ પામી નેવું વર્ષનું આયુષ્ય ભોગવી તે મરણ પામી અને પહેલી નરકમાં ગઈ. ત્યાંથી નીકળી અનંત સંસારના ફેરા કરતી મનુષ્ય જન્મ પામીને મહાવિદેહમાં તે સિદ્ધ થશે.

# ૫૦ અંજના

પૂર્વે મહેન્દ્રપુર નામનું નગર હતું. ત્યાં મહેન્દ્ર નામે રાજા રાજ્ય કરતો. તેને સો પુત્ર અને ૧ પુત્રી હતી, તેનું નામ અંજના. તે ૩૫ ગુણમાં સર્વોત્તમ હતી. યૌવનાવસ્થા પામતાં, રાજાને તેણીના લગ્ન માટે ચિંતા થઈ. એકવાર કચેરીમાં તે પ્રસંગ ઉપસ્થિત થતાં પ્રધાને કહ્યુંઃ મહારાજા, અંજના કુમારીને માટે પતિની શોધ કરાવતાં બે જ ઉત્તમો કુમારો જોવામાં આવ્યા છે. તેમાંના એક તો હિરણ્યાભ રાજાના પુત્ર વિદ્યુત્પ્રભ અને બીજા પ્રલ્હાદ રાજાના પુત્ર પવનજય. પરન્તુ વિદ્યુત્પ્રભ સંબંધી સંભળાય છે કે તે ૧૮ વર્ષની ઉંમરે તપ કરવા જંગલમાં ચાલ્યા જશે અને ૨૬ મા વર્ષે મોક્ષ જશે, જ્યારે પવનજય દીર્ઘાયુષી છે. આ સાંભળી રાજાએ દીર્ઘાયુષી પવનજયને પોતાની કન્યા આપવાનો નિરધાર કર્યો. એજ અરસામાં પવનજયના પિતા રત્નપુરીથી ફરતા ફરતા મહેન્દ્રપુરમાં આવી ચડવાથી મહેન્દ્ર રાજાએ તેનો સત્કાર કરી અંજનાના વિવાહની વાત કરી. પ્રલ્હાદ રાજાએ આ કહેણ સ્વીકાર્યું અને લગ્નનો દિવસ નક્કી કરી ત્યાંથી વિદાય થયા.

નિશ્ચિત સમયે પ્રલ્હાદ રાજા ચતુરંગી સેના સાથે પવનજયને પરણાવવા વાજતે ગાજતે મહેન્દ્રપુરમાં આવ્યા અને શહેર બહાર સરોવર પર તંબુ નાખીને મુકામ કર્યો.

લગ્નને ત્રણ દિવસની વાર હતી. એક રાત્રે સુતા સુતા પવનજયને પોતાની ભાવિ પત્નીને જોવાનો વિચાર થયો. આ વાત તેણે પોતાના મિત્ર પ્રહસિતને કરી. બંને જણા તેજ વખતે છાવણીમાંથી ગુપચુપ નીકળી અંજનાના મહેલે આવ્યા, તે વખતે સખીઓથી પરિવર્તેલી અંજના સખીઓ સાથે વાર્તાવિનોદ કરી રહી હતી. ભાવિ પતિઓની વાત નીકળતા એક સખીએ અંજનાને પવનજય જેવા પતિ મળ્યા બદલ પ્રશંસા કરીને, વિદ્યુત્પ્રભની કેમ પસંદગી ન થઈ, તેનું વર્ણન કર્યું. આ સાંભળી ધર્મનિષ્ઠ અંજનાએ વિદ્યુ-

ઋષભના ૧૮ મા વર્ષનું ચારિત્ર અને ૨૬ મા વર્ષે મોક્ષગમનથી આશ્ચર્ય પામી તેને ધન્યવાદ આપ્યો. આ વાતચિત પવનજયે ગુપ્ત રીતે સાંભળી, પોતાની પત્નિને પોતાના બદલે બીજાની પ્રશંસા કરતી સાંભળી, તેને અંજના પર તિરસ્કાર થયો, અને લગ્ન કર્યા બાદ તેના સહવાસથી અલગ રહેવાનો પવનજયે નિશ્ચય કર્યો.

નિયત સમયે બંનેના લગ્ન થઈ ગયા. નવદંપતી અને પ્રલ્હાદ રાજા ચતુરંગી સેના સાથે રત્નપુરીમાં પાછા ફર્યા. લગ્નસુખનો લ્હાવો લેવા ઇચ્છતી અંજના તે રાત્રિયે પતિ આગમનની રાહ જોતી બેઠી, પરન્તુ પવનજયે તેણીના મહેલમાં પ્રવેશ કર્યો નહિ. આમ એક બે ત્રણ ચાર એમ દિવસો વિતતા ગયા, પણ પવનજયે અંજનાના મહેલમાં દિવસે કે રાત્રિયે પગ સરખોયે ન મૂક્યો. અંજના ચિંતા-મગ્ન હતી. તેણી પવનજયના રોષનું કારણ જાણતી ન હતી.

એકવાર અંજનાના પિતાએ વસ્ત્ર, ઘરેણાં, મેવો મિઠાઈ આદિ વસ્તુઓ મોકલી. અંજનાએ તે વસ્તુઓ દાસી દ્વારા પવનજયને મોકલાવી; પરન્તુ પવનજયે તે જ ક્ષણે મેવો–મિઠાઈ ગાનાર ગવૈયાને આપી દીધી, ઘરેણાં ચંડાળને આપ્યાં અને વસ્ત્રના ચૂરેચૂરા કરી નાખ્યા. આ જોઈ દાસી અંજના પાસે આવી અને બધી વાત વિદિત કરી. અંજનાના શોકનો પાર ન રહ્યો. પોતે પોતાના ભાગ્યને દોષ દેવા લાગી અને પતિદેવનું હંમેશ શુભ ચિંત્વન કરતી ધર્મધ્યાનમાં વખત વ્યતિત કરવા લાગી.

પતિ વિયોગમાં આ રીતે બાર વર્ષના વહાણા વાઈ ગયા. એકવાર લંકાના રાજા રાવણનો દૂત રત્નપુરીની રાજસભામાં આવ્યો અને પ્રલ્હાદ રાજાને કહ્યું, કે દુષ્ટ બુદ્ધિ વરુણ અમારા રાજાને તાબે ન થતાં, યુદ્ધ કરવા માગે છે, તો આપ લશ્કર લઈ વેળાસર મદદે પધારો. પ્રલ્હાદ રાજાએ કબુલ કર્યું અને લશ્કર એકઠું કરવા માંડયું.

આ વાતની પવનજયને ખબર પડતાં પોતે યુદ્ધમાં જવા તૈયાર થયો. પ્રલ્હાદે તેને યુદ્ધમાં ન જવા સમજાવ્યો, પરન્તુ પવનજયે તે ન માનતા, અતિ આગ્રહે યુદ્ધમાં જવાની અનુમતિ મેળવી. આ વાતની આખા ગામમાં ખબર પડી. પવનજયે લશ્કરી પોશાક પહેરી માતા પિતા વગેરેની રજા લીધી, પણ તે અંજનાના દ્વારે આવ્યો નહિ. અંજનાને આથી ઘણું દુઃખ થયું. યુદ્ધ વિજયનો પતિને આશીર્વાદ આપવાનો નિરધાર કરી, શુકન આપવા માટે અંજના, એક સુવર્ણના કચોળામાં દહીં ભરીને રાજ્યદ્વાર પાસે આવી, પવનજયના માર્ગની પ્રતિક્ષા કરવા લાગી. બહાર નીકળતા પવનજયની તેના પર દૃષ્ટિ પડી, કે તરત જ તેનો મિજાજ કાબુમાં ન રહ્યો. તેણે વિચાર્યું કે હજુએ અંજના મારો કેડો મૂકતી નથી, અને આવા યુદ્ધગમન વખતે પણ તે મને અપશુકન આપવા આવી છે! એમ વિચારતા જ, તેણે અંજના પર પગપ્રહાર કર્યો, અને ત્યાંથી ચાલ્યો ગયો. અંજના આંસુ સારતી મહેલમાં પાછી ફરી અને પોતાના કર્મને દોષ દેતી પતિનું કુશળ ઇચ્છવા લાગી.

પવનજયે રસ્તે ચાલતા રાત્રિ થવાથી જંગલમાં એક સ્થળે પડાવ નાખ્યો. ચંદ્રિકા પ્રકાશી રહી હતી, તેવામાં નજીકના એક સરોવરમાં પવનજયે ચક્રવાક પક્ષીનું એક યુગલ ચાંચમાં ચાંચ મીલાવીને પ્રેમક્રીડા કરતું જોયું. તેવામાં ચક્રવાક પક્ષી રાત્રિ થઈ જવાની ખબર પડતાં જ ચક્રવાકીથી છૂટું પડી ઉડી ગયું. સ્નેહ-વિયોગી ચક્રવાકી વિરહ વ્યથાએ ઝૂરવા લાગી. આ દૃશ્ય જોતાં જ તેને વિચાર થયો કે અહો, એક પક્ષીની જાત પણ પોતાના પ્રેમ-પાત્રના વિયોગે કેટલી ઝૂરણા કરે છે, જ્યારે મેં બારબાર વર્ષથી મ્હારી પ્રિયતમાને ત્યજી છે, ત્યારે તેણીને કેટલી વેદના થતી હશે! આ વાત તેણે પોતાના મિત્રને કહી. મિત્રે અંજનાના શુભ શુકનની, તેની પવિત્રતાની, અને તેની પતિ પ્રત્યેની કલ્યાણ ભાવનાની વાત કરી. આથી પવનજયને અંજનાને મળવાનો વિચાર થયો.

તેજ વખતે બંને મિત્રો ઘોડેસ્વાર થઈ છાવણીમાંથી બહાર નીકળ્યા, અને પૂરવેગે અંજનાના મહેલે આવી પહોંચ્યા. અંજનાના આશ્ચર્યનો પાર ન રહ્યો. ઉભય દંપતી મળ્યા. અંજનાએ પવનજયને પુનરાગમનનું કારણ પૂછ્યું. પવનજયે બધી વિતક કહી સંભળાવી. અંજનાનો ભાગ્યભાનુ પ્રકાશ્યો, કેટલોક વખત બંનેએ પ્રેમાનુભવમાં ગાળી વહેલી સવાર થતાં પવનજય છાવણીમાં જઈ પહોંચ્યો. તે વખતે પ્રેમની નિશાની રૂપ તેણે અંજનાને પોતાની વીંટી આપી.

૭–૭ મહિના યુદ્ધમાં વીતી ગયા છે, પવનજય હજુ પાછો ફર્યો નથી. જ્યારે બીજી તરફ અંજનાને પતિ સમાગમના દિવસથી જ ગર્ભ રહ્યો છે. એકવાર તેની સાસુ કેતુમતી અંજનાની સ્થિતિ નિહાળવા તેણીના મહેલમાં આવી ચડી, તે વખતે અંજનાનું પ્રફુલ્લિત થયેલું વદન કમળ અને ઉદર ભાગ જોઈ સાસુના ક્રોધનો પાર ન રહ્યો. તેણે અંજનાને વ્યભિચારિણી હોવાનો ઉપાલંભ આપી ઘણા કટુ શબ્દો કહ્યા. અંજનાએ વિનમ્ર ભાવે પતિ આગમનની વાત કરીને વીંટી બતાવી, પરન્તુ કેતુમતીએ આ વાત ન માનતાં અંજણા પર કુલટાપણાનો આરોપ મૂક્યો. તેણે આ વાત પ્રલ્હાદ રાજાને કહી, અંજનાને પરદેશ મોકલી દેવાનો આદેશ કર્યો. આંખમાં અશ્રુ સાથે અંજનાએ પવનજય આવતા સુધી પોતાને રાજ્યમાં રાખવાની વિનતિ કરી, પણ તે વ્યર્થ ગઈ.

કેતુમતીના હુકમનો અમલ થયો. અંજનાને કાળાં વસ્ત્રો પહેરાવી, કાળા રથમાં બેસાડી તેના પિયરના રસ્તે મોકલી દેવામાં આવી. જંગલની મધ્યમાં આવતા સારથીએ રથ ઉભો રાખ્યો અને રાજાના હુકમ અનુસાર અંજનાને જંગલમાં ઉતરી જવાનું કહ્યું; અને સાથે સાથે તેના પિયર મહેન્દ્રગઢનો રસ્તો બતાવ્યો. ભાગ્યને દોષ દેતી હિંમત ધરતી અંજના એકલી, અટુલી વનની મધ્યમાં ઉતરી પડી. સારથી રથ લઈ પાછો ફર્યો.

અહિં અંજનાને એક મુનિનાં દર્શન થયાં. તે આનંદ પામી. મુનિ તેનો ભાગ્ય રવિ થોડા વખતમાં પ્રકાશશે એમ કહી હિંમત આપી વિદાય થયા. સાથે વસંતતિલકા દાસી હતી, તેણે પિયરમાં જવાનું અંજનાને કહ્યું, પણ એવી કલંકિત દશામાં પિયરનો આશ્રય લેવાનું અંજનાને યોગ્ય ન લાગ્યું. પણ વસંતતિલકાના આગ્રહથી તેઓ કષ્ટ સહન કરતાં કરતાં મહેન્દ્રગઢમાં આવ્યા અને દ્વાર રક્ષક મારફત પોતાના આગમનના સમાચાર કહેવડાવ્યા. કાળાં વસ્ત્ર પરિધાન કરીને આવેલી અંજનાના સમાચાર સાંભળી મહેન્દ્ર રાજાને અંજના વ્યભિચારિણી હોવાની શંકા આવી. તે સાથે રાણીએ પણ અંજનાના દુર્ભાગ્યે સાક્ષી પૂરી કે એમજ હશે, નહિ તો આજે બારબાર વર્ષથી પવનજય તેનો ત્યાગ શા માટે કરે ? પિતા અને માતાએ એકની એક પુત્રી અંજનાને આશ્રય ન આપ્યો. તેમણે કહાવ્યું કે 'એવી કલંકિત પુત્રીનું મ્હારે કામ નથી.' અંજના ખેદ પામી ત્યાંથી ભાઈ ભોજાઈઓને દ્વારે ગઈ, ત્યાં પણ તેણીને કોઈએ સંઘરી નહિ, અંતે તે દાસી સાથે ભાગ્યને દોષ દેતી પુનઃ જંગલમાં આવી, અને એક ગુફાનો આશ્રય લઈ ધર્મ ધ્યાનમાં સમય વીતાવવા લાગી. અંજનાએ અહિં એક તેજસ્વી પુત્ર રત્નનો જન્મ આપ્યો. થોડાક વખત બાદ પ્રતિસૂર્ય નામનો હનુરૂહ નગરનો રાજા, જે અંજનાનો મામો થતો હતો, તે ફરતો ફરતો અહિં આવી ચડયો. તેણે અંજનાને ઓળખી, અને પોતાને ત્યાં લઈ ગયો. કુમાર હનુરૂહમાં ઉછર્યો એટલે તેનું હનુમાન એવું નામ પાડયું.

બરાબર બાર માસ યુદ્ધ ચાલ્યું તેમાં પવનજયે વરૂણને પરાજય આપ્યો. ઘેર આવી અંજનાને ન દેખતાં તેણે માતાપિતાને પૂછયું. અંજનાના દુઃખદ સમાચાર મળતાં તેના શોકનો પાર ન રહ્યો. પોતાના પૂર્વાગમનની વાત કહી, માતા પિતાને ઠપકો આપ્યો અને અંજના ન મળે ત્યાં સુધી તેણે ખાવા પીવાની પ્રતિજ્ઞા કરી. ચારે

તરફ અંજનાની તપાસાર્થે માણસો મોકલી દીધા. આખરે હનુરૂહ નગરમાંથી પત્તો મળ્યો. વાજતે ગાજતે અંજનાને રત્નપુરીમાં લાવવામાં આવી. સાસુ સસરાએ અંજનાની માફી માગી, પરન્તુ પોતાના કર્મને જ દોષ આપી અંજનાએ પોતાનો વિવેક દર્શાવ્યો. કેટલાક સમય પછી પ્રલ્હાદના મૃત્યુ પછી, પવનજય રાજા થયા, અને બંનેએ અતૂલ રાજ્ય સુખ ભોગવ્યું, પણ છેવટે તેમાં ન લોભાતા બંનેએ દીક્ષા ગ્રહણ કરી અને દેવલોકમાં ગયા.

નોટ—અંજનાએ તેર વર્ષ સુધી પતિ વિયોગ સહન કરી દુઃખ ભોગવ્યું તે સંબંધી ગ્રંથકાર વર્ણન કરતાં કહે છે, કે પૂર્વ ભવે એ અંજનાને જૈન ધર્મ પર દ્વેષ હતો. તેથી તેણે એકવાર એક જૈન મુનીનો ઓઘો ચોરી લીધો; જેથી મુનિ આહાર પાણી માટે કયાંઈ જઈ શક્યા નહિ. આ ઓઘો તેણીએ તેર ઘડી સુધી પોતાની પાસે રાખી મૂક્યો, તેના ફલ સ્વરુપ તેણીને તેર વર્ષનું વિયોગ દુઃખ અનુભવવું પડયું.

## ૫૧ અંધક વિષ્ણુ

એ યદુકુળના શૌર્ય રાજાના પુત્ર હતા. શૌર્યપુર નગર તેમની રાજધાની હતી. તેમને સુભદ્રા રાણીથી સમુદ્રવિજય, અક્ષોભ, વસુદેવ આદિ દશ પુત્રો થયા. તે દશ દશાર્હ કહેવાયા. તેમણે સમુદ્ર વિજયને રાજ્ય સોંપી સુપ્રતિષ્ઠ નામના મુનિ પાસે દીક્ષા લીધી અને મોક્ષમાં ગયા.

## ૫૨ અંબડ પરિવ્રાજક

અંબડ નામનો એક ત્રિદંડી તાપસ હતો. જેનાં વસ્ત્ર લાલ હતા, તથા જેના હાથમાં કમંડલ રહી ગયું હતું, અને જેણે તપોબળથી અનેક વિદ્યા તથા લબ્ધિઓ મેળવી હતી, તે અંબડ પરિ-

વ્રાજક એક વાર પ્રભુ મહાવીરની દેશનામાં ગયો. દેશના સાંભળ્યા પછી તેણે ભગવાનને કહ્યું:–મહાત્મન્, હું સર્વ સ્થળે ફરૂં છું. અને હવે અહિંથી રાજગૃહ નગરમાં જવા ઈચ્છું છું, માટે આપને જો કાંઈ કાર્ય હોય તો આદેશ કરો. જવાબમાં પ્રભુએ કહ્યું કે રાજગૃહ નગરમાં નાગ રથિકની સ્ત્રી સુલસા નામની શ્રાવિકા છે. તેને મ્હારા ધર્મ લાભ કહેજો. “ બહુ સારૂં ” એમ કહીને તે અંબડ પ્રભુને વંદન કરીને ચાલી નીકળ્યો અને રાજગૃહમાં આવ્યો. ત્યાં આવી તેણે વિચાર્યું કે જેણીના સદ્ગુણથી રંજિત થઈને ભગવાન પણ ધર્મ લાભ કહેવડાવે છે તે સ્ત્રી કેવી હશે ? માટે મારે તેણીની પરીક્ષા કરવી જોઈએ. એમ વિચારી તે અંબડે પ્રથમ સત્પાત્ર યતિનું રુપ લઈને સુલસા પાસે સચિત્ત વસ્તુ આદિની યાચના કરી, પણ તેમાં તે ચલિત ન થઈ. પછી અંબડે બ્રહ્માનું રૂપ ધારણ કર્યું અને સુલસાના દ્વારે આવી કહ્યું કે હું બ્રહ્મા છું. ’ ઘરના બીજા માણસો તેને વંદન કરવા લાગ્યા, પણ સુલસાએ તેને નમસ્કાર ન કર્યો. વળી બીજે દિવસે તેણે વિષ્ણુનું અને ત્રીજે દિવસે શિવનું રૂપ ધારણ કરી દર્શનાર્થે આવવા સુલસાને કહેવડાવ્યું, પરન્તુ જિનેશ્વરમાં શ્રદ્ધા ધરાવતી સુલસા મિથ્યા વંદનાર્થે ન ગઈ. ત્યારે ચોથે દિવસે તે અંબડે સાક્ષાત જિનેશ્વર ભગવાનનું રૂપ ધરીને રત્નસિંહાસન બનાવ્યું અને પોતે પચીસમો તીર્થંકર છે એમ લોકોને કહીને અંબડે દશનાર્થે આવવા કહેવડાવ્યું, છતાં પણ સુલસા તેના દર્શને ન ગઈ. આથી અંબડને ખાત્રી થઈ કે ખરેખર પ્રભુ મહાવીરે સભામાં સુલસાની જે પ્રશંસા કરી હતી, તે બરોબર છે. આથી અંબડ શ્રાવકનો વેષ લઈ સુલસાને ઘેર ગયો. પોતાનો ધર્મ બન્ધુ આવેલો જાણીને સુલસાએ તેનો સત્કાર કર્યો. આ પછી અંબડે કહ્યું:—બહેન, ભગવાન મહાવીરે તમને ધર્મલાભ કહ્યો છે. આ સાંભળતાં જ સુલસા અત્યંત આનંદ પામી, અને કહ્યું:–પ્રભુ સુખશાતામાં છે ? અંબડે કહ્યું: હા, હું તેમનો ધર્મોપદેશ સાંભળીને

આવ્યો છું, આ સાંભળી સુલસાએ પ્રભુને ભાવયુક્ત વંદન કર્યું. અંબડે બ્રહ્મા, વિષ્ણુ, શિવ વગેરેને વંદન નહિ કરવાનું કારણ પૂછયું. સુલસાએ અતીર્થને નહિં પૂજવાનો પોતાનો નિર્ણય વિદિત કર્યો. સુલસાના જ્ઞાન અને દર્શનથી પ્રસન્ન થઈ અંબડે વિદાય લીધી.

## ૫૩ અંબડ સંન્યાસી.

અંબડ નામનો એક સન્યાસી હતો. તે છઠ્ઠ છઠ્ઠના પારણા ઉપરાંત ઘણી તપશ્ચર્યા કરતો. સન્યાસીપણામાં પણ તે શ્રાવકના બાર વ્રતનું સુંદર રીતે પાલન કરતો. પોતાના તપ બળે તેને જીવની શક્તિરૂપ વૈક્રેયી લબ્ધિ, અને અવધિજ્ઞાન લબ્ધિ ઉત્પન્ન થઈ હતી. તે સો ઘરનો આહાર પચાવી શકતો તેમજ સર્વથા બ્રહ્મચર્ય પણ પાળતો. આવા દુષ્કર ચારિત્રથી આકર્ષાઈ ત્હેને ૭૦૦ શિષ્ય સન્યાસીઓ થયા હતા. એકવાર તે અંબડ પોતાના ૭૦૦ શિષ્યો સાથે ગંગાનદીના કાંઠાપરના કંપિલપુર નગરથી પુરિમતાલ નગરે જવા નીકળ્યો. તે વખતે ગ્રીષ્મઋતુનો સમય હતો. સખ્ત તાપ પડતો હતો. ચાલતા ચાલતા સઘળા મહાન અટવીમાં જઈ ચડયા. થોડીક અટવી ઓળંગી હશે, તેવામાં તેમની પાસેનું બધું પાણી ખલાસ થઈ ગયું અને તૃષાથી તેમનો કંઠ સૂકાવા લાગ્યો. તાપસ ધર્મ એવો હતો કે તેઓ સચિત્ત પાણી વાપરી શકતા, પણ કોઈની રજા વગર તે લઈ શકતા નહિ. નદીમાંથી પાણી લેવાની આજ્ઞા માટે તેઓ રસ્તામાં કોઈ આવતા જતા માણસની પ્રતિક્ષા કરવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે અહિં જો કોઈ માણસ આવી ચડે અને નદીમાંનું પાણી લેવાની આજ્ઞા આપે તો તે લઈને અમે અમારી તૃષા છીપાવીએ. પરન્તુ કોઈપણ માણસ ત્યાં આવ્યું નહિ. સન્યાસીઓ તૃષાથી અકળાઈ ગયા અને હમણાજ પ્રાણ જશે એવી સ્થિતિ થઈ પડી. આથી તેઓ સઘળાએ નદીની રેતીમાં બિછાનું

પાથર્યું અને અનશન કરીને સૂતા. ત્યારબાદ તેમણે તે કાળે વિચરતા અરિહંત દેવો, પ્રભુ મહાવીર અને અંબડ પરિવ્રાજકને વંદન નમસ્કાર કરીને, પૂર્વે પ્રાણાતિપાતાદિ જે વ્રતો ગ્રહણ કર્યાં હતા, તેની આલોચના લીધી, થોડીવારે તે બધાના પ્રાણ નીકળી ગયા. અને તેઓ પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવ થયા. અંબડ પણ પાંચમા દેવલોકમાં ગયો અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ તેજ ભવમાં મોક્ષમાં જશે.

## ૫૪ કપીલમુનિ.

કૌશાંબી નગરી હતી, કાસ્યપ નામનો એક શાસ્ત્રી રહેતો હતો. તેને શ્રીદેવી નામે સ્ત્રી હતી, તેનાથી તેને એક પુત્ર થયો. નામ પાડયું કપીલ. કાસ્યપ રાજ્યનો શાસ્ત્રી અને રાજગોર, તેથી રાજા તરફથી તેને વેતન મળે અને કુટુંબનું ગુજરાન ચલાવે. અનુક્રમે કપીલ યુવાન થયો. જ્યાં સુધી કાસ્યપ ગુજરાન ચલાવતો, ત્યાં સુધી કપીલે વિદ્યા ભણવા તરફ લક્ષ ન આપ્યું; પરિણામે તે અભણ રહ્યો. કાળાન્તરે કપીલનો પિતા કાસ્યપ ગુજરી ગયો. અને કુટુંબ નિર્વાહની ઉપાધિ કપીલને માથે આવી. પરંતુ તે અભણ હોવાથી રાજાએ બીજો એક વિદ્વાન શાસ્ત્રી શોધી કાઢ્યો. કપીલના કુટુંબની સ્થિતિ દુઃખદાયક થઈ પડી. એકવાર કપીલની માતા શ્રીદેવી બારણે ઉભી છે, તે વખતે રાજાએ રાખેલ નવો શાસ્ત્રી નોકર ચાકરો સાથે સુંદર વસ્ત્રાભુષણો પહેરી તે રસ્તેથી ચાલ્યો જાય છે. શ્રીદેવી તેને દેખી નિરાશ થઈ અને એક ઉંડો નિઃશ્વાસ નાખી ચિંતા કરવા લાગી. કપીલે માતાને ચિંતાનું કારણ પૂછ્યું. માતાએ વાત કરી કે જ્યાં સુધી ત્હારા પિતા હતા, ત્યાં સુધી ઉપાધિ ન હતી; પણ તું તો રહ્યો અભણ; ત્હારા બદલે રાજાએ બીજા શાસ્ત્રીને રાખ્યા, તેમને દેખીને હું ચિંતા કરૂં છું. માટે તું જો વિદ્યાભ્યાસ કરે તો આપણું દારિદ્ર જાય; અને આપણે સુખ ભોગવીયે. કપીલે કહ્યું, માતા, ત્યારે તમે

કહો તો હું વિદ્યાભ્યાસ કરવા જાઉં; અહિંના શાસ્ત્રી તો આપણા હરીફ રહ્યા; એટલે તે વિદ્યા નહિ આપે. માટે તમે કહો ત્યાં જાઉં. માતાએ તેને કાસ્યપના એક મિત્ર શાસ્ત્રી ઇંદ્રદત્તને ત્યાં શ્રાવસ્તી નગરીમાં જવાનું કહ્યું. માતાની ગદ્‌ગદિત કંઠે રજા લઈ કપીલ શ્રાવસ્તી નગરી તરફ રવાને થયો અને ઈંદ્રદત્તને મળ્યો. ઇંદ્રદત્તે તેને ઓળખીને વિદ્યાભ્યાસ કરાવવો શરૂ કર્યો. ઈંદ્રદત્ત તેને એક વિધવા બાઈને ત્યાં જમવાની સગવડ કરી આપી. આ વિધવા યુવાન હતી. કપીલ પણ યુવાન હતો. વખત જતાં બંનેને પ્રેમ બંધાયો. કપીલ વિદ્યાભ્યાસ છોડી આ વિધવાના પ્રેમ–ઉપભોગમાં દિવસો વિતાવવા લાગ્યો. વિધવાની સ્થિતિ પણ સારી ન હતી અને અહિં પણ કપીલને માથે નિર્વાહ ચલાવવાનું આવ્યું. કપીલની ચિંતા પૈસા મેળવવા માટે વધતી ગઈ. એકવાર વિધવાએ તેને કહ્યું કે આ ગામના રાજા દાનેશ્વરી છે; અને વહેલી સવારમાં જે કોઈ રાજદરબારમાં જઈને રાજાને આશીર્વાદ આપે, તેને રાજા બે માસા (સોળ રતી) સોનું આપે છે. માટે તમે ત્યાં જાવ. આ સાંભળી કપીલ રોજ સવારમાં વહેલો ઉઠીને રાજા પાસે જાય; પરંતુ તેના પહેલાં કોઈએ આવીને રાજાને આશીર્વાદ આપ્યો જ હોય, તેથી નિરાશ થઈ કપીલ પાછો ફરે. આમ આઠ દિવસ વીતી ગયા. એકવાર તેણે વિચાર કર્યો કે આજ તો બરાબર ચિંતા રાખીને ઉઠું, અને રાજાને પહેલો આશીર્વાદ આપું. એમ ધારી તે સમી સાંજમાં સૂઈ ગયો. અર્ધ રાત્રી હતી; ચંદ્ર બરાબર ખીલ્યો હતો, તે વખતે ચિંતામાં ને ચિંતામાં કપીલ ઉઠયો; અને આશીર્વાદ આપવા માટે રાજમહેલ તરફ દોડયો. તેવામાં પહેરેગીરોએ તેને દોડતો જોયો; ચોર ધારીને પકડયો અને સવાર થતાં રાજા પાસે કેદી તરીકે તેને હાજર કર્યો. કપીલને તો એક કરતા બે, અને બે કરતાં ત્રણ ઉપાધિ થઈ. ધન લેવા જતાં બિચારો પકડાયો. તે અફસોસ કરવા લાગ્યો. જ્યારે રાજા પાસે તેને ઉભો કરવામાં આવ્યો, ત્યારે તેણે સઘળી હકીકત રાજાને કહી. રાજા ખુશી

થયો અને દયા આવવાથી કપીલને માગે તે આપવા જણાવ્યું. કપીલે કહ્યું. મહારાજા, અત્યારે હું ચિંતામાં છું, એટલે નિરાંતે વિચાર કરીને હું આપને કહું; રાજાએ અનુમોદન આપ્યું.

શું માગવું તેનો વિચાર કરવા કપીલ પાસેના એક બગીચામાં ગયો. તેણે વિચાર્યું કે બે માસા સોનાથી શું વળવાનું છે, લાવને પાંચ માસા માગું, પાંચથી શું વળવાનું છે. લાવને દશ માગું. પણ દશ ક્યાં સુધી ચાલશે ? સો માસા માગવા દેને, સો તો એકાદ વર્ષમાં ખરચાઈ જાય. પછી શું ? હજાર માગું તો ઠીક, પણ હજારથી કંઈ પૈસાવાળા થવાય ? લાખ માગવા દેને, લક્ષાધિપતિ તો ઘણાય છે. ક્રોડ માગવા દેને, આમ વિચાર કરતાં કરતાં કપીલની તૃષ્ણા તો વધવા લાગી. ક્રોડ માગું તે કરતાં અર્ધું રાજ્ય માગું તો ! અર્ધા રાજ્યથી રાજાનો સમોવડીઓ કહેવાઉં, માટે આખું રાજ્ય માગવા દેને, આમ વિચારતાં તે ચમકયો, અને મન સાથે બોલ્યો:—અરે ! રાજાએ મારા પર કૃપા કરી માગવાનું કહ્યું, ત્યારે રે જીવ, રાજાનું જ રાજ્ય પડાવી લેવાની ઇચ્છા થઈ? ત્યાંથી પાછો ફર્યો. અર્ધું રાજ્ય પણ નહિ જોઈએ, ક્રોડ નહિ. લાખ નહિ, શું ત્યારે હજાર ? પણ એવી ઉપાધિ શાને ? શું ત્યારે સો ? સો પણ નહિ, દશ પણ નહિ, પાંચ પણ નહિ, ત્યારે બે, બે માસા સોનું લેવા હું શા માટે આવ્યો ? એક સ્ત્રીને ખાતર, તે સ્ત્રી કોણ ? હું કોણ ? રે જીવ, વિદ્યાભ્યાસ માટે આવતાં આટલી ઉપાધિ કેમ મેળવી ? કપીલની તૃષ્ણા ઓછી થતી ગઈ. તેના આત્મામાં સદ્‌વિચારો આવવા લાગ્યા. તરતજ તેણે કહ્યું કે મારે કંઈ પણ નહિ જોઈએ, આ જગતમાં લોભ, માયા, માન, ક્રોધ, રાગ, દ્વેષ એ જ ભયંકર શત્રુઓ છે તેનો જ મ્હારે નાશ કરવો !

એમ ચિંતવી રાજા પાસે ગયો અને કહ્યું : મહારાજ, મ્હારી

તૃષ્ણા બહુ વધી. હવે હું આપની પાસેથી એક દમડી પણ લેવા ઇચ્છતો નથી, પણ લોભનું મૂળ સંસાર છે તેનો જ હું ત્યાગ કરવા માગું છું. એમ કહી કપીલ ત્યાંથી ચાલ્યો ગયો અને એક મુનિ પાસે જઈ તેણે દીક્ષા લીધી. સખ્ત તપ, જપ, ધ્યાન કરતાં છ મહિનામાં કપીલ મુનિને કેવળજ્ઞાન થયું. અને કપીલ કેવળી કહેવાયા.

એકવાર કપીલ મુનિ વિહાર કરતા હતા, રસ્તામાં બળભદ્ર વગેરે ૫૩૦ ચોરો મળ્યા. તે ચોરોએ કપીલને પકડયા અને સંગીત ગાવાનો હુકમ આપ્યો. કપીલ મુનિએ સમયસૂચકતા વાપરી, એવા તો બોધક અને વૈરાગ્યમય સંગીતો તીણા સૂરથી શરૂ કર્યા કે ચોરો ત્યાંજ સ્થંભી ગયા અને તેમના જ્ઞાન ચક્ષુઓ ખુલી ગયાં. આ બધા ચોરોને કપીલ મુનિએ દીક્ષા આપીને તાર્યા, આવા મહાન કાર્ય કરીને સર્વ દુઃખોનો અંત કરી કપીલ મુનિ મોક્ષ નગરીએ પધાર્યા.

## ૫૫ કમળાવતી.

ઇષુકાર નગરના ઇષુકાર નામક રાજાને કમળાવતી નામે રાણી હતી. તે પણ નલિનીગુલ્મ વિમાનમાંથી ચ્યવીને આ લોકમાં અવતરી હતી અને ઇષુકાર રાજા સાથે લગ્નગ્રંથીથી જોડાઈ હતી. એક પ્રસંગે રાજાના ભૃગુ નામના પુરોહિતનું ધન દરબારમાં આવતું દેખી, તેને રાજ્યકર્તાઓની મોહદશા અને સંસારની અસારતાનો વિચાર આવ્યો. સંસારથી તે ભય પામી. અને તરતજ તે રાજા પાસે આવી કહેવા લાગી. સ્વામિન્, પાંજરામાં રહેલું પક્ષી જેમ ખુશી થાય નહિ, તેમ તમારા આ રાજ્યરૂપી પાંજરામાં રહી હું સુખ અનુભવી શકતી નથી; અર્થાત્ સંસારની આ મોહજનક જાળમાંથી મૂક્ત થઈને હું ચારિત્ર લેવા ઇચ્છું છું. એમ કહી તેણે સંસારની અસારતાનું આબેહુબ સ્વરુપ રાજાને સમજાવ્યું. આથી રાજાને પણ વૈરાગ્ય થયો.

ત્યારપછી કમળાવતી રાજા સાથે ચારિત્ર લઈને સંયમમાર્ગની આરાધના કરતી, ક્ષપક શ્રેણિમાં પ્રવેશી અને કૈવલ્યજ્ઞાન પામી તેજ ભવમાં મોક્ષ ગઈ.

## ૫૬ કરકંડુ.

મગધદેશની ચંપાનગરીમાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. તે જૈન ધર્મી ચેડા રાજાની પુત્રી પદ્‌માવતીને પરણ્યો હતો. એકવાર પદ્‌માવતીને ગર્ભકાળમાં રાજાનો પોશાક પહેરી માથે છત્ર ધરી ઉદ્યાનમાં ક્રીડા કરવા જવાનો દોહદ થયો; પણ આ વાત તેનાથી રાજાને કહી શકાય નહિ, તેથી ચિન્તામાં ને ચિન્તામાં તે સુકાવા લાગી. એકવાર રાજાએ રાણીનું ચિંતાતુર વદન અને શરીરની ક્ષીણતા જોઈને ઉદાસીનતાનું કારણ પુછ્યું. રાણીએ વાત વિદિત કરી. રાજાએ તેનો દોહદ પૂર્ણ કરવાનું વચન આપ્યું. રાજા રાણી બંને હાથી ઉપર બેસી ઉદ્યાનમાં ક્રીડા કરવા નીકળ્યા. રસ્તે જતાં એકાએક આકાશ ચડી આવ્યું અને જોતજોતામાં ધોધમાર વરસાદ શરૂ થયો. ગાજવીજ, પવન અને વરસાદના તોફાનથી હાથી મસ્તીએ ચડયો અને મદોન્મત્ત બનીને નાઠો. પુરવેગે હાથીને નાસતો જોઈ રાજારાણી ગભરાયાં. રાજાએ પદ્‌માવતીને કહ્યું: હાથી મસ્તીએ ચડયો છે અને તે કયાં જઈ અટકશે તે કહી શકાય નહિ; માટે તમે આ સામે દેખાતા ઝાડ પાસેથી હાથી જાય, કે તરતજ તે ઝાડની ડાળી પકડી લેજો. હું પણ તેમ કરીશ. બંને કબુલ થયાં. હાથી ઝાડ નીચેથી પસાર થયો કે તરતજ રાજાએ તે ઝાડની ડાળી પકડી લીધી; પણ રાણી તે ડાળીને પકડી શકી નહિ. હાથી રાણીને લઈ પુરવેગે દોડતો ઘણે દૂર નીકળી ગયો. દધિવાહન રાજાને આથી ઘણોજ શોક થયો. તે થોડીવારે ઝાડ પરથી નીચે ઉતર્યો અને રાણીની ફિકર કરતો ઘેર પહોંચ્યો.

હાથી કેટલેક દૂર નીકળી ગયા પછી તેને તૃષા લાગવાથી તે એક જળાશય પાસે આવી ઉભો રહ્યો. આ વખતે રાણીએ છૂટકારાનો દમ ખેંચ્યો. હાથી પરથી તે ધીરેથી નીચે ઉતરી અને જંગલ માર્ગે ચાલવા લાગી. તેવામાં એક તાપસે તેને જોઈ. જે તાપસ ચેડા રાજાને ઓળખતો હતો. જ્યારે પદ્‌માવતીએ જણાવ્યું કે તે ચેડા રાજાની પુત્રી છે, ત્યારે તાપસે તેને ખૂબ આશ્વાસન આપ્યું અને ખાવા માટે ફળફળાદિ લાવી આપ્યાં. પદ્‌માવતીએ તે ખાધાં અને તેનો આભાર માન્યો. પછી તાપસે તેને કહ્યું : બેન, અહીંથી થોડેક દૂર ધનપુર નામે ગામ છે ત્યાં તમે જાવ. તમને ત્યાં શાંતિ મળશે. એમ કહી તાપસ તેને અર્ધ રસ્તે મૂકી ગયો. પદ્‌માવતી ત્યાંથી ધનપુર ગામમાં આવી અને હવે ક્યાં જવું તેનો વિચાર કરતી હતી, તેવામાં તેને એક સાધ્વીજી મળ્યા. પદ્‌માવતીએ ત્હેમને વંદન કર્યું. તેનું નિસ્તેજ વદન જોઈ સાધ્વીજીએ તેને ઉપાશ્રયમાં આવવાનું સૂચન કર્યું. પદ્‌માવતી સાધ્વીજીની સાથે ઉપાશ્રયે ગઈ. સાધ્વીજીએ તેને ધર્મબોધ આપ્યો. પદ્‌માવતીનું હૃદય વૈરાગ્યરસથી ભિંજાયું. તેને સંસાર પર તિરસ્કાર છૂટ્યો અને સાધ્વીજીને દીક્ષા આપવાનું કહ્યું.

પદ્‌માવતી ગર્ભવતી હતી. તે વાત તેણે સાધ્વીજીને કરી નહિ. સાધ્વીજીએ તો તેને દીક્ષા આપી. પદ્‌માવતી સંયમનો નિર્વાહ કરવા લાગી. થોડોક વખત વિત્યા બાદ પદ્માવતીનો ગર્ભકાળ નજીકમાં આવ્યો ત્યારે સાધ્વીજીએ વાત જાણી, એટલે તેમણે કોઈ ગૃહસ્થને ત્યાં ગુપ્ત રીતે પદ્માવતીને રાખી અને તેનો ગર્ભકાળ પૂરો કરાવ્યો. અહિં પદ્માવતીએ એક પુત્રનો જન્મ આપ્યો. સાધુ જીવનમાં પુત્રને સાથે રખાય નહિ એટલે પદ્માવતીએ તે બાળકને રત્નકાંબળમાં વીંટયું. અને પોતાના પતિના નામવાળી વીંટી તેને પહેરાવી. બાળકને લઈને તે સ્મશાન ભૂમિમાં આવી. ત્યાં બાળકને મુકયું અને

તેને કોણ લઈ જાય છે તે જોવા સારૂ તે ઝાડની ઓથે છુપાઈને ઉભી રહો. તેવામાં એક ચંડાળ ત્યાં આવ્યો અને આ બાળકને લઈ ગયો. છાની રીતે પદ્માવતી ચંડાળનું ઘર જોઈ આવી અને ત્યાંથી ઉપાશ્રયમાં આવી. તેણે સાધ્વીજીને કહ્યું કે બાળક મરેલું અવતર્યું, તેથી હું તેને સ્મશાન ભૂમિમાં મૂકી આવી છું. પુત્ર પ્રેમને વશ થઈ પદ્‌માવતી સાધ્વી રોજ પેલા ચંડાળને ત્યાં જાય અને પુત્રને રમતો જોઈ આનંદ પામે.

હવે આ પુત્ર દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. તેને ખરજવાનું દરદ થયું હતું, તેથી વારંવાર તે પોતાના શરીરને હાથથી ખણ્યા કરે, તેથી તેનું નામ કરકંડુ પાડયું. કરકંડુ સ્મશાન રક્ષકનું કામ કરતો. એકવાર બે સાધુ તે રસ્તે થઈને જતા હતા, તેમાંના એક સાધુ જ્ઞાની હતા, તેમણે કહ્યું. જો કોઈ માણસ આ વાંસની ઝાડીમાંથી પેલા ઉભા વાંસને કાપી લે તો તે રાજા થાય, આ શબ્દો કરકંડુએ સાંભળ્યા, તેમજ ચંપાનગરીનો એક બ્રાહ્મણ તે ઝાડીમાં બેઠેલો, તેણે પણ સાંભળ્યું. કરકંડુ એકદમ તે ઝાડી પાસે દોડી ગયો પણ તે પહેલાં પેલા બ્રાહ્મણે તે વાંસ કાપી લીધો. કરકંડુ આથી ગુસ્સે થયો. અને તેણે તે વાંસ બ્રાહ્મણ પાસેથી છીનવી લીધો. બ્રાહ્મણે ગામમાં જઈ પંચ ભેગું કરી ન્યાય માગ્યો. પંચે કરકંડુને બોલાવી દંડ આપી દેવાનું કહ્યું. કરકંડુએ કહ્યું કે વાંસ નહિ મળે, કેમકે અમારી રખેવાળી છે. પંચે કહ્યું, તને લાકડી આપવામાં શો વાંધો છે? આ બિચારો બ્રાહ્મણ છે તો આપી દે ને? કરકંડુ બોલ્યો:– આ જાદુઈ લાકડી છે, તે ન અપાય. કારણ કે આનાથી તો મને રાજ્ય મળવાનું છે. આ સાંભળી સઘળા બ્રાહ્મણો હસીને બોલ્યા: એમ છે તો ભલે તું રાખ, પણ તને રાજ્ય મળે તો આ બિચારાને એક ગામ આપજે હો.

અરે! એકના બદલે બે ગામ આપીશ. ચિંતા શીદને કરો છો?

એમ કહી કરકંડુ લાકડી લઈને ઘેર આવ્યો. પેલા બ્રાહ્મણને તો ક્રોધ માય જ નહિ. તેણે કરકંડુનો ઘાટ ઘડી નાખવાનો વિચાર કર્યો. કરકંડુને આ વાતની ખબર પડી, એટલે તે ગામ છોડીને ચાલી નીકળ્યો, અને કંચનપુર પહોંચ્યો. ત્યાંના એક બગીચામાં તે વિશ્રાંતિ લેવા માટે બેઠો. કંચનપુરનો રાજા અપુત્રિઓ મરણ પામેલો. પ્રજાએ રાજા નક્કી કરવા એક અશ્વને છુટો મૂક્યો. અશ્વ ફરતો ફરતો જ્યાં કરકંડુ બેઠો છે ત્યાં ઉદ્યાનમાં આવ્યો અને તેના માથા પર હણહણાટ કર્યો. એટલે પ્રજાજનોએ જયવિજય ધ્વનિ કરી કરકંડુને ઉંચકી લીધો અને રાજ્યાસને બેસાડયો. આ વાતની પેલા બ્રાહ્મણને ખબર પડી એટલે તેને વધારે ક્રોધ ચડ્યો. તે કરકંડુ પાસે આવ્યો. અને તેને બીક દેખાડી. કરકંડુએ પેલો લાકડાનો દંડ ફેરવ્યો એટલે તેમાંથી અગ્નિના તણખા નિકળવા લાગ્યા. બ્રાહ્મણ ગભરાયો અને બે હાથ જોડી બોલ્યો:–ભાઈ, જેના કિસ્મતમાં રાજ્ય હોય તેજ ભોગવી શકે. પણ તમે મને વચન આપ્યા મુજબ એક ગામ તો આપશો ને ? કરકંડુએ કહ્યું. હા, જરૂર. પણ તારે કઈ જગ્યાએ ગામ જોઈએ છે ? બ્રાહ્મણ બોલ્યો: ચંપાનગરીની પડોશમાં. કરકંડુએ ચંપાનગરીના દધિવાહન રાજા પર એક ચીઠી લખી આપી. બ્રાહ્મણ ત્યાં ગયો અને રાજાને ચીઠી આપી. આ બ્રાહ્મણ ચંડાળ જાતિનો હતો. તેની દધિવાહનને ખબર પડતાં તે ઉશ્કેરાયો. તેણે ચીઠીના ટુકડે ટુકડા કરી ફેંકી દીધા, અને બ્રાહ્મણને માર મારી નસાડી મૂક્યો. બ્રાહ્મણ કરકંડુ પાસે આવ્યો અને સઘળી વાત કહી. આથી કરકંડુ બોલ્યો: શું દધિવાહનને આપણી ચંડાળ જાતિ પર આટલો બધો તિરસ્કાર છે ? એમ કહી તેણે સેનાપતિને બોલાવી લશ્કર તૈયાર કરાવ્યું અને દધિવાહન સામે લડવા નીકળ્યો. દધિવાહન પણ પોતાનું લશ્કર લઈ લઢવા માટે મેદાનમાં આવ્યો.

આ વાતની પદ્માવતી સાધ્વીને ખબર પડી. એટલે તરતજ તે કરકંડુના તંબુમાં આવી. સાધ્વીજીને દેખી કરકંડુએ પ્રણામ કર્યા.

અને આગમનનું કારણ પૂછયું. જવાબમાં સાધ્વીજી બોલ્યાઃ કરકંડુ, તું જેની સાથે આ યુદ્ધ ખેલે છે, તે તારો પિતા છે, એ તું જાણે છે

કરકંડુ આશ્ચર્ય પામી બોલ્યોઃ ના, મહાસતીજી. કહો કેવી રીતે ?

'જો આ વીંટી. તે પર કોનું નામ છે ?'

વીંટી પર દધિવાહનનું નામ જોઈ કરકંડુ વિસ્મય પામ્યો. સાધ્વી બોલ્યા. કરકંડુ, સબુર. મને એકવાર જવા દે ત્હારા પિતા પાસે. એમ કહી સાધ્વી દધિવાહન પાસે ગયા અને કહ્યું.

'રાજન્! તમારી પદ્માવતી રાણીને હાથી લઈ ગયો હતો, તે પછી તેનું શું થયું તે તમે જાણો છો ?'

'નહિ, મહાસતીજી. હું તેમાંનું કશુંયે જાણતો નથી.'

'હું પોતે જ પદ્માવતી' સાધ્વીજી બોલ્યા.

'ત્યારે તમને ગર્ભ હતો તેનું શું થયું ?' રાજાએ આશ્ચર્યથી પૂછયું.

તેજ આ કરકંડુ, કે જેની સામે તમે યુદ્ધ ખેલો છો.

રાજા દિંગમૂઢ બન્યો. યુદ્ધ બંધ થયું અને તે કરકંડુ પાસે આવી પ્રેમથી તેને ભેટયો. સાધ્વીએ તેમને ધર્મબોધ આપ્યો. દધિવાહન રાજા વૈરાગ્ય પામ્યો અને ચંપાનગરીનું રાજ્ય કરકંડુને સોંપી દીક્ષા લઈ ચાલી નીકળ્યો.

હવે કરકંડુ ન્યાયપૂર્વક રાજ્ય ચલાવે છે. કરકંડુને ગાયના ગોકુળ બહુ પ્રિય હતા. એકવાર એક બાળ-વાછરડાને જોઈ તેને તેના પર ખૂબ પ્રેમ થયો. તેથી તેણે ગોવાળને કહ્યું. આ ગાયને તમે દોહશો નહિ અને સઘળું દુધ આ વાછરડાને પીવરાવી દેજો.

ગોવાળે તે પ્રમાણે કર્યું. એટલે વાછરડો શરીરમાં હૃષ્ટપૃષ્ટ થયો. તે દેખી કરકંડુને ઘણો આનંદ થયો. સમય જતાં તે વાછરડો ઘરડો થયો. તેથી તે અશક્ત અને નિર્બળ બની ગયો. એકવાર કરકંડુએ ગોવાળને પૂછ્યું. પેલો વાછરડો ક્યાં ગયો? ગોવાળે વૃદ્ધ અને અશક્ત થયેલો વાછરડો બતાવ્યો. તરત રાજા ચમક્યો. તેણે મન સાથે વિચાર કર્યો; અહો, વાછરડાની અંતે આ દશા! શું ત્યારે જગતમાં જન્મેલા સૌ કોઈને આ સ્થિતિએ પહોંચવાનું! ખરેખર જન્મ્યું તે જવાનું છે, ખીલ્યું તે અવશ્ય કરમાવાનું છે. ઉદય પામ્યું તે અસ્ત થવાનું છે. તો મારે શા માટે આત્મકલ્યાણ ન સાધવું. એમ આત્મભાવના ભાવતાં કરકંડુને ત્યાંજ જાતિસ્મરણ જ્ઞાન થયું. તરત તેણે સ્વયંમેવ પંચમુષ્ટિ લોચ કર્યો અને દીક્ષા લીધી. સખ્ત તપ જપ સંવર કરી હૃદયની ઉચ્ચ ભાવનાને વિકસાવતાં તે કેવળજ્ઞાન પામ્યા અને મોક્ષમાં ગયા. (પ્રત્યેક બુદ્ધ).

## ૨૭ કલાવતી.

દેવશાળ નગરના વિજયસેન રાજાને શ્રીમતી નામની રાણીથી એક પુત્રી થઈ હતી. તેનું નામ કલાવતી. તેણીનું રૂપ અથાગ હતું. એકવાર એક ચિત્રકાર કલાવતીનું ચિત્ર આલેખીને મગધ દેશમાં આવેલા શંખપુર ગામના શંખ રાજાને તે બતાવ્યું. શંખરાજા તે સૌન્દર્ય મુગ્ધાની છબી જોઈને મોહવશ બન્યો; અને ચિત્રકારને તેનો પરિચય પૂછ્યો. ચિત્રકારે તે કલાવતીના ચિત્રનો પરિચય આપી, તે કન્યા અવિવાહિત હોવાનું જણાવ્યું, એટલે શંખરાજાને કલાવતી સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ. ત્યારે ચિત્રકારે કહ્યું: મહારાજા. તે સુરૂપ કન્યાનો એવો નિરધાર છે કે તેણીના પૂછેલા ચાર પ્રશ્નોનો જે કોઈ જવાબ આપે, તેને જ તે કન્યા વરે. વળી રાજન્, વિજયસેનની સભામાં આપના સર્વગુણ સંપન્નપણાની વાત

થઈ છે, તેથી જ હું આપને મળવા આવ્યો છું. વળી બે મહિના પછી તેનો સ્વયંવર થવાનો છે, તે દરમ્યાન આપ સરસ્વતી દેવીનું આરાધન કરશો, તો દૈવકૃપાએ આપ તેણીના પ્રશ્નોના જવાબો આપવામાં અને તેણીને પરણવામાં ફલિભૂત થઈ શકશો.

બીજા દિવસથી શંખરાજા સરસ્વતી દેવીની ઉપાસના કરવા લાગ્યો. તેણે અખંડ બ્રહ્મચર્ય વ્રત લીધું. રાજાની અનન્ય ભક્તિથી સરસ્વતી દેવી તેના પર પ્રસન્ન થઈ, અને રાજા સન્મુખ આવી ઉભી. વરદાન માગવાનું કહેતાં રાજાની ઇચ્છા મુજબ 'તથાસ્તુ' કહી દેવીએ કહ્યું:—રાજન્! સ્વયંવરમાં જઈને તમારે વચ્ચે ઉભા કરેલા સ્તંભની પુતળી પર હાથ મૂકવો એટલે તે પુતળી તેના ચાર પ્રશ્નોના જવાબ આપશે અને કલાવતી તમારી સાથે પરણશે.

દેવીના કહેવા પ્રમાણે રાજાએ સ્વયંવર મંડપમાં જઈ તે પ્રમાણે કર્યું એટલે કલાવતીએ શંખરાજાને પુષ્પહાર પહેરાવ્યો અને વિધિપૂર્વક લગ્ન ક્રિયા થઈ. થોડાક દિવસ પિતૃપક્ષમાં રહી, કલાવતી શંખરાજા સાથે શંખપુરમાં આવી. કલાવતી સદ્ગુણી અને સુશીલ હોવાથી સર્વત્ર પ્રશંસા પામી, અને મનુષ્ય સંબંધીના વિવિધ સુખો ભોગવવા લાગી. સુખભોગ ભોગવતાં તેણીને ગર્ભ રહ્યો. ગર્ભનું સુરક્ષિતપણે રક્ષણ કરતાં આઠ માસ વ્યતિત થયાં, એટલે કલાવતીને પિયરમાં તેડી જવા માટે જયસેન નામના તેના ભાઈએ પોતાની બહેન વાસ્તે સુંદર બેરખાં અને વસ્ત્રાભૂષણો લઈ માણસો મોકલ્યા. બેરખાં વગેરે જોઇ કલાવતી અત્યંત હર્ષ પામી. શંખ-રાજાને કલાવતી પર અતિશય સ્નેહ હોવાથી તેણીને પિયર મોકલવાની ના કહી, એટલે આવેલ માણસો વિદાય થયા.

આ તરફ કલાવતી, ભાઈએ મોકલેલાં બેરખાં કાંડાપર પહેરી ભાઈની પ્રશંસા કરતી, દાસી પ્રત્યે કહેવા લાગી. અહો! તેમનો

મારા પર કેવો સ્નેહ છે, કે આવા સુંદર બેરખાં અને વસ્ત્રાભૂષણો મારા માટે મોકલ્યા! અહો! હું તેમને ક્યારે મળું! આ શબ્દો કલાવતીના મુખમાંથી નીકળતા હતા, તેવામાં જ શંખરાજા તેણીના મહેલ પાસેથી નીકળ્યો, અને આ શબ્દો તેણે સાંભળ્યા. સાંભળતાં જ તે કલાવતી પર વહેમાયો. તેની નજરમાં કલાવતી કુલટા લાગી. તેણે કલાવતીનો ધૃષ્ટતાપૂર્વક ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો.

મહેલમાં આવી રાજાએ બે ચંડાળોને બોલાવીને કહ્યું કે તમે હમણા જ રાણી કલાવતીને કાળાં વસ્ત્રો પહેરાંવી, કાળા રથમાં બેસાડી જંગલમાં લઈ જાવ અને ત્યાં તેણીના બંને કાંડા બેરખાં સાથે કાપી મારી પાસે હાજર કરો.

હુકમનો અમલ થઈ ગયો. કલાવતી માથે આવેલું સંકટ સહન કરવા હિંમતવાન બની અને પરમ પવિત્ર નવકારમંત્રનું સ્મરણ કરતી કાળાં વસ્ત્રો પહેરી રથમાં બેઠી. રથ અરણ્ય તરફ ચાલ્યો. મધ્ય જંગલમાં રથ થોભાવવામાં આવ્યો. ચંડાળોએ કલાવતીને નીચે ઉતારીને કહ્યું:—બહેન! અમારે દુઃખ સાથે કહેવું પડે છે કે મહારાજાનો હુકમ છે કે તમારા બંને કાંડા બેરખાં સાથે કાપી નાખીને મહારાજાને સ્વાધીન કરવા. કલાવતી આ સાંભળી કંપી ઉઠી. તેણે પોતાના ભાગ્યને દોષ આપતા કહ્યું:—ભલે ભાઈઓ! સ્વામીનું કુશળ હો! ખુશીથી તેમની આજ્ઞા પ્રમાણે વર્તો, એમ કહી હિંમતપૂર્વક તેણીએ પોતાના બંને હાથ કાપી નાખવા માટે ચંડાળો સન્મુખ લંબાવ્યા; એટલે ચંડાળોએ તેના બે હાથ તરવારના એક એક ઝટકાથી કાપી નાખ્યા. કલાવતી બેશુદ્ધ બની જમીન પર ઢળી પડી. ચંડાળો કપાયેલાં કાંડાં લઈ રાજમહાલયને માર્ગે વળ્યા.

થોડીક વારે શુદ્ધિ આવ્યા બાદ કલાવતી પ્રભુ સ્મરણ કરતી એકાકી બેઠી છે, તેવામાં પાસે વહેતી સરીતા તરફ તેની દૃષ્ટિ ગઈ.

તૃષાતુર થયેલી સતી પાણી પીવા સરીતા તટે પહોંચી. એવામાં એકાએક પાણીનું પૂર આવ્યું; જેમાં કલાવતી તણાઈ જાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ. આવી કલંકિત અવસ્થામાં તેનું મૃત્યુ થાય, એ કલાવતીને ઇષ્ટ ન લાગ્યું. એટલે તે વિશુદ્ધ ભાવે પ્રભુ સ્મરણ કરતાં બોલીઃ—હે નાથ! જો મેં આજ સુધી સાચા મનથી પતિ સેવા કરી હોય, સ્વપ્નમાં પણ પતિનું અહિત ઇચ્છયું ન હોય, અને હું પવિત્ર જ હોઉં, તો આ નદીનું પૂર **ઓસરી જજો અને મ્હારા બંને હાથ નવપલ્લવિત થજો.** સતીના મુખમાંથી ઉપરના શબ્દો નીકળતાં જ નદીનો પ્રવાહ એકદમ શાંત થઈ ગયો, અને તેના કપાયેલાં કાંડાં પુનઃ સજીવન થયાં.

અહિં કલાવતીએ એક વૃક્ષની ઓથે આશ્રય લીધો અને એક પુત્ર રત્નનો જન્મ આપ્યો. જંગલમાં પુત્રનો પ્રસવ થવાથી કલાવતીને ખૂબ લાગી આવ્યું; પરન્તુ કર્મનું પરિબળ સમજી, સઘળું તેણીયે સમભાવે સહન કર્યું. એવામાં એક તાપસ ત્યાં આવી ચડયો. દયાથી તે કલાવતી તથા તેના બાળકને પોતાના મઠમાં લઈ ગયો અને તેઓને તાપસણીના સહવાસમાં મૂક્યા. કલાવતી અહિં ધર્મધ્યાનમાં સમય પસાર કરવા લાગી.

બીજી તરફ ચંડાળોએ કલાવતીના કાંડાં બેરખાં સહિત શંખ રાજાને સોંપ્યા. બેરખાંની સુંદરતા અને કારીગીરી જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. વધુ બારીકાઈથી જોતાં તેણે બેરખાં પર 'જયસેન' એવું નામ વાંચ્યું. તે વાંચતાં જ રાજાને ધ્રાસકો પડયો. તે સમજ્યો કે બેરખાં કલાવતીના ભાઈના મોકલાવેલાં છે અને તેથી જ તેણી તેના ભાઈ પરનો અસીમ સ્નેહ વ્યક્ત કરતી હશે! અહો! હું કેવો દુષ્ટ કે પૂરતી તપાસ કર્યા વગર કલાવતી જેવી પવિત્ર સ્ત્રી પર વહેમાયો, અને તેણીની દુર્દશા કરાવી. અહો! હવે તેણીનો ક્યાં પત્તો લાગશે? એમ વિચારતાં રાજાનું હૃદય મુંઝાયું; કલાવતીનો

પત્તો ન મળે તો દેહત્યાગ કરવાનો નિશ્ચય કરી રાજાએ તેની શોધ માટે ચોમેર ઘોડેસ્વારો દોડાવ્યા. જંગલમાં સતીનો મેળાપ થતાં અનુચરોએ રાજાની સ્થિતિ વર્ણવીને, તેણીને રાજ્યમાં આવવાનું કહ્યું. કલાવતી શંખપુરમાં આવી, રાજાને પ્રણામ કર્યા. રાજાએ તેની ક્ષમા માગી, તે સાથે તેણીના સાજાં થયેલાં કાંડા જોઈ તે આશ્ચર્યમુગ્ધ બન્યો અને તેની પવિત્રતાની વધુ ખાત્રી થઇ. રાજા અને રાણી ત્યારપછી સુખપૂર્વક રહેવા લાગ્યા.

એકવાર એક સ્થવીર મુનિ શંખપુરમાં પધારતા રાજા રાણી તેમનાં દર્શને ગયા. કલાવતીએ પોતાના પર આવેલાં કલંકનું કારણ મુનિને પૂછ્યું. મુનિએ કહ્યું:—હે સતી, પૂર્વે તું સુલોચના નામે રાજકન્યા હતી, અને શંખ રાજાનો જીવ એક પોપટ હતો. તે પોપટને તેં પાળ્યો હતો. એકવાર તે તારી પાસેથી ઉડી ગયો, તેથી તને તેના પર ક્રોધ થયો. તે પોપટને ઝાડપરથી તેં માણસો દ્વારા પકડી મંગાવ્યો અને ગુસ્સાના આવેશમાં તેં તેની બંને પાંખો છેદી નાખી. પૂર્વભવનું આ વૈર આ વખતે શંખ રાજાએ વાળ્યું. તેથી તેમણે ત્હારા બંને હાથ કાપી નંખાવ્યા. માટે પાપ કર્મ કરતાં પહેલાં વિચાર કરવો અને ધર્મનું શરણ લેવું.

આ ઉપદેશ સાંભળી બંનેએ જાતિસ્મરણ જ્ઞાન થતાં ત્યાં દીક્ષા લીધી, અને ચારિત્ર પાળી દેવલોકમાં ગયા; ત્યાંથી મહા વિદેહમાં જન્મ ધરી તેઓ મોક્ષમાં જશે.

## ૫૮ કામદેવ શ્રાવક.

ચંપા નગરી, કામદેવ નામે ગાથાપતિ, ભદ્રા નામે તેમની સ્ત્રી, રિદ્ધિ સિદ્ધિનો પાર નહિ, ૭ ક્રોડ સોનૈયા જમીનમાં, ૭ ક્રોડ વ્યાપારમાં, ૭ ક્રોડ ઘર વખરીમાં, અને ૭ ગોકુલ હતાં. કામદેવ

શ્રાવક તે સર્વના ઉપભોગમાં આનંદથી દિવસો પસાર કરતા હતા. એક વાર પ્રભુ મહાવીર પધાર્યા. કામદેવ, આણંદ શ્રાવકની જેમ પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુના અપૂર્વ ઉપદેશથી પ્રતિબોધ પામ્યા, અને શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યાં. નિયમોનું બરાબર પાલન કરતાં કેટલાક વર્ષો વિત્યા બાદ ઘરનો સઘળો કારભાર જ્યેષ્ઠ પુત્રને સોંપી કામદેવ ધર્મ કાર્યને માટે નિવૃત્ત થયા. એક વાર અર્ધ રાત્રીએ કામદેવ શ્રાવક પૌષધવ્રત કરીને આત્મધ્યાન ધરતાં કાયોત્સર્ગમાં ઉભા હતા, તેવામાં તેમને ધ્યાનથી ચળાવવા માટે એક મિથ્યાત્વ દષ્ટિ દેવ ભયંકર પિશાચનું રૂપ ધારણ કરીને તેમની પાસે આવ્યો અને બોલ્યોઃ–હે કામદેવ, ત્હારા લીધેલાં વ્રત તું છોડી દે, નહિતર આ તરવારથી તારાં શરીરનાં ટુકડે ટુકડા કરી નાંખું છું. આ સાંભળી કામદેવ જરા પણ ક્ષોભ પામ્યા વિના ધ્યાનમાં સ્થિર જ રહ્યા. ફરીથી તે દેવે હાથીનું રૂપ કરીને કામદેવને ખૂબ કચર્યા, છતાં કામદેવ નિશ્ચળ રહ્યા. પુનઃ દેવે સર્પનું રૂપ કરી ફુંફાડા માર્યા અને તીક્ષ્ણ ઝેરી દાંતોથી ડંખ દીધો. કામદેવને અસહ્ય વેદના થઈ, પરંતુ તે પોતાના ધ્યાનથી જરા પણ ડગ્યા નહિ. એમ સિંહ, વાઘ, હાથી વગેરે અનેક રૂપો વિકુર્વીને દેવે કામદેવ શ્રાવકને તેના વ્રતથી ડગાવવા ઘણા પરિસહો આપ્યા; છેવટે તે દેવ થાક્યો અને અવધિ જ્ઞાન મૂકીને જોયું તો કામદેવને પોતાના કાયોત્સર્ગમાં મેરૂ પર્વતની જેમ અડોલ જોયાં. તેથી દેવે પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરી કહ્યું:—“ધન્ય છે કામદેવ શ્રાવક ત્હમારી ટેકને, શક્રેંદ્ર દેવતાની સભામાં તમારી દ્રઢતાની પ્રશંસા મેં જેવી સાંભળી તે બરાબર છે. અવિનય માટે હું તમારી ક્ષમા માગું છું. મારો અપરાધ તમે ક્ષમા કરજો.” એટલું કહી તે દેવ સ્વસ્થાનકે ચાલ્યો ગયો.

સવાર થયું, કામદેવે પૌષધશાળામાં સાંભળ્યું કે પ્રભુ મહાવીર પધાર્યા છે. તેથી તે પૌષધ પાર્યા પહેલાં જ પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુએ પરિષદને ધર્મબોધ આપ્યો, અને કામદેવને

થએલા ઉપસર્ગોનું બ્યાન કરી, કામદેવની માફક વૃત્ત નિયમમાં દઢ રહીને, દેવતા, મનુષ્ય, તિર્યંચના ઉપસર્ગોને સમભાવે સહન કરવાની પ્રભુએ પરિષદને દેશના દીધી. કામદેવ પ્રભુને વાંદી, પૌષધ પારીને ઘેર ગયા. ત્યારબાદ શ્રાવકની ૧૧ પ્રતિમા ગ્રહણ કરીને, અને અંતિમ અવસરે સંથારો કરીને કામદેવ શ્રાવક કાળધર્મ પામી પહેલા સુધર્મ દેવલોકમાં ગયા, અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી મોક્ષમાં જશે.

## ૫૯ કાર્તિક શેઠ

મુનિસુવ્રત ભગવાનના વખતમાં મહા શ્રદ્ધાવંત એવા કાર્તિક નામના શેઠ હતા. તે શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રિરત્નને અનુસરનાર હતા. તેમને ત્યાં અથાગ સમૃદ્ધિ સાથે ૧૦૦૮ ગુમાસ્તાઓ હતા. કાર્તિક શેઠે મુનિસુવ્રત ભગવાન પાસે શ્રાવકના બાર વ્રત ધારણ કર્યા હતા. એક વખત અન્ય દર્શની એવા રાજાના ગુરૂ તે નગરમાં પધાર્યા. સઘળા લોકો તેમના દર્શને ગયા. પરંતુ કાર્તિક શેઠ ગયા નહિ. એવામાં કોઈ તે શેઠના વૈરીએ ગુરુના કાન ભંભેર્યા કે ભલે આખું નગર તમારાં દર્શને આવે, પરન્તુ કાર્તિક શેઠ તો આવે જ નહિ. આથી ગુરુ આવેશમાં આવી ગયા અને બોલ્યા, કે જ્યારે હું તે શેઠને નમાવું ત્યારે જ ખરો! આવો વિચાર કરી એક દિવસે તે રાજગુરુએ એવી શરતે રાજાને ત્યાં જમવાનું આમંત્રણ સ્વીકાર્યું કે કાર્તિક શેઠના વાંસા પર થાળ મૂકીને જમાડવામાં આવે. રાજાએ આ શરત પણ સ્વીકારી. બીજે દિવસે કાર્તિક શેઠને રાજાએ પોતાને ત્યાં બોલાવ્યા અને વાત વિદિત કરી. કાર્તિક શેઠને રાજાના હુકમને તાબે થવું પડયું. તે રાજગુરુના ખોળામાં માથું મૂકીને નીચા નમ્યા, એટલે તેમના વાંસા પર તાપસે થાળ મૂકી ભોજન કર્યું. ગરમ ભોજનના પ્રભાવે શેઠ કંઈક દાઝયા પણ ખરા. ત્યાર પછી પોતાને વિચાર થયો, કે સંસારમાં રહેવાથી રાજાના આવા હુકમને તાબે

થવું પડ્યું, તો ધિક્કાર છે આ સંસારને. એમ વિચારી, તેમણે ચારિત્ર-વ્રત અંગીકાર કર્યું અને ઉગ્ર તપશ્ચર્યા તથા સંયમના પ્રભાવે તેઓ કાળ કરીને સૌધર્મ નામક પ્રથમ દેવલોકના ઈંદ્ર—શક્રેન્દ્રપણે ઉત્પન્ન થયા. તેમના વાંસા પર થાળ મૂકી જમનાર તાપસ મૃત્યુ પામીને તે શક્રેન્દ્રનો ઐરાવત હાથીનું રૂપ કરનાર એવો આજ્ઞાધિન દેવ થયો. અહિં અવધિજ્ઞાન વડે જોતાં તે દેવને ભાન થયું કે ગતભવમાં આ ઈંદ્ર કાર્તિક શેઠ હતા, અને હું તેના વાંસા પર જમ્યો હતો, તો આ વખતે તે મારા પર સ્વારી કેમ કરે? એવા વિચારથી તેણે બે હાથી વિકુર્વ્યા. જેમાંના એક પર શક્રેન્દ્ર પોતાનો દંડ મૂકી બીજા પર બેઠા. એટલે તે તાપસ દેવે ત્રીજો હાથી બનાવ્યો. એમ તાપસ રૂપ વધારતો જાય અને ઈંદ્ર એકેક વસ્તુ મૂકતા જાય. આથી ઈંદ્રે અવધિજ્ઞાનથી જોયું તો તેને જણાયું કે પૂર્વભવનો વૈરી તાપસ દેવ થયો છે, અને પોતાના ઉચ્ચત્વપણાના અભિમાને તે આ સઘળી માયા રચે છે, આથી ઈંદ્રે તેના પર વજ્રનો પ્રહાર કર્યો એટલે તે ઐરાવત હાથી વશ થઈ સીધો ચાલ્યો; અને વિકુર્વેલા રૂપ સંકેલી લીધા. તીર્થંકરના જન્મોત્સવ વખતે, દીક્ષા વખતે, વાર્ષિક દાન આપતી વખતે તીર્થંકર પાસે ઉભા રહેવું એ વગેરે ક્રિયાઓ શક્રેન્દ્રને કરવાની હોય છે.

## ૬૦ કાલીકુમાર

રાજગ્રહી નગરીના શ્રેણિક રાજાની કાળી રાણીની કુક્ષિએ કાલીકુમારનો જન્મ થયો હતો. તેના ઓરમાન ભાઈ કોણિકને પોતાના પિતા શ્રેણિક રાજા પાસેથી રાજ્ય પડાવી લેવામાં તેણે મદદ કરી હોવાથી, તેને બીજા નવ ભાઈઓની માફક રાજ્યમાં ભાગ મળ્યો હતો. એટલે મગધ અને અંગ દેશનું રાજ્ય અગીયાર ભાગે વહેંચાયું હતું. કાલકુમાર પોતાના રાજ્યનો વહિવટ કોણિક પાસે ચંપાનગરીમાં રહીને કરતો. કોણિકને વિહલ્લ અને વેહાસ

નામના બે સગા ભાઈઓ હતા. તેઓને રાજ્યમાંથી ભાગ આપ્યો ન હતો, પણ શ્રેણિકે તેમને સિંચાનક નામનો ગંધ હસ્તિ અને અઢારસરો વંકહાર આપેલ હતો. વિહલ્લકુમાર વંકહાર પહેરી, હાથી પર બેસી ગંગામાં જળક્રીડા કરવા જતો. તે જોઈ કોણિકની સ્ત્રી પદ્માવતીએ તે હાર અને હાથી તેઓની પાસેથી લઈ લેવાનું પોતાના સ્વામીને કહ્યું. પ્રથમ તો કોણિક તેમ કરવા કબુલ ન થયો, પણ સ્ત્રી હઠને વશ બની, કોણિકે વિહલ્લકુમાર પાસે હાર અને હાથી માગ્યા. વિહલ્લે કહ્યું:— કાળકુમારાદિ ૧૦ ભાઈઓને તમે રાજ્યમાં ભાગ આપ્યો છે, તેવો ભાગ મને પણ રાજ્યમાંથી આપો, એટલે મને આ હાર અને હાથી તમને આપી દેવામાં હરકત નથી. કોણિકે રાજ્યમાંથી ભાગ આપવાનું કબુલ ન કર્યું, અને બળાત્કારે તે હાર અને હાથી લઈ લેવા માટે તેને ધમકી આપી. આથી વિહલ્લકુમાર છાનોમાનો પોતાના દાદા (માનાબાપ) ચેડારાજા (ચેટકરાજા) પાસે વિશાળા નગરીમાં જતો રહ્યો. આ વાતની ખબર પડતાં કોણિકે તે હાર અને હાથી મોકલી આપવાનું અને જો તે પ્રમાણે ન બને તો યુદ્ધ કરવા તૈયાર થવાનું કહેણ મોકલાવ્યું. ચેડા રાજા યુદ્ધ કરવા તૈયાર થયા. કોણિકે પોતાના દશે ભાઈઓની મદદથી ચેડા રાજા પર ચડાઈ કરી. કોણિક પાસે અગીયારે જણનું થઈ ૩૩ હજાર ઘોડા, ૩૩ હજાર હાથી, ૩૩ હજાર રથ અને ૩૩ કરોડ પાયદળ જેટલું લશ્કર હતું.

ચેડા રાજાએ પણ કાશી અને કોશલ (અયોધ્યા) દેશના ૧૮ રાજાઓને કહેવડાવ્યું કે વિહલ્લકુમારને તેના હાર હાથી સાથે ચંપાનગરીમાં પાછો મોકલી દેવો કે કેમ? જવાબમાં આ અઢારે દેશના રાજાઓએ હાર હાથી વગેરે પાછાં ન આપતાં, યુદ્ધ કરવાની સલાહ આપી, તે સાથે તેઓ પોતપોતાનું સૈન્ય લઈ લડવા માટે ચેડા રાજાની મદદે આવ્યા. આ વખતે ચેડારાજા પાસે ૫૭ હજાર

હાથી, ૫૭ હજાર ઘોડા, ૫૭ હજાર રથ અને ૫૭ કરોડ પાયદળનું લશ્કર થયું.

બંને વચ્ચે સામસામું દારુણ યુદ્ધ* થયું. તેમાં ચેડારાજાના હાથથી કાલી-કુમાર મરણ પામ્યો અને ચોથી નરકમાં ગયો. ત્યાં તે દશ સાગરોપમની સ્થિતિ ભોગવી, ત્યાંથી નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં અવતરશે ને મોક્ષ જશે.

## ૬૧ કાલીરાણી.

તે રાજગૃહ નગરના શ્રેણિક રાજાની રાણી હતી. કોણિકે શ્રેણિકની ગાદી પર બેસતાં, તેના પુત્ર કાલીકુમારને રાજ્યમાં ભાગ આપેલો, તેથી તે પોતાના પુત્ર સાથે કોણિકની રાજ્યધાની ચંપા નગરીમાં રહેતી. કોણિકને હાર હાથી માટે ચેડા રાજા સાથે વિગ્રહ થયો તેમાં કાલીકુમાર કોણિકની મદદે ગયો, ત્યાં ચેડા રાજાના હાથે તેનું મૃત્યુ થયું. આ વખતે ભગવાન મહાવીર ચંપાનગરીના ઉદ્યાનમાં સમોસર્યા હતા. પ્રભુના દર્શને જતાં કાલીરાણીએ પોતાના પુત્રનું શું થશે એમ પૂછતાં પ્રભુએ તેના મૃત્યુ સમાચાર આપ્યા,

* બંને વચ્ચે ઘણા દિવસ સુધી યુદ્ધ ચાલ્યું તેમાં કાલી આદિક દશે કુમારો ચેટક રાજાના એક એક બાણથી મૃત્યુ પામ્યા. આથી કોણિક ભય પામ્યો. તેણે પોતાના મિત્ર દેવની આરાધના કરી. દેવ આવ્યો. તેને કોણિકે ચેટક રાજાનો સંહાર કરવાનું કહ્યું, ત્યારે દેવે કહ્યું કે પ્રભુ મહાવીરના પરમ ભક્ત ચેટકરાજાને અમે કાંઈ પણ નુકશાન કરી શકીયે એમ નથી. પણ જો તું કહે, તો તારૂં રક્ષણ કરીએ. કોણિકે હા કહી, એટલે દેવે ચેડારાજાને ત્યાંથી ઉપાડીને બીજે મૂક્યો, જેથી કોણિકનો વિજય થયો. કોણિકે વિશાળા નગરીને ઉજ્જડ કરી મૂકી. આ યુદ્ધમાં ૧ કરોડ ૮૦ લાખ મનુષ્યોનો સંહાર થયો હતો.

તેથી તેણીને ત્યાં મૂર્છા આવી. પરન્તુ ભગવાને બોધ આપવાથી તેણીને વૈરાગ્ય ઉપજ્યો અને પ્રભુ પાસે ચારિત્ર લઈ તે ચંદનબાળા સાધ્વી પાસે રહી. ગુરુણીની આજ્ઞા લઈ તેણે રત્નાવલી તપ કરી શરીર શોષવી નાખ્યું. આઠ વર્ષના દીક્ષા પર્યાય પછી અંત સમયે એક માસનું અનશન કરી, કાળી–સાધ્વી કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

## ૬૨ કાલીકુમારી.

આમલકંપા નગરીમાં કાલ નામનો ગાથાપતિ રહેતો. તેને કાલશ્રી નામની પત્ની હતી. તેનાથી તેને એક પુત્રી થઈ. તેનું નામ કાલીકુમારી. તે યૌવનપણું પામી, પણ તેનું શરીર વૃદ્ધા જેવું દેખાતું હતું. હાથ, પગ, સ્તનાદિ સર્વ અવયવો વૃદ્ધ સ્ત્રી જેવા દેખાતાં. તે અવિવાહિતા જ રહી. એકવાર તે પાર્શ્વનાથ ભગવાનની દેશના સાંભળવા ગઈ. ત્યાં તેને વૈરાગ્ય થવાથી માતાપિતાની રજા લઈને તે દીક્ષિત બની. પુષ્પચુલા નામના આર્યાજી પાસે તેણી ૧૧ અંગ ભણી અને ઉગ્ર તપ સંયમ આરાધવા લાગી. પરન્તુ કર્મવશાત પાછળથી તે આચારમાં શિથિલ બની; અને શરીરની વિભુષા–શુશ્રુષા કરવા લાગી. હાથ, પગ, મોઢું, માથું તેમજ શરીરના અન્યાન્ય અવયવો તે ધોતી; ઉઠવાની જગ્યાએ પાણી છાંટીને પછી તે બેસતી. આવાં કાર્યો ન કરવાનું પુષ્પચુલા આર્યાજીએ તેણીને વારંવાર કહ્યું, છતાં શિથિલ બનેલી કાલી–સાધ્વીએ તે માન્યું નહિ. એ રીતે ઘણો કાળ ચારિત્રમાં નિર્ગમન કરીને, પૂર્વ કૃત્યોની આલોચના લીધા વગર અંતિમ અનશન કરી તે મૃત્યુ પામી અને ચમરચંપા કાલાવતંસક નામક વિમાનમાં દેવી-પણે ઉત્પન્ન થઈ. ત્યાં તે અઢી પલ્યોપમની સ્થિતિ પૂર્ણ કરી મહાવિદેહમાં અવતરશે અને મોક્ષમાં જશે.

## ६३ કાસવ ગાથાપતિ.

રાજગૃહ નગરમાં કાસવ નામનો ગૃહસ્થપતિ રહેતો. તેણે ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. સોળ વર્ષ પર્યંત શુદ્ધ ચારિત્રનું આરાધન કર્યું. ગુણ સંવત્સરાદિ મહા તપ કર્યો. અને છેવટે વિપુલ પર્વત પર અનશન કરી, કૈવલ્ય જ્ઞાન પામી મોક્ષમાં ગયા.

## ६४ કીર્તિવીર્ય.

ભરત ચક્રવર્તી પછી અયોધ્યાની રાજગાદી પર છઠ્ઠો રાજા થયો તે કીર્તિવીર્ય. તેમના પિતાનું નામ બળવીર્ય. કીર્તિવીર્યને ભરત મહારાજાની જેમ અરિસાભુવનમાં જ આત્માની અપૂર્વ શ્રેણિમાં પ્રવેશતાં કૈવલ્ય જ્ઞાન થયું હતું. દેવોએ સાધુવેશ અર્પણ કર્યો અને પછી તેઓ ચારિત્ર અંગીકાર કરી મોક્ષમાં ગયા.

## ६५ કૃષ્ણારાણી.

તે શ્રેણિક મહારાજાની રાણી હતી. તેનો પુત્ર, ચેડારાજા અને કોણિક વચ્ચેના યુદ્ધ સંગ્રામમાં મરાયો, એ જાણી તેણે કાળી રાણીની માફક ભગવાન મહાવીરની દેશના સાંભળી દીક્ષા અંગીકાર કરી. તપમાં વડાસિંહની ક્રિયાનો તપ કર્યો. ૧૧ વર્ષની સંયમ પર્યાયને અંતે તે કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

## ६६ કૃષ્ણ વાસુદેવ.

વસુદેવ રાજાની દેવકી નામક રાણીના તે પુત્ર હતા. તેમનો જન્મ તેમના મામા કંસને ત્યાં મથુરામાં થયો હતો. કંસને અતિમુક્ત મુનિએ કહેલું કે આ તમારી બેન દેવકીને જે સાતમો બાળક થશે, તે તને મારશે. આથી યુક્તિપૂર્વક વસુદેવને સમજાવી, દેવકીની

પ્રસુતિક્રિયા પોતાને ત્યાં કરાવવાની માગણી કરી. વસુદેવે તે કબુલ રાખી. ત્યારબાદ દેવકીએ પ્રસવેલાં ૭ બાળકો દેવની માયાથી સુલસાને ત્યાં ગયા, અને સુલસાને જન્મેલાં મૃત બાળકો દેવકીને ત્યાં આવ્યા. હવે સાતમા પુત્રપ્રસવની કંસ રાહ જોવા લાગ્યો. તેણે ચોકીદારોને સખ્ત ચેતવણી આપી. પરન્તુ જેનું પુણ્ય પ્રબળ હોય અને ભાવિ નિર્માણ હોય તે કોણ મિથ્યા કરી શકે. યોગ એવો બન્યો કે બરાબર સાતમે મહિને દેવકીએ સાતમા બાળક શ્રી કૃષ્ણને જન્મ આપ્યો. દેવોના પ્રભાવે ચોકીદારો ઉંઘમાં ઘોરતા હતા. દેવોએ તે કૃષ્ણ બાળકને સાવધાનીથી ઉંચકી લીધો અને તેને લઈ જઇને ગોકુલ નામક ગ્રામમાં નંદ નામક ગોવાળને ત્યાં મૂકયા. ત્યાં કૃષ્ણ મોટા થયા અને કંસનો વધ કર્યો. પરન્તુ શ્રી કૃષ્ણ તે વખતે જરાસંઘની બીકથી પશ્ચિમ ભણી ચાલ્યા ગયા. ત્યાં દેવતાઓએ તેને માટે દ્વારિકાનગરી વસાવી આપી. સર્વ યાદવોએ તેમને રાજ્યાસને બેસાડી રાજા તરીકે સ્વીકાર્યા. આ વાતની ખબર પડતાં પ્રતિવાસુદેવ જરાસંઘે કૃષ્ણ વાસુદેવ પર ચડાઈ કરી, પરન્તુ તેમાં જરાસંઘ મરાયો. પછી બીજા દેશો શ્રીકૃષ્ણે જીત્યા અને એ રીતે તેઓ ૭ ખંડના અધિપતિ થયા. તે વખતે પાંડવો તેમના નિકટના સગા અને સ્નેહીઓ હતા. તેમના વખતમાં શ્રી કૃષ્ણના કાકા સમુદ્રવિજય રાજાના પુત્ર શ્રી નેમનાથ તીર્થંકર થયા. શ્રી કૃષ્ણ પ્રભુ નેમનાથના અનન્ય ભક્ત હતા. શ્રીકૃષ્ણને રૂક્ષ્મણી, સત્યભામા, રાધા, પદ્માવતી આદિ ઘણી રાણીઓ હતી. તેમના નાનાભાઈ ગજસુકુમારે સગપણ કરેલી કન્યાને છોડી, પ્રવર્જ્યા લઈ, તપ કરવા સ્મશાનમાં વાસ કર્યો હતો, ત્યાં તેમના સસરા સોમિલ બ્રાહ્મણના ઉપસર્ગથી શ્રી ગજસુકુમારે મોક્ષમાં વાસ કર્યો. આ ખબરથી ભાઇના આ વેદનાજનક મૃત્યુથી શ્રી કૃષ્ણને ઘણું લાગી આવ્યું. પોતાનું મૃત્યુ કેવી રીતે થશે એ બાબત શ્રી નેમનાથને પૂછતાં પ્રભુએ શ્રી કૃષ્ણને કહ્યું કે–તારી દ્વારકાનગરી દેવના કોપે બળશે અને જરાકુંવરના હાથે તારૂં મૃત્યુ થશે.

આથી ભય પામી શ્રી કૃષ્ણે જીવનમાં સત્કાર્યો કરવાનું પણ લીધું. તે દીક્ષા તો ન લઈ શક્યા, તેમ શ્રાવકના વ્રતો પણ ગ્રહણ ન કરી શક્યા, પરન્તુ તેમણે દ્વારિકા નગરીમાં એવો પડહ વગડાવ્યો કે જે કોઈને દીક્ષા લેવી હશે તેનું તમામ ખર્ચ શ્રી કૃષ્ણ આપશે, અને તેમના વાલીવારસોનું પોતે રક્ષણ કરશે. આથી ઘણાઓએ આ સગવડથી દીક્ષા લીધી. આ ઉપરાંત અનેક સત્કર્મો વડે શ્રીકૃષ્ણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું અને તેઓ હવે પછીના ઉત્સર્પિણી કાળમાં અમમનાથ નામના તીર્થંકર થશે. આખરે દ્વૈપાયન* નામના અગ્નિકુમાર દેવના કોપથી દ્વારિકાનગરી બળી. અગ્નિની ચોમેર ફરી વળેલી જ્વાળાઓ રોકવા શ્રીકૃષ્ણ શક્તિમાન ન થયા, એટલે શ્રીકૃષ્ણ તથા બળદેવ, એક રથમાં પોતાના પિતા વસુદેવ અને માતા દેવકીને બેસાડી, પોતે રથ હાંકીને જેવા જ દ્વારિકા નગરીના દરવાજાની બહાર નીકળ્યા, કે તરત જ તે દરવાજો તૂટી પડ્યો અને પોતાના માબાપ તેમાં ચગદાઈ મૃત્યુ પામ્યા. બંને ભાઇ ઝડપભેર ત્યાંથી નાસી છૂટ્યા અને વગડામાં ગયા. ત્યાં શ્રીકૃષ્ણને ખૂબ તૃષા લાગી. બળભદ્ર પાણીની શોધ માટે ચાલ્યા ગયા. તેવામાં જે ઝાડ પાસે શ્રીકૃષ્ણ બેઠા હતા, ત્યાં જરાકુંવરના હાથથી છૂટેલું એક બાણ આવ્યું અને તે શ્રીકૃષ્ણના કપાળમાં વાગ્યું. કારમી ચીસ પાડી શ્રી કૃષ્ણ ત્યાં એક હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામ્યા

---

* શૌર્યપુર નગરની બહાર આશ્રમમાં પરાશર નામનો તાપસ હતો. તેણે યમુના દ્વીપમાં જઇ કોઇ નીચ કન્યા સાથે ભોગવિલાસ કર્યો; પરિણામે એક પુત્ર થયો. તેનું નામ દ્વૈપાયન. દ્વૈપાયન આગળ જતાં બ્રહ્મચારી પરિવ્રાજક થયો અને યાદવોના સહવાસમાં મૈત્રિ-ભાવથી રહેવા લાગ્યો. એકવાર શાંબ આદિ કુમારો મદિરામાં ચકચૂર બન્યા અને દ્વૈપાયનને મારી નાંખ્યો. મરીને તે અગ્નિકુમાર દેવ થયો. ક્રોધના નિયાણાથી તેણે દ્વારિકા નગરીને બાળીને ભસ્મીભૂત કરી.

અને ત્રીજી નરકે ગયા. પાછળથી બળભદ્રે આવીને ભાઇના મૃત્યુ પર ખૂબ આંસુ સાર્યાં, પણ સઘળું વ્યર્થ ગયું. આખરે તેણે શ્રી કૃષ્ણની અંતઃક્રિયા કરી. શ્રીકૃષ્ણ આવતી ચોવીસીમાં ભરતક્ષેત્રમાં ૧૨ મા તીર્થંકર થશે.

## ૬૭ કૃષ્ણકુમાર.

શ્રેણિક રાજાની કૃષ્ણાકુમારી નામક રાણીને કૃષ્ણકુમાર નામે પુત્ર થયો હતો. તે કાલકુમારની સાથે યુદ્ધમાં કોણિકની મદદે ગયો. ત્યાં ચેડા રાજાના હાથે તેનું મૃત્યુ થયું અને તે નરકમાં ગયો. ત્યાંથી નીકળીને તે કાળકુમારની માફક મોક્ષમાં જશે.

## ૬૮ કુંથુનાથ.

વર્તમાન ચોવિસીના ૧૭ મા તીર્થંકર શ્રી કુંથુનાથ હસ્તિનાપુરના સુર નામક રાજાની શ્રી નામની રાણીની કુક્ષિમાં, સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવીને શ્રાવણ વદિ ૯ ની રાત્રે ઉત્પન્ન થયા. માતાએ ૧૪ સ્વપ્ન જોયાં. ગર્ભકાળ પુરો થયે વૈશાક વદિ ૧૪ ના રોજ તેમનો જન્મ થયો.

દિગ્ કુમારીકાઓએ શ્રીરાણીનું સુતિકાકર્મ કર્યું. ઇંદ્રોએ ભાવી તીર્થંકરનો જન્મોત્સવ ઉજવ્યો. માતા પિતાને અતિશય હર્ષ થયો. ગર્ભ વખતે માતાએ કુંથુ નામે રત્નસંચય જોયેલો, તે ઉપરથી પુત્રનું નામ કુંથુનાથ પાડવામાં આવ્યું. બાલ્યાવસ્થા વીતાવી તેઓ યુવાવસ્થા પામ્યા ત્યારે તેમને કેટલીક સુરૂપ કન્યાઓ પરણાવવામાં આવી. તેમનું દેહમાન ૩૫ ધનુષ્યનું હતું. ૨૩૭૫૦ વર્ષની ઉંમરે તેઓ પિતાની રાજગાદીપર આવ્યા. ૨૩૭૫૦ વર્ષ સુધી માંડળીક રાજાપણે રહ્યા. ત્યારપછી આયુદ્ધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું, જે વડે તેમણે છસો વર્ષમાં છ ખંડ જીત્યા અને તેઓ ચક્રવર્તી કહેવાયા. ચક્રવર્તીપણામાં તેમણે ૨૩૭૫૦ વર્ષ રાજ્ય કર્યું, ત્યાર પછી વરસીદાન આપવું શરૂ કર્યું. તે પછી તેમણે એક હજાર પુરુષો સાથે વૈશાક

વદિ પાંચમે સંયમ અંગીકાર ક્યોં. ૧૬ વર્ષ છદ્મસ્થપણે રહ્યા પછી ચૈત્ર શુદિ ત્રીજે તેમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. તેઓને સ્વયંભૂ પ્રમુખ ૩૫ ગણધરો હતા. કુંથુનાથ પ્રભુના શાસન પરિવારમાં ૬૦ હજાર સાધુઓ ૬૦૬૦૦ સાધ્વીઓ, ૧૭૯ હજાર શ્રાવકો અને ૩૮૧ હજાર શ્રાવિકાઓ હતા. ૨૩૭૩૪ વર્ષ સુધી તેઓ કૈવલ્ય પ્રવર્જ્યામાં રહ્યા, એ રીતે ૯૫ હજાર વર્ષનું આયુષ્ય પુરૂં કરી એક હજાર સાધુઓ સાથે સમેત શિખર પર એક માસના અનશને વૈશાખ વદિ ૧ ના રોજ પ્રભુ સિદ્ધ થયા.

## ૬૯ કુબેરકુમાર

દ્વારિકાના રાજા શ્રીકૃષ્ણના ઓરમાન ભાઈ શ્રી બળભદ્રની ધારિણી નામક રાણીથી કુબેરકુમાર ઉત્પન્ન થયા. યૌવન વય પામતાં તેઓ ૫૦૦ સ્ત્રીઓ પરણ્યા, પ્રભુ નેમનાથની દેશના સાંભળી વૈરાગ્ય પામ્યા અને શ્રી નેમનાથ પાસે દીક્ષા અંગીકાર કરીને તેમણે ૧૪ પૂર્વનું જ્ઞાન મેળવ્યું. ૨૦ વર્ષનું ચારિત્ર પાળી શ્રી શત્રુંજય પર્વત પર તેઓ સિદ્ધ થયા. ( અંતકૃત )

## ૭૦ કુંભરાજા

તેઓ મિથિલા નગરીના રાજા અને મલ્લીનાથ ( મલ્લીકુંવરી ) પ્રભુના સાંસારિક પિતા હતા. મલ્લીકુંવરીના અથાગ રૂપથી મોહ પામી જિતશત્રુ વગેરે રાજાઓએ તેની કુંવરી પરણાવવા માટે કુંભ-રાજા પાસે માગણી કરી. કુંભરાજાએ ના પાડી. તેથી છએ રાજાઓએ સંપ કરી મિથિલા નગરીને ઘેરો ઘાલ્યો. શત્રુનાં અપાર દળ સામે મિથિલાપતિ ટક્કર ન ઝીલી શકવાથી તે મહેલમાં ભરાઈ બેઠો. આખરે મલ્લીકુંવરીની યુક્તિથી તેનો ભય દૂર થયો. મલ્લીકુંવરી અને છએ રાજાઓએ પાછળથી દીક્ષા લીધી, અને કુંભરાજાએ શ્રાવકપણું અંગીકાર કર્યું. ( જ્ઞાતાસૂત્ર )

## ૭૧ કુંડકોલિક

કપીલપુરનગરમાં કુંડકોલિક નામે ગાથાપતિ હતો. તેને પૂષા નામે સ્ત્રી હતી. રિદ્ધિસિદ્ધિ પણ ઘણીજ હતી. પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળી તે પણ કામદેવની માફક શ્રાવક થયા અને પવિત્ર જીવન ગાળવા લાગ્યા. એકવાર મધ્યાન્હકાળે પોતાની નામાંકિત મુદ્રિકા (વીંટી) ઉતારીને, પ્રભુ મહાવીર પાસેથી લીધેલાં વ્રતનું શાંતચિત્તે સ્મરણ કરતા હતા, તેવામાં એક દેવ તેમની પાસે આવ્યો અને કહ્યુઃ હે શ્રાવક, ગોશાળાનો ધર્મ સાચો છે, અને મહાવીરનો ધર્મ ખોટો છે. કેમકે ગોશાળો કહે છે કે જે થવાનું હોય તેજ થાય છે; અને મહાવીર કહે છે કે ઉદ્યમ કરવાથી થાય છે. તો ગોશાળાનું કથન સત્ય છે; માટે મહાવીર પાસેથી લીધેલું વ્રત છોડી દે, નાહક તપ જપ કરી શા માટે આત્માને શોષે છે! ત્યારે કુંડકોલિકે કહ્યું:–ધર્મ તો પ્રભુ મહાવીરનોજ સત્ય છે; હે દેવ, તું અહિંજ જો કે તું દેવની જે રિદ્ધિસિદ્ધિ પામ્યો, તે શાના પ્રતાપે? તેં ઉદ્યમ ન કર્યો હોત તો તને તેમાંનું કશુંયે ન મળત. માટે પ્રભુનો જ પ્રરૂપેલો ધર્મ સત્ય છે, અન્ય ધર્મની હું સ્વપ્નામાંય ઈચ્છા ન કરૂં. તેની તારે ખાત્રી રાખવી. ઉપર પ્રમાણે સાંભળી દેવ સ્તબ્ધ થઇ ગયો. તેણે કુંડકોલિકની દઢતાના વખાણ કર્યા. પછી તે દેવ ત્યાંથી સ્વસ્થાનકે ગયો.

ત્યારબાદ પુત્રને ગૃહકાર્યભાર સોંપી કુંડકોલિક સંસાર કાર્યમાંથી નિવૃત્ત થયા. ૧૧ પ્રતિમા વહન કરીને, એક માસનો સંથારો ભોગવી કાળ કરીને તે સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષ પામશે.

## ૭૨ કેશીસ્વામી

તેઓ ભગવાન પાર્શ્વનાથના શિષ્ય હતા. મતિ, શ્રુત અને અવધિજ્ઞાની હતા. ચારિત્રવંત, ક્ષમાવંત, મહાતપસ્વી, યશવંત, જ્ઞાનવંત આદિ અનુપમ લક્ષણો વડે તેઓ શોભાયમાન હતા. અનેક

શિષ્યોથી પરિવર્તેલા શ્રી કેશી સ્વામી એકવાર શ્રાવસ્તી નગરીના તિંદુક નામના ઉદ્યાનમાં પધાર્યા. એજ અરસામાં ભગવાન મહાવીરના પ્રથમ ગણધર શ્રી ઇંદ્રભૂતિ ઉર્ફે ગૌતમ સ્વામી પણ તેજ શ્રાવસ્તી નગરીના કોષ્ટક નામક ઉદ્યાનમાં અનેક શિષ્યો સહિત પધાર્યા. આ બંને મહાપુરુષોના શિષ્યો શહેરમાં ગૌચરી અર્થે નીકળતા ભેગા થયા. બંને જૈનધર્મી સાધુઓ હોવા છતાં એક બીજાનો જુદો જુદો વેશ જોઈ પરસ્પર તેઓને શંસય થયો કે આનું કારણ શું હશે? ઉભય શિષ્યવૃંદે પોતપોતાના ગુરૂને આ વાત કરી. આથી શ્રી ગૌતમ ગણધરે વિચાર્યું કે ભ. પાર્શ્વનાથના શિષ્ય મારાથી મોટા ગણાય, માટે નિયમ પ્રમાણે મારે કેશી સ્વામીને વંદન કરવા જવું જોઇએ. એમ વિચારી શ્રી ગૌતમ તિંદુક વનમાં શ્રી કેશી ગણધર પાસે આવ્યા અને તેમને ભાવયુક્ત વંદન કર્યું. કેશી સ્વામીએ પણ તેમનો સત્કાર કરી યોગ્ય આસને બેસાડયા. આ વખતે શ્રી કેશી અને ગૌતમ ચંદ્રસૂર્ય જેવા શોભવા લાગ્યા. અન્ય મતાવલંબીઓ આ કૌતક જોવા માટે ઉદ્યાનમાં આવ્યા. જૈનધર્માનુયાયીઓ પણ એક બીજાની ચર્ચા સાંભળવાની ઉત્સુકતાથી આવ્યા. દેવલોકના દેવતાઓ પણ ત્યાં આવી પહોંચ્યા. પરસ્પર વાર્તાલાપ શરૂ થયો. તેમાં પ્રથમ કેશી સ્વામીએ શ્રી ગૌતમને પૂછયું:—હે બુદ્ધિમાન! પાર્શ્વનાથ પ્રભુએ ચાર મહાવ્રતરુપ ધર્મ કહ્યો અને મહાવીર પ્રભુએ પાંચ મહાવ્રત રૂપ ધર્મ કહ્યો, તો આ તફાવતનું શું કારણ હશે?

શ્રી ગૌતમે જવાબ આપ્યો:—સ્વામિન્! પહેલા તીર્થંકરના સાધુઓ સરળ અને જડ હોય છે, છેલ્લા તીર્થંકરના સાધુઓ વાંકા અને જડ હોય છે, જ્યારે વચ્ચેના ૨૨ તીર્થંકરના સાધુઓ સરળ અને બુદ્ધિવંત હોય છે. તેથી પ્રભુએ બે પ્રકારનો ધર્મ કહ્યો છે. અર્થાત્ પહેલા તીર્થંકરના સાધુઓ ત્વરાએ ધર્મ સમજી શકતા નથી, અને સમજ્યા પછી તેઓ સારી રીતે તેની આરાધના કરે છે,

જ્યારે છેલ્લા તીર્થંકરના સાધુઓ જલ્દીથી સમજી શકે છે ખરા, પરન્તુ આચાર પાલનમાં તેઓ શીથીલ બને છે. તે કારણથી પહેલા અને છેલ્લા તીર્થંકરે પાંચ મહાવ્રતો પ્રરૂપ્યા છે અને વચ્ચેના ૨૨ તીર્થંકરોએ ચાર મહાવ્રતો પ્રરૂપ્યા છે.

આ જવાબથી કેશી સ્વામી ઘણા સંતોષ પામ્યા. પુનઃ તેમણે ગૌતમની વિનય-ભક્તિ કરીને બીજો પ્રશ્ન પૂછ્યો. તેમણે કહ્યું-મહાનુભાવ! પાર્શ્વનાથ ભગવાને બહુમૂલાં અને રંગીન વસ્ત્રો વાપરવાની સાધુઓને છૂટ આપી છે, ત્યારે મહાવીર ભગવાને અલ્પ મૂલ્યવાળાં અને શ્વેત વસ્ત્ર પહેરવાની સાધુઓને આજ્ઞા કરી છે, તો આનું કારણ શું હશે?

શ્રી ગૌતમે જવાબ આપ્યો, કે છેલ્લા તીર્થંકરના સાધુઓ વાંકા અને જડ હોવાથી તેઓને વસ્ત્ર પર મોહભાવ થાય, એ સ્વાભાવિક છે. અને ૨૨ તીર્થંકરના સાધુઓ મોહમાં આસક્ત બને તેવા ન હોવાથી, રંગીન અને મૂલ્યવાન વસ્ત્રો વાપરવાની આજ્ઞા આપી છે. વળી લીંગ પણ સાધુપણું પાળવામાં મદદગાર છે, સાધુ આચારથી ભ્રષ્ટ થતો હોય, તે વખતે તે પોતાના વેશ પરથી પણ શરમાય કે હું જૈનનો સાધુ છું, મ્હારાથી દુષ્કર્મ ન સેવાય. વગેરે વગેરે.

ઉપર્યુક્ત આચાર અને વેશના પ્રશ્નો ઉપરાંત બીજા ઘણા પ્રશ્નો કેશીસ્વામીએ પૂછયા અને શ્રી ગૌતમે તેના સંતોષકારક ખુલાસાઓ કર્યાઃ આખી પરિષદ્ પણ આનંદ પામી. ત્યારબાદ કેશી ગણધરે, ગૌતમ ગણધર પાસે ચારને બદલે પાંચ મહાવ્રતોનું અંગીકરણ કર્યું. બંને ગણધર દેવો પોત પોતાના શિષ્ય મંડળ સાથે અન્ય સ્થળે વિહાર કરી ગયા. થોડાક વખત પછી શ્રી કેશી સ્વામીને કૈવલ્યજ્ઞાન થયું અને તેઓ મોક્ષમાં ગયા.

## ૭૩ કૈકેયી.

અયોધ્યા નગરીના રાજા દશરથની તે રાણી હતી. કૈકેયીને પરણીને આવતાં રસ્તામાં બીજા રાજાઓ સાથે દશરથને યુદ્ધ થયું, તે વખતે દશરથ રાજાના રથના પૈડાની ખીલી નીકળી ગઈ. આ વખતે સમયસૂચકતા વાપરીને રાણી કૈકેયીએ ખીલીની જગ્યાએ પોતાની આંગળી ભરાવીને રથને ચાલુ રાખ્યો. યુદ્ધ પુરૂં થતાં કૈકેયીની આંગળીનો છુંદાઈને કુચો થઈ ગયો હતો. આ જોઈ દશરથ રાજા કૈકેયી પર પ્રસન્ન થયો અને તેણે તેણીને વરદાન માગવાનું કહ્યું. કૈકેયીએ તે વરદાન પ્રસંગે માગી લેવાનું દશરથ રાજા પાસેથી વચન લીધું. કૈકેયીને ભરત નામે પુત્ર થયો. શ્રી રામચંદ્રજીના રાજ્યારોહણ વખતે કૈકેયીએ પોતાનું વચન માગ્યું કે શ્રી રામને વનવાસ આપો અને પોતાના પુત્ર ભરતને રાજ્ય આપો. આથી દશરથ રાજાને ઘણો પશ્ચાત્તાપ થયો; પરન્તુ આપેલા વચન પ્રમાણે તેને અનુસરવું પડ્યું. કૈકેયી લોકોના ધિક્કારને પાત્ર બની અને અપમાનિત દશામાં તેને પોતાનું જીવન વીતાવવું પડ્યું.

## ૭૪ કૈલાસ ગાથાપતિ.

સાંકેતપુર નામક નગરમાં કૈલાસ નામનો ગાથાપતિ રહેતો. તેણે ભગવાન મહાવીર દેવ પાસે ચારિત્ર લીધું હતું. બાર વર્ષ સુધી ઉત્તમ પ્રકારનું ચારિત્ર પાળી તેઓ મોક્ષમાં ગયા.

## ૭૫ કોણિક.

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્યાસન પર બિરાજતા હતા. શ્રેણિક મહારાજાને નંદા નામની રાણીથી અભયકુમાર નામે પુત્ર થયો હતો. તે મહા વિચિક્ષણ અને બુદ્ધિશાળી હતો. તેથી રાજ્યકાર્યભારમાં શ્રેણિક રાજાએ તેને સલાહકાર મુખ્ય મંત્રી બનાવ્યો હતો. વૈશાલક નગરીના રાજા અને પ્રભુ મહાવીરના

મામા ચેટકરાજાને સાત પુત્રીઓ હતી. તેમાં ચેલ્લણા સુસ્વરૂપવાન હોવાથી શ્રેણિક મહારાજાએ તેનું માગું કર્યું હતું. પણ ચેટક રાજાનો નિયમ એવો હતો કે જૈનધર્મીનેજ કન્યા આપવી. તેથી રાજા શ્રેણિક નિરાશ થયા હતા. (અદ્યાપિ શ્રેણિક રાજા બૌદ્ધ ધર્મી હતા) અભયકુમાર શ્રેણિકને વંદન કરવા આવ્યા અને પિતાનું નિરાશ વદન જોઈ કારણ પૂછતાં શ્રેણિકે ચેલ્લણાને પરણવાની ઇચ્છા બતાવી. અભયકુમારે પોતાની નિપુણતાથી ચેલણા રાણીને મેળવી આપી. રાજા શ્રેણિક ચેલ્લણાને પરણ્યા અને તેની સાથે સુખ ભોગવવા લાગ્યા.

કાળાન્તરે ચેલ્લણા રાણીને ગર્ભ રહ્યો. બાદ ત્રણ મહિને ચેલ્લણા રાણીને રાજા શ્રેણિકના કાળજાનું માંસ ખાવાનો દોહદ થયો. આ વાત રાણીથી રાજાને કેમ કહી શકાય? તેથી નિરંતર તે રાણી સુકાવા લાગી. એકવાર તેને ચિંતામગ્ન જોઈ શ્રેણિકે પૂછ્યું, ત્યારે તેણે સઘળી હકીકત જાહેર કરી. રાજાની પણ ચિંતા વધી. અભય કુમારને બોલાવ્યો, અભયકુમારે આશ્વાસન આપી દોહદ પૂર્ણ કરી આપવાનું વચન આપ્યું.

અભયકુમારે કસાઈખાનામાંથી પશુના ઉદર સ્થાનનું માંસ મંગાવ્યું. રાજા શ્રેણિકને એક પલંગ પર સુવાડી, મંગાવેલું માંસ તેના હૃદયપર કપડામાં વીંટીને બાંધ્યું, અને રાજા શ્રેણિકનું મ્હોં દેખાય તેવી રીતે તેના પર એક ચાદર ઓઢાડી દીધી. ચેલ્લણા રાણી ને બોલાવીને તે પલંગની પાસેજ એક આસન પર તેને બેસાડી. શ્રેણિક રાજાએ મૂર્છા પામ્યા હોય તેવો દેખાવ શરૂ કર્યો. અભય-કુમાર પેલું માંસ છરી વતી કાપ્યા જતા હતા, અને તેને એક વાસણમાં મુકતા હતા. માંસ સઘળું કપાઈ રહ્યા બાદ અભયકુમારે તે ચેલ્લણાને આપ્યું. ચેલ્લણા રાણીએ તે માંસ ખાધું અને દોહદ પુરો કર્યો. ચેલ્લણા પ્રસન્નતાપૂર્વક ગર્ભનું રક્ષણ કરવા લાગી.

એક વખત ચેલ્લણાએ વિચાર કર્યો કે આ બાળકે ગર્ભમાંથીજ પિતાનું માંસ ખવડાવ્યું, આગળ જતાં આ પુત્ર શો જુલમ નહિ કરે ! માટે આ ગર્ભનો અત્યારથી જ નાશ કરવો શ્રેયસ્કર છે, એમ ધારી ચેલ્લણા તે બાળકના નાશ માટે ઔષધ ખાવા લાગી, પરંતુ તેમાં તે સફળ થઈ નહિ. અનુક્રમે નવ માસે પુત્રનો જન્મ થયો. જન્મ થતાંજ ચેલ્લણાએ આ બાળકને કુળનાશક ધારીને ઉકરડામાં ફેંકી દેવરાવ્યો. ત્યાં કુકડાએ આ બાળકની આંગળી કરડી ખાધી અને તેમાંથી લોહી વહેતું હતું.

બાળકને ઉકરડામાં ફેંકીને જેવી દાસી પાછી ફરતી હતી તેવામાંજ તેને શ્રેણિક રાજા મળ્યા. શ્રેણિકે પૂછતાં દાસીએ સર્વ હકીકત જાહેર કરી. રાજા દાસી સાથે ઉકરડામાં ગયા. ત્યાં આ બાળક દુઃખથી રડતું હતું. તરતજ શ્રેણિકે તેની આંગળી મોંમાં ઘાલી લોહી ચુસી લીધું અને બાળકને લઇને અંતઃપુરમાં ચેલ્લણા પાસે આવ્યા. ચેલ્લણાને ઠપકો આપીને આ બાળકનું રક્ષણ કરવાનું કહ્યું. ચેલ્લણા રાણી ઉદાસભાવે બાળકનું રક્ષણ કરવા લાગી.

આ બાળકની આંગળી કુકડાએ કરડી ખાધી હતી, તેથી તેનું નામ 'કુણિક' પાડયું. બાલ્યાવસ્થા વીતાવી કુણિક યુવાવસ્થાને પામ્યો, ત્યારે તેને આઠ સ્ત્રીઓ પરણાવવામાં આવી. કુણિક યુવરાજપદે હતો, અને રાજ્યકારભારમાં પણ પુરતું લક્ષ આપતો હતો.

એકવાર કુણિકને વિચાર થયો કે જ્યાંસુધી શ્રેણિક રાજા રાજ્યાસન પર છે ત્યાંસુધી મારાથી રાજ્ય ભોગવી શકાશે નહિ, માટે શ્રેણિકને કેદખાનામાં પૂરીને હું રાજગાદી પર બેસું. એવો વિચાર કરી પોતાના ઓરમાન વગેરે દશ ભાઇઓને બોલાવી પોતાની ઇચ્છા જાહેર કરી. સર્વેએ અનુમતિ આપી.

પ્રસંગ સાધીને કુણિકે શ્રેણિક મહારાજાને કેદખાનામાં પૂરી દીધા, અને પોતે રાજ્યગાદી પર બેસી ગયો. પછી તેણે નગરમાં પોતાની

સખ્ત ધાક બેસાડી દીધી. કોઈપણ માણસ શ્રેણિક રાજાને મળવા જઈ શકે નહિ, તેમજ તેમને ખાનપાન આપવાનું પણ કુણિકે બંધ કરાવ્યું, આ સાંભળવાથી ચેલ્લણા રાણીના દુઃખનો પાર રહ્યો નહિ, તે ખુબ આર્ત ધ્યાન કરવા લાગી. પણ શો ઉપાય? છતાં તેણી હિમતવાન બનીને કુણિક પાસે ગઈ, અને શ્રેણિકને મળવા જવાની રજા માગી. કુણિક ના કહી શકયો નહિ, તેથી ચેલ્લણા રાણી રોજ શ્રેણિકને મળવા જાય અને છાની રીતે ખાવાનું લઈ જઇને તેમને આપે.

આ પ્રમાણે કેટલાક દિવસ વીતી ગયા. કુણિકને એક પુત્ર હતો. તેના પર કુણિકને ઘણીજ પ્રીતિ હતી. તે બાળકને રમાડતો હતો. પાસે ચેલ્લણા રાણી બેઠેલી હતી. તેને જોઈને કુણિક બોલ્યોઃ હે માતા, મારા જેટલી પ્રીતિ જગતમાં કોઈને પુત્ર પર હશે? રાણી ચેલ્લણાએ જવાબ આપ્યોઃ–કુણિક, પુત્ર પ્રેમ તો મહારાજા શ્રેણિકનો! બાકીનો બીજાનો પ્રેમ તો સ્વાર્થી અને ક્ષણિકજ. કુણિકે કારણ પૂછ્યું. રાણી ચેલ્લણાએ કુણિકનો જીવનવૃત્તાંત કહ્યો અને કહ્યું કે શ્રેણિકનાજ પ્રતાપે તું જીવતો રહ્યો છે, નહિ તો કયારનોયે સ્વધામ પહોંચી ગયો હોત. વળી રાજ્ય પણ તનેજ આપવાની ઇચ્છા મહારાજા શ્રેણિકની હતી. પણ તું તો બહુ સારો પુત્ર થયો, એટલે રાજ્યલોભને ખાતર પિતાને કેદમાં પુરતાં પણ તને દયા ન આવી. આ સાંભળી કુણિક ક્ષણભર સ્થંભી ગયો અને પોતાના પ્રેમાળ પિતાને દુઃખ આપ્યા બદલ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તરતજ તે ચેલ્લણા રાણીને કહીને શ્રેણિકને કેદખાનામાંથી છૂટા કરવા માટે દોડયો. લુહારને બોલાવવા જતાં મોડું થાય તેથી તે પોતે હાથમાં એક લોઢાનો દંડ લઈને જેલ તરફ રવાના થયો.

શ્રેણિકરાજા કર્મની વિચિત્ર સ્થિતિ ઉપર વિચાર કરતા હતા અને પોતે પાછળથી જૈનધર્મી બન્યાથી સઘળું દુઃખ સમભાવ

પૂર્વક સહન કરતા હતા, તેવામાં રાજા શ્રેણિકે કુણિકને હાથમાં લોઢાનો દંડ લઈ જલ્દીથી પોતાની સામે દોડતો આવતો જોયો. શ્રેણિકે વિચાર કર્યો કે ખરેખર, આ પુત્ર બાપનો પૂર્વભવનો વૈરીજ છે; અને જરૂર મારો ભયંકર રીતે તે સંહાર કરશે, તેથી પુત્રના હાથથી મરવું તેના કરતાં પોતે જાતેજ મરી જવું બહેતર છે, એમ ચિંતવી તેણે તાલ પુટ વિષ પોતાના મ્હોંમાં નાખ્યું અને મરણને શરણ થયો.

કુણિક, પિતાના પાંજરા પાસે પહોંચ્યો, ત્યાં તો શ્રેણિક ને મૃત અવસ્થામાં જોયા. અંતિમ સમયે પણ પિતાનો મેળાપ ન થયો જાણી તરતજ તે મૂર્છા ખાઈ જમીન પર પડી ગયો. શુદ્ધિમાં આવતાં તે આક્રંદ વિલાપ કરતો પોતાના પાપનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ઘેર આવી ચેલ્લણાને વાત કરી. ચેલ્લણા પણ દુઃખ પામી. કાળાન્તરે કુણિક શોકમુક્ત થયો અને રાજ ભોગવવા લાગ્યો.

## ૭૬ કૌશલ્યા.

અયોધ્યાના દશરથ રાજાની તે રાણી અને શ્રી રામચંદ્રજીની માતા હતી. તે મહા પતિવ્રતા અને ધર્મપરાયણ હતી. સોળ સતીઓની પ્રશસ્તિમાં તેનું નામ મુખ્ય છે. તેનું શોકય પ્રત્યેનું, શોક્યના પુત્રો પ્રત્યેનું અને ઈતર જનો પ્રત્યેનું પ્રશંસનીય વર્તન એજ તેનાં ઉદારપણાનો પરિચય કરાવે છે. કૌશલ્યા જેવી સન્નારીઓ આ જગત પર જન્મે અને પ્રેમ–વાત્સલ્યથી પોતાની સુમધુરતાનો પરાગ જગત પર વહેતો કરે એજ બોધ કૌશલ્યાના જીવનમાંથી સૌ કોઇને મળે છે.

## ૭૭ કંસ.

મથુરા નગરીમાં ઉગ્રસેન રાજા રાજ્ય કરતો. તેને ધારિણી નામની રાણી હતી. તેનાથી કંસનો જન્મ થયો. કંસ જ્યારે ગર્ભમાં હતો, ત્યારે તેની માતા ધારિણીને પિતાના કાળજાનું માંસ

ખાવાનો દોહદ થયેલો. આથી ગર્ભને અનિષ્ટકારી સમજી, કંસનો જન્મ થતાંજ રાણીએ તેને કાંસાની પેટીમાં ઘાલી, કંસના પિતાના નામની મુદ્રિકા તેને પહેરાવી, નદીમાં તરતો મૂકયો. તરતી તરતી તે પેટી સૌરીપુરના એક વણિકને હાથ આવી, તેણે તેમાંથી આ બાળકને કાઢયો અને તેનું પાલન કરવા લાગ્યો. આગળ જતાં તે તોફાની થવાથી વણિકે તેને વસુદેવ રાજાને સોંપ્યો. વસુદેવે તેને યુદ્ધકળા શીખવી. ત્યારપછી કંસે સિંહરથ રાજાને પકડયો અને જીવયશા નામક રાજકન્યા પરણ્યો. પછી તેણે ઉગ્રસેન પાસેથી મથુરાનું રાજ્ય મેળવ્યું, અને પિતાને કેદમાં પૂર્યો. વસુદેવ અને કંસને મિત્રાચારી હતી. આ મિત્રાચારીના બદલામાં કંસે પોતાના કાકા દેવક રાજાની દીકરી દેવકી વસુદેવને પરણાવી.

આ ઉત્સવ વખતે જીવયશાએ અતિમુક્ત મુનિની મશ્કરી કરેલી, તેના બદલામાં અતિમુક્ત મુનિએ તેને કહ્યું કે આ દેવકીનો સાતમો ગર્ભ તમારા કુળનો અને તમારા પતિનો નાશ કરશે. આથી જીવયશા ગભરાઈ ગઈ. આ વાત તેણે પોતાના પતિ કંસને કહી. કંસે દેવકીની સુવાવડો પોતાને ત્યાં કરાવી; પરન્તુ તેનો નાશ કરનાર કૃષ્ણ તો દૈવયોગે જીવતો જ રહી ગયો. દેવકીને અવતરેલા પ્રથમના છ ગર્ભો માયા વડે સુલસાને ત્યાં મૂકાયા હતા, અને સુલસાના મૃત બાળકો દેવકીની ગોદમાં પડયા હતા, જેને પત્થર સાથે અફાળીને કંસ પોતાના વૈર બદલ સંતોષ પામીને ફેંકી દેતો. સાતમા શ્રી કૃષ્ણનું સાહરણ દેવે ગોકુળમાં નંદ નામના ગોવાળની યશોદા નામક સ્ત્રીને ત્યાં કર્યું અને યશોદાને જન્મેલી પુત્રી દેવકીની ગોદમાં મુકી. દેવકીને બાળક અવતર્યાની ખબર પડતાં કંસ ત્યાં આવ્યો અને મુનિનું વચન જુઠું માની, તેણે તે પુત્રીનું નાક છેદી, દેવકીને સુપ્રત કરી. આગળ જતાં જ્યારે શ્રી કૃષ્ણ દ્વારિકાના રાજા થયા અને પોતાના માતા

પિતાને બોલાવ્યા, ત્યારે કોઈ બીજા એક નૈમિત્તિકને કંસે કહ્યું કે આ જગતમાં મને મારનાર હવે કોઈ છે ? ત્યારે તે નૈમિત્તિકે મુનિનું કહેલું વચન મિથ્યા ન જાય. માટે તું તારો અશ્વ અને બળદ છૂટા મુક તેને, તેમજ તારા મલ્લને જે કોઈ મારશે તે તારો વૈરી સમજવો. આથી કંસે અશ્વ અને બળદ છૂટા મુકયા, તેને શ્રી કૃષ્ણ અને બળભદ્રે માર્યા. પરંતુ કંસના જાણવામાં આ આવ્યું નહિ. તેથી તેણે પોતાની બેન સત્યભામાના સ્વયંવરની રચના કરી. તેમાં ઘણા રાજાઓ આવ્યા. વસુદેવે પણ પ્રસંગ જાણી પોતાના ભાઈ સમુદ્ર-વિજય વગેરેને બોલાવ્યા. શ્રી કૃષ્ણ અને બળદેવ પણ ત્યાં ગયા. તેમણે નગરમાં પ્રવેશતાંજ દરવાજા પર ઉન્મત્ત હાથીને માર્યો, આથી કંસ વધારે સાવધાન થયો. કૃષ્ણ બળભદ્ર સ્વયંવર મંડપમાં આવ્યા, ત્યાં મલ્લ સાથે યુદ્ધ કરી મલ્લને માર્યો. આખરે કૃષ્ણે કંસ ઉપર હુમલો કરી તેને પછાડયો અને તેના પર ચડી ત્યાં જ તેને મારી નાખ્યો. ત્યાર પછી મથુરાનું રાજ્ય રાજા ઉગ્રસેન જે કેદમાં હતા તેમને આપ્યું અને શ્રી કૃષ્ણ સત્યભામાને પરણ્યા. આખરે દુષ્ટ કર્મ સેવનાર કંસ મૃત્યુ પામી નરકમાં ગયો.

## ૭૮ ખંધક મુનિ.

શ્રાવસ્તિ નગરી. જીતશત્રુ રાજા, તેમને ધારિણી નામે સ્ત્રી. તેમને એક પુત્ર અને એક પુત્રી. પુત્રનું નામ ખંધકકુમાર અને પુત્રીનું નામ પુરંદરયશા, બંને ઉમ્મર લાયક થયાં. ખંધકકુમાર ખૂબ ભણ્યા. તેમનામાં ધર્મના સંસ્કારો પણ ઘણા સારા. જૈન ધર્મમાં તેમને સંપૂર્ણ શ્રદ્ધા હતી. પુરંદરયશાએ પણ જ્ઞાન સારૂં મેળવ્યું. પુત્રીની પુખ્ત ઉમ્મર થવાથી દંડક દેશમાં કુંભકાર નામની નગરીમાં દંડક રાજા સાથે તેનું લગ્ન કર્યું. તે દંડક રાજાને પાલક નામનો એક પ્રધાન હતો. તે અભવી અને જૈન ધર્મનો દ્વેષી હતો. એકવાર તે

શ્રાવસ્તિ નગરીમાં આવ્યો. ત્યારે ખંધક કુમારે જૈન ધર્મની ઘણી પ્રશંસા કરી. આ તેનાથી ખમાયું નહિ. તેણે જૈન ધર્મની નિંદા કરવા માંડી. પણ ખંધક કુમારની વિદ્વતા આગળ પાલક હારી ગયો તેથી ખંધક પર તેને વેર બંધાયું. અને તે વેર વાળવાના નિશ્ચય પર આવીને પોતાને ગામ કુંભકારમાં આવ્યો.

એકદા પ્રસ્તાવે શ્રી મુનિસુવ્રતસ્વામી શ્રાવસ્તિ નગરીમાં પધાર્યા. પરિષદ વંદન કરવા ગઈ. ખંધક કુમાર પણ ગયા, પ્રભુએ ધર્મબોધ આપ્યો. ખંધક કુમાર પ્રતિબોધ પામ્યા અને માતા પિતાની રજા લઈ ૫૦૦ માણસો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી અને જ્ઞાન ધ્યાનમાં વિચરવા લાગ્યા.

એકવાર ખંધક મુનિએ પોતાની બેનને ઉપદેશ આપવા માટે પાંચસો શિષ્યો સાથે દંડક દેશમાં જવાની પ્રભુ પાસે આજ્ઞા માગી. પ્રભુ તો સર્વજ્ઞ હતા, એટલે કહ્યું કે હે ખંધક મુનિ, તમે ત્યાં જશો તો તમારા પર મૃત્યુનો ઉપસર્ગ આવશે. અને તે ઉપસર્ગ તમને અકલ્યાણકારી અને બીજાને કલ્યાણકારી નીવડશે. ત્યારે ખંધકે કહ્યું. પ્રભુ, મારા અહિતની સાથે બીજાનું હિત હોય તો હું જવા ઈચ્છું છું. પ્રભુએ કહ્યું:—જેમ સુખ ઉપજે તેમ કરો.

ખંધક મુનિ પોતાના ૫૦૦ શિષ્યો લઈને દંડક દેશ પ્રતિ પ્રયાણ કરવા લાગ્યા અને ગ્રામાનુગ્રામ વિહાર કરતાં દંડક દેશના કુંભકાર નગરના ઉદ્યાનમાં આવી ઉતર્યા. આ વાતની પેલા પાલકને ખબર પડી. તેથી તેણે વેર લેવા માટે એક રાત્રીએ તે બગીચાની બાજુમાં માણસો દ્વારા જમીન ખોદાવીને તેમાં હથીયાર નંખાવ્યા. અને પછી રાજા પાસે જઈને વાત કરી કે ખંધક કુમાર દીક્ષા લઈને આપણા ઉદ્યાનમાં આવ્યા છે, પણ તેનો વિચાર આપણને મારી આપણું રાજ્ય લઈ લેવાનો છે. રાજાએ પાલકને કહ્યું કે તેની કંઈ સાબીતી છે? પાલકે ઉત્તર આપ્યો, હા, જુઓ, તેમની સાથે પાંચસો

મુનિ વેશમાં માણસો છે, અને બગીચામાં હથીયાર દાટયા છે, ચાલો હું તમને બતાવું. રાજાને પાલકના આ કપટની ખબર ન હતી. રાજા ત્યાં ગયો અને પાલકે હથીયાર બતાવ્યાં. તેથી રાજા ક્રોધે ભરાયો અને ફાવે તે શિક્ષા કરવાનું પાલક પ્રધાનને જણાવી દીધું.

પ્રધાને બગીચામાં એક ઘાણી ઉભી કરાવી અને ખંધક આદિ પાંચસો શિષ્યોને જણાવી દીધું કે રાજાના તમે ગુન્હેગાર છો, તેથી આ ઘાણીમાં તમને બધાને પીલીને મારી નાખવાના છે, માટે બધા મરવા માટે તૈયાર થઈ જાવ. આ સાંભળી ખંધક આદિ અણગારો વિચારમાં પડી ગયા; ખંધકે જાણ્યું કે પ્રભુએ કહેલો આ મરણાંતિક ઉપસર્ગ આવ્યો. કર્મ કોઈને છોડવાનું નથી. તેથી તેમણે પાંચસે શિષ્યોને ધર્મબોધ આપીને મરવા માટે તૈયાર થઈ જવાનું કહ્યું. સઘળા શિષ્યો તૈયાર થયા. પાલકે એક પછી એક ૪૯૯ મુનિઓને ઘાણીમાં પીલ્યા. મુનિઓ આત્મભાવના ભાવતાં કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગયા. હવે પાછળ ખંધક મુનિ અને તેમના ન્હાના પ્રિય શિષ્ય બાકી રહ્યા. ખંધક મુનિને ઘણું લાગી આવ્યું, તેથી તેમણે પાલકને કહ્યું, કે મ્હને આ શિષ્ય ઉપર ઘણો પ્રેમ છે, માટે પહેલાં મને ઘાણીમાં પીલી નાખ, અને પછી આ શિષ્યને પીલજે, ત્યારે પાલકે કહ્યું. તમને દુઃખ આપવા માટેજ મેં આ બધું કર્યું છે, અને જેમ તમને વધારે દુઃખ ઉપજે, તેમ કરવાનો મારો ઈરાદો છે, માટે મારે પ્રથમ તે શિષ્યને જ પીલવાનો છે. એમ કહી શિષ્યને પાલકે ઘાણીમાં ઘાલી પીલી નાખ્યો. તે શિષ્ય પણ શુભ ધ્યાનના યોગથી કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગયો. પછી ખંધક મુનિનો વારો આવ્યો. પાંચસે શિષ્યોના ભયંકર રીતે જાન જવાથી ખંધક મુનિને ઘણો ક્રોધ ચડયો. તે બોલ્યા કે જો મારા તપ સંયમનું ફળ હોય તો હું આવતા ભવમાં આ દંડક દેશને બાળનારો થાઉં. આવું નિયાણું કરી ખંધક મુનિ ઘાણીમાં પીલાયા અને મૃત્યુ પામીને અગ્નિકુમાર

નામે દેવ થયા. નિયાણા મુજબ અગ્નિકુમાર દેવે દંડક દેશ બાળી મૂકયો અને ત્યારથી દંડકારણ્ય હાલ કહેવાય છે.

## ૭૯ ખંધક સન્યાસી.

તેઓ શ્રાવસ્તી નગરીમાં ગર્દ નામના પરિવ્રાજકના શિષ્ય હતા. ચાર વેદાદિ છ શાસ્ત્રમાં પારંગત હતા. એકવાર પ્રભુ મહાવીરના પીંગળ નામના સાધુ સાથે તેમનો મેળાપ થયો, તે વખતે પીંગળ મુનિએ ખંધકને પૂછયું કે આ લોક અનંત છે કે અંત સહિત છે? જીવ અંત સહિત કે અંત રહિત છે? સિદ્ધશિલા અંત સહિત છે કે રહિત છે? સિદ્ધના જીવો અંત સહિત છે કે રહિત છે? અને કેવા મરણથી જીવ સંસાર વધારે તથા કેવા મરણથી જીવ સંસાર ઘટાડે? આ દશ પ્રશ્નો પૂછયા. તેનો જવાબ ખંધક પરિવ્રાજક આપી શકયા નહિ, આથી તેમની મુંઝવણ વધી. એવામાં શ્રાવસ્તી નગરીના લોકો બોલવા લાગ્યા કે ભગવાન મહાવીર અહિંથી થોડેક દૂર કયંગલા નગરીમાં પધાર્યા છે. આ વાત સાંભળી ખંધક પ્રભુ મહાવીરના દર્શને જવા ચાલી નીકળ્યા; એ અરસામાં ભગવાન મહાવીર દેવે ગૌતમને કહ્યું કે તમારો પૂર્વસ્નેહી ખંધક પરિવ્રાજક અહિંયા આવે છે. આથી શ્રી ગૌતમે પ્રશ્ન કર્યો:—પ્રભુ, તે અહિં કયારે આવશે અને આપની પાસે તે સાધુપણું અંગીકાર કરશે કે કેમ? જવાબમાં ભગવંતે કહ્યું:— શ્રાવસ્તી નગરીનો ઘણો ભાગ તે વટાવી ચૂકયો છે અને તે મારી પાસે પ્રવર્જિત થશે. આ સાંભળી શ્રી ગૌતમ તે ખંધકનો સત્કાર કરવા સામા જવા નીકળ્યા, ત્યાં સમવસરણ નજીક ખંધકનો મેળાપ થયો. શ્રી ગૌતમે ખંધકને પૂછયું:—ત્હમે 'લોક અનંત છે કે અંત સહિત છે' વગેરે પ્રશ્નોનું નિરાકરણ કરવા આવ્યા છો? ખંધકે કહ્યું:—હા, ત્હમે કેમ જાણ્યું? ગૌતમે કહ્યું:—મારા ધર્માચાર્ય, ધર્મગુરૂ શ્રી મહાવીર દેવ પાસેથી મેં જાણ્યું. ખંધકે કહ્યું: ત્યારે ચાલો,

આપણે શ્રી મહાવીર દેવ પાસે જઇએ. બંને જણા પ્રભુ મહાવીર પાસે આવ્યા. ખંધકે પ્રભુને વિનયપૂર્વક વંદન નમસ્કાર કર્યા અને તેમની સન્મુખ બે હાથ જોડી ઉભા રહ્યા. તરતજ પ્રભુએ કહ્યું:–હે આર્ય ! પીંગળ નામના સાધુએ તમને જે દશ પ્રશ્નો પૂછ્યા છે તેના ઉત્તર આ પ્રમાણે છે. એમ કહી પ્રભુએ તે દશે પ્રશ્નોના વિસ્તાર પૂર્વક જવાબ આપ્યા. તે સાંભળી ખંધક સન્યાસી સંતોષ પામ્યા. ત્યાર પછી પોતાને વીતરાગ ધર્મ સંભળાવવાની ખંધકે પ્રભુને વિનંતિ કરી એટલે પ્રભુએ તેમને પંચમહાવ્રત રૂપ સાધુ ધર્મ સંભળાવ્યો. આથી ખંધકને જૈનધર્મની પ્રવજ્યાં લેવાની અભિલાષા થઈ. તરતજ તેમણે પોતાનો પરિવ્રાજક વેશ દૂર કર્યો અને પંચમુષ્ઠિ લોચ કરી પ્રભુ સમીપ ઉભા રહી પોતાને જૈન મતની દીક્ષા આપવાની પ્રભુને વિનંતિ કરી, એટલે ભગવાને તેમને દીક્ષા આપી. તે પછી ખંધક મુનિએ સામાયકાદિ ૧૧ અંગનો અભ્યાસ કર્યો. ત્યારબાદ ભિક્ષુની આકરી બાર પ્રતિમાઓ આદરી અને ગુણ-સંવત્સર નામક મહાતપ કરી શરીરને શોસવી નાખ્યું. શરીર છેકજ દુર્બળ થઈ જતાં, તેમણે પ્રભુની રજા લઈ રાજગૃહી પાસેના વિપુલ-ગિરી પર્વત પર આવી સંથારો કર્યો. એક માસના સંથારાને અંતે, એકંદર ૧૨ વર્ષનો સંયમ પાળી તેઓ કાળધર્મ પામ્યા અને બારમા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તેઓ મોક્ષમાં જશે.

## ૮૦ ગર્ગાચાર્ય.

જૈન સંતપુરુષોમાં પૂર્વકાળે ગર્ગ નામના મહા વિદ્વાન આચાર્ય વિચરતા હતા. તેમને ઘણા શિષ્ય થયા હતા; પરન્તુ પૂર્વના કર્મ-સંયોગે બધાયે શિષ્યો અવિનિત અને ગુરૂને અસમાધિ ઉપજાવે તેવા હતા. આથી ગુરૂ તે સર્વ શિષ્યોનો ત્યાગ કરીને એકલવિહારી

થયા, અને પ્રભુની આજ્ઞા પ્રમાણે સમાધિપૂર્વક વિચરવા લાગ્યા. સુકોમળ, વિનિત, નિરભિમાની, સમતાવાન્, ચારિત્રવાન્ એવા અનેક ગુણોથી અલંકૃત તે મુનિ તપ અને ચારિત્રને દીપાવતા ક્ષપક શ્રેણિમાં પ્રવેશી કૈવલ્યજ્ઞાન પામ્યા અને મોક્ષમાં ગયા.

## ૮૧ ગજસુકુમાર.

સાક્ષાત્ દેવલોક સમી દ્વારિકા નામની નગરી હતી. એકદા શ્રી અરિષ્ટનેમિ ભગવાન ગ્રામાનુગ્રામ વિહાર કરતા ત્યાં પધાર્યા. તેમની સાથેના સાધુ સમુદાયમાં છ સાધુઓ બીજા પણ હતા. જેઓ એક ઉદરથી જન્મેલાં સગા ભાઈઓ હતા. તે છએ રૂપ, રંગ, ઉંમરમાં એકજ સરીખા સુશોભિત અને સુકોમળ હતા. તેઓ દીક્ષા લઈને તરતજ છઠછઠની તપશ્ચર્યા કરી વિચરતા હતા. એકવાર છઠના પારણાને દિવસે પ્રભુની આજ્ઞા લઈ તેઓ છ જણા બબ્બે જણની જુદી જુદી ત્રણ ટુકડીઓ કરી દ્વારિકા નગરીમાં ભિક્ષાર્થે નીકળ્યા. તેમાં પ્રથમ બે સાધુઓની જોડીએ વસુદેવ રાજાની દેવકી રાણીના મહેલમાં ગૌચરી અર્થે પ્રવેશ કર્યો. દેવકીજી આ બે મુનિવરોને જોઈ આનંદ પામી અને નમસ્કાર કરીને તેમને ભોજનગૃહમાંથી લાડુ લાવીને વહોરાવ્યા. આ મુનિઓ ગયા બાદ બીજી જોડી ફરતી ફરતી દેવકીજીને ત્યાં આવી પહોંચી. દેવકીજીએ માન્યું કે આ જોડી ફરીવાર અહીંઆ કેમ આવી ? છતાં કંઈપણ પૂછ્યા વગર તેમને પણ લાડુ વહોરાવ્યા. બીજી જોડી પણ ત્યાંથી ચાલી ગઈ. ત્યારબાદ ત્રીજા બે સાધુની જોડી પણ ભિક્ષાર્થે ફરતી ફરતી દેવકીજીને ત્યાં જ આવી. દેવકીજીએ વંદન કર્યું અને આહારપાણી વહોરાવી પૂછ્યું: અહો, મહાત્મન્, શ્રીકૃષ્ણ વાસુદેવની આ વિશાળ દ્વારિકા નગરીમાં આપને આહારની પ્રાપ્તિ શું ન થઈ, કે જેથી એકજ ઘરમાં ત્રણ ત્રણ વખત આપને આવવું પડ્યું ? ઉક્ત મુનિવરો દેવકીનું કથન સમજી ગયા અને કહ્યું,

હે દેવાનુપ્રિય! આ નગરીમાં અમને આહારપાણી ન મળે એવું કંઈ નથી. વળી અમે તો આ પહેલીજ વાર અહિં આવ્યા છીએ. અમારા પહેલા આવેલા સાધુઓ અમે નહિ પણ બીજાજ. તે સાંભળી આશ્ચર્ય પામી દેવકીજી બોલ્યા:–મહારાજ, ત્યારે આપ બધા એકજ સરીખા લાગો છો તો આપ કોણ છો તે કૃપા કરી કહેશો? સાધુઓ બોલ્યા:–અમે ભદ્દીલપુર નગરના રહેવાસી, નાગ ગાથાપતિ અને સુલસા દેવીના છ પુત્રો, એકજ ઉદરથી ઉત્પન્ન થયા છીએ, અને દીક્ષા લઈને છઠછઠના પારણા કરીએ છીએ. આજે પારણાનો દિવસ હોવાથી અમે છ સાધુઓની જુદી જુદી ત્રણ જોડી કરીને ભિક્ષાર્થે નીકળ્યા છીએ. એટલું કહ્યા બાદ તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

દેવકીજી વિચારમાં પડ્યા કે અતિમુક્ત સાધુએ મ્હને કહેલું કે તમે નળકુબેર સરીખા સુસ્વરૂપવાન આઠ પુત્રોને જન્મ આપશો અને તેવા પુત્રો આ ભરતક્ષેત્રમાં કોઈ માતા જન્મશે નહિં. તો શું તે મહાત્માનું વચન મિથ્યા ગયું? કેમકે મને લાગે છે કે મ્હારા કૃષ્ણ વાસુદેવ જેવા પુત્ર જન્માવનાર બીજી માતા હજુ ભરતક્ષેત્રમાં છે. માટે હું શ્રી નેમનાથ ભગવાનને પૂછી આ શંકાનું સમાધાન કરૂં.

એમ ધારી દેવકીજી રથમાં બેસી પ્રભુ પાસે આવ્યા અને વંદન કર્યું. તરતજ પ્રભુએ કહ્યું, હે દેવકીજી, ત્હમને સંદેહ થયો હતો કે અતિમુક્તમુનિનું વચન મિથ્યા ગયું? દેવકીજીએ કહ્યું, સત્ય વાત છે ભગવાન!

ભગવાને કહ્યું:—ભદ્દીલપુર નગરમાં નાગ નામે ગાથાપતિને સુલસા નામે સ્ત્રી હતી. સુલસાને ન્હાનપણમાં એક નિમિત્તિયાએ કહ્યું હતું કે ત્હને મરેલાં બાળકો અવતરશે. ત્યારથી સુલસા હરિણ-ગમેષી દેવની આરાધના કરવા લાગી. દેવ પ્રસન્ન થયા. દેવકીજી, તમે અને સુલસા બંને એકી જ સાથે ગર્ભ ધારણ કરતાં. તે વખતે સુલસા

મરેલાં બાળકો જન્મતી, અને ત્હમે જીવતા બાળકોને જન્મ આપતા. હરીણગમેષી દેવ તમારાં બાળકોને ઉપાડી સુલસાના ગર્ભમાં મૂકતો. અને તેનાં મૃત બાળકો ત્હમારા ગર્ભમાં સાહરણ કરીને મૂકતો. અને એવી રીતે તમે મૃત બાળકોને જન્મ આપતાં. હે દેવકીજી! આ છએ સાધુ ત્હમારાં પુત્રો છે અને અતિમુક્તમુનિનું વચન મિથ્યા નથી ગયું. આ સાંભળી દેવકીજીના આનંદનો પાર ન રહ્યો. તત્કાળ દેવકીજી, ત્યાંથી ઉઠી પ્રભુને વંદન કરી તે છ સાધુ પુત્રોને વંદના કરવા આવી. છ પુત્રોના વાત્સલ્ય પ્રેમથી દેવકીજીના સ્તનમાંથી દૂધની ધારાઓ છૂટી અને પોતે ઘણાજ હર્ષથી પ્રફુલ્લિત બની, ત્યાંથી પ્રભુને વંદન કરી સ્વસ્થાનકે ગઈ.

રાજમહેલ તેને સ્મશાનવત્ જણાયો. તેને પુત્રો માટે બહુજ લાગી આવ્યું. તે મન સાથે બોલવા લાગી. અહો, ધિક્કાર છે મ્હને, સાત સાત પુત્રો છતાં હું બાળ-પાલનનો લાભ મેળવી શકી નહિ, છ પુત્રોએ તો દીક્ષા લીધી, અને કૃષ્ણ પણ મ્હને છ મહીને વંદન કરવા આવે છે. ધન્ય છે એ માતાને, જે પોતાના બાળકોને રમાડે છે, સ્તનપાન કરાવે છે, ગોદમાં લે છે, હસાવે છે, હું તો હત્-ભાગિની અને પાપી છું. એમ વિચારતી તે આર્તધ્યાન કરવા લાગી. તેવામાં શ્રીકૃષ્ણ આવી પહોંચ્યા. માતાને ચિંતાનું કારણ પૂછયું. દેવકીજીએ પુત્ર ઈચ્છા બતાવીને કારણ જણાવ્યું. ત્યાંથી શ્રીકૃષ્ણે અઠમ કરી દેવનું આરાધન કર્યું. આથી દેવ આવ્યો શ્રી કૃષ્ણે પોતાને એક ભાઈની માગણી કરી. દેવે જણાવ્યું કે દેવકીજીને પુત્ર થશે; પણ યુવાન થતા તે દીક્ષા લેશે. કૃષ્ણે કહ્યું. ફીકર નહિ. ‘ તથાસ્તુ ’ કહી દેવ ગયો. શ્રીકૃષ્ણે માતા પાસે આવી આશ્વાસન આપ્યું. દેવકીજીને ગર્ભ રહ્યો, નવ મહિને પુત્રનો પ્રસવ થયો. દેવકીજીના આનંદનો પાર રહ્યો નહિ. પુત્ર રૂપરૂપનો અવતાર, નામ પાડયું ગજસુકુમાર. કુમાર દિવસે ન વધે એટલો રાત્રે વધે, અને

રાત્રે ન વધે એટલો દિવસે વધે. દેવકીજીએ બાળસ્નેહના મીઠાં કોડ પૂરા કર્યા. બાલ્યાવસ્થા વીતાવી કુમારે યૌવનાવસ્થામાં પ્રવેશ કર્યો.

દ્વારિકા નગરીમાં સોમિલ નામે બ્રાહ્મણ હતો, તેને સોમા નામે એક પુત્રી હતી. તે રૂપરૂપનો ભંડાર હતી. શ્રીકૃષ્ણે એકદા તેને જોઈ. ગજસુકુમાર સાથે લગ્ન કરવા ઇચ્છયું. સોમાને લઈ રાજમહેલમાં સ્થાપી અને લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. તેવામાં અરિષ્ટનેમિ ભગવાન પધાર્યા. શ્રીકૃષ્ણ તથા ગજસુકુમાર વંદન કરવા ગયા. પ્રભુએ ધર્મબોધ આપ્યો. ગજસુકુમાર વૈરાગ્ય પામ્યા. ઘેર આવી દીક્ષાની રજા માગી. માતા તથા શ્રીકૃષ્ણે દીક્ષા નહિ લેવા ઘણું સમજાવ્યા. પણ જેનું હૃદય વૈરાગ્યરસથી તરબોળ બની ગયું હોય તેને શું? દેવકીજીએ સોમા સાથે લગ્ન કરવાનું કહ્યું, પણ જેના હૃદયમાં વિકારમાત્રને સ્થાન ન હોય તેને શું? આખરે રજા મળી. ગજસુકુમારે માતા, પિતા, ભાઈ, સગાં, સ્ત્રી, રાજવૈભવ, એ તમામનો ત્યાગ કરી પ્રભુ પાસે દીક્ષા લીધી. પોતાના કર્મને જલ્દીથી બાળી, ભસ્મ કરી, જન્મ, જરા, મૃત્યુના ભયંકર દુઃખોથી જેમને બચવું છે તે શું શું નથી કરતા? ગજસુકુમાર પ્રભુની આજ્ઞા લઈ તેજ રાત્રીએ સ્મશાનમાં ગયા, અને બારમી ભિક્ષુક પ્રતિમા ધારણ કરીને કાયોત્સર્ગ ધ્યાનમાં સ્થિર થઈને રહ્યા અને ઉત્તમ ભાવના ભાવવા લાગ્યા.

ગજસુકુમારની દીક્ષાની વાત પેલા સોમિલ બ્રાહ્મણે જાણી, તેથી તેને ઘણોજ ક્રોધ ચડ્યો. પોતાની પુત્રીને રખડતી મૂકી તે માટે તેને ઘણુંજ લાગી આવ્યું અને વૈર–ભાવના તેનામાં જાગૃત થઈ. સોમિલ બ્રાહ્મણ લગ્નની તૈયારી કરવા માટે દીક્ષા સમય પહેલાં બહાર ગયેલ, અને છેક મોડી રાત્રે તે સ્મશાન આગળ થઈને ઘેર જતો હતો; તેવામાં ત્યાં ગજસુકુમારને ધ્યાનસ્થ જોયા. જોતાંજ તે ક્રોધિત બન્યો; અને કોઈ પણ રીતે તેણે વેર લેવાનું ઇચ્છયું, સોમિલે

ચોતરફ નજર કરી, પણ સર્વત્ર શૂન્યકાર. મોડી રાત્રીએ સ્મશાનમાં કોણ હોય ? તે આનંદ પામ્યો. તરતજ આસપાસથી લાકડા વીણી લાવી અગ્નિ સળગાવ્યો. નજીકના એક તળાવ પાસે જઈ પલળેલી માટી લાવ્યો અને તે માટીથી ગજસુકુમારનાં માથા પર ગોળ ફરતી પાળ બાંધી. ત્યારપછી તેણે સળગેલાં લાકડામાંથી ધગધગતા અંગારા લાવી તે પાળની વચ્ચે મૂક્યાં. આ ભયંકર કામ કરી સોમિલ ત્યાંથી ભયભિત બની નાસી ગયો, અને ઘેર પહોંચી ગયો.

જેમ જેમ અંગારા બળતા જાય છે, તેમ તેમ વધુને વધુ વેદના ગજસુકુમારને થતી જાય છે. માથામાં મોટા મોટા ખાડાઓ પડતા જાય છે, તેમ તેમ ઉગ્ર વેદના મુનિને થતી જાય છે! પણ મુનિને ક્યાં હાલવું ચાલવું છે? તે તો અદ્ભુત ક્ષમાની મૂર્તિ! માથાની ખોપરી તુટતી જાય છે, અને તડતડ અવાજ સંભળાય છે, તેમ તેમ ગજસુકુમાર પોતાના સોમિલ સસરાને ધન્યવાદ આપતા જાય છે, અને શુકલ ધ્યાનની અપૂર્વ ભાવના ભાવતા જાય છે; આમ અપૂર્વ ક્ષમાની અદ્ભુત જ્યોતિથી ગજસુકુમારના કર્મ બળીને ખાક થઈ ગયા અને અપૂર્વ કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયું. દેવોએ તે જાણીને ત્યાં પુષ્પોની વૃષ્ટિ કરી, દિવ્યગાનનો નાદ કર્યો.

પ્રાતઃકાળ થયું. સૂર્યનારાયણે તો પોતાના અવિચળ નિયમ મુજબ સોનેરી કિરણો જગતપર પ્રસારી દીધાં. શ્રીકૃષ્ણ મહારાજા ચતુરંગી સેના સાથે પ્રભુને વંદન કરવા નીકળ્યા. રસ્તામાં એક વૃદ્ધ માણસને જોયો. જે એક ચણાતાં મકાનમાં એક પછી એક ઈંટ લઈ જતો અને થાકથી નિરાશાના ઉદ્ગારો કાઢતો. આ વૃદ્ધ ડોસાને જોઈ શ્રીકૃષ્ણને દયા આવી. તેથી હાથીના હોદ્દા ઉપરથી ઉતરી શ્રીકૃષ્ણે એક ઈંટ ઉપાડીને મકાનમાં મૂકી. તરત જ આખી સેનાએ એકેક ઈંટ ઉપાડી મકાનમાં મૂકી, અને ડોસાનું કામ પૂરૂં

કર્યું. તેણે શ્રીકૃષ્ણનો ઉપકાર માન્યો. ત્યાંથી શ્રીકૃષ્ણ પ્રભુ પાસે પહોંચ્યા અને વંદન કર્યું. ત્યાં પોતાના ભાઈ ગજસુકુમારને શ્રીકૃષ્ણે જોયા નહિ, તેથી કયાં છે તે જાણવા પ્રભુને પૂછયું. પ્રભુએ કહ્યું: હે કૃષ્ણ, ગજસુકુમારે પોતાનું કામ સિદ્ધ કર્યું. શ્રી કૃષ્ણે પૂછયું:— કેવી રીતે ભગવાન ? પ્રભુએ કહ્યું:—ગજસુકુમારને જલ્દી મોક્ષ મેળવવાની ઈચ્છા હતી, તેથી તે બારમી સાધુ પ્રતિમા ગ્રહણ કરી, મ્હારી રજા લઈ સ્મશાનમાં ગયા. ત્યાં એક પુરૂષે તેમને સહાય કરી. પરિણામે તેમનું કાર્ય સિદ્ધ થયું. જેવી રીતે પેલા વૃદ્ધની ઇંટો ઉપાડી તમે તેનું કામ પૂરૂં કર્યું તેવી રીતે.

શ્રીકૃષ્ણનાં નેત્રો લાલ થયાં, ત્હેમને ક્રોધ ચડયો. ભગવાને ક્રોધ ન કરવા સમજાવ્યું. શ્રીકૃષ્ણે કહ્યું, ભગવાન. ત્યારે હું તે પુરૂષને કેમ ઓળખી શકું ? પ્રભુએ કહ્યું. ત્હમને તે પુરૂષ રસ્તામાં મળશે, અને તમને દેખીને તે ભય પામી મૂર્છાગત બની ત્યાં જ મરણ પામશે. શ્રીકૃષ્ણ પ્રભુને નમસ્કાર કરી ત્યાંથી ઉઠી સ્વસ્થાનકે જવા ચાલ્યા. સોમિલને પણ વિચાર થયો કે શ્રીકૃષ્ણ, ભગવાનને વાત પૂછશે અને ભગવાન સઘળી હકીકત તેમને કહેશે. તેથી તે ભયભીત બની ઘેરથી નીકળી ગયો. ત્યાં રસ્તામાં જ શ્રીકૃષ્ણનો ભેટો થયો. સોમિલ ગભરાયો અને ત્રાસ પામી એકદમ ત્યાં મૂર્છિત થઈ જમીન પર પડયો અને મરણને શરણ થયો. શ્રી કૃષ્ણે તેને ઓળખ્યો. ગુસ્સાના આવેશમાં તેમણે તેના મૃત શરીરના ટુકડેટુકડા કરી નાખ્યા અને ચંડાળો પાસે તે ફેંકાવી દીધા, તથા તે જગ્યાએ પાણીનું સિંચન કરાવી શ્રીકૃષ્ણ સ્વસ્થાનકે ગયા.

શ્રી ગજસુકુમારનો દેહ વિલય પામ્યો પણ તેમનો અમર આત્મા અમરધામ (મોક્ષ)માં પહોંચી ગયો. ધન્ય છે ગજસુકુમાર સમા મહા ક્ષમાસાગર સાધુને !

# ૮૨. ગર્દભાળી મુનિ

ગર્દભાળી નામના એક મહા સમર્થ આચાર્ય હતા. એકવાર તેઓ પાંચાલ દેશના કંપિલપુર નગરના કેસરી નામના ઉદ્યાનમાં ધ્યાન ધરીને બેઠા છે, તેવામાં તેજ વનપ્રદેશમાં સંયતિ નામનો રાજા શિકાર અર્થે આવી ચડયો. રાજાએ એક મૃગને બાણ મારી વીંધી નાખ્યું, પાસે જ મુનિ ધ્યાનસ્થ બેઠા હતા. તરફડીયા ખાતું તે મૃગ મુનિના ખોળામાં જઈ પડયું. સંયતિ રાજાની દૃષ્ટિ મુનિ પર પડતાં તે ગભરાયો અને સ્વગત વિચારવા લાગ્યો:—અહો ! હું કેવો પાપી કે આ મહાત્માના મૃગને મેં માર્યું ! આ મૃગ મુનિનું જ હોવું જોઇએ અને જો મુનિ મારા પર કોપાયમાન થશે તો મારી દુર્દશા કરશે, માટે મારે મુનિની ક્ષમા માગવી જોઇએ. એવો વિચાર કરી ભયથી કંપતો સંયતિ રાજા મુનિ પાસે આવ્યો અને વિવેકપૂર્વક બે હાથ જોડી કહેવા લાગ્યો:—મહાત્મન્! મારો અપરાધ ક્ષમા કરો, મ્હને ન્હોતી ખબર કે આ મૃગ આપનું હશે. સમયના જાણ અને જેણે પોતાના કષાયો ઉપશમાવ્યા છે એવા તે ગર્દભાળી મુનિએ ધ્યાન પારીને કહ્યું:—રાજન્, ગભરાઓ નહિ. ત્હમને અભય છે, અને ત્હમે પણ મ્હારી જેમ અભયદાનના દાતાર થાઓ. દરેક પ્રાણીને સુખ વહાલું છે અને દુઃખ અળખામણું છે. જેમ ત્હમને ત્હમારો પ્રાણ વહાલો છે, તેવો જ દરેક જીવને પોતાનો પ્રાણ વહાલો છે, માટે પોતાના આત્મા સમાન દરેક જીવને ગણવા; કોઈ જીવને મનથી વચનથી કે શરીરથી હાનિ પહોંચાડવી એ મહા અધર્મનું કારણ છે. આ રીતે અહિંસા ધર્મનું સ્થૂલ અને સૂક્ષ્મ એવું તો અદ્ભુત સ્વરૂપ મુનિએ સમજાવ્યું કે સંયતિ રાજા વૈરાગ્ય પામ્યો અને મુનિ પાસે ચારિત્ર લઈ ચાલી નીકળ્યો: મુનિ પણ ચારિત્ર ધર્મનું ઉત્કૃષ્ટ પાલન કરી મોક્ષમાં ગયા.

# ૯૩ ગોશાળો ( ગૌશાલક )

રાજગૃહી નગરીની સમીપમાં શ્રવણ નામનું એક ગામ હતું. ત્યાં મંખલી નામે ચિત્રકાર હતો. સાધારણ ચિત્રકામ કરે, દેશ પરદેશ ફરે અને જેમ તેમ કરી પોતાની આજીવિકા ચલાવે. એકવાર મંખલી તથા તેની સ્ત્રી સુભદ્રા પર્યટન કરવા નીકળ્યાં. સુભદ્રા ગર્ભવતી હતી, ગર્ભકાળ સમીપ આવી રહેલો જોઈ એક ગામમાં ગોબહૂલ નામના ધનાઢ્ય બ્રાહ્મણને ત્યાં ઉતારો કર્યો. બ્રાહ્મણે તેઓને પોતાની ગોશાળાના એક વિભાગમાં ઉતારો આપ્યો. સુભદ્રાએ અહીંયાં એક પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ ગોશાળો. બાલ્યાવસ્થા વીતાવી ગોશાળો જ્યારે યુવાવસ્થાને પામ્યો ત્યારે તે હાથમાં એક ચિતરેલું પાટીયું લઇને ભિક્ષા અર્થે દેશ પરદેશ ફરવા લાગ્યો.

એકદા પ્રભુ મહાવીર દીક્ષા લઇને પહેલું ચાતુર્માસ અસ્તિ ગ્રામમાં કરીને, બીજું ચાતુર્માસ રાજગૃહી નગરમાં એક વણકરની શાળામાં રહ્યા હતા, તે વખતે આ ગોશાળો ફરતો ફરતો ત્યાં આવ્યો અને પોતાનો સામાન–વસ્ત્ર વગેરે તેજ શાળાના એક વિભાગમાં મુકી ત્યાં નિવાસ કર્યો. પ્રભુએ માસખમણનું પહેલું પારણું વિજય શેઠને ત્યાં વહોરીને કર્યું. સુપાત્ર દાન દેવાથી રત્ન, ધન, પુષ્પ વગેરે પંચ દ્રવ્યની વિજય-શેઠને ત્યાં દિવ્ય વૃષ્ટિ થઈ. ગામમાં ખબર પડવાથી સૌ કોઈ વિજય શેઠને ધન્યવાદ દેવા લાગ્યા.

ગોશાળે પણ આ વાત જાણી. તેણે વિચાર્યું કે જો હું પ્રભુનો શિષ્ય થાઉં, તો મને બહુજ લાભ થાય. તેથી તે મહાવીર પાસે આવ્યો અને કહ્યું:–' હે પ્રભુ, હું તમારો શિષ્ય થવા માગું છું, પ્રભુએ આદર ન આપ્યો. કેટલાક વખત બાદ ફરીથી તેણે પ્રભુને એજ વાત કરી. પ્રભુએ હા કહી. એટલે ગોશાળો તેમનો શિષ્ય બન્યો. ગોશાળો સાધુ છતાં દરેક વાતમાં અવળો જ હતો. પ્રભુની પ્રશંસા

જ્યાં ત્યાં થતી તેનાથી સહન ન થાય, છતાં પોતાને અનુભવ લેવો છે તેથી તે પ્રભુ સાથે વિચરતો. એકવાર પ્રભુ તથા ગોશાળો કૂર્મ ગામ તરફ જતા હતા. રસ્તામાં એક ખેતરમાં એક તલનું ઝાડ હતું. તે ગોશાળે જોયું અને પ્રભુને પૂછ્યું. હે પ્રભુ, આ તલનું ઝાડ ઉગશે કે નહિ, અને તેના આ સાત પુષ્પના જીવો મરીને ક્યાં જશે? પ્રભુએ કહ્યું:—આ તલનું ઝાડ ઉગશે અને તેના જીવો મરીને તેની ફળીમાં સાત તલ રૂપે ઉપજશે. આ વાત ગોશાળાને રૂચી નહી. તેથી તરતજ તે ઝાડ તેણે મૂળમાંથી ઉખેડી નાખ્યું. અને ભગવાનની વાત ખોટી ઠરાવવા પ્રયત્ન કર્યો. ત્યાંથી પ્રભુ વગેરે વિહાર કરી ગયા. વર્ષાઋતુનો સમય હતો. કેટલાક દિવસો બાદ વૃષ્ટિ થવાથી તે ફેંકી દીધેલું ઝાડ ફરીથી ત્યાં જ ઉગ્યું અને તેના જીવો પણ તેમાં જ ઉત્પન્ન થયાં. બીજી વખત જ્યારે ગોશાળો એ ઝાડ જુએ છે ત્યારે પ્રભુ એજ ઝાડ હોવાનો જવાબ આપે છે. ત્યારે ગોશાળો ઠંડો પડી જાય છે.

કૂર્મગ્રામની બહાર વેશ્યાયન નામનો એક તપસ્વી છઠછઠના તપ કરી, સૂર્યસામે આતાપના લઈ રહ્યો છે, તેના માથામાંથી જુંઓ નીચે ખરે છે, તપસ્વી જીવદયાને ખાતર તે જુંઓ ઉપાડી ફરી પોતાના માથામાં નાખે છે. પ્રભુ મહાવીર તથા ગોશાળો આ રસ્તે નીકળ્યાં, ગોશાળો ઉક્ત દ્દશ્ય જોઈને તપસ્વીની નિંદા કરવા લાગ્યો, વેશ્યાયનને ક્રોધ ચડ્યો. તેથી તેણે ગોશાળા પર તેજુ લેશ્યા ફેંકી. ગોશાળો દાઝવા લાગ્યો, પ્રભુને દયા આવી, તેથી તેમણે શીતલેશ્યા ફેંકી, ગોશાળાને બચાવ્યો. પ્રભુનો પ્રભાવ દેખી તાપસે વંદન કર્યું.

ગોશાળાને લાગ્યું કે તેજુલેશ્યા શીખવી જરૂરી છે. તેથી પ્રભુને તેજુલેશ્યા કેમ પ્રાપ્ત થાય તે વિષે પૂછ્યું. પ્રભુએ કહ્યું કે છ માસ સુધી છઠછઠની તપશ્ચર્યા કરવી અને સૂર્ય સામે આતાપના

લેવી. પારણાના દિવસે મુઠી અડદના બાકળાનો આહાર કરવો. ગોશાળે તે મુજબ કર્યું તેથી તેને તેજુલેશ્યા પ્રાપ્ત થઈ.

તેજુલેશ્યાનો તે દુરુપયોગ કરવા લાગ્યો. એકવાર પ્રભુને તેણે પૂછયું, ભગવાન ! આજે હું શેનો આહાર કરીશ ? ભગવાને કહ્યું, માંસનો ! પ્રભુનું વચન મિથ્યા કરવાને ગોશાળો એક ધનવાન શ્રાવકને ત્યાં ગયો. તેની સ્ત્રીને બાળક જીવતું ન હતું, તેથી કોઈએ તેને કહેલું કે માંસની ખીર બનાવીને કોઈ સાધુને વહોરાવે તો તારા પુત્રો જીવતા રહે. તેથી તે શેઠની સ્ત્રીએ તેજ દહાડે માંસની ખીર બનાવેલી. ગોશાળાનું આગમન થતાં તે ખીર તેણે વહોરાવી. ગોશાળો તે હસ્ત સંપટમાં લઈ ત્યાંજ ખાઈ ગયો. તે પછી તેણે પ્રભુ પાસે આવીને કહ્યું, ભગવાન, મેં તો ખીરનો આહાર કર્યો. ભગવાને કહ્યું, ખીરનો નહિં, પણ માંસનો ! ગોશાળે ઉલ્ટી કરી તો માંહેથી માંસના કકડા નીકળ્યા. આથી ગોશાળો પેલા શેઠને ત્યાં ગયો. શેઠની સ્ત્રીએ સાધુના શાપના ભયથી મકાનનું બારણું બદલી નાખેલું. ગોશાળે ત્યાં ઘણી તપાસ કરી. પણ ઘરનો પત્તો લાગ્યો નહિ. તેથી તે વધારે ક્રોધાયમાન બન્યો અને તેજુલેશ્યા મૂકીને તેણે આખો મહોલ્લો બાળી નાખ્યો.

ગોશાળાના આ દુષ્કૃત્યથી સર્વાનુભૂતિ અણગારને ખૂબ લાગી આવ્યું. તેથી તેમણે ગોશાળાને ઠપકો આપ્યો. ગોશાળાને ક્રોધ ચડયો અને અણગારને પણ તેજુલેશ્યાથી બાળ્યા. એકવાર પાર્શ્વનાથ પ્રભુના શિષ્યો ગોશાળાને મળ્યા. વાદવિવાદ થયો. ગોશાળે તેમના પર તેજુલેશ્યા છોડી; પણ તેમને તે સ્પર્શી શકી નહી. ગોશાળો ઠંડો થઈ ગયો. તેણે પ્રભુને પૂછયું, પ્રભુએ કહ્યું કે તેમનું તપોબળ ભારે છે. ત્હારી તેજુલેશ્યાનો તું દુરુપયોગ કરે છે માટે તે ટકી શકશે નહી. ગોશાળાને આથી પ્રભુ પર રીસ ચડી. તેણે પ્રભુને કહ્યું કે તું છ માસમાં મરી જઈશ. પ્રભુએ જવાબ આપ્યો. હે ગોશાલક, હું છ માસમાં નહિ મરૂં પણ બીજાં સોળ વર્ષ સુધી જીવીશ. પણ તું સાત દિવસમાં પિત્તજવરથી પીડાઇને

મૃત્યુ પામીશ. આ સાંભળી ગોશાળો ચમકયો અને નમ્ર થઈ ગયો. સાતમી રાત્રીએ તેણે વિચાર કર્યો કે હું મહા પાપી છું. સાધુપુરૂષોનો ઘાત કરનાર છું! પ્રભુ જેવા વિતરાગી પુરૂષોનો સત્સંગ પામ્યા છતાં, તેમનાથી કેટલોક કાળ જુદો રહ્યો! હું તીર્થંકર છું એવી ખોટી પ્રરૂપણા કરીને હું ભગવાનની આજ્ઞાનો વિરાધક થયો છું. માટે હવે હું સર્વ સાધુ નિર્ગંથને ખમાવું છું. એવી શુભ ભાવના મરણાંતે ભાવી, આલોચના કરી, પિત્તજ્વરથી પીડાતો તે ગોશાળો મરીને બારમા દેવલોકમાં ગયો.

## ૮૪ ગોભદ્ર શેઠ

રાજગૃહ નગરમાં ગોભદ્ર નામના એક શેઠ હતા. તેમને ભદ્રા નામની પત્ની હતી. બંને ધર્મનિષ્ઠ અને જૈનધર્મમાં શ્રદ્ધાળુ હતા. તેમને બે સંતાનો હતા. એક પુત્ર અને એક પુત્રી. પુત્રનું નામ શાળીભદ્ર અને પુત્રીનું નામ સુભદ્રા. સુભદ્રાને પ્રતિષ્ઠાનપુરના ધન સાર શેઠના પુત્ર ધનાકુમાર વેરે પરણાવી હતી, જ્યારે શાળીભદ્રનું ૩૨ સ્ત્રીઓ સાથે પાણીગ્રહણ કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગોભદ્ર શેઠે ચારિત્ર ગૃહણ કર્યું. ચારિત્રની શુદ્ધ આરાધનાને અંતે તેઓ દેવગતિ પામ્યા. ત્યાં ઉત્પન્ન થયા પછી શાળિભદ્રના પુણ્ય પ્રભાવે ગોભદ્ર (દેવ) ને પુત્ર પર અતિશય સ્નેહ હતો, તેથી તેઓ પુત્ર માટે દરરોજ વસ્ત્ર, ઘરેણાં અને પકવાનાદિથી ભરપુર ૯૯ પેટીઓ મોકલતા, જેના ઉપભોગમાં શાળીભદ્ર સુખ પામતો અને દેવને સંતોષ થતો. આ રીતે ઘણા વખત સુધી તે દેવે પુત્રપ્રેમને લીધે કર્યું. અને જ્યારે શાળીભદ્રે દીક્ષા લીધી ત્યારેજ તે દેવે, પેટીઓ મોકલવાનું બંધ કર્યું. અનુક્રમે ગોભદ્ર મહાવિદેહ ક્ષેત્રમાં અવતરી મોક્ષમાં જશે.

## ૮૫ ગૌતમ (૨)

તેઓ અંધક વિષ્ણુના પુત્ર હતા. માતાનું નામ ધારિણી. શ્રી ગૌતમ યુવાવસ્થા પામતાં આઠ સ્ત્રીઓ પરણ્યા. ભગવાન નેમનાથની

દેશના સાંભળી વૈરાગ્ય પામ્યા અને નેમ પ્રભુ પાસે દીક્ષા લીધી. સ્થવિર મુનિ પાસે તેઓ ૧૧ અંગ ભણ્યા. ૧૨ વર્ષનું ચારિત્ર પાળ્યું. અંતિમ સમયે શત્રુંજય પર્વત પર અનશન કર્યું અને તેઓ મોક્ષમાં ગયા.

## ૮૬ ગૌરીરાણી

ગૌરી એ શ્રી કૃષ્ણ વાસુદેવની રાણી હતી. તેમણે શ્રી નેમનાથ પાસે દીક્ષા લીધી અને યક્ષણી નામક આર્યાજી પાસે રહ્યા. વીશ વર્ષનું ચારિત્ર પાળ્યું. ઘણો તપ કરી અંતિમ સમયે એક માસનો સંથારો કરી તેઓ તેજ ભવમાં મોક્ષ ગયા.

## ૮૭ ગંગદત્ત

હસ્તિનાપુરમાં ગંગદત્ત નામે ગાથાપતિ હતા. એકવાર ભગવાન મુનિસુવ્રત સ્વામી તે નગરમાં પધાર્યા. અન્ય લોકોની જેમ ગંગદત્ત પણ ભગવાનનું વ્યાખ્યાન સાંભળવા ગયા. દેશનાને અંતે તેઓ વૈરાગ્ય પામ્યા અને પ્રભુને કહ્યું—ભગવાન, મ્હને આપનો ધર્મ રુચ્યો છે. માટે હું ઘેર જઈ, જ્યેષ્ઠ પુત્રને ગૃહકાર્યભાર સોંપી, આપના ધર્મની દીક્ષા લેવા ઇચ્છું છું. જવાબમાં ભગવાને કહ્યુંઃ— જેમ સુખ ઉપજે તેમ કરો.

ગંગદત્ત ઘેર આવ્યા. એક મ્હોટો જમણવાર કરવામાં આવ્યો. જેમાં કુટુંબીઓ વગેરેને જમાડયા. ત્યારપછી તેમણે સર્વ કુટુંબીઓ સમક્ષ પોતાના ત્યાગ ભાવની વાત જણાવી. અને ગૃહકાર્યભાર મોટા પુત્રને સોંપ્યો. ત્યાંથી સર્વની રજા લઈ તેઓ પ્રભુ પાસે આવ્યા અને દીક્ષિત થયા. ત્યારબાદ ૧૧ અંગનો અભ્યાસ કર્યો. તપશ્ચર્યાને અંતે એક માસનો અનશન કરી, કાળ ધર્મને પામી ગંગદત્ત સાતમા દેવલોકમાં ગયા. ત્યાં ૧૭ સાગરની સ્થિતિ ભોગવી, તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં અવતરશે અને તેજભવમાં મોક્ષ જશે.

# ૮૮ ચિત્ત અને બ્રહ્મદત્ત

વારાણસી નગરીમાં શંખ રાજા રાજ્ય કરતો હતો. તેને નામુચિ નામે પ્રધાન હતો. પ્રધાન વિદ્યાકળામાં કુશળ હતો. પરંતુ તેનામાં વ્યભિચારનું મોટું દુષણ હતું. એકવાર તે રાજાના અંતઃપુરમાં દાખલ થયો અને રાણી સાથે પ્રેમ સુખ ભોગવવા લાગ્યો. આ વાતની રાજાને કોઈ અનુચર દ્વારા ખબર મળી; એટલે તે તપાસ અર્થે અંતઃપુરમાં આવ્યો. પોતાની રાણી સાથે પ્રધાનને દુરાચાર સેવતો જોઈ રાજાને ઘણોજ ક્રોધ ચડયો. તત્કાળ તેણે પ્રધાનને પકડીને મંગાવ્યો; તેની સર્વ માલમીલ્કત જપ્ત કરી અને ભુદત્ત નામના એક ચંડાળને બોલાવી પ્રધાનને શહેર બહાર લઈ જઈ ગરદન મારવાનો રાજાએ હુકમ ફરમાવ્યો. પ્રધાનને લઈને ચંડાળ જંગલમાં આવ્યો. અને રાજાનો હુકમ તેને કહી સંભળાવ્યો. આ સાંભળી પ્રધાન ભયથી ધ્રુજવા લાગ્યો, અને પોતાને નહિ મારવા તેણે ચંડાળને ઘણીજ આજીજી પૂર્વક વિનંતિ કરી. બદલામાં ચંડાળે કહ્યું કે તું મારા બે પુત્રોને સંગીત કળા શીખવે તો હું તને જીવતો રાખું. પ્રધાને તે કબુલ કર્યું. ચંડાળે તેને ગુપ્ત ભોંયરામાં રાખ્યો. અને તેની પાસે સંગીતવિદ્યા શીખવા તેણે પોતાના ચિત્ત અને સંભુતિ નામના બે પુત્રોને મોકલ્યા. પ્રધાન આ બંનેને સંગીત નૃત્ય આદિ કળાઓ શીખવવા લાગ્યો.

ચંડાળની સ્ત્રી પુત્રનું શિક્ષણ જોવા સારૂં વારંવાર આ ગુપ્ત ભોંયરામાં આવતી અને તે પ્રધાન સાથે વાર્તા વિનોદ કરતી. થોડા સમયના અંતે પ્રધાનને તથા ચંડાળ સ્ત્રીને પરસ્પર પ્રેમ બંધાયો. પ્રધાન દુરાચારી હોવાથી આ ચંડાળ સ્ત્રીની સાથે વિષય સુખ ભોગવવા લાગ્યો. પાપ કદી છાનું રહી શકતું નથી. એ ન્યાયે પ્રધાનના દુષ્કૃત્યની ભુદત્ત ચંડાળને ખબર પડી. તેણે વિચાર કર્યોઃ—અહો ! આ પ્રધાન કેટલો બધો દુષ્ટ છે કે જ્યારે મેં તેને મોતથી બચાવ્યો

ત્યારે તે મ્હારીજ સ્ત્રી સાથે પ્રેમ બાંધવા તત્પર થયો! ધિક્કાર છે એ દુષ્ટાત્માને, હું હવે તેને તેના પાપનો યોગ્ય બદલો આપીશ. અને સમય આવતાં તેનો ઘાટ ઘડી નાખીશ. આમ વિચારી તે ચંડાળ પ્રધાનને મારી નાખવાની તક શોધવા લાગ્યો. આ વાતની ચંડાળના બંને પુત્રોને ખબર પડી, એટલે તેમણે વિચાર્યું કે આપણે વિદ્યાગુરૂનો બચાવ કરવો જોઈએ. એમ ધારી પિતાની ઈચ્છા તેમણે પ્રધાનને કહી અને છાનીરીતે છટકી જવાનું પ્રધાનને કહ્યું; એટલે તેજ રાત્રે પ્રધાન ગુપ્તરીતે ભોંયરામાંથી બહાર નીકળી ગયો, અને દેશ પરદેશ ફરવા લાગ્યો. કેટલાક વખતે તે હસ્તીનાપુર નગરમાં આવી પહોંચ્યો. અહિં સનંતકુમાર નામે ચક્રવર્તી રાજા રાજ્ય કરતો હતો. પ્રધાન તેની પાસે આવ્યો અને દીન વદને તેણે નોકરીની માગણી કરી. સનંતકુમારે તેને સામાન્ય સીપાઈની નોકરી આપી; પણ પ્રધાન પોતાની બુદ્ધિ અને ખટપટના પરિણામે થોડાજ વખતમાં સનંતકુમારનો પ્રધાન બન્યો, અને સુખ ભોગવવા લાગ્યો.

આ તરફ બંને ચંડાળ પુત્રો સંગીત, નૃત્ય આદિ કળામાં કુશળ બન્યા હતા. એક વાર વારાણસી નગરીમાં પ્રમોદ મહોત્સવ હતો. સર્વ નગરજનો આનંદમાં મશગૂલ હતા. તે વખતે આ બંને ચંડાળ પુત્રો નગરજનોને પોતાની સંગીત કળા બતાવવા માટે શહેરમાં આવ્યા અને મુખ્ય રસ્તા પર ઉભા રહી હાથમાં વીણા લઈ સુમધુર કંઠે ગાન તાન કરવા લાગ્યા. સંગીતના મધુર સૂરથી પુષ્કળ માણસો મુગ્ધ બની ગાન તાન સાંભળવા લાગ્યા. તેવામાં કેટલાક લોકોએ આ ચંડાળોને ઓળખી કાઢયા. તેથી એકદમ તેઓ ગુસ્સે થયા અને પોતાને અભડાવ્યા તે માટે ક્રોધાયમાન થઈ હાથમાં લાકડી પત્થર જે કંઈ આવ્યું તે લઈ આ ચંડાળ પુત્રોને મારવા માટે પાછળ પડયા. બીકના માર્યા ચંડાળ પુત્રો ત્યાંથી નાસી ગયા અને જંગલમાં આવી પહોંચ્યા.

અહિં બંનેએ વિચાર કર્યો કે અહો, જગતમાં કેવા કેવા દુષ્ટ મનુષ્યો વસે છે. આપણામાં સંગીતની સુંદર કળા હોવા છતાં માત્ર આપણી હલકી જ્ઞાતિને ખાતર તેઓ આપણો તિરસ્કાર કરે છે. માટે આપણે હવે આપઘાત કરવો ઈષ્ટ છે. એમ ધારી તેમણે ત્યાંથી પડીને મરી જવાનો નિશ્ચય કર્યો. તેવામાં એક મુનિ મહાત્મા પહાડ પર બેઠેલા. તેમની નજર આ બંને પર પડી. મુનિએ પોતાના જ્ઞાનબળે આ બંનેના મનોભાવ જાણી લીધા. તેથી તે મુનિ બોલ્યાઃ—ભાઈઓ, ત્હમે કોણ છો, અને શો વિચાર કરો છો ? આ સાંભળી બંને જણા મુનિને પગે લાગી બોલ્યાઃ-મહારાજ. અમે ચંડાળના પુત્રો છીએ. અમારી હલકી જ્ઞાતિને લીધે જગત અમારો તિરસ્કાર કરે છે. એટલે અમે આ પહાડ પરથી પડીને મરી જવા માગીએ છીએ. આ સાંભળી મુનિએ કહ્યું. વત્સો, તમે એમ માનો છો કે મરી જવાથી તમે સુખ પામશો ? ના. તેમ નથી. તમે પૂર્વ ભવમાં જાતિનો મદ કરેલો. તેથી જ તમે આ ભવે નીચ જાતિ પામ્યા છો અને વળી આપઘાત કરીને શા સારૂં વધારે દુઃખ વહોરવા તત્પર થાવ છો ? સુખ મેળવવાનો માત્ર એક જ માર્ગ છે. તે એ કે તમારા આત્માને તપ અને સંયમ વડે શુદ્ધ કરવો અને પ્રભુભક્તિમાં મશગૂલ બની ઉચ્ચ વિચારો અને ઉચ્ચ ભાવના ભાવવી. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, ક્ષમા, વિનય આદિ મહાન ગુણો વિકસાવવા અને શુદ્ધ સંયમ માર્ગે પ્રવર્તન કરવું. ઉપરના નિયમથી તમે આત્મકલ્યાણ સાધી શકશો. જૈન માર્ગમાં ગમે તે જાતિનો મનુષ્ય દીક્ષિત થઈ શકે છે, માટે તમારી હલકી જાતિ માટે ખેદ ન કરતા ખુશીથી દીક્ષા લ્યો. તમારો ઉદ્ધાર થશે. મુનિનો આ ઉપદેશ બંનેના હૃદયમાં વસી ગયો. તરત જ તેમણે મુનિ પાસે દીક્ષા લીધી, અને તપ સંયમમાં આત્માને ભાવતાં તેઓ ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા.

ફરતા ફરતા તેઓ હસ્તિનાપુર નગરના ઉદ્યાનમાં પધાર્યા. આજે બંને મુનિવરોને માસક્ષમણનું પારણું હતું. એટલે તેમાંના

એક સંભૂતિમુનિ ભિક્ષાર્થે શહેરમાં ફરવા લાગ્યા. તેવામાં નામુચિ નામના પ્રધાને પોતાના મહેલની બારીમાંથી આ મુનિને જતાં જોયાં. તરત જ તેણે મુનિને ઓળખી કાઢયા, અને વિચાર કર્યોઃ અરે! આ તો પેલો ચંડાળનો પુત્ર, તેણે દીક્ષા લીધી લાગે છે, મારી બધી વાત આ જાણે છે, અને કદાપિ તે મારી વાત રાજાને કહેશે તો મારે અહિંથી નાસી જવું પડશે. માટે મારે આ મુનિને ગામમાંથી હાંકી કાઢવા જોઈએ. એમ વિચારી પ્રધાન પોતાના અનુચરો સાથે નીચે આવ્યો અને મુનિ પાસે જઈ તેમને ખૂબ માર મારવા લાગ્યો. મુનિ નિઃશસ્ત્ર હતા, તપસ્વી હતા. ત્હેમનાથી માર સહન થઈ શકયો નહિ. એટલે તરત તેમને અંગે અંગમાં ક્રોધની જ્વાળા વ્યાપી ગઈ. પોતાની તેજુલેશ્યાના બળે તે મોઢામાંથી ધૂમાડાના ગોટેગોટા કાઢતાં ઉદ્યાન તરફ જવા લાગ્યા. ધુમાડાથી આખું આકાશ અને શહેર છવાઈ ગયું. ચક્રવર્તીએ અનુચર મારફત જાણ્યું કે કોઈએ જૈનમુનિને સતાવ્યા છે; તેથી આમ બન્યું છે. એટલે ચક્રવર્તી ઉદ્યાનમાં સંભૂતિ મુનિ પાસે આવ્યા. તે વખતે બંને મુનિવરોએ અનશન કરેલું. ચક્રવર્તીએ સંભૂતિ મુનિને વંદન કરી કહ્યું. મહારાજ, અમારો અપરાધ ક્ષમા કરો અને શાંત થાઓ. તથાપિ સંભૂતિ મુનિ શાંત થયા નહિ, એટલે ચિત્ત મુનિએ સંભૂતિ મુનિને કહ્યુંઃ હે ક્ષમાશ્રમણ, અનંત પુણ્ય બળે પ્રાપ્ત થયેલું ચારિત્ર શા સારૂં બાળીને ભસ્મીભૂત કરો છો. માટે સમજો અને શાંત થાવ. ઉક્ત શબ્દોથી સંભૂતિ મુનિ શાંત પડયા. ફરી ચક્રવર્તીએ તેમને વંદન કર્યું, ચક્રવર્તીની સ્ત્રી સુનંદાએ પણ મસ્તક નમાવીને સંભૂતિ મુનિના ચરણમાં વંદન કર્યું. સંભૂતિમુનિ તે વખતે ધ્યાન દશામાં લીન થયેલા હતા. જે વખતે ચક્રવર્તીની સ્ત્રી સુનંદાએ મુનિને વંદન કર્યું, તે વખતે તેના માથામાં નાખેલ ચંદન બાવનાના તેલનું ટીપું સંભૂતિ મુનિના ચરણ પર પડયું. તેલની ઠંડક અને સુગંધથી સંભૂતિ મુનિનું ચિત્ત વિહ્વલ બન્યું. તેમણે નેત્ર ખોલી ઉંચે જોયું.

તો સાક્ષાત્ દિવ્યાંગના સમી સૌંદર્યવાન સ્ત્રી તેમના જોવામાં આવી. જોતાં જ તે એકદમ તેનામાં મુગ્ધ બન્યા અને વિકાર ઉત્પન્ન થયો. તરત જ તેમણે નિયાણું કર્યું કે જો મારા તપ સંયમનું ફળ હોય તો આવતા ભવે મને આ સ્ત્રીરત્ન પ્રાપ્ત થજો. અહા, કાંચન અને કામિનીનો પ્રભાવ જગત જનોપર કેવો પડે છે. જેનું અપૂર્વ ચારિત્ર બળ છે, એવા મહાન મુનિવરો પણ સ્ત્રીઓના સૌંદર્યમાં વિકારવશ બની આત્માનું હિત ગૂમાવી બેસે છે.

ચક્રવર્તી ત્યાંથી સ્વસ્થાનકે આવ્યા. તેમને ખબર પડી કે મુનિના ક્રોધનું કારણ પ્રધાન હતો. તેથી તેમણે પ્રધાન પર ગુસ્સે થઈ તેના ઘરબાર લૂંટી લીધા અને તેને રાજ્યમાંથી હાંકી કાઢયો. બંને મુનિવરો કેટલાક વખત સુધી અણસણ વૃત પારી કાળાન્તરે કાળધર્મને પામ્યા અને સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચિત્ત મુનિ પુરિમતાલ નગરમાં એક ધનાઢય શેઠને ત્યાં પુત્રપણે અવતર્યા અને સંભૂતિ મુનિ કંપિલપુર નગરમાં બ્રહ્મભૂતિ રાજાને ત્યાં, તેની ચુલ્લણી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉપજ્યા. તેજ વખતે રાણીએ ચૌદ સ્વપ્ન દીઠાં. તીર્થંકર અને ચક્રવર્તીની માતા ચૌદ સ્વપ્ન દેખે છે. અનુક્રમે સવાનવ માસે પુત્રનો જન્મ થયો. રાજાએ જન્મોત્સવ ઉજવ્યો અને પુત્રનું નામ 'બ્રહ્મદત્ત' પાડયું. કેટલાક સમયે રાજા મરણ પામ્યો. કુમાર તે વખતે બાલ્યાવસ્થામાં હતો. એટલે રાજ્યનો સઘળો કાર્યભાર રાજાએ પોતાની માંદગી વખતે તેના દીર્ઘ નામના એક મિત્ર રાજાને સોંપ્યો હતો. આ દીર્ઘ રાજાને ચુલ્લણી રાણી સાથે આડો સંબંધ હતો. આખો દિવસ અને રાત તે ચુલ્લણીના આવાસમાં જ પડયો રહે અને તેની સાથે પ્રેમ સૂખ ભોગવે. આ વાતની બ્રહ્મદત્તને ખબર પડી. પોતાની માતાનું દુષણ તેનાથી સહન ન થયું, એટલે એકવાર તેણે દીર્ઘ રાજાને ચોકખું સંભળાવી દીધું કે ત્હમે અંતઃપુરમાં મારી માતા સાથે દુષ્ટ રીતે વર્તો છો, પણ યાદ રાખજો કે હું તમને કોઈ વખત જાનથી મારી નાખીશ. આ શબ્દો સાંભળતાં

દીર્ઘરાજાને કાળ વ્યાપ્યો. તેણે સઘળી વાત ચુલ્લણીને કરી. ચુલ્લણીએ દીર્ઘરાજાને કહ્યુંઃ સ્વામીનાથ, ત્હમે ફીકર શીદને કરો છો? હું બ્રહ્મદત્તનો થોડાક વખતમાં જ પ્રાણ લઈ લઈશ અને આપણે સુખ ચેનથી હંમેશની માફક રહીશું. ચુલ્લણી રાણી બ્રહ્મદત્તનો જાન લેવાની યુક્તિ શોધવા લાગી. તેણે નગર બહાર એક સુંદર લાખાગૃહ તૈયાર કરાવ્યું અને ત્યાં બ્રહ્મદત્તને રહેવા કહ્યું. બ્રહ્મદત્ત ત્યાં રહેવા ગયો. આ વાત દીર્ઘરાજાના પ્રધાન મારફત બ્રહ્મદત્તે જાણી, એટલે તેમણે રાતોરાત તે લાખાગૃહમાંથી છેક શહેર બહાર ભાગોળ સુધીની એક સુરંગ ખોદાવી. રાત્રે બ્રહ્મદત્ત અને પ્રધાનપુત્ર બંને તેમાં સૂઈ રહ્યા.

મધ્યરાત્રિનો સમય થયો. રાણી ચુલ્લણી તે લાખાગૃહ પાસે આવી પહોંચી. એક દિવાસળી તે મહેલને ચાંપી; ચાંપતાં જ ભડભડ ભડકા થવા લાગ્યા અને ક્ષણવારમાં આખો મહેલ સળગી ઉઠ્યો. પ્રધાન પુત્ર અને બ્રહ્મદત્ત ભયભીત થઈ ગયા. પ્રધાન પુત્રે સુરંગનું દ્વાર બ્રહ્મદત્તને બતાવ્યું, બ્રહ્મદત્તે પગની એક ઠોકર મારી વજનદાર દ્વાર ખોલી નાંખ્યુ, બંને તેમાં દાખલ થયા અને સુરંગ વાટે શહેર બહાર નીકળી પરદેશને પંથે પડ્યા. પોતાની અજબ શક્તિના બળે તેણે દેશપરદેશના અનેક રાજ્યો જીત્યા, અનેક સ્ત્રીઓને પરણ્યો અને સૈન્ય લઇને તે દીર્ઘરાજા પર ચડી આવ્યો. તેને મારીને તે રાજ્યાસને બેઠો. પોતાના અપૂર્વ બળથી અને ચક્રરત્નના પ્રભાવથી બ્રહ્મદત્તે એક પછી એક અનેક દેશો જીત્યા અને છખંડ સાધી તે ચક્રવર્તી તરીકે દિગ્વિજયી થયો.

એકવાર બ્રહ્મદત્ત રાજસભામાં બેઠો છે, તેવામાં નાટકીયા લોકો ત્યાં નાટક કરવા આવ્યા. નાટકના વિધવિધ પાઠોનું આબેહુબ ચિત્ર દેખી પૂર્વભવમાં દેવલોકમાં નાટક દેખ્યાનું તેને સ્મરણ થયું, અને તરત જ તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે વડે બ્રહ્મદત્તે

પોતાના પૂર્વનાં પાંચ ભવો જોયા. તેમાં પોતાનો ભાઈ ચિત્ત બધા ભવોમાં સાથેનો સાથે જ જોયો. તરત તેને વિચાર થયોઃ–અહો! મ્હારો પાંચ ભવોનો સંગાથી ભાઈ આ ભવમાં કયાં હશે? એમ વિચારી તેણે એક શ્લોક રચી ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે આ મારો અર્ધો શ્લોક જે કોઈ પૂરો કરી આપે, તેને હું મારૂં અર્ધું રાજપાટ આપીશ. તે અર્ધ શ્લોક આ પ્રમાણે હતો.

**गोप दासो मृगो हंसो, मत्तंगामरो यथा**

ઉપરનો શ્લોક સર્વ કોઈ મુખપાઠ કરી વારંવાર બોલે; પણ તેનો બીજો અર્ધો ભાગ કોઈ બરાબર બનાવી શકે નહિ.

હવે આ તરફ ચિત્ત મુનિ પુરિમતાલમાં એક શેઠને ત્યાં જન્મેલા. ઉંમર લાયક થતા એક મુનિ પાસે ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી તેમણે દીક્ષા લીધેલી. તેમને પણ જાતિસ્મરણ જ્ઞાન થયેલું, અને તે પણ પોતાના પૂર્વ ભવોનાં સંગાથી ભાઈને ખોળવા ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા કંપિલપુર નગરના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. ત્યાં એક ખેડૂત અર્ધશ્લોક ગોખતો હતો. તે તેમના સાંભળવામાં આવ્યો. એટલે તેમણે ધાર્યું કે જરૂર મ્હારો ભાઈ અહિંજ છે. એટલે તેમણે ખેડૂતને પાસે બોલાવી તે શ્લોક પૂરો કરી આપ્યો. ખેડૂત હર્ષ પામતો રાજસભામાં ગયો અને નીચે પ્રમાણે શ્લોક બોલ્યોઃ—

**गोप दासो मृगो हंसो, मत्तंगामरो यथा**
**एषां षष्ठ्यो जाति मन्यामन्य भावि मुक्तयो**

આ સાંભળી બ્રહ્મદત્ત આશ્ચર્ય પામ્યો અને પોતાનો ભાઈ આવો દરિદ્ર થયો, એ તેને લાગી આવવાથી તત્કાળ તે મૂર્છા પામ્યો. થોડીવારે શુદ્ધિ આવતાં રાજાએ દમ દઈ ખેડુતને પૂછયું કે આ શ્લોક તેં બનાવ્યો? ખેડુત હાથ જોડી બોલ્યોઃ ના, મહારાજા. અહિં ઉદ્યાન પાસે એક મુનિ પધાર્યા છે, તેમણે આ શ્લોક બનાવ્યો

છે. આ સાંભળી રાજાએ ખેડુતને થોડુંક ધન આપી વિદાય કર્યો અને પોતે અશ્વારૂઢ થઈ ઉદ્યાનમાં આવ્યો. ત્યાં ધ્યાનસ્થ બેઠેલા ચિત્ત મુનિને તેણે વંદન કર્યું અને કહ્યું:—

અહો બંધુ! આપણે પાંચ ભવોથી ભેગા હતા. ૧ લા ભવમાં દાસ. ૨ મૃગ. ૩ હંસ. ૪ ચંડાળ. ૫ દેવ. અને ૬ ઠ્ઠા ભવમાં આપણે બંને જુદા પડયા તેનુ શું કારણ?

ચિત્ત—અહો બ્રહ્મદત્ત! સનંતકુમાર ચક્રવર્તીની સુનંદા સ્ત્રીને દેખી મુનિપણામાં તું મોહ પામ્યો અને તેને મેળવવાનું તેં નિયાણું કર્યું. તેથી આપણે બંને આ ભવે જુદા પડયા.

બ્રહ્મદત્ત—હે ભાઈ, ગત જન્મમાં મેં ચારિત્ર પાળ્યું તેનું ફળ મને પ્રત્યક્ષ મળ્યું. પણ તમે ગત જન્મમાં ચારિત્ર પાળી ભિક્ષુક બન્યા અને આ જન્મમાં પણ ભિક્ષુકજ રહ્યા, તો તેનું ફળ તમે કેમ ન પામ્યા?

ચિત્ત—હે બ્રહ્મદત્ત. કરેલાં કર્મનું ફળ તો અવશ્ય છેજ. તું એમ ન સમજતો કે હું સુખી છું અને ચિત્ત દુઃખી છે; મ્હારે પણ ઘણી ઋદ્ધિ હતી. પણ એકવાર સાધુ મહાત્માએ મને સમજાવ્યું કે પ્રભુની વાણી અને જ્ઞાનદર્શનચારિત્રની લીનતામાં અપૂર્વ સુખ છે; તેથીજ મેં જગતની ક્ષણભંગુર ઋદ્ધિ છોડીને દીક્ષા લીધી છે.

બ્રહ્મદત્ત—મહારાજ. મારે ત્યાં દેવવિમાન જેવાં સુંદર મહેલો છે. અનુપમ લાવણ્યવાળી સ્ત્રીઓનાં વૃંદ છે. અગણિત લક્ષ્મી છે. માટે આપ પણ સાધુ ધર્મ છોડી મારી સાથે રહો. મને સાધુપણું દુઃખમય દેખાય છે.

ચિત્ત—હે રાજન્! સર્વ ગીતગાન વિલાપ સમાન છે. નાટારંભ વિટંબણા માત્ર છે. અલંકારો ભાર રૂપ છે. કામ ભોગો દુઃખ આપનારા છે. વૃથા તેમાં મોહ ન પામ. તે સઘળાનું પરિણામ કેવળ

દુઃખ છે. અને તપ સંયમ શીલતામાં ખરૂં સુખ રહેલું છે. માટે આ ક્ષણિક કામ ભોગો, નાશવંત લક્ષ્મી, અનિત્ય શરીર ઈત્યાદિનો મોહ છોડો અને પરમ પવિત્ર સુખદાયક ચારિત્ર માર્ગને ગ્રહણ કરો.

બ્રહ્મદત્ત—હે મુનિ. તમારો ઉપદેશ મારા ગળે કોઈ રીતે ઉતરે તેમ નથી. આ વૈભવ, આ મોજશોખ, અતુલ લક્ષ્મી, સૌંદર્યવાન સ્ત્રીઓ, નોકર, ચાકર, મહેલાતો, છખંડનું આધિપત્ય એ સર્વ મ્હારાથી કોઈ રીતે છોડી શકાય તેમ નથી.

ચિત્ત—હે રાજન્. જો ત્હારાથી તે ન છોડી શકાય તો તું જીવદયા આદિ ગૃહસ્થધર્મને અંગીકાર કર અને આત્માની ઉચ્ચ દશાની ભાવના ભાવ. જેથી તું પરલોકમાં સુખ પામે.

બ્રહ્મદત્ત—મહારાજ. તેમાંનું કંઈ પણ મ્હારાથી બની શકે તેમ નથી. માટે વૃથા ઉપદેશ મને ન આપો.

ચિત્ત–હે બ્રહ્મદત્ત. મ્હારા ઉપદેશની તને કંઈ પણ અસર થઈ નહિ, તો તારી સાથે આ સઘળો મિથ્યા વાર્તાલાપ થયો. તો હું હવે જઈશ.

બ્રહ્મદત્ત—ભલે. આપની જેવી ઈચ્છા.

બ્રહ્મદત્તને ચિત્ત મુનિનો ઉપદેશ રૂચ્યો નહિ. ચિત્તમુનિ ત્યાંથી ચાલ્યા ગયા અને તપ સંયમમાં આત્માને ભાવતા ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. ઘણા વર્ષો સુધી અપૂર્વ ચારિત્રને પાળી, આત્માની વિશુદ્ધ ભાવના ભાવતાં ચિત્તમુનિ કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગયા. બ્રહ્મદત્ત ચક્રવર્તી રાજ્યમાં આવી અનેક જુલ્મો, હિંસા દુરાચારો આદિ મહાન પાપ ક્રિયાઓ સેવવા લાગ્યો. એક બ્રાહ્મણ પર ક્રોધને વશ થઈ તેણે અનેક બ્રાહ્મણોનો સંહાર કર્યો. એ રીતે અનેક પાપનો પુંજ એકઠો કરીને બ્રહ્મદત્ત ચક્રવર્તી મરણ પામીને સાતમી નરકમાં ઉત્પન્ન થયો અને મહા દુઃખને પામ્યો.

# ૮૯ ચુલ્લણીપીતા.

વારાણુસી નગરીમાં ચુલ્લણી પીતા નામે ગાથાપતી હતા. તેમને શ્યામા નામે સ્ત્રી હતી. તેઓ રિદ્ધિ સિદ્ધિમાં આણંદ શ્રાવકથી બમણા હતા. એક વાર પ્રભુ મહાવીર પધાર્યા. ચુલ્લણીપીતા વંદન કરવા ગયા, અને પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય પામી બારવ્રતધારી શ્રાવક થયા. જ્યેષ્ઠ પુત્રને કાર્યભાર સોંપીને પૌષધશાળામાં આવીને તે ધર્મ ધ્યાન કરવા લાગ્યા. અર્ધ રાત્રી વીત્યા બાદ એક દેવ પ્રગટ થયો. તેણે ભયંકર રૂપ બતાવી કામદેવની માફક ચુલ્લણીપીતાને વ્રત ભંગ કરવાનું કહ્યું. પરંતુ તે જરા પણ ડગ્યા નહિ, આથી દેવે તેના જ્યેષ્ઠ પુત્રને તેની સામે લાવીને મારી નાખ્યો, અને તેના ત્રણ ટુકડા કરી, તેના માંસને એક ધગધગતી કડાઈમાં તળીને, તેના લોહીના છાંટા ચુલ્લણીપીતાના શરીરપર છાંટયા. પરિણામે તેને ઘણી વેદના થઈ, છતાં પણ પોતાના વ્રતથી તે જરા પણ ચળ્યા નહિ. પછી તે દેવે, તેના બીજા પુત્રને લાવી જ્યેષ્ઠ પુત્રની માફક કર્યું. છતાં ચુલ્લણીપીતા લેશ માત્ર ડગ્યા નહિ. પછી દેવે તેના ત્રીજા પુત્રને લાવી તેની પણ તેવીજ દશા કરી. તેનું લોહી ચુલ્લણીપીતાના શરીર પર છાંટયું, તો પણ ચુલ્લણીપીતા જરા પણ ક્ષોભ પામ્યા નહિ. તેથી તે દેવ વધારે કોપાયમાન થયો, અને ચુલ્લણીપીતાને તેની માતાને મારી નાખવાનો ભય બતાવ્યો. ચુલ્લણીપીતા માતાનું નામ સાંભળીને ક્ષોભ પામ્યા અને વિચાર કર્યો કે આ દેવ અનાર્ય છે, અને જેવી રીતે આ ત્રણ પુત્રોને મારી નાખ્યા, તેવી જ રીતે મ્હારી દેવગુરૂસમાન વ્હાલી માતાને પણ તે મારી નાખશે; એમ ધારી ચુલ્લણીપીતા તે દેવને પકડવા ઉઠયો; તરતજ તે દેવ આકાશભણી ન્હાસી ગયો, અને ચુલ્લણી પીતાના હાથમાં એક સ્તંભ આવ્યો; તેથી તેણે મોટા શબ્દો વડે કોલાહલ કર્યો. આ સાંભળી તેમની માતા દોડી આવ્યાં અને ભયંકર કોલાહલ કરવાનું કારણ પૂછયું, ચુલ્લણીપીતાએ બનેલી

સર્વ હકીકત કહી, તે સાંભળી તેમની માતાએ કહ્યું. હે પુત્ર, કોઈએ ત્હારા પુત્રોને ઘેરથી લઈ જઈને માર્યા નથી. પણ કોઈ પુરૂષે તને ઉપસર્ગ આપ્યો છે અથવા કોઈ માયાવી દેવે તારી પરીક્ષા કરવા આમ કર્યું લાગે છે. માટે હે પુત્ર, ત્હારાં વૃતનો આ રીતે ભંગ થયો છે; માટે પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થાઓ. ચુલ્લણીપીતાએ માતાનું વચન માનીને પ્રાયશ્ચિત લીધું. પછી તેમણે ૧૧ પ્રતિમા ધારણ કરી, કાળાન્તે સંથારો કરી, ચુલ્લણીપીતા શ્રાવક કાળધર્મ પામીને સૌધર્મ દેવલોકમાં ગયા અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી, સર્વ દુઃખનો અંત કરી મોક્ષ ગતિને પામશે.

## ૯૦ ચુલ્લણી શતક

આલંભિકાનગરી, ચુલ્લણીશતક ગાથાપતી, બકુલા નામે તેમની સ્ત્રી. રિદ્ધિસિદ્ધિ કામદેવ શ્રાવક જેટલીજ. પ્રભુ મહાવીર પધાર્યા. ચુલ્લણીશતક વંદન કરવા ગયા. પ્રભુના ઉપદેશથી બુઝયા અને બાર વ્રતધારી શ્રાવક થયા. મોટા પુત્રને ઘરનો કારભાર સોંપી ધર્મધ્યાન કરવા લાગ્યા. મધ્ય રાત્રે તેમને ધર્મથી ચળાવવા ભયંકર રૂપ ધારણ કરીને એક દેવ આવ્યો, અને ચુલ્લણીપીતાની માફક તેના પુત્રોને તેની સમીપ લાવી મારી નાંખ્યા, અને તેનું માંસ તળીને કકડા તથા લોહી તેના શરીર પર છાંટયું. છતાં ચુલ્લણીશતક જરા પણ ડગ્યા નહિ. આખરે દેવે તેનું તમામ ધન હરણ કરીને આલંભિકા નગરી ની ચોતરફ ફેંકી દેવાનો ભય બતાવ્યો, તેથી ચુલ્લણીશતક ક્ષોભ પામ્યા અને દેવને પકડવા દોડયા. દેવ નાસી ગયો. કોલાહલ સાંભળી તેમની સ્ત્રી બહુલા દોડી આવી અને કોલાહલનું કારણ પૂછયું. ચુલ્લણીશતકે વાત જણાવી. તેની સ્ત્રીએ દેવતાનો ઉપસર્ગ છે, એમ કહેવાથી ચુલ્લણીશતકે પ્રાયશ્ચિત્ત કર્યું. ચુલ્લણીશતકે ત્યારબાદ ૧૧ પ્રતિમા ધારણ કરી. અંતિમ સમયે સંથારો કર્યો અને એક માસનો સંથારો ભોગવી કાળ કરીને તે પહેલા દેવલોકમાં ગયા, અને ત્યાંથી ચ્યવી તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ જશે.

## ચેડારાજા ( ચેટકરાજા )

તેઓ બંગાળ દેશની વિશાળા નામક નગરીના રાજા હતા. તેઓ ભગવાન મહાવીરના મામા થતા હતા. ચેડા રાજા જૈન ધર્મી હતા, એટલું જ નહિ પણ તેમણે શ્રાવકના બાર વ્રત ધારણ કર્યાં હતા. વ્રતધારી છતાં તેમને અનેક રાજાઓ સાથે યુદ્ધમાં ઉતરવું પડ્યું હતું. વ્રતધારી વિના અપરાધે કોઈના પર ઘા ન કરે, કે વિના અપરાધે કોઈને હણે નહિ. પ્રતિપક્ષી લડવાનું કારણ ઉત્પન્ન કરે તો જ તે વ્રતધારી રાજાઓ વિગ્રહમાં ઉતરતા. ચેડા રાજા મહા સમર્થ અને પરાક્રમી હતા. તેઓ એવા નિશાનબાજ હતા, કે તેમણે ફેંકેલું બાણ કદી નિષ્ફળ ન જતું. કોણિક સાથેના યુદ્ધમાં કાલિ આદિ કુમારોને પોતાના તરફ પહેલું બાણ છોડવાનું ચેડારાજાએ કહેલું, અને તેઓના બાણો આવ્યા પછી જ, તે બાણો ચૂકાવીને પોતે બાણો છોડી તેમનો સંહાર કરેલો. ચંડપ્રદ્યોતાદિ અનેક રાજાઓને તેમણે ક્ષમા આપીને છોડી મૂકેલા. કોણિક સામેના વિગ્રહમાં દેવો તેમને વિશાળા નગરીમાંથી ઉઠાવી ગયા હતા; અને ઈતર પ્રદેશમાં તેમણે પોતાનું જીવન પુરું કર્યું હતું. મહારાજા ચેટકને સાત પુત્રીઓ હતી. જૈન-ધર્મીઓને જ પોતાની કન્યા આપવાનો ચેડારાજાનો નિરધાર હોવાથી પોતાની છ કન્યાઓ જૈન રાજાઓ વેરે પરણાવી હતી. માત્ર એક ચેલ્લણા અભયકુમારની યુક્તિથી ન્હાસી જઈને રાજા શ્રેણિક (બૌદ્ધધર્મી) ને પરણી હતી, પણ પછીથી તે રાજા જૈનધર્મી થતાં ચેલ્લણા જૈનમાર્ગાનુયાયિની બની રહી હતી.

## ૯૨ ચેલ્લણા ( ચિલ્લણા દેવી )

તે વિશાળા નગરીના મહારાજા ચેટકની પુત્રી હતી. ચેલ્લણાની બીજી બ્હેન સુજ્યેષ્ઠા અતિ રૂપવાન હતી, તેનાથી મોહિત બનીને શ્રેણિક રાજાએ તેણીને પરણવાનો નિશ્ચય કર્યો. આ માટે અભય

કુમારે એક સુરંગ વાટે સુજ્યેષ્ટાનું હરણ કરી જવા માટે યુક્તિ રચી. આ વાતની ચેલ્લણાને ખબર પડતાં તેણે સુજ્યેષ્ઠાને તેની સાથે લઈ જવાનું કહ્યું. સુજ્યેષ્ટાએ તે કબુલ કર્યું. અને બંને જણા સુરંગના મુખ દ્વાર સુધી ગયા. તેવામાં સુજ્યેષ્ઠા પોતાનો હાર ભૂલી જવાથી તે લેવા માટે પાછી ફરી. આ તરફ શ્રેણિકરાજાએ ઉતાવળમાં ચેલ્લણાને સુજ્યેષ્ટા ધારીને ઉઠાવી અને રથમાં નાખી; ત્યાંથી રાજગૃહમાં આવી શ્રેણિક રાજાએ ગાંધર્વ લગનથી ચેલ્લણાનું પાણીગ્રહણ કર્યું.

રાણી ચેલ્લણા પતિભક્ત અને જૈનધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધાવંત હતી. રાજા શ્રેણિક બૌદ્ધધર્મી હોવા છતાં ચેલ્લણાને તેનાં ધર્મપાલનમાં જરાપણ અંતરાય કરતો ન હતો. જોકે વારંવાર તેમને ધર્મ સંબંધી વાદવિવાદ થતો હતો; પરન્તુ તેઓ ધર્મના મૂળ સ્વરુપને આખરમાં પકડી સંતોષ માની લેતા અને ઉભય એક બીજાના ધર્મ પ્રમાણે વર્તતાં. એક વખત ચિલ્લણાએ શ્રેણિકના આગ્રહથી, બૌદ્ધ ભિક્ષુઓને જમવા માટે નોતર્યા. જમણમાં બીજી રસોઈ સાથે ચિલ્લણાએ રાઈતું કર્યું હતું. તેમાં ભિક્ષુઓની અમુક વસ્તુઓની કરચો કરી મિશ્રણ કર્યું અને ભિક્ષુઓને જમાડયા. જમી રહ્યા બાદ ભિક્ષુઓએ પોતાની વસ્તુઓની તપાસ કરી તો તે ગેરવલ્લે પડેલી જાણી. તે બાબત ચેલ્લણાને પૂછતાં ચેલ્લણાએ કહ્યું, કે આપ તો જ્ઞાની છો, તેથી તે વસ્તુઓ કયાં છે, તે તમે જાણતા જ હશો. પણ ભિક્ષુઓને આવું જ્ઞાન ન હતું. આથી ચેલ્લણાએ તેમને એક ફાકી આપી. તે ફાકવાથી ભિક્ષુઓને વમન થયું, જેમાંથી ખોવાયલી વસ્તુઓની કરચો નીકળી. આ જોઈ ભિક્ષુઓ ઝંખવાણા પડી ગયા.

આ વાત શ્રેણિકના જાણવામાં આવ્યાથી, તેણે જૈનધર્મી સાધુની અવગણના કરી, પોતાનું વૈર વાળવાનો નિર્ણય કર્યો. તેણે એક વાર એક એકલ વિહારી સાધુને પકડી એક કોટડીમાં પૂર્યો,

અને તે સાધુની સાથે તેજ કોટડીમાં એક વેશ્યાને પૂરી, કોટડીના દ્વાર બંધ કરાવ્યા. ત્યારપછી શ્રેણિકે મહેલમાં આવીને ચેલ્લણાને કહ્યું કે તારા ગુરૂ સ્ત્રીઓ સાથે રાત રહે છે અને વ્યભિચાર સેવે છે. જવાબમાં ચેલ્લણાએ કહ્યું કે અમારા ધર્મગુરૂ કદી સ્ત્રીઓનો સ્પર્શ ન કરે, પરન્તુ તમારા જ ધર્મગુરુઓ સંબંધમાં આવું હોય. બંનેએ આ વાતની સવારમાં પ્રત્યક્ષ ખાત્રી કરવાનું નક્કી કર્યું.

રાજાએ શહેરના લોકોને જૈન ધર્મના સાધુઓનું દુષણ નિહાળવા પ્રાતઃકાળે વ્હેલાસર કોટડી આગળ આવવાનું સૂચન કરાવી દીધું હતું.

આ તરફ સદ્‌ભાગ્યે મુનિ લબ્ધિવંત હતા. તેથી જૈનધર્મ પરનું કલંક ટાળવા તેમણે પોતાની પાસેનો સાધુવેશ લબ્ધિ વડે બાળી મૂકયો. આથી પેલી વેશ્યા ભય પામીને દૂર ઉભી રહી. સાધુએ પોતાનું રૂપ પણ ફેરવી નાખ્યું. સવારે લોકોની ઠઠ્ઠ કોટડી પાસે જમા થઈ.

રાજા અને રાણી તે સ્થળે આવ્યા. રાણીના દેખતાં રાજાએ સીલ કરાવેલી કોટડી ઉઘડાવી, તો તેનાં ભારે આશ્ચર્ય વચ્ચે રાજાએ જૈન સાધુને જોયા નહિ, પણ અન્ય સાધુને વેશ્યા સાથે બહાર નીકળતાં જોયા. આથી રાજા લજ્જા પામ્યા. ત્યારથી તેમને જૈન ધર્મ પ્રત્યે કંઈક પ્રેમાનુરાગ થયો અને ત્યારબાદ શ્રેણિકરાજા, અનાથી મુનિના સત્સંગથી ચૂસ્ત જૈન બન્યો.

ચેલ્લણા પર રાજાને અત્યંત સ્નેહ હોવાથી તેને પટ્ટરાણી પદે સ્થાપી હતી. ચેલ્લણાથી શ્રેણિકને, કોણિક, હલ અને વિહલ્લ નામના ત્રણ પુત્રો થયા હતા. કોણિક ઉદર સ્થાનમાં આવતાં, સતી ચિલ્લણાને શ્રેણિકના કાળજાનું માંસ ખાવાનો દોહદ ઉત્પન્ન થયેલો, તે વિચક્ષણ અભયકુમારે પૂરો કર્યો હતો. ચેલ્લણા એક પ્રભાવશાળી અને સતી શિરોમણી સન્નારી હતી.

## ૯૩ ચંડપ્રદ્યોત્

તે ઉજ્જયિનીનો રાજા હતો; અને ચેડા રાજાની પુત્રી શિવા-દેવીને પરણ્યો હતો. ચંડપ્રદ્યોત્ વ્યભિચારી રાજા ગણાતો. તેણે મૃગાવતીને મેળવવા માટે કૌશંબી નગરીના શતાનિક રાજા પર ચડાઇ કરી હતી. તેમાં શતાનિક ભય પામ્યો અને ત્રાસને લીધે તેને કોલેરૂં થવાથી તે મરણ પામ્યો. મૃગાવતીએ જાણ્યું કે ચંડપ્રદ્યોત્ હવે મારાપર બળાત્કાર કરશે, એ ભયથી તેણે રાજા સાથે યુક્તિથી કામ લઈ પોતાનો બચાવ કરવાનો વિચાર કર્યો. રાજા સાથે લગ્ન કરવાનું આશ્વાસન આપી તેણીએ કૌશાંબીનો કિલ્લો સમરાવવાનું ચંડપ્રદ્યોતને કહ્યું. એટલે મૃગાવતી મેળવવાની લાલસાએ ચંડપ્રદ્યોતે કિલ્લો સમરાવવો શરૂ કર્યો. કિલ્લો પૂરો થતાં જ મૃગાવતી દરવાજા બંધ કરાવી મહેલમાં ભરાઇ બેઠી. દરમ્યાન પ્રભુ મહાવીર ત્યાં પધાર્યા એટલે મૃગાવતીએ હિંમતપૂર્વક દરવાજા ઉઘડાવી નાખ્યા અને તે પ્રભુની દેશના સાંભળવા ગઇ, ત્યાં તેણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી.

આથી નિરાશ બની ચંડપ્રદ્યોતે રાજગૃહી પર ચડાઈ કરી અને તે નગરીને ઘેરો ઘાલ્યો. આ વખતે અભયકુમારે એક યુક્તિ રચીને રાજગૃહની બહાર એક લોખંડના વાસણમાં સોનામહોરો મૂકાવી, તે વાસણ જમીનમાં દટાવ્યું અને રાજાને કહેવડાવ્યું કે તમારા સાગ્રીતો અમારા ધનથી લલચાઇને, તમને પકડી અમારે સ્વાધીન કરવાના છે, માટે ચેતજો. આથી ચંડપ્રદ્યોતે ખાત્રી કરવા પોતાના સાથીદારો માંહેના એક રાજાના તંબુ આગળ ખોદાવ્યું, તો ત્યાંથી ધન નીકળ્યું. આથી ચંડપ્રદ્યોત્ ન્હાસી ગયો, તે સાથે બીજા મદદ-ગાર રાજાઓ પણ પોતાના લશ્કર સાથે રાજગૃહ છોડી ન્હાસી ગયા. પાછળથી અભયકુમારના આ પ્રપંચની ચંડપ્રદ્યોત્‌ને ખબર પડી, એટલે તેણે અભયકુમારને પકડી લાવનાર માટે ભારે ઇનામ જાહેર કર્યું. અભયકુમારને પકડી લાવવાનું બીડું ઉજ્જયિનીની એક

વેશ્યાએ ઝડપ્યું. તે વેશ્યા એક શ્રાવિકા હોવાનો દંભ કરી અભયકુમાર પાસે રાજગૃહમાં આવી. અભયકુમારે તેણીનો યોગ્ય સત્કાર કર્યો. વેશ્યા પણ અભયકુમારને આદરભાવ આપતી, અને ધાર્મિક ક્રિયાઓ કરતી અભયકુમારને ત્યાં રહી. દરમ્યાન લાગ સાધી તેણીએ અભયકુમારને એકવાર ઘેન ઉત્પન્ન કરનારા પદાર્થો ખવરાવ્યા. આથી અભયકુમાર બેભાન બન્યો, આ તકનો લાભ લઈ યુક્તિપૂર્વક તે વેશ્યા અભયકુમારને ઉજ્જયિનીમાં લઈ ગઈ અને રાજા ચંડપ્રદ્યોત્‌ને સોંપ્યો. છતાં ચંડપ્રદ્યોતે વેશ્યાના આ કૃત્યને ઇષ્ટ ન ગણ્યું. અહિં અભયકુમારે કેટલીક બાબતોમાં ચંડપ્રદ્યોતને બચાવ્યો, તેથી તેણે અભયકુમારને છોડી મૂકયો. પણ ચંડપ્રદ્યોતના જુલ્મી વર્તાવથી અભયકુમારે કોઈપણ ઉપાયે ચંડપ્રદ્યોત્‌ને તેજ ઉજ્જયિની નગરીની મધ્યમાંથી બાંધીને લઈ જવાનો નિરધાર કર્યો.

કેટલાક વખત પછી અભયકુમાર પોતાની સાથે બે સ્વરૂપવાન વેશ્યાઓને લઈ, વણિકના વેશમાં ઉજ્જયિનીમાં આવ્યો અને ત્યાં ચૌટા વચ્ચે દુકાન કરીને રહ્યો. તે દરમ્યાન એકવાર ચંડપ્રદ્યોત્‌ રાજાની દૃષ્ટિ આ વેશ્યા પર પડી, તેથી તે કામાંધ થયો અને કોઈ પણ રીતે આ વેશ્યાને મેળવવાનો તેણે નિશ્ચય કર્યો. એકવાર અભયકુમારની ગેરહાજરીમાં રાજાએ વેશ્યાને પોતાની સાથે પ્રેમ સંબંધ બાંધવા કહ્યું, ત્યારે વેશ્યાએ કહ્યું કે આ અમારો ભાઈ આજથી સાતમે દિવસે બહાર ગામ જવાનો છે; તે જાય એટલે સુખેથી તમે અમારા મકાને આવજો. અહિં અભયકુમારે એક બીજી યુક્તિ કરી રાખી હતી. તે એ કે, તેણે એક બીજો માણસ નોકર તરીકે રાખી લીધો હતો અને તેનું પ્રદ્યોત્‌ એવું કૃત્રિમ નામ ધારણ કરાવ્યું હતું. તેમજ તેને ગાંડા જેવો બનાવી "હું ઉદ્યોત્‌ છું" એમ બોલતો બોલતો ખાટલામાં સુવાડી રોજ તેને વૈદ્યને ત્યાં લઇ જવામાં આવતો. બરોબર સાતમે દિવસે પ્રદ્યોત્‌ રાજા અભયકુમારના

આવાસે આવ્યો, એટલે લાગ જોઈ અભયકુમારના સુભટોએ તેને બાંધ્યો અને ખાટલામાં સૂવાડી ધોળે દિવસે બજાર વચ્ચેથી તેને લઈ જવા લાગ્યા. તે પ્રદ્યોત્ રાજા ' હું પ્રદ્યોત્ છું, મને બાંધીને લઈ જાય છે, કોઇ છોડાવો ' વગેરે મોટા અવાજે બૂમો મારવા લાગ્યો, પરન્તુ લોકો ગાંડા પ્રદ્યોતને ઓળખતા હતા, તેથી કોઈએ તેને છોડાવ્યો નહિ. આખરે અભયકુમારે રાજગૃહમાં આવી, રાજા શ્રેણિકને ચંડપ્રદ્યોત્ સુપ્રત કર્યો. શ્રેણિક તેને મારવા તત્પર થયા, પરન્તુ બુદ્ધિમાન અભયકુમારે સમજાવીને તેને માન સહિત છૂટો કરાવ્યો અને પોતાનું વૈર લીધું. કામીપુરુષોના કેવા બુરા હાલ થાય છે તેનો આછો પાતળો ચિતાર આ કથા આપે છે, માટે કામીજનોએ દુર્ગતિ આપનાર કામ વાસનાનો ત્યાગ કરવો.

## ૯૪ ચંડકૌશિકસર્પ

કોઈ એક નગર હતું. તેમાં એક સાધુ અને એક તેમનો શિષ્ય એ બંને જણા ચાતુર્માસ રહ્યા હતા. શિષ્ય અવિનિત હતો, અને હર વખત ગુરૂ સાથે કલેશ કરતો. છતાં ગુરૂ સમભાવ રાખતા અને આત્મ ધ્યાન કરતા. ગુરૂ તપસ્વી હતા. એક વાર માસખમણ ને પારણે ગુરૂ શિષ્ય બંને ગૌચરી અર્થે નીકળ્યા. વર્ષાઋતુનો સમય હતો. જેથી ઘણાં સુક્ષ્મ જીવજંતુની ઉત્પત્તિ થઈ હતી. રસ્તામાં એક મરી ગયેલી દેડકીના કલેવરની નીચે ગુરૂનો પગ આવ્યો. શિષ્યે આ જોયું. તેથી ગુરૂને કહેવા લાગ્યો. મહારાજ, તમારા પગ તળે બિચારી દેડકી કચરાઈને મરણ પામી. માટે પ્રાયશ્ચિત લ્યો. ગુરૂએ ધારીને જોયું તો દેડકીનું કલેવર માત્ર હતું. અને પોતે તેની વિરાધના નથી કરી તેથી ચેલાને કહ્યું કે એ તો કલેવર છે અને પ્રથમથી જ મૃત્યું પામેલ છે, એટલે તેનું પ્રાયશ્ચિત હોય નહિ. ચેલો તો અવિનિત અને ઠઠાબાજ હતો. તેણે તો હઠજ પકડી કે તમારે પ્રાયશ્ચિત લેવું જોઈએ. સાંજે પણ ગુરૂએ કહ્યું, કે પ્રાયશ્ચિત ન

હોય. વળી રાતના પણ ગુરૂને વારંવાર તે કહેવા લાગ્યો, કે મહારાજ, તમે તો વિરાધિક છો, દેડકીનું પ્રાયશ્ચિત તો લ્યો. આથી ગુરૂનું મન કાબુમાં રહી ન શકયું. શિષ્ય ઉપર ક્રોધ ચડયો. તેથી તે હાથમાં રજોહરણ લઈ શિષ્યને મારવા દોડયા. શિષ્ય નાસી ગયો. ઉપાશ્રયમાં અંધારૂં હોવાથી ગુરૂ કર્મસંયોગે એક થાંભલા સાથે અથડાયા. માથું ફુટી ગયું, ખૂબ લોહી નીકળ્યું; છતાં તેમનો ક્રોધ તો પ્રચંડ જ હતો. સખ્ત વાગવાને લીધે ગુરૂએ ત્યાંજ દેહ મૂકયો. ત્યાંથી મરીને તે જ્યોતિષી દેવતા થયો. ત્યાંથી ચ્યવી ચંડકૌશીક નામે તાપસ થયો, તે પણ ઘણો ક્રોધી હતો. એકવાર બાગમાં રાજકુંવરને ફુલ ચુંટતો દેખી, તાપસ ક્રોધે ભરાયો, અને હાથમાં ફરસી લઈને મારવા દોડ્યો. રસ્તામાં પગ લપસી ગયો, તેથી તે એક અંધ કુવામાં પડયો. ફરસી પોતાનેજ વાગી અને આર્તધ્યાનથી મરણ પામીને તે ચંડકૌશિક સર્પ થયો. ક્રોધ તો મ્હાતો નથી, જે કોઇને દેખે તેને બાળીને ભસ્મ કરે છે, એવા તે સર્પે ઘણા તાપસોને બાળ્યા અને ફરતા એકેક ગાઉ સુધી તેની ધાક બેસી ગઈ. કોઈ પણ માણસ ત્યાં આગળ જઈ શકતું નથી.

એકવાર શ્રી મહાવીર પ્રભુ ફરતા ફરતા વર્ધમાન ગામ પાસે પધાર્યા. ત્યાંથી જવાને માટે બે રસ્તાઓ હતા. એક વક્રમાર્ગ, બીજો સરળ માર્ગ. લોકોએ પ્રભુને કહ્યું કે આ સરળ માર્ગે જશો નહિ, ત્યાં તો એક વિષધર–ઝેરી સર્પ રહે છે. તે લોકોને ભસ્મ કરી દે છે. પ્રભુને તો કંઈ ડર ન હતો. તેથી તેઓ સરળ માર્ગે ચાલ્યા, અને જ્યાં ચંડકૌશિક સર્પનો રાફડો હતો, ત્યાં આવી પહોંચ્યા. સર્પને માણસની ગંધ આવતા, ક્રોધથી ઝેર વર્ષાવતો, ફુંફાડા મારતો બહાર નીકળ્યો. પ્રભુ મહાવીરને ધ્યાનસ્થ જોતાં જ તેમને જોરથી ડંખ માર્યો, તત્કાળ પ્રભુના અંગુઠામાંથી લોહીના બદલે દૂધનો પ્રવાહ છૂટી નીકળ્યો. તે સામે દૃષ્ટિ કરતાંજ ચંડકૌશિક ચમકયો, અને મન સાથે વિચાર કર્યો:—અહા,

આ શું, લાલ લોહીને બદલે સફેદ દૂધ! આ કોઈ પ્રભાવશાળી પુરૂષ છે, ચંડકૌશિક મુગ્ધ બની ગયો, અને પ્રભુના શરીરમાંથી નિકળતો પદાર્થ પીવા લાગ્યો. તે તેને દુધ–સાકર જેવો સ્વાદિષ્ટ લાગ્યો. પ્રભુએ કહ્યું:–' હે ચંડકૌશિક, બુઝ, બુઝ. ક્રોધના પ્રતાપે તેં ત્હારૂં ચોકખું ચારિત્ર બાળીને ભસ્મ કર્યું; છતાં તું હજુ કેમ ક્રોધ મૂકતો નથી ? આ શબ્દો સાંભળતાં ચંડકૌશિક વિચારમાં પડ્યો. આત્મચિંતવન કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાની ભૂલોનો તે પશ્ચાતાપ કરવા લાગ્યો, અને પોતાના કરેલાં પાપમાંથી છૂટવા માટે ચંડકૌશિકે અણશણ વ્રત્ત લીધું. પ્રભુ વિહાર કરી ગયા. પછી તે ચંડકૌશિકે સાધુજીવન ગાળવા માંડયું. તેણે પોતાનું મ્હોં દરમાં રાખ્યું અને ઉંધે મસ્તકે રાફડામાં મ્હોં અને બહાર શરીર એવી રીતે તપશ્ચર્યા કરી. ત્રાસ ઓછો થવાથી ભરવાડ વગેરે લોકો તે રસ્તે થઈને જવા લાગ્યા અને તે નાગદેવ ઉપર દૂધ, સાકર, પુષ્પ વગેરે નાખવા લાગ્યા. મીઠાશને લીધે ત્યાં ઘણી કીડીઓ એકઠી થઈને સર્પને વળગી પડી. લોહી, ચામડી વગેરે ખાઈને તે સર્પનું શરીર ચારણી જેવું બનાવી દીધું. છતાં તે સર્પ પોતાના વિષમય સ્વભાવને તદ્દન જ ભૂલી ગયો, તેણે અપૂર્વ ક્ષમા ધારણ કરી, અને શુભધ્યાનમાં પ્રવર્તતાં કાળ કરીને તે આઠમા દેવલોકમાં ગયો.

## ૯૫ ચંદનબાળા

ચંપાનગરીના દધિવાહન રાજાને ધારિણી નામની રાણીથી એક પુત્રી થઈ હતી, તેનું નામ વસુમતિ. વસુમતિ કિશોર વય થતાં ભણી, ગણી અને ધાર્મિક તથા નૈતિક કેળવણી લઈને સુશીલ બની. અને સહિયરો સાથે આનંદમાં વખત વીતાવવા લાગી.

એકવાર કૌશાંબી નગરીના રાજા શતાનિકે લશ્કર લઈ ચંપા નગરીને ઘેરો ઘાલ્યો. દધિવાહન પોતાના લશ્કરથી ખૂબ લડયો,

પણ ફાવ્યો નહિ. પોતાનું લશ્કર મરાયું તેથી બચવાની આશાએ દધિવાહન રાજા નગર છોડીને નાસી ગયો. લશ્કર ગામમાં પેઠું અને લુંટ ચલાવવા લાગ્યું. ધારિણી રાણી અને વસુમતિ મહેલમાં કલ્પાંત કરે છે, તેવામાં તે લશ્કરમાંનો એક ઘોડેસ્વાર તે મહેલમાં પેઠો, અને બંનેને પકડીને બાંધ્યા. તે ઘોડેસ્વારે ધારિણીને કહ્યું, ચાલ મારી સાથે, હું તને મારી સ્ત્રી બનાવવાનો છું. આ સાંભળતાં રાણીને ધ્રાસકો પડ્યો, અને ત્યાંજ જીભ કચરીને તે મરી ગઈ. વસુમતિ ગભરાઈ ગઈ, ઘોડેસ્વારે વિચાર્યું કે તેની માની માફક આને પણ હું કહીશ, તો તે મરી જશે. તેથી તેણે બહુજ મીઠાશથી વસુમતિને આશ્વાસન આપ્યું, અને કૌશાંબી નગરીમાં લઈ ગયો. ત્યાં ઘોડેસ્વારે વિચાર કર્યો કે આ કન્યા બહુજ ખુબસુરત છે, માટે જો તેને હું વેચું તો મારૂં દારિદ્ર જાય અને હું એશઆરામ ભોગવું, નોકરી કરતાં તો જીંદગી ગઈ, પણ કંઈ વળ્યું નહી. તેથી તે વસુમતીને વેચવા કૌશાંબીનગરીની બજારમાં આવ્યો અને લીલામ બોલવા લાગ્યો. ( ત્યાં પશુ, પક્ષીઓ, ધન, માલ ઉપરાંત મનુષ્યોનું પણ તે વખતે લીલામ થતું ) એવામાં એક વેશ્યાએ આવી વસુમતીને ખુબ સુંદર દેખીને મ્હોટી બીટ મૂકી, અને તે લઈ જવાની તૈયારીમાં હતી, તેવામાં ત્યાં ધનાવહ નામનો એક ધનાઢ્ય શેઠ આવ્યો, વસુમતીની આકૃતિ જોતાંજ તેને લાગ્યું કે આ એક સુશીલ અને સાધ્વી સ્ત્રી જેવી લાગે છે; અને જરૂર તે ખાનદાન કુટુંબની હોવી જોઈએ. જો તેને વેશ્યા લઈ જશે તો મહા અનર્થ થશે, તેમ ધારી તેણે મ્હોટી રકમ આપીને વસુમતીને ખરીદી લીધી.

વસુમતીને તેનું નામ ઠામ ગામ પૂછતાં તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં, અને તે બોલી શકી નહિ. શેઠ તેને ગભરાયલી જાણીને વધુ પૂછ્યા વગર પોતાને ઘેર લઈ ગયો અને પોતાની સ્ત્રી મૂળાને સોંપી, અને તેને પ્રેમપૂર્વક પુત્રી તરીકે રાખવા સૂચના કરી.

મૂળા તો ઈર્ષાનું મૂળ હતી, તેણે ધાર્યું કે હું વૃદ્ધ થઈ છું, તેથી શેઠ આ કન્યાને પરણવા માટેજ લાવ્યા હશે, અને પછી મ્હારો કોઇ ભાવજ પૂછશે નહિ.

અહિં વસુમતીનું નામ ન મળવાથી તેનું નામ 'ચંદનબાળા' પાડયું, પણ મૂળા તો તેને ચંદના કહીનેજ બોલાવતી. મૂળાની અદેખાઈ તો દિનપ્રતિદિન વધતી જ ચાલી અને તેને બહુ દુઃખ દેવા લાગી.

એકવાર શેઠ થાકયા પાકયા બહારથી આવેલા, ચંદનબાળાએ પગ ધોવા માટે ઉતાવળે શેઠને પાણી આપ્યું. ઉતાવળને લીધે ચંદનબાળાનો માથાનો અંબોડો છુટી ગયો, નીચે પડવાથી તે બગડશે એમ ધારી શેઠે તે અંબોડો પકડી લીધો. ચંદનબાળાએ તે માથામાં બરાબર બાંધ્યો, આ દૃશ્ય પેલી મૂળાના જોવામાં આવ્યું. તેને ખાત્રી થઈ કે જરૂર શેઠ ચંદના પર મોહીત થયા છે, તેથી ચંદનાનો ઘાટ ઘડી નાખવો સારો છે, એમ વિચારવા લાગી.

કોઈ કામ સારૂ શેઠ તે દિવસે બહાર ગામ ગયા. મૂળાને લાગ ફાવ્યો, તેણે તરત હજામને બોલાવી ચંદનબાળાના બધા વાળ કઢાવી માથે મુંડો કરાવ્યો, અને પગમાં બેડીઓ પહેરાવી, એક ઓરડામાં પૂરી ખુબ માર માર્યો, અને ઓરડાને તાળું લગાવી મૂળા પિયરમાં પહોંચી ગઈ. ચંદનબાળા કર્મનો પશ્ચાત્તાપ કરતી નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી, તેણે અઠમ તપ શરૂ કર્યો.

ત્રણ દિવસ પછી શેઠ ઘેર આવ્યા, કોઈ મળે જ નહિ. શેઠે તપાસ ઘણી કરી, પણ પત્તો જ ન લાગે, આખરે એક વૃદ્ધ ડોશીમાએ કહ્યું કે ચંદનાને ઓરડામાં પૂરીને મૂળા પીયર જતી રહી છે. આ સાંભળી શેઠને ઘણો ક્રોધ ચડયો. તરત જ તેણે ઓરડાના દ્વાર ખોલ્યા. તો ચંદનબાળા બેઠી છે અને પ્રભુનું સ્મરણ કરે છે,

માથે મુંડો જોઈ તથા તેની આ દશા જોઈ શેઠનું હૈયું દુઃખથી ભરાઈ આવ્યું.

શેઠે ચંદનબાળાને કહ્યું:—બ્હેન, ધીરજ રાખ. હું બધી વ્યવસ્થા કરૂં છું. તું ત્રણ દિવસથી ભૂખી હઇશ, માટે રસોડામાં કંઈ હોય તો તને આપું. શેઠે તપાસ કરી, પણ ખાવાનું કંઈ મળ્યું નહી, માત્ર ત્રણ દિવસના બાફેલા બાકળા હતા, તે લઇને તેણે ચંદનબાળાને આપ્યા, અને એક સુપડું આપ્યું, જે વડે બાકળા સાફ કરીને ખાવાનું જણાવ્યું અને તે દરમીયાન પોતે લુહારને બેડીઓ તોડવા માટે બોલાવી લાવવાનું કહીને શેઠ ગયા.

અહિં ચંદનબાળા એક પગ ઉંબરામાં અને એક પગ ઉંબરાની બહાર રાખીને, સુપડા વતી બાકળા સાફ કરી ખાવાનો વિચાર કરે છે. પણ જમતા પહેલાં સાધુ મુનિને તે ભૂલતી ન હતી, તેણે વિચાર્યું કે જો કોઈ સાધુ મુનિરાજ ભિક્ષા અર્થે અહિં આવે તો હું આ બાકળા તેમને વહોરાવી મ્હારો જન્મ સાર્થક કરૂં.

એવામાં એક અભિગૃહધારી મહાત્મા ત્યાંથી નીકળ્યા, ચંદન બાળા પ્રત્યે જોયું, ચંદનબાળા આનંદ પામી. પરંતુ તે વખતે ચંદનબાળાની આંખમાં આંસુ ન હતાં, તેથી તે મહાત્મા ત્યાંથી ચાલ્યા ગયા. આ જોઈને ચંદનબાળા પશ્ચાત્તાપ કરવા લાગી અને બોલી: અહો, ધિક્કાર છે મારા જીવનને, આ રંક સામે કોઈપણ જોતું નથી! એમ કહેતાં તેણી રૂદન કરવા લાગી. તત્કાળ તે મહાત્મા પાછા ફર્યા અને ચંદનબાળા પાસે આવી પહોંચ્યા. ચંદનબાળાએ પોતાના જીવનનું અહોભાગ્ય માનીને તે મહાત્માને આ બાકળા વહોરાવી દીધા.

આ મહાત્મા કોણ? સર્વજ્ઞ શ્રી પ્રભુ મહાવીર, તેમણે ઉપરના સઘળાં બોલનો મહાન અભિગૃહ ધાર્યો હતો. પાંચ માસ અને

પચીસ દિવસે આ અભિગ્રહ પ્રભુનો પુરો થયો. સુપાત્ર દાનના પ્રભાવથી તત્કાળ ચંદનબાળાની બેડીઓ તુટી ગઈ. મસ્તકે સુંદર વાળ આવી ગયા અને દેવતાઓએ ત્યાં ધનની વૃષ્ટિ કરી. વાત ગામમાં પ્રસરી ગઈ, ધનાવહ શેઠ લુહારને બોલાવીને આવ્યો, પણ તે ચકિત થઈ ગયો. તે પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો અને સતીની પ્રશંસા કરવા લાગ્યો. ધનની વૃષ્ટિ થયાની વાત સાંભળતાં મૂળા તો હાંફળી ફાંફળી દોડતી આવી, અને ધન લઈ લઈને ખોળામાં મૂકવા લાગી, પણ તે તો દાઝવા લાગી. કારણકે ધન મૂળાના ખોળામાં પડતાં જ અંગારા થઈ જતા. સૌ કોઈ મૂળાને ધિક્કારવા લાગ્યા.

ચંદનબાળાએ ત્યાંથી દીક્ષા લેવાનો નિરધાર કર્યો. ધનાવહ શેઠે આ સઘળું ધન ચંદનબાળાના દીક્ષા મહોત્સવમાં ખર્ચવાનું નક્કી કર્યું.

ચંદનબાળા પ્રભુ મહાવીર પાસે દીક્ષિત થયા, અને આકરાં તપ જપ વડે વિશુદ્ધ સંયમ માર્ગમાં પ્રવર્તતાં તેમને કેવળજ્ઞાન થયું અને નિર્વાણ પામ્યા.

## ૯૬ ચંદ્રછાયા.

એ અંગદેશની રાજ્યધાની ચંપાનગરીના રાજા હતા. પૂર્વભવમાં તે ધરણ નામે મહાબળકુમારના મિત્ર હતા, તેમણે મહાબળ સાથે દીક્ષા લીધી હતી, અને તપના પ્રભાવે જયંત નામના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચ્યવી તે ચંપા નગરીમાં રાજ્યકુમાર તરીકે અવતર્યા. યોગ્ય સમયે રાજગાદી પર આવ્યા. તે નગરમાં અર્હન્નક નામે શ્રાવક વ્યાપારી હતો. એકવાર તે વહાણો લઇ દેશાવરમાં વેપાર કરવા ગયેલો, ત્યાંથી પુષ્કળ ધન કમાઈને દેશમાં આવતો હતો, તેવામાં રસ્તામાં તેને દેવ પાસેથી દિવ્ય કુંડલો

મળ્યાં, તે તેણે દેશમાં આવી ચંદ્રછાયા રાજાને ભેટ આપ્યા. રાજાએ શેઠને કાંઈ નવાઇ ઉપજાવે તેવી વસ્તુ પરદેશમાં જોવામાં આવી હતી કે કેમ, તે સંબંધી પૂછયું. વેપારીએ કહ્યું કે મિથિલા નગરના કુંભરાજાની પુત્રી મલ્લીકુમારી જગતને આશ્ચર્ય ઉપજાવે તેવી રૂપ-સુંદર કન્યા છે. આ સાંભળી રાજાને તેણીને પરણવાની મનોભાવના થઈ, તેથી તેણે કુંભરાજાને ત્યાં પોતાનો દૂત મોકલ્યો. કુંભરાજાએ ના કહેવાથી જિતશત્રુ વગેરે રાજાઓ સાથે મળી જઇને ચંદ્રછાયાએ મિથિલાપર ચડાઇ કરી. ત્યાં મલ્લીકુંવરીએ સોનાની પ્રતિમા વડે તેને બોધ પમાડયો, પરિણામે ચંદ્રછાયાએ દીક્ષા લીધી. સખ્ત તપ જપ કરી, અંત સમયે અનશન કરી તેઓ મોક્ષમાં ગયા.

## ૯૭ ચંદ્રપ્રભુ.

ચંદ્રાનના નામની નગરીમાં મહાસેન નામે રાજા હતા. તેમને લક્ષ્મણા નામે રાણી હતી, તેમની કુક્ષિમાં વૈજયંત વિમાનમાંથી ચ્યવીને ચૈત્ર વદિ પાંચમે શ્રી ચંદ્રપ્રભુ ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન જોયાં. પોષ વદિ ૧૨ના રોજ પ્રભુનો જન્મ થયો. ૫૬ દિગ્કુમારિકાઓએ સૂતિકાકર્મ કર્યું. ૬૪ ઇંદ્રોએ આવી ભાવી તીર્થંકરનો જન્મોત્સવ ઉજવ્યો. ગર્ભ વખતે માતાને ચંદ્ર પીવાનો દોહદ ઉત્પન્ન થયેલો, તેથી પુત્રનું નામ "ચંદ્રપ્રભ" પાડયું. બાલ્યકાળ વીતાવી યુવાવસ્થા પામતાં ચંદ્રજિને યોગ્ય રાજકન્યાઓ સાથે લગ્ન કર્યું. તેમનું દેહમાન ૧૫૦ ધનુષ્યનું હતું.

અઢી લાખ પૂર્વ સુધી તેઓ કુમારપણે રહ્યા. તે પછી પિતાની ગાદીએ આવ્યા. સાડા છ લાખ પૂર્વ ઉપર ચોવીસ પૂર્વાંગ સુધી તેમણે રાજ્ય કર્યું. પછી પ્રભુએ વાર્ષિક દાન આપી પોષ વદિ ૧૩ને દિવસે એક હજાર રાજાઓ સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. ત્રણ માસ છદ્મસ્થ અવસ્થામાં રહેતાં જ શ્રી ચંદ્રજિનને ફાલ્ગુન વદિ

સાતમે કૈવલ્યજ્ઞાન ઉત્પન્ન થયું. તેમને ૯૩ ગણધરો હતા, તેમાં સૌથી મોટા દત્ત હતા.

ચંદ્રપ્રભુના સંઘ પરિવારમાં ૨ાા લાખ સાધુ, ૩૮૦ હજાર સાધ્વીઓ, ૨ાા લાખ શ્રાવકો અને ૪૯૧ હજાર શ્રાવિકાઓ હતા. એક લાખ પૂર્વમાં ૨૪ પૂર્વાંગ અને ત્રણ માસ ઓછા, સમય સુધી પ્રભુ કૈવલ્યજ્ઞાનપણે વિચર્યા અને પછી એક હજાર મુનિઓ સાથે સમેતશિખર પર એક માસનો સંથારો કરી ભાદરવા વદિ ૭ મે પ્રભુ નિર્વાણ–મોક્ષ પામ્યા, તેમનું આયુષ્ય દશ લાખ પૂર્વનું હતું.

## ૯૮ ચંદ્રયશ

માલવદેશની સુદર્શન પુરી નગરીના યુવરાજ યુગબાહુની પત્ની મયણરેહાનો તે પુત્ર હતો. પોતાના પિતા યુગબાહુનો તેમના મોટાભાઈ મણિરથે ઘાત કર્યો, અને નાસતાં નાસતાં છેવટે સર્પદંશથી મણિરથ પણ મૃત્યુ પામ્યો, એટલે માલવ દેશના રાજ્યનો અધિપતિ ચંદ્રયશ થયો. તેણે રાજ્ય સારી રીતે ચલાવ્યું. એકવાર ત્હેના નાનાભાઈ નમિરાજનો હાથી તોફાનમાં આવી પોતાની સીમમાં આવી ચડયો. ચંદ્રયશે તેને વશ કરી કબજે લીધો. નમિરાજે તે પાછો માગ્યો, ચંદ્રયશે આપ્યો નહિ, આથી બંને ભાઈઓ યુધ્ધે ચડયા. પોતે બંને ભાઈઓ છે એવું એક બીજા જાણતા ન હતા. આખરે મયણરેહા, જે સાધ્વી થઈ હતી, તેણે બંનેની ઓળખાણ કરાવી; પરિણામે યુદ્ધ બંધ રહ્યું અને માળવદેશનું રાજ્ય નમિરાજને સુપ્રત કરી ચંદ્રયશ રાજાએ દીક્ષા લીધી અને તે દેવલોકમાં ગયા.

## ૯૯ જમાલી.

ક્ષત્રિયકુંડ નગરમાં જમાલી નામનો ક્ષત્રિય કુમાર હતો. તે રિદ્ધિ સિદ્ધિમાં સુવિખ્યાત હતો. એક વાર પ્રભુ મહાવીર વિહાર

કરતાં કરતાં ત્યાં પધાર્યા. પરિષદ્ વંદન કરવા ગઈ. જમાલી પણ વાત જાણવાથી અશ્વ પર આરૂઢ થઇને પ્રભુને વાંદવા ગયો. પ્રભુએ દેશના આપી. જમાલી પ્રતિબોધ પામ્યો. ત્યાંથી ઘેર આવી માતા પિતાની રજા મેળવી, પાંચસો માણસો સાથે દીક્ષિત થયો. દીક્ષા લઇને જમાલીપુત્ર પ્રભુ મહાવીરની સાથે તપ સંયમથી આત્માને ભાવતાં વિચરવા લાગ્યા. એકવાર જમાલીએ પ્રભુ મહાવીરને કહ્યું કે મ્હારે જન પદ દેશમાં વિહાર કરવાની ઇચ્છા છે. પ્રભુ મહાવીર જાણતા હતા કે મેરૂ જેમ નિશ્ચળ પુરૂષો જ જન પદ દેશમાં ટકી શકશે. તેથી તેઓએ તે વાતને આદર આપ્યો નહિ, અને મૌન રહ્યા. જમાલી અણગાર પોતાની સાથે પાંચસો શિષ્યોને લઈ પ્રભુ મહાવીરની પણ અવગણના કરીને જનપદ દેશમાં વિહાર કરવા લાગ્યા. ફરતા ફરતા તે શ્રાવસ્તિ નગરીના કોષ્ટક ઉદ્યાનમાં પધાર્યા. તે સમયે નિઃરસ અને તુચ્છ આહાર જમવાથી જમાલીના શરીરમાં રોગ ઉત્પન્ન થયો અને અસહ્ય વેદના થવા લાગી, તેથી પોતાને માટે પથારી કરવાનું તેમણે બીજા મુનિને કહ્યું. પીડા અસંત થતી હોવાથી એ ત્રણ વાર તેમણે મુનિને કહ્યુંઃ મારી પથારી કરો છો કે કરી છે ? મુનિએ જવાબ આપ્યો. તમારી પથારી કરી નથી પણ કરીએ છીએ.

જમાલીને પ્રભુ વચનમાં તરત શંકા થઈ કે પ્રભુ મહાવીર પ્રરૂપે છે કે 'ચાલવા માંડે તેને ચાલ્યો કહીએ. નિર્જરતો હોય તેને નિર્જર્યો કહીએ' તે ખોટું છે. કેમકે પથારી કરતા થકા કરી નથી. પાથરતા છતાં પાથરી નથી. આ વાત તેમણે બીજા સાધુઓને સમજાવી. તે વાત કેટલાકને રૂચી અને કેટલાકને ન રૂચી. ન રૂચી તેઓ ચાલ્યા ગયા અને રૂચી તેઓ જમાલી પાસે રહયા. જમાલી વિરૂદ્ધ પ્રરૂપણા કરવા લાગ્યા. ત્યાંથી તે પ્રભુ મહાવીર પાસે આવ્યા અને કહ્યું કે મને કૈવલ્યજ્ઞાન થયું છે, હું અરિહંત, જિન, કેવળી છું.

આ સાંભળી ગૌતમ અણગારે કહ્યું, કે જો તમે કેવળી હો તો કહો, કેઃ—લોક શાશ્વત કે અશાશ્વત. જીવ શાશ્વત કે અશાશ્વત?

જમાલી જવાબ ન આપી શકયા. પ્રભુએ કહ્યું કે મ્હારા છદ્‌મસ્થ શિષ્યો પણ આનો જવાબ આપી શકે છે. પણ જેવું તમે બોલો છો તેવું હું બોલતો નથી. એમ કહી પ્રભુએ લોક અને જીવનું સ્વરૂપ સમજાવ્યું. છતાં તેમણે માન્યું નહીં અને પ્રભુથી જુદા પડી, વિરૂદ્ધ પ્રરૂપણા કરતા વિચરવા લાગ્યા. ઘણા વર્ષ સાધુ પ્રવર્જ્યા પાળીને, અભિનિવેશક મિથ્યાત્વના ઉદયથી તે મરીને છઠ્ઠા લંતક દેવલોકમાં કિલ્વીષી દેવ થયા. સંસાર પક્ષે જમાલી પ્રભુમહાવીરના જમાઈ થતા હતા.

## ૧૦૦ જયઘોષ

તેઓ વણારસી નગરીમાં બ્રાહ્મણ કુળમાં અવતર્યા હતા; પરન્તુ જૈન ધર્મની ઉત્કૃષ્ટતા નિરખી તેમણે પંચમહાવ્રત રૂપ જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. ફરતા ફરતા તેઓ એજ વણારસી નગરીમાં પધાર્યા અને મનોરમ નામક ઉદ્યાનમાં ઉતર્યા. તેજ નગરીમાં વિજયઘોષ નામના ચાર વેદમાં પારંગત એવા એક બ્રાહ્મણે યજ્ઞ આરંભ્યો હતો, તે યજ્ઞના સ્થાને જયઘોષ મુનિ માસક્ષમણના પારણે ભિક્ષા લેવા માટે આવી ઉભા. મુનિને દેખી વિજયઘોષ બોલ્યોઃ—હે ભિક્ષુ, આ તો વિપ્રનું ઘર છે. જે વિપ્ર વેદને જાણતો હોય, જે યજ્ઞનો અર્થી હોય, જ્યોતિષશાસ્ત્ર તથા વિપ્રશાસ્ત્રના છ અંગનો પારગામી હોય, તેમજ જે ધર્મશાસ્ત્રનો જ્ઞાત હોય તથા પોતાના અને પરના આત્માને જે સંસાર સમુદ્રથી તારવા સમર્થ હોય, તેવા વિપ્રોને માટે જ આ અન્ન નીપજાવેલું છે; તારા જેવાને માટે આ રસોઈ બનાવી નથી, માટે આમાંથી તને કાંઈ મળશે નહિ, માટે બીજે સ્થળે ભિક્ષા માગવા જા. જયઘોષ મુનિ સમતાના સાગર હતા. તેઓ વિજયઘોષના આ અપમાનિત શબ્દોથી લેશ પણ ક્રોધાયમાન ન થયા. તેમણે વિચાર્યું કે આ વિજયઘોષની

અજ્ઞાનતા મારે ટાળવી જોઈએ, અને અંધશ્રદ્ધાળુ બ્રાહ્મણોની સાન ઠેકાણે લાવી મોક્ષનો સાચો માર્ગ મારે બતાવવો જોઈએ, એ આશયથી જયઘોષ મુનિ ત્યાંથી ખસ્યા નહિ, પણ તેમણે વિજય-ઘોષને કહ્યું:—વિપ્ર, વેદમાં મુખ્ય કોણ? યજ્ઞમાં મુખ્ય કોણ? નક્ષત્રમાં મુખ્ય કોણ? ધર્મમાં મુખ્ય કોણ? અને સંસાર સમુદ્રથી ઉદ્ધારનાર કોણ? તે તું જાણે છે? જો જાણતો હોય તો આ પ્રશ્નોના ઉત્તર આપ. વિજયઘોષ આ પ્રશ્નોના જવાબો આપવા માટે અસમર્થ હતો. તેણે જયઘોષને કહ્યું:—મુનિ, ત્હમેજ આના જવાબો કૃપા કરીને આપો.

મુનિ બોલ્યાઃ—વેદમાં અગ્નિહોત્ર મુખ્ય છે. અગ્નિહોત્ર કેવો હોય તે સાંભળ. ૧ જીવરૂપ કુંડું. ૨ તપરૂપ વેદિકા. ૩ કર્મરૂપી ઈંધણ. ૪ ધ્યાન રૂપ અગ્નિ, ૫ શરીરરૂપ ગોર, ૬ શુભયોગ રૂપ ચાટવા, ૭ શુભ ભાવના તથા જીવદયા રૂપી આહૂતિ, એવો અગ્નિ-હોત્ર વેદમાં મુખ્ય છે. જે વેદમાં આવો અગ્નિહોત્ર કહ્યો હોય તે વેદ પ્રમાણ છે. વળી એ સંયમરૂપ યજ્ઞના અર્થી સાધુઓ યજ્ઞને પ્રવર્તાવનાર છે, નક્ષત્રમાં ચંદ્રમા મુખ્ય છે, ધર્મના પ્રરૂપકોમાં ભ૦ ઋષભદેવ અને ભ૦ મહાવીર પ્રમુખ તીર્થંકરો મુખ્ય છે; જેમ ગ્રહ, નક્ષત્ર, અને તારાઓ ચંદ્રમાની સેવા કરે છે, તેમ ઈંદ્રાદિ દેવો તીર્થંકરોની સેવા કરે છે. જેઓ વેદ તત્ત્વના અજાણ છે, મોહવંત છે અને જેમના હૃદયમાં કષાયરૂપી અગ્નિ ભરેલો છે, જેઓ સ્વાધ્યાય અને તપ કરતા નથી, એવા વિપ્રો, જેઓ તપ કરે છે તેમને હું વિપ્ર કહેતો નથી; પણ જેઓ સ્વજનાદિના સ્થાનકે જવાથી નારાજ ન થાય અને ત્યાં રહેવામાં આસક્ત ન બને એવા તીર્થંકર દેવોએ કહેલા બ્રાહ્મણોને જ હું બ્રાહ્મણ કહું છું. જેણે તપ રૂપ અગ્નિ વડે કર્મરૂપ મેલને બાળ્યો છે, તેમજ રાગ, દ્વેષ અને શોકાદિક સાત ભય તજ્યા છે, તેને હું બ્રાહ્મણ કહું છું. જેઓ ઈંદ્રિયોને દમનાર, તપશ્ચર્યામાં આનંદ માનનાર અને કષાયોને

સમાવનાર છે, તેમને જ હું બ્રાહ્મણ કહું છું. જે જીવદયા પાળે, સત્ય બોલે, વગર આપ્યું એક તણખલું સરખું પણ ન લ્યે, બ્રહ્મચર્ય પાળે અને નિષ્પરિગ્રહી બને, તેને હું બ્રાહ્મણ કહું છું. સંસારના કામભોગને વિષે લુબ્ધ ન થાય તેમજ સંયમ અને તપને માટે માત્ર શરીર નીભાવવાના હેતુથી જ ખોરાક લે છે, પણ ઇંદ્રિયોની વિકારવૃદ્ધિ અર્થે ખોરાક લેતો નથી, તેને જ હું બ્રાહ્મણ કહું છું.

હે વિજયઘોષ, આ પશુઓની હિંસાથી યજ્ઞ કરનાર તો ઉલટા દુર્ગતિમાં જનાર છે. વળી માથું મુંડાવવાથી સાધુ ન કહેવાય, ૐકાર ભણવાથી બ્રાહ્મણ ન કહેવાય, વનમાં વસે તેજ મુનિ, એમ ન કહેવાય અને ભગવાં પહેરે તેજ તાપસ ન કહેવાય. પરન્તુ જે શત્રુ તથા મિત્ર પર સમભાવ રાખે તે સાધુ, બ્રહ્મચર્ય પાળે તે બ્રાહ્મણ, જ્ઞાન હોય તે મુનિ અને બાર પ્રકારનો તપ કરે તે તાપસ કહેવાય. આવો અહિંસામય ધર્મ સર્વજ્ઞ તીર્થંકર દેવોએ પ્રરૂપ્યો છે. આવી રીતે જયઘોષ મુનિએ 'બ્રાહ્મણ કોને કહેવાય' એ સંબંધીનું યથાર્થ રહસ્ય વિજયઘોષને સમજાવ્યું. વિજયઘોષે આથી પ્રસન્ન થઈ જયઘોષને આહાર પાણી લેવાનું આમંત્રણ આપ્યું, પરન્તુ જયઘોષે કહ્યું:—હે આર્ય, મારે ભિક્ષાનું ખાસ પ્રયોજન નથી, પરન્તુ આ ઘોર સંસારસમુદ્રમાંથી શીઘ્ર તરવા માટે કટિબદ્ધ થા અને સંયમ અંગીકાર કર. આ સાંભળી વિજયઘોષે જયઘોષ મુનિ પાસે જૈન ધર્મની દીક્ષા લીધી. ત્યારબાદ બંને મુનિવરો સખ્ત તપ, જપ, ક્રિયાઓ કરી પૂર્વ કર્મોનો ક્ષય કરી કૈવલ્યજ્ઞાન પામ્યા અને મોક્ષમાં ગયા.

## ૧૦૧ જયન્તી.

એ કૌશામ્બી નગરીના રાજા શતાનિકની બહેન અને ઉદાયન રાજાની ફોઈ થતી હતી. ભગવાન મહાવીરદેવની તે પરમ શ્રમણોપાસિકા હતી. તેને જીવ અજીવાદિ નવ તત્ત્વના રહસ્યનું સારૂં જ્ઞાન

હતું. એકવાર ભગવાન મહાવીર તે કૌશામ્બી નગરીમાં પધાર્યા. જયંતી શ્રાવિકા ઉદાયન રાજા, મૃગાવતી વગેરેની સાથે ભગવાનને વંદન કરવા ગઈ. ભગવાને ધર્મકથા કહી. સર્વ પરિષદ્ દેશના સાંભળી પાછી વળી. ત્યારબાદ જયન્તીએ ભગવાનને વંદણા–નમસ્કાર કરી પૂછ્યું:–ભગવાન, જીવ ભારેપણું શાથી પામે? ભગવાને જવાબ આપ્યો:–પ્રાણાતિપાતાદિક હિંસા કરવાથી તથા મિથ્યાત્વ, દર્શન અને શલ્યથી. પુનઃ જયન્તીએ પૂછ્યું:–પ્રભુ, જીવ હલકો શાથી થાય? સંસાર કેવી રીતે વધારે તથા પરિત્સંસારી કેમ થાય? આ પ્રશ્નોના યોગ્ય જવાબો પ્રભુએ આપ્યા. પુનઃ જયન્તીએ પૂછ્યું: પ્રભુ, જીવને ભવસિદ્ધિપણું સ્વભાવથી હશે કે પરિણામથી? સઘળા ભવ્ય જીવો સિદ્ધ થશે? પ્રભુએ કહ્યું:–હા, ત્યારે જયન્તીએ કહ્યું કે શું ત્યારે આ લોક ભવ્ય જીવો વિનાનો થશે? ભગવાને કહ્યું: ના. વળી જયન્તીએ પૂછ્યું:–પ્રભુ, જીવ જાગતા ભલા કે ઉંઘતા ભલા? પ્રભુએ કહ્યું કે ધર્મી જીવો જાગતા ભલા અને અધર્મી જીવો ઉંઘતા ભલા. ફરી તેણે પૂછ્યું કે જીવ બળીયા ભલા કે દુબળા ભલા? જીવ ઉદ્યમી ભલા કે આળસુ ભલા? ભગવંતે જાગતા ઉંઘતા જીવોની માફક જવાબ આપ્યો. આ પ્રમાણે પ્રભુને અનેક પ્રશ્નો પૂછી, તેનું સમાધાન પામી જયંતી સ્વગૃહે ગઈ. કેટલાક વખત પછી તેણે પ્રભુ પાસે દીક્ષા લીધી. ત્યારબાદ સખ્ત તપ જપ ક્રિયાઓ કરીને તેઓ મોક્ષમાં ગયા.

## ૧૦૨ જયસેન.

શ્રી નમિનાથ ભગવાનના તીર્થમાં જય નામે બીજા ચક્રવર્તી થયા. તેઓ રાજગૃહ નગરના વિજય નામક રાજાની વપ્રા નામક રાણીના પુત્ર હતા. પિતાની પછી તેઓ રાજગાદી પર આવ્યા. કેટલાક સમય પછી તેમને ચક્રરત્ન વડે ચક્રવર્તીની ઋદ્ધિ મળી. છ ખંડનું રાજ્ય ભોગવી આખરે તેમણે ચારિત્ર લીધું અને કેવળજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

# ૧૦૩ જરાકુમાર.

તેઓ કૃષ્ણ વાસુદેવના ઓરમાન ભાઈ હતા. ગજસુકુમારનું સોમિલે આપેલા પરિસહ વડે મૃત્યુ થયાથી, કૃષ્ણે પોતાનું પુણ્ય ઓછું થયું જાણી શ્રી નેમનાથ પ્રભુને પૂછેલું કે મારૂં મૃત્યુ કેવી રીતે થશે ? પ્રભુએ કહેલું કે દ્વૈપાયન ઋષિના ક્રોધનો ભોગ બની દ્વારિકા નગરી બળશે, તેમાં તમે તથા બળભદ્ર બચી જશો. અને તમારૂં મૃત્યુ તમારા ઓરમાન ભાઇ જરાકુમારના હાથથી થશે. આ વાતની જરાકુમારને ખબર પડતાં, તે પોતાના હાથથી ભાઈનું મૃત્યુ થતું બચાવવા દ્વારિકા નગરી છોડી ગયા અને વનમાં રહેવા લાગ્યા; પણ નિમિત્ત મિથ્યા થતું નથી. એ અનુસાર દ્વારિકા નગરી બળી ત્યારે કૃષ્ણ અને બળભદ્ર દ્વારિકા છોડીને, પાંડવોને શરણે જવા ચાલી નીકળ્યા. રસ્તામાં શ્રીકૃષ્ણને તૃષા લાગી. બળભદ્ર તેમને માટે પાણી શોધવા ગયા. દરમ્યાન જરાકુંવર ફરતા ફરતા તે સ્થળે આવ્યા અને કૃષ્ણના પગના પદ્મને લીધે મૃગનો ભાસ થવાથી તેમણે બાણ છોડયું. તે બાણ કૃષ્ણના પગને વીંધી કપાળમાં વાગ્યું; એટલે કૃષ્ણે બૂમ પાડી, આ સાંભળી જરાકુમાર ચમકયા અને કૃષ્ણને મૂર્છાગત સ્થિતિમાં જોઈ પશ્ચાત્તાપ કરતા વિલાપ કરવા લાગ્યા. તેને શ્રીકૃષ્ણે કહ્યું:–ભાઈ, બનવા કાળ બને છે, વૃથા શોક કરવાથી કાંઈ વળે તેમ નથી, પણ તું હવે જલ્દી અહિંથી જતો રહે, કારણ કે મારા માટે પાણી લેવા ગયેલા બળભદ્ર અહિં આવી પહોંચશે તો તમને મારી નાખશે. જવાબમાં જરાકુમારે કહ્યું:–ભાઈ, આવી અવસ્થામાં તમને અહિં મૂકીને મારાથી કેમ જવાય, આખરે શ્રીકૃષ્ણના ખૂબ સમજાવવાથી જરાકુમાર કૃષ્ણના હાથની મુદ્રિકાની નિશાની લઈ પાંડવોને ખબર આપવા માટે પાંડુ મથુરા ભણી ચાલ્યા ગયા; જ્યાં તેમણે પોતાનું શેષ જીવન વિતાવ્યું.

# ૧૦૪ જરાસંધ.

રાજગૃહ નગરના બૃહદ્રથ રાજાનો તે પુત્ર હતો. પિતાની પછી તે ગાદીએ બેઠો અને અર્ધ ભરતના ત્રણ ખંડ જીતી પ્રતિવાસુદેવ થયો. તેને જીવયશા નામે પુત્રી હતી. એક વખત તેણે સમુદ્રવિજય રાજાને સિંહપુરના રાજા સિંહરથને હરાવી, પકડી લાવવાનું કહ્યું અને તે સાથે જણાવ્યું કે તેને પકડી લાવનારને હું મારી જીવયશા નામક પુત્રી પરણાવીશ. શ્રીકૃષ્ણના પિતા વસુદેવે પોતે લડવા જવાની સમુદ્રવિજય પાસે માગણી કરી અને તે કંસને લઈને સિંહરથ સામે લડવા ગયા. લડાઈમાં સિંહરથ રાજાને કેદ કરી જરાસંધ આગળ રજુ કર્યો. જરાસંધે વસુદેવને પોતાની પુત્રી જીવયશા આપવાનું કહ્યું, ત્યારે વસુદેવે કહ્યું કે સિંહરથને પકડનાર ઉગ્રસેન રાજાનો પુત્ર આ કંસ છે, માટે તેમની સાથે આપની પુત્રી જીવયશા પરણાવો. આથી જરાસંધે પોતાની પુત્રી કંસને પરણાવી. અને નગરની માગણીમાં કંસે મથુરા માગ્યું તે જરાસંધે તેને આપ્યું. કંસ લશ્કર લઈ મથુરા આવ્યો અને ઉગ્રસેનને કેદ કરી પોતે રાજા થયો. પાછળથી કંસને શ્રીકૃષ્ણે માર્યો, તેથી જીવયશા પોતાના બાપ જરાસંધ આગળ ફરિયાદ કરવા ગઈ. આથી જરાસંધે સમુદ્રવિજય પાસે રામ (બળભદ્ર) તથા કૃષ્ણની માગણી કરી, પણ સમુદ્રવિજયને પુત્રોને સંહાર માટે સોંપવા ઉચિત ન લાગવાથી તેમ જ જરાસંધ જેવા સમર્થ પ્રતિવાસુદેવ સામે લડવા જેટલું સામર્થ્ય ન હોવાથી, એક નૈમિત્તિકની સલાહથી તેઓ મથુરા અને સૌરીપુરથી નાસી પશ્ચિમ ભણી ચાલ્યા ગયા. તેમને પકડવા જરાસંધે પ્રથમ પોતાના પુત્ર કાળને મોકલ્યો, પણ શ્રીકૃષ્ણના પુણ્ય બળે રસ્તામાં દેવોએ તેને માર્યો. યાદવો આગળ વધ્યા. સમુદ્રકાંઠે આવી શ્રીકૃષ્ણે અઠમ તપ કર્યો. આથી દેવે આવી તેમને દ્વારિકા નગરી વસાવી આપી. યાદવોએ દ્વારિકામાં કૃષ્ણને રાજા ઠરાવ્યો. આ વાત જરાસંધે જાણવાથી તે

એક મોટું લશ્કર લઈ દ્વારિકા પર ચડી આવ્યો. જરાસંઘ પ્રતિ–વાસુદેવે વાસુદેવ શ્રીકૃષ્ણને મારવા ચક્રરત્ન છોડયું, તે ચક્ર કૃષ્ણના શરીરની પ્રદક્ષિણા કરી કૃષ્ણના હાથમાં બેઠું, તેજ ચક્રરત્ન વડે શ્રીકૃષ્ણે જરાસંઘનો નાશ કર્યો.

## ૧૦૫ જસા.

ઇષુકાર નગરમાં ભૃગુ નામના પુરોહિતને જસા નામની સ્ત્રી હતી. તે ઇષુકાર રાજાની સાથે નલિનીગુલ્મ વિમાનમાંથી ચ્યવી હતી. તેમને બે પુત્રો હતા. તે પુત્રો વૈરાગ્ય પામી દીક્ષા લેવા માટે તત્પર થયા, ત્યારે ભૃગુ પુરોહિતને પણ દીક્ષા લેવાનો પોતાનો મનોભાવ થયો, તે તેણે પોતાની પત્ની જસાને જણાવ્યો. જસાએ કહ્યું:–સ્વામિન્, હમણા થોડો વખત આપણે સંસારના સુખો ભોગવીએ, પછી દીક્ષા લઇશું. ત્યારે પુરોહિતે કહ્યું કે આપણા પુત્રો જ્યારે ચારિત્ર ગ્રહણ કરે છે, ત્યારે આપણે ઝાડના ઠુંઠાની જેમ સંસારમાં પડી રહીએ તે નકામું છે. માટે હું તો સંયમ લઇશ જ. આ સાંભળી જસાને પણ દીક્ષિત થવાનો અભિલાષ થયો. અને તેણે તેઓની સાથે દીક્ષા લીધી. સખ્ત તપ, જપ, ક્રિયાઓ કરીને જસા કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગઈ.

## ૧૦૬ જશોભદ્ર.

નલિનીગુલ્મ વિમાનમાંથી ચ્યવીને, ઇષુકાર નગરમાં ભૃગુપુરોહિતની જસા નામની સ્ત્રીની કુક્ષિએ તે પુત્રપણે અવતર્યો. તેને દેવભદ્ર નામે બીજો એક ભાઈ હતો. બંને ભાઇઓ દેવલોકમાં સાથે હતા. અહિંયા બંનેને સ્નેહ ઘણો હતો. ભૃગુ પુરોહિતે પોતાના બંને પુત્રોને વેદાદિ શાસ્ત્રોમાં પારંગત બનાવ્યા અને કહ્યું કેઃ–ત્હમે જૈનના સાધુનો કદી સંગ ન કરશો; કારણકે તેઓ ઝોળીમાં શસ્ત્રો રાખે છે, ને બાળકોને જોર જુલ્મથી સાધુ કરે છે; અને

જો કોઈ સાધુ ન થાય, તો તેને મારી નાખે છે. આ પ્રમાણે કહેવાથી બંને પુત્રો સાધુથી હંમેશાં સાવધાન રહેતા. ભૃગુ પુરોહિતે પણ નગરમાંથી નીકળી બહાર પરામાં વાસ કર્યો હતો. એક પ્રસંગે બંને ભાઈઓ શહેરમાં આવતા હતા, તેવામાં એક જૈન મુનિ શહેરમાંથી ગોચરી લઈ સ્વસ્થાનકે જતાં તેમને સામા મળ્યા. પોતાના પિતાએ આપેલી શીખામણથી જશોભદ્ર અને દેવભદ્ર નામના બંને બ્રાહ્મણ પુત્રો ભયભીત બની પાછા ફરી, આડે રસ્તે ચાલ્યા. મુનિને પણ તેજ રસ્તે જવાનું હતું, આથી તેઓ બંને વધુ ભયભીત બન્યા, અને ઉતાવળે દોડવા લાગ્યા. કેટલેક દૂર ગયા પછી તેઓ એક ઝાડ પર ચડી ગયા. મુનિએ પણ અજાણતાં તેજ ઝાડ તળે વિસામો લીધો અને રજોહરણ વડે જમીન પુંજીને ત્યાં પોતાની ઝોળી મૂકી. ત્યારબાદ તેઓ પાત્ર ખુલ્લાં કરી લાવેલ આહારનું ભોજન કરવા બેઠા. મુનિની શાંત મુદ્રા અને ઝોળીમાં શસ્ત્રને બદલે આહાર જોઈ બંને ભાઈઓ વિસ્મય પામ્યા અને પોતાના પિતાનું વચન તેમને ખોટું માલમ પડ્યું. મુનિ આહાર કરી રહ્યા બાદ બંને ભાઈઓએ નીચે ઉતરી મુનિના પગમાં વંદન કર્યું. મુનિએ તેમની હકીકતથી વાકેફ થઈ સંસારનું અસારપણું સમજાવ્યું. આથી બંને ભાઈઓને ત્યાં જાતિસ્મરણ જ્ઞાન થયું. ઘેર આવી માબાપ પાસે ચારિત્ર ગ્રહણ કરવાની તેમણે રજા માગી. માબાપે તે માટે આનાકાની કરી અને તેમને પરણાવી આપી સંસારસુખનો લહાવો લેવાનું કહ્યું. પરન્તુ વૈરાગ્યવાન બંને ભાઈઓને તે રુચ્યું નહિ, એટલું જ નહિ પણ તેમણે સંસારનું અનિત્યપણું માતા પિતાને સમજાવ્યું; અને પોતાનો દીક્ષા લેવાનો દઢ મનોભાવ વ્યક્ત કરી માતા પિતાને પણ દીક્ષિત થવા ઉપદેશ આપ્યો. આખરે બંને ભાઈઓ સાથે તેમના માતા પિતાએ દીક્ષા લીધી. તેમનું ધન ઈષુકાર રાજાએ ગ્રહણ કર્યું; તે ઉપરથી ઈષુકાર રાજાની રાણી કમળાવતીએ (પૂર્વવત્) રાજાને બોધ આપી વૈરાગ્ય પ્રેરિત કર્યો, આખરે રાજારાણી, પુરોહિત તથા

તેની સ્ત્રી, અને બંને પુત્રો એમ છએ જણાએ સાથે દીક્ષા લીધી, અને છએ જણ ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના કરી મોક્ષમાં ગયા.

## ૧૦૭ જાલીકુમાર.

રાજગૃહિના મહારાજા શ્રેણિકની ધારિણી નામક રાણીના તે પુત્ર હતા. યૌવનાવસ્થા પામતાં રાજાએ તેમને આઠ કન્યાઓ પરણાવી હતી. ભગવાન મહાવીર દેવ પાસેથી તેમણે ધર્મ કથા સાંભળી, માતા પિતા સાથે ચર્ચા કરી, અનુમતિ મેળવી દીક્ષા અંગીકાર કરી હતી. તેઓ મેઘકુમારની માફક ૧૧ અંગ ભણ્યા, ગુણસંવત્સર તપ કર્યો, ૧૬ વર્ષ ચારિત્ર પાળ્યું અને આખરે વિપુલગિરી પર્વત પર અનશન કરી કાળધર્મ પામીને તેઓ વિજય નામના વિમાનમાં ૩૨ સાગરોપમની સ્થિતિએ દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તેઓ મોક્ષમાં જશે.

## ૧૦૮ જિતશત્રુરાજા અને સુબુદ્ધિ પ્રધાન.

ચંપા નામની નગરી હતી. તેમાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુબુદ્ધિ નામનો પ્રધાન હતો, જે જીવાજીવના સ્વરૂપને જાણવાવાળો, અને બુદ્ધિશાળી હતો. તે ચંપાનગરીના ઈશાન ખૂણામાં એક પાણીથી ભરેલી ખાઈ હતી. જે ચરબી, રૂધીર, માંસ વગેરેથી ભરેલી હતી, અને તેમાંથી ઘણીજ દુર્ગંધ નીકળતી હતી. એક વખત રાજાએ અનેક પ્રકારના મિષ્ટભોજન જમ્યા બાદ પ્રધાનને પૂછયું. પ્રધાનજી, આજે હું વિવિધ જાતના સ્વાદિષ્ટ ભોજન જમ્યો છું. કહો, તે કેવાં આનંદદાયક હતા! સુબુદ્ધિ પ્રધાને ઉત્તર ન આપ્યો. રાજાએ વારંવાર કહ્યું ત્યારે તેણે જવાબ આપ્યો; તેમાં કંઈ હર્ષ પામવા જેવું નથી. પુદ્દગળનો હંમેશાં એવો જ સ્વભાવ હોય છે. તેમાં શું આશ્ચર્ય છે. રાજાએ આ વચનો સત્ય માન્યા નહી. એકવાર

તે રાજા પેલી દુર્ગંધમય ખાઈ પાસે થઇને નીકળ્યો. ખાઈની દુર્ગંધીથી રાજાએ નાક આડું વસ્ત્ર ધર્યું અને આગળ જઇને પ્રધાનને કહ્યું કે આ ખાઈનું પાણી દુર્ગંધવાળુ છે. કેમ ખરૂં કે નહી ? પ્રધાને જવાબ આપ્યો કે પુદ્ગળનો સ્વભાવ છે તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. રાજાને આ સાંભળી નવાઈ લાગી. તેણે કહ્યું કે પ્રધાનજી, તમે કદાગ્રહી છો. પ્રધાને વિચાર્યું કે રાજા જિનપ્રણિત ભાવોને જાણતો નથી. માટે તેમને સમજાવવાં. પ્રધાને કુંભારને ત્યાંથી ઘડો મંગાવ્યો અને સંધ્યાકાળે, જે વખતે માર્ગ શાંત હતો, અને મનુષ્યોના પગરવનો સંચાર ન હતો, તે વખતે પોતે પેલી દુર્ગંધી ખાઈની પાસે ગયો અને તેમાંથી પેલા ઘડામાં પાણી ભર્યું. તેમાં રાખ નાખીને ઘડાને બંધ કર્યો, અને સાત દિવસ સુધી રાખ્યો. ત્યારબાદ તેમાંનું પાણી ઠલવીને બીજા ઘડામાં નાખ્યું અને તેમાં રાખ નાખીને ઘડાને બંધ કરી સાત દિવસ સુધી રાખ્યો. એમ વારંવાર કરતાં સાત અઠવાડીયા સુધી પાણી બદલાવ્યા કર્યું. પરિણામે તે પાણી આરોગ્યકારી, સ્વચ્છ સ્ફટિક રત્ન સમાન, દુર્ગંધ વગરનું બની ગયું. પછી સુબુદ્ધિપ્રધાને માણસોને કહ્યું કે આ પાણી જિતશત્રુ રાજાને ભોજન વખતે આપજો. માણસોએ તે પ્રમાણે કર્યું. રાજાએ પાણી પીધું અને ઘણો જ વિસ્મય પામ્યો અને કહ્યું કે આ પાણી ઘણું જ આનંદકારી છે. કયાંથી લાવ્યા ? માણસોએ કહ્યું કે આ પાણી અમને સુબુદ્ધિપ્રધાને આપ્યું છે. રાજાએ પ્રધાનને બોલાવીને પૂછયું. ત્યારે પ્રધાને કહ્યું કે આ પેલી ખાઈનું પાણી છે. રાજાએ માન્યું નહી. પ્રધાને સર્વ હકીકત કહી. છતાં રાજાને વિશ્વાસ ન આવ્યો તેથી રાજાએ માણસો દ્વારા ખાઈનું પાણી મંગાવ્યું અને ઘડામાં ભરી સ્વચ્છ કરાવ્યું. તો પાણી સ્વચ્છ, પીવા યોગ્ય થયું. રાજા આશ્ચર્ય પામ્યો. પ્રધાને જિન-પ્રણિત ધર્મ સંભળાવ્યો. રાજા તે સાંભળી બારવ્રતધારી શ્રાવક થયો. કેટલાક સમય બાદ કોઈ સ્થવીર મહાત્મા ચંપાનગરીમાં પધાર્યા. સુબુદ્ધિપ્રધાન અને જીતશત્રુ રાજા વંદન કરવા ગયા. મુનિએ ધર્મ

દેશના આપી. બંને પ્રતિબોધ પામ્યા અને દીક્ષા લીધી. ઘણા વર્ષ સંયમ પાળી, તપ જપ ધ્યાન ધરી, સંથારો કરી નિર્વાણ પદને પામ્યા.

**ન્યાય—મિથ્યાત્વથી જેનું મન મુગ્ધ બન્યું છે તેવા પાપમાં પડેલા જીવો, ગુણરહિત હોવા છતાં સદ્‌ગુરૂના પસાયથી ખાઇના પાણીની જેમ ગુણવાળા થાય છે.**

## ૧૦૯ જિતશત્રુ.

પંચાલ દેશના કાંપિલ્યપુર નગરનો તે રાજા હતો. તે પૂર્વભવમાં અભિચંદ્ર નામે મહાબળનો મિત્ર હતો. તેણે મહાબળ સાથે દીક્ષા લઈ સખ્ત તપ સંયમનું પાલન કર્યું, પરિણામે તે જયંત નામના અનુત્તર વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી જિતશત્રુ નામે રાજા થયો. તેના દરબારમાં એકવાર 'ચોકખા' નામની એક પરિવ્રાજિકા આવી. તે પરિવ્રાજિકા મિથિલા નગરીમાં રહેતી અને લોકોને પોતાના મતનો ઉપદેશ આપતી. એક વાર તેણીએ મિથિલાના અંતઃપુરમાં પ્રવેશ કરીને મલ્લીકુંવરીને પોતાના મતનો બોધ આપ્યો. મલ્લીકુંવરીએ તેને પૂછ્યું કે તમારો ધર્મ શો છે? જવાબમાં તેણીએ પોતાનો ધર્મ સંભળાવ્યો. (જે શુકદેવ પરિવ્રાજકે થાવચ્ચાપુત્રને કહ્યો હતો તે પ્રમાણે) આથી મલ્લીકુંવરીએ તેના ધર્મનું પોકળ પણું બતાવી વિનયમૂળ ધર્મ કહ્યો. પરિવ્રાજિકા નિરુત્તર રહી એટલે મલ્લીકુંવરીની દાસીઓએ તેને ધુત્કારીને કાઢી મૂકી. આથી કોપાયમાન થઈને તે પરિવ્રાજિકા જિતશત્રુ રાજાના અંતઃપુરમાં આવી અને ત્યાં પોતાનો શૌચમૂળ ધર્મ સંભળાવ્યો. જિતશત્રુ રાજાને પોતાની સ્ત્રીઓના રૂપ સૌંદર્યનું અભિમાન હતું, તેથી તેણે તે પરિવ્રાજિકાને પૂછ્યું કે મારા જેવું અંતઃપુર ત્હમે કયાંઈ જોયું? આથી વૈર વાળવાને ઉત્સુક બનેલી તે પરિવ્રાજિકાએ કહ્યું:—રાજન્, મિથિલા નરેશ કુંભરાજાની પુત્રી મલ્લીકુંવરીના રૂપ સૌંદર્ય આગળ ત્હારૂં અંતઃપુર પાણી ભરે છે. એમ કહી તેણીએ મલ્લીકુંવરીના અથાગ રૂપનું

રાજા સમક્ષ વર્ણન કર્યું. આથી મોહ પામી જિતશત્રુ રાજાએ મલ્લીકુંવરીનું માગું કરવા કુંભ રાજા પાસે પોતાનો દૂત મોકલ્યો. કુંભરાજાએ પોતાની પુત્રી તેને પરણાવવાની ના કહી, એટલે જિતશત્રુએ અદીનશત્રુ, રૂપી, ચંદ્રછાયા, પ્રતિબુદ્ધિ, તથા શંખ વગેરે રાજાઓ સાથે સંકેત કરીને મિથિલા પર ચડાઈ કરી. ત્યાં મલ્લીકુંવરીની યુક્તિ તથા બોધથી જિતશત્રુ વૈરાગ્ય પામ્યો અને તેણે બીજા રાજાઓની સાથે દીક્ષા લીધી.

## ૧૧૦ જિનદાસ.

તે સૌગંધી નામક નગરીના અપ્રતિહત્ નામના રાજાના મહાચંદ્રકુમારના પુત્ર હતા. તેમની માતાનું નામ અર્હદત્તા. એકવાર ભગવાન મહાવીર તે નગરમાં પધાર્યા. જિનદાસ દેશના સાંભળવા ગયા. અને વૈરાગ્ય પામી તેમણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પૂર્વભવમાં મજ્ઝિમિકા નામક નગરીમાં મેઘરથ રાજાના ભવમાં સૌધર્મ નામક અણગારને તેમણે સુપાત્ર દાન આપ્યું હતું, તેથી તેઓ અત્યંત સુખસાહ્યબી પામ્યા હતા, પરન્તુ તેમાં ન લોભાતા પાછળથી જિનદાસે પ્રભુ મહાવીરદેવ પાસે ચારિત્ર અંગીકાર કર્યું, અને તેજ ભવમાં તેઓ મોક્ષ ગયા. ( સુખવિપાક ).

## ૧૧૧ જિનરક્ષ, જિનપાલ.

કુણિક રાજાની ચંપાનગરીમાં માકંડિય નામનો એક સાર્થવાહ રહેતો હતો. તેને ભદ્રા નામની સ્ત્રી હતી. તેનાથી તેને બે પુત્રો થયા હતા. એકનું નામ જીનરક્ષ અને બીજાનું નામ જીનપાળ. તેઓ ઉમર લાયક થતાં વ્યાપારાર્થે અગ્યાર વખત લવણ સમુદ્રમાં જઈ આવ્યા હતા અને પુષ્કળ દ્રવ્ય લાવ્યા હતા. એક વખત તેઓ બંનેએ બારમી વખત લવણસમુદ્રમાં જવાનો નિશ્ચય કર્યો. માતાપિતાને પૂછયું. માતાપિતાએ કહ્યું કે તમારી આ બારમી મુસાફરી દુઃખદાયક

થશે; માટે જવું નહી. પરંતુ તે બંને જણાએ ન માનતાં હઠ કરીને વહાણમાં બેસી પર્યટને નીકળી પડયાં. લવણસમુદ્રમાં મધ્ય દરિયામાં તેઓ પહોંચ્યા ત્યારે નાવ તોફાને ચડયું. વિજળી, ગર્જના થવા લાગી અને પ્રતિકૂળ વાયુને લીધે નાવ ડોલવા લાગ્યું અને ધીમે ધીમે તેમાં પાણી ભરાતાં નાવ ડુબ્યું. ઘણા માણસો તેમાં ડૂબી મૂઆં. કર્મસંયોગે આ બંને જણને તરતાં તરતાં એક લાકડાનું પાટીયું હાથ આવી ગયું. તેના આધારથી તેઓ બંને રત્નદ્વીપ નામના બેટ પાસે આવ્યા. ત્યાં થોડું પાણી દેખીને સંતોષ પામ્યા, અને ત્યાં કિનારે ઉતરી જમીનપર આવ્યા, તે પછી તેઓ પોતાના પર આવેલી આફત માટે પરસ્પર વાતો કરવા લાગ્યા. હવે આ દ્વીપના મધ્ય ભાગના એક મહેલમાં રત્નદ્વીપા નામની એક દેવી રહેતી હતી. તે ઘણીજ ખરાબ હતી. તેણે અવધિજ્ઞાનથી આ બે જણાને બેઠેલા જોયાં. તેથી તે હાથમાં તરવાર લઇ શીઘ્ર ગતિથી તેમની પાસે આવી પહોંચી અને બોલી: જો તમે મારી સાથે કામભોગ ભોગવશો તો હું તમને જીવતા રાખીશ. નહિતો આ તરવારથી તમારા બંનેનાં મસ્તક ઉડાવી દઇશ. તેની વક્રતાના ભયથી આ બંને કબુલ થયાં. તેથી તે દેવી તે બંનેને પોતાના મહેલમાં લઈ ગઈ, અને તેમની સાથે વિપૂલ ભોગ ભોગવવા લાગી.

એક વખત રત્નદ્વીપા દેવીએ આ બંનેને કહ્યું કે તમે કોઇ-વખત ઉદ્વેગ પામો અને ફરવા જવાનું મન થાય તો બધી દિશામાં જજો, પણ દક્ષિણ દિશાના વનખંડમાં ન જતા, તે મુજબ તેઓ દરેક દિશામાં જતા પણ દક્ષિણ દિશામાં ન જતા. એકવાર તેઓને વિચાર થયો કે દેવીએ દક્ષિણ દિશામાં જવાની શા માટે ના કહી હશે! ત્યાં કંઈક હોવું જોઈએ. એમ ધારી તેઓ બંને દક્ષિણ દિશામાં જવા તત્પર થયા. ત્યાં જતાં પ્રથમ તેમને એક સર્પના મડદાંની પારાવાર દુર્ગંધ આવી તે સહન ન થઈ શકવાથી તેઓ મ્હોં ઢાંકી દક્ષિણ દિશાના વનખંડમાં આવ્યા, ત્યાં એક વધસ્થાન તેમણે જોયું.

અને શૂળી ઉપર એક માણસને ચઢેલો જોઈને આ બંને ભયભિત થયા. પેલા માણસને કારણ પૂછયું ત્યારે તેણે કહ્યું કે આ વધસ્થાન રત્નદ્વીપા નામની દેવીનું છે. હું કાકંડી નગરીનો એક ઘોડાનો વેપારી છું. લવણસમુદ્રમાં મુસાફરી કરતાં વહાણ ભાંગવાથી એક પાટીયાને આધારે આ દ્વીપમાં આવ્યો. અહિં મને આ દેવી લઇ ગઈ અને એક અલ્પ અપરાધને ખાતર તે દેવીએ મ્હારી આ દુર્દશા કરી છે! આ સાંભળી તેઓ બંને વધારે ભયભીત થયા અને દેવીના પંજામાં-થી છૂટવાનો તેમણે વિચાર કર્યો. છૂટવાનું કારણ પૂછતાં, પેલા શુળી પર ચડેલા પુરુષે કહ્યું કે પૂર્વ દિશાના ખંડમાં શેલગ નામના યક્ષનું મંદિર છે. તેની પૂજા કરશો તો તમે છૂટશો. તે મુજબ તેઓએ કર્યું, પરિણામે શેલગ યક્ષ પ્રસન્ન થયો, અને તેઓને પોતાની પીઠ પર બેસાડી લવણ સમુદ્રમાં થઈ ચંપાનગરી તરફ ચાલ્યો.

હવે પેલી રત્નદ્વીપા દેવી બહાર ફરીને ઘેર આવી. ત્યાં પેલા બે પુત્રોને જોયા નહી. તેથી તે ચારે દિશાના વનખંડમાં જઈ આવી, પણ કયાંઈ તેમનો પત્તો લાગ્યો નહી. તેથી અવધિજ્ઞાન મૂકી જોયું તો તેમને શેલગ યક્ષની પીઠ પર બેસીને લવણસમુદ્રમાં જતાં જોયા, તેથી કોપાયમાન થઈ હાથમાં તરવાર લઈ શીઘ્રગતિથી દોડતી તે કુમારો પાસે આવી પહોંચી. પ્રથમ તો તેણી તે બંનેને મૃત્યુનો ભય દેખાડવા લાગી. પણ યક્ષના વચન મુજબ તેમાંના કોઇએ તેણીના સામું જોયું નહી, પછી બંને જણા પ્રત્યે તે દેવી હાવભાવ કરતી, શોક વિલાપ કરતી કરુણ સ્વરે પોતાની પાસે આવવા વિનવવા લાગી. આથી જીનરક્ષતનું મન ચલિત થયું. આ વાત યક્ષના જાણવામાં આવવાથી તેણે જીનરક્ષને છોડી દીધો. રત્નદ્વીપા જીનરક્ષને ગ્રહણ કરીને બોલીઃ—રે દાસ, હવે તું મૃત્યુના મુખમાં આવ્યો છે. એમ કહી તેને ઉપાડી આકાશમાં ઉછાળ્યો અને પછી તેના શરીરના ટુકડે ટુકડા કરી મારી નાખ્યો.

બીજી બાજુ જીનપાળ ડગ્યો નહી, તેથી યક્ષે તેને ચંપા નગરીમાં

તેને ઘેર પહોંચાડયો. માતપીતાને તે મળ્યો અને સઘળી વાત નિવેદન કરી. કાળાન્તરે તે ધર્મબોધ પામ્યો અને દીક્ષા લીધી. યાવત્ તે મોક્ષગતિને પામશે.

ન્યાય—હે આયુષ્યવંત શ્રમણો ! જેવી રીતે જીનરક્ષ કામ ભોગમાં મૂર્છિત બનીને, દુઃખી થયો; તેમ તમે દીક્ષા લઇને મનુષ્યના કામભોગમાં આશક્ત બનશો, તો આ ભવમાં નિંદા પામશો અને પરભવમાં દુઃખી થશો. જેમ જીનપાળનું એક રૂંવાડું પણ ચલિત ન થયું, તેથી યક્ષે તેને ચંપાનગરીમાં પહોંચાડયો તેમ તમે આશક્ત નહિ બનો તો પરમસુખાકારી સિધ્ધગતિને પામશો.

## ૧૧૨ જીરણ શેઠ.

પ્રભુ મહાવીરના વખતમાં વિશાળા નામક નગરીમાં જીરણ નામના શેઠ હતા, તે જૈનધર્મના આસ્તિક અને સંત મહાત્માઓના પૂર્ણ ભકત હતા. ભ. મહાવીર છદ્‌મસ્થાવસ્થામાં વિશાળા નગરીમાં એક વખત ચાતુર્માસ રહ્યા. ત્હેમના દર્શને વારંવાર જીરણશેઠ જતા અને પ્રભુને વિનતિ કરતા કે પ્રભો ! આ સેવકને કોઇવાર પારણાનો લાભ આપી ઉપકૃત કરશો. પ્રભુ ધ્યાનમાં હોય, તેથી કાંઈ બોલે નહિ. જીરણ શેઠ હરહંમેશ ભાવના ભાવ્યા કરે કે પ્રભુ મહાવીર જેવા મહાપુરૂષ પારણાને દિવસે ગૌચરી અર્થે મારે ત્યાં પધારે તો મારો મનુષ્ય જન્મ સાર્થક થાય. એમ ચિંતવતા ચિંતવતા કારતક વદિ એકમનો દિવસ આવ્યો. તે દિવસે પ્રભુને પારણું કરવાનું હતું. જીરણ શેઠે વિચાર્યું કે મ્હારાં એવાં ભાગ્ય કયાંથી હોય કે પ્રભુ આ દિવસે મારે ત્યાં પધારે અને મને પાવન કરે ! આ જાતની ભાવનામાં જીરણ શેઠ તલ્લાલીન છે, તેવામાં જ પ્રભુ મહાવીર ફરતા ફરતા પુરણ નામના શેઠને ત્યાં જઈ ચડયા. પુરણ શેઠનું ઘર જીરણશેઠના ઘરની સમીપમાં જ હતું, તેમ પુરણ શેઠ સંતભક્ત પણ ન હતો,

છતાં લોકવ્યવહારે તેણે દાસીને કહ્યું કેઃ—જા, પેલા આંગણે આવેલા ભિખારીને ઘરમાં જે કાંઈ હોય તે આપ. શેઠના હૂકમથી દાસીએ ભગવાનને અડદના બાકળા વહોરાવ્યા. ભગવાને ત્યાંજ તે બાકળાનું ભોજન કર્યું, કે તરત જ તે સ્થળે દેવે પંચ દ્રવ્યની વૃષ્ટિ કરી અને ઉદ્દઘોષણા કરી, કે 'અહોદાનં, મહાદાનં' અર્થાત્ ધન્ય છે, સુપાત્રને દાન દીધું—મહાદાન દીધું. આ શબ્દો જીરણ શેઠના સાંભળવામાં આવતાં તે ચમકયા. તેમણે જાણ્યું કે ભ૦ મહાવીરે પુરણ શેઠને ત્યાં પારણું કર્યું, મ્હારી ભાવના ન ફળી! અહો હું કેવો નિર્ભાગી! એમ ચિંતવી તે શોક કરવા લાગ્યા. કાળાન્તરે જીરણ શેઠ સુપાત્ર દાન આપવાની ભાવનાએ મૃત્યુ પામી દેવલોકમાં ગયા. ત્યાંથી તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તેજ ભવમાં મોક્ષ જશે.

## ૧૧૩ જુઠલશ્રાવક.

પ્રભુ નેમનાથના સમયમાં ભદ્દિલપુર નગરમાં એક ધનાઢય ગાથાપતિ હતા. તેમની પાસે ૧૬ ક્રોડ સોના મહોરોની રોકડ, તેટલી જ કિંમતની ઘરવખરી, અને તેટલી જ મુડી વ્યાપારમાં રોકાયલી હતી. તે ઉપરાંત ગાયોના ૧૬ ગોકુળ હતા. તેઓ ૩૨ સ્ત્રીઓ સાથે સંસાર સંબંધના વિવિધ સુખ ભોગવતા હતા. પ્રભુ નેમનાથની દેશના સાંભળવાથી તેમને સ્થૂલ વૈરાગ્ય સ્ફૂર્યો અને પ્રભુ પાસે શ્રાવકના બારવ્રત ધારણ કર્યા. તેમાં તેમણે માત્ર ચણાની દાળ, ચોખા અને પાણી એ ત્રણ જ વસ્તુઓની ખાવા માટે છૂટ રાખી, બાકીના સઘળાં દ્રવ્યોનો ત્યાગ કર્યો, તેમ જ એક વીંટી સિવાયના બીજાં તમામ આભરણો ત્યાગ્યા, બહુમૂલાં વસ્ત્રો ત્યાગ્યા; મૈથુનનો સર્વથા ત્યાગ કર્યો, વળી છઠ, અઠમાદિ સખ્ત તપશ્ચર્યા કરીને તેમણે શરીરને શોષવી નાખ્યું, શરીર કૃષ થયેલું જોઈ તેમની સ્ત્રીઓએ શરીર દુર્બળ થયાનું કારણ પૂછયું, ત્યારે જુઠલ શ્રાવકે પ્રભુ નેમનાથ પાસે પોતે શ્રાવકવ્રત અંગીકાર કર્યાની હકીકત કહી.

આથી સ્ત્રીઓએ જુઠલ શ્રાવકને ભોગવિલાસ કરવાનું આમંત્રણ કર્યું, પણ જુઠલ શ્રાવક પોતાની પ્રતિજ્ઞાથી જરાપણ ડગ્યા નહિ. નિરાશ થઈ સ્ત્રીઓ પાછી ફરી. જુઠલ શ્રાવકે વિચાર્યું કે આજે મને સ્ત્રીઓનાં દર્શન થયા, તે ઠીક થયું નહિ. એમ ધારી તેમણે શ્રાવકની ૧૧ પડિમા ધારણ કરી. અનુક્રમે ૧૦ પડિમાઓ પુરી થયઃ પછી ૧૧ મી પડિમા લીધી. ૧૯ દિવસો પસાર થતાં તેમને અવધિજ્ઞાન થયું; ત્યારે તેમને જણાયું કે પોતાને અગ્નિનો ઉપસર્ગ થશે; અને તેમાં મૃત્યુ થશે. આથી તેમણે જીવનપર્યંતનું અનશન કર્યું. એ દરમ્યાન તેમની સ્ત્રીઓ, જેમની અધમ માગણી જુઠલ શ્રાવકે કબુલ રાખી ન હતી, તેઓ વૈર લેવાની ઈચ્છાએ ત્યાં આવી અને ધ્યાન ધરીને જ્યાં જુઠલ શ્રાવક બેઠા છે, તે પૌષધશાળા સળગાવી મૂકી. એકંદર પાંચસો વર્ષનું આયુષ્ય, તથા ત્રીસવર્ષનું શ્રાવકપણું પાળી, બે માસના અનશને જુઠલ શ્રાવક અગ્નિના ઉપસર્ગે મૃત્યુ પામ્યા અને ઈશાન દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી મોક્ષમાં જશે.

## ૧૧૪ જંબુસ્વામી.

રાજગૃહ નગરમાં રાજાઓને વિષે શિરોમણી અને ઈંદ્ર તુલ્ય મ્હોટી સમૃદ્ધિવાળો શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તેજ નગરમાં ઋષભદત્ત નામે એક ધનાઢય શેઠ રહેતો હતો, તેને ધારિણી નામની સુશીલ અને ધર્મપરાયણ પત્ની હતી. બંનેને સંસારસુખ ભોગવતાં કેટલેક કાળે એક પુત્ર થયો. નામ પાડયું જંબુકુમાર. માતાપિતાના ગુણો સ્વાભાવિક રીતે બાળકમાં ઉછરે, એ અનુસાર જંબુકુમારની આકૃતિ શાન્ત, તેજસ્વી, વૈરાગ્યવંત દેખી સૌ કોઈને અપાર આનંદ થતો. બાલ્યકાળ વટાવી જંબુકુમાર યૌવનાવસ્થા પામ્યા, ત્યારે તેમના પિતાએ તેમનું લગ્ન કરવાનું ઈચ્છયું. એ અરસામાં જ તેજ નગરના પૃથક પૃથક્ આઠ ધનવાન શાહુકારો પોતાની પુત્રીઓનું

સગપણ કરવા માટે ઋષભદત્ત શેઠને ત્યાં આવ્યા; અને વિનતિ કરી. તેમની વિનતિ માન્ય રાખી ઋષભદત્ત શેઠે પોતાના પુત્ર જંબુકુમારનું સગપણ પ્રસ્તુત શ્રેષ્ઠિઓની આઠ પુત્રીઓ સાથે કર્યું. શ્રેષ્ઠિઓ આનંદ પામી સ્વસ્થાનકે ગયા.

આ અવસરમાં ભવ્ય પ્રાણીઓને ઉપદેશ આપતા, શ્રી સુધર્માસ્વામી રાજગૃહ નગરના ઉદ્યાનમાં સમોસર્યા. આ સમાચાર સાંભળતાં જંબુકુમાર અતિ હર્ષ પામ્યા અને એક વાયુ સરખા વેગવાળા રથમાં બેસીને શ્રી સુધર્મ ગણધરને વંદન કરવા ગયા. દેશના સાંભળી જંબુકુમારને સંસાર પર તિરસ્કાર છૂટયો. ઘેર આવી તેમણે દીક્ષા લેવાની વાત પોતાના માતાપિતાને કહી. માતાપિતાએ લગ્ન કરવાનો આગ્રહ કર્યો. જંબુકુમાર માતાપિતાની ઇચ્છાને તાબે થયા. ઋષભદત્તે પેલા આઠ શ્રેષ્ઠિઓને બોલાવીને કહી દીધું કે મારો પુત્ર લગ્ન કર્યા પછી તરત જ દીક્ષા લઈ ચાલી નીકળવાનો છે, માટે તમારો વિચાર હોય તોજ લગ્ન કરો. પેલા શ્રેષ્ઠિઓએ આ હકીકત પોતાની પુત્રીઓને જણાવી. પુત્રીઓએ કહ્યું કે તેઓ દીક્ષા લેશે, તો અમે પણ લઈશું, પરન્તુ જે વિવાહ થયો તે થયો જ. આખરે જંબુકુમારનું તે આઠ સ્ત્રીઓ સાથે લગ્ન થયું. જેણે સંસારના વિષયભોગ વિષસમાન ગણ્યા છે એવા ધર્મનિષ્ઠ જંબુકુમારે તે રાત્રિયે બ્રહ્મચર્ય પાળ્યું, એજ વખતે પ્રભવ નામનો મુખ્ય ચોર પોતાના ૫૦૦ સાગ્રીત ચોરો સાથે જંબુકુમારનો ધનભંડાર લૂંટવા આવ્યો. પ્રભવ પાસે અવસ્વાપિની વિદ્યા હોવાથી, તેણે વિવાહમાં આવેલા તમામ માણસોને ઘેનમાં નિદ્રાધિન કરી દીધા. જંબુકુમાર પર આ વિદ્યાની અસર થઈ નહિ. પ્રભવ ચોરે પુષ્કળ ધન એકઠું કર્યું. અને જેવો જ તે ચાલવા જાય છે, કે તરત જ જંબુકુમારની બ્રહ્મચર્ય રૂપી સ્થંભન વિદ્યાના જોરે પ્રભવચોરના પગ ત્યાં જ ચોટી ગયા. પ્રભવે જંબુકુમારને પોતાને છોડવા વિનંતિ કરી, બદલામાં જંબુકુમારે સંસારની

અસારતાનું વર્ણન કર્યું. પરિણામે પ્રભવને દીક્ષા લેવાનો અભિલાષ થયો. તેજ રાત્રીએ વિધવિધ દૃષ્ટાંતો આપીને જંબુકુમારે પોતાની આઠ સ્ત્રીઓને બુઝવી. સૌ દીક્ષા લેવા તત્પર થયા. છેવટે જંબુકુમારે, પ્રભવાદિ ૫૦૦ ચોર, પોતાના માતાપિતા, આઠ સ્ત્રીઓ અને તેમના માતાપિતા એમ ૫૨૬ જણ સાથે દીક્ષા લીધી; અને સુધર્મગણધર સાથે ગ્રામાનુગ્રામ વિચરતા અનેક પ્રશ્નોનું સમાધાન કરી શાસ્ત્રમાં પારંગત થયા. તેમણે ૧૬ વર્ષની વયે દીક્ષા લીધી. ૩૬ મા વર્ષે કૈવલ્યજ્ઞાન થયું. ૪૪ વર્ષ કૈવલ્ય પ્રવર્જ્યામાં રહ્યા અને ૮૦ વર્ષની ઉંમરે તેઓ મોક્ષ પામ્યા. તેમની પાટે શ્રી પ્રભવસ્વામી બેઠા.

## ૧૧૫ ઢંઢણકુમાર.

શ્રી કૃષ્ણને ઢંઢણા નામે રાણી હતી, તેને એક પુત્ર થયો. નામ ઢંઢણકુમાર. એકવાર શ્રી નેમીશ્વર ભગવાન ત્યાં પધાર્યા. ઢંઢણકુમાર પ્રભુની દેશનામાં ગયા. ત્યાં તેમને વૈરાગ્ય થયો અને માતા પિતાની રજા મેળવી તેમણે દીક્ષા લીધી. પૂર્વ કર્મના ઉદયે ઢંઢણમુનિને આહારની પ્રાપ્તિ થતી ન હતી, એટલું જ નહિ પણ ઢંઢણમુનિ જો કોઈ બીજા સાધુઓ સાથે ગૌચરી જાય, તો તે સાધુઓને પણ આહારની પ્રાપ્તિ ન થાય. આથી ઢંઢણમુનિએ એવો અભિગ્રહ લીધો કે પોતાની લબ્ધિ વડે આહાર મળે તો જ સ્વીકારવો. આ રીતે છ માસ વીતી ગયા, પણ ઢંઢણમુનિને આહાર મળ્યો નહિ. એકવાર ભગવાન નેમિનાથ ઢંઢણમુનિ આદિ શિષ્ય પરીવાર સાથે દ્વારિકામાં પધાર્યા, ઢંઢણમુનિ ગૌચરીએ નીકળ્યા. રસ્તામાં શ્રી કૃષ્ણ મળ્યા, તેમણે ઢંઢણમુનિને વંદન કર્યું. આ જોઈ પાસેની એક હવેલીમાં રહેતા ગૃહસ્થને લાગ્યું કે આ મુનિ પ્રભાવશાળી જણાય છે. એમ વિચારી તેણે ઢંઢણમુનિને મોદક વહોરાવ્યા. તે લઈ મુનિ શ્રી નેમનાથ પાસે આવ્યા. અને પોતાની લબ્ધિએ મળેલા આહારની વાત કરી, ત્યારે શ્રી નેમનાથે કહ્યું કે તમને મળેલો આહાર તમારી લબ્ધિનો નથી,

પણ તે શ્રી કૃષ્ણની લબ્ધિનો છે, એમ કહી સવિસ્તર વાત કરી. ઢંઢણે કહ્યું : પ્રભુ ! મને કયાં કર્મને કારણે આહારની પ્રાપ્તિ નહિ થતી હોય ! પ્રભુએ જવાબ આપ્યો:–મગધ દેશના પૂર્વાર્ધ નગરમાં પૂર્વભવે તું પારાશર નામે એક સુખી ખેડૂત હતો. તારા તાબામાં ૬૦૦ હળ હતા. એકવાર હળ ખેડનાર ૬૦૦ માણસો માટે ભાત આવ્યું. સખ્ત ઉનાળો હતો; ખેડૂતો થાકી ગયા હતા, છતાં તેં એ બધાને ખેતરનો એક આંટો વધુ ફેરવી ભૂખનું દુઃખ આપ્યું. આ રીતે તેં ૬૦૦ ખેડૂત અને ૧૨૦૦ બળદ એમ ૧૮૦૦ જીવોને ભાત પાણીનો અંતરાય પાડ્યો. તે નિકાચિત કર્મનું ફળ હે મુનિ, આ વખતે તમારે ભોગવવું પડે છે. ઢંઢણમુનિ ચેત્યા. તેમણે લાવેલા લાડુઓ ભુક્કો કરી એક જગ્યાએ પરઠવી દીધા, અને પશ્ચાત્તાપની ભાવના ભાવતાં આત્માની અદ્ભુત શ્રેણિમાં પ્રવેશ્યા, કે તરત જ તેમને કૈવલ્યજ્ઞાન થયું. કેટલોક વખત કૈવલ્યપણે વિચરી તેઓ મોક્ષમાં ગયા.

## ૧૧૬ તામલી તાપસ.

જંબુદ્રીપના ભરતક્ષેત્રમાં તામ્રલીપ્તી નામની નગરી હતી. તે નગરીમાં મૌર્યપુત્ર તામલી નામનો મહાઋદ્ધિવંત ગાથાપતિ રહેતો હતો. એકવાર મધ્યરાત્રીએ ત્હેને એવો વિચાર થયો કે મેં પૂર્વ જન્મમાં દાનાદિ સુકૃત કર્યું છે. તપશ્ચર્યા કરી છે. તેનાં શુભ ફળ અત્યારે હું ભોગવી રહ્યો છું. તો હવે મ્હારે આ જન્મમાં પણ પર-ભવને માટે શુભ કૃત્ય કરવું જોઈએ.

સૂર્યોદય થયો. તામલી ગાથાપતિ સ્વસ્થ થયો. જ્યેષ્ઠપુત્રને બોલાવી આત્મસાધના કરવાનો વિચાર જણાવ્યો. જ્યેષ્ઠપુત્રને ગૃહ-કાર્યભાર સોંપી સન્યસ્થ–ધર્મની દીક્ષા લઇને તે ચાલી નીકળ્યો. હાથમાં કાષ્ટનું પાત્ર રહી ગયું છે. પગમાં પાદુકા પ્હેરી છે. ભગવાં

વસ્ત્રો ધારણ કર્યાં છે. કેશલોચ કર્યો છે. અને છઠ ઉપર છઠ કરી આતાપના ભૂમિમાં ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી છે, પારણાને દિવસે ઉચ્ચ, નિચ, મધ્યમ કૂળમાં ભિક્ષાર્થે નીકળે છે અને માત્ર પાકેલા ચોખા વહોરીને લાવે છે. તે ચોખાને એકવીસવાર પાણીથી ધોવે છે, અને તેનું સત્ત્વ માત્ર રહે ત્યારે જ તેનો આહાર કરે છે અને જીવન નભાવે છે. વળી તે પાછી ઉગ્ર તપશ્ચર્યા સાધવા લાગે છે. અલ્પ આહાર અને મહાન તપશ્ચર્યાના યોગે તેનું શરીર હીણ, ક્ષીણ થઈ ગયું. શરીરમાં માત્ર હાડકાંઓ દેખાવા લાગ્યા. અને હવે હું લાબું જીવીશ નહી એવું તેને લાગવાથી પોતાની પાસેનું કમંડલ, કાષ્ટપાત્ર તથા પાદુકાને તેણે દૂર ફેંકી દીધાં અને પાદોપગમન સંથારો કર્યો.

તેની મહાન તપશ્ચર્યાના પરીબળે દેવલોકમાં બલીચંચા રાજ્યધાનીના દેવેંદ્રનું આસન ચલિત થયું. ત્યાંના દેવ દેવીઓએ ઉપયોગ મૂકયો અને જોયું તો તામલી તાપસને સંથારો કરતાં જોયો. તેથી તેને બલીચંચામાં ઇંદ્ર થવાનો સંકલ્પ (નિયાણું) કરાવવા, દેવો મૃત્યુલોકમાં તામલી તાપસ પાસે આવી પહોંચ્યા. દેવોએ બત્રીસ પ્રકારના નાટકો કરી તામલીતાપસને વંદન કર્યું. અને બલીચંચામાં ઇંદ્ર થવાનો સંકલ્પ કરવા તામલીતાપસને કહ્યું. પરંતુ તામલીતાપસે ગણકાર્યું નહિ, અને મૌન રહ્યો. દેવો ક્રોધ પામીને સ્વસ્થાનકે ગયાં. તે સમયે ઈશાન દેવલોકમાં પણ ઇંદ્રની જગ્યા ખાલી પડી.

તામલીતાપસ બે માસ સંથારામાં રહી, સાઠ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મરણ પામ્યો અને ઈશાન દેવલોકમાં ઈંદ્ર થયો. આ વાતની બલીચંચાના દેવદેવીઓને ખબર પડી, તેથી તેઓ ઉગ્ર રૂપ ધારણ કરી, ક્રોધથી લાલચોળ બની મૃત્યુ લોકમાં ઉતરી પડયા, અને તામલીતાપસના શબને રસીથી બાંધ્યું. તેનાપર થુંકયા અને તે શબને ઘસડીને તે નગરીની વચ્ચે લાવી દેવો બોલવા લાગ્યાઃ–સ્વયં,

મનઃકલ્પિત પ્રવજ્યા લઇને અને અજ્ઞાન તપશ્ચર્યા કરીને તામલીતાપસ ઈશાન દેવલોકમાં દેવ થયો છે, આ પ્રમાણે તેની નિંદા કરી દેવો સ્વસ્થાનકે ગયાં. ઈશાનના દેવદેવીઓએ જાણ્યું કે અમારા ઈંદ્ર તામલીતાપસના મૃતદેહની દુર્દશા થઈ છે! તેથી તેમણે તે વાત તામલીતાપસને કરી. તેથી તે ક્રોધથી લાલચોળ બની, લલાટમાં ભ્રકુટી ચડાવી, બલીચંચાને ઉંચે નીચે ચોતરફ જોવા લાગ્યો. તેના દિવ્ય પ્રભાવથી તે રાજ્યધાની અગ્નિના અંગાર જેવી લાગવા લાગી. તેથી ત્યાંના દેવદેવીઓ બીકથી થરથરવા લાગ્યા. ઈશાન–ઇંદ્રનો ક્રોધ જાણી તેઓ તેમની પાસે આવ્યાં અને ક્ષમા માગી. પુનઃ આવું કામ નહિ કરવાનું કહ્યું. ઈશાનઇંદ્રે તેજુલેશ્યા પાછી ખેંચી લીધી. તે વખતથી બલીચંચાના દેવો ઈશાનઈંદ્રની આજ્ઞા પાળે છે.

## ૧૧૭ ત્રિપૃષ્ટ વાસુદેવ.

પોતનપુર નગરમાં પ્રજાપતિ નામે રાજા હતો. તેને મૃગાવતી નામની રાણી હતી. તેનાથી ત્રિપૃષ્ટ નામે મહા બલિષ્ઠ પુત્ર થયો. તેઓ અશ્વગ્રીવ નામના પ્રતિવાસુદેવને મારી પહેલા વાસુદેવ થયા. ભગવાન ઋષભદેવના પુત્ર ભરત, અને તે ભરતના પુત્ર મરિચિનો જીવ તે આ ત્રિપૃષ્ટ, તથા ભ૦ મહાવીરનો કેટલાક ભવો પહેલાનો જીવ તે પણ આ ત્રિપૃષ્ટ. ત્રિપૃષ્ટને સંગીતનો ઘણો શોખ હતો. તેણે એકવાર પોતાના શય્યા પાલકને કહ્યું કે હું ઉંઘી જાઉં ત્યારે આ ગવૈયાનું ગાન બંધ કરાવજો. ગવૈયાના મધુર સંગીતના સ્વાદમાં ત્રિપૃષ્ટ ઉંઘી જવા છતાં શય્યા પાલકે ગાન બંધ ન કરાવ્યું, આથી ત્રિપૃષ્ટ જાગી જતાં તેને પારાવાર ક્રોધ ચડયો અને તે શય્યા પાલકના કાનમાં ઉનું–ધગધગતું સીસું રેડાવ્યું. શૈય્યાપાલક ત્રાસ પામી મરણ પામ્યો. આ નિકાચિત કર્મબંધનો ઉદય ભ. મહાવીરના ભવમાં તેને આવ્યો, અને તે શય્યાપાલકના જીવે ભરવાડ રૂપે પ્રભુ મહાવીરના કાનમાં વૃક્ષની ખીલીઓ ઠોકી દારૂણ વેદના ઉપજાવી અને પોતાનું

વૈર વાળ્યું. ત્રિપૃષ્ટ, શ્રેયાંસનાથ તીર્થંકરના વખતમાં ૮૪ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી મૃત્યુ પામ્યો અને સાતમી નરકે ગયો.

## ૧૧૮ ત્રિશલાદેવી.

તેઓ ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાની રાણી અને પ્રભુ મહાવીરની માતા હતા. તેમને નંદીવર્ધન અને વર્ધમાન (મહાવીર) એ બે પુત્રો ઉપરાંત એક પુત્રી હતી. ત્રિશલાદેવી એ વિશાળા નગરીના ચેડા રાજાની બહેન થતા હતા. તેઓ પ્રભુ પાર્શ્વનાથના શાસનમાં શ્રાવકધર્મ પાળતા. ભ. મહાવીર દેવે દીક્ષા લીધી, તે પહેલાં તેઓ કાળધર્મ પામી દશમા દેવલોકમાં ગયા.

## ૧૧૯ તેતલીપ્રધાન.

તેતલીપુર નામનું નગર હતું. તેમાં કનકરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને મહાબુદ્ધિશાળી તેતલીપુત્ર નામનો પ્રધાન હતો. તે પ્રધાન એક વાર ઘોડેસ્વાર થઈને કેટલાક સ્વારો સાથે ફરવા જતો હતો. રસ્તામાં તેણે એક ભવ્ય મકાનની અગાસીમાં એક સુંદર બાળાને જોઈ. આ બાળા સર્વાંગ સુંદર અને અપૂર્વ લાવણ્યવાળી હતી. પ્રધાન આ બાળાને જોઈ મોહિત થયો. પ્રધાન ઘેર આવ્યો. પરંતુ તેને ચેન પડયું નહી. તેથી પોતાના માણસને બોલાવીને પેલી બાળા કોણ છે તેની તપાસ કરાવી. માણસોદ્વારા જાણ્યું કે તે એક મહા ઋદ્ધિવંત કાલાદે નામે સોનીની પુત્રી છે. અને તેનું નામ પોટ્ટીલા છે. પ્રધાનને તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા થઇ, તેથી દૂત દ્વારા સોનીને ત્યાં તેની પુત્રી તેતલીપુત્ર પ્રધાનને આપવા કહેણ મોકલાવ્યું. દૂતો ગયા અને વાત કરી. સોની પોતાની ઇજ્જત આબરુ વધશે એમ ધારી માગું કબુલ કર્યું, પ્રધાન આ પોટ્ટીલા કન્યાને પરણ્યો અને અનેક પ્રકારના સુખ ભોગવવા લાગ્યો.

તે નગરનો કનકરથ રાજા સ્ત્રીઓનાં રૂપ સૌંદર્યમાં મુગ્ધ હતો

અને સદાકાળ અંતઃપુરમાં જ પડી રહેતો, વળી તેને પુત્ર ઉપર અભાવ હતો. એટલે કોઈપણ પુત્રનો જન્મ તેને ત્યાં થાય, તો તે તેના હાથ અગર પગની આંગળીઓ કાપી નાખે અગર તો અંગુઠો કાપે, અગર નાક કાપે, અગર કાન કાપે. એકાદ અંગ તો ઓછું કરેજ કે જેથી તે રાજ્યને માટે લાયક રહે નહિ. એકદા તેની પદ્માવતી રાણીને એવો વિચાર થયો કે રાજા, પુત્ર થાય તો તેના અંગોપાંગનું છેદન કરે છે, માટે મારે પુત્ર કદાપિ થાય તો અગાઉથી તેનો પ્રબંધ કરવો જોઇએ, તેમ ધારી તેતલીપુત્ર પ્રધાનને બોલાવી બંદોબસ્ત કર્યો. હવે પોટ્ટીલાને (પ્રધાનની સ્ત્રી) તથા પદ્માવતી એ બંનેને સાથેજ ગર્ભ રહેલો. પોટ્ટીલાએ મૃત પુત્રીને જન્મ આપ્યો. અને પદ્માવતીએ જીવિત પુત્રને જન્મ આપ્યો. પદ્માવતીએ પુત્ર જન્મતાંની સાથેજ દાસી દ્વારા તેતલીપુત્રને બોલાવી પુત્રને સોંપ્યો. તેતલીપુત્ર ખાનગી રીતે પુત્રને લઈ ગયો અને પોતાને ત્યાં જન્મેલી મૃતપુત્રી પદ્માવતીને સોંપી ગયો. રાજાને મૃતપુત્રી જન્મ્યાની ખબર આપી અને તેની નિવારણ ક્રિયા કરી. તેતલીપુત્રે રાજાનાં પુત્રને પોતાને ઘેર લઈ જઈ પોટ્ટીલાને સોંપ્યો, અને સત્ય હકીકત કહીને ઉછેરવા કહ્યું. તે કુમારનું નામ 'કનકધ્વજ' પાડવામાં આવ્યું. કુમાર બાલ્યાવસ્થા વીતાવી, ૭૨ કળા શીખી યૌવનાવસ્થાને પામ્યો અને આનંદ કરવા લાગ્યો.

કાળાન્તરે તેતલીપુત્રને પોટ્ટીલા સ્ત્રી પર અભાવ થયો. પોટીલા આર્તધ્યાન ધ્યાતી શોકમાં દીવસો વીતાવવા લાગી. એકદા સુવ્રતા નામના સાધ્વીજી પોટ્ટીલાને ઘેર વહોરવા પધાર્યા. પોટ્ટીલાએ નમસ્કાર કરી આનંદપૂર્વક દાન દીધું અને પૂછ્યું! અહો આર્યાજી, આપ કોઈ વશીકરણ મંત્ર મ્હને આપશો કે જેથી મહારા પર કોપેલા સ્વામી મારો સ્વીકાર કરે! આર્યાજીએ કહ્યું, હે દેવાણુપ્રિય! અમે વ્રતધારી આર્યાજીઓ છીએ; અમારે તે સંબંધી કંઈ પણ કહી શકાય

નહી, પણ તમારે જો ઇચ્છા હોય તો હું સર્વજ્ઞ પ્રભુનો વિચિત્ર ધર્મ સમજાવું, પોટ્ટીલાએ હા કહી. આર્યાજીએ ધર્મ બોધ આપ્યો. પોટ્ટીલા પ્રતિબોધ પામી અને બારવ્રત અંગીકાર કર્યા. ત્યાર બાદ કેટલોક સમય વિત્યો છતાં તેતલીપુત્રને પોટ્ટીલા પર પ્રેમ આવ્યો નહી, તેથી પોટ્ટીલાને દીક્ષા લેવાની અભિલાષા થઈ અને પતિની આજ્ઞા માગી. પતિએ કહ્યું કે તમે દીક્ષા લઇને દેવ થાવ, તો મ્હને બોધ પમાડવો એવી શરતે હું રજા આપું. પોટ્ટીલાએ તે કબુલ્યું અને દીક્ષા લીધી. તપ જપ સંવર ક્રિયાઓ અને અંતિમ સંથારો કરી પોટ્ટીલા દેવલોકમાં ગઈ.

કનકરથ નામનો રાજા વખત જતાં ગુજરી ગયો. તેને પુત્ર ન હોવાથી, ગાદી કોને આપવી તે માટે નગરજનો વિચારમાં પડ્યા. પછી તે સર્વે તેતલીપુત્ર પાસે ગયા અને રાજ્યપુત્ર કોઈ હોય તો લાવી આપવાની વિનંતિ કરી. પ્રધાને પ્રથમની હકીકત જાહેર કરી. લોકો ખુશી થયાં, અને કનકધ્વજ કુમારને રાજ્યાસને સ્થાપ્યો. કનકધ્વજ પણ તેતલીપુત્ર પર ઘણોજ પ્રેમ રાખતો અને દરેક કાર્યમાં તેનીજ મુખ્ય સલાહ લેતો. તેતલીપુત્ર રાજ્યકાર્યભારના વૈભવમાં અને મોજ-શોખમાં રહેવા લાગ્યો. આ વાતની પોટ્ટીલ દેવને ખબર પડી, તેથી તેણે રાજા અને પ્રધાન ઉભય વચ્ચે પ્રેમ સંબંધ તોડવાનો પ્રયત્ન કર્યો. પરિણામે કનકધ્વજનો પ્રેમ પ્રધાન ઉપરથી એકાએક ખસી ગયો. પ્રધાનને રાજાએ તેમજ તેના કોઈ પણ અનુચરોએ માન ન આપ્યું. પ્રધાન શોકમાં પડ્યો અને આ તિરસ્કૃત જીવન જીવવા કરતાં મૃત્યુ શ્રેયસ્કર છે, એમ ધારી આત્મહત્યા કરવા પ્રયત્ન કર્યો. ઝેરથી, તરવારથી, ફાંસાથી, અગ્નિથી, એમ અનેક પ્રયોગો તેણે કર્યા. છતાં દેવની ચમત્કૃતિથી એકેયમાં તે સફળ ન થયો. ત્યારે પોટીલ દેવ આવ્યો અને ઉપદેશ આપી પૂછ્યું. હે તેતલીપુત્ર, આગળ મોટી ઉંડી ખાઈ છે, અને પાછળ હાથીનો ભય છે, બંને બાજુમાં અંધકાર છે, વચ્ચે

પાણીની વર્ષાધારા ચાલી રહી છે, ગામ અગ્નિથી બળી રહ્યું છે અને અટવીમાં મોટો દવ લાગ્યો છે. તે સમયે ક્યાં જવું ? તેતલીપુત્રે જવાબ આપ્યો:-ભયભિત મનુષ્યને તેવા સમયે ચારિત્રનું જ શરણ છે. પોટ્ટીલે કહ્યું:-સત્ય છે, ત્યારે તમે ચારિત્ર અંગીકાર કરો. એમ કહીને તે સ્વસ્થાનકે ગયો. તેતલીપુત્ર આત્મચિંતવન કરવા લાગ્યો અને શુકલ ધ્યાનના યોગથી તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ યાદ આવ્યો. તેણે તરત સ્વયંમેવ પંચમુષ્ટિ લોચ કરી પંચમહાવ્રત ધારણ કર્યાં, અને શુભ પરિણામની ધારા વર્ષાવતાં, જ્ઞાનાવરણીય આદિ ચાર કર્મનો ક્ષય કરી, કૈવલ્યજ્ઞાન, કૈવલ્ય દર્શનને પામ્યા.

કનકધ્વજને આ વાતની ખબર પડી, તેથી તે ચિંતાતુર થઈ તેતલીપુત્ર પાસે ક્ષમા યાચવા આવ્યો. તેણે વંદન કર્યું અને અવિનયની ક્ષમા માગી, ભક્તિ કરવા લાગ્યો. તેતલીપુત્રે તેને ધર્મબોધ આપ્યો. રાજાએ બારવ્રત અંગીકાર કર્યાં. ઘણા વર્ષ સુધી કેવળ પ્રવર્જ્યા પાળીને તેતલીપુત્ર સિદ્ધ થયા.

## ૧૨૦ થાવચ્ચાપુત્ર.

સુવર્ણના કોટવાળી મણિરત્નના કાંગરાવાળી, ધનપતિ કુબેરની બુદ્ધિથી ઉત્પન્ન થયેલી દ્વારિકા નામની નગરી હતી. તે નગરીમાં એક મહા રિદ્ધિવંત થાવચ્ચા નામની ગાથાપતિનીને એક પુત્ર હતો, તેનું નામ થાવચ્ચાપુત્ર. યૌવનાવસ્થાએ પામતાં થાવચ્ચાપુત્રને બત્રીસ સ્ત્રીઓ પરણાવવામાં આવી. તે સ્ત્રીઓના પ્રેમસૌંદર્યમાં થાવચ્ચાપુત્ર સમય પસાર કરતો હતો. એકદા પ્રસંગે દ્વારિકા નગરીના નંદનવન નામના ઉદ્યાનમાં ૨૨ મા તીર્થંકર શ્રી નેમનાથ પ્રભુ પધાર્યા. પરિષદ્ દર્શન કરવાને નીકળી. જેમ મેઘકુમાર દર્શન કરવાને નીકળ્યા હતા, તેમ થાવચ્ચાપુત્ર પણ નીકળ્યા. પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. થાવચ્ચાપુત્રને વૈરાગ્ય થયો. ઘેર આવી માતા પાસે દીક્ષાની

આજ્ઞા માગી. માતાપુત્રનો સંવાદ થયો. પુત્રનો તીવ્ર વૈરાગ્ય જોઈ માતા સંવાદમાં જીતી નહી. પરિણામે દીક્ષાની રજા આપવી પડી. ત્યાંથી તે રાજદરબારમાં શ્રીકૃષ્ણ વાસુદેવ પાસે ગઇ, સર્વવાત વિદિત કરી અને છત્ર, મુગટ, ચામર વગેરેની માગણી કરી. કૃષ્ણ વાસુદેવે પોતે જ થાવચ્ચાંપુત્રનો દીક્ષામહોત્સવ કરવાનું કહ્યું. પ્રથમ તો શ્રી કૃષ્ણે થાવચ્ચાંકુમારને દીક્ષા નહિ લેવા અને પોતાના આશ્રય તળે આવવા સમજાવ્યું. કુમારે જવાબ આપ્યોઃ–મહારાજા, જો તમે જન્મ, જરા અને મૃત્યુનો નાશ કરી શકતા હો તો હું તમારા આશ્રયે આવું. કૃષ્ણે કહ્યું. તે તો દેવ કે દાનવોથી પણ બની શકે તેમ નથી. "છેવટે કૃષ્ણ વાસુદેવે નગરમાં જેને દીક્ષા લેવી હોય તે લે, તેમનાં સગાં, કુટુંબનો નિર્વાહ હું કરીશ." એવો અમર પડહ વગડાવ્યો. પરિણામે એક હજાર પુરૂષો દીક્ષા લેવા તૈયાર થયા. થાવચ્ચાંપુત્રે પંચમુષ્ટિ લોચ કર્યો અને નેમનાથ પ્રભુ પાસે દીક્ષિત થયાં. ચૌદ-પૂર્વનો અભ્યાસ કરી તપ સંવરમાં આત્માને ભાવતાં થાવચ્ચાંપુત્ર વિચરવા લાગ્યા.

એક વખત થાવચ્ચાંપુત્રે પોતાના એક હજાર શિષ્યો સાથે જનપદ દેશમાં વિહાર કરવા માટે ભગવાન પાસે આજ્ઞા માગી. ભગવાને આજ્ઞા આપી. જનપદદેશના શેલગપુર ગામના શેલગરાજા તથા પંથક પ્રમુખ તેના પાંચસો મંત્રિને પોતાના ઉપદેશથી શ્રાવક ધર્મ અંગીકાર કરાવ્યો. તે વખતે સાંખ્યમતવાળો શુક નામે પરિવ્રાજક હતો. તે અનેક લોકોને પોતાનો શુચિધર્મનો ઉપદેશ આપી પ્રતિબોધતો, અને સુદર્શન નામે મહારૂદ્ધિવંત શેઠ શુચિ એ ધર્મનું મૂળ છે, એ સત્ય-માની તેનો અનુયાયી થયો. પરંતુ થાવચ્ચાંપુત્રે 'વિનય એ ધર્મનું મૂળ' છે એ સચોટ સમજાવવાથી સુદર્શન શ્રાવક થયો હતો. આ વાતની શુકને ખબર પડવાથી તે સુદર્શન પાસે આવ્યો, સુદર્શને તેને થાવચ્ચાંપુત્ર પાસે મોકલ્યો. બંનેનો સંવાદ થયો. થાવચ્ચાંપુત્રની

અદ્‌ભુત જ્ઞાનશક્તિથી શુક પ્રતિબોધ પામ્યો અને તેણે પોતાના હજાર પરિવ્રાજકો સહિત થાવર્ચ્ચાપુત્ર પાસે જૈનમતની દીક્ષા લીધી. થાવર્ચ્ચાપુત્ર ઘણાજીવોને પ્રતિબોધ પમાડી, ઘણા વર્ષ સંયમ પાળી, ઉગ્ર તપશ્ચર્યા કરી, પાદોપગમ સંથારો કરી કૈવલ્યજ્ઞાન પામ્યા અને સર્વ દુઃખોથી રહિત બની સિદ્ધગતિને વર્યા.

શુક અણગાર એકદા વિહાર કરતા કરતા શેલગપુર નગરના ઉદ્યાનમાં આવ્યા. પરિષદ વાંદવા આવી. શેલગ નગરીનો રાજા શેલગ પણ દર્શન કરવા આવ્યો. શુક અણગારે ધર્મોપદેશ આપ્યો. રાજા બુઝયો. અને પોતાના પાંચસો મંત્રિઓ સાથે તેણે દીક્ષા લીધી. શુકઅણગાર શેલગ રાજર્ષિને પાંચસો મંત્રિસાધુઓ શિષ્યપણે સોંપી પોતે એક હજાર શિષ્યો સાથે વિહાર કરતાં પુંડરિક પર્વતપર સિદ્ધ થયા.

એક વખત શેલગ રાજર્ષિને લુખ્ખો, સુકો, અનિયમિત આહાર જમવાથી તેમના કોમળ શરીરમાં વેદના ઉત્પન્ન થઈ. તેમનું શરીર નિર્બળ બની ગયું. ફરતાં ફરતાં તેઓ પોતાના શેલગપુર નગરના ઉદ્યાનમાં પધાર્યા. પરિષદ વંદન કરવા આવી. તેમાં તેમનો પુત્ર મંડૂક પણ આવ્યો. રાજર્ષિનું રોગિષ્ટ અને વ્યાધિમય શરીર જોઈને પુત્રે કહ્યું:—આપ મારી દાનશાળામાં પધારો, હું આપના આચારને યોગ્ય દવા વગેરેથી ચિકિત્સા કરાવીશ. આપ નિર્દોષ શય્યા સંથારો વગેરે લઈ લ્યો; શેલગ ઋષિએ કબુલ કર્યું, અને તેઓ પોતાના શિષ્યો સાથે શહેરમાં ગયા. તેમના પુત્રે વૈદો વગેરેને બોલાવી ઉપચાર કરાવ્યા. પરિણામે શેલગ રાજર્ષિનો રોગ શાંત થયો. રોગ શાંત થવા-થી તે વિપુલ અન્ન, પાણી તથા સ્વાદિષ્ટ આહારમાં લુબ્ધ થઈ ક્રિયા રહિત શિથિલાચારે વિચરવા લાગ્યા. અને પ્રાસુક પીઢ વગેરે જે કંઈ લાવેલ તે પાછા આપ્યા નહિ. તેથી પંથક સિવાયના તેમના ૪૯૯ શિષ્યો તેમને છોડીને ચાલ્યા ગયા. એક વખત શિથિલાચારી શેલગ

રાત્રિએ સુખમાં સૂતા હતા. તે વખતે પંથક નામના શિષ્યે ક્ષમાશ્રમણ લેતા પોતાના માથાથી શેલગ ઋષિના પગને સંઘર્ષણ કર્યું. શેલગઋષિ જાગી ગયા અને પંથક ઉપર ક્રોધિષ્ટ બન્યા. પંથકે કારણ જણાવી ક્ષમા માગી. પંથકનો વિનયભાવ જોઈ શેલગને વિચાર થયો કે અહો! રાજ્યપાટ છોડીને મેં દીક્ષા લીધી, છતાં હું સરસ આહારમાં લુબ્ધ બનીને શિથિલાચારી બન્યો. ધિક્કાર છે મને, એમ કહી તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને પાપની આલોચના કરી શુદ્ધ થયા. ત્યારબાદ છોડીને ગયેલા પેલા શિષ્યો તેમને સાધુના ખરા ભાવમાં આવેલા જાણી શેલગને મળ્યા. આખરે ઘણાં વર્ષ સુધી શુદ્ધ ચારિત્ર પાળી શેલગ રાજર્ષિ પણ મોક્ષ ગતિને પામ્યાં.

**ન્યાય—**જો કોઇ સાધુ સાધ્વી શેલગ રાજર્ષિની માફક દીક્ષા લઇને પ્રમાદપણે વીચરે, તો આ લોકમાં નિંદાને પાત્ર થઇ સંસારચક્રમાં પરિભ્રમણ કરે, અને જો પ્રમાદ રહિત ભાવ સાધુપણે વીચરે, પ્રભુઆજ્ઞામાં રહી જ્ઞાન દર્શન ચારિત્રની વૃદ્ધિ કરે તો ચાર તીર્થમાં પૂજ્યનિક બને અને ચાર ગતિનો અંત કરી સિદ્ધગતિને પામે.

## ૧૨૧ દત્ત.

કાશી નગરમાં અગ્નિસિંહ નામે રાજા હતો, તેને શેષવતી નામક રાણી હતી. તેનાથી એક મહા બલિષ્ઠ પુત્ર થયો, તેનું નામ દત્ત. તેણે પ્રલ્હાદ નામના પ્રતિવાસુદેવને માર્યો, જેથી તે ૭ મો વાસુદેવ કહેવાયો. ૫૬ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી, અરનાથ અને મલ્લીનાથ પ્રભુના આંતરામાં તે મૃત્યુ પામીને પાંચમી નરકે ગયો.

## ૧૨૨ દમયંતી.

વૈદર્ભદેશમાં કુંડનપુર નગરના ભીમકરાજાની પુત્રી અને અયોધ્યાપતિ નળરાજાની પત્ની સતી દમયંતી સ્વયંવર મંડપમાં અનેક સુરનરાદિકને છોડી નળરાજા સાથે લગ્નથી જોડાઈ. તેમને બે બાળક થયા હતા. પાછળથી નળ પોતાના ભાઈ

કુબેર સાથે જુગાર રમ્યા, પરિણામે નળને રાજ્યપાટ હારીને વનમાં જઈ રહેવું પડયું. સતી દમયંતી તેમની સાથે વનમાં આવી અને ત્યાં અનેક સંકટો સહ્યાં. પારધી, વ્યાપારી, વ્યાઘ્ર આદિ અનેકના ત્રાસદાયક પંજામાંથી બચી, શિયળનું રક્ષણ કરી તે અચળપુરમાં ઋતુપર્ણ રાજાને ત્યાં પોતાની માસીને ઘેર આવી. ત્યાં પણ કર્મવશાત્ તેના પર હાર ચોર્યાનો આરોપ આવ્યો. સતીના શિયળ પ્રભાવે હાર જડયો અને તેની માસીને આ આરોપ બદલ પશ્ચાત્તાપ થયો. આખરે પોતાના પિતા ભીમક-રાજાના માણસોની સાથે તે પિતાના રાજ્યમાં ગઈ. ત્યાં નળના મેળાપ માટે ફરી સ્વયંવર મંડપની કૃત્રિમ યોજના કરી. કુબડા સ્વરુપે નળરાજા સ્વયંવર મંડપમાં હાજર થયા. બંને મળ્યા. અને અત્યંત આનંદ થયો. વનવાસ કાળ પૂરો થયે નળ તથા દમયંતી પોતાના રાજ્યમાં ગયા. રાજ્ય પ્રાપ્ત થયું. મનુષ્ય સંબંધી સુખ ભોગવતાં આખરે દમયંતીને વૈરાગ્ય થયો; અને તેણે દીક્ષા લીધી. વ્રત નિયમોનું સુંદર પાલન કરી, યથાસમયે કાળધર્મ પામી દમયંતી દેવલોકમાં ગઈ. તે મહાસતી તરિકે જગપ્રસિદ્ધ બની.

## ૧૨૩ દશરથરાજા.

તેઓ અયોધ્યા નગરીના અજ રાજાના પુત્ર હતા. તેમને કૌશલ્યા, સુમિત્રા, અને કૈકેયી એ ત્રણ રાણીઓ હતી. તેમાં કૌશ-લ્યાથી રામ, (પદ્મ) સુમિત્રાથી લક્ષ્મણ અને શત્રુઘ્ન, તથા કૈકેયીથી ભરત એમ ચાર પુત્રો થયા. પોતે વૃદ્ધ થવાથી રામને ગાદી આપી દીક્ષા લેવાનો વિચાર કર્યો, આથી પ્રજાવર્ગ તથા અંતઃપુરમાં આનંદ થયો, પરન્તુ કૈકેયીને મનમાં અદેખાઈ આવી, તેથી તેણે અગાઉ મળેલાં વચનનો દુરૂપયોગ કરી 'રામને વનવાસ અને ભરતને રાજ્ય' એ પ્રકારની માગણી કરી, સત્યવાદી પુરુષો જીવન કરતાં વચનની કિંમત વધારે ગણે છે,' એ મુજબ દુઃખીત મને

અને શ્રીરામના અત્યાગ્રહથી તેમણે પોતાના વચનનું પાલન કર્યું. રામ, લક્ષ્મણ અને સીતા વન તરફ વિદાય થયા કે તરત જ પુત્રના વિરહશોકે દશરથરાજા મૂર્છા પામ્યા અને એજ સ્થિતિમાં મૃત્યુ પામ્યા.

## ૧૨૪ દશાર્ણભદ્ર.

ભ. મહાવીર ભરતક્ષેત્ર પર વિચરતા હતા. એ અરસામાં તેમનો પરમ ભક્ત દશાર્ણભદ્ર નામનો રાજા દશાર્ણભદ્ર દેશનો અધિપતિ હતો. તેને એવો નિયમ હતો કે 'પ્રભુ મહાવીર હાલ કયા સ્થળે બિરાજમાન છે' એના વર્તમાન મળ્યા પછી જ તે જમતો. એક પ્રસંગે ભ. મહાવીર તેજ નગરીમાં પધાર્યા. ધામધૂમ પૂર્વક દશાર્ણભદ્ર પ્રભુને વાંદવા ગયા. આ વખતે તેમને અભિમાન થયું કે આવી મહાન્ ઋદ્ધિ અને શોભાથી મ્હારા સિવાય પ્રભુને કોણ વાંદવા જતું હશે? આ અધ્યવસાયની ખબર દેવસભામાં શક્રેન્દ્રને પડી, તેથી તે દેવે રાજાનું અભિમાન ઉતારવા એક ૫૦૦ મોઢાવાળો હાથી બનાવ્યો, અને દરેક મોઢામાં આઠ આઠ દંતુશળો સ્થાપ્યા. દરેક દંતુશળમાં આઠ આઠ વાવો બનાવી. દરેક વાવમાં લાખ લાખ પાંખડીવાળાં કમળો બનાવ્યાં; તથા દરેક પાંખડીમાં નાટયપ્રયોગો ગોઠવ્યા. આવી ઋદ્ધિવડે તે ભગવાનના દર્શને આવતો હોય તેવો તેણે દેખાવ કર્યો. આ જોઈ દશાર્ણભદ્ર રાજાનું માન ગળી ગયું. તપાસને અંતે તેને જણાયું કે, આ બધી વ્યુહ રચના દેવની છે; આથી તેણે દેવનું માન ભંગ કરવાનો નિશ્ચય કરી પ્રભુ પાસે આવી દીક્ષા લીધી. શક્રેન્દ્ર દીક્ષા લેવા માટે અસમર્થ હતો, તેથી તેણે દશાર્ણભદ્રના પગમાં પડી તેની ક્ષમા માગી. દશાર્ણભદ્રે ચારિત્રનું અદ્ભુત પાલન કર્યું, ખૂબ તપશ્ચર્યા કરી, અને કૈવલ્યજ્ઞાન પામી તેઓ મોક્ષમાં ગયા.

## ૧૨૫ દ્વિપૃષ્ટ.

દ્વારિકાનગરીમાં બ્રહ્મ નામે રાજા હતા. તેમને પદ્માદેવી નામક રાણી હતી. તેનાથી એક મહા બલિષ્ઠ પુત્ર થયો. નામ દ્વિપૃષ્ઠ. દ્વિપૃષ્ટે રાજા થયા પછી તારક નામના પ્રતિવાસુદેવને માર્યો અને બીજો વાસુદેવ થયો. વાસુપૂજ્ય પ્રભુના વખતમાં ૭૨ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, મરણ પામીને તે છઠી નરકે ગયો.

## ૧૨૬ દ્વિમુખ ( પ્રત્યેક બુદ્ધ )

પાંચાળ દેશના કંપિલપુર નગરમાં જય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ગુણમાળા નામે રાણી હતી. ઉભય દંપતી બહુજ ધર્મિષ્ટ હતા. તેમને જૈન ધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો. એકવાર રાજા કચેરી ભરીને સભામાં બેઠા છે, તેવામાં એક પરદેશી ચારણ રાજસભામાં દાખલ થયો, અને મહારાજાના ગુણોની પ્રશંસા કરવા લાગ્યો. આ સાંભળી રાજા બોલ્યોઃ—બારોટજી, તમે દેશ દેશાવરમાં ફરો છો, અનેક રાજસભામાં જાઓ છો, તો તમે મારી સભામાં કોઈ વસ્તુની ઉણપ જોઈ શકતા હો તો જરૂર કહો, કેમકે માત્ર આત્મશ્લાઘા મ્હને પસંદ નથી. આ સાંભળી બારોટે રાજસભામાં ચોતરફ નજર કરી, તો તેને એક વસ્તુની ઉણપ લાગી. એટલે તે રાજા પ્રત્યે બોલ્યોઃ—મહારાજા, આપની રાજસભામાં બધુંયે સુંદર અને વ્યવસ્થિત છે, પણ એક ચિત્રશાળા નથી, તેજ મોટી ઉણપ છે. આ સાંભળી રાજાએ કહ્યું : બરાબર છે બારોટજી, તમારૂં કહેવું બરાબર છે. એમ કહી તરત જ રાજાએ કુશળ ચિત્રકારોને બોલાવ્યા. અને સભાના હોલમાં એક ચિત્રશાળા તૈયાર કરવાનું કહ્યું.

ચિત્રકારોએ આવી કામ શરૂ કર્યું. પ્રથમ તે મકાનનો પાયો ખોદવા માંડયો કે તરતજ તે પાયામાંથી એક રત્નજડિત્ર મુગટ નીકળ્યો. કારીગરોએ તે મુગટ રાજાને આપ્યો. દિવ્ય મુગટ જોઈ

રાજા આનંદ પામ્યો અને તેણે તે પોતાને માથે મુક્યો. મુગટ કેવો શોભે છે તે જાણવા સારૂં રાજાએ પોતાનું મ્હોં આરીસામાં જોયું. એટલે તેમાં તેને પોતાના બે મ્હોં દેખાયા. તે ઉપરથી તેનું નામ દ્વિમુખ તરીકે પ્રસિદ્ધ થયું.

ચિત્રકારોએ ચિત્રશાળા તૈયાર કરી. તેની આરોહણ ક્રિયા માટે તે મકાનની વચ્ચે તેમણે એક સુશોભિત સ્તંભ ઉભો કર્યો. સ્તંભને વસ્ત્રાલંકારોથી શણગારી ભવ્ય અને આકર્ષક બનાવ્યો. રાજા આ ચિત્રશાળાની આરોહણ ક્રિયા કરવા માટે આવ્યો. ચિત્રશાળાની નમુનેદાર કારીગરી જોઈ તે ખૂબ સંતોષ પામ્યો. એટલું જ નહિ પણ સ્તંભની ચમત્કૃતિ અને મોહક દેખાવ જોઈ રાજાના આનંદનો પાર રહ્યો નહિ. તે હર્ષપૂર્વક બારોટ પ્રત્યે બોલ્યો: કેમ બારોટજી. હવે આ ચિત્રશાળા બરાબર છે ને? બારોટે જવાબ આપ્યો :

હા, મહારાજા. અત્યાર સુધી આવી ચિત્રશાળા મેં ક્યાંઈ જોઈ નથી. રાજા આનંદ પામી સ્વસ્થાનકે આવ્યો.

કેટલાક દિવસ બાદ પેલો ઉભો કરવામાં આવેલો સ્તંભ ઉખાડી લેવામાં આવ્યો. તેના પરથી વસ્ત્રાલંકારો ઉતારી લઈને માણસોએ તે લાકડાનો સ્તંભ ચિત્રશાળાના એક ખુણામાં આડો ફેંકી દીધો. વખત જતાં આ લાકડા પર રજ ધૂળ વગેરે જમા થયું. પરિણામે સ્તંભ તદ્દન બેડોળ લાકડાના ઠુંઠા જેવો બની ગયો. એકદા પ્રસંગે રાજા ફરીથી આ ચિત્ર–સભામાં આવ્યો. ત્યાં તેણે એક ખૂણામાં લાકડાનું ઠુંઠું પડેલું જોયું. તે જોઈને તેણે પાસે ઉભેલા રક્ષકને પૂછ્યું. અલ્યા, આ લાકડું અહિં કેમ મૂકયું છે? રક્ષકે જવાબ આપ્યો:–મહારાજા, આપે સભામંડપ કરાવ્યો, તે વખતે જે સ્તંભ ખોડવામાં આવ્યો હતો, તે સ્તંભ ઉતારી લઇને અહિયાં મુકયો છે.

રાજા આશ્ચર્ય પામી મન સાથે બોલી ઉઠયો. પેલાં ભવ્ય અને સુંદર સ્તંભની આખરે આ દશા ? શું ત્યારે તે માત્ર વસ્ત્ર અને અલંકારોથી જ સુંદર લાગતો ? ખરેખર મારૂં શરીર પણ એક વખત આ દશાને પામશે ! અત્યારે સુશોભિત દેખાતાં મ્હારા આ શરીરની પણ આખરે આ લાકડાનાં ઠુંઠા જેવી દુર્દશા થવાની જ ! તો પછી આજેજ, અરે અત્યારે જ શા માટે આ શરીર પરથી મમતા ન ઉતારવી ? કાળનો કયાં ભરૂંસો છે ? ખરેખર પર વસ્તુઓ જ માત્ર આ જીવને મુંઝવે છે, પૌદ્ગળિક વસ્તુઓના મોહમાં અંધ બની ખરેખર મેં આત્મકલ્યાણ સાધ્યું નહિ.

(એક મુમુક્ષુએ ખરૂંજ કહ્યું છે કે—

પર વસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી;<br>
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહી.<br>
હું કોણ છું ? કયાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?<br>
કોના સબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરૂં ?

હા. ખરેખર એ બધી વળગણાઓ ત્યાગવા યોગ્ય છે.) એમ કહી દ્વિમુખ રાજાએ ત્યાંજ પોતાના સઘળાં વસ્ત્રાલંકારો ઉતારી નાખ્યા, અને પંચમુષ્ટિ લોચ કરી સ્વયંમેવ દીક્ષા લઈ ચાલતા થયા. ખૂબ તપ, જપ, સંવર કરી કૈવલ્યજ્ઞાનને પામી દ્વિમુખ પ્રત્યેકબુદ્ધ મોક્ષપદને પામ્યા.

## ૧૨૭ દેવદત્તા.

સુપ્રતિષ્ઠિત નામનું નગર હતું. મહાસેન નામે રાજા હતો. તેને ધારિણી પ્રમુખ એક હજાર રાણીઓ હતી. ધારિણીને એક પુત્ર થયો હતો. તેનું નામ સિંહસેન, કુમાર યુવાવસ્થા પામતાં તેને ૫૦૦ રાજકન્યાઓ પરણાવી, પાંચસો સુંદર મહેલો બંધાવી આપ્યા, પાંચસો ક્રોડ સોનૈયાં, પાંચસો હાથી, એમ દરેક પાંચસો પાંચસો

ચીજો આપી. કુમાર સુખપૂર્વક રહેવા લાગ્યો. કેટલાક વર્ષે રાજા મૃત્યુ પામ્યો અને સિંહસેનકુમારને ગાદી મળી. પાંચસો સ્ત્રીઓમાં સામદેવી તેની પટરાણી હતી. સિંહસેન સામદેવી રાણીમાં મોહાંધ બન્યો હતો. અને બાકીની કોઈ સ્ત્રીનો તે આદર કરતો નહિ; તેથી બાકીની ૪૯૯ સ્ત્રીઓએ મળીને સામદેવીને મારી નાખવાનો વિચાર કર્યો. આ વાતની સામદેવીને ખબર પડી. તેથી તે શોક-ભુવનમાં જઈને આર્તધ્યાન ધરતી ચિંતામગ્ન થઈને બેઠી. રાજા આવ્યો, ચિંતાનું કારણ પૂછતાં તેણે હકીકત જાહેર કરી. રાજાએ ઉપાય કરવાનું આશ્વાસન આપી રાણીને સંતુષ્ટ કરી.

રાજાએ માણસો દ્વારા એક ' મહેમાન ઘર ' બંધાવ્યું. અને તેમાં આવવા માટે તેની ૪૯૯ રાણીઓને નોતરી. રાણીઓ ત્યાં આવી. રાજાએ તેમના માટે સ્વાદિષ્ટ ભોજન, સુંદર વસ્ત્રાભુષણો, ફળ ફુલ ગંધમાળા વગેરે મોકલાવ્યાં. રાણીઓ ખુશી થઇ. ભોજન કરી, સુંદર અલંકારો સજી તેઓ સઘળી નૃત્યગાન કરતી આનંદ કરવા લાગી. એટલામાં સિંહસેન પોતાના માણસો સાથે ત્યાં આવ્યો. તેણે મહેમાનઘરના ચારે તરફના દરવાજા બંધ કરાવી, મકાનને આગ લગાડી. ૪૯૯ રાણીઓ પીડાથી આક્રંદ કરતી બળીને ભસ્મ થઈ ગઈ.

સિંહસેન રાજા ઘોર પાપ કર્મથી મરીને છઠી નરકમાં ગયો. ત્યાંથી નીકળી રોહિડ નગરમાં દત્ત સાર્થવાહની સ્ત્રી કન્હશ્રીની કુક્ષિમાં પુત્રીપણે તે ઉત્પન્ન થયો. આ પુત્રીનું નામ દેવદત્તા. તે ઘણી ખૂબસુરત હતી. બાલ્યાવસ્થા વીતાવી યુવાન બની.

એકવાર દેવદત્તા ન્હાઈ ધોઈ, વસ્ત્રાલંકાર પ્હેરી આનંદ કરી રહી હતી, તેવામાં રોહીડ નગરનો સમણદત્ત નામનો રાજા તેના ઘર પાસે-થી નીકળ્યો. દેવદત્તાનું રુપ જોઈ રાજા વિસ્મય પામ્યો. તપાસ કરતાં જણાયું કે તે દત્ત સાર્થવાહની પુત્રી દેવદત્તા છે અને તે કુંવારી છે.

રાજાએ પોતાના યુવરાજને માટે દત્તને ત્યાં તે પુત્રીનું માગું કરાવ્યું. દત્ત સાર્થવાહ કબુલ થયો. વિવાહ નક્કી થયો. અને ઘણીજ ધામધુમથી દેવદત્તા તથા યુવરાજ પુસનંદી લગ્નથી જોડાયાં.

ત્યારબાદ સમણુદત્ત રાજા મરી ગયો. પુસનંદી રાજગાદીપર આવ્યો. અને તે પોતાની મા શ્રીદેવીનો ભક્ત બની ગયો. રોજ શ્રીદેવીના પગમાં પડે, તેને વંદન કરે અને ઘણો વખત તે ત્યાંજ ગાળે. આથી દેવદત્તાને અદેખાઈ થઈ આવી, અને તેણી શ્રીદેવીનો ઘાટ ઘડવાનો વિચાર કરવા લાગી. એકવાર શ્રીદેવી એકાંતમાં બેઠી હતી. પાસે કોઈજ ન હતું. આ તકનો લાભ લઈ દેવદત્તા ત્યાં આવી પહોંચી. તેણે એક લોખંડનો ખીલો તપાવ્યો. અને જ્યારે તે ખીલો ખૂબ લાલચોળ થયો, ત્યારે તેણે તે લઈને શ્રીદેવીના ગુહ્ય અંગમાં પેસાડી દીધો. તેથી તે ખૂબ જોરથી કારમી ચીસ પાડીને મૃત્યુને શરણ થઈ ગઈ. આ ભયાનક ચીસ સાંભળીને દાસી એકદમ ત્યાં દોડી આવી. એવામાં દેવદત્તાને તેણે નાસતી જોઈ. શ્રીદેવીને મરણ પામેલી દેખીને તેને ઘણું દુઃખ થયું. આ વાત તરત તેણે રાજા પાસે જઈને જાહેર કરી. વાત સાંભળતાંજ પુસનંદી મૂર્છિત થઈને જમીન પર ઢળી પડ્યો. કેટલીક વારે શુદ્ધિ આવ્યા બાદ તે ઘણું રોયો. પછી તેણે માતાની મૃત્યુક્રિયા કરી. રાજાએ દેવદત્તાને પકડી મંગાવી. તેને બાંધી, અને ફાંસીનો હુકમ ફરમાવ્યો.

હુકમ મુજબ તેને ફાંસીએ ચડાવવામાં આવી. અને મરીને તે પહેલી નરકે ગઈ. ત્યાંથી નીકળીને તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં થઈ પશુ, પક્ષી, તિર્યંચાદિ યોનીમાં ભટકી, અનંત સંસાર પરિભ્રમણ કરતી યાવત્ મોક્ષગતિને પામશે.

સારઃ—ઈર્ષાગ્નિ અને કામાગ્નિ કેટલા ભયંકર છે, તે આ વાત પરથી સમજાશે.

## ૧૨૮ દેવકી.

દ્વારિકાના ઉગ્રસેન રાજાના ભાઈ દેવકરાજાની તે પુત્રી હતી. તેનું લગ્ન દ્વારિકાના અંધકવિશ્નુના પુત્ર વસુદેવ સાથે થયું હતું. તેના કાકાના દીકરા કંસનો તેના પર વધારે પ્રેમ હતો. અતિમુક્ત મુનિદ્વારા કહેવામાં આવેલું કે દેવકીનો સાતમો ગર્ભ કંસને મારશે. આ પ્રમાણે કંસે જાણ્યાથી દેવકીની સુવાવડો પોતાને ત્યાં કરાવવાનો તેણે પ્રબંધ કર્યો. દેવકીના પ્રથમના અનિકસેન વગેરે છ બાળકો દેવના સાહરણથી સુલસાને ત્યાં મૂકાયા હતા અને વૃદ્ધિ પામી શ્રી નેમનાથ પાસે તેઓએ દીક્ષા લીધી હતી. દેવકીજી તો જાણતી હતી કે પોતાને મૃત બાળકોજ જન્મ્યા છે. ત્યારબાદ સાતમા બાળક શ્રીકૃષ્ણનું પણ દેવ વડે સાહરણ થયું અને તે ગોકુલમાં ઉછર્યા. ત્યાર પછી શ્રીકૃષ્ણ જ્યારે દ્વારિકાના રાજા થયા અને અનિકસેનાદિ છ પુત્રો સાધુવેશે દેવકીને ત્યાં ગૌચરી અર્થે પધાર્યા, ત્યારે તેઓનું સમાન રૂપ આદિ જોઈ દેવકીના શરીરમાંથી પુત્ર પ્રેમ સ્ફુરી આવ્યો. આ વાતનો ભેદ જ્યારે ભગવાન નેમનાથે દેવકીને કહ્યો, ત્યારે તેને પુત્રને રમાડવા, હસાવવા વગેરેનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત ન થવાથી, પશ્ચાત્તાપ થયો. દેવકીની આ ચિંતા ટાળવા શ્રીકૃષ્ણે દેવનું આરાધન કર્યું, અને દેવદ્વારા જાણવામાં આવ્યું કે તેને એક પુત્ર થશે, આથી દેવકી આનંદ પામી. આખરે તેણે ગજસુકુમાર નામે મહા ભાગ્યશાળી પુત્રરત્નનો જન્મ આપ્યો, દેવકીએ બાળકને રમાડવાનો પોતાનો મહદભિલાષ પૂરો કર્યો. ત્યારબાદ દ્વારિકાનગરી બળી, અને દેવકી પોતાના પતિ વસુદેવ સાથે રથમાં બેસી ત્વરાએ નગરીની બહાર નીકળતી હતી, તેવામાં એકાએક દરવાજો તૂટી પડવાથી તે ચગદાઈને મૃત્યુ પામી.

## ૧૨૯ દેવાનંદા.

બ્રાહ્મણકુંડ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણની તે પત્ની હતી. ભગવાન મહાવીરદેવ દશમા દેવલોકથી ચ્યવી તેની કુક્ષિમાં ઉત્પન્ન

થયા. તીર્થંકરની માતાની જેમ દેવાનંદાએ ૧૪ સ્વપ્ન દીઠાં. ભિક્ષુક કુળમાં સર્વજ્ઞ તીર્થંકરો કદી જન્મે નહિ, પણ આ વખતે એક અછેરૂં (આશ્ચર્ય) થયું જાણી, હરિણગમેષી દેવે ૮૨મી રાત્રીએ મહાવીરના આ ગર્ભનું સાહરણ કર્યું અને ક્ષત્રિયકુંડમાં ત્રિશલાદેવીની કુક્ષિમાં તે ગર્ભ મૂકયો. તે વખતે ત્રિશલાની કુક્ષિમાં પુત્રીનો જે ગર્ભ હતો, તે દેવે દેવાનંદાની કુક્ષિમાં મૂકયો, આ વખતે દેવાનંદાએ પ્રથમ આવેલાં સ્વપ્ન નાશ પામતાં હોય તેવાં સ્વપ્ન જોયાં, તેથી તેણે શોક કર્યો. ભ. મહાવીર કૈવલ્યજ્ઞાન થયા પછી એક પ્રસંગે માહણ-કુંડ (બ્રાહ્મણકુંડ)માં પધાર્યા. ત્યાં દેવાનંદા પોતાના સ્વામી સાથે પ્રભુના દર્શને ગઈ. ભગવાનને દેખી દેવાનંદાના સ્તનવિભાગમાંથી પુત્રપ્રેમની જેમ દૂધની ધારાઓ છૂટી. તેણીના અંગો પ્રફુલ્લિત થયાં. આ દેખાવ શ્રી ગૌતમે જોયો તેથી તેમણે ભગવાનને તેનું કારણ પૂછયું. ભગવાને કહ્યું કે તે આ ભવની મારી માતા છે, એમ કહી સર્વ હકીકત કહી. આથી દેવાનંદાને ઘણો હર્ષ થયો. તેણે દીક્ષા લીધી અને તેજ ભવમાં દેવાનંદા કર્મનો ક્ષય કરી મોક્ષ પામી.

## ૧૩૦ દ્રૌપદી.

ચંપા નામની નગરી હતી. તેમાં ત્રણ બ્રાહ્મણો રહેતા હતા. નામ. ૧ સોમ ૨ સોમદત્ત ૩ સોમભૂત. તેઓ ઘણાજ ધનાઢ્ય હતા. તેઓને ત્રણ સ્ત્રીઓ હતી. તેમનાં નામ અનુક્રમે. ૧ નાગશ્રી, ૨ ભૂતશ્રી, ૩ યક્ષશ્રી. એકદા તે બધાએ વિચાર કર્યો કે આપણી પાસે પુષ્કળ દ્રવ્ય છે. માટે વારાફરતી દરેક ઘેર બધાંએ જમવું. તે પ્રમાણે એક પછી એક વારા ફરતી દરેકને ઘેર બધા સાથે જમતા. એક વખત નાગશ્રી બ્રાહ્મણીને ત્યાં બધાયને જમવાનો વારો આવ્યો. નાગશ્રીએ ભાતભાતની સ્વાદિષ્ટ રસોઈ બનાવી, વળી ખૂબ સંભાર નાખીને તુંબડીનું શાક બનાવ્યું, સ્વાદ માટે ચાખી જોતાં તે શાક કડવું ઝેર જેવું લાગ્યું. તેથી વિચાર કર્યો કે આવું શાક હું

પીરસીશ, તો મારી હાંસી થશે, નિંદા થશે. માટે તેની વ્યવસ્થા કરૂં. ત્યારબાદ તેણે બીજું શાક બનાવ્યું અને બધા આનંદ પૂર્વક જમ્યા. તે વખતે ધર્મઘોષ નામના મુનિ તે ઉદ્યાનમાં બીરાજતા. તેમને ધર્મ-રૂચિ નામના મહાન તપસ્વી શિષ્ય હતા, જે માસખમણની તપશ્ચર્યા કરતા. માસખમણને પારણે તેઓ ગૌચરી અર્થે ફરતાં ફરતાં આ નાગશ્રી બ્રાહ્મણીને ઘેર જઈ ચડયા. બ્રાહ્મણી હર્ષ પામી. અને આ કડવી તુંબડીનું શાક વહોરાવવાનું પાત્ર મહારાજને જાણીને તે શાક તેણે વહોરાવ્યું. ધર્મરૂચિ અણગાર ગૌચરી ફરીને ગુરૂ પાસે આવ્યા અને નિયમ મુજબ આહાર બતાવ્યો. કડવી તુંબડીની ગંધથી ધર્મ-ઘોષ મુનિએ તે શાકમાંનું એક બિંદુ લઈને ચાખી જોયું તો તેમને તે કડવું વિષ સમાન લાગ્યું. તેથી તેમણે કહ્યું કે હે શિષ્ય, આ શાક ઝેર સમાન છે માટે તે તમે ખાશો નહિ અને ખાશો તો મરણ પામશો, માટે આ શાકને એકાંત નિર્દોષ જમીનમાં પરઠી આવો. ધર્મરૂચિ અણગાર તે શાક લઈને એકાંત સ્થળે ગયા. અને જ્યાં શાકનું એક બિંદુ નીચે નાખ્યું, ત્યાં તો શાકની ગંધથી હજારો કીડીઓ ભેગી થઈ ગઈ. અને તે ખાવાથી બધી મરણને શરણ થઈ. આથી ધર્મરૂચિએ વિચાર કર્યો કે કડવી તુંબીના એક બિંદુ માત્રથી હજારો કીડીઓનો નાશ થયો. તો આ બધા શાકથી કેટલાંયે જીવોના જાન જશે! તો મ્હારે પોતાનેજ આ શાક ખાઈ જવું ઈષ્ટ છે. તેમ ધારી તેઓ ત્યાંને ત્યાં બધું શાક ખાઈ ગયા. શાક કેવળ ઝેર સમાન હતું તેથી તેની અસર પ્રણમી ગઈ. ધર્મરૂચિને અતુલ વેદના ઉત્પન્ન થઈ. ધર્મરૂચિ અણગારે સંથારો કર્યો. પંચ પરમેષ્ટિનું સ્મરણ કરતાં ભાવ સમાધિમાં તેઓ મૃત્યુ પામ્યા, અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

ધર્મઘોષ સ્થવીરે આ વાત જાણી, શાક ક્યાંથી આવ્યું તે વાત તેમણે પોતાના શિષ્યોને કરી. વાત ગામમાં પણ પ્રસરી અને બધા લોકો નાગશ્રીને ધિક્કારવા લાગ્યાં. ત્રણ બ્રાહ્મણોએ પણ વાત

જાણી, તેથી ક્રોધાતુર બનીને તેમણે નાગશ્રીને માર મારીને ઘરમાંથી કાઢી મૂકી. રસ્તામાં પણ ઘણા લોકો તેને ખીજવતાં, મારતાં, અને ધિક્કારતાં હતાં. ક્યાંઈ તેને આશ્રય ન મલ્યો. જ્યાં ત્યાં તે ભટકવા લાગી. તેને સોળ રોગ ઉત્પન્ન થયા. તે મહાવેદનાના પરિણામે મૃત્યુ પામી, અને મરીને છઠી નરકમાં ગઈ.

ત્યાંથી નીકળી અનેક તિર્યંચ નરકના ભવ કરતી તે ચંપાનગરીમાં સાગરદત્ત સાર્થવાહને ત્યાં પુત્રીપણે અવતરી. તેનું સુકુમારીકા નામ પાડવામાં આવ્યું. બાલ્યાવસ્થા વીતાવી તેણે યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. પછી તેને તેજ નગરીમાં જીનદત્ત શેઠના સાગર નામનાં પુત્ર સાથે પરણાવી. સુકુમારીકાના શરીરમાં પાપના ઉદયે અગ્નિજ્વર હતો. એટલે કોઈ માણસ તેને અડકે તો અગ્નિની માફક તે દાઝે. તેના શરીરનો સ્પર્શ માત્ર તરવારની ધાર સમાન લાગે. સાગરપુત્ર સુકુમારીકાનો સ્પર્શ કરવા જતાં દાઝયો. તેથી ભય પામ્યો, અને સુકુમારીકાને છોડી તેજ રાત્રીએ ઘરમાંથી ચાલી ગયો. આ વાતની જીનદત્ત શેઠને તથા ઘણાને ખબર પડી. સાગરદત્ત સાર્થવાહે વાત જાણી તેથી પોતાની પુત્રીને ઘેર લાવ્યો અને બીજે પરણાવવાનો વિચાર કર્યો. તેવામાં એક ભટકતો ભીખારી સાર્થવાહે જોયો, તેથી તેને બોલાવી માન પાન આપી જમાડયો. સુંદર વસ્ત્રાભુષણો પહેરાવી સુકુમારીકા સાથે તેના લગ્ન કર્યા. લગ્નની પહેલી રાત્રીએ તે દરિદ્રી સુકુમારીકા પાસે જતાં, તે પણ દાઝયો અને વેદના પામ્યો. તેથી તે પણ ત્યાંથી નાસી પલાયન કરી ગયો.

સુકુમારીકા હવે પોતાના કર્મનો પશ્ચાત્તાપ કરવા લાગી. તેવામાં ગોવાલિકા નામના સાધ્વીજી ત્હેને ત્યાં પધાર્યા. સાધ્વીજીએ ઉપદેશ આપ્યો. સુકુમારીકાને વૈરાગ્ય થયો અને પિતાની આજ્ઞા લઈને તેણીએ દીક્ષા લીધી. એકવખત નગરીની બહાર ઉદ્યાનની પાસે છઠ છઠનો તપ કરી આતાપના લેવાનો વિચાર તેણે સાધ્વીજી પાસે જાહેર કર્યો.

સાધ્વીજીએ બહાર એકલા નહિ રહેતા, સમુદાયમાં રહી તપ કરવાનું કહ્યું. પરંતુ તે નહિ માનતા સુકુમારીકા સાધ્વીજી બહાર ઉદ્યાન પાસે જઈ તપ કરવા લાગ્યા.

એકવાર તે ઉદ્યાનની પાસે પાંચ પુરૂષો દેવદત્તા નામની ગણિકાને લઈ ક્રીડા કરતા હતા, અને તે પાંચેય પુરૂષો વિકાર વશ બની દેવદત્તાની સાથે પ્રેમવિનોદ કરતા હતા અને મનુષ્ય સંબંધીના ભોગ ભોગવતા હતા. આ દ્રશ્ય પેલી સુકુમારીકા આર્યાના જોવામાં આવ્યું. તેથી તેણે સંકલ્પ કર્યો કે મારા તપ સંયમ બ્રહ્મચર્યનું ફળ હોય તો આવતા ભવમાં હું પાંચ પુરૂષો સાથે ભોગ ભોગવતી વિચરૂં. સંકલ્પ પુરો કરી તે આતાપના ભૂમિમાંથી સ્વસ્થાનકે ઉપાશ્રયમાં આવી. ત્યાં તે ચારિત્રની વિરાધના કરવા લાગી. વારંવાર હાથ પગ ધોવે, મસ્તક ધોવે, મ્હોડું ધોવે. તેથી ગોવાલિકા આર્યાજીએ કહ્યું કે આપણને શરીરની દુગંછા કરવાનું કલ્પે નહિ. છતાં તે નહિ માનતાં સ્વચ્છંદપણે રહેવા લાગી. કાળાન્તરે તે મૃત્યુ પામીને બીજા દેવલોકમાં ગઈ.

પાંચાળદેશ, કંપીલપુર નગર, ત્યાં દ્રૌપદ રાજા રાજ્ય કરતો હતો. તેને ચુલણી નામની રાણી હતી. તેને ત્યાં આ સુકુમાર દેવી પુત્રીપણે અવતરી, અને તેનું નામ દ્રૌપદી રાખવામાં આવ્યું. અપૂર્વ સુખ સામગ્રીમાં અને અનેક દાસદાસીઓનાં લાલન પાલનથી બાલ્યાવસ્થા વીતાવી તે યૌવનાવસ્થાને પામી. દ્રુપદરાજાએ પુત્રીની યૌવનાવસ્થા અને સૌંદર્ય જોઈને સ્વયંવરથી લગ્ન કરવાની ઇચ્છા બતાવી. રાજાએ સ્વયંવર બનાવ્યો, અને કૃષ્ણ વાસુદેવ, સમુદ્રવિજય, બળદેવ. ઉગ્રસેન આદિ અનેક રાજાઓને દૂતદ્વારા કુમકુમપત્રિકા મોકલી સ્વયંવરમાં નોતર્યા. પરિણામે ઘણા રાજાઓ ત્યાં આવ્યા. પાંચ પાંડવો પણ આવ્યા. દ્રૌપદી પોતાની દાસીઓ સાથે અશ્વરથ પર બેસીને સભામંડપમાં આવી અને કૃષ્ણવાસુદેવ પ્રમુખ અનેક રાજાઓને

પ્રણામ કર્યાં. ત્યારબાદ પુષ્પમાળા કોને પહેરાવવી તે માટે દરેક રાજાઓને વટાવીને પૂર્વના નિયાણા (સંકલ્પ)ને વશ થઈને, તે પાંચ પાંડવોની પાસે આવી, અને તેમના કંઠમાં પુષ્પમાળા પહેરાવી. દ્રુપદરાજાએ પાંચ પાંડવોને સન્માનપૂર્વક રાજ્યભુવનમાં લાવીને દ્રૌપદીનું પાણીગ્રહણ કરાવ્યું. પાંચ પાંડવો દ્રૌપદી સાથે પોતાના હસ્તીનાપુર નગરમાં ગયા અને સુખ ભોગવવા લાગ્યા.

એકવાર પાંચ પાંડવો દ્રૌપદી સાથે અંતઃપુરમાં બેઠા હતા. તેવામાં નારદજી આવ્યા. પાંડવોએ ઉભા થઈ નમસ્કાર કર્યાં. નારદને અવ્રતિ, અસંયતિ, અપ્રત્યાખ્યાની જાણીને દ્રૌપદીએ વંદન ન કર્યું. આથી નારદને લાગ્યું કે પાંચ પાંડવોની સ્ત્રી થઈ છે. તેથી તેને અભિમાન આવ્યું જણાય છે, માટે તેને વિપત્તિ આપવી જોઈએ, એમ ચિંતવી નારદ ત્યાંથો રજા લઈને ગયા.

ત્યાંથી તે અમરકંકા રાજ્યધાનીમાં જઈ પદ્મનાભ રાજા પાસે આવ્યા, અને દ્રૌપદીના રૂપના ઘણાજ વખાણ કર્યાં. રાજાને દ્રૌપદી મેળવવાની ઇચ્છા થઈ. તેણે દેવની સહાય માગી. દેવે કહ્યું કે દ્રૌપદીને હું લાવી આપીશ, પરંતુ તું તેની સાથે સ્નેહ બાંધવામાં સફળ થઈશ નહિ. તે મહા સતી અને પતિવ્રતા છે. પદ્મનાભના તપથી દેવ આવ્યો. તેણે હસ્તિનાપુરમાંથી પલંગમાં સૂતેલી દ્રૌપદીને ઉપાડી અમરકંકામાં લાવ્યો. રાજાએ દ્રૌપદીને ઘણું સમજાવી. પણ તે સફળ થયો નહિ. પાંડવોને ખબર પડી. નારદજી આવ્યા. વાત કરી, નારદે અમરકંકામાં એકવાર દ્રૌપદીને જોઈ હતી તેમ કહ્યું. પરિણામે પાંડવો તથા શ્રી કૃષ્ણ મહામહેનતે ત્યાં ગયા અને દ્રૌપદીને લાવ્યા. અનુક્રમે સુખ ભોગવતાં દ્રૌપદીને પુત્ર થયો. પાંડુસેન તેનું નામ પાડયું. કુમાર યુવાવસ્થાને પામ્યો.

એકવાર સ્થવીર મહાત્મા પધાર્યાં. પાંડવો દ્રૌપદી સાથે વંદન

કરવા ગયા. સ્થવીર મહાત્માએ ધર્મબોધ આપ્યો. બધા વૈરાગ્ય પામ્યા અને પાંડુસેન પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી.

દ્રૌપદી ૧૧ અંગ ભણી, ઘણા વર્ષ સંયમ પાળી એક માસનો સંથારો કરી પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થઈ. ત્યાંથી નીકળી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષ જશે.

**ન્યાય**—નિયાણું એ બુરી વસ્તુ છે, મહાન તપ કરવા છતાં તેનાથી મુકત થઇ શકાતું નથી. જેમ દ્રૌપદીએ સુકુમારીકાના ભવમાં નિયાણું કર્યું તેમ. અપ્રિય વસ્તુનું દાન સુપાત્રને આપવું તે મહાન અનર્થ છે, જેવી રીતે નાગશ્રીએ કડવી તુંબીનું દાન ધર્મરૂચી અણગારને આપ્યું તેમ.

## ૧૩૧ ધન્યકુમાર ( ધન્નો ).

પ્રતિષ્ઠાનપુર ( પૈઠણપુર ) નગરમાં ધનસાર નામે શેઠ હતો. તેને ચાર દીકરા હતા. ૧ ધનદત્ત, ૨ ધનદેવ, ૩ ધનચંદ્ર ૪ ધન્યકુમાર ઉર્ફે ધન્નો. ધન્નો સૌથી ન્હાનો, પણ બુદ્ધિમાં, ગુણમાં, રૂપમાં સર્વથી અધિક હતો. ધન્નાના જન્મવાથી ધનસારના ધનમાં ખૂબ વૃદ્ધિ થયેલી, તેથી શેઠ તેના પર બીજા કરતાં વિશેષ પ્રેમ રાખતા, આથી તેના બીજા ભાઈઓ ધન્નાની અદેખાઈ કરવા લાગ્યા. ધનસારે તેની અદેખાઈ ન કરવા ત્રણે પુત્રોને ઘણું સમજાવ્યા. પણ તેઓ માન્યા નહિ. તેના બાપે દરેકના ભાગ્યની પરીક્ષા કરવા કેટલુંક ધન આપ્યું, પરન્તુ ધના સિવાય બીજાઓએ પોતાનું ધન ગૂમાવ્યું, જ્યારે ધન્નાએ પોતાની તીવ્રબુદ્ધિ વડે ઘણું ધન પ્રાપ્ત કર્યું. આથી ભાઈઓની ઈર્ષા વધી. તેમણે ધનાને મારી નાખવાનો વિચાર કર્યો. આ વાત ધનાના જાણવામાં આવ્યાથી તે છાનોમાનો નાસી ગયો. ફરતો ફરતો તે ઉજ્જયિનીમાં આવ્યો. ત્યાં પોતાના પરાક્રમથી તે રાજ્યનો પ્રધાન થયો. સમય જતાં ધનસાર શેઠની સઘળી સંપત્તિ નાશ પામી. તે ભિખારી બની ગયો; તેથી તે

પોતાના પુત્રો, પુત્રવધુઓ વગેરેને લઈ મજુરી કરવા માટે દેશાવર જવા નીકળ્યો. ફરતા ફરતા સઘળાં ઉજ્જયિનીમાં આવ્યા, અને ત્યાં મજુરી કરવા લાગ્યા. એકવાર ધનકુમારે તેમને ઓળખ્યા. માતા-પિતા તથા ભાઈઓની આવી દુર્દશા થએલી જોઈ તે ખેદ પામ્યો. તેણે સઘળાઓને પોતાના મહેલમાં રાખ્યા. અહિં પણ ધનાના ભાઈઓ તેની અદેખાઈ કરવા લાગ્યા. તેઓએ ધન્નાની મુડીમાં ભાગ માગ્યો. ક્લેશના ભયે ધનાએ સઘળી સંપત્તિ તેમને સ્વાધીન કરી દીધી અને પોતે પરદેશ જવા નીકળ્યો. ગંગા નદીના કિનારા પર આવતાં ગંગાદેવીએ તેના સત્યની પરીક્ષા કરવા માટે પોતાની સાથે પ્રેમ સંબંધ બાંધવા કહ્યું, પરન્તુ ધન્યકુમાર પોતાની ટેકમાં વિચલિત ન થયો. આથી પ્રસન્ન થઈને ગંગાદેવીએ તેને ચિંતામણી રત્ન આપ્યું. તે લઈ તે રાજગૃહ નગરમાં આવ્યો, ત્યાં કુસુમપાળ નામક શેઠના બગીચામાં તેણે વિશ્રાન્તિ લીધી. ધન્નાના પગલાથી સૂકાઈ ગયેલો બગીચો નવપલ્લવિત થયો. બાગરક્ષકે શેઠને આ ખબર આપ્યા. શેઠે ધન્નાને પોતાને ત્યાં તેડી જઈ, ભાગ્યશાળી માની તેને કુસુમશ્રી નામની પોતાની પુત્રી પરણાવી. ધન્નો અહિં સુખ ભોગવવા લાગ્યો.

એ અરસામાં શ્રેણિક મહારાજાનો હાથી મસ્તીએ ચડ્યો અને બંધન તોડાવી નાઠો; તેને ધનાએ વશ કર્યો. (આ વખતે અભય-કુમાર ઉજ્જયિનીમાં કેદ હતો) તેથી શ્રેણિક રાજાએ પોતાની સોમશ્રી નામક પુત્રી ત્હેને પરણાવી. તે રાજગૃહમાં શાલિભદ્રના પિતા ગોભદ્ર શેઠ રહેતા હતા. તેને એક કાણો ઠગ ઠગવા આવેલો, તેનાથી ધનાએ શેઠને બચાવ્યા, તેથી ગોભદ્રશેઠે ધનાને પોતાની પુત્રી સુભદ્રા પર-ણાવી. ધન્યકુમાર મનુષ્ય સંબંધીના સુખ ભોગવતો સુખેથી દિવસો પસાર કરવા લાગ્યો. પરન્તુ હજુયે તેને માટે શાંતિથી બેસવાનું ન હતું. ઉજ્જયિનીમાં રહેલા તેના ભાઈઓ થોડાજ વખતમાં બધો

લક્ષ્મી પાપના યોગે પરવારી બેઠા, એટલે તેઓ રાજગૃહમાં આવ્યા. અહિં પણ ધનાએ તેમને આશ્રય આપીને પોતાને ત્યાં રાખ્યા; પરંતુ ‘ સજ્જન પોતાની સજ્જનતા છોડે નહિ, અને દુર્જન દુર્જનતા છોડે નહિ ’ એ નિયમ મુજબ અહિંયા પણ ભાઈઓએ કલેશનો આરંભ કરી દીધો; એટલે ધનો તે નગર છોડી કૌશાંબીમાં આવ્યો, ત્યાં તેણે રાજાના રત્નની પરીક્ષા કરી, તેથી રાજાએ તેને રત્નમંજરી નામની પોતાની કન્યા પરણાવી, તથા પાંચસો ગામ આપ્યાં. ધનકુમાર ધનપુર નામનું શહેર વસાવી ત્યાં રહેવા લાગ્યો. તે શહેરમાં પાણીની તંગી હોવાથી તેણે એક મોટું સરોવર ખોદાવવા માંડ્યું.

દુર્જનના ભાગ્યમાં દુઃખ જ હોય છે એ મુજબ રાજગૃહમાંની વિપુલ સંપત્તિ પણ ધનાના ભાઈઓ ગુમાવી બેઠા, એટલું જ નહિ પણ તેમને ખાવાનાં સાંસા પડવા લાગ્યા. આથી તે બધા મજુરી શોધતા શોધતા ધનપુરમાં આવ્યા. તેમની સાથે ધન્નાની સ્ત્રી સુભદ્રા પણ આવી. સઘળાઓ તળાવ પર કડીયા કામ કરવા લાગ્યા; અને નજીકમાં એક ઝુંપડું બાંધીને રહ્યા. સમય જતાં ધનાને આ ખબર પડી, એટલે તેણે ધીરે ધીરે યુક્તિસર પ્રગટ થવાનું ઈચ્છયું. તેણે પોતાને ત્યાંથી છાશ લઈ જવાનું પોતાના વૃદ્ધ પિતાને કહ્યું. આથી પોતાની ભોજાઈઓ તેને ત્યાંથી છાશ લઈ જવા લાગી. તેમને ધનકુમાર આછી પાતળી છાશ આપવાનો પ્રબંધ કરતો અને પોતાની સ્ત્રી સુભદ્રાને જાડી છાશ, તથા દહીં, દૂધ વગેરે આપતો. આથી વૃદ્ધ ડોસો ખૂશ થતો. એકવાર ધનાએ પોતાની પત્નીના શિયળની પરીક્ષા કરી; તેણે સુભદ્રાને લલચાવીને પોતાને આધિન થવાનું કહ્યું, પણ સુભદ્રા પોતાના પાતિવ્રત્યથી ડગી નહિ, આખરે ધનો પ્રગટ થયો. સુભદ્રાના હર્ષનો પાર રહ્યો નહિ. સુભદ્રાને તેની ઝુંપડીમાં ન જવા દેતાં, ધન્નાએ ત્યાંજ રાખી, આથી તેના ભાઈઓ તપાસ કરવા ધન્નાની ડેલીએ આવ્યા. તેમને પણ ધનાએ ત્યાં જ

રાખ્યા. છેવટે ધન્નાએ સઘળી હકીકત જણાવી, આથી ભાઈઓ તથા માતા પિતા પ્રસન્ન થયા. ધન્નાએ પોતાને મળેલાં ૫૦૦ ગામો-માંથી દરેક ભાઈને ભાગ વહેંચી આપ્યો. છતાં પણ દુર્જનોએ પોતાની દુર્જનતા છોડી નહિ, તેથી ધનો પુનઃ રાજગૃહમાં આવ્યો. રસ્તામાં લક્ષ્મીપુરના રાજાની દીકરી ગુણાવળી તથા તેના મંત્રીની પુત્રી સરસ્વતીને તે પરણ્યો. આ ઉપરાંત તે બે શ્રેષ્ઠિવર્યોની કન્યાઓ પરણ્યો. એકંદર ધન્નો આઠ સ્ત્રીઓ પરણ્યો; અને રાજગૃહમાં આવી સૂખપૂર્વક રહેવા લાગ્યો.

એકવાર ધન્યકુમાર સ્નાન કરે છે, સુભદ્રા તેને તેલનું મર્દન કરે છે, તેવામાં એકાએક સુભદ્રાની આંખોમાંથી ઉષ્ણ આંસુઓ ટપક્યાં અને ધન્નાના શરીર પર પડ્યા. ધનાએ ચમકીને સુભદ્રાને પૂછયુંઃ—શા દુઃખે ચક્ષુઓમાં આંસુ ભરાયાં છે ?

સુભદ્રાએ કહ્યુંઃ—નાથ, દુઃખની વાત છે કે મારા ભાઈ શાળી-ભદ્રને વૈરાગ્ય થયો છે અને તે દરરોજ એક એક પત્નીનો ત્યાગ કરે છે, એ રીતે ૩૨ દિવસે ૩૨ સ્ત્રીઓનો ત્યાગ કરીને તે દીક્ષા લેશે, એ દુઃખે હું રડું છું.

ધન્નો સંસારની અસારતાના તરંગે ચડ્યો. વિચાર કરી તે બોલ્યોઃ—પ્રિયા, શાળીભદ્ર રોજ એકેક સ્ત્રી ત્યાગે, એ તો કાયરતાની નિશાની કહેવાય.

સુભદ્રા બોલીઃ—નાથ, કહેવું સહેલું છે, પણ કરવું અઘરૂં છે.

ધન્નાએ કહ્યુંઃ—લે, ત્યારે, મેં આજથી મારી આઠેય સ્ત્રીઓને ત્યાગી. હું હવે દીક્ષા લઈશ.

સુભદ્રા બોલીઃ—નાથ ! એકાએક આમ ન થાય.

“વીર પુરૂષનું વચન મિથ્યા ન થાય” એમ કહી ધન્નો ઉભો થયો. કપડાં પહેર્યાં, અને શાળીભદ્રને દ્વારે જઈ તેને વૈરાગ્યનો

બોધ આપ્યો. શાળીભદ્ર અને ધન્નાએ સર્વની રજા લઈ દીક્ષા લીધી. ઉગ્ર તપશ્ચર્યા અને સંયમની આરાધનાને અંતે એક માસનું અનશન કરી ધન્ના અણગાર સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષમાં જશે.

## ૧૩૨ ધન્ના અણગાર.

કાકંડી નગરીમાં ભદ્રા નામની સાર્થવાહિનીના તે પુત્ર હતા. યૌવનાવસ્થા પામતાં તેમને ઉચ્ચ કુળની ૩૨ કન્યાઓ પરણાવવામાં આવી, અને તેઓ મનુષ્ય સંબંધીનું વિપુલ સુખ ભોગવતા હતા. એકદા ભ૦ મહાવીર તે નગરીમાં પધાર્યા. લોકોનો કોલાહલ સાંભળી તેઓ પણ લોકોની સાથે પ્રભુની દેશનામાં ગયા. દેશના સાંભળી તેમને તીવ્ર વૈરાગ્ય સ્ફૂર્યો અને માતા તથા સ્ત્રી વગેરેની રજા મેળવી તેમણે દીક્ષા લીધી. ધન્નાકુમારનો દીક્ષા મહોત્સવ જિતશત્રુ રાજાએ કર્યો. દીક્ષા લીધા પછી તરત જ તેમણે ઉગ્ર તપ કરી કર્મ ક્ષય કરવાનો નિર્ણય કર્યો. તેમણે પ્રભુને કહ્યું: ભગવાન, તમારી આજ્ઞા હોય તો હું આજથી જ છઠ છઠનો તપ કરૂં અને પારણાને દિવસે આયંબીલ કરૂં અને તે એવી રીતે કે, ઘરધણીને ખાતાં વધે, તેમજ તે આહાર કોઈ પણ અતિથિને આપવાનો ન હોય, અને તે કાઢી નાખવાનો હોય એવો આહાર ભર્યા હાથે કોઈ વહોરાવે તો જ લેવો. ભગવાને આ પ્રકારનો તપ કરવાની તેને અનુમતિ આપી. ધન્ના અણગારે આ પ્રમાણે લાંબા વખત સુધી તપશ્ચર્યા કરી શરીરને સૂકકેભુકકે (શોષવી) કરી નાખ્યું. એકવાર શ્રેણીક રાજા પ્રભુ મહાવીરને વંદન કરવા આવ્યા, તેમણે પ્રભુને પૂછયું:–ભગવાન! આપના ૧૪ હજાર સાધુમાં ઉત્કૃષ્ટ કરણી કરનાર કયા સાધુ છે? ભગવાને કહ્યું: ધન્ના અણગાર. શ્રેણિકે પૂછયું: પ્રભુ, કેવી રીતે? વીર પ્રભુએ ધન્ના અણગારના ઉત્કૃષ્ટ તપનું વર્ણન કર્યું, તે સાંભળી

શ્રેણિક ખૂબ આનંદ પામ્યા અને ધન્ના અણગાર પાસે જઇ વંદન કરી બોલ્યાઃ–હે મહા મુનિ, હે મહા તપસ્વી, આપનો જન્મ સાર્થક છે. એ પ્રમાણે વંદન–સ્તુતિ કરી શ્રેણિક સ્વસ્થાનકે ગયા. ત્યારબાદ શરીર હાડપિંજર જેવું થઈ ગયેલું જાણી ધન્ના અણગાર પ્રભુની આજ્ઞા લઈ વિપુલગીરી પર્વત પર ગયા અને ત્યાં અનશન કર્યું. એક માસના અનશનને અંતે તેઓ કાળધર્મ પામ્યા. અને ફક્ત નવ માસનું ચારિત્ર પાળ્યું હોવા છતાં, ઉત્કૃષ્ટ તપના પ્રભાવે તેઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા. ત્યાંથી મહાવિદેહમાં અવતરી તેઓ મોક્ષમાં જશે.

## ૧૩૩ ધન્ના સાર્થવાહ

રાજગૃહી નગરીમાં મહા ઋદ્ધિવંત ધન્ના નામનો સાર્થવાહ રહેતો હતો, તેને ભદ્રા નામની સુસ્વરૂપવાન સ્ત્રી હતી. તેને કોઈ પણ જાતની કમીના ન હતી. વિપુલ ધન, ધાન્ય, નોકર ચાકર, સુંદર સ્ત્રી ઈત્યાદિ સર્વ વાતે તે સુખી હતો, પરંતુ તેને એકેય પુત્ર ન હતો, એ જ તેને મુખ્ય દુઃખ હતું. ભદ્રા અહર્નિશ ચિંતવતી કે ધન્ય છે તે માતાને કે જેને ઘેર પારણું ઝુલે છે, જે પુત્રને સ્તનપાન કરાવે છે, બાળકને રમાડે છે અને જીવનનો અણમોલો આનંદ ભોગવે છે. ભદ્રાને પુત્ર ન હોવાથી તે અહર્નિશ શોકમાં દીવસો વીતાવતી.

એક દિવસ ભદ્રા પોતાના ભરથારની આજ્ઞા લઇને રાજગૃહી નગરીની બહાર યક્ષના મંદિરમાં ગઇ. તેની પૂજા કરી સેવા ભક્તિ કરવા લાગી. જો પોતાને પુત્ર પ્રાપ્તિ થાય તો મંદિરના ભંડારમાં વિપુલ દ્રવ્ય ખર્ચવાની ભદ્રાએ ત્યાં પ્રતિજ્ઞા કરી અને પોતાને ઘેર આવી. કાળાન્તરે તે ગર્ભવતી થઈ. ગર્ભધારણના બે માસ પછી તેને યક્ષના દર્શન કરવાનો દોહદ થયો. તેથી તે સુંદર વસ્ત્રાલંકાર પહેરી યક્ષના મંદિરે ગઇ, યક્ષની ધૂપ વગેરેથી પૂજા કરી સ્વસ્થાનકે આવી. અનુક્રમે

નવ માસે પુત્રનો પ્રસવ થયો. દેવે પુત્ર આપ્યો એવી માન્યતાથી તેનું નામ 'દેવદત્તકુમાર' પાડ્યું. કેટલાંય વર્ષે તેને પુત્ર સાંપડયાંથી તેના આનંદનો પાર ન્હોતો. પુત્રને વિવિધ વસ્ત્રાલંકારો, આભરણો પહેરાવવામાં તે બહુ જ આનંદ માનતી. એક વખત ભદ્રાએ તેના પંથક નામના દાસપુત્રની સાથે આ દેવદત્ત કુમારને પુષ્કળ આભુષણો પહેરાવી રમાડવા માટે બહાર મોકલ્યો. પંથક નામનો દાસ કેટલાક બાળકો સાથે કુમારને બાળક્રિડા કરાવવા માટે લઈ ગયો.

કુમાર અહિંતહિં ફરતો હતો. પંથકની નજર અન્ય બાળકો તરફ હતી. તે તકનો લાભ લઈ તે ગામમાં વસનાર અને ચૌર્ય-કળામાં પ્રવિણ એવો વિજય નામનો ચોર ત્યાં આવ્યો. દેવદત્ત પર ઘરેણાં જોઈને તેનું મન મૂર્છિત થયું, એક તરફ રમતા આ દેવદત્ત કુમારને એકદમ ઉપાડીને ચોર ત્યાંથી પલાયન કરી ગયો. એક બગીચા પાસે આવી તે બાળકના શરીર પરથી ઘરેણાં ઉતારી બાળકને તેણે મારી નાખ્યું અને પાસેના એક કૂવામાં તેનું શબ ફેંકી દઈ ચોર પોતાના રહેવાના સ્થાને ચાલ્યો ગયો.

થોડીવારે દેવદત્તને સાચવનાર પંથકે દેવદત્ત તરફ જોવા માંડયું તો ત્યાં દેવદત્તને જોયો નહી. પંથકને ધ્રાસકો પડયો. આમ તેમ તેની તપાસ કરવા માંડી, પણ ક્યાંઈ તે બાળકનો પત્તો લાગ્યો નહિ. પંથક નિસ્તેજ અને શોકાતુર વદને ઘેર આવ્યો અને કુમાર ગુમ થયાની વાત જણાવી. વાત સાંભળતાં ધન્નો મૂર્છાગત થઈને ધરણી પર ઢળી પડ્યો. ભદ્રા દોડી આવી, તેના દુઃખનો પણ પાર ન રહ્યો. આમ આભ તૂટી પડયો હોય તેવું તેને લાગ્યું. ધન્નો શુદ્ધિમાં આવ્યા બાદ કોટવાળ પાસે ગયો, પુષ્કળ દ્રવ્યની ભેટ ધરી અને કુમારને શોધી આપવા કોટવાળને કહ્યું. કોટવાળ હથીયારો લઈ કુમારની શોધમાં નીકળી પડયો. નગરી બહાર ઉદ્યાન પાસે એક કૂવામાં તે બાળકનું મૃત શરીર જોવામાં આવ્યું ત્યાંથી કુમારને

મારનારના પગસ્વને કોટવાળે કીનો લીધો, અને વિજય ચોર જે જગ્યાએ રહેતો ત્યાં જ તે ગયો. ચોરને પકડીને બાંધ્યો અને તપાસ કરતાં સર્વ આભરણો નીકળ્યાં. ત્યાંથી તે ચોરને બાંધી રાજ્ય દરબારમાં લાવ્યો અને તેને કેદખાનામાં પૂરવામાં આવ્યો. કાળાન્તરે ધન્ના સાર્થ-વાહનો શોક વિસારે પડ્યો.

એક દિવસ ધન્ના સાર્થવાહ રાજ્યના દાણ ચોરી જેવા કોઈ અલ્પ ગુન્હા માટે અપરાધમાં આવ્યો, તેથી કોટવાળ તેને કેદખાનામાં લઈ ગયો અને જ્યાં વિજય ચોરની કોટડી હતી તેમાં જ તેની સાથે ધન્ના સાર્થવાહને પણ બાંધીને પૂરવામાં આવ્યો. ધન્ના સાર્થવાહની સ્ત્રી પોતાના પતિ માટે વિવિધ જાતની રસોઈ બનાવીને પંથક નામના દાસની જોડે મોકલાવતી, જે સાર્થવાહ જમતો અને દિવસો વ્યતિત કરતો.

એક વખત વિજય નામના ચોરે, ભુખતૃષાથી પીડાતો હોઇને, આવેલાં ભોજનમાંથી પોતાને થોડુંક આપવા ધન્નાને વિનંતિ કરી. ધન્નાએ ગુસ્સામાં જવાબ આપ્યો કે હું આ અન્ન વધે તો ફેંકી દઉં, પરંતુ તને તેમાંથી લગાર માત્ર પણ ન આપું. કેમકે તું મારા પુત્રનો ઘાતક છે, તેમ કહી તેણે વિજય ચોરને અન્ન ન આપ્યું. ખોરાક ખાવાથી ધન્નાને જંગલ જવાની ઇચ્છા થઈ, તેથી તેણે વિજય ચોરને સાથે આવવા વિનંતિ કરી, પણ વિજય ચોરે તેનું કહેવું માન્યું નહિ. અંતે બહુ આજીજી કરવાથી ધન્ના સાર્થવાહ પોતાને માટે આવેલ ખોરાકમાંથી તેને આપે, એવી સરતે વિજય ચોર ધન્ના સાર્થવાહની સાથે ગયો. બીજે દીવસે ભાત લઇને પંથક આવ્યો અને ધન્નાને આપ્યું. ધન્નાએ પંથકના દેખતા વિજય ચોરને તેમાંથી ભાગ આપ્યો. પંથક ઘેર ગયો અને ભદ્રાને આ વાત કરી; ભદ્રાને શોકનો પાર ન રહ્યો.

કેટલોક વખત વીત્યા બાદ ધન્નાના સગાંસંબંધીઓએ રાજાને

દંડ આપીને ધન્નાને છોડાવ્યો. ધન્નો ઘેર આવતાં કુટુંબીઓએ તેનો આદર-સત્કાર કર્યો; પરંતુ ભદ્રાએ તેનો આદર કર્યો નહિ. ધન્નાને આશ્ચર્ય થયું. કારણ પૂછતાં ભદ્રાએ જણાવ્યું કે પુત્રનો ઘાતક વિજય ચોર, તેને અન્ન આપવાથી મને ક્રોધ કેમ ન થાય? ધન્નાએ કહ્યું, આપણો દુશ્મન વિજય ચોર તેને તું સ્નેહિ તરીકે ગણ; કેમકે મને જંગલ જવાની ઈચ્છા થવાથી મારી સાથે લઈ જવાની ખાતર અન્ન આપવાની સરતે મારે તેમ કરવું પડયું હતું; પણ ધર્મભાવથી કે પ્રેમ ભાવથી મેં તેને અન્ન આપ્યું નહતું. આ સાંભળી ભદ્રાને સંતોષ થયો અને તે પતિને પ્રેમથી મળી.

વિજય નામનો ચોર ભુખતૃષાથી પીડાઈને, ચાબુક વગેરેના મારથી અશક્ત બનીને, આર્તધ્યાનથી કેદખાનામાંજ મરણ પામ્યો અને મરીને નરકે ગયો, ત્યાં અનંત દુઃખ ભોગવીને સંસાર પરિભ્રમણ કરશે.

તે સમયે રાજગૃહી નગરીના ઉદ્યાનમાં ધર્મઘોષ નામના સ્થવીર પધાર્યા, ધન્ના સાર્થવાહ વંદણા કરવા ગયો. ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યો અને તેણે દીક્ષા લીધી. ઘણા વર્ષ સાધુ પ્રવર્જ્યા પાળી એક માસનો સંથારો કરી તે સુધર્મ નામના પહેલા દેવલોક-માં ગયો અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષમાં જશે.

ન્યાય—જેમ વિજય ચોર ધન માલમાં લુબ્ધ થયો તેમ જૈન સાધુ યા સાધ્વી દીક્ષા લેઇને ધન, માલ, મણિ, રત્ન વગેરેમાં લુબ્ધ થાય, તો સંસાર પરિભ્રમણ કરવો પડે જેમ ધન્નાએ તેને સ્નેહિ ગણી આહાર ન આપ્યો, તેમ સાધુ સાધ્વીઓ રૂપ, રસ, વિષય માટે શરીરને ખોરાક ન આપતાં જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ માટેજ આપે, તો ધન્નાની માફક સંસાર પરિત્ કરી શકે.

## ૧૩૪ ધર્મનાથ

રત્નપુર નગરના ભાનુરાજાની સુવ્રતા રાણીના ઉદરમાં ભગવાન ધર્મનાથ વૈજયંત વિમાનમાંથી ચ્યવી વૈશાક શુદિ સાતમે ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન દીઠાં. મહા શુદિ ત્રીજે પ્રભુનો જન્મ થયો. દિગ્‌કુમારી દેવીઓએ સૂતિકાકર્મ કર્યું. ઈંદ્રોએ પ્રભુને મેરૂ પર્વત પર લઈ જઈને જન્મોત્સવ કર્યો. પિતાએ પણ જન્મોત્સવ ઉજવ્યો. માતાને પ્રભુ ગર્ભમાં આવતાં ધર્મ કરવાનો દોહદ થએલો હોવાથી આ ભાવી તીર્થંકરનું "ધર્મનાથ" એવું નામ પાડયું. ધર્મનાથ યૌવનાવસ્થા પામ્યા ત્યારે તેમને અનેક રાજ-કન્યાઓ પરણાવવામાં આવી. અઢી લાખ વર્ષ વ્યતીત થયા પછી ધર્મનાથ પિતાની રાજગાદી પર આવ્યા. પાંચ લાખ વર્ષો સુધી રાજ્ય ભોગવ્યું. તે પછી વરસીદાન આપી, મહા શુદિ ૧૩ ના રોજ છઠ્ઠ તપ કરી ૧ હજાર પુરુષો સાથે તેમણે દીક્ષા લીધી. પ્રભુ બે વર્ષ છદ્મસ્થાવસ્થામાં રહ્યા. ત્યારબાદ પોશ શુદિ પુનમે તેમને કૈવલ્યજ્ઞાન થયું. તેમને અરિષ્ટ આદિ ૪૩ ગણધરો થયા. અઢી લાખમાં બે વર્ષ ઓછા સમય સુધી તેઓ કૈવલ્ય પ્રવર્જ્યામાં વિચર્યા. અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કર્યો. ધર્મનાથ પ્રભુના સંઘ પરિવારમાં ૬૪ હજાર સાધુ, ૬૨૪૦૦ સાધ્વીઓ, ૨૪૦ હજાર શ્રાવકો અને ૪૧૩ હજાર શ્રાવિકાઓ હતા. છેવટે ૧૦૮ મુનિઓ સાથે એક માસના અનશને જેઠ શુદિ પાંચમે, પ્રભુ સમેત શિખર પર સિદ્ધ થયા. ધર્મનાથ જિનનું એકંદર આયુષ્ય દશ લાખ વર્ષનું હતું.

## ૧૩૫ નમિ, વિનમિ.

અયોધ્યાની આસપાસના પ્રદેશમાં વસતા કચ્છ નામક રાજાને નમિ નામનો પુત્ર હતો. ભગવાન્ ઋષભદેવે દીક્ષા લીધી ત્યારે તે પ્રભુની આજ્ઞાથી મહાકચ્છ રાજાના વિનમિ પુત્ર સાથે દેશાવર ગયો હતો. પાછા આવતાં તેણે પોતાના પિતાને વનમાં

જોયા. તપાસ કરતા જણાયું કે ઋષભદેવની સાથે તેમણે પણ દીક્ષા લીધી હતી. આથી રાજ્યની ઇચ્છાએ નમિ અને વિનમિ પ્રભુ પાસે આવ્યા અને તેમની સેવા કરવા લાગ્યા. એવામાં નાગકુમારનો ઈંદ્ર ધરણેન્દ્ર ત્યાં આવ્યો. તેણે તેઓને ભરતરાજા પાસે રાજ્ય માગવાનું કહ્યું, પરન્તુ નમિ વિનમિએ તો પ્રભુ પાસે જ રાજ્ય માગવાનો પોતાનો વિચાર જણાવ્યો. આથી ધરણેન્દ્રે પ્રસન્ન થઈ તેમને ઘણી વિદ્યાઓ શીખવી; જેથી તેઓ વિદ્યાધર કહેવાયા. નમિએ વૈતાઢ્ય પર્વત પર ૫૦ નગરો વસાવ્યા. જ્યારે ભરતરાજાએ ચક્રવર્તી થતી વખતે દેશ સાધવા માંડયા ત્યારે નમિ, વિનમિ તેમની સામે થયા. પણ ભરતરાજા પાસે તેમનું કાંઈ ચાલ્યું નહિ. આખરે વિનમિ રાજાએ પોતાની સુભદ્રા નામની દીકરી ભરતને પરણાવી. તે સ્ત્રીરત્ન તરીકે ઓળખાઈ. નમિએ પણ ભરત મહારાજાને અમૂલ્ય વસ્તુઓ ભેટ આપી. આગળ જતાં બંને જણાએ પ્રભુ પાસે દીક્ષા લીધી.

## ૧૩૬ નમિનાથ.

મિથિલા નગરીમાં વિજય નામના રાજાની વપ્રા નામની રાણીની કુક્ષિમાં ૨૨ મા તીર્થંકર શ્રી નમિનાથ વિજય નામના વિમાનમાંથી ચ્યવીને આશ્વિન શુદિ પૂર્ણિમાએ ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન જોયાં. ગર્ભકાળ પૂરો થયે શ્રાવણ વદિ આઠમે પ્રભુનો જન્મ થયો. છપ્પન કુમારિકા તથા ઈંદ્રોએ આવી જન્મોત્સવ ઉજવ્યો. ગર્ભના પ્રભાવથી સર્વ રાજાઓ વિજય રાજાને નમી પડ્યા હતા, તેથી પુત્રનું "નમિનાથ" એવું નામ આપ્યું. યૌવનવય થતાં તેઓએ પિતાની આજ્ઞાથી અનેક રાજ-કન્યાઓ સાથે લગ્ન કર્યું. ૨૫૦૦ વર્ષે તેઓ પિતાના રાજ્યાસને આવ્યા. પાંચ હજાર વર્ષ સુધી રાજ્ય કર્યું. ત્યાર પછી સંયમ લેવાનો અભિલાષ ધરી વરસીદાન આપ્યું અને અશાડ વદિ ૯ ના દિવસે પ્રભુએ ચારિત્ર અંગિકાર કર્યું. નવ માસ છદ્મસ્થપણાના

વ્યતિત થતાં જ માગશર શુદિ ૧૧ ના રોજ તેમને કૈવલ્યજ્ઞાન થયું. પ્રભુના સંઘ પરિવારમાં ૨૦ હજાર સાધુઓ, ૪૧ હજાર સાધ્વીઓ, ૧૭૦ હજાર શ્રાવકો અને ૩૪૮ હજાર શ્રાવિકાઓ હતા. ૨૫૦૦ વર્ષનું ચારિત્ર પાળી, સમેતશિખર પર એક માસનો સંથારો કરી શ્રી નમિનાથ તીર્થંકર વૈશાક વદિ ૧૦ મે મોક્ષ પધાર્યા. તેમનું એકંદર આયુષ્ય દશ હજાર વર્ષનું હતું.

## ૧૩૭ નમિરાજ.

માળવા દેશના સુદર્શન નગરમાં મણીરથ રાજા રાજ્ય કરતો હતો. તેને યુગબાહુ નામે ન્હાનો ભાઈ હતો. તે યુગબાહુને મદનરેખા નામની સ્ત્રી હતી. તે રૂપરૂપનો ભંડાર હતી. તેનું મુખ પૂર્ણિમાના ચંદ્રને શરમાવે તેવું હતું. એકવાર મદનરેખાનું દેદિપ્યમાન મુખાર્વિંદ મણીરથના જોવામાં આવ્યું. જોતાંજ તે ચકિત થઈ ગયો. તેના હૃદયમાં વિકાર ઉત્પન્ન થયો. અને કોઈપણ રીતે તેણે મદનરેખાની સાથે સ્નેહ બાંધવાનું ઈચ્છયું. તે રાજમંદિરમાં આવ્યો. પણ તેને ક્યાંઈ ચેન પડયું નહિ. પળેપળે મદનરેખાનું મુખાર્વિંદ ત્હેની નજર સામે તરવા લાગ્યું. મદનરેખાનો પોતાના પર સ્નેહ થાય તે સારૂં તે અનેક પ્રકારના સુંદર વસ્ત્રો, આભુષણો, મેવા, મીઠાઈ વગેરે મોકલવા લાગ્યો. મદનરેખા પતિવ્રતા સ્ત્રી હતી. તે સ્વપ્નેય અન્યને ચાહે તેવી ન હતી. મણીરથ જે જે ચીજો મોકલે, તેનો મદનરેખા સહર્ષ સ્વીકાર કરતી. તે એમ સમજતી હતી કે પોતાના પરના નિર્દોષ સ્નેહને લીધે મણીરથ આ સઘળું મોકલે છે; પણ તેને મણીરથની અધમ વાસનાની ખબર ન હતી. વખત જતાં મણીરથને લાગ્યું કે મદનરેખા મને ચાહે છે. તેથીજ સર્વ વસ્તુઓનો તે સ્નેહપૂર્વક સ્વીકાર કરે છે. એકવાર મણીરથે દાસીને મદનરેખા પાસે મોકલી કહાવ્યું કે મણીરથ તમને પ્રેમથી ચ્હાય છે, માટે તમે તેમની પાસે જઈ આનંદ કરો અને મન-

ગમતાં સુખ ભોગવો. તમને યુગબાહુ તરફથી જોઈએ તેવું સુખ મળતું નથી. આ ઉપરથી મદનરેખા તરત મણીરથનો દુષ્ટ ભાવ સમજી ગઈ. તેણે દાસીને જણાવી દીધું કે જા, લુચ્ચી, અહિંથી જલ્દી ચાલી જા. નહિતો અહિંજ હું તારા શરીરની દુર્દશા કરી નાખીશ. ફરી આવી વાત મારી પાસે કરી છે તો અહિંથી તું જીવતી જવા નહિ પામે. દાસી ત્યાંથી નાસી છુટી અને સઘળી વાત મણીરથને કરી. મણીરથે વિચાર્યું કે જ્યાં સુધી યુગબાહુ જીવતો છે, ત્યાં સુધી તે મારી સાથે સ્નેહ નહિ કરે. એમ ધારી તે યુગબાહુને મારી નાખવાની તક શોધવા લાગ્યો.

સાંજનો સમય હતો. યુગબાહુ અને મદનરેખા ફરવા માટે બગીચામાં આવ્યા હતા. ખુશનુમા પવનની લહેર આવતી હતી. યુગબાહુ આરામ લેવા એક બાંકડાપર સૂતો. મદનરેખા સુગંધીદાર પુષ્પો બાગમાં ચુંટતી હતી. તે વખતે મણીરથ હાથમાં તરવાર લઇને ધીમે પગલે બગીચામાં દાખલ થયો. અને પાછળથી આવી તેણે પોતાની તરવાર મ્યાનમાંથી કાઢી યુગબાહુના ગળા પર ચલાવી દીધી. યુગબાહુ કારમી ચીસ પાડી બેહોશ બની ગયો. આ ભયંકર ચીસ સાંભળી મદનરેખા યુગબાહુ પાસે દોડી આવે, તે પહેલાં જ મણીરથ પૂર વેગે દોડતો ત્યાંથી પસાર થઇ ગયો. અંધકારના આછા પ્રકાશમાં મદનરેખાએ મણીરથને ઓળખ્યો. તે સમજી કે આ દુષ્ટે મ્હારી સાથે સ્નેહ બાંધવા આ ભયંકર કૃત્યુ કર્યું છે. ખેર ! પણ મ્હારે હવે મ્હારા પતિની સદ્‌ગતિ થાય તેમ કરવું જોઈએ. એમ ધારી મદનરેખાએ છેલ્લાં શ્વાસ લેતાં યુગબાહુના હૃદયમાં ધર્મનું શરણું આપ્યું. થોડીવારે યુગબાહુ મૃત્યુ પામ્યો અને શુભલેશ્યાના પરિણામે તે દેવલોકમાં ગયો. અહિં મદનરેખાએ વિચાર કર્યો કે હવે મ્હારૂં શું થશે ? દુષ્ટ મણીરથ મ્હારાપર બળાત્કાર કરશે અને મ્હારૂં શિયળ ખંડિત કરશે. માટે મ્હારે તેના રાજ્યમાં રહેવું ઉચિત નથી. એમ ધારી તે મનમાં ધૈર્ય ધારણ

કરીને ઉદ્યાનની બહાર નીકળી અને જંગલમાં ચાલી ગઈ. ભાઈના ગળા પર તરવાર ચલાવી મણીરથ મદનરેખા મેળવવાના સ્વપ્ન સેવતો ઉદ્યાનમાંથી પૂર ઝડપે દોડતો રાજમહેલ તરફ આવતો હતો. તેજ વખતે એક ભયંકર સર્પ પર તેનો પગ પડયો. સર્પ ક્રોધાયમાન થયો અને તરતજ તેણે જોરથી મણીરથના પગને ડંખ દીધો. મણીરથ ભયંકર ચીસ પાડી તત્કાળ મરણને શરણ થઈ ગયો, અને નરકમાં ગયો.

જંગલના ભયાનક કષ્ટો સહન કરતી મદનરેખાએ એક વૃક્ષની ઓથે આશ્રય લીધો. ત્યાં તેણે એક પુત્રરત્નનો જન્મ આપ્યો. આ પુત્રને એક ચીરમાં વીંટી તેણે વૃક્ષ નીચે મૂકયો. પોતાના પતિની વીંટી તે પુત્રને પહેરાવી અને તે સ્નાન કરવા માટે નજીકના સરોવર પર આવી. તેવામાં એક મદોન્મત્ત થયેલો હાથી ત્યાં આવી પહોંચ્યો. અને મદનરેખાને તેણે પોતાની સુંઢમાં લઈ અધર આકાશમાં ઉછાળી. મદનરેખા ભયભીત બની. તેવામાં મણિપ્રભ નામના વિદ્યાધરનું વિમાન આકાશમાર્ગે ઉડતું હતું. તે વિમાનમાં મદનરેખા જઈને પડી. મૃત્યુલોકની અપ્સરા જેવી સ્ત્રીને દેખી વિદ્યાધરનું મન ચલિત થયું, અને મદનરેખાને પોતાની સ્ત્રી બનાવવાનું તેણે ચિંતવ્યું. તરત તેણે પોતાનું વિમાન પાછું ફેરવ્યું. મદનરેખાએ વિદ્યાધરને પૂછયું. આપ કયાં જાઓ છો ? મણિપ્રભ બોલ્યોઃ હે દેવી ! હું મ્હારા સાધુ થયેલા પિતાને વંદન કરવા જાઉં છું. પરંતુ તમારા જેવી સુંદર સ્ત્રીનો મ્હને લાભ મળ્યો, તેથી આ વિમાન પાછું વાળી ઘેર લઈ જઉં છું. તમને ત્યાં મૂકીને પછીજ હું પિતાના દર્શને જઈશ. આ સાંભળી મદનરેખાએ કહયું. મ્હને પણ સાધુદર્શનની ઇચ્છા છે. તો કૃપા કરી મને સાથે લઈ જાવ. વિદ્યાધર કબુલ થયો. વિમાન સીધે રસ્તે ચાલવા લાગ્યું અને થોડા વખતમાં તેઓ મણિપ્રભના દીક્ષિત પિતા મણીચૂડ પાસે આવી પહોંચ્યા. બંનેએ તેમને વંદન કર્યું. સાધુ જ્ઞાની હતા. તેઓ મણિપ્રભનો દુષ્ટ હેતુ

જાણી ગયા. એટલે મદનરેખાને નહિ સતાવવાનો અને સતી સ્ત્રીનું રક્ષણ કરવાનો તેમણે મણિપ્રભને ઉપદેશ આપ્યો. મણિપ્રભ પ્રતિબોધ પામ્યો.

મદનરેખાએ જ્ઞાની મુનિને વંદન કરી પૂછ્યું. મહારાજ, મ્હારા બાળકને ઝોળીમાં બાંધીને હું વૃક્ષ નીચે મૂકી આવી છું. તો કૃપા કરી કહેશો કે તેની શી સ્થિતિ છે? મુનિ બોલ્યાઃ–હે સતી, મિથિલા નગરીનો પદ્મરથ રાજા ક્રિડા કરવા જંગલમાં આવ્યો હતો, તે તારા પુત્રને જોવાથી પોતાને પુત્ર ન હોવાથી તેને લઈ ગયો છે. જે સર્વ પ્રકારે સુખશાંતિમાં છે. ત્હારા પુત્ર પર રાજાને ઘણો જ પ્રેમ છે. તે બાળકના રાજ્યમાં આવવાથી સર્વ રાજાઓ પદ્મરથને નમ્યાં, તેથી તેનું નામ '**નમિરાજ**' પાડયું છે. આ સાંભળી મદનરેખા ખૂબ આનંદ પામી. તેવામાં એક દેવ નાટચાનંદ કરતો ત્યાં આવી પહોંચ્યો. પ્રથમ તેણે મદનરેખાને વંદન કર્યું અને પછી મુનિને વંદન કર્યું. આ જોઈ વિદ્યાધરે આશ્ચર્ય પામી આમ બનવાનું મુનિને કારણ પુછયું. મુનિએ કહ્યું. મદનરેખા આ દેવની પૂર્વ જન્મની સ્ત્રી છે. ને તેણે પોતાના પતિને મૃત્યુ વખતે ધર્મનું શરણ આપેલું; તેથી ઉપકારને વશ થઈ દેવે આ પ્રમાણે કર્યું છે. આ સાંભળી મણિરથને આનંદ થયો અને તેણે સતીને ધન્યવાદ આપ્યો. તેવામાં આ આવેલો દેવ સતીને વિમાનમાં ઉપાડી ચાલતો થયો.

રસ્તે જતાં તેણે સતીને કહ્યું, હે પવિત્ર સ્ત્રી, મણીરથ મ્હને મારી નાખીને રાજમહેલ તરફ જતો હતો, તેવામાં તેને સર્પ કરડવાથી તે મરી ગયો છે અને સુદર્શન નગરનું રાજ્ય ત્હારા મોટા પુત્ર સૂર્યયશને મલ્યું છે. માટે હવે તું કહે ત્યાં તને હું લઈ જાઉં. આ સાંભળી મદનરેખાએ કહ્યુંઃ દેવ! મ્હારે દીક્ષા લેવી છે તો મને સુવ્રતા આર્યાજી પાસે દીક્ષા અપાવો. દેવે તે પ્રમાણે કર્યું. મદનરેખા દીક્ષા લઈ આત્મકલ્યાણ કરવા લાગી.

અહિં નમિરાજ અનેક સુખમય સામગ્રીમાં વૃદ્ધિ પામ્યા. યુવાવસ્થાએ પહોંચતા તેમને એક હજાર સ્ત્રીઓ પરણાવવામાં આવી. કેટલાક સમય બાદ પદ્મરથ રાજા નમિરાજને રાજ્યાસને સ્થાપી દીક્ષા લઈ ચાલી નીકળ્યા. એકવાર નમિરાજાનો સુભદ્ર નામનો હાથી મદોન્મત્ત થઈને નાસી ગયો. તે હાથીને સુદર્શન નગરના સૂર્યયશ રાજાના સુભટોએ પકડીને બાંધ્યો. નમિરાજાને આ વાતની ખબર પડી. એટલે પોતાનો હાથી પાછો મોકલવાનું સૂર્યયશને તેણે કહેવડાવ્યું; પણ સૂર્યયશે તે માન્યું નહિ. પરિણામે બન્ને વચ્ચે યુદ્ધ શરૂ થયું. સૌ પોતપોતાનું લશ્કર લઈ લડવા માટે રણસંગ્રામમાં આવી પહોંચ્યા. આ વાતની મદનરેખાને ખબર પડી; બંને ભાઈઓને લડતા અટકાવવા માટે તે પ્રથમ નમિરાજની છાવણીમાં ગઈ. નમિરાજે તેને દેખી વંદન કર્યું અને અયોગ્ય સમયે છાવણીમાં આવવાનું પ્રયોજન પૂછયું. જવાબમાં સાધ્વીએ કહ્યું. નમિરાજ, તને ખબર છે કે તું કોની સાથે આ યુદ્ધ ખેલે છે ?

હા. સુદર્શનના રાજા સૂર્યયશ સાથે.

પણ તે તારો સગો ભાઈ થાય છે. ભાઈ ભાઈની સાથે લડવું શું ઉચિત છે ?

જરૂર નહિ. સતીજી. ચાલો હું અત્યારે જ લડત બંધ કરી મ્હારા ભાઈને મળવા આવું છું.

સબુર. હમણાં નહિ. મ્હને પ્રથમ જવા દે સૂર્યયશની છાવણીમાં.

મદનરેખા સૂર્યયશની છાવણીમાં ગઈ. સૂર્યયશે સાધ્વીને દેખી વંદન કર્યું. મદનરેખા બોલીઃ સૂર્યયશ. હું ત્હારી માતા મદનરેખા છું.

સૂર્યયશ—તો ત્હમારો ગર્ભ કયહાં ?

આ નમિરાજ, તેજ મ્હારો ગર્ભ અને ત્હારો ન્હાનો ભાઈ!

સૂર્યયશ આશ્ચર્ય પામ્યો. બંને ભાઈ પ્રેમથી મળ્યાં. સૂર્યયશ પોતાનું રાજ્ય નમિરાજને સોંપી દીક્ષા લઈ ચાલી નીકળ્યો. માતા સાધ્વી મદનરેખા યુદ્ધ વિરામ કરાવી ત્યાંથી ચાલી ગઇ. નમિરાજ રાજ્યસુખ ભોગવવા લાગ્યા.

કેટલેક કાળે નમિરાજના શરીરમાં દાહજ્વર નામનો રોગ થયો, અનેક રાણીઓ આસપાસ બેસીને તેમને ચંદન બાવનાના તેલનું વિલેપન કરવા લાગી. રાણીઓએ હાથમાં કંકણો પહેરેલાં. તેલનું મર્દન કરતાં કંકણનો થતો અવાજ નમિરાજને દુઃખદાયક લાગ્યો. તેથી તે અવાજ બંધ કરવા તેમણે રાણીઓને કહ્યું. રાણીઓએ ફક્ત એકેક કંકણ હાથ પર રાખી બાકીના કંકણો ઉતારી નાખ્યા. પરિણામે અવાજ બંધ થયો. નમિરાજને શાંતિ થઈ. તરતજ નમિરાજ વિચારમાં પડયાઃ અહો ! કેવી અનુપમ શાંતિ ! બધાં કંકણો કેવો કોલાહલ મચાવી રહ્યા હતા ! ખરેખર એકલપણામાંજ સુખ છે. નમિરાજના વિચારો વૈરાગ્યભાવમાં પ્રવેશ્યા. આ ધન, વૈભવ, નોકર ચાકર એ સર્વ માત્ર કોલાહલમય અને વિઘ્નરૂપ છે. માત્ર એકાંત ભાવમાંજ પરમ સુખ છે. જો મ્હારો આ રોગ નાબુદ થાય તો જરૂર હું દીક્ષા લઈ એકાંતવાસ સ્વીકારૂં. આ પ્રમાણે વિચાર કરતાં તેને શાંત નિંદ્રા આવી ગઈ. પ્રાતઃકાળ થતાંજ નમિરાજનો રોગ નાબુદ થયો. વીર પુરૂષો જે વિચાર કરે છે, તેને માટે તેઓ મક્કમજ હોય છે. નમિરાજે સર્વ રાજ્ય રિદ્ધિનો ત્યાગ કર્યો. સ્ત્રીઓનાં, નગર જનોનાં સ્નેહમય વિલાપને છોડી, તેઓ આત્મકલ્યાણ અર્થે દીક્ષા લઈ ચાલી નીકળ્યા. તે વખતે તેમને દીક્ષા નહિ લેવા માટે દેવે આવી દશ પ્રશ્નો પૂછ્યા. (વિસ્તાર સુત્રમાં) તે સર્વના આત્માને લાગુ પડતાં યોગ્ય ઉત્તરો આપી નમિરાજે સ્વનિશ્ચયમાં મક્કમ રહી પ્રવર્જ્યા અંગીકાર કરી. સખ્ત તપજપ સંવર ક્રિયાઓ કરી, કૈવલ્યજ્ઞાન પામી તેઓ શાશ્વત સિદ્ધગતિને પામ્યા. ધન્ય છે પ્રત્યેકબુદ્ધ શ્રી નમિરાજને. ત્હેમને આપણા અગણિત વંદન હો !

## ૧૩૮ નળરાજા.

તે અયોધ્યાપતિ નૈષધ રાજાના યુવરાજ પુત્ર હતા; અને ભીમક રાજાની પુત્રી મહાસતી દમયંતીને પરણ્યા હતા. સંસાર સુખ ભોગવતાં તેમને ૧ પુત્ર અને ૧ પુત્રી એમ બે બાળકો થયા હતા. પિતાની ગાદીએ આવતાં, સત્ય અને ન્યાયપૂર્વક રાજ્ય ચલાવવાથી તેઓ લોકપ્રિય રાજા તરીકે સર્વત્ર પ્રશંસા પામ્યા હતા. પરન્તુ કર્મવશાત્ એક દિવસે તેમનામાં દુર્બુદ્ધિએ વાસ કર્યો; તેથી તેઓ પોતાના ભાઈ કુબેર સાથે જુગાર રમ્યા. પરિણામે રાજ્યપાટ સર્વ ગુમાવીને તેમને વનનો પંથ સ્વીકારવો પડ્યો. છોકરાંઓને તેમના મોસાળ મોકલાવી, સતી દમયંતી વનના દુઃખ સહન કરવા પતિ સાથે ચાલી. એક રાત્રે દમયંતીને વગડામાં એકાકી મૂકી, નળરાજા તેને છોડી ચાલી ગયા. રસ્તે જતાં નળનો પિતા નૈષધ, કે જે બ્રહ્મ નામના દેવલોકમાં દેવ થયો હતો, તેણે અવધિજ્ઞાનથી નળ પર આવેલી આફ્ત જોઈ, તેથી તેણે બળતા અગ્નિમાં સર્પનું રૂપ વિકુર્વી બૂમ પાડી, આથી તે સર્પને બચાવવા નળરાજા ત્યાં ગયા અને સર્પને બહાર કાઢી બચાવ્યો, પરન્તુ તેના બદલામાં સર્પે નળને ડંશ મારી કુબડો બનાવી દીધો. નળે આશ્ચર્ય ચકિત બની કહ્યું: શાહબાશ, સર્પ ! ઉપકારનો બદલો તેં બહુ સારો આપ્યો ! સર્પે પોતાનું દેવસ્વરૂપ પ્રગટ કરી કહ્યું:—હે નળ, આ રૂપથી તને લાભ છે, કેમકે શત્રુઓથી ગુપ્ત રહી શકાશે, એમ કહી તે દેવે નળને એક કરંડીઓ અને શ્રીફળ આપ્યું, તે સાથે તેણે કહ્યું, કે તારે મૂળ સ્વરૂપ પ્રગટ કરવું હોય ત્યારે આ શ્રીફળ ફોડજે, એટલે તેમાંથી વસ્ત્રો નીકળશે તે પહેરજે, અને કરંડીયામાંનો હાર પહેરતાં તારૂં મૂળ સ્વરૂપ થઈ જશે. નળે સર્પનો આભાર માન્યો. સર્પ અદૃશ્ય થયો. પછી નળરાજા સુસુમા નામક નગરમાં ગયા, ત્યાં એક ઉન્મત્ત હાથીને વશ કર્યો. આથી ત્યાંના દધિપર્ણ રાજાએ નળને શીરપાવ આપી, પોતાની પાસે રાખ્યા. આખરે દમયંતીના પિતાએ

સ્વયંવર રચ્યો, તેમાં દધિપર્ણ રાજાને આમંત્રણ આપ્યું. નળ રથ વિદ્યામાં પ્રવિણ હતા. એટલે તે દધિપર્ણ સાથે સ્વયંવર મંડપમાં ગયા. ત્યાં નળે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. ભીમકરાજા, દમયંતી વગેરે આનંદ પામ્યા. કુબેરે નળને તેનું રાજ્ય પાછું સોંપ્યું. આખરે નળરાજાએ પોતાનું રાજ્ય પોતાના પુત્રને સોંપી દીક્ષા લીધી અને તેઓ દેવલોકમાં ગયા.

## ૧૩૯ નારદ

એ એક મહાસમર્થ પરિવ્રાજક હતા. તેમણે આકાશગામિની વિદ્યા પ્રાપ્ત કરી હતી. તેમના બ્રહ્મચર્ય સંબંધી જગતમાં એટલી પ્રતિષ્ઠા હતી કે તેઓ રાજા મહારાજાઓના અંતઃપુરમાં એકાકી જઈ શકતા. એકવાર તેઓ પાંડવોના અંતઃપુરમાં ગયા, ત્યાં માતા કુંતા વગેરેએ તેમને વંદન કર્યું, પરન્તુ સમ્યક્દષ્ટિ સતી દ્રૌપદીએ તેમને વંદન કર્યું નહિ, આથી નારદને રોષ થયો. તેમણે દ્રૌપદીનું અભિમાન ઉતારવાનો નિશ્ચય કર્યો, અને ધાતકીખંડમાં પદ્મોધર નામના રાજા પાસે જઈ દ્રૌપદીના અથાગ રૂપસૌંદર્યની પ્રશંસા કરી, રાજાને કામવિહ્વલ બનાવ્યો. પદ્મોધર રાજાએ દેવ મારફતે દ્રૌપદીનું હરણ કર્યું, આખરે પાંડવોએ યુદ્ધ કરી દ્રૌપદીને મેળવી. નારદનો જાતિસ્વભાવ એક બીજાને લડાવી મારવાનો હતો, અને તેથી તેમને આનંદ થતો. કૃષ્ણ અને તેમની પત્નીઓ રૂક્ષ્મણી તથા સત્યભામા વચ્ચે વારંવાર તેઓ ચકમક ઉત્પન્ન કરાવતા અને પાછા તેઓ પોતેજ સમાવી દેતા. તપશ્ચર્યા અને બ્રહ્મચર્યના પ્રતાપે નારદમુનિ મૃત્યુ પામી દેવલોકમાં ગયા, ત્યાંથી મનુષ્યનો એકજ ભવ કરી તેઓ મોક્ષમાં જશે.

## ૧૪૦ નિર્ગતિ (પ્રત્યેકબુદ્ધ)

ગાંધાર દેશમાં પુણ્યવૃદ્ધ નામનું નગર હતું, ત્યાં સિંહરથ નામે રાજા હતો. એકવાર તે નગરમાં કોઈ એક સોદાગર કેટલાક

ઘોડાઓ લઈ વેચવા આવ્યો, તેમાંનો એક સુંદર ઘોડો રાજાએ ખરીદ્યો, અને તેની પરીક્ષા કરવા માટે, રાજા તે ઘોડાને લઈ શહેર બહાર આવ્યો અને ઘોડા પર બેસી તેણે લગામ ખેંચી, કે તરતજ તે ઘોડો પવન વેગે ઉડયો. તેને ઉભો રાખવા રાજાએ લગામ ખેંચી, પણ તે અવળી લગામનો હોવાથી ઉભો ન રહ્યો, આખરે રાજાએ જાણ્યું કે તે અવળી લગામનો હોવો જોઈએ, એમ ધારી અવળી લગામ ખેંચતા ઘોડો ઉભો રહ્યો. આ વખતે રાજા હજારો ગાઉ દૂર નીકળી ગયો હતો; અને એક વિશાળ પહાડ પર આવ્યો હતો. રાજા ઘોડા પરથી નીચે ઉતર્યો, તો તેણે બાજુમાં એક મોટો રાજ-મહાલય જોયો: રાજા તે મહેલમાં દાખલ થયો. આખો મહેલ સુનકાર હતો. તે જોઈ રાજા આશ્ચર્ય પામ્યો, તેવામાં જ એક નવયુવાન સુંદરીએ રાજા સામે આવી, તેને આવકાર આપ્યો.

રાજાએ આશ્ચર્ય પામી તે સુંદરીનો પરિચય પૂછયો, એટલે સુંદરીએ કહ્યું: રાજન્ ! હું વૈતાઢય પર્વત પરના તોરણપુર નામક નગરના રાજા-ની પુત્રી છું. મારૂં નામ કનકમાળા છે. મારા રૂપ પર મોહિત થઈ વાસવદત્ત નામનો વિદ્યાધર મને પરણવાની ઈચ્છાથી અહિં લઈ આવ્યો છે. આ વાતની મારા ભાઈને ખબર પડતાં તે મને બચાવવા આવ્યો, પરિણામે બેઉ વચ્ચે યુદ્ધ થયું. તેમાં વિદ્યાધર તથા મ્હારો ભાઈ મૃત્યુ પામ્યા. રાજન્ ! હું હવે અહિં એકલીજ છું. હું તમારા રૂપ પર પ્રસન્ન થઈ છું, માટે આપ મારી સાથે લગ્ન કરો. રાજાએ કનકમાળાની વિનતિ સ્વીકારી, તેની સાથે ગાંધર્વ લગ્ન કર્યું. ત્યારબાદ બંને રાજ્યમાં આવ્યા અને હમેશાં વિમાનમાં બેસી ફરવા જવા લાગ્યા, તેથી સિંહરથ રાજાનું 'નિર્ગતિ' એવું નામ પડયું.

નિર્ગતિ રાજાને બગીચામાં ફરવાનો બહુ શોખ હતો. તે રોજ બગીચામાં આવે અને લીલીછમ જેવી વનસ્પતિ દેખી આનંદ પામે. એકવાર નિગ્ગઈ (નિર્ગતિ) રાજાની દૃષ્ટિ ફળફૂલથી ખીલેલા એક

આંબા પર પડી. તે દેખી રાજાને અત્યંત આનંદ થયો. એમ કરતાં વસંત અને ગ્રીષ્મઋતુ પસાર થઈ. અને તે આંબો સૂકાયો. તે દરમ્યાન રાજાની દૃષ્ટિ ફરીવાર તેજ આંબા પર પડી. આ વખતે આંબો વેરાન હતો. તેના પર ફૂલ, ફળ વગેરે ન હતાં. આંબાને નિસ્તેજ દેખી રાજા વિચારમાં પડયો; અહો ! થોડા વખત પહેલાં ખીલેલો આ આંબો આજે એકાએક નિસ્તેજ કેમ દેખાય છે? તેનાં ફળ ફૂલ વગેરે કયાં ગયાં ? શું દરેક ચીજમાં અસ્ત થવાનો ગુણ હશે ? હા. જરૂર, નિર્ગતિ રાજા આત્મવિચારણાને માર્ગે વળ્યો. તેને જડ અને ચેતનનું ભાન થયું. શરીર અને આત્માની ભિન્નતા તેણે પ્રત્યક્ષ જોઈ. પૌદ્ગલિક અને આત્મિક સ્થિતિનું ત્હેને ભાન આવ્યું. તરતજ તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. રાજા ઘેર આવ્યો. વૈરાગ્ય દશા વધી અને તેજ દશામાં તેણે સ્વયંમેવ પંચ-મુષ્ટિ લોચ કરી દીક્ષા અંગીકાર કરી. અમુક દિવસે ૧ કરકંડુ, ૨ દ્વિમુખ, ૩ નમિરાજ, ૪ નિર્ગતિ એ ચારેય પ્રત્યેકબુદ્ધ એકઠા થયા અને એક બીજાના દોષને જોતાં આત્મભાવના ભાવતાં, કૈવલ્યજ્ઞાન પામ્યા અને મોક્ષમાં ગયા.

## ૧૪૧ નિષધકુમાર.

દ્વારિકા નગરીના રાજા શ્રીકૃષ્ણના મોટાભાઈ બળભદ્રને રેવતી નામની પત્ની હતી. તેને મહા પ્રતાપી એવો નિષધકુમાર નામે પુત્ર થયો. કિશોરાવસ્થામાં ૭૨ કળાઓ શીખી તે પ્રવિણ બન્યો. યુવાવસ્થા પામતાં પિતાએ તેને ૫૦ કન્યાઓ સાથે પાણીગ્રહણ કરાવ્યું. એકદા પ્રસ્તાવે ભગવાન નેમિનાથ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ત્યાં પધાર્યા. નિષધકુમાર સુંદર વસ્ત્રાભુષણ પહેરી, રથમાં બેસી, મ્હોટાં સૈન્ય સાથે પ્રભુને વંદન કરવા ગયો. ભગવાને દેશના આપી. નિષધ-કુમારે વૈરાગ્ય પામી પ્રભુની પાસે શ્રાવકના બાર વ્રત ધારણ કર્યાં.

નિષધકુમારનું તેજસ્વી મુખવદન જોઈ વરદત્ત નામના ગણધરે

ભગવાન નેમિનાથને પૂછ્યું:—પ્રભુ, નિષધકુમાર આવું સુંદર રૂપ શાથી પામ્યા ?

પ્રભુએ જવાબ આપ્યો: આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં રોહીડ નગરમાં મહાબળ નામે રાજા હતો. તેને પદ્મા નામની રાણી હતી, તેનાથી તેમને વીરંગત નામે પુત્ર થયો. તેને બત્રીસ કન્યાઓ પરણાવવામાં આવી. સ્ત્રીઓ સાથે સુખ ભોગવતો, તે કુમાર આનંદમાં પોતાના દિવસો પસાર કરતો હતો. તેવામાં કોઈ એક પ્રસંગે સિદ્ધાર્થ નામના મહાગુણવંત આચાર્ય તે રોહીડ નગરમાં પધાર્યા. પરિષદ વંદન કરવા ગઈ, તેમની સાથે વીરંગત કુમાર પણ ગયો. મુનિની દેશના સાંભળી વીરંગતે વૈરાગ્ય પામી દીક્ષા લીધી, અને છઠ્ઠ, અઠમાદિ ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી. અંતિમ સમયે બે માસનું અનશન કરી, શુદ્ધ ચારિત્ર પાળી વીરંગત મુનિ કાળધર્મ પામી પાંચમા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી તપને પ્રભાવે તે અહિં અવતર્યા છે.

પ્રભુ નેમનાથ ત્યારપછી પોતાના શિષ્ય સમુદાય સાથે ત્યાંથી વિહાર કરી ગયા. નિષધકુમાર નિરતિચારપણે શ્રાવકના વ્રતોનું પાલન કરે છે. એકવાર પૌષધક્રિયામાં તેમણે ભાવના ભાવી કે ધન્ય છે તે નગર, ગ્રામ, પ્રજાજનોને કે જ્યાં પ્રભુ બિરાજતા હશે; ભગવાનની અમૃત દેશનાનો લાભ લઈ કર્ણ પવિત્ર કરતા હશે! મ્હારાં એવાં કયાંથી પુણ્ય હોય કે પ્રભુ આ સમીપના નંદનવનમાં પધારે અને હું ત્હેમના દર્શન કરી જન્મ સફળ કરૂં. બરાબર એજ વખતે દીનદયાળ પ્રભુ નંદનવનમાં પધાર્યા. નિષધકુમારને પ્રાતઃકાળે સમાચાર મળ્યા, એટલે તે પૌષધ પારી ઘેર આવ્યા; પછી તે હર્ષ સહિત પ્રભુ દર્શને જવા તત્પર થયા. તેઓ ચાર ઘંટવાળા એક સુંદર રથમાં બેઠા અને મોટા સમારંભપૂર્વક ભગવાનના દર્શને ગયા. દેશના સાંભળી વૈરાગ્યવાન બન્યા અને માતાપિતાની રજા મેળવી દીક્ષિત થયા. તે પછી તેઓ ૧૧ અંગ ભણ્યા, ઉગ્ર તપશ્ચર્યા કરી, અને નવ વર્ષનું ચારિત્ર પાળી, ૨૧ દિવસનું અનશન કરી, સર્વાર્થ-

સિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા; ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ તેઓ મોક્ષમાં જશે.

## ૧૪૨ નંદ બળદેવ.

કાશીદેશમાં અગ્નિસિંહ નામનો રાજા હતો. તેને જયંતી નામે રાણી હતી. તેનાથી નંદ નામે પુત્ર થયો. તે સાતમો બળદેવ કહેવાયો. તેમણે ભગવાન અરનાથ સ્વામીના શાસનમાં દીક્ષા લીધી. ૫૦ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ નિર્વાણ ( મોક્ષ ) પામ્યા.

## ૧૪૩ નંદ મણીયાર.

એક સમયે શ્રમણભગવંત મહાવીર પ્રભુ રાજગૃહી નગરીના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. તે વાત સુધર્મ દેવલોકના દર્દુર નામના દેવે અવધિજ્ઞાનથી જાણી, તેથી તે દેવ પ્રભુને વંદન કરવા આવ્યો. સભામાં નાટયકળા આદિ કરીને પ્રભુને વાંદીને તે દેવ સ્વસ્થાનકે ગયો. તે સમયે ભ૦ મહાવીરના પટ્ટશિષ્ય શ્રી ગૌતમ સ્વામીએ પૂછ્યું. હે ભગવાન્, આટલી દિવ્ય દેવઋદ્ધિ આ દેવને કેવી રીતે પ્રાપ્ત થઈ ? ભગવાને કહ્યું:—

આ રાજગૃહ નગરમાં નંદ નામનો મણિયાર રહેતો હતો. તે ઘણો ઋદ્ધિવંત હતો. એક સમયે ફરતો ફરતો હું આ નગરીના ઉદ્યાનમાં આવ્યો. રાજા શ્રેણિક અને પરિષદ્ વંદન કરવાને આવી. તે વખતે નંદમણિયાર પણ વંદન કરવા આવ્યો. અને ધર્મ સાંભળીને નંદમણિયાર બારવ્રતધારી શ્રાવક થયો. પછી હું ત્યાંથી નીકળીને બહાર દેશમાં વિહાર કરવા લાગ્યો. હવે નંદમણિયારને સાધુ દર્શન, અને સેવા ભકિતનો યોગ ન મળવાથી તે સમકિતથી ભ્રષ્ટ થવા લાગ્યો, અને મિથ્યાત્વી બની ગયો. એક વખત ગ્રીષ્મઋતુના જેઠ માસમાં નંદમણિયાર અઠમભકત તપ કરીને પૌષધશાળામાં રહ્યો હતો, તે વખતે

તેને ઘણી જ તૃષા લાગી. તેને વિચાર થયો કે ઘણા પરોપકારી પુરૂષો રાજરાજેશ્વરો રાજગૃહ નગરની બહાર વાવ, તળાવો બંધાવે છે. જેમાં ઘણા લોકો સ્નાન કરે છે અને પાણી પીએ છે. તેથી હું પણ શ્રેણિક રાજાને પૂછીને એક સુંદર વાવ બંધાવું. એમ ચીંતવતાં તેણે બાકીના દિવસ અને રાત્રી પૂરી કરી. બીજા દિવસનું પ્રભાત થયું. નંદમણિયાર પૌષધ પારીને ઘેર ગયો. દંતમંજન આદિ ક્રિયાઓથી પરવારી, સુંદર વસ્ત્રાલંકારો પહેરી તથા મુલ્યવાન ભેટ લઇને તે શ્રેણિક મહારાજા પાસે ગયો. ભેટ મૂકી. રાજા પ્રસન્ન થયો. નંદમણિયારે શહેરની બહાર વાવ બંધાવવાનો પોતાનો વિચાર શ્રેણિક રાજા પ્રત્યે જાહેર કર્યો. રાજાએ પરવાનગી આપી. નંદમણિયારે એક સુંદર વાવ બંધાવી. તેને ફરતી ચારે દિશામાં અનુક્રમે ચિત્રશાળા, ભોજનશાળા, ચિકિત્સા કરવાની શાળા, અને અલંકારશાળા બનાવરાવી. આનો લાભ લઈ ઘણા લોકો નંદમણિયારના વખાણ કરવા લાગ્યા. આ સાંભળી નંદમણિયારના આનંદનો પાર રહ્યો નહિ.

એક વખત નંદમણિયારના શરીરમાં સોળ પ્રકારના રોગ ઉત્પન્ન થયા. આખા ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે નંદમણિયારના સોળ રોગમાંથી એક પણ રોગ કોઈ મટાડશે તો તેને પુષ્કળ ધન આપવામાં આવશે. ઘણા વૈદો દાકતરો આવ્યા, ઘણા ઉપચારો કર્યા પણ તેમાંના કોઈ તેનો એકપણ રોગ મટાડી શકયા નહિ. વેદનાની મહા પીડાથી નંદમણિયાર મૃત્યુ પામ્યો અને નંદપુષ્કરણી નામની વાવમાં મૂર્છિત બન્યો હોવાથી, તે મરીને તેજ વાવમાં દેડકાપણે ઉત્પન્ન થયો. આ દેડકો ગર્ભ મુક્ત થઈ, બાલ્યાવસ્થા વીતાવી યુવાવસ્થા પ્રાપ્ત થવાથી વાવમાં ફરવા લાગ્યો. તે વાવમાં સ્નાન કરતાં, પાણી પીતાં ઘણા લોકો શાંતિ પામી બોલતા કે નંદમણિયારને ધન્ય છે કે તેણે આવી સુંદર વાવ બંધાવી. ઘણા માણસો પાસેથી આવું સાંભળીને દેડકાને વિચાર થયો કે આવા શબ્દો મેં પૂર્વે કયાંક સાંભળ્યા છે. એમ

ચિંતવન કરતાં શુભ પરિણામના યોગથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેનો પૂર્વભવ જાણ્યો. મહાવીર ભગવાને આપેલો બોધ, અને લીધેલાં વ્રત તેને યાદ આવ્યાં અને પોતે મિથ્યાત્વી થયો હતો તેને માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. આ વખતે તેણે અભિગ્રહ કર્યો કે જીવન પર્યંત છઠ છઠના પારણા કરવાં, અને પારણાને દિવસે વાવમાં લોકોએ ખરાબ કરેલું પાણી (નિર્દોષ) અને તેમના શરીરનો મેલ લઈને નિર્વાહ કરવો. (ધન્ય છે, તિર્યંચ જેવું પ્રાણી, સમજણ આવતાં કેવું કઠિન કાર્ય કરે છે!) આવી રીતે તે જીવન વીતાવવા લાગ્યો.

એકદા પ્રભુ મહાવીર તેજ નગરીમાં સમોસર્યા. પ્રભુ પધાર્યાની વાત દેડકાએ નગરજનો પાસેથી વાવ પાસે સાંભળી. શ્રેણિક રાજા ચતુરંગી સેના સાથે પ્રભુના દર્શન કરવા નીકળ્યા. આ તરફ દેડકાને પણ પ્રભુના દર્શનની પરમ જીજ્ઞાસા થઈ. તે પણ નીકળ્યો. રસ્તે જતાં રાજાના કોઈ અશ્વના પગ તળે તે દેડકો કચરાયો. તેથી તે એકાંતમાં જઈ અરિહંત, ધર્માચાર્ય પ્રભુ મહાવીરનું સ્મરણ કરી નમસ્કાર કરવા લાગ્યો અને ત્યાંજ સંથારો કરી ઉચ્ચતમ ભાવના ભાવવા લાગ્યો. ત્યાંથી તે સમાધિમરણે કાળ કરી પહેલા સૌધર્મ દેવલોકમાં દર્દુર નામે દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તેજ ભવમાં તે મોક્ષ જશે.

## ૧૪૪ નંદિનીપિતા

શ્રાવસ્તિનગરીમાં નંદિનીપિતા નામે મહાઋદ્ધિવંત ગાથાપતિ હતો, તેને અશ્વિની નામે સુશીલ અને સુસ્વરૂપવાન સ્ત્રી હતી. એકદા પ્રભુ મહાવીર પધાર્યા. નંદિનીપિતા વંદન કરવા ગયા, અને પ્રભુના ઉપદેશથી ધર્મબોધ પામી બારવ્રતધારી શ્રાવક થયા. ૧૫ વર્ષ શ્રાવકપણામાં ઘેર રહ્યા પછી તેમને પ્રતિમા અંગીકાર કરી, વિચરવાની ઈચ્છા થઈ. તેથી તેઓ ઘરનો સઘળો કારભાર જ્યેષ્ઠ પુત્રને સોંપી સંસારકાર્યમાંથી તદન જ

નિવૃત્ત થઈ ગયા, અને પૌષધશાળામાં જઈ પ્રતિમા ધારણ કરીને આત્માના અપૂર્વ ભાવમાં વિચરવા લાગ્યા. છેલ્લી પ્રતિમા પૂરી થતાં, તપથી શરીર ક્ષીણ બનવાથી નંદિનીપિતાએ અંતિમ સંથારો શરૂ કર્યો. એક માસનો સંથારો ભોગવી, જ્ઞાનદર્શનચારિત્રની આરાધનામાં તલ્લાલીન બની નંદિનીપિતા મૃત્યુ પામ્યા અને પહેલા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી, ચારિત્ર લઈને તેજ ભવમાં તે મોક્ષગતિને પામશે.

## ૧૪૫ નંદીવર્ધન.*

સિંહપુર નામનું નગર હતું. સિંહરથ નામે રાજા હતો. ત્યાં દુર્યોધન નામે કોટવાળ હતો. તે ઘણો જ પાપી, જુલ્મી અને દુરાચારી હતો. તેણે અપરાધીઓને શિક્ષા કરવા માટે ગરમ તાંબુ, ગરમ સીસુ ગરમ પાણી, ઘોડાનો પેશાબ, ભેંશ બકરી વગેરેનું મૂત્ર, હાથકડીઓ, સાંકળો, હંટર, રસી, તલવાર, છરી, ખીલા, હથોડા વગેરે વસ્તુઓ રાખી હતી જેનાથી તે ચોર, જુગારી, રાજ્યદ્રોહી, પરસ્ત્રી લંપટ આદિ અપરાધીઓને ત્રાસ ત્રાસ વર્તાવતો હતો. કોઈના મ્હોંમાં તે ઉનું ધગધગતું સીસું રેડતો. તો કોઈના મ્હોંમાં ઉકળતું તાંબુ રેડતો. કોઈને હાથકડી પહેરાવવી, તો કોઈને સાંકળથી બાંધવા, કોઈને કૂવામાં ઉંધાં લટકાવવા, કોઈના કપાળમાં ખીલા ઠોકવા, કોઈના નાક કાન કાપવા, તો કોઈને ઘોડાનો પેશાબ પાવો, વગેરે પ્રકારના મહા જુલ્મ વર્તાવતાં આ કોટવાળે પાપના પુષ્કળ દળ ભેગાં કર્યાં. પરિણામે એકત્રીસ સો વર્ષનું આયુષ્ય ભોગવી તે કોટવાળ મૃત્યુ પામીને, છઠી નરકમાં ગયો.

ત્યાંથી નીકળીને તે મથુરા નગરીમાં શ્રીદાસ રાજાની બંધુશ્રી નામની રાણીને પેટે પુત્રપણે અવતર્યો. તેનું નામ પાડયું નંદીવર્ધન. અનેક લાલનપાલનમાં ઉછરી કુમાર યુવાવસ્થા પામ્યો ત્યારે તે અંતઃપુરમાં

* બીજા નંદીવર્ધન પ્રભુ મહાવીરના ભાઈ હતા. તેમનું ચરિત્ર લીધું નથી.

મૂર્છિત બન્યો. તે યુવરાજ છતાં જલ્દી રાજ્ય મેળવવા ખાતર પોતાના પિતાનું મૃત્યુ ઇચ્છી, મારી નાખવાની યુક્તિ ખોળવા લાગ્યો. તેણે મિત્ર નામના એક હજામને બોલાવ્યો. જે રાજ્યનો વિશ્વાસુ હજામ હતો અને અંતઃપુરમાં પણ જતો. નંદીવર્ધને પોતાનો વિચાર તેને જણાવ્યો અને હજામત કરતાં કરતાં પોતાના પિતાના ગળામાં અસ્ત્રો ખોસી દેવા હજામને કહ્યું, સાથે સાથે અર્ધું રાજ્ય આપવાની લાલચ બતાવી. હજામે તે કબુલ કર્યું; પરંતુ પાછળથી તેને વિચાર થયો કે જો રાજા આ વાત જાણે તો મારા રાઈ રાઈ જેવડા ટુકડા કરે; તેથી તે બીન્યો અને રાજા પાસે જઈ તેણે નંદીવર્ધનની દુષ્ટતાની વાત જાહેર કરી. આથી રાજા ઘણો ગુસ્સે થયો અને નંદીવર્ધનને પકડી મંગાવ્યો. તેના હાથ પગ બાંધ્યા અને તેને લોખંડના ધગધગતા સિંહાસન પર બેસાડયો. તેના પર ધગધગતું સીસું, તાંબુ રેડાવ્યું અને ખૂબ ઉકળેલાં તેલથી તેનો અભિષેક કરાવ્યો. લોખંડના ધગધગતા હાર તેના કંઠમાં પહેરાવ્યા. લોખંડનો ગરમ મુગટ પણ પહેરાવ્યો, નંદીવર્ધન ખૂબ પોકાર કરવા લાગ્યો, પણ કર્મના કાયદાની સામે કોઈ થઈ શકતું નથી. પરિણામે કાળને અવસરે તે કાળ કરીને પહેલી નરકમાં ગયો. ત્યાંથી અનંત સંસારમાં ભટકી આખરે મુક્તદશાને પામશે.

**સાર:—રાજ્યલોભ એ બુરી વસ્તુ છે. (૨) ગુન્હેગારને અલ્પ ગુન્હાના બદલામાં ભયંકર શિક્ષા કરવી એ પણ એક મહાન ગુન્હો છે.**

## ૧૪૬ નંદીષેણ મુનિ.

મગધ દેશમાં નંદી નામે ગામ હતું. ત્યાં એક ગરીબ બ્રાહ્મણ હતો, તેને સોમિલા નામની સ્ત્રી હતી. તેમને નંદીષેણ નામે પુત્ર થયો. પૂર્વના પાપકર્મના ઉદયે નંદીષેણનું શરીર કદરૂપું હતું. પેટ મોટું, નાક વાંકું, કાન તૂટેલા, આંખ ત્રાંસી, માથાના વાળ પીળા, શરીર ઠીંગણું, આવી બેડોળ સ્થિતિ જોઈ સૌ કોઇને નંદીષેણ પ્રતિ સૂગ ચડતી. કાળાન્તરે માબાપ મરી જતાં નંદીષેણ એકલો થઈ પડયો,

એટલે તેના મામાને દયા આવવાથી તે તેને પોતાને ઘેર લઈ ગયો. તેના મામાને સાત પુત્રીઓ હતી, તેમાંની કોઈ એકને તેણે આ નંદીષેણ સાથે લગ્ન કરવાનું કહ્યું, પરન્તુ કોઈ પુત્રીએ તે કબુલ કર્યું નહિ. આથી પોતાના કર્મને દોષ આપી નંદીષેણ મામાના ઘરમાંથી ચાલી નીકળ્યો.

ફરતો ફરતો તે રત્નપુર નગરના એક ઉદ્યાનમાં આવ્યો. ત્યાં એક સુખી ગૃહસ્થનું યુગલ એકબીજાને આલિંગન આપી ક્રીડાસુખ ભોગવતું હતું, તે જોઇ નંદીષેણને પોતાના દુઃખી જીવન પર કંટાળો આવ્યો, તેણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો અને નજીકના જંગલમાં આવ્યો, ત્યાં સુસ્થિત નામના એક મુનિના ત્હેને દર્શન થયા. મુનિએ તેનો પરિચય પૂછી મનુષ્યના કામભોગ અને સંપત્તિ અનિષ્ટકારી હોવાનો અદ્ભુત બોધ આપ્યો, પરિણામે વૈરાગ્ય પામી નંદીષેણે દીક્ષા લીધી. દીક્ષા લઈ તેમણે જીવનભર છઠ છઠના પારણા કરવાનો અભિગ્રહ લીધો; અને ગુરૂની સેવા કરતાં ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. તેમને એવો નિયમ હતો કે એકાદ મુનિની વૈયાવચ્ચ (સેવા) કર્યા પછી જ પોતાને આહાર કરવો. આમ ઘણાં વર્ષ સુધી તેમણે કર્યું, પરિણામે તેમની ભક્તિના સ્થળે સ્થળે વખાણ થવા લાગ્યા.

એકવાર ઇંદ્રની સભામાં આ નંદીષેણ મુનિના વખાણ થયા. તે એક મિથ્યાત્વી દેવને રૂચ્યા નહિ. તેણે મુનિની પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો; અને એક રોગગ્રસ્ત સાધુનું રૂપ ધરી તે રત્નપુરીના ઉદ્યાનમાં બેઠો; વળી તે દેવ બીજા એક સાધુનું રૂપ ધરી, નંદીષેણ પાસે આવ્યો. તે વખતે નંદીષેણ મુનિ પારણું કરવા બેસતા હતા. દેવ બોલ્યો: રે, નંદીષેણ, આવો જ તારો સેવાભાવ કે? મારા ગુરૂ અતિસારના રોગથી પીડાય છે, ને તું નિરાંતે ભોજન કરે છે? નંદીષેણ ચમકીને બોલ્યા: મહારાજ, માફ કરો. ચાલો બતાવો, ક્યાં છે તે ગુરૂ મહારાજ?

ભોજન ભોજનને ઠેકાણે રહ્યું. નંદીષેણ સત્વર ઉભા થયા અને પેલા મુનિ (દેવ)ની સાથે ઉદ્યાનમાં ગયા; ત્યાં રહી તેઓ વૃદ્ધ સાધુની સેવા કરવા લાગ્યા. ત્યારપછી નંદીષેણે કહ્યું. મહારાજ, આપ મારી સાથે ઉપાશ્રયે પધારો, તો હું આપની સેવા ચાકરી સારી રીતે કરી શકું.

"તું જુએ છે કે નહિ! મ્હારાથી ચાલી શકાય એવું છે?" વૃદ્ધ સાધુએ ગુસ્સે થઇને કહ્યું. "મહારાજ, હું આપને મારી ખાંધ પર બેસાડીને લઇ જઈશ." નંદીષેણે જવાબ આપ્યો.

સેવામૂર્તિ નંદીષેણે વૃદ્ધ સાધુને પોતાની ખાંધ પર લઇ ચાલવા માંડયું. રસ્તામાં પેલા દેવસાધુએ નંદીષેણના શરીરપર દુર્ગંધમય વિષ્ટા કરીને શરીર બગાડી મૂકયું. છતાં નંદીષેણ મનમાં જરા પણ ખેદ પામ્યા નહિ. જોતજોતામાં તે દેવ નંદીષેણનું આખું શરીર મળ, મૂત્ર અને વિષ્ટાથી ભરી દે છે, અને તેના મુખ સામું જુએ છે, પરન્તુ નંદીષેણના મુખ પર ગ્લાનિની છાયા સરખી પણ દેખાતી નથી. એમ કરતાં ઉપાશ્રય આગળ તેઓ આવે છે; અને ધીરેથી નંદીષેણ વૃદ્ધ સાધુને નીચે ઉતારે છે, ત્યાં તે સાધુ અદૃશ્ય થઈ દેવ સ્વરુપે પ્રગટ થાય છે, અને બધી વાત કહી નંદીષેણની સેવાની પ્રશંસા કરી સ્વસ્થાનકે જાય છે.

આ રીતે નંદીષેણ સેવાભાવમાં મગ્ન રહી તપશ્ચર્યા સહિત વિશુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યા. એકંદર તેઓ બાર હજાર વર્ષનું ચારિત્ર પાળી, અંતિમ સમયે અનશન કરી, મૃત્યુ પામી આઠમા દેવલોકમાં દેવ થયા; પરન્તુ સંથારા વખતે પૂર્વ સમયની દરિદ્રાવસ્થા તથા સ્ત્રીઓનો પ્રેમ તેમને યાદ આવવાથી નિયાણું કરેલું કે હું આવતા ભવમાં અનેક સ્ત્રીઓ અને અપૂર્વ લક્ષ્મીનો ભોક્તા થાઉં. આ નિયાણાના પ્રભાવે તેઓ દેવલોકમાંથી ચ્યવી, સૌરીપુર નગરમાં અંધક વિષ્ણુ રાજાની સુભદ્રા રાણીની કુક્ષિમાં દશમા પુત્ર "વસુદેવ" નામે ઉત્પન્ન થયા. તેમનું કામદેવ સરખું રૂપ દેખીને અનેક સ્ત્રીઓ

તેમના પર મુગ્ધ બની. એકંદર તેઓ બહોંતેર હજાર સ્ત્રીઓના સ્વામી થયા. સૌથી છેલ્લી તેઓ દેવક રાજાની પુત્રી દેવકીને પરણ્યા. નિયાણાના પ્રતાપે ત્હેમને સંસાર વધારવો પડયો.

## ૧૪૭ નંદીષેણ કુમાર.

તેઓ શ્રેણિક રાજાના પુત્ર હતા. ભ. મહાવીરની દેશના સાંભળી, તેમને વૈરાગ્ય થવાથી દીક્ષા લેવા તત્પર થયા. તેવામાં એક દેવે અંતરિક્ષમાંથી નંદીષેણને કહ્યું: હે કુમાર, હમણા તું દીક્ષા ન લે, તારે હજુ ભોગાવલી કર્મ બાકી છે, છતાં નંદીષેણે તે માન્યું નહિ. ભગવાન મહાવીરે પણ તેને ધીરજ ધરવાનું કહેવા છતાં, તેણે દીક્ષા લીધી; અને આકરી તપશ્ચર્યાઓ કરવા માંડી. એકવાર ગૌચરી અર્થે નીકળતાં તેઓ એક વેશ્યાને ઘેર જઈ ચડયા. મુનિને દેખી વેશ્યાને વિકાર થયો. વેશ્યાએ કહ્યું: મહારાજ, અહિં તો અર્થની ભિક્ષા છે ! સમજ્યા ? એમ કહેતાં જ તે હસી પડી. મુનિ લોભાયા. ત્હેમણે પોતાના તપબળે ઉત્પન્ન થયેલી લબ્ધિનો ઉપયોગ કરી તે સ્થળે ધનનો એક મોટો ઢગલો કર્યો અને તેઓ રસ્તે પડયા. વેશ્યાએ મુનિ પાસે જઈ કહ્યું: મહારાજ, આ તમારૂં ધન તમે લઈ જાઓ, મારે ન જોઇએ. જો તમે અહિં મારી સાથે રહેવાનું કબુલ કરો, તો જ હું આ ધન લઉં. નંદીષેણે વેશ્યાનું કથન કબુલ કર્યું. તેમણે પોતાનો સાધુવેશ ઉતારી નાખ્યો, અને તેઓ વેશ્યાને ત્યાં રહ્યા. પરન્તુ એવો નિયમ કર્યો કે હમેશાં ૧૦ પુરુષોને બુઝવી દીક્ષા અપાવ્યા પછી જ પોતાને આહાર કરવો. આ આકરી પ્રતિજ્ઞા પણ નંદીષેણ પોતાના તપોબળ અને જ્ઞાનના પ્રભાવે પાળવા લાગ્યા. કોઈ એક દિવસે તેમણે ૯ પુરુષોને બુઝવ્યા અને દીક્ષિત બનાવ્યા, પરન્તુ એક જણને દીક્ષા આપવાનું બાકી રહ્યું. નંદીષેણે ઘણો પ્રયત્ન કર્યો, પણ દીક્ષા લેનાર દશમો પુરુષ કોઈ નીકળ્યો નહિ. આથી નંદીષેણે પોતે જ દીક્ષા લીધી; અને પ્રભુ પાસે જઈ પોતાના પૂર્વ

પાપની આલોચના કરી. અંતે શુદ્ધ ચારિત્ર પાળી નંદીષેણ કાળધર્મ પામી દેવલોકમાં ગયા.

## ૧૪૮ પ્રતિબુદ્ધ.

તે કોશલ દેશની સાંકેતપુરી નગરીનો રાજા હતો. પૂર્વભવમાં મહાબળ કુમારનો તે મિત્ર હતો. ત્યાં સંયમ પાળી, ઘણો તપ કરવાથી તે જયંત વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો હતો. ત્યાંથી ચ્યવી અહિંયા તે રાજા થયો હતો. તેને પદ્મા નામની રાણી હતી. તે સાંકેતપુરમાં નાગદેવનું એક દેવળ હતું, રાજા અને રાણી એકદા તે નાગદેવના પૂજન અર્થે ગયાં. ત્યાં દેવળમાં શોભાયમાન એવો એક દામકાંડ (સ્ત્રીઓની આકૃતિવાળો ચિત્રેલો વિભાગ) હતો. તે જોઇ રાજાએ પ્રધાનને પૂછ્યું કે તમે આવો દામકાંડ કયાંય જોયો છે? પ્રધાને કહ્યું: હા. મિથિલા નગરીમાં મલ્લીકુંવરીની વર્ષગાંઠ વખતે જોવામાં આવેલા દામકાંડ આગળ આ કાંઈ હિસાબમાં નથી, એમ કહી સાથે સાથે સુબુદ્ધિ પ્રધાને મલ્લીકુંવરીનાં રૂપ, ગુણની પ્રશંસા કરી. તે સાંભળી રાજાને તે મલ્લીકુંવરી પરણવાની ઇચ્છા થઈ. આથી તેણે કુંભરાજા પાસે દૂત મોકલી મલ્લીકુંવરીનું માગું કર્યું. રાજાએ ના કહેવાથી પ્રતિબુદ્ધે જિતશત્રુ વગેરે રાજાઓ સાથે સંધી કરીને મિથિલા પર ચડાઈ કરી. તેમાં મલ્લીકુંવરીએ સોનાની બનાવેલ પ્રતિમાથી પ્રતિબુદ્ધ રાજાને બુઝવ્યો અને તેણે દીક્ષા લીધી. સખ્ત તપ, સંયમ પાળી અંત સમયે સમેતશિખર પર સંથારો કરી પ્રતિબુદ્ધ મોક્ષ પામ્યા.

## ૧૪૯ પદ્મકુમાર.

શ્રેણિક રાજાના પુત્ર કાલીકુમારની પદ્માવતી રાણીની કુક્ષિથી પદ્મકુમારનો જન્મ થયો. માતાએ સિંહનું સ્વપ્ન જોયું. સ્વપ્ન પાઠકે મહાભાગ્યવાન પુત્ર અવતરશે એવું તે સ્વપ્નનું ફળ કહ્યું.

અનુક્રમે નવમાસ પૂરા થયે બાળકનો જન્મ થયો. માતાના નામ પરથી તેનું પદ્મકુમાર એવું નામ આપ્યું. ઉંમર લાયક થતાં તેને આઠ કન્યાઓ પરણાવવામાં આવી.

એકવાર ભ. મહાવીર ચંપાનગરીમાં પધાર્યા. રાજા કોણિકની સાથે પદ્મકુમાર પણ પ્રભુને વંદન કરવા ગયો. પ્રભુની દેશના સાંભળી તેને વૈરાગ્ય થયો અને ઘેર આવી માતા પિતાદિકની રજા મેળવી દીક્ષા લીધી. સ્થવિર મુનિ પાસે ૧૧ અંગ ભણ્યા. છઠ્ઠ, અઠમ આદિ ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા. અંતિમ સમયે વિપુલગીરી પર એક માસનું અનશન કર્યું અને ૫ વર્ષનું ચારિત્ર પાળી કાળને અવસરે કાળ કરીને તેઓ પહેલા સૌધર્મ નામક દેવલોકમાં બે સાગરના આયુષ્યે દેવ થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તેઓ મોક્ષમાં જશે.

## ૧૫૦ પદ્મપ્રભુ.

વર્તમાન ચોવિસીના છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુ કૌશાંબી નગરીમાં ધર નામના રાજાની સુસીમા નામક રાણીની કુક્ષિમાં, નવમા ગ્રૈવેયક વિમાનમાંથી ચ્યવીને મહા વદિ છઠને રોજ ઉત્પન્ન થયા. માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. માતાને પદ્મની શય્યામાં સૂવાનો દોહદ થયો; તે દેવોએ પૂરો કર્યો. તેમનો જન્મ કાર્તિક વદિ બારશના રોજ થયો. ૫૬ કુમારિકા દેવીઓએ અને ઇંદ્રોએ આવી પ્રભુનો જન્મોત્સવ ઉજવ્યો. પિતાને અતિશય આનંદ થયો, અને પદ્મનાથ એવું તેમને નામ આપ્યું. તેમનું દેહમાન ૨૫૦ ધનુષ્યનું હતું. યૌવનવય પ્રાપ્ત થતાં માતાપિતાના આગ્રહથી અનેક રાજકન્યાઓ સાથે તેમણે લગ્ન કર્યું. ૭ા લાખ પૂર્વ તેઓ કુમારાવસ્થામાં રહ્યા. પછી પિતાનું રાજ્ય ગ્રહણ કર્યું. ૨૧ાા લાખ પૂર્વ અને ૧૬ પૂર્વાંગ સુધી તેમણે રાજ્ય ભોગવ્યું. લોકાંતિક દેવોની સૂચનાથી પ્રભુએ એક વરસ સુધી અઢળક દાન આપ્યું. પછી છઠ્ઠ ભક્ત કરી કાર્તિક વદિ ૧૩ ના રોજ

પ્રભુએ સ્વયંમેવ ચારિત્ર અંગીકાર કર્યું. ૭ માસ છદ્મસ્થાવસ્થામાં રહ્યા પછી, પ્રભુએ છઠ કરીને વડ નીચે કાયોત્સર્ગ કર્યો, ત્યાં પ્રભુને ચૈત્ર શુદિ પૂર્ણિમાએ કેવળજ્ઞાન થયું. શ્રી પદ્મપ્રભુને ૧૦૭ ગણધરો હતા, તેમાં સુવ્રત સૌથી મોટા હતા. તેમના શાસન પરિવારમાં ૩૩૦ હજાર સાધુઓ, ૪૨૦ હજાર સાધ્વીઓ, ૨૭૬ હજાર શ્રાવકો, અને ૫૦૫ હજાર શ્રાવિકાઓ હતા. કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયા પછી, એક લાખ પૂર્વમાં ૧૬ પૂર્વાંગ અને ૭ માસ ઓછા, એટલો સમય ગયો ત્યારે પદ્મપ્રભુએ સમેત શિખર પર અનશન કર્યું. એક માસનું અનશન ભોગવી માગશર વદિ ૧૧ ના રોજ ૩૦૮ અનશનવાળા મુનિઓ સાથે પ્રભુ નિર્વાણ પહોંચ્યા. તેમનું એકંદર આયુષ્ય ૩૦ લાખ પૂર્વનું હતું.

## ૧૫૧ પદ્માવતી.

દ્વારિકા નગરીના શ્રીકૃષ્ણ રાજાને પદ્માવતી નામે રાણી હતી. એકવાર નેમનાથ પ્રભુ ત્યાં પધાર્યા. શ્રીકૃષ્ણ તથા પદ્માવતી વંદન કરવા ગયા. પ્રભુએ ધર્મબોધ આપ્યો. પદ્માવતી વૈરાગ્ય પામી ઘેર આવ્યા. ત્યાર બાદ શ્રીકૃષ્ણે પ્રભુને પૂછ્યુંઃ—હે ભગવાન્ ! આ દેવલોક સમી દ્વારિકા નગરીનો નાશ શાથી થશે ?

પ્રભુએ કહ્યુંઃ—

*દ્વૈપાયન નામના અગ્નિકુમાર દેવના કોપથી તારી નગરીનો

---

* શૌર્યપુર નગરની બહાર આશ્રમમાં પરાશર નામનો તાપસ હતો. તેણે યમુના દ્વીપમાં જઈ કોઇ નીચ કન્યા સાથે ભોગવિલાસ કર્યો. પરિણામે એક પુત્ર થયો તેનું નામ દ્વૈપાયન. દ્વૈપાયન આગળ જતાં બ્રહ્મચારી પરિવ્રાજક થયો અને યાદવોના સહવાસમાં મૈત્રીભાવથી રહેવા લાગ્યો. એકવાર શાંબ આદિ કુમારો મદિરામાં અંધ બન્યા અને તેઓએ દ્વૈપાયનને મારી નાખ્યો. મરીને તે અગ્નિકુમાર દેવ થયો. અને ક્રોધના નિયાણાથી તેણે દ્વારિકા નગરીને બાળીને ભસ્મીભૂત કરી.

વિનાશ થશે. તે સાંભળી કૃષ્ણ વિચારવા લાગ્યા કે ધન્ય છે જાલી, મયાલી, પ્રદ્યુમ્ન, દ્રઢનેમિ આદિ કુમારોને, કે જેઓએ રાજવૈભવનો ત્યાગ કરી પ્રભુ પાસે દીક્ષા લીધી ! હું તો અભાગ્યવાન્, અપુણ્યવંત છું અને કામભોગોમાં મૂર્છા પામ્યો છું, જેથી દીક્ષા લેવા સમર્થ નથી. પ્રભુએ તેનો મનોભાવ તરતજ કહી દીધો અને કહ્યું કે વાસુદેવો દીક્ષા લેતા નથી, લીધી નથી અને લેશે પણ નહિ. કૃષ્ણે કહ્યું:– ત્યારે હે પ્રભો ! હું અહિંથી મૃત્યુ પામીને કયાં જઈશ ? પ્રભુએ કહ્યું:–હે કૃષ્ણ, દ્વારિકા નગરી બળતી હશે ત્યારે તું તારા માતાપીતા અને ભાઈની સાથે નીકળી જઈશ. રસ્તામાં તારા માતાપિતા મરણ પામશે. ત્યાંથી તું અને બળદેવ પાંડવ મથુરા ભણી જતાં કોસંબીવનના વૃક્ષની નીચે પૃથ્વીશિલા પર જરાકુમારના બાણથી વીંધાઈને તું મરણ પામીશ અને મરીને ત્રીજી નરકમાં જઈશ. આ સાંભળી શ્રીકૃષ્ણ ત્રાસ પામ્યા અને ચિંતા કરવા લાગ્યા. પ્રભુએ કહ્યું. ચિંતા ન કર કૃષ્ણ. ત્યાંથી તું નીકળીને જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પાંડુદેશના શતદ્વાર નગરમાં આમમ નામે અરિહંત–તીર્થંકર થઈશ અને મોક્ષમાં જઈશ. આ સાંભળી કૃષ્ણને ઘણો હર્ષ આવી ગયો. તેમણે સાથળ પર હાથ પછાડી હર્ષમય શબ્દોચ્ચાર વડે સિંહનાદ કર્યો. ત્યાંથી પ્રભુને વંદન કરી શ્રીકૃષ્ણ ઘેર આવ્યા.

શ્રીકૃષ્ણે રાજ્યમાં આવી ઢંઢેરો પીટાવ્યો કે અગ્નિકુમાર દેવના પ્રક્ષેપથી દ્વારિકા નગરી બળીને ભસ્મ થવાની છે, માટે જેને દીક્ષા લેવી હોય તે તૈયાર થઈ જાય અને તેમના કુટુંબના નિર્વાહની સઘળી વ્યવસ્થા હું કરીશ.

શ્રી કૃષ્ણની રાણી પદ્માવતીને વૈરાગ્ય થયો હતો તેથી તે દીક્ષા લેવા માટે તૈયાર થઈ અને શ્રીકૃષ્ણની આજ્ઞા માગી. શ્રીકૃષ્ણ વાસુદેવે ધામધૂમપૂર્વક પદ્માવતીનો દીક્ષા–મહોત્સવ કર્યો અને નેમનાથ પ્રભુ

પાસે દીક્ષિત બનાવી. પદ્માવતી દીક્ષા લઇને સખ્ત તપ, જપ, ક્રિયા કરવા લાગી. અંત સમયે એક મહિનાનો સંથારો કરી, પદ્માવતી નિર્વાણપદને પ્રાપ્ત થયા.

## ૧૫૨ પ્રદ્યુમ્ન.

દ્વારિકાના શ્રીકૃષ્ણ રાજાને રૂક્મિણી નામની રાણી હતી. તેને પ્રદ્યુમ્ન નામે પુત્ર થયો હતો. એકવાર અતિમુક્ત મુનિ રૂક્મિણીના આવાસે આવ્યા, તેમને જોઈ સત્યભામા પણ રૂક્મિણીના આવાસે આવી. બંનેએ મુનિને વંદન કર્યું. રૂક્મિણીએ મુનિને જ્ઞાનવંત જાણી પૂછ્યું કે મહાત્મન્! મ્હને પુત્ર થશે કે નહિ? મુનિએ કહ્યું: તમને શ્રીકૃષ્ણ જેવો મહા પરાક્રમી પુત્ર થશે. એમ કહી મુનિ વિદાય થયા. મુનિના કથનથી બંને સ્ત્રીઓ વચ્ચે વાંધો પડ્યો. સત્યભામાએ કહ્યું કે મને પુત્ર થવાનું મુનિએ કહ્યું છે, જ્યારે રૂક્મિણી બોલી કે મેં પ્રશ્ન પૂછ્યો હતો, માટે મુનિએ મને જ પુત્ર થવાનું કહ્યું છે. આ વાત કૃષ્ણ પાસે પહોંચી. બંનેએ એવી શરત કરી કે જેનો પુત્ર પહેલો પરણે, તેના ઉત્સવમાં બીજીએ પોતાના કેશ આપવા. સમય જતાં બંનેએ એક એક પુત્રનો જન્મ આપ્યો. પહેલાં રૂક્મિણીએ અને પછી સત્યભામાએ. રૂક્મિણીના પુત્રનું નામ પ્રદ્યુમ્ન પાડ્યું. થોડાક વખત પછી પ્રદ્યુમ્ન કુમારનો પૂર્વભવનો એક વૈરી દેવ રૂક્મિણીનું રૂપ ધારણ કરી પ્રદ્યુમ્નને શ્રીકૃષ્ણ પાસેથી લઈ ગયો. દેવે તેને મારી નાખવાનો વિચાર કર્યો, પરન્તુ તેનું આયુષ્ય લાંબુ હોવાથી, તેમજ તે ચરિમ શરીરી (છેલ્લું શરીર) હોવાથી દેવ તેને કાંઈ ઈજા કરી શક્યો નહિ, પણ તેને એક શિલા પર મૂકી તે જતો રહ્યો. એવામાં મેઘકુટ નગરના કાલસંબર નામક વિદ્યાધરનું વિમાન તે રસ્તેથી પસાર થયું. પુણ્યયોગે તે વિદ્યાધરે તેને પોતાના વિમાનમાં લીધો, અને ઘેર જઈને પોતાની કનકમાળા

નામની સ્ત્રીને સોંપ્યો. તે ત્યાં મોટો થવા લાગ્યો. અહિં થોડીવારે રૂક્મિણીએ કૃષ્ણ પાસે પુત્રને પાછો માગ્યો, ત્યારે કૃષ્ણે કહ્યું કે ત્હમે હમણા જ ત્હેને લઈ ગયા છો ને ? રૂક્મિણીએ કહ્યું: નાથ, મને છેતરો છો શાને ? આ સાંભળી કૃષ્ણ ચમકયા. તેમણે વિચાર્યું કે જરૂર કોઈએ દગો કર્યો છે, એમ ધારી પ્રદ્યુમ્નની સઘળે ઠેકાણે તપાસ કરાવી, પણ કયાંય પત્તો ન લાગ્યો. આખરે થોડાક વખત પછી નારદઋષિ ત્યાં આવ્યા. તેમને પૂછતાં નારદે કહ્યું:—રાજન્, ગભરાઓ નહિ. પ્રદ્યુમ્ન જીવતો છે અને ૧૬ વરસે તે તમારે ઘેર આવશે. રૂક્મિણીએ નારદને પૂછ્યું. ઋષિદેવ, મને પુત્રનો આટલો લાંબો વિયોગ થવાનું શું કારણ ? નારદે કહ્યું:—દેવી, તમે પૂર્વભવમાં મોરલીના ઈંડાં રમાડવા માટે હાથમાં લીધાં હતાં, તે વખતે તમારો હાથ કંકુવાળો હોવાથી તે ઈંડાં લાલચોળ (ગતાં) બની ગયાં; જેથી મોરલીએ તે ઓળખ્યાં નહિ, આખરે વરસાદ થવાથી તે ઈંડાં ધોવાયાં, જેથી મોરલીએ ઓળખ્યાં, ને સેવ્યાં. પણ તેટલામાં ૧૬ ઘડીનો સમય પસાર થયો; તેના ફળ રૂપે તમને તમારા પુત્રનો ૧૬ વર્ષનો વિયોગ થશે, એવું સીમંધર સ્વામીએ મને કહ્યું હતું, એમ કહી નારદ ઋષિ ત્યાંથી વિદાય થયા.

પ્રદ્યુમ્ન અહિંયાં ૧૬ વર્ષનો થયો, તે વખતે તેનું અથાગ રૂપ જોઈ, કનકમાળાની દષ્ટિમાં વિકાર ઉત્પન્ન થયો; અને તેણીએ પ્રદ્યુમ્ન પાસે પ્રેમસંભોગની માગણી કરી; પોતાની ઈચ્છા તૃપ્ત કરવા કનકમાળાએ તેને ગૌરી અને પ્રજ્ઞપ્તિ એ નામની બે વિદ્યાઓ શીખવી. આ વિદ્યા મળવા છતાં પણ પ્રદ્યુમ્ને અનાચારનું સેવન કર્યું નહિ અને તે બહાર જતો રહ્યો. કનકમાળાએ સ્ત્રી ચરિત્ર કરી પ્રદ્યુમ્ન સાથે લડવા પોતાના પુત્રોને ઉશ્કેર્યા. બંને વચ્ચે યુદ્ધ થયું, તેમાં પ્રદ્યુમ્ને તેના પુત્રોને હરાવી મારી નાખ્યા. તેવામાં સમય પૂરો થયો હોઈ નારદ ઋષિ ત્યાં આવી ચડયા. તેમણે પ્રદ્યુમ્નને તેની માતાનો

વિલાપ તથા કેશ આપવાની પ્રતિજ્ઞાની વાત કરી, આથી પ્રદ્યુમ્ન નારદ સાથે દ્વારિકામાં ગયો. માતાપિતાને ઘણો આનંદ થયો. કૃષ્ણે તેને ઘણી રાજ્ય કન્યાઓ પરણાવી. પ્રદ્યુમ્નને અનિરુદ્ધ વગેરે પુત્રો થયા. છેવટે તેમણે નેમ પ્રભુ પાસે દીક્ષા લીધી અને મોક્ષમાં ગયા.

## ૧૫૩ પ્રભવ સ્વામી.

ભરતક્ષેત્રમાં વિંધ્યાચળ પર્વત પાસે જયપુર નામનું નગર હતું. ત્યાંના વિંધ્ય રાજાને બે પુત્રો હતા. મ્હોટાનું નામ પ્રભવ, અને ન્હાનાનું નામ પ્રભુ. પ્રભવ મ્હોટો હોવા છતાં, કાંઈ કારણસર રાજાએ તેને રાજ્ય ન આપતાં પ્રભુને રાજ્ય સોંપ્યું, તેથી પ્રભવ અભિમાનપૂર્વક નગરની બહાર નીકળી ગયો અને વિંધ્યાચળ પર્વતની વિષમ ભૂમિમાં એક ગામ વસાવીને રહ્યો. તેણે પોતાના જેવા પાંચસો સાગ્રીતો ઉભા કર્યાં, અને તે સર્વત્ર લૂંટફાટ ચલાવવા લાગ્યો.

એવા સમયમાં જંબુકુમારનું લગન થયું, અને શ્વસુર પક્ષ તરફથી વિપુલ સંપત્તિ મળતાં આ વખતે જંબુકુમાર પાસે ૯૯ ક્રોડ સોનામ્હોરોની મિલ્કત થઈ હતી. આ વાતની પ્રભવને ખબર પડી એટલે તે પોતાના ૫૦૦ સાગ્રીત ચોરો સાથે જંબુકુમારને ઘેર આવ્યો. ત્યાં જંબુકુમારના પુણ્ય પ્રભાવે તે સ્થંભી ગયો; અને જંબુકુમારના ઉપદેશે વૈરાગ્ય પામી, તેણે દીક્ષા લીધી. દીક્ષા લઈ તેમણે આકરી તપશ્ચર્યાઓ કરવા માંડી અને તેઓ સૂત્ર સિદ્ધાન્તમાં પારંગત થયા. જંબુસ્વામીના નિર્વાણ પછી તેમની પાટ પર શ્રી પ્રભવ સ્વામી બિરાજ્યા. તેઓ ૧૦૫ વર્ષનું આયુષ્ય ભોગવી, મહાવીર પ્રભુ પછી ૭૫ વર્ષે એટલે વિક્રમ સંવત પૂર્વે ૩૯૫ માં કાળધર્મ પામી દેવલોકમાં ગયા.

## ૧૫૪ પ્રભાવતી.*

વિશાળા નગરીના ચેટક રાજાને ૭ પુત્રીઓ હતી. તેમાં એક પ્રભાવતી પણ હતી. તેને સિંધુ–સોવીર દેશના ઉદાયન રાજા વેરે પરણાવવામાં આવી હતી. તેમને અભિચિ નામે પુત્ર થયો હતો. ભ. મહાવીરની દેશના સાંભળી પ્રભાવતીને દીક્ષા લેવાની અભિલાષા થઈ અને ઉદાયન રાજા પાસે રજા માગતાં તેણે કહ્યું કે તમે દેવપદવી પામો તો મને પ્રતિબોધ આપવા આવજો. રાણીએ આ કબુલ કર્યું અને દીક્ષા લીધી. ખૂબ તપશ્ચર્યા અને અંતિમ સમયે અનશન કરી પદ્માવતી દેવલોકમાં ગઈ, એટલે આપેલાં વચન પ્રમાણે તેણે ઉદાયન રાજાને પ્રતિબોધ પમાડયો.

## ૧૫૫ પ્રભાસ ગણધર+

રાજગૃહિ નગરીમાં બલ નામના બ્રાહ્મણને અતિભદ્રા નામની પત્ની હતી, તેનાથી તેમને એક પુત્ર થયો. તે કર્કરાશી તથા પુષ્ય નક્ષત્રમાં જન્મવાથી તેનું નામ પ્રભાસ પાડયું. અનુક્રમે તે વેદાદિ સર્વ શાસ્ત્રોમાં પારંગત થયા. આ પ્રભાસ બ્રાહ્મણ ૩૦૦ શિષ્યોના

* જૈનાગમમાં પ્રભાવતી, ધારિણી વગેરે નામનાં ચરિત્રો ઘણાં આવે છે, પરંતુ તે બહુ જ ઓછી માહિતીવાળાં, અને ખાસ આપવા જેવાં ન હોઈ અત્રે આપ્યાં નથી. —સં.

+ ભ. મહાવીરને જે ૧૧ ગણધરો થયા તે સર્વ બ્રાહ્મણો હતા. તે અગીયારે સમર્થ અધ્યાપકો અપાપા નગરીમાં સોમિલના યજ્ઞમાં આવેલા, દરેકને જુદી જુદી શંકાઓ હતી, તે સઘળી ભ. મહાવીરે દૂર કરી, તેથી તે બધાઓએ પોતાના ૪૪૦૦ શિષ્યો સહિત પ્રભુ પાસે દીક્ષા લીધી હતી, અને તેઓ પોતાના જ્ઞાન, ચારિત્રના બળે પ્રભુ મહાવીરના ગણધરો (પટ્ટ શિષ્યો) થયા હતા. —સં.

અધ્યાપક હતા. તેમને ‘મોક્ષ છે કે નહિ’ એ બાબતનો સંશય હતો. તે ભગવાન મહાવીરે નિવાર્યો. એટલે તેમણે ૧૬ વર્ષની ન્હાની વયે દીક્ષા લીધી. તેઓ પ્રભુ મહાવીરના ૧૧ મા ગણધરપદે આવ્યા. ૮ વર્ષ છદ્મસ્થાવસ્થામાં રહ્યા. તે પછી ૨૫ મા વર્ષે તેમને કૈવલ્યજ્ઞાન થયું. ૧૬ વર્ષ કૈવલ્ય પ્રવર્ત્યામાં વિચર્યા, એકંદર ૪૦ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ મોક્ષમાં ગયા.

## ૧૫૬ પ્રદેશી રાજા

શ્વેતાંબિકા નામની નગરી હતી. ત્યાં પરદેશી નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજા ઘણોજ અધર્મી હતો, લાંચ રૂશ્વત લેતો, તેમજ રૈયત પાસેથી જુલ્મ કરી ખૂબ કર ઉઘરાવતો. તેને પરલોકનો લેશ માત્ર ડર ન હતો, તે કેવળ નાસ્તિક હતો. પરલોકને માનતો નહી. શુભાશુભ કર્મના ફળને પણ માનતો નહિ. જીવ હિંસાઓ કરીને, માંસ દારૂ ખાઈને, મોજશોખમાં આ પ્રદેશી રાજા પોતાનું જીવન વિતાવતો હતો. તેને સૂરિકાન્તા નામની રાણી હતી અને સૂર્યકાન્ત નામનો પુત્ર હતો, અને ચિત્ત સારથી નામે એક બુદ્ધિશાળી મંત્રી હતો. આ રાજાને કુણાલ દેશના શ્રાવસ્તિ નગરીના જીતશત્રુ રાજા સાથે સારો સંબંધ હતો. એકવાર પરદેશી રાજાએ ચિત્ત સારથી સાથે મહા મૂલ્યવાન નજરાણું જીતશત્રુ રાજાને ભેટ આપવા સારૂં મોકલાવ્યું. ચિત્તસારથી પ્રધાન કેટલાક માણસો લઈને અશ્વરથમાં બેસીને શ્રાવસ્તિ નગરીમાં ગયો. રાજા પાસે જઈને તેણે નજરાણું ભેટ મૂક્યું. જીતશત્રુ રાજા ઘણોજ સંતોષ પામ્યો. અને ચિત્ત પ્રધાનનો સત્કાર સન્માન કરીને તેને થોડોક વખત રહેવા માટે એક સુંદર મહેલ આપ્યો, જેમાં ચિત્ત સારથી આનંદપૂર્વક રહેવા લાગ્યો.

એકવાર પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય ચાર જ્ઞાન અને ચૌદ

પૂર્વના જાણનાર શ્રી કેશીસ્વામી શ્રાવસ્તિ નગરીનાં કોષ્ઠક ઉદ્યાનમાં પધાર્યા. લોકોના ટોળેટોળાં શ્રી કેશી સ્વામીને વંદન કરવા જવા લાગ્યા. આ દ્રશ્ય ચિત્ત સારથીના જોવામાં આવ્યું. માણસોને પૂછતાં જણાયું કે શ્રી કેશી સ્વામી નામના વિદ્વાન મહાત્મા પધાર્યા છે. ચિત્ત સારથી સ્નાન કરી, વસ્ત્રાલંકારો પહેરી કોષ્ટક ઉદ્યાનમાં ગયા. શ્રી કેશી સ્વામીને વંદન કર્યું. કેશી સ્વામીએ દેશના આપી, ચિત્ત સારથી પ્રતિબોધ પામ્યો, અને કેશી સ્વામીને વંદન કરી તેણે કહ્યું:–પ્રભુ, તમારો ઉપદેશ ખરેખર બુડતા જીવોને આધારભૂત છે, મ્હને તમારા ધર્મ પ્રત્યે માન અને રૂચિ ઉત્પન્ન થયાં છે. માટે હું સાધુ થઈ શકતો નથી; પરંતુ શ્રાવકના બાર વ્રત અંગીકાર કરાવો, કેશી સ્વામીએ તેને બાર વ્રત ધરાવ્યા. ચિત્ત સારથી તેમનો ઉપાસક થયો અને પછી તે સ્વસ્થાનકે ગયો.

કેટલોક વખત વીત્યા બાદ ચિત્ત સારથી શ્વેતાંબિકા નગરીમાં જવા તૈયાર થયો. અશ્વ રથ પર બેસીને માણસો સાથે તેણે પ્રયાણ કરવા માંડયું. પ્રથમ તે કેશી સ્વામીને વંદન કરવા આવ્યો, તેમને વંદન કરીને કહ્યું:–પ્રભુ, હું શ્વેતાંબિકા નગરીમાં જાઉં છું, આપ ત્યાં કૃપા કરી પધારશો. કેશી સ્વામી આ સાંભળી મૌન રહ્યા. ચિત્તે ફરીથી આમંત્રણ કર્યું. છતાં તેઓ મૌન રહ્યા. જ્યારે ત્રીજી વખત કહ્યું, ત્યારે કેશી સ્વામી બોલ્યા:–હે ચિત્ત સારથી, ભયંકર વન હોય, જેમાં વાઘ, વરૂ, સિંહ રહેતા હોય અને જીવોનો સંહાર કરતા હોય, ત્યાં પશુ પક્ષીઓ આવે ખરાં? ચિત્તે કહ્યું:–ન આવે, પ્રભુ.

કેશી—તો પછી તમારી નગરીનો રાજા અધર્મી છે, તો હું ત્યાં કેવી રીતે આવું?

ચિત્ત—પ્રભુ, આપને પ્રદેશી રાજા સાથે શું નિસ્બત છે? ત્યાં ઘણા સાર્થવાહ, શેઠ, શાહુકારો રહે છે તે બધા આપને વંદન કરવા આવશે અને આહાર પાણી વહોરાવશે.

ત્યારે કેશી સ્વામીએ કહ્યું કે સમય જોઈને તે તરફ વિહાર કરીશ. ત્યાંથી ચિત્ત સારથી શ્વેતાંબિકા નગરીમાં ગયો. પછી તે નગરીના મૃગ નામના ઉદ્યાનમાં આવ્યો અને ચિત્ત સારથીએ તે ઉદ્યાનના માળીને કહ્યું કે અહીંયા કેશી નામના સ્વામી પધારે તો તું વંદન કરી તેમનો આદર સત્કાર કરજે. પાટ, પાટલા, મકાનનું આમંત્રણ કરજે, પછી મ્હને ખબર આપજે. આટલી સૂચના આપીને ચિત્ત સારથી રાજદરબારમાં આવ્યો. શ્રાવસ્તિના રાજા તરફથી મળેલું નજરાણું તેણે પ્રદેશી રાજાને ચરણે મૂક્યું. રાજા પ્રસન્ન થયો.

કેટલોક સમય વીત્યા બાદ શ્રી કેશી સ્વામી ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા શ્વેતાંબિકા નગરીના મૃગ ઉદ્યાનમાં પધાર્યા. વનપાલકે ત્હેમને જોઈ વંદન કર્યું. પાટ, પાટલા વગેરે ચીજોનો બંદોબસ્ત કરી આપ્યો, અને ત્યાંથી નીકળી તરતજ તેણે કેશીસ્વામી પધાર્યાની ચિત્ત સારથીને ખબર આપી. ચિત્ત સારથીનું હૃદય પોતાના ધર્માચાર્યના આવાગમનના સમાચારથી આનંદથી પ્રફુલ્લિત થયું. આસન પરથી ઉભા થઈ ત્હેણે કેશી સ્વામીને ભાવપૂર્વક વંદન કર્યું: પછી વસ્ત્રાલંકારો પહેરી અશ્વરથમાં બેસી તે વાંદવા ગયો. ત્યાં કેશી સ્વામીને ભાવપૂર્વક નમસ્કાર કરીને તેણે કહ્યું:-પ્રભુ, અમારા રાજા અધર્મી છે, તો તેમને આપ ધર્મબોધ આપો તો ઘણો લાભ થશે. ત્યારે કેશી સ્વામી બોલ્યા:-હે ચિત્ત, જીવ ચાર પ્રકારે કેવળી પ્રરૂપિત ધર્મ સાંભળી શકતો નથી. (૧) આરામ અથવા ઉદ્યાનમાં રહીને સાધુ મહારાજ પાસે જઈને વંદણા નમસ્કાર ન કરે. (૨) ઉપાશ્રયમાં જઈને વંદન ન કરે, (૩) ગૌચરી અર્થે આવેલ સાધુ મુનિની સેવા ભક્તિ ન કરે, તેમને ભાવનાથી અન્નપાણી ન વહોરાવે. (૪) જ્યાં મુનિ મહારાજને દેખે ત્યાં તેમને વંદન ન કરે અને પોતાનું મ્હોં છૂપાવે. વળી ચાર પ્રકારે જીવ ધર્મને સાંભળી શકે છે.

(૧) આરામ અથવા ઉદ્યાનમાં રહેતા થકાં વંદન કરે. (૨)

ઉપાશ્રયમાં વંદણા, સેવા ભક્તિ કરે, (૩) ગોચરી વખતે સાધુમુનિની સેવા કરે, ભાત પાણી વહોરાવે. (૪) જ્યાં જ્યાં સાધુ મુનિને દેખે ત્યાં ત્યાં પ્રેમપૂર્વક વંદન કરે. હે ચિત્ત. ત્હમારા પ્રદેશી રાજા આરામમાં પડયા રહે છે. સાધુ મુનિનો સત્કાર કરતા નથી, તો હું તેમને કઈ રીતે ધર્મ બોધ આપું ? ત્યારે ચિત્ત સારથીએ કહ્યું. પ્રભુ, મારે તેમની સાથે ઘોડા જોવાને માટે ફરવા નીકળવું છે, તો તે રીતે હું તેમને આપની પાસે લાવીશ. આપ ધર્મબોધ આપજો. એટલું કહી ચિત્ત વંદન કરીને સ્વસ્થાનકે ગયો.

પ્રભાત થયું. ચિત્ત સારથીએ પ્રદેશી રાજાને કહ્યું કે કંબોજ દેશથી જે ચાર ઘોડા આવ્યા છે, તે ઘોડાઓ ચાલવામાં કેવા છે તે જોવા સારૂ પધારો. આપણે બંને જઈએ. પ્રદેશી રાજા તે સાંભળી તૈયાર થયો. રાજા અને ચિત્ત એક રથમાં બેસી તે ઘોડાઓ તે રથને જોડી ફરવા માટે ચાલી નીકળ્યા. ઘોડાઓ પાણીદાર હતા તેથી લગામ મુકતાની સાથે પૂરપાટ દોડવા લાગ્યા અને થોડાક વખતમાં તો હજારો ગાઉ નીકળી ગયા. રાજાને ભૂખ, તરસ અને થાક લાગવાથી રથને પાછો ફેરવવા ચિત્તને કહ્યું. ચિત્તસારથીએ રથને પાછો ફેરવ્યો, અને જ્યાં મૃગવન નામનું ઉદ્યાન હતું. અને જેમાં શ્રી કેશી સ્વામી ઉતરેલા, ત્યાં રથને લાવ્યા. ઘોડાઓ ત્યાં છૂટા કર્યા અને બંને જણા એક વૃક્ષની નીચે વિસામો લેવા બેઠા. અહિંયા કેશી સ્વામી બુલંદ અવાજથી લોકોને ધર્મોપદેશ આપી રહ્યા હતા. અવાજ સાંભળી પરદેશી રાજા મનમાં વિચારવા લાગ્યો કે આ જડ જેવો લાગે છે. તેમજ તેને સાંભળનારા લોકો પણ જડ છે, કે જેઓ માત્ર જડની જ ઉપાસના કરે છે. વળી આ ભાષણ કરનારા માણસે મારા બાગની કેટલી બધી જમીન રોકી છે. પણ આ માણસ દેખાવમાં ઘણોજ કાંતિવાળો જણાય છે, એમ ધારી તે માણસને ઓળખવા માટે રાજાએ ચિત્ત પ્રધાનને પૂછયું. ચિત્તે કહ્યું,

કે મહારાજા ! આ તો એક મહાન પુરૂષ છે, વળી તે અવધિજ્ઞાની છે અને જીવ શરીરને જુદાં માને છે. આ સાંભળી રાજાને તેની પાસે જવાનો ભાવ થયો. ચિત્ત અને પરદેશી શ્રી કેશી સ્વામી પાસે આવ્યા. પરદેશી રાજાએ સામે ઉભા રહીને કેશી સ્વામીને પૂછ્યું:–

'શું તમે અવધિજ્ઞાની છો ? અને શરીર તથા જીવને જુદા જુદા માનો છો ?

કેશી—હે પ્રદેશી રાજા, કોઈ વેપારી દાણની ચોરી કરે તેની માફક તું વિનય ભક્તિ કર્યા વગર પ્રશ્ન પૂછે છે તે ઉચિત નથી. હે રાજા, મને દેખી તને એવો વિચાર થયો હતો કે આ જડ માણસ છે અને સાંભળનારા પણ જડ છે. તેમજ આ મારો બગીચો રોકીને બેઠો છે ?

પ્રદેશી—હા, સત્ય છે. આપની પાસે એવું કયું જ્ઞાન છે કે જેથી આપે મારા મનનો ભાવ જાણ્યો ?

કેશી—અમારા જેવા સાધુને પાંચ જ્ઞાન હોય છે, પણ મને ચાર જ્ઞાન છે. તેથી તમારા મનનો ભાવ મેં જાણ્યો. પાંચમું કેવળ-જ્ઞાન શ્રી અરિહંત ભગવાનને હોય.

પ્રદેશી—ભગવાન, હું અહિં બેસું ?

કેશી—આ તમારી ઉદ્યાન ભૂમિ છે. તેથી તમે જાણો.

પ્રદેશી—તમારી પાસે એવું પ્રમાણ છે કે જેથી તમે જીવ અને શરીર જુદા માનો છો ?

કેશી—હા, મારી પાસે પ્રમાણ છે.

પ્રદેશી—મારા દાદા હતા. તે મારા પર બહૂજ પ્રીતિ રાખતા. તે ઘણાજ અધર્મી અને માંસાહારી હતા, તેથી તમારા કહેવા

પ્રમાણે તે નારકીમાં હશે. તો મને આવીને તે એમ કેમ નથી કહેતા કે તું અધર્મ કરીશ નહિ. નહિતો નારકીમાં જઈશ. જો તે આવીને મને કહે, તો હું જીવ શરીર જુદા માનું.

કેશી—હે રાજન્, તારી સૂરિકાન્તા નામની રાણી કોઈ બીજા પુરુષ સાથે કામભોગ સેવે તો તું શું કરે?

પ્રદેશી—હું તે પુરૂષના હાથ પગ કાપી તેને શૂળી પર ચઢાવી દઉં.

કેશી—જો તે પુરૂષ તને કહે કે મને થોડોક વખત જીવતો રાખો, હું મારા સગા સંબંધીઓને કહી આવું કે વ્યભિચાર કોઈ કરશો નહિ. નહિતો મારા જેવી દુર્દશા થશે. તો હે રાજન્, તું તેને થોડાક વખત માટે પણ છૂટો કરે ખરો?

પ્રદેશી—જરા પણ નહિ.

કેશી—તારા દાદા અહિં આવવાની ઇચ્છા કરે છે, પણ પરમાધામી લોકો તેને ખૂબ માર મારે છે, એક ક્ષણ પણ તેને છૂટો કરતા નથી, તો તે અહિં કેવી રીતે આવે?

પ્રદેશી—ભગવાન્! તમે કહો છો કે નરકમાંથી આવી શકે નહિ, તો મારી દાદી ઘણીજ ધર્મિષ્ટ હતી. તે દેવલોકમાંથી આવીને મને ધર્મ કરવાનું કેમ કહેતી નથી?

કેશી—હે રાજન્! તમે સ્નાન કરી, સ્વચ્છ વસ્ત્ર પહેરી, દેવમંદિરમાં જતા હો, તે વખતે કોઈ માણસ પાયખાનામાં ઉભો રહીને તમને ત્યાં બોલાવી બેસવાનું કહે તો જાવ ખરા?

પ્રદેશી—નહિ, સાહેબ. તે તો અશૂચિ સ્થાનક છે તેથી હું ત્યાં જાઉં જ નહિ.

કેશી—તેવી રીતે તારી દાદી મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા કરે

છે, પણ તે દેવની રિદ્ધિ સિદ્ધિમાં મૂર્છા પામવાથી આ દુર્ગંધ વાળા મનુષ્યલોકમાં આવી શકતી નથી; માટે શરીર અને જીવ જુદા છે એમ જરૂર માન.

પ્રદેશી—એકવાર મારો કોટવાળ એક ચોરને પકડી લાવ્યો. મેં તેને લોઢાની કુંભીમાં ઘાલ્યો, અને સજ્જડ ઢાંકણું વાસી દીધું. કેટલાક વખત પછી મેં જોયું તો ચોર મરી ગયો હતો અને તે કુંભીને કયાંઈ છિદ્ર ન હતું, તો કયે રસ્તેથી જીવ બહાર નીકળી ગયો ?

કેશી—એક દાનશાળા હોય, તેને બારી બારણા હોય નહિ, તેમજ કયાંઇ છિદ્ર હોય નહિ. તેમાં પેસીને એક માણસ ભેરી વગાડે તો બહાર સંભળાય કે નહિ ?

પ્રદેશી—હા, તેનો અવાજ બહાર સંભળાય.

કેશી—તેવી રીતે જીવની ગતિ છે. પૃથ્વીશીલા પર્વતને ભેદીને જેમ બહાર નીકળી જાય છે. તેજ પ્રમાણે શરીર અને જીવ જુદાં છે.

પ્રદેશી—એકવાર મારો કોટવાળ ચોરને પકડી લાવ્યો. મેં તેનું વજન કર્યું. પછી મેં ચોરને મારી નાખ્યો, અને વજન કર્યું તો પહેલા અને પછીના વજનમાં કંઈજ ફેર ન પડયો, તેથી મને લાગે છે કે શરીર અને જીવ જુદાં નથી.

કેશી—ચામડાની ખાલી મશક હોય, તેમાં પવન ભરવામાં આવે તો વજનમાં કંઈ ફેર લાગે છે? જો ન લાગે તો માન કે શરીર અને જીવ જુદાં છે.

પ્રદેશી—એકવાર મેં એક ચોરને મારી તેના બે કકડા કર્યાં. પણ જીવ જોવામાં આવ્યો નહિ, પછી ત્રણ કકડા કર્યાં, પછી ચાર એમ અનેક કકડા કર્યાં, છતાં કયાંય મને જીવ દેખાયો નહિ. તેથી હું માનું છું કે શરીર અને જીવ જુદાં નથી.

કેશી—એક વાર એક પુરુષે રાંધવા માટે લાકડાં સળગાવ્યાં. પછી તે કામસર ક્યાંય ગયો, ત્યારબાદ આવીને જોયું તો લાકડાં બુઝાઈ ગયેલાં, તેણે લાકડાંને ફેરવીને ચોતરફ જોયું, પણ ક્યાંઈ અગ્નિ દેખાયો નહિ. માટે હે રાજા, તું મુંઢ ન થા, અને સમજ કે શરીર અને જીવ જુદાં છે.

પ્રદેશી—મહારાજ! ક્ષત્રિય, ગાથાપતિ, બ્રાહ્મણ અને ઋષિ એ ચાર પ્રકારની પરિષદ્‌માં તમે મને મુંઢ કહીને મ્હારૂં અપમાન ન કરો.

કેશી—હે પ્રદેશી, તમે જાણો છો, છતાં મારી સાથે વક્રતાથી (આડાઇથી) કેમ વર્તો છો?

પ્રદેશી—મહારાજ, મેં પ્રથમથી જ વિચાર કરેલો કે હું વક્રતાથી વર્તીશ તેમ તેમ મને જ્ઞાનનો લાભ મળશે.

કેશી—રાજન્, વ્યવહાર કેટલા પ્રકારનો છે તે તમે જાણો છો?

પ્રદેશી—હા, ચાર પ્રકારનો (૧) માગનારને આપે પણ વચનથી સંતોષે નહિ. (૨) વચનથી સંતોષ પમાડે, પણ કંઈ આપે નહિ. (૩) આપે અને સંતોષ પમાડે, (૪) આપે નહિ અને સંતોષ પણ પમાડે નહિ. તેમાં આપે અને સંતોષે તે ઉત્તમ અને છેલ્લો કનિષ્ટ છે.

પ્રદેશી—પ્રભુ, હાથી અને કંથવાનો જીવ પણ સરખો હશે?

કેશી—હા, રાજન્, જેમ એક મકાનમાં દીવો મૂકી મકાન બંધ કરે તો તેનો પ્રકાશ બહાર નહિ આવતાં તે મકાનમાં જ રહે. વળી તે દીવા ઉપર ટોપલો ઢાંકી દે તો તે ટોપલા જેટલી જ જગ્યામાં પ્રકાશ આપે, તેવી રીતે જીવ કર્મોદયથી જે શરીરનો બંધ કરે, તેટલામાં જ અવગ્રાહીને રહે.

આ સાંભળી પ્રદેશી રાજા ધર્મ પામ્યો. કેશી સ્વામી પાસેથી તેણે બારવ્રત ધારણ કર્યાં. તેણે પોતાના રાજ્યનો ચોથો ભાગ પરમાર્થ માટે કાઢયો, દાનશાળા બંધાવી, પોતાના રાજ્યને રામરાજ્ય બનાવી દીધું અને વ્રત નિયમ સામાયક પૌષધ વગેરે શ્રાવકની ક્રિયાઓ કરતો પરદેશી રાજા આત્મભાવના ભાવવા લાગ્યો. કેશીસ્વામી પરદેશી રાજાને સદાય રમણિક રહેવાનો બોધ આપી વિહાર કરી ગયા.

પ્રદેશી રાજા સતત ધર્મ ધ્યાનમાં મગ્ન રહે છે. રાજ્ય પોતાના પુત્રને સોંપ્યું છે. તેની રાણી સૂરિકાન્તા રાજાના આ કૃત્યથી ઈર્ષા પામી. રાજા આખો દહાડો પૌષધશાળામાં રહી ધ્યાન ધરે તે તેને ગમ્યું નહિ. તેથી સૂરિકાન્તાએ રાજાને મારી નાખવાનો વિચાર કર્યો. એક વાર પ્રદેશી રાજા આનંદમાં હતા, તે વખતે રાણીએ ભાત-ભાતની સ્વાદિષ્ટ રસોઈ બનાવી. તેમાં ઝેર ભેળવ્યું અને રાજાને તે રસોઈ જમાડી. (ગ્રંથાધારે) ઝેરથી રાજાને શરીરમાં ખૂબ વેદના ઉત્પન્ન થઈ. રાજા જાણી ગયો કે આ કૃત્ય મારી રાણીએ કર્યું છે. છતાં એક રોમમાં પણ તેણે રાણીનું દુષ્ટ ચિંતવ્યું નહિ. ઝેરના પ્રસરવાથી ખૂબ વેદના પામી આત્મ ચિંતવન કરતાં, સર્વ વર્ગની ક્ષમાપના લઈ સમાધિપૂર્વક પરદેશી રાજા મૃત્યુ પામ્યા અને સૌધર્મ દેવલોકમાં સૂર્યાભ નામે મહા ઋદ્ધિવંત દેવ થયા. ધન્ય છે પ્રદેશી રાજાને, કે જે નાસ્તિક છતાં કેશી સ્વામી જેવા મહાપુરૂષના સમાગમથી આત્મકલ્યાણ પામ્યા.

## ૧૫૭ પ્રસન્નચંદ્ર રાજર્ષિ.

તેઓ પોતનપુર નગરીના રાજા હતા. પ્રભુ મહાવીરની દેશના સાંભળી, પોતાના બાળપુત્રને ગાદીએ બેસાડી તેમણે દીક્ષા લીધી; અને ભ. મહાવીર પાસે સૂત્રનો સારો અભ્યાસ કર્યો. તેઓ ફરતા ફરતા પ્રભુ સાથે રાજગૃહ નગરમાં આવ્યા; અને એક સ્થળે ધ્યાનસ્થ

રહ્યા. તેવામાં શ્રેણિક મહારાજા પોતાના સુમુખ અને દુર્મુખ નામના બે સૈનિકો સાથે પ્રભુના દર્શને જવા નીકળ્યા. ત્યાં રસ્તામાં ધ્યાનસ્થ પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોઈ દુર્મુખ બોલ્યો:—અરે સુમુખ, જો તો ખરો કે આ ધ્યાનમાં બેઠેલા મુનિને તેના બાળપુત્રની જરાયે દયા નથી, દુશ્મનો તેની નગરી પર ચડી આવ્યા છે, અને તેઓ તેના બાળપુત્રનું રાજ્ય લઈ લેશે, તેમજ તેની પત્ની પણ કયાંઈ ચાલી ગઈ છે. સૈનિકના આ શબ્દો પ્રસન્નચંદ્રે સાંભળ્યા કે તરત જ તેનું ધ્યાન ભંગ થયું. મુનિ આર્તધ્યાન ધરવા લાગ્યા. આ વખતે શ્રેણિકે પ્રભુ મહાવીરને પૂછયું:—ભગવાન, આ વખતે પેલા ધ્યાનસ્થ મુનિ કાળધર્મ પામે તો કઈ ગતિમાં જાય ? પ્રભુ બોલ્યા:—"સાતમી નરકે." શ્રેણિક આ સાંભળી આશ્ચર્યાન્વિત બન્યા, તેણે વિચાર્યું કે સાધુની સાતમી નરક હોય નહિ, માટે મારા સાંભળવામાં ભૂલ થઈ હશે, એમ વિચારી પુનઃ શ્રેણિકે પૂછયું: પ્રભુ, કઈ ગતિ ? ભગવાને કહ્યું:–અત્યારે તેઓ કાળધર્મ પામે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય. શ્રેણિકને આ ભેદની ખબર પડી નહિ. તેણે ભગવાનને તેનું કારણ પૂછયું. ભગવાને કહ્યું: હે શ્રેણિક, ત્હારા દુર્મુખ સૈનિકે જ્યારે કહ્યું કે આ મુનિના સાંસારિક બાળપુત્ર પર દુશ્મનો ચડી આવ્યા છે, ત્યારે પ્રસન્નચંદ્ર રાજર્ષિ આર્તધ્યાન ધરવા લાગ્યા, અને મનના પ્રણામો વડે હથિયારો બનાવી દુશ્મનો પર ફેંકવા લાગ્યા. આથી તેઓ સાતમી નરકના અધિકારી થયા, પણ જ્યારે પોતાના માનસિક કલ્પનાના હથિયારો ખૂટી ગયા ત્યારે તેઓ પૂર્ણ ક્રોધાયમાન થઇને પોતાનાં માથા પરનો લોખંડી મુગટ શત્રુઓ પર ફેંકી તેમનો નાશ કરવાનું ઇચ્છયું, તે વખતે જેવોજ તેમણે માથા પર પોતાનો હાથ મૂકયો, કે તરત જ તેમનું મસ્તક લોચ કરેલું જાણી, તેમને મુનિપણાનું ભાન આવ્યું. તેઓ મુનિપણામાં કલ્પેલી દુર્ભાવનાનો ત્યાગ કરી શુકલ લેશ્યામાં અત્યારે પ્રવૃત્ત થયા છે તેથી તેઓ જો આ વખતે કાળધર્મ પામે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય. આમ વાત કરે છે,

ત્યાં તો પ્રસન્નચંદ્ર મુનિને કૈવલ્યજ્ઞાન થયું; તેનો ઉત્સવ ઉજવવા દેવતાઓ જતા હતા, વાજિંત્રો સાંભળી શ્રેણિકે પૂછયું: પ્રભુ,આ શું ? પ્રભુએ કહ્યું: પ્રસન્નચંદ્ર મુનિને કૈવલ્યજ્ઞાન થયું તેનો દેવતાઓ ઉત્સવ કરે છે. આ સાંભળી શ્રેણિકરાજા પ્રસન્ન થયા, અને પ્રભુને નમસ્કાર કરી સ્વસ્થાનકે ગયા. જૈનાગમનું રહસ્ય ભાવનાના બળ પર અવલંબેલું છે તે આ વાત પરથી સમજાશે.

## ૧૫૮ પાર્શ્વનાથ.

વારાણસી નગરીના અશ્વસેન રાજાને વામાદેવી નામની પટરાણી હતી. તે રાણીએ એકવાર ચૈત્ર વદિ ચોથની રાત્રિએ સુખશય્યામાં સૂતા થકા, ચૌદ સ્વપ્ન જોયાં. સ્વપ્નપાઠકોએ સ્વપ્નો જાણી રાજા રાણીને કહ્યું કે તમારે ત્યાં મહાન તીર્થંકરનો જન્મ થશે. આ સાંભળી રાજા રાણીને અત્યંત હર્ષ થયો. રાણી સુખપૂર્વક ગર્ભનું પાલન કરવા લાગી. સવા નવ માસે પોશ વદિ ૧૦ ના રોજ ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનો જન્મ થયો. ઇંદ્રોએ આવી તેમનો જન્મોત્સવ ઉજવ્યો. પિતાએ સંબંધીજનોને આદરપૂર્વક જમાડી, વામાદેવીએ કૃષ્ણપક્ષની એક રાત્રિએ સ્વપ્નામાં પસાર થતાં સર્પને જોવાથી પુત્રનું નામ પાર્શ્વનાથ પાડયું. બાલ્યકાળ વીતાવી પાર્શ્વનાથ યુવાવસ્થા પામ્યા, ત્યારે તેમને કુશસ્થળ નગરના પ્રસન્નજિત રાજાએ પોતાની પ્રભાવતી નામે પુત્રી પરણાવી. પાર્શ્વકુમાર પ્રભાવતી સાથે મનુષ્ય સંબંધીના સુખભોગ ભોગવવા લાગ્યા. એકવાર પાર્શ્વકુમારે ગોખમાં બેઠા બેઠા કેટલાક લોકોને ફૂલ વગેરેની છાબડીઓ લઇને હર્ષભેર શહેર બહાર જતા જોયાં. સેવક પુરુષને પૂછતાં તેમણે જાણ્યું કે કમઠ નામનો એક તાપસ આવ્યો છે, તેની પૂજા કરવા માટે લોકો જાય છે. આથી પાર્શ્વકુમાર ત્યાં ગયા. કમઠ ત્યાં પંચાગ્નિ વડે તપશ્ચર્યા કરે છે; તે સ્થળે જેને મતિ, શ્રુત અને અવધિજ્ઞાન થયેલું છે એવા શ્રી પાર્શ્વકુમારે અગ્નિમાં નાખેલાં પોલા લાકડામાં સર્પને જોયો. આથી તેમણે પેલા તાપસને કહ્યું:—મહાત્મન્, તમે તપશ્ચર્યા

કરો છો, પણ તેમાં જીવની હિંસા થાય છે, એનો આપને ખ્યાલ છે ? એમ કહી પાર્શ્વકુમારે પોતાના સેવક પાસે સર્પવાળું પોલું લાકડું લોકોના દેખતાં બહાર કઢાવ્યું અને ધીરેથી તે ચીરાવ્યું, તો અર્ધ દાઝેલો એવો એક સર્પ તેમાંથી નીકળ્યો. પાર્શ્વકુમારે તેને નવકારમંત્ર સંભળાવ્યો, જેને પ્રભાવે તે સર્પ સદ્‌ભાવનાએ મૃત્યુ પામીને ધરણેન્દ્ર નામે દેવ થયો. લોકોએ ત્યાં તાપસની નિંદા કરી. હડધુત થયેલા તાપસે અન્ય સ્થળે જઇને ઘોર તપશ્ચર્યા કરવા માંડી. યથા સમયે તે મૃત્યુ પામીને અજ્ઞાન કષ્ટસહનને કારણે ભુવનપતિ દેવલોકમાં મેઘમાળી નામનો દેવ થયો.

પાર્શ્વકુમાર ઘેર આવ્યા. પોતાને ભોગાવલી કર્મ પુરું થયું જાણી તેમણે દીક્ષા લેવાનો વિચાર કર્યો. તે વખતે અવસર જાણી લોકાંતિક દેવોએ આવી તેમને પ્રાર્થના કરી કે હે સ્વામી, તીર્થ પ્રવર્તાવો. જૈન માર્ગનો ઉદ્ધાર કરો. આથી પાર્શ્વનાથે વાર્ષિક દાન આપવું શરૂ કર્યું. ત્યારબાદ તેઓ દીક્ષિત બની ચાલી નીકળ્યા. તેમની સાથે બીજા ૩૦૦ રાજાઓએ પણ દીક્ષા લીધી. પાર્શ્વપ્રભુએ ૩૦ વર્ષ પૂરા થતાં સંયમ ગ્રહણ કર્યો. તેજ વખતે તેમને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું.

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં પાર્શ્વપ્રભુ એકવાર એક તાપસના આશ્રમ પાસે આવ્યા અને ત્યાં કાયોત્સર્ગ ધ્યાને ઉભા. આ વખતે પેલા મેઘમાળી દેવે પ્રભુને ધ્યાનમાં ઉભેલા જોયા. તરત જ તેને પોતાનું પૂર્વ ભવનું વૈર યાદ આવ્યું, એટલે તેણે ભગવાનને ઉપસર્ગ આપવા માટે હાથીઓ તથા સિંહો વગેરેના અનેક રૂપો ધરી ઉપદ્રવ કરવા લાગ્યો. પણ ભગવાન પોતાના ધ્યાનથી લેશ પણ ચલિત ન થયા. એટલે તેણે આકાશમાં વિજળીઓ તથા ગર્જનાઓ સાથે મુશળધાર મેઘની વૃષ્ટિ કરી. જોતજોતામાં મેઘના અસ્ખલિત પ્રવાહે પ્રભુના કાન સુધી પાણી આવી ગયું; છતાં પ્રભુ ડગ્યા નહિ. જ્યારે તે પાણી નાકના અગ્રભાગ ઉપર પહોંચ્યું, ત્યારે ધરણેન્દ્ર દેવનું આસન ચળ્યું. તેણે અવધિજ્ઞાનથી જોતાં જાણ્યું કે કમઠ તાપસનો જીવ મેઘમાળી

પ્રભુને ઉપદ્રવ કરે છે, આથી શીઘ્ર તે ત્યાં આવ્યો. પ્રભુને વંદન કરીને તે ધરણેન્દ્ર દેવે પ્રભુના ચરણ નીચે કેવળીના આસન જેવું એક સુવર્ણ કમળ બનાવ્યું. અને પોતાના સર્પવત્ શરીરથી પ્રભુની પીઠ તથા પડખાને ઢાંકી દઈ સાત ફણા વડે પ્રભુના માથે છત્ર ધર્યું. પાસે ધરણેન્દ્રની સ્ત્રીઓ ગીત નૃત્ય કરવા લાગી. ત્યારબાદ તે દેવે મેઘમાળીને ઠપકો આપ્યો. મેઘમાળીએ પોતાની ભૂલ કબુલીને ઉપસર્ગને હરી લીધો. અપકારી ઉપર ઉપકાર કરીને અનેક જીવોને તેઓના પૂર્વ ભવો કહી સંભળાવીને પ્રભુએ તાર્યા; અને પોતે કર્મદળનો ક્ષય કરી કૈવલ્યજ્ઞાન પામ્યા.

દીક્ષા લીધા પછી ૮૪ દિવસે પ્રભુને ચૈત્ર વદિ ૧૪ ના રોજ કેવલજ્ઞાન થયું. તેમને આર્યદત્ત વગેરે ૧૦ ગણધરો થયા. પાર્શ્વપ્રભુના શાસન પરિવારમાં ૧૬૦૦૦ સાધુઓ, ૩૮૦૦૦ સાધ્વીઓ, ૧ લાખ ૬૪ હજાર શ્રાવકો અને ૩ લાખ ૭૭ હજાર શ્રાવિકાઓ હતાં. ૭૦ વર્ષનું ચારિત્ર પાળી, એકંદર ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી પ્રભુ શ્રાવણ શુદિ આઠમે મોક્ષ પધાર્યા.

પાર્શ્વપ્રભુના માતા, પિતા અને સ્ત્રી પ્રભાવતીએ પણ દીક્ષા લીધી હતી, અને તેઓ પણ મોક્ષમાં ગયા.

## ૧૫૯ પ્રિયદર્શના.

તે પ્રભુ મહાવીરની પુત્રી હતી. તેને જમાલી વેરે પરણાવવામાં આવી હતી. પ્રિયદર્શનાએ પ્રભુના ઉપદેશથી પોતાના સ્વામી સાથે એક હજાર સ્ત્રીઓ સહિત દીક્ષા લીધી હતી, અને તેઓ ચંદનબાળા સાથે વિચરતા હતા. એકદા જમાલીની શ્રદ્ધા ફરી. તે માનવા લાગ્યો કે "કાર્ય કરવા માંડયું ત્યાંથી કર્યું કહેવાય નહિ" પ્રિયદર્શના પણ તેમના પૂર્વ પતિના આ મતમાં ભળી ગયા. ફરતા ફરતા તેઓ શ્રાવસ્તિ નગરીમાં ઢંક નામના કુંભારની શાળામાં ઉતર્યા. ઢંક વીરપ્રભુનો ભક્ત હતો. તેણે પ્રિયદર્શનાને ઠેકાણે લાવવા તે ન જાણે તેમ તેમના પર એક અગ્નિનો તણખો નાખ્યો, આથી પ્રિયદર્શના

સાધ્વીનું વસ્ત્ર બળવા લાગ્યું. એટલે તેમણે ઢંકને કહ્યું કે તમારા પ્રમાદથી મારૂં વસ્ત્ર બળ્યું. ઢંકે કહ્યું: મહાસતીજી, તમે મૃષા બોલો છો. તમારા મત પ્રમાણે તો આખું વસ્ત્ર બળ્યા પછીજ વસ્ત્ર બળ્યું કહેવાય. 'બળવા માંડયું ત્યાંથી બળ્યું' એવો તો પ્રભુ મહાવીરનો મત છે. આથી પ્રિયદર્શનાએ પોતાની ભૂલ જોઈ અને પ્રભુ પાસે પ્રાયશ્ચિત લીધું.

## ૧૬૦ પુંડરિક, કુંડરિક.

પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરીકિની નામની રાજધાની હતી. ત્યાં મહાપદ્મ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પદ્માવતી નામે રાણી હતી, તેનાથી તેને બે પુત્રો થયા. ૧ પુંડરીક, ૨ કુંડરીક. તે સમયે ધર્મઘોષ નામના સ્થવીર તે નગરીના નલિનીવન ઉદ્યાનમાં પધાર્યા. પદ્મરાજા વંદન કરવા આવ્યા. મુનિએ ધર્મ બોધ આપ્યો. રાજા વૈરાગ્ય પામ્યો અને પુંડરીકને રાજા અને કુંડરીકને યુવરાજ પદે સ્થાપી તે દીક્ષિત થયો. પુનઃ ધર્મઘોષ સ્થવીર ફરતા ફરતા તે નગરીમાં પધાર્યા. પુંડરીક અને કુંડરીક વાંદવા ગયા. ધર્મબોધ સાંભળી પુંડરીક શ્રાવક થયો અને કુંડરીકે દીક્ષા લીધી. નિઃરસ આહાર કરવાથી કુંડરીકને એકવાર શરીરમાં દાહજ્વર થયો. જેથી મહા વેદના થઈ. અનુક્રમે શરીર ક્ષીણ થયું. કેટલેક કાળે ફરીથી સ્થવીર ભગવાન કુંડરીક સાથે તે નગરીમાં પધાર્યા. પુંડરીક વંદન કરવા આવ્યો. પોતાના ભાઈની વ્યાધિમય સ્થિતિ જોવાથી પોતાની દાનશાળામાં યોગ્ય ઔષધથી ઉપચારો કરવાનું તેણે સ્થવીરને જણાવ્યું. સ્થવીર ભગવાને રજા આપી. કુંડરીક પોતાના સંસારી ભાઈની દાનશાળામાં ગયા. અનેક પ્રકારની વિશુદ્ધ દવાઓથી શરીર સારૂં થઈ ગયું. પછી કુંડરીક ભાતભાતના સ્વાદિષ્ટ ભોજન જમવા લાગ્યા. પરિણામે સંયમમાં સ્થિર ન રહેતાં તેઓ શિથિલાચારી બની ગયા, તેમજ દીક્ષા છોડીને સંસારમાં પ્રવેશવાના સંકલ્પો કરવા લાગ્યા. એકદા તેઓ પુંડરીકિની નગરીના રાજમહેલ પાછળના

અશોક ઉદ્યાનમાં આવી આર્તધ્યાન ધરતા બેઠા છે, તેની પુંડરિકને ખબર પડી, તેથી તેઓ અંતઃપુર સહિત કુંડરિક પાસે આવ્યા અને બોલ્યા. અહો મહદ્‌ભાગી મુનિ, આપને ધન્ય છે કે આપ દીક્ષા લઈને આત્મકલ્યાણ કરો છો, હું તો અભાગ્યવાન્ છું, પાપી છું કે મારાથી દીક્ષા લઈ શકાતી નથી. ઉપરના કથનને કુંડરિકે આદર ન આપ્યો અને વિચારમગ્ન દશામાં રહ્યા. પુંડરિકે મનોભાવ જાણવા પુનઃ પ્રશ્ન કર્યો:—ત્યારે શું આપ ભોગોની ઈચ્છા રાખો છો? કુંડરિકે જવાબ આપ્યો:–હા, મારે ભોગોની ઈચ્છા છે.

પુંડરિકે તરત કૌટુંબિક પુરૂષોને બોલાવી કુંડરિકનો રાજ્યાભિષેક કરાવ્યો અને તેમને રાજ્યાસને બેસાડયા; તે પછી પુંડરિકે પોતાનો પંચમુષ્ટિ લોચ કર્યો અને સ્વયંમેવ દીક્ષા લીધી. અને જ્યાં સુધી ધર્મઘોષ સ્થવીર ભગવાનના દર્શન ન થાય ત્યાં સુધી આહાર નહિ લેવાનો નિયમ કરી તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા.

આ તરફ કુંડરિક રાજાને, કામોત્પાદક વસ્તુઓનો આહાર કરવાથી એકદમ તે વસ્તુ પચી નહિ. પરિણામે ઉગ્ર વેદના ઉત્પન્ન થઈ. ખૂબ પીડા પામીને ભયંકર વ્યાધિમાં તે મૃત્યુને શરણ થયો, અને મરીને તે સાતમી નરકમાં ગયો.

પુંડરિક સ્થવીર ભગવાનને મળ્યા, વંદન કર્યું, અને તેમની સાથે તપસંયમમાં વિચરવા લાગ્યા. અરસ નિઃરસ આહાર પુંડરિકને પણ પચ્યો નહિ. તેથી તેના શરીરમાં અતુલ વેદના ઉત્પન્ન થઈ અને શરીર નિર્બળ થવા લાગ્યું. તેથી તેમણે પંચ પરમેષ્ટિનું સ્મરણ કરી, ધર્માચાર્યને વંદન કરી સંલેખના કરી. પરિણામે કાળને અવસરે કાળ કરીને તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તેઓ મોક્ષમાં જશે.

ન્યાય—કુંડરીકની માફક કોઇ સાધુ સાધ્વીજી દીક્ષા લઇને કામ ભોગમાં મૂર્છિત બનશે તો આલોક પરલોકમાં દુઃખી થશે અને કામભોગમાં પુંડરીકની માફક મૂર્છિત નહિ બને તો ચારે તીર્થમાં સત્કાર સન્માન પામી સંસાર સાગર તરી પાર પામશે.

## ૧૬૧ પુરુષોત્તમ.

દ્વારિકા નગરીમાં સોમ નામે રાજા હતા, તેમને સીતાદેવી નામે રાણી હતી. તેમનાથી પુરુષોત્તમ નામના ચોથા વાસુદેવનો જન્મ થયો. તેઓ મધુ નામના પ્રતિવાસુદેવને મારી ગાદીએ બેઠા અને વાસુદેવ કહેવાયા. અનંતનાથ પ્રભુના સમયમાં ૩૦ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ મૃત્યુ પામ્યા અને છઠી નરકે ગયા.

## ૧૬૨ પુરુષ પુંડરિક.

ચક્રપુરી નામની નગરીમાં મહાશિર રાજાની લક્ષ્મીવતી રાણીના એ પુત્ર હતા. યુવાન વય થતાં તેમણે બલિ નામના પ્રતિવાસુદેવને માર્યો અને ૬ ઠા વાસુદેવ તરીકે નામાંકિત થયા. ૬૫ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી અરનાથ અને મલ્લિનાથ પ્રભુના આંતરામાં મૃત્યુ પામીને તેઓ છઠી નરકે ગયા.

## ૧૬૩ પુરુષસિંહ.

એ અશ્વપુર નગરના શિવરાજ નામના રાજાની અમૃતદેવી નામક રાણીના પુત્ર હતા. નિષ્કુંભ નામના પ્રતિવાસુદેવને મારી પાંચમા વાસુદેવ તરીકે તે પ્રસિદ્ધ થયા. ધર્મનાથ પ્રભુના સમયમાં ૧૦ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, મૃત્યુ પામી તેઓ ૬ ઠી નરકમાં ગયા.

## ૧૬૪ બળભદ્ર.

શ્રી નેમનાથ પ્રભુના સમયમાં દ્વારિકા નગરીના રાજા શ્રી કૃષ્ણ વાસુદેવના મોટા ભાઈ બળભદ્ર નામે નવમા બળદેવ હતા. તેમના પિતાનું નામ વસુદેવ, અને માતાનું નામ રોહિણી. કૃષ્ણ અને બળભદ્રને અત્યંત સ્નેહ હતો. (વાસુદેવ અને બળદેવ જેવી પ્રીતિ બીજા કોઈને હોય નહિ) જ્યારે દ્વારિકા નગરી બળી, અને કૃષ્ણ તથા બળદેવ તે અગ્નિ શમાવવા અસમર્થ બન્યા ત્યારે તેઓ પોતાના માતાપિતાને રથમાં બેસાડી, અશ્વને બદલે પોતે રથને ખેંચી, ત્વરાએ બહાર નીકળતા હતા, તે વખતે નગરીનો દરવાજો તૂટી પડવાથી તેમના માતાપિતા ચગદાઈને મરણ પામ્યા અને બંને ભાઈઓ જલ્દીથી નાસી છૂટી વનમાં આવ્યા. ત્યાં શ્રી કૃષ્ણનું મૃત્યુ થયું. બળદેવ પોતાના ભાઈના શબ (મૃતક) પર આંસુ સારતા સ્થિરવત્ બેસી રહ્યા. તે વખતે તેમને બોધ આપવા દેવતાઓ ત્યાં એક ઘાણી ઉભી કરી તેમાં રેતી પીલવા લાગ્યા. આથી બળભદ્રે તેમને કહ્યું કે વૃથા મહેનત કેમ કરો છો? શું આ રીતે રેતી પીલવાથી તેલ નીકળે તેમ છે? ત્યારે તે દેવોએ કહ્યું કે આમ ભાઈના શબ પર દિવસોના દિવસો સુધી આંસુ પાડી બેસી રહેવાથી શું તે જીવતો થાય તેમ છે? આથી બળદેવ સમજ્યા અને તેમણે શ્રી કૃષ્ણની અંતઃક્રિયા કરી. ત્યારબાદ બળભદ્ર દીક્ષા લઈ ચાલી નીકળ્યા; સખ્ત તપ કરીને, તેઓ કાળધર્મ પામી પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવ થયા. ત્યાંથી નીકળી તેઓ આવતી ચોવીસીમાં તીર્થંકર થશે.

## ૧૬૫ બ્રાહ્મી અને સુંદરી.

ભગવાન ઋષભદેવને સુમંગળા અને સુનંદા નામની બે સદ્ગુણસંપન્ન રાણીઓ હતી. તેમાંની પહેલી સુમંગળા દેવીએ જે જોડકાંનો જન્મ આપ્યો તેના નામ ૧ ભરત અને ૨ બ્રાહ્મી અને

સુનંદાએ જે જોડકાંનો જન્મ આપ્યો તેના નામ ૧ બાહુબળી ૨ સુંદરી. જ્યારે તેઓ કળા શીખવાની ઉંમરે પહોંચ્યા ત્યારે શ્રી ઋષભદેવજીએ બ્રાહ્મીને ૧૮ જાતની લેખનકળા અને સુંદરીને ગણિત વિદ્યા શીખવી.

જ્યારે આદિનાથ પ્રભુએ પહેલ વહેલી ધર્મદેશના આપી, તે વખતે બાર પરિષદ્ પૈકીની મનુષ્યની પરિષદ્‌માં બેઠેલા ભરતરાજાના ૫૦૦ પુત્રો તથા ૭૦૦ પૌત્રોએ વૈરાગ્ય પામી પ્રભુના હાથથી દીક્ષા લીધી. તે વખતે બ્રાહ્મીએ પણ ભરતરાજાની આજ્ઞાથી દીક્ષા અંગીકાર કરી હતી. સુંદરીનું રૂપ અથાગ હતું. તેણીને પણ દીક્ષા લેવાની ઈચ્છા થઈ, તેને બાહુબળીએ અનુમોદન આપ્યું, પરન્તુ ભરતને લાગ્યું કે જો સુંદરી પણ દીક્ષા લેશે, તો સ્ત્રીરત્ન બનાવે એવી સર્વોત્તમ–સદ્‌ગુણ સંપન્ન કોઈ સ્ત્રી નથી, એમ ધારી તેમણે રજા ન આપી. આથી સુંદરી ચિંતા કરવા લાગી. તેણે વિચાર્યું કે ખરેખર, મારૂં સુંદર સ્વરુપ જ મારા વિચારોને આડે આવે છે, માટે એ રૂપને નષ્ટ કરવું, જેથી ભરતજી પોતે મને સ્ત્રી-રત્ન થવાની ના પાડશે. આવો વિચાર કરી સુંદરીએ તપ કરવાનો નિશ્ચય કર્યો.

એ અરસામાં ભરતરાજા છખંડ સાધવા માટે નીકળ્યા; અને તે છ ખંડ સાધતા તેમને સાઠ હજાર વર્ષ વીતી ગયા. આ તકનો લાભ લઈ સુંદરીએ દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને કડા વિગય એ છ વસ્તુઓનો ત્યાગ કર્યો, અર્થાત્ તેણીએ સાઠ હજાર વર્ષ સુધી આયંબિલ તપ કર્યો. આથી સુંદરીનું સુકોમળ અને સ્વરૂપવાન શરીર કરમાઈ ગયું. તેણી લોહી માંસ વગરના હાડપિંજર જેવી દેખાવા લાગી. ભરત મહારાજા ચક્રવર્તી બની રાજ્યમાં આવ્યા, તે વખતે સુંદરીનો શિથિલ બનેલો દેહ જોઈ, તેણીની વૈરાગ્ય દશાની તેમને ખબર પડી. આથી ભરતરાજાએ આનંદપૂર્વક સુંદરીને દીક્ષા

લેવાની પરવાનગી આપી. એવામાં ભ. ઋષભદેવ ત્યાં પધાર્યા. ભરતરાજાએ સુંદરીની દીક્ષામાં અંતરાય આપ્યા બદલ પ્રભુ પાસે પશ્ચાત્તાપ કર્યો. સુંદરીએ ત્યાં દીક્ષા લીધી. સખ્ત તપશ્ચર્યા કરતાં અને ચારિત્રનું વિશુદ્ધ પાલન કરતાં બ્રાહ્મી અને સુંદરીને કૈવલ્યજ્ઞાન થયું. કેટલોક કાળ કૈવલ્યપ્રવજ્યામાં વિચરી, અનેક જીવોનો ઉદ્ધાર કરી તેમણે અષ્ટાપદ પર્વત પર અનશન કર્યું અને તેઓ મોક્ષમાં ગયા.

## ૧૬૬ બૃહસ્પતિદત્ત.

સર્વભદ્ર નામનું નગર હતું, જીતશત્રુ નામે રાજા હતો, તેને એક મહેશ્વરદત્ત નામનો પુરોહિત હતો. જે ચાર વેદને જાણનારો હતો. આ પુરોહિત, રાજાને રાજ્યની વૃદ્ધિ અર્થે હોમ કરાવતો હતો. આ હોમ શેનો હતો ? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્રના જીવતા બાળકોનો તે હોમ કરાવતો હતો. જીવતા તેઓનું માંસ કાઢી તેના પિંડ બનાવી તે હોમમાં રાજા પાસે હોમાવતો હતો. આઠમ ચૌદશને દિન દરેક વર્ગમાંથી બબ્બે બાળક લઈ આઠ બાળકો, ચોથે મહિને સોળ બાળકો, છઠે મહિને ૩૨, અને વર્ષ પુરૂ થતાં ૬૪. તથા શત્રુભય હોય ત્યારે ૪૩૨ બાળકોના પ્રાણ લઈ ઉપદ્રવ શાંતિનો હોમ કરાવતો હતો. આવી રીતે પુષ્કળ પાપ ઉપાર્જન કરીને મહેશ્વરદત્ત ત્રણ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મરી ગયો અને પાંચમી નરકમાં ગયો. ત્યાં સત્તર સાગરની સ્થીતિ ભોગવી કૌશાંબી નગરીમાં સોમદત્ત પુરોહિતની સ્ત્રી વસુદત્તાની કુખમાં ઉત્પન્ન થયો. જન્મ થતાં તેનું નામ બૃહસ્પતિદત્ત રાખવામાં આવ્યું. યુવાવસ્થાએ તે પહોંચ્યો ત્યારે કૌશાંબી નગરીના શતાનિક રાજાના કુંવર ઉદાયન સાથે તેને મિત્રાચારી થઈ, શતાનિક રાજા કાળક્રમે મૃત્યુ પામ્યા અને ઉદાયનને રાજ્ય મળ્યું. બૃહસ્પતિદત્ત પુરોહિત બન્યો અને ઉદાયનના અંતેઉરમાં જવા આવવા લાગ્યો. પરિણામે

ઉદાયનની સ્ત્રી પદ્માવતી પર તે આશક્ત થયો. એક વાર પદ્માવતી સાથે બૃહસ્પતિદત્તને ભોગ ભોગવતો ઉદાયને જોયો. આથી તે અત્યંત ક્રોધે ભરાયો અને બૃહસ્પતિદત્તને શૂળીએ ચડાવવાનો હુકમ ફરમાવ્યો.

બૃહસ્પતિદત્તને શૂળી પર ચડાવવામાં આવ્યો. તે ઘણોજ આક્રંદ વિલાપ કરવા લાગ્યો. પણ 'કર્મ કોઈને છોડતું નથી.' એ ન્યાયે તે ત્યાં મરણ પામ્યો અને પહેલી નરકમાં ગયો. ત્યાંથી નીકળી, અનંત સંસાર પરિભ્રમણ કરી આખરે તે કર્મ રહિત થશે.

## ૧૬૭ બહુપુત્રી દેવી.

વારાણસી નગરીમાં ભદ્ર નામે સાર્થવાહને સુભદ્રા નામે સ્ત્રી હતી. તે ઘણી જ સુકોમળ અને સૌન્દર્યવાન હતી. તેને ત્યાં રિદ્ધિ–સિદ્ધિ પણ ઘણી હતી. પરંતુ સુભદ્રાને એકે પુત્ર કે પુત્રી ન હતી, તેથી તે રોજ આર્તધ્યાન ધરતી હતી. તે સમયે સુવ્રતા નામના સાધ્વીજી તેને ત્યાં પધાર્યા. સુભદ્રા હર્ષ પામી. તેણે સાધ્વી-જીને ભાવયુક્ત વંદણા કરી નિર્દોષ આહારપાણી વહોરાવ્યાં. ત્યારબાદ સુભદ્રાએ સાધ્વીજીને પૂછયું:–હે સતીજી, મ્હારે પૂર્વના પાપના ઉદયે એકે પુત્ર પુત્રી નથી. માટે આપની પાસે વિદ્યામંત્ર હોય તો કૃપા કરી આપો, જેથી મને પુત્ર કે પુત્રીનો પ્રસવ થાય. ત્યારે સાધ્વીજીએ જવાબ આપ્યો. હે ભદ્રા, અમો નિર્ગ્રંથિની છીએ. અમારે આવી વાત સાંભળવી પણ કલ્પે નહિ, તો પછી તેનો ઉપાય તો શી રીતે બતાવી શકાય ? તમે કહો તો તમને સર્વજ્ઞ પ્રણિત ધર્મ સંભળાવીએ. સુભદ્રાએ ઈચ્છા બતાવી, તેથી સાધ્વીજીએ તેને ધર્મ સંભળાવ્યો, તે ધર્મ પામી અને બારવ્રતધારી શ્રાવિકા બની.

ઘણો કાળ વીતી ગયો, છતાં સુભદ્રાને કંઈ પ્રસવ થયો નહિ. એકદા ધર્મ જાગરણ જાગતાં સુભદ્રાને દીક્ષા લેવાનો ભાવ થયો.

પતિની આજ્ઞા માગી. પતિએ અનુમતિ પ્રથમ આપી નહિ, પરંતુ સુભદ્રાએ હઠ પકડી. તેને સમજાવી ન શકવાથી છેવટે દીક્ષાની અનુમતિ આપી. સુભદ્રા સુવ્રતા આર્યાજી પાસે દીક્ષિત બની અને સંયમમાં વિચરવા લાગી. દીક્ષિત થવા છતાં નાનાં બાળકો પ્રત્યેનો તેનો રાગ જરાયે ઓછો ન થયો. તે બાળકોમાં મૂર્છિત બની. અને નગરજનોનાં જ્યાં જ્યાં બાળકો દેખે, ત્યાં ત્યાં તે રમાડવા લાગી. ઉપાશ્રયમાં બાળકોને દેખે તો તેને સ્નેહપૂર્વક રમાડે, કેટલાકના હાથપગ રંગે, કેટલાકના હોઠ રંગે, કેટલાકની આંખોમાં કાજળ આંજે, કેટલાકને પોતાની ગોદમાં લઈ સુવાડે, કેટલાંકને ખવડાવે, દૂધ પીવડાવે. આવી રીતે પુત્ર પુત્રીઓમાં આસક્ત બનીને તે આનંદ મેળવવા લાગી. આ વાતની સુવ્રતા આર્યાજીને ખબર પડવાથી તેને તેમ ન કરવા કહ્યું અને સાધુ-માર્ગનો પરિચય કરાવી તેને પ્રાયશ્ચિત લેવા કહ્યું, છતાં તેણે માન્યું નહિ. અને પુનઃ તે પ્રમાણે કરવા લાગી; તેથી અન્ય સાધ્વીજીઓએ સુભદ્રા આર્યાજીનો સત્કાર કર્યો નહિ. સુભદ્રા સ્વચ્છંદી બનીને તેમનાથી જુદી પડી, અને એક અલગ ઉપાશ્રયમાં એકાંત રહેવા લાગી. પરિણામે તે શિથિલાચારી બની ગઈ. આવી રીતે ઘણા વર્ષ સંયમ પાળીને, પંદર દિવસનો સંથારો કરી સુભદ્રા કાળધર્મ પામી અને સુધર્મ દેવલોકમાં 'બહુપુત્રી' નામે વિમાનમાં દેવીપણે ઉત્પન્ન થઈ.

ભગવાન મહાવીર કહે છે કે તે બહુપુત્રીદેવી ત્યાંથી ચવીને જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં એક બ્રાહ્મણને ઘેર, સોમા નામની પુત્રીપણે અવતરશે. આ સોમાને રાષ્ટ્રકુંડ નામના એક બ્રાહ્મણ સાથે પરણાવવામાં આવશે. તેની સાથે સોમા ઘણા પ્રકારનાં સુખ ભોગવતી રહેશે. તેની સાથે વિષયસુખ ભોગવતાં ૧૬ વર્ષમાં તે ૩૨ બાળકોને જન્મ આપશે. આ બધા બાળકોની સારસંભાળ રાખતા તે પૂરેપૂરી કંટાળશે, પોતાના જીવતર પર તેને ધિક્કાર છૂટશે અને વંધ્યા સ્ત્રીને તે

ધન્યવાદ આપશે. એવામાં સુવ્રતા નામના કોઈ સાધ્વીજી પધારશે. બહુપુત્રીદેવી ધર્મ સાંભળી વૈરાગ્ય પામશે અને દીક્ષા લેશે. સખ્ત, તપ, જપ, ધ્યાન ધરી ઘણા વર્ષ સંયમ પાળી એક માસનો સંથારો કરશે અને કાળ કરીને શક્રેંદ્ર દેવના સામાનિક દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ, સંયમ લઇને તે મોક્ષમાં જશે.

## ૧૬૭ ભરત અને બાહુબળ.

ભરત અને બાહુબળ એ રૂષભદેવ ભગવાનના પુત્રો હતા. રૂષભદેવ ભગવાન પોતાનું રાજ્ય આ બે પુત્રોને સોંપી, દીક્ષા લઈ ચાલી નીકળ્યા હતા. ભરત અને બાહુબળના બળની આખા જગતમાં જોડી નહિ. રાજ્યાસને આવ્યા પછી ભરત રાજાએ મોટી મોટી લડાઇઓ કરી. મોટા મોટા રાજ્યો જીત્યા અને છ ખંડ જીતીને છેવટે તેઓ ચક્રવર્તી થયા. બાહુબળ પણ ઘણા જબરા હતા. એકવાર ભરત રાજાને વિચાર થયો કે છ ખંડ રાજ્યોને હું જીત્યો. પણ મારા ભાઈ બાહુબળનું બળ વધારે છે માટે તેમને જીતું તોજ હું ખરો કહેવાઉં. એમ ધારી બાહુબળને પોતાની સાથે લડવાનું આમંત્રણ મોકલ્યું. બાહુબળ પણ ભરતથી ગાંજ્યા જાય તેમ ન હતા. તે ભરતને નમે તેવા ન હતા. બંને ભાઈઓ યુદ્ધ કરવા તૈયાર થયા. યુદ્ધમાં અનેક માણસોનો સંહાર થાય, તે કરતાં બંનેએ સામસામા લડવું એમ ઉચિત ધારીને બંને ભાઈઓ લડવા માટે રણમેદાનમાં ઉતરી પડ્યા.

ભરતે પોતાનું ચક્ર સણણણણ કરતું બાહુબળ પર છોડયું; પણ એકજ ઉદરથી ઉત્પન્ન થયેલા ભાઈ પર તે ચક્ર કંઈ પણ અસર કરી શકે નહિ, તેવો નિયમ હોવાથી ભરતનું તે ચક્ર બાહુબળના શરીરની આસપાસ ફરીને પાછું ભરત પાસે આવી ગયું. આથી બાહુબળજીને ઘણો ક્રોધ ચડ્યો. તેમણે ભરતને મારવા માટે પોતાની વજ્ર સમાન મુઠ્ઠી ઉપાડી. ત્યાં જ બાહુબળને લાગ્યું કે માત્ર રાજ્ય

લોભને ખાતર ભાઈને મુષ્ટિ મારવી ઠીક નહિ, ભલે ભરતજી રાજ્ય ભોગવે. મ્હારે રાજ્ય જોઈતું નથી. ત્યારે શું આ ઉપાડેલી મુષ્ટિ વીર પુરૂષો પાછી મૂકે ખરા ? એ પણ કાયરતાની નિશાની છે, તેમ ધારી તરત જ તે મુઠી વડે બાહુબળજીએ પોતાના માથાના કેશનો લોચ કર્યો અને દીક્ષા લઈ ચાલી નીકળ્યા. તેમને રૂષભદેવ ભગવાનને વંદન કરવા જવાની ઇચ્છા થઈ. પણ તેમને વિચાર થયો કે રૂષભદેવ ભગવાન પાસે મારા નાના ભાઇઓએ દીક્ષા લીધી છે. અને નિયમ મુજબ મારે તેમને વંદન કરવું પડશે. હું તો મોટો છું અને તેઓ નાના છે. તો હું તેમને શા માટે વંદન કરૂં ? માટે ખૂબ તપશ્ચર્યા કરી તેમના પહેલા કેવળજ્ઞાન પામું. એવું અભિમાન બાહુબળજીને આવ્યું. આથી તેઓ ઘોર તપ કરવા વનમાં ગયા.

નહિ ખાવું, નહિ પીવું, ઉંચા હાથ, યોગધ્યાનની દશામાં. આવી રીતે કરતાં બાર બાર મહિના થઈ ગયાં. શરીર દુર્બળ બની ગયું. પક્ષીઓએ તેમના માથા પર માળા ઘાલ્યા છે, હાડકાંઓ ખાલી ખોખાં જેવા થઈ ગયાં છે, અને ખૂબ ઉગ્ર તપસ્યા થઈ છે, છતાં બાહુબળને કેવળજ્ઞાન થતું નથી.

રૂષભદેવ ભગવાને વાત જાણી. બાહુબળ માનના હોદ્દાપર ચડયા છે, તેથી તેમને જ્ઞાન થતું નથી. તેમ ધારી પ્રભુએ ભરત અને બાહુબળીના બહેન, બ્રાહ્મી અને સુંદરી જેઓ દીક્ષિત બની સાધ્વીજીઓ થયા હતા, તેમને બાહુબળ પાસે ઉપદેશ કરવા મોકલ્યા. આ બે મહાન સતીઓએ આવી બાહુબળજીને વંદન કરી કહ્યું:–

'વીરા મોરા, ગજથકી ઉતરો, ગજથકી કેવળ (જ્ઞાન) ન હોય.' વીરા મોરા, ગજથકી ઉતરો. એટલું કહી બંને સાધ્વીજીઓ ચાલી ગઈ. બાહુબળ આ સાંભળી ચમકયા. વિચાર કર્યો કે હું તો હાથી ઉપર ચડયો નથી અને નીચે જમીન પર તપશ્ચર્યા કરૂં છું. છતાં આ સાધ્વીઓ આમ કેમ બોલ્યા. સાધ્વીજી જુઠું બોલે નહિ. એમ ધારી વિચાર કરતાં જણાયું કે હા, ખરેખર હું માન રૂપી હાથી

ઉપર ચડયો છું, નાના ભાઇને વંદન ન કરવું એ માન છે. માટે બરાબર છે. માન એજ મને નુકશાન કરે છે. એમ કહી બાહુબળજીએ ન્હાના ભાઇઓને વાંદવા જવા માટે જેવો પગ ઉપાડયો કે તરતજ તેમને કેવલ્યજ્ઞાન ઉત્પન્ન થયું.

હવે ભરતજી રાજ્યાસન પર રહીને બહુજ ન્યાય અને નીતિપૂર્વક રાજ્ય ચલાવે છે. તેમનું રાજ્ય રામ રાજ્ય જેવું વખણાય છે. પ્રજા પણ સુખી છે. એકવાર ભરતરાજા સુંદર વસ્ત્રાલંકારો પહેરી પોતાનું રૂપ જોવા અરીસાભૂવનમાં જાય છે. અરીસામાં પોતાનું રૂપ ધારી ધારીને જુવે છે અને પોતાના રૂપની પ્રશંસા કરે છે, ગુણની પ્રશંસા કરે છે, અધિકારની પ્રશંસા કરે છે, તેવામાં તેમની નજર આંગળી તરફ ગઈ, આંગળીમાં વીંટી પહેરવી ભૂલી ગયા છે. તેથી તેઓ વિચારવા લાગ્યા કે વીંટી વિના આ આંગળી કેવી ખરાબ લાગે છે ? ત્યારે શું આ અલંકારોથી જ હું શોભાયમાન લાગું છું ? અલંકારો ન હોય તો શું હું ખરાબ લાગું ? જોવા તો દે. એમ ધારી તેમણે મુગટ, કુંડળ, હાર વગેરે એક પછી એક અલંકારો ઉતારી નાખ્યા. પછી શરીર સામે જોઈ તેઓ વિચારવા લાગ્યા. આ શરીર, આ રૂપ, કેટલો ફેર? ત્યારે શું બાહ્ય વસ્તુમાંજ હું લોભાયો ? બહારના સુખમાંજ હું મોહ્યો ? ત્યારે ખરૂં સુખ કયું ? આત્માનું સુખ કયું ? વિચાર કરતાં જણાયું કે જ્ઞાન દર્શન અને ચારિત્ર એ જ આત્માનું ખરૂં સુખ છે. આ લક્ષ્મી, આ રાજવૈભવ, બધીયે ઉપાધિ માત્ર છે, તેનો ત્યાગ શા માટે ન કરવો ? અને ખરૂં અક્ષય સુખ કેમ ન મેળવવું ? એમ વિચારતાં યોગદશામાં ભરતજી ચડયા અને ત્યાં જ આરીસાભૂવનમાં તેમને કેવળજ્ઞાન થયું.

ધન્ય છે, ભરત અને બાહુબળ સમા ભડવીર મહાપુરુષોને ત્હેમને આપણા વંદન હો !

## ૧૬૯ ભૃગુ પુરોહિત

તે ઇષુકાર રાજાનો પુરોહિત હતો. તે નલિનીગુલ્મ વિમાન-માંથી ચ્યવી અહિં ઉત્પન્ન થયો હતો. તેને જશા નામની પત્ની હતી. તેનાથી તેમને બે પુત્રો થયા. વેદાદિ શાસ્ત્રમાં પારંગત થયા પછી, બંને પુત્રો દીક્ષા લેવા તત્પર થયા. તેમના ઉપદેશથી ભૃગુ પુરોહિતને પણ વૈરાગ્ય થયો અને તેણે દીક્ષા લીધી. દીક્ષા લઈ ખૂબ તપશ્ચર્યા અને સંયમની આરાધનાને અંતે તેઓ કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

## ૧૭૦ ભદ્ર બળદેવ

દ્વારિકા નગરીમાં સુભદ્ર નામના રાજા હતા. તેમને સુપ્રભા નામની રાણી હતી. તેનાથી ભદ્ર નામના ત્રીજા બળદેવ થયા. તેઓ સ્વયંભૂ નામના વાસુદેવના ભાઈ હતા. તેઓ દીક્ષા લઈ, ૬૫ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, વિમળનાથ પ્રભુના સમયમાં મોક્ષે ગયા.

## ૧૭૧ ભોજ વિષ્ણુ–અંધક વિષ્ણુ

મથુરા નગરીમાં હરિવંશ કુળમાં સોરિ અને વીર નામના બે ભાઈઓ હતા. જેમાં સોરિએ સોરિયપુર (શૌરિપુર.) અને વીરે સોવીર નામનું નગર વસાવ્યું હતું. તે સોરિ રાજાને **અંધક વિશ્નુ** નામે પુત્ર હતો, એ અંધક વિશ્નુને ભદ્રા નામની રાણી હતી. તેનાથી તેમને સમુદ્રવિજય વગેરે ૧૦ પુત્રો તથા કુંતી અને માદ્રી એમ બે પુત્રીઓ જન્મી હતી. જ્યારે વીર રાજાને ભોજવિશ્નુ નામે પુત્ર હતો. તે ભોજવિશ્નુને ઉગ્રસેન, દેવક વગેરે પુત્રો થયા હતા. આખરે ભોજવિષ્ણુએ પોતાનું રાજ્ય ઉગ્રસેનને સોંપી દીક્ષા લીધી હતી.

## ૧૭૨ મઘવ ચક્રવર્તી

શ્રાવસ્તિ નગરીમાં સમુદ્રવિજય નામે રાજા હતા. તેમને ભદ્રા નામની સુશીલ રાણી હતી. એક રાત્રે રાણીએ ૧૪ સ્વપ્ન નિહાળ્યાં.

સ્વપ્ન પાઠકોએ સાંભળીને મહાભાગ્યશાળી પુત્રરત્ન સાંપડશે એવું સ્વપ્નનું ફળ કહ્યું. રાણીએ મઘવ નામના ત્રીજા ચક્રવર્તીને જન્મ આપ્યો. યુવાવસ્થા પામતાં મઘવે છખંડ સાધ્યા. ત્યારબાદ સંયમ અંગીકાર કર્યો. પાંચ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ મોક્ષમાં ગયા.

## ૧૭૩ મરિચિ

તેઓ ઋષભદેવ પ્રભુના જ્યેષ્ઠ પુત્ર ભરતરાજાના કુંવર હતા. તેમણે ઋષભદેવ પાસે દીક્ષા લીધી હતી; પરન્તુ પાછળથી ઉનાળામાં તૃષાનો પરિષહ પડયો, તે સહન ન થઈ શકવાથી તેમણે જૈન-મુનિનો વેશ છોડીને ત્રિદંડી તાપસનો વેશ ધારણ કર્યો. છતાં તેઓ જૈનધર્મના સિદ્ધાન્તોનો જ ઉપદેશ આપતા; અને સંસારથી કંટાળેલાઓને ભ. ઋષભદેવ પાસે મોકલતા. એક વખત મરિચિનું શરીર નરમ પડયું. ચાકરી કરનાર તેમને કોઈ શિષ્ય ન હોવાથી, શિષ્ય કરવાની લાલચ થઈ. તે વખતે તેમણે ત્યાગ લેનાર કોઈ એક ગૃહસ્થને કહ્યું કે મારી પાસેજ ધર્મનાં સાચાં તત્ત્વો છે, એમ કહી મરિચિએ મૃષા બોલી પોતાનો સંસાર વધાર્યો.

કોઈ એક પ્રસંગે ભ. ઋષભદેવ દેશના આપતા હતા. દેશના પૂરી થયા પછી ભરત મહારાજાએ પ્રભુને પૂછયું. ભગવાન, આ પરિષદ્‌માં કોઈ આપના જેવો મહાસમર્થ, મહાભાગ્યશાળી પુરૂષ છે? પ્રભુ બોલ્યાઃ–" હા, તમારો મરિચિ નામનો કુમાર, જે હાલ ત્રિદંડી વેશમાં વિચરે છે તે આ ચોવીસીમાં છેલ્લો તીર્થંકર થશે. વળી તેજ મરિચિ ' ત્રિપૃષ્ટ ' નામનો પહેલો વાસુદેવ થશે, તેમજ એજ મરીચિ મહાવિદેહ ક્ષેત્રમાં ચક્રવર્તી થશે. " આ સાંભળી ભરત મરિચિ પાસે આવ્યા અને વંદન કરીને બોલ્યાઃ હે મહા-ભાગ્યવાન્, તમે વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર થશો. માટે હું તમને વંદન કરું છું. આ સાંભળી મરિચિના આનંદનો પાર રહ્યો નહિ. તે સાથે તેઓ અભિમાન રૂપી મદ હસ્તિએ ચડયા અને નાચતા, કુદતા બોલ્યાઃ–અહો, મારૂં કુળ કેવું શ્રેષ્ઠ છે! મારા

દાદા **પ્રથમ** તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી, અને હું **પ્રથમ** વાસુદેવ; તેમજ ચક્રવર્તી અને તીર્થંકર થઈશ ! આ અભિમાનને લીધે મરિચિએ ત્યાંજ નીચ ગોત્ર કર્મ ઉપાર્જન કર્યું. તેમણે ઘણા ભવો કર્યાં અને નીચ ગોત્ર કર્મનું ફળ તેમણે મહાવીરના ભવમાં ભિક્ષુક કુળમાં ઉત્પન્ન થઇને ભોગવ્યું. મરિચિ તે પછી કાળધર્મ પામીને પાંચમા બ્રહ્મદેવલોકમાં ગયા.

## ૧૭૪ મરુદેવી માતા

અયોધ્યા નગરીમાં ત્રીજા આરાના યુગલ યુગમાં નાભિરાજા અને મરૂદેવી એકી સાથે (જોડલે) જન્મ્યા હતા. નિયમ મુજબ બંનેએ વિવાહ કર્યો. તેમને એક યુગલ અવતર્યું, તે ઋષભદેવ અને સુમંગલાના નામથી પ્રસિદ્ધ થયું. ભ. ઋષભદેવે દીક્ષા લીધી, ત્યારથી મરૂદેવી પુત્રમોહને લીધે ઘણા શોકમાં રહેતા; ને વારંવાર ભરતને ભગવાનની સારસંભાળ રાખવાનું સૂચન કરતા. જ્યારે પ્રભુને અયોધ્યામાં કૈવલ્યજ્ઞાન થયું ત્યારે મરૂદેવી માતાને હાથીપર બેસાડી ભરત મહારાજા પ્રભુની સુખસાહ્યબી બતાવવા લઈ ગયા. ત્યાં સમવસરણની અપૂર્વ રચના જોઈ સંસારની અસારતાનું મરૂદેવીને ભાન થયું. તેઓ ભાવનાના પ્રવાહમાં વળ્યા, અનુક્રમે ક્ષપક શ્રેણિમાં પ્રવેશતાં હાથી પરજ તેમને કૈવલ્યજ્ઞાન થયું; અને તેઓ મોક્ષમાં ગયા.

## ૧૭૫ મલ્લીનાથ

જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિતશોકા નામની રાજ્યધાની હતી. તેમાં બળ રાજા રાજ્ય કરતો હતો, તેને ધારિણી પ્રમુખ એક હજાર રાણીઓ હતી. ધારિણી દેવીને મહાબળ નામનો કુમાર હતો. તેને રૂપ, સૌન્દર્યવાન પાંચસો રાજ્યકન્યાઓ પરણાવવામાં આવી હતી. તેમની સાથે મહાબળ મનુષ્યના કામભોગ સંબંધીનું સુખ ભોગવતો રહેતો હતો. એકદા ધર્મઘોષ નામના સ્થવીર તે નગરીના ઉદ્યાનમાં પધાર્યા. પરિષદ વંદન કરવા ગઇ. બળરાજા પણ વંદન કરવા આવ્યો. મુનિની દેશનાથી રાજા વૈરાગ્ય પામ્યો અને મહાબળને રાજ્ય સોંપી દીક્ષા લઇ ચાલી નીકળ્યો.

આ મહાબળકુમારને ૭ બાળમિત્રો હતા, જે સઘળા સાથે જન્મેલા અને વૃદ્ધિ પામેલા હતા. તેમજ તે સાતે જણાએ સાથે દીક્ષા લેવાનો નિરધાર કર્યો હતો. તે સમયે ઇંદ્રકુંભ ઉદ્યાનમાં ધર્મઘોષ નામના સ્થવીર પધાર્યા. મહાબળ વંદન કરવા ગયો. મુનિના ઉપદેશથી તે બોધ પામ્યો અને પોતાના ૭ બાળમિત્રોને પૂછી દીક્ષા લેવાનું ધર્મઘોષ મુનિને કહીને તે સ્વસ્થાનકે ગયો.

ત્યારબાદ તે પોતાના ૭ મિત્રો પાસે આવ્યો અને સર્વ વાત નિવેદન કરી. ૭ મિત્રો પણ દીક્ષા લેવા તૈયાર થયા. મહાબળે પોતાના પુત્રને રાજ્ય સોંપી ૭ જણાની સાથે ધર્મઘોષ મુનિ પાસે દીક્ષા લીધી અને તપ સંયમમાં વિચરવા લાગ્યા.

એક વખતે આ સાતે જણાએ મળીને એવો નિશ્ચય કર્યો કે આપણે બધાએ સરખી જ તપશ્ચર્યા કરવી. બધા કબુલ થયા અને ઉપરા ઉપરી ઉપવાસ, છઠ, અઠમ આદિ નાની મ્હોટી તપશ્ચર્યા કરવા માંડી. મહાબળે વિચાર કર્યો કે હું બધાથી વધારે તપશ્ચર્યા કરૂં. એમ ધારી જ્યારે પેલા ૭ જણ એક ઉપવાસ કરે ત્યારે મહાબળ બે ઉપવાસ કરે, પેલા બે ઉપવાસ કરે ત્યારે મહાબળ ત્રણ ઉપવાસ કરે. એમ દરેક વખતે એકેક ઉપવાસની મહાબળ વધારે તપશ્ચર્યા કરે. આ પ્રમાણે પેલાથી છાની અને માયા કપટપણે ઘણા વર્ષો સુધી તપશ્ચર્યા કરી. આ માયા કપટના પરિણામનો બંધ પડ્યો અને મહાબળ મુનિએ સ્ત્રીનામ કર્મ ઉપાર્જન કર્યું. અદ્ભુત તપશ્ચર્યા અને વીસ સ્થાનકના સેવન વડે મહાબળે તીર્થંકર ગોત્ર બાંધ્યું. અનુક્રમે સાતે જણા કાળ ધર્મને પામી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી નીકળી પેલા ૭ મિત્રો ભરતક્ષેત્રના જુદા જુદા નગરમાં રાજ્યકુમારોપણે ઉત્પન્ન થયા, અને મહાબળ કુમાર ત્યાંથી ચ્યવી મિથિલાનગરીમાં કુંભરાજાની પ્રભાવતી રાણીની કુક્ષિએ પુત્રીપણે ઉત્પન્ન થયા. પોતે તીર્થંકર થશે, તેથી છપ્પન કુમારીકાઓએ અને ૬૪ ઇંદ્રોએ

આવી મલ્લીકુંવરીનો જન્મ મહોત્સવ કર્યો. પ્રભાવતી દેવીને ગર્ભમાં પુષ્પની શૈય્યામાં બેસવાનો દોહદ ઉત્પન્ન થયો હતો અને જે વાણ-વ્યંતર દેવોએ પૂર્ણ કર્યો હતો. તેથી તેનું નામ મલ્લીકુંવરી પાડવામાં આવ્યું. મલ્લીકુંવરીનું રૂપ, સૌંદર્યમાં, લાવણ્યમાં અપ્સરા અને ઉર્વશીને ભૂલાવે તેવું સુમનોહર કાંતિવાળું અને અનુપમ દેદિપ્યમાન હતું. સમસ્ત ભરતક્ષેત્રમાં તેનાં રૂપની હરીફાઈ કરી શકે તેવું કોઈ જ ન હતું. અનુક્રમે મલ્લીકુંવરી અનેક ધાવમાતાઓના લાલનપાલન વડે વૃદ્ધિગંત થવા લાગી. તીર્થંકરોને જન્મથીજ અવધિજ્ઞાન હોય છે. તેથી તેણે પૂર્વભવના છએ બાળમિત્રોને જુદા જુદા રાજ્યોમાં જન્મેલા જોયા. અને તે સર્વને બુઝાવવાને માટે તેણીએ નિશ્ચય કર્યો.

મલ્લીકુંવરીએ અશોક વનમાં એક મોહનઘર બંધાવ્યું, તેમાં અનેક થાંભલા ઉભા કરાવ્યા, તેની અંદર મધ્યમાં એક ગુપ્તઘર કરાવ્યું, તેને ફરતી છ જાળીઓ બનાવવામાં આવી. વચ્ચે એક મણિપીઠિકા અથવા ચબુતરો ઉભો કરવામાં આવ્યો. અને એક કુશળ ચિત્રકાર પાસે પોતાના સ્વરૂપ જેવી સુંદર અને લાવણ્યવાળી એક સુવર્ણની પ્રતિમા કરાવીને તે મણિપીઠિકા પર ઉભી રાખી. તેના મસ્તક પર એક છિદ્રવાળું દ્વાર બનાવ્યું. અને મલ્લીકુંવરી તે ઉઘાડીને તેમાં રોજ અન્ન વગેરે નાખવા લાગી. દરરોજ આહાર નાખવાથી તેની અંદર મરેલા સર્પ અથવા મૃત ગાય અથવા મરેલા માણસનું શરીર સડી જાય અને જે દુર્ગંધ છૂટે તેવી દુર્ગંધ ઉત્પન્ન થઇ.

મલ્લીકુંવરીના રૂપ સૌંદર્યની પ્રશંસા આખા દેશમાં પહોંચી ગઈ હતી. પેલા છ બાળમિત્રો, જેઓ કાળાન્તરે રાજ્યાસન પર આવ્યા હતા; તેમનાં સાંભળવામાં પણ મલ્લીકુંવરીના સૌંદર્યની વાત આવી હતી. તેથી તેઓને મલ્લીકુંવરીને પરણવાનો ભાવ ઉત્પન્ન થયો હતો. તેમણે પોતાના દૂતોને કુંભરાજા પાસે મલ્લીકુંવરીનું માગું કરવા મોકલ્યા. કુંભરાજાને દૂતોએ જ્યારે આ વાત કરી ત્યારે કુંભરાજા

ઘણો જ ગુસ્સે થયો અને દૂતોને તેણે કાઢી મૂકયા. પરિણામે છએ રાજાઓ સંધી કરીને પોતાનું લશ્કર લઈ કુંભરાજા પર ચડી આવ્યા અને નગરીને ઘેરો ઘાલ્યો. કુંભરાજા લડયો, પરંતુ છ જણાના એકત્ર સૈન્ય સામે તે ફાવી શકયો નહિ, તેથી તે મહેલમાં પેસી શોક કરવા લાગ્યો.

મલ્લીકુંવરીએ વાત જાણી તેથી તેણે પિતા પાસે જઈ શોક ન કરવાનું કહ્યું અને જણાવ્યું કે પિતાજી, તમે દૂત મોકલી તે છએ રાજાઓને જણાવો કે હું તમને મલ્લીકુંવરી આપીશ. અને તેઓને મિથિલા નગરીમાં પ્રવેશ કરાવી જે ગુપ્ત ઘર બનાવ્યું છે તેમાં રાખો. રાજાએ તે પ્રમાણે કર્યું. જ્યારે પેલા છ રાજાઓને ગુપ્તઘરમાં લઈ જવામાં આવ્યા ત્યારે ઢાંકણાવાળી જે પ્રતિમા બનાવેલી તે દેખીને બધા મૂર્છિત થઈ ગયા, સાક્ષાત્ મલ્લીકુંવરી માનીને તેના પ્રત્યે તેઓ અનિમેષ નજરે જોઈ જ રહ્યા.

ત્યારબાદ મલ્લીકુંવરીએ પાછળથી તે પ્રતિમા પાસે આવીને તેનું ઢાંકણું ખોલી નાખ્યું, કે તરતજ તેમાંથી પારાવાર દુર્ગંધ છૂટી, તે સહન ન થઈ શકવાથી છ રાજાઓ નાક આડું કપડું રાખીને પાછળ ફરીને ઉભા રહ્યા; ત્યારે મલ્લીકુંવરીએ કહ્યું. હે રાજાઓ, તમે શા માટે નાક આડું વસ્ત્ર રાખો છો? રાજાઓએ કહ્યું કે આ દુર્ગંધથી અમારાથી રહેવાતું નથી. મલ્લીકુંવરીએ કહ્યું. આ સુવર્ણ પ્રતિમા છે. તેમાં હું હમેશાં એકેક પિંડ (કોળીયો) ખોરાકનો નાખતી. તેનાથી આટલી તીવ્ર દુર્ગંધ થઈ; તો વમન, પિત્ત, શુક્ર, રુધિર, ખરાબ ઉશ્વાસ નિઃશ્વાસ, મૂત્ર, વિષ્ટાથી ભરેલાં આ ઉદારીક શરીરમાં કેટલી દુર્ગંધ હશે? વિચાર કરો, હે રાજન્, વિચાર કરો; અને તમે મનુષ્યના કામભોગમાં આશક્ત ન બનો. આથી ત્રીજા ભવમાં આપણે મહાબળ પ્રમુખ સાત મિત્રો હતા, સાથે જન્મેલાં, સાથે જ દીક્ષા લીધી હતી. અને સરખો જ તપ કરતા હતા. પણ હું તમારાથી કપટભાવે એકેક

ઉપવાસ વધારે કરતી હતી. તે કપટના પરિણામે હું સ્ત્રીપણે ઉત્પન્ન થઈ છું, અને તમે રાજ્યકુમારોપણે ઉત્પન્ન થયા છો. જયંત વિમાનમાં આપણે એવો સંકલ્પ કર્યો હતો કે મૃત્યુલોકમાં ગયા પછી જે પ્રથમ સમજે તેણે બીજાને પ્રતિબોધ આપવો અને દરેકે દીક્ષા લેવી. તે શું તમે ભૂલી ગયા ? તમે પૂર્વભવ યાદ કરો. તે સાંભળી સઘળા રાજાઓ વિચારમાં પડયા અને શુકલ ધ્યાનથી ઉપયોગ મૂકતાં તેઓને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું. તરતજ ગર્ભઘરના દ્વારો ખોલવામાં આવ્યા. છએ જણાઓ મલ્લીકુંવરી પાસે આવ્યા. મલ્લીકુંવરીએ કહ્યું કે હું સંસાર ભયથી ઉદ્‌વેગ પામી છું અને દીક્ષા લેવા ચાહું છું. બોલોઃ– તમારી શી ઇચ્છા છે ? બધાએ દીક્ષા લેવાનું વચન આપ્યું. તેઓ રાજયમાં જઈ પોતાના પુત્રોને રાજ્ય સોંપી દીક્ષા લેવાનું કહીને ગયા.

મલ્લીકુંવરી દીક્ષા લેવા તત્પર થઈ. વરસીદાન આપવું શરૂ કર્યું. દેવતાનું આસન ચળ્યું, લોકાન્તિક દેવો આવ્યા. ધર્મમાર્ગ પ્રવર્તાવવાની ઉદ્‌ઘોષણા કરી. માતાપિતાએ દીક્ષાની રજા આપી. સોનારૂપાના કળશો બનાવરાવી મલ્લી તીર્થંકરનો અભિષેક કરાવ્યો, ઇંદ્રોએ દીક્ષા મહોત્સવ ઉજવ્યો. સહસ્ત્રવન ઉદ્યાનમાં અશોકવૃક્ષ પાસે આવીને મલ્લીપ્રભુએ સ્વયંમેવ પંચમુષ્ટિ લોચ કર્યો, અને તેઓ પ્રવર્જિત થયા. છએ રાજાઓ તથા કુંભરાજા મલ્લી પ્રભુનું વ્યાખ્યાન સાંભળવા આવ્યા. કુંભરાજા શ્રાવક થયો. છએ રાજાઓએ દીક્ષા લીધી. મલ્લીપ્રભુને દીક્ષા લીધા બાદ તરતજ મનઃપર્યવ જ્ઞાન ઉપ્તન્ન થયું. સખ્ત તપ જપ કરી, ચોપન હજાર વર્ષસુધી સંયમ પાળી, તેઓ કેવળજ્ઞાન, કેવળ દર્શનને પામ્યા. અને એક હજાર વર્ષ સુધી કેવળ પ્રવજર્યામાં રહી, અવ્યાબાધ એવી મોક્ષગતિને પ્રાપ્ત થયા. મલ્લીનાથ પ્રભુના સંઘ પરિવારમાં ૪૦ હજાર સાધુઓ, ૫૫ હજાર સાધ્વીઓ, ૧૮૩ હજાર શ્રાવકો અને ૩૭૦ હજાર શ્રાવિકાઓ હતા.

**સાર**—મહાન તપશ્ચર્યા અને સંયમને સેવતા છતાં, માયાથી તીર્થંકર

જેવાને પણ સ્ત્રીપણું પ્રાપ્ત થયું અને જૈનાગમમાં એક અછેરૂં ગણાયું. માટે માયાથી વિરક્ત બનવાનો આ વાર્તા સૌ કોઈને બોધ આપે છે.

---

## ૧૭૬ મહાપદ્મ.

ગજપુર નગરમાં પદ્મોત્તર નામે રાજા હતા. તેમને જ્વાલા નામની રાણી હતી. તેમને બે પુત્રો થયા. ૧ વિષ્ણુકુમાર, ૨ મહાપદ્મ. વિષ્ણુકુમારે પિતાની હયાતિમાંજ દીક્ષા લીધી હતી. જ્યારે મહાપદ્મ મહા સમર્થ હોઈ નવમા ચક્રવર્તી થયા. પિતાએ પણ દીક્ષા લેવાથી તેઓએ રાજ્યાસને આવી છખંડની સાધના કરી. તેમને નમુચી નામે એક પ્રધાન હતો. તે જૈન ધર્મનો દ્વેષી હતો. એકવાર તે પ્રધાન થયા પહેલાં ધર્મ નામના રાજાની યવંતી નામક નગરીમાં સુવ્રત નામના આચાર્ય સાથે ધર્મચર્ચા કરવા ગયો હતો, ત્યાં તે પરાજય પામ્યો, તેથી તેણે રાત્રિને વખતે તે મુનિનો સંહાર કરવાનો વિચાર કર્યો, પરન્તુ શાસનદેવના પ્રભાવે તે તે સ્થળે સ્થંભી ગયો. સવાર થતાં લોકોએ તેનો તિરસ્કાર કર્યો; રાજાએ ત્યાંથી તેને કાઢી મૂકયો; આગળ જતાં તે મહાપદ્મ ચક્રવર્તીનો પ્રધાન થયો. અહિં તેણે યમદુર્ગ નગરના બળસિંહ નામક માંડલિક રાજાનું બંડ સમાવ્યું, તેથી પ્રસન્ન થઇને ચક્રવર્તીએ તેને ઈનામ માગવાનું કહ્યું. તે ઈનામ પ્રસંગે માગી લેવાનું પ્રધાને જણાવ્યું. એ અરસામાં પેલા સુવ્રતાચાર્ય તે નગરમાં પધાર્યા એટલે પેલું વચન યાદ કરી પ્રધાને પોતાને માત્ર ૭ દિવસનું રાજ્ય આપવાનું ચક્રવર્તીને કહ્યું. મહાપદ્મે તે કબુલ કર્યું. પ્રધાને એક મોટો યજ્ઞ આરંભ્યો, તે વખતે તેણે સુવ્રતાચાર્ય પાસે ભેટણું માગ્યું; પણ જૈન મુનિ પાસે શું હોય ? એટલે પ્રધાને તેમને પોતાના રાજ્યની હદ છોડી જવાનું કહ્યું. આ વખતે ચક્રવર્તીના ભાઈ વિષ્ણુકુમાર, જેઓ સાધુ થયા હતા તેઓ ત્યાં હતા, તેમણે પોતાની લબ્ધિ વડે નમુચી પ્રધાનને જમીનમાં દાટી દીધો. પાછળથી તેનું

પ્રાયશ્ચિત લઈ કૈવલ્યજ્ઞાન પામી તેઓ મોક્ષમાં ગયા. મહાપદ્મે ત્યારબાદ દીક્ષા લીધી અને સખ્ત તપશ્ચર્યા શરૂ કરી. છેવટે ૩૦ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મહાપદ્મ કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

## ૧૭૭ પ્રભુ મહાવીર.

મગધ દેશના ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલાદેવીની કુક્ષિએ શ્રી મહાવીર પ્રભુ આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાં ચૈત્ર શુદિ તેરસે જન્મ્યા હતા. મહાવીર પ્રભુનો જન્મ થવાથી રાજ્યમાં અગણિત ધન ધાન્યની વૃદ્ધિ થઈ, તેથી તેમનું નામ વર્ધમાનકુમાર પાડવામાં આવ્યું. પ્રભુ મહાવીરના જીવે ઋષભદેવ ભગવાનના વખતમાં ભરતપુત્ર મરિચીના ભવમાં પોતે વાસુદેવ, ચક્રવર્તી તથા તીર્થંકર થશે, તેનું અભિમાન કર્યું હતું, તેથી તેઓ બ્રાહ્મણકુંડ ગ્રામમાં રૂષભદત્ત બ્રાહ્મણને* ત્યાં તેની દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં ઉત્પન્ન થયા હતા. પરંતુ તીર્થંકરો કદાપિ ભિક્ષુક કુળમાં જન્મ પામે નહિ, તેથી હરિણગમેષી દેવે પ્રભુ મહાવીરના જીવનું ૮૩મી રાત્રિએ દેવાનંદાની કુક્ષિમાંથી સાહરણ કર્યું, અને તે ગર્ભ ત્રિશલાદેવીની કુક્ષિમાં મૂકયો, અને ત્યાં પ્રભુ મહાવીરનો જન્મ થયો. (આમ ગર્ભ ઉલટાવવામાં પણ હરિણગમેષી દેવનો હેતુ હતો. માત્ર અન્યાય જ ન હતો. કારણ કે પૂર્વે દેવાનંદા અને ત્રિશલા બંને દેરાણી જેઠાણી હતા અને દેવાનંદાએ પોતાની દેરાણી ત્રિશલાનો રત્નનો કરંડીયો છાનો માનો ચોરી લીધો હતો. ત્રિશલાના જીવે તે વખતે ઘણું કહ્યું, છતાં દેવાનંદાએ તે રત્નનો કરંડીયો પાછો આપ્યો નહિ; પણ પચાવી પાડયો. તે નિકાચિત કર્મનો આ વખતે ઉદય આવવાથી દેવાનંદાનો રત્નસમાન પ્રભુ મહાવીરનો જીવ દેવે સાહરણ કર્યો.) ગર્ભમાં ત્રિશલા માતાને દુઃખ

---

* તીર્થંકરો હમેશાં ક્ષત્રિયકુળમાં જ જન્મે છે. શાસ્ત્રકારોએ બ્રાહ્મણકુળને ભિક્ષુકકુળ ગણી ભ. મહાવીરના સંબંધમાં અનંતકાળે આ અછેરૂં (આશ્ચર્ય) થયું માન્યું છે.

થાય તેથી પ્રભુએ એકવાર હલનચલન બંધ રાખ્યું, પરિણામે ત્રિશલાને ગર્ભની ફીકર થઈ કે ગર્ભ જીવતો હશે કે નહિ; તેથી માતાના સંતોષની ખાતર પ્રભુ મહાવીરે ગર્ભમાં હલનચલનની ક્રિયા કરી. આમ ગર્ભમાંથીજ પ્રભુએ માતા પરનો અપૂર્વ પ્રેમ બતાવવા માંડયો. જન્મ થયા બાદ તેમણે પોતાની ટચલી આંગળી વડે મેરુ પર્વતને ડગાવ્યો; આ પરાક્રમ જોઈને દેવોએ વર્ધમાનકુમારનું નામ 'મહાવીર' પાડયું.

ત્રીશ વર્ષ સુધી મહાવીર ગૃહસ્થાવાસમાં રહ્યા. યશોદા નામની સ્ત્રીથી તેમને પ્રિયદર્શના નામે એક પુત્રી થઈ. ગૃહસ્થાવાસ છતાં તેમનું જીવન તો સદાય સાધુ જીવન જેવું જ હતું. સર્વ કર્મથી મુક્ત થવા તેમણે માતાપિતાની આજ્ઞા માગી; પરંતુ પુત્ર પરનો અતુલ પ્રેમ, તેથી માતા પિતાએ રજા ન આપી, એટલે તેમની આજ્ઞાની ખાતર તેઓ થોડો વખત સંસારમાં રહ્યા. ત્યારબાદ તેમના માતાપિતા ગુજરી ગયા એટલે તેમણે દીક્ષા લેવા માટે મોટા ભાઈ નંદીવર્ધનની આજ્ઞા માગી, ભાઈ પરનો અતિશય સ્નેહ એટલે નંદીવર્ધને જણાવ્યું કે ભાઈ! માતાપિતા તો હમણા જ સ્વર્ગવાસ પામ્યા છે, વળી તમારા વિયોગનું દુઃખ મને કયાં આપો છો? કૃપા કરી આ રાજગાદી ભોગવો. પ્રભુ મહાવીરે રાજગાદી નહિ ભોગવતાં દીક્ષા લેવાનો ભાવ પ્રદર્શિત કર્યો. નંદીવર્ધને બે વર્ષ રોકાવાનું કહ્યું. પ્રભુ મહાવીર બે વર્ષ વધુ રોકાયા. અને ૩૦ વર્ષ બાદ તરત જ પ્રભુ મહાવીર રાજવૈભવ, સ્ત્રી, પુત્રી, ભાઈ, અનુચરો એ સર્વનો ત્યાગ કરી જગત જીવોના કલ્યાણ અર્થે દીક્ષા લઈ ચાલી નીકળ્યા. એજ વખતે પ્રભુને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું. દીક્ષા સમયે પ્રભુને ઇંદ્રે એક દેવ દૂષ્ય (વસ્ત્ર) આપ્યું હતું, પરંતુ તેઓ એટલી બધી તીવ્ર વૈરાગ્યદશાને પામ્યા હતા કે એ વસ્ત્ર હું શિયાળામાં પહેરીશ એવો વિચાર સરખોયે તેમણે કદી કર્યો ન હતો. તે વસ્ત્ર તેર મહિના સુધી પ્રભુના ખભા પર પડી રહ્યું હતું. ગમે તેવી સખ્ત

ટાઢ હોય, તો પણ પ્રભુ કદી હાથ સંકોચતા નહિ, સખ્ત ઉનાળો હોય, છતાં પ્રભુ તે સ્થળે ખુલ્લા પગે ઉભા રહી તપ કરતા હતા. દીક્ષા વખતે પ્રભુને કરવામાં આવેલા સુગંધી દ્રવ્યના વિલેપથી ભમરા, મધમાખ વગેરે અનેક જંતુઓ ચાર માસ સુધી ડંખ મારી લોહી ચૂસતા હતા, છતાં શ્રી પ્રભુએ તેમને ઉડાડવાનો જરા પણ પ્રયાસ કર્યો ન હતો.

ભગવાન કોઈ વખત નિર્જન ઝુંપડાઓમાં, પાણી પીવાની પરબોમાં, લુહાર વગેરેની કોઢોમાં, અથવા ઘાસની ગંજીઓ નીચે રહેતા; કોઈ વખતે બાગમાં, પરામાં કે શહેરમાં રહેતા, અને કોઈ કોઈવાર સ્મશાન, નિર્જન સ્થળ, ઝાડ, ગુફાઓ વગેરે ઠેકાણે રહેતા, જ્યાં તેમને અનેક પ્રકારના પરિસહો પડતાં. જ્યારે પ્રભુ અનાર્ય દેશમાં ગયા હતા, ત્યારે તો તેમના પર આવેલા પરિસહો અવર્ણનિય હતા. અનાર્ય વસ્તી, ધર્મને કોઈ સમજે નહિ, એટલે પ્રભુ વહોરવા જાય તો આહારના બદલે માર, અને પાણીને બદલે પ્રહાર મળતો. પ્રભુની પાછળ અનાર્ય લોકો કૂતરા દોડાવે, પ્રભુને કરડાવે, કોઈ લાકડી મારે, કોઈ પત્થર ફેંકે, એવી દશાને આ ક્ષમાસાગર પ્રભુ આત્મ કલ્યાણના સાધનભૂત ગણી આ સર્વ સમભાવે સહન કરે.

દેવોએ પણ પ્રભુને ધ્યાનથી ચળાવવા, સર્પના, વિંછીના, હાથીના, સિંહના એમ અનેક રૂપો કરી ખૂબ પરિસહ આપેલો, પણ કરૂણાસિંધુ શ્રી પ્રભુ એ સર્વ સહન કરતા.

ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં પ્રભુ મહાવીરના જીવે એક શય્યાપાલકના કાનમાં ઉનું ધગધગતું સીસું રેડાવ્યું હતું, તે મહાન નિકાચિત કર્મનો ઉદય પ્રભુને આ ભવમાં આવ્યો હતો. એકવાર પ્રભુ મહાવીર કાયોત્સર્ગ ધ્યાનમાં હતા, તેવામાં કોઈ એક ભરવાડ પોતાના બે બળદોને પ્રભુની સમીપમાં ચરતા મૂકી ચાલ્યો ગયો. બળદ ચરતા

ચરતા દૂર જતા રહ્યા. ભરવાડે આવીને પૂછયું, હે જોગી, મ્હારા બળદો કયાં છે? પણ ધ્યાનસ્થ પ્રભુ શાના ઉત્તર આપે! ભરવાડે ધાર્યું કે આ ધૂતારાએ જરૂર મારા બળદો સંતાડ્યા હશે, તેમ માની તેને ઘણો ક્રોધ ચડયો અને પ્રભુના કાનમાં વૃક્ષના ખીલા ઠોકયા. આથી પ્રભુને દારૂણ વેદના થઈ, છતાં પ્રભુએ તેના પર જરા પણ રોષ કર્યો નહિ. ઘણા દેવોએ તેમને સ્હાય આપવા માટે કહ્યું. પણ પ્રભુએ કહેલું કે તીર્થંકરો કોઇની સહાય ઇચ્છતા નથી. આવી રીતે પ્રભુએ સાડાબાર વર્ષ અને એક પખવાડીયા સુધી સખ્ત તપ જપ ધ્યાન ધર્યું. તેટલી મુદતમાં તેમણે માત્ર ૩૪૯ દિવસ જ આહાર લીધો હતો. એક ઉપવાસથી માંડીને છ છ માસ સુધીના ઉપવાસ કર્યા હતા. એક અભિગ્રહ પાંચ માસ પચીસ દિવસનો થયો હતો. જે ચંદનબાળાએ પૂરો કરાવ્યો હતો. આવી ઘોર તપશ્ચર્યા કરી પ્રભુ મહાવીર વૈશાક શુદિ ૧૦ મે જૂંભક ગામની બહાર આવેલી ઋજુવાલિકા નામની નદીના તટ ઉપર કૈવલ્ય જ્ઞાન, કૈવલ્ય દર્શનને પામ્યા. ત્યારબાદ જગત જીવોના કલ્યાણને માટે ઉપદેશ શરૂ કર્યો. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર તીર્થની સ્થાપના કરી અને જગતમાં અહિંસા, સત્ય, દયા, પરોપકાર, ક્ષમા, બ્રહ્મચર્ય, ઐકય એ ઉત્તમ તત્ત્વોનું સ્વરૂપ બતાવી જગતને કલ્યાણને પંથે વાળવાનો રસ્તો બતાવ્યો. પ્રભુ મહાવીર આ જૈનશાસનના છેલ્લા તીર્થંકર થયા. તેમના પરિવારમાં ઇંદ્રભૂતિ (ગૌતમ) પ્રમુખ ૧૪૦૦૦ મુનિ, ચંદનબાળા પ્રમુખ ૩૬૦૦૦ સાધ્વી, શંખજી, શતકજી પ્રમુખ ૧૫૯૦૦૦ શ્રાવક, સુલસા, રેવતી પ્રમુખ ૩૧૮૦૦૦ શ્રાવિકા, ૭૦૦ કેવળજ્ઞાની, ૭૦૦ વૈક્રેયી લબ્ધિધારી, ૧૩૦૦ અવધિજ્ઞાની, ૫૦૦ મનઃપર્યવજ્ઞાની, ૩૦૦ ચૌદ પૂર્વધારી વગેરે હતા. તેમણે જૈન ધર્મનો દેશ પરદેશમાં વિજય વાવટો ફરકાવ્યો અને ૩૦ વર્ષ કૈવલ્ય પ્રવર્જ્યામાં રહી પ્રભુ મહાવીર ૭૨ વર્ષની ઉમ્મરે આશો વદિ ૦)) ને દિવસે શુકલ ધ્યાનને ભાવતાં નિર્વાણપદને પામ્યા.

શ્રમણપણું અંગીકાર કર્યા પછી, મોક્ષ પ્રાપ્તિ થતા સુધીના ૪૨ ચાતુર્માસ ભ. મહાવીરે નીચેનાં સ્થળોમાં કર્યાં હતા. ૧ અસ્થિગ્રામે, ૩ પૃષ્ઠચંપામાં, ૧૨ વૈશાલી વાણીય ગ્રામમાં, ૧૪ નાલંદા–રાજગૃહમાં, ૬ મિથિલામાં, ૨ ભદ્રિકા નગરીમાં, ૧ આલંભિકા નગરીમાં ૧ અન્ય અનિશ્ચિત સ્થાને, ૧ શ્રાવસ્તિમાં ૧ અપાપા નગરીમાં.

છેલ્લું ચાતુર્માસ ભગવાને અપાપા નગરીમાં હસ્તિપાળ રાજાની શુલ્કશાળામાં કર્યું. તે વખતે પ્રભુએ પોતાનો નિર્વાણ સમય નજીકમાં આવ્યો જાણી સોળ પ્રહર સુધી અસ્ખલિત દેશના આપી, જે સાંભળવા અઢાર દેશના રાજાઓ હાજર હતા. આ દેશના પરથી ગણધર દેવોએ દ્વાદશાંગી સૂત્રોની રચના કરી હતી.

## ૧૭૮ મહાશતક.

રાજગૃહિ નગરીમાં મહાશતક નામે ગાથાપતિ હતા. તે મહા ઋદ્ધિવંત હતા, તેમને રેવતી પ્રમુખ તેર સ્ત્રીઓ હતી. એકદા પ્રભુ મહાવીર પધારવાથી મહાશતક વંદન કરવા ગયા. પ્રભુના સદ્બોધથી તે વૈરાગ્ય પામ્યા અને પ્રભુ પાસે બારવ્રત અંગીકાર કરી ધર્મધ્યાન કરવા લાગ્યા. દિવસ અને રાત્રિનો ઘણો ભાગ મહાશતક ધર્મધ્યાનમાં વીતાવતા હોવાથી રેવતીને આ ગમતું નહિ, તેમજ અધુરામાં પુરૂં તેને શોકયોનું પણ પૂરેપૂરૂં સાલ હતું. તેથી તે મહાશતક સાથે સંપૂર્ણ સુખ ભોગવી શકતી ન હતી. બીજી સ્ત્રીઓ પ્રત્યે દિનપ્રતિદિન રેવતીની અદેખાઈ વધતી હતી, તેથી તેણે આ બારે સ્ત્રીઓને મારી નાખવાનો, અને તે દરેકની એકેક ક્રોડ સોનામ્હોરો અને ગોકુલ પોતાને સ્વાધીન કરી લેવાનો સંકલ્પ કર્યો. યોગ્ય વખતે બરાબર તક સાધીને આ રેવતીએ તેની બારે

શોકયોને, ઝેરી પદાર્થના પ્રયોગથી મારી નાખી, અને સર્વ લક્ષ્મી પોતાને સ્વાધીન કરીને તે મહાશતક સાથે સુખ ભોગવવા લાગી.

રેવતી એકલી રહેવાથી અને તેને ખૂબ પૈસો મળવાથી તે છકી ગઈ, એટલું જ નહિ પણ તે સ્વચ્છંદી બનીને દારૂ, માંસ ઈત્યાદિની પણ વ્યસની બની ગઈ. એક વાર રાજા શ્રેણિકે રાજગૃહિ નગરીમાં ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે મારા રાજ્યમાં કોઈએ પંચેંદ્રિય જીવોની હિંસા કરવી નહિ. આથી માંસભક્ષી રેવતીને ઘણું લાગી આવ્યું. પોતાને માંસ ખાવાનું વ્યસન, તે વગર ચાલે જ નહિ. એટલે તે પોતાની ગોશાળા (ગોકુલ)માંથી રોજ બબ્બે ગાયોને કપાવી તેનું માંસ ભક્ષણ કરવા લાગી.

વખત જતાં મહાશતક ગૃહ કારભાર પોતાના પુત્રને સોંપી, નિવૃત્ત બની પૌષધશાળામાં ધર્મધ્યાન કરવા લાગ્યા. રેવતી એક વખત મદિરાપાન કરીને, વિષયાસક્ત બની પૌષધશાળામાં મહાશતક પાસે આવી, અને તેણે પોતાની સાથે ભોગ ભોગવવાનું મહાશતકને આમંત્રણ કર્યું. મહાશતક ધર્મ કાર્યમાં લીન હતા. તેમણે રેવતીને કંઈ પણ ઉત્તર આપ્યો નહિ. રેવતી તો વધારે વિક્રાલ બનીને વારંવાર મહાશતકને ભોગ ભોગવવાનું કહેવા લાગી. છતાં મહાશતક કંઈ પણ બોલ્યા નહિ. અંતે નિરાશ થઈને રેવતી ત્યાંથી ચાલી ગઈ. સમય જતાં મહાશતકે ૧૧ પ્રતિમા ધારણ કરી, તપ કરતાં તેમનું શરીર દુર્બળ થયું એટલે મહાશતકે સંથારો કર્યો. આત્માના શુભ ધ્યાનમાં પ્રવર્તતાં મહાશતકને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

ફરી પાછી રેવતી, મદિરામાં ચકચુર બનીને મહાશતક પાસે આવી, અને પોતાની સાથે ભોગ ભોગવવાનું મહાશતકને કહ્યું. મહાશતકે જવાબ ન આપ્યો. તેથી વારંવાર તે કહેવા લાગી. આથી મહાશતકને ક્રોધ ચડયો, તેમણે રેવતીને કહ્યું, હે માંસભક્ષી રેવતી, આજથી તું સાતમે દિવસે રોગગ્રસ્ત થઈને મરણ પામીશ, અને

પહેલી નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ ઉપજીશ. આ સાંભળી રેવતી દિન બની ગઈ, અને ભયભીત બની કલ્પાંત કરવા લાગી. પરિણામે તે રોગગ્રસ્ત બની. સાત રાત્રિ થતાં તે મરણ પામી, અને પહેલી નરકે ગઈ.

તે સમયે પ્રભુ મહાવીર પધાર્યા. 'મહાશતકે રેવતી પ્રત્યે વાપરેલા અઘટિત શબ્દો શ્રાવકને બોલવા કલ્પે નહિ' તે વાત મહાશતકને કરવા અને તેનું પ્રાયશ્ચિત લેવડાવવા માટે શ્રી ગૌતમને મહાશતક પાસે મોકલ્યા. ગૌતમને દેખી મહાશતકે વંદન કર્યું. શ્રી ગૌતમે અઘટિત શબ્દોનું મહાશતકને પ્રાયશ્ચિત કરાવ્યું. મહાશતક પ્રાયશ્ચિત લઈ વિશુદ્ધ થયા. અનુક્રમે ધર્મનું યથાયોગ્ય આરાધન કરી, એક માસનો સંથારો ભોગવી મહાશતક કાળ કરીને પહેલા દેવલોકમાં ગયા. ત્યાંથી તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી મોક્ષ ગતિને પ્રાપ્ત કરશે.

## ૧૭૯ મહાસેન કૃષ્ણાકુમારી

તે રાજગૃહિના શ્રેણિક રાજાની રાણી અને મહાસેન કુમારની માતા હતી. પુત્ર મરણના શોકથી કાલી રાણીની માફક તેણે મહાવીરદેવ પાસે ચારિત્ર લીધું; અને વર્ધમાન તપ શરૂ કર્યો. તે એવી રીતે કે:-૧ આયંબિલ, ૧ ઉપવાસ, ૨ આયંબિલ ૧ ઉપવાસ એમ આયંબિલમાં એકેક વધે અને તે ઉપર ૧ ઉપવાસ કરે, એમ ૧૦૦ આયંબિલ એક સાથે કર્યાં. બીજો તપ પણ ઘણો કર્યો. ચંદનબાળા ગુરૂણીને પૂછી તેમણે સંથારો કર્યો; સંથારામાં શિખેલા ૧૧ અંગની સજ્ઝાય (સ્વાધ્યાય) કરતાં, એક માસના અનશનને અંતે ૧૭ વર્ષ ચારિત્ર પાળી તેઓ મોક્ષમાં ગયા.

## ૧૮૦ મુનિસુવ્રત સ્વામી

વીસમા તીર્થંકર, રાજગૃહ નગરના સુમિત્ર રાજાની પદ્માવતી રાણીની કુક્ષિમાં, દશમા પ્રાણત દેવલોકમાંથી ચ્યવીને શ્રાવણ શુદિ પૂનમે ઉત્પન્ન થયા. માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. ગર્ભકાળ પુરો

થયે જ્યેષ્ઠ વદિ અષ્ટમીએ પ્રભુનો જન્મ થયો. ૫૬ કુમારિકા દેવી-ઓએ સૂતિકાકર્મ કર્યું. ઈંદ્રોએ જન્મોત્સવ ઉજવ્યો. ગર્ભસમય દરમ્યાન સુમિત્ર રાણી સારાં વ્રતવાળા થયા હતા, તે પરથી પુત્રનું 'મુનિસુવ્રત' એવું નામ પાડયું. યૌવન પ્રાપ્ત થતાં મુનિ સુવ્રતકુમારે પ્રભાવતી આદિ અનેક રાજકન્યાઓ સાથે પાણીગ્રહણ કર્યું. પ્રભાવતીને એક સુવ્રત નામે પુત્ર થયો હતો. સાડા સાત હજાર વર્ષની ઉંમરે મુનિસુવ્રત પિતાની ગાદીએ બેઠા. સાડા સાત હજાર વર્ષ રાજ્ય ભોગવ્યું. તે પછી વરસી દાન આપી તેમણે એક હજાર પુરુષો સાથે ફાગણ શુદિ આઠમે સંયમ ગ્રહણ કર્યો. ૧૧ માસ છદ્મસ્થપણામાં રહ્યા પછી પ્રભુને ફાગણ વદિ બારશે કૈવલ્યજ્ઞાન થયું.

મુનિસુવ્રત સ્વામીના સંઘ પરિવારમાં ૩૦ હજાર સાધુઓ, ૫૦ હજાર સાધ્વીઓ, ૧૭૨ હજાર શ્રાવકો અને ૩૫૦ હજાર શ્રાવિકાઓ હતા. ૧૫૦૦૦ વર્ષ ચારિત્ર પાળી ૩૦ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી એક માસના અનશને, સમેતશિખર પર એક હજાર પુરુષો સાથે પ્રભુ જેઠ વદિ ૯ના રોજ સિદ્ધ થયા.

---

## ૧૮૧ મૃગાપુત્ર. (વૈરાગ્યવંત)

સુગ્રીવ નામનું નગર હતું. ત્યાં બળભદ્ર નામે રાજા હતો. તેની રાણીનું નામ મૃગાવતી. તેને એક પુત્ર થયો. નામ મૃગાપુત્ર. રાજ્યની સમૃદ્ધ સામગ્રીઓના ઉપભોગથી વૃદ્ધિ પામતા મૃગાપુત્ર બાલ્યાવસ્થા વીતાવી યુવાવસ્થાને પામ્યા. ત્યારે તેઓ અનેક રાજકન્યાને પરણ્યા અને તેમની સાથે સુખ ભોગવતા સમય પસાર કરવા લાગ્યા.

મધ્યાન્હનો સમય છે, મૃગાપુત્ર જમી પરવારી પોતાના રાજ્ય મહેલની એક અટારીમાં બેસી નગરની ચર્ચા જોઈ રહ્યા છે, આવતાં જતાં મનુષ્યો તરફ નિહાળે છે. તેવામાં ત્યાં આગળથી પસાર થતાં એક મહાન આત્મ યોગી મુનિવર તેમના જોવામાં આવ્યા. મુનિની

ચાલવાની શાંત ગતિ, તેમનો પહેરવેશ, તેમનું ચળકતું લલાટ જોઈ મૃગાપુત્ર તે મુનિના સામે અનિમેષ નેત્રે જોઈ જ રહ્યા. પૂર્વ સંસ્કારના બળે મૃગાપુત્રને લાગ્યું કે પૂર્વે મેં આવું સ્વરૂપ ક્યાંક જોયું છે. મુનિ સ્વરૂપના ભાવ ચિંતવતા ચિંતવતા મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવમાં પોતે પાળેલું ચારિત્ર યાદ આવ્યું. સંસાર ઉપર તત્કાળ તેમને અરૂચિ થઈ. અને જન્મ મરણના ફેરાથી મુક્ત થવાનો તેમણે દૃઢ સંકલ્પ કર્યો. તરતજ તેઓ માતપિતા પાસે આવ્યા અને કહ્યું: હે માતા પિતા, મ્હને પૂર્વ ભવનું સ્મરણ થયું છે. તિર્યંચયોનિમાં જન્મી મેં ઘણા ઘણા દુઃખો ભોગવ્યાં છે. અને ચારિત્ર પાળવાથી હું મનુષ્યભવ પામ્યો છું; એટલે મહાન પુણ્યના પરિબળે પ્રાપ્ત થયેલો આ મનુષ્ય ભવ હું સંસારના રાગ, રંગ, મોહ માયામાં વેડફી દેવા માગતો નથી. હું સંસાર ભયથી ત્રાસ પામ્યો છું, માટે મ્હને દીક્ષા લેવાની રજા આપો. વળી અત્યારે જે સુખ હું ભોગવું છું તે પણ ક્ષણિક અને અસ્થિર છે. આ રાજવૈભવ, બાદશાહી મહેલાતો, અખૂટ ધન, ધાન્યના કોઠારો, બાગ, બગીચાઓ, સોનું, રૂપું, હીરા, માણેક, સ્ત્રી, પુત્ર, ભાઈબહેન, એમાંની એક પણ ચીજ સાથે આવવાની નથી. આ શરીર પણ સાથે આવવાનું નથી. માત્ર જીવે કરેલાં પાપ અને પુણ્યજ પરભવે જીવના સાથી છે. વળી જેમ કોઈ ઘરમાં આગ લાગી હોય, અને સોનું રૂપું હીરા માણેક કે જે કાંઈ સાર વસ્તુઓ કાઢી લેવામાં આવે છે, તેમ આ સંસારમાં પણ જન્મ, જરા, મૃત્યુનો દાવાનળ સળગી રહ્યો છે. અને હવે સમજ્યા પછી એક ક્ષણ હું તેમાં આસક્ત રહેવા ઈચ્છતો નથી. માટે હે માતાપિતા, મને સહર્ષ દીક્ષા લેવાની રજા આપો.

માતાપિતા બોલ્યા:—હે પુત્ર, તું સુકોમળ છે, તેં હજુ તડકો છાંયડો જોયો નથી. ચારિત્ર પાળવું ઘણું દુષ્કર છે. ચારિત્ર એ તરવારની ધાર જેવું છે, લોઢાના ચણા ચાવવા બરોબર છે. એક અગાધ

જળનો સમુદ્ર ભુજા વડે તરવો દુષ્કર, તેમ સંસારરૂપી સમુદ્ર તરવો ઘણો જ કઠિન છે. સંયમ માર્ગમાં આવતાં ઉપસર્ગો, પરિષહો એ ભયાનક છે. ગરમ પાણી પીવું, જમીનપર સૂઈ રહેવું, તાપમાં ઉઘાડા પગે ફરવું, ટાઢમાં પૂરતાં વસ્ત્રો ન મળે, માથે કેશનો લોચ કરવો, છકાય જીવની દયા પાળવી, સત્ય બોલવું, રજા વગર એક સળી સરખી પણ ન લેવાય, આ યૌવનકાળમાં બ્રહ્મચર્ય પાળવું, સર્વ પરિગ્રહ, માયા, મમતા, મોહનો ત્યાગ કરવો, ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ ડાંસ, મચ્છર, સર્પ આદિના પરિસહો ત્હારાથી સહન નહિ થઇ શકે; માટે હે પુત્ર, દીક્ષા લેવાનું મુલતવી રાખી આ વિપુલ ભોગ સાધનો મળ્યાં છે, તેને સુખપૂર્વક ભોગવો, અને વૃદ્ધાવસ્થા પામતા ખુશીથી સંયમ માર્ગને ગ્રહણ કરજો. મૃગાપુત્રે જવાબ આપ્યો. હે માતાપિતા, મળેલી સર્વ સામગ્રીનો ત્યાગ કરવો તેમાંજ ખરી વીરતા–ત્યાગ ભાવના રહેલી છે. વળી મનુષ્યથી અનંતગણી રિદ્ધિ દેવગતિમાં આ જીવે અનેકવાર મેળવી છે. તેનાથી પણ આ જીવ ધરાયો નથી તો આ ક્ષણિક રિદ્ધિ, ભોગ ઉપભોગોથી શું ધરાવાનો હતો? જેના હૃદયકબાટો, જ્ઞાનચક્ષુઓ ખુલી ગયાં છે, જે દઢ છે, નિસ્પૃહિ છે તેને જગતમાં કંઈ પણ મુશ્કેલ હોતું નથી; માત્ર આત્મબળની દિવ્ય જ્યોત પ્રકાશતાં બધી મુશ્કેલીઓ, ઉપસર્ગોનો અંત આવી જાય છે. વળી હે માતા, આ જીવે કયાં દુઃખ સહન નથી કર્યું? નારકી તિર્યંચ અને મનુષ્ય ગતિના અનંત દુઃખો આ જીવે અનંતવાર ભોગવ્યા છે. નર્કની ધગધગતી કુંભીમાં અનંતવાર પડયો છું, વાળુકા નદીની અગ્નિ જેવી ધગધગતી રેતીમાં મને અનંતીવાર બાળ્યો છે, ઝાડ ઉપર ઉંધે મસ્તકે બાંધી પરમાધામીઓએ મને કરવત વડે કાપ્યો છે. કાંટાવાળા શાલ્મલી વૃક્ષ સાથે બંધાઇ ઘણી વેદના મેં ભોગવી છે. શેરડીની માફક મને ઘાણીમાં પીલ્યો છે, તરવાર, ભાલા ફરસી વડે મારા રાઈ રાઈ જેવડા ટુકડા કર્યાં છે. એ વખતે મારો આક્રંદ, મ્હારો વિલાપ કોણ સાંભળે માતા? ગાડા સાથે જોતરાઇને, હળ સાથે ઘસડાઇને, પાણીને

બદલે ધગધગતા ત્રાંબા સીસાના રસ પીને, આહારને બદલે મ્હારા શરીરનું માંસ ખાઇને, મેં અનંતી વેદના ભોગવી છે. એ અપાર દુઃખનું વર્ણન શું કરૂં માતા ? મ્હારા આત્માનું તમે ભલું ઇચ્છતા હો, મ્હને એવા દુઃખોમાંથી બચાવવા માગતા હો, તો હે માતાપિતા, મ્હને આનંદપૂર્વક દીક્ષિત થવા દ્યો.

મૃગાપુત્રનો અપૂર્વ વૈરાગ્ય, ત્હેના અંતરની સંસારભયની ઉદ્વેગતા, તેના ચારિત્રની હિંમત એ વગેરેથી તેના માતા પિતા ખુશ થયા અને દીક્ષાની રજા આપી.

મૃગાપુત્ર દીક્ષિત થયા, સર્વ સુખ વૈભવોનો તેમણે ત્યાગ કર્યો અને આત્મ ધ્યાનમાં વિચરવા લાગ્યા. ઉગ્ર તપશ્ચર્યા, અખંડ સંયમ સાધના, વિશુદ્ધ ક્રિયાઓ વડે જીવનનું શ્રેય સાધતાં સાધતાં, ક્ષપક શ્રેણિમાં પ્રવેશી મૃગાપુત્ર કૈવલ્યજ્ઞાન, કૈવલ્ય દર્શનને પામ્યા અને લોકાગ્રે સિદ્ધ થયા.

---

## ૧૮૨ મૃગલોઢીઓ ( મૃગાપુત્ર ૨ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં શતદ્વાર નામની નગરી હતી. તે નગરીને સો દરવાજા હતા. તેમાં ધનપતિ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરના અગ્નિ ખૂણામાં વિજય વર્ધમાન નામનું ગામ હતું. તે ગામમાં એકાઈ રાઠોડ નામે ઠાકોર હતો. તેના નીચે બીજા પાંચસો ગામ હતા. એક્કાઈ રાઠોડ ઘણો ક્રૂર, જુલ્મી અને અધર્મી હતો. તે પાપ કે પુણ્યને ગણતો જ નહિ. તે રૈયતને નીચોવી, અન્યાયથી કર ઉઘરાવી પૈસા એકઠા કરવાનું જ માત્ર શીખ્યો

હતો, એટલું જ નહિ પણ ગામમાં ચોરીઓ કરાવી, રસ્તે જતાં લોકોને લુંટી, પોતાની તિજોરીમાં ધન ભેગું કરતો. પ્રજા તેનાથી ત્રાસ ત્રાસ પોકારી રહી હતી. છતાં તે બેપરવાહ બનીને પ્રજાને નિર્ધન બનાવી, દુઃખી કરતો અને પોતે સ્વછંદપણે મોજ શોખ કરી દિવસો વીતાવતો હતો. એકવાર આ એકાઈ રાઠોડના શરીરમાં સોળ પ્રકારના મહા રોગ ઉત્પન્ન થયા, રાઠોડ દુઃખથી પીડાવા લાગ્યો. ગામમાં ઢંઢેરો પીટાવી ઘણા વૈદ દાક્તરોને ઉપચાર અર્થે તેણે તેડાવ્યા, પરંતુ તેનો એક પણ રોગ મટયો નહિ. મહાવેદના પામી, અઢીસો વર્ષનું આયુષ્ય ભોગવી તે પાપકર્મના ઉદયથી મરણ પામીને રત્નપ્રભા નામે પહેલી નરકમાં ગયો.

ત્યાંથી નીકળીને, તે મૃગાગામ નામના નગરમાં વિજયક્ષત્રિય રાજાની મૃગાવતી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાં જ મૃગાવતી રાણીના શરીરમાં અતુલ વેદના થઈ. જે દિવસે મૃગાવતીના શરીરમાં આ ગર્ભ આવ્યો, તેજ દિવસથી વિજયક્ષત્રિય રાજાની પ્રીતિ મૃગાવતી ઉપરથી ઓછી થઈ. મૃગાવતીએ વિચાર કર્યો કે રાજા મારાપર પહેલાં ઘણી જ પ્રીતિ રાખતા. પરંતુ જ્યારથી આ ગર્ભ પેટમાં આવ્યો છે, ત્યારથી રાજાની મારા પર અપ્રીતિ થઈ છે, માટે આ ગર્ભને ઔષધ વગેરેથી પાડી નાખવો, એમ ધારી તે ગર્ભપાતને માટે ઘણા ઉપચારો કરવા લાગી, છતાં ગર્ભપતન થયું નહિ, તેથી તે ઉદાસીન ભાવે રક્ષણ કરવા લાગી.

તે બાળકને ગર્ભાવસ્થામાંથી ભસ્માગ્નિ નામનો રોગ થયો હતો. તેથી બાળક જે વસ્તુનો આહાર કરે તે વસ્તુ તત્કાળ વિધ્વંસ થઈને રક્ત ( લોહી ) થઈ જાય. નવ માસ પૂર્ણ થતાં મૃગાવતીએ તે પુત્રને જન્મ આપ્યો. નામ મૃગાપુત્ર. જન્મતાંજ તે આંધળો, બ્હેરો, મુંગો, અંગોપાંગ રહિત, માત્ર ઈંદ્રિયોના આકાર રુપે હતો. આવું ભયંકર બાળક જોઇને મૃગાવતીએ ભયભીત બની, ત્રાસ પામીને તેને ઉકરડામાં ફેંકી દેવાનો વિચાર કર્યો.

રાજાને વાત જણાવી. પ્રથમનો જ આ પુત્ર હોવાથી તેને મારવાથી બીજા બાળકો નહિ જીવે, એમ રાજાએ અભિપ્રાય આપવાથી પતિની આજ્ઞા માની રાણી તેનું રક્ષણ કરવા લાગી.

મૃગાવતીએ તે બાળકને એક ભોંયરામાં રાખ્યું, અને રોજ તેને આહાર આપવા લાગી. બાળક આહાર કરે કે તરત જ તે લોહી થઈ જાય, અને ફરી તે લોહીનો બાળક આહાર કરે. આવી દુર્ગંધમય નર્ક સમાન સ્થિતિ ભોગવતો આ કુમાર દિવસો વ્યતીત કરતો હતો.

એકદા પ્રસ્તાવે શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુ મૃગા ગામના ચંદનપાદપ નામના ઉદ્યાનમાં પધાર્યા. વિજયરાજા અને પરિષદ્ વંદન કરવા આવી. તે વખતે તે ગામમાં રહેતો એક જન્માંધ ભીખારી, જેના મ્હોંપર પુષ્કળ માંખીયો બણબણતી હતી તે પોતાની સાથેના એક દેખતા માણસની સહાયથી પ્રભુની સભામાં આવ્યો. પ્રભુએ બધાને ધર્મદેશના આપી. સૌ વંદન કરી પોતપોતાના સ્થાનકે ગયાં.

તે સમયે પ્રભુના પટ્ટ શિષ્ય શ્રી ગૌતમસ્વામી પેલા અંધ માણસને દેખી ઉત્પન્ન થયેલા વિચારોનો નિર્ણય કરવા પ્રભુ પાસે આવ્યા. તેમણે વિનયપૂર્વક પૂછ્યું. હે પ્રભુ, બીજી કોઈ સ્ત્રીએ પેલા જન્માંધ માણસની જેમ બીજા કોઈ એવા બાળકને જન્મ આપ્યો છે ? પ્રભુએ કહ્યું. હા, દેવાનુપ્રિય. આ ગામમાં વિજયક્ષત્રિય રાજાને ત્યાં મૃગાવતી રાણીને એક પુત્ર અવતર્યો છે. જે જન્મથી આંધળો, બ્હેરો, મુંગો, લુલો છે, જે પોતાના શરીરનાં માંસ લોહી ઈત્યાદિનો વારંવાર આહાર કરે છે. વળી તેને એક ગુપ્ત ભોંયરામાં રાખવામાં આવ્યો છે. ગૌતમસ્વામીને આ કથન સાંભળવાથી તેને જોવાનો વિચાર થયો અને પ્રભુની આજ્ઞા મેળવી તેઓ મૃગાવતીને ત્યાં ગયા.

શ્રી ગૌતમસ્વામીને દેખી મૃગાવતી આનંદ પામી. પ્રેમપૂર્વક નમસ્કાર કરી આગમનનું કારણ પૂછયું. શ્રી ગૌતમે મૃગાવતીના પુત્રને જોવાની ઇચ્છા જણાવી. મૃગાવતીએ પોતાના બીજા ચાર પુત્રોને તેમની પાસે લાવી બતાવ્યા. ગૌતમે કહ્યું:–આ પુત્રો નહિ, પરંતુ તમે જે ગુપ્ત ભોંયરામાં રાખ્યો છે, તેને જોવાની મ્હારી ઇચ્છા છે. મૃગાવતી આશ્ચર્ય પામી. વાત ક્યાંથી જાણી, તે પૂછયું. ગૌતમે જવાબ આપ્યો:–મ્હારા ધર્માચાર્ય ત્રિકાળજ્ઞાની શ્રી મહાવીર પ્રભુના કહેવાથી. મૃગાવતીએ બતાવવા કહ્યું અને પોતાની પાછળ પાછળ વસ્ત્ર આડું રાખીને આવવા જણાવ્યું. મૃગાવતી એક ન્હાની ગાડી લઈ તેમાં ખાવાની વસ્તુઓ મૂકી ખેંચતી ખેંચતી ભોંયરામાં દાખલ થઈ. ગૌતમસ્વામી પણ તેની પાછળ પાછળ ચાલ્યા અને તેઓ બાળક પાસે આવ્યાં. બાળકની સ્થીતિ જોતાં જ ગૌતમસ્વામી ચમકયા અને કર્મના અચળ સિદ્ધાંત પર વિચાર કરવા લાગ્યા. પૂર્વભવમાં આ મૃગાપુત્રે મહાન પાપ કર્મ ઉપરાજ્યું હશે જેના વડે આ નારકી જેવું દુઃખ ભોગવે છે. ત્યાર બાદ ગૌતમસ્વામી ત્યાંથી પ્રભુ પાસે ગયા. સર્વ વાત વિદિત કરી. મૃગાપુત્રનો પૂર્વભવ પૂછયો. પ્રભુ મહાવીરે તેનો પૂર્વભવ ( શરૂઆતની વાર્તામાં કહ્યો તે ) કહી સંભળાવ્યો. ત્યાર પછીની સ્થીતિ શ્રી ગૌતમે પૂછી. શ્રી પ્રભુએ ઉત્તર આપ્યો:–હે ગૌતમ, મૃગાપુત્ર ૨૬ વર્ષનું આયુષ્ય ભોગવી સિંહ થશે, ત્યાંથી પહેલી નરકે જશે. ત્યાંથી ચ્યવી તે ઘો (નોળીયો) થશે. ત્યાંથી બીજી નરકમાં જશે, ત્યાંથી પક્ષી થશે, ત્યાંથી ત્રીજી નરકમાં જશે, એમ સાત નરક સુધી જશે. એમ અનંત સંસાર પરિભ્રમણ કરતાં કરતાં મનુષ્ય જન્મમાં આવીને દીક્ષા લેશે અને પહેલા દેવલોકમાં જશે. ત્યાંથી ચ્યવી આખરે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી મોક્ષગતિને પામશે.

———

## ૧૮૩ મૃગાવતી.

તે વિશાળા નગરીના ચેટક રાજાની પુત્રી હતી. તેને કૌશાંબી નગરીના રાજા શતાનિક સાથે પરણાવી હતી. સતીઓની પ્રશસ્તિમાં તેમનું નામ મુખ્ય છે. એકવાર કોઈ એક ચિત્રકારે મૃગાવતીના સુશોભિત દેહનું સ્વરુપ ચીતરીને ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતને બતાવ્યું, આથી કામમાં હમેશાં અંધ છે એવા ઉજ્જયિની પતિએ કૌશાંબી ઉપર ચડાઈ કરી, તે વખતે શતાનિક રાજા ભયનો માર્યો અતિસાર રોગથી મૃત્યુ પામ્યો. મૃગાવતીએ સમયસૂચકતા વાપરી ચંડપ્રદ્યોતને કહેવરાવ્યું કે હું તમારી સાથે જરુર લગ્ન કરીશ. કારણ કે ઉજ્જયિની જેવી મહાનગરીની હું પટ્ટરાણી બનું એવો અપૂર્વ લાભ કોણ ગૂમાવે? પરન્તુ મારો બાળપુત્ર ન્હાનો છે, જેથી તેને માટે કૌશાંબીનો કિલ્લો મજબૂત બનાવો, તેમજ ધન, ધાન્ય તથા હથિયારોથી શહેરને સમૃદ્ધ કરો, કે જેથી મારા પુત્રને કોઈ દુશ્મનો હરાવી ન શકે. પ્રદ્યોત્ રાજા મૃગાવતીના આ પ્રપંચમાં લોભાયો; અને શહેર બહારથી બધી તૈયારીઓ કરવા લાગ્યો. તે વખતે મૃગાવતીએ નગરીના દ્વાર બંધ કરાવી દીધા. ચંડપ્રદ્યોત્ પોતે છેતરાયો છે, એમ સમજી તે કૌશાંબીને ઘેરો ઘાલી પડયો.

આ સ્થિતિમાં મૃગાવતીએ હવે શું કરવું તેનો નિર્ણય કર્યો. મૂળથી જ તે સંસ્કારી અને ધર્મિષ્ઠ હોવાથી તેનામાં વૈરાગ્ય ભાવનાના આંદોલનો ખડા થયા. તેણીએ ભ. મહાવીર પાસે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. એજ અરસામાં પ્રભુ મહાવીર ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કૌશાંબીના ઉદ્યાનમાં આવી સમોસર્યા. વાયુવેગે પ્રભુ પધાર્યાની વાત શહેરમાં પ્રસરી ગઈ. આ વાત જાણી મૃગાવતીને અનહદ આનંદ થયો. તેણે નગરીના દ્વાર તરત જ ઉઘડાવી નાખ્યા અને તે પ્રભુ મહાવીરના દર્શને નીકળી. બીજી તરફ ચંડપ્રદ્યોત્ પણ પ્રભુની દેશનામાં આવ્યો. ભ. મહાવીરની અમૃત સરખી

દેશના સાંભળી તમામ જીવો પોત પોતાનું વૈર ભૂલી ગયા; તે મુજબ ચંડપ્રદ્યોતનો વિકાર અને મૃગાવતી પરનો ક્રોધ શાંત થઈ ગયો. દેશના સાંભળી મૃગાવતીએ પ્રભુને કહ્યું:—નાથ, આપની વાણી ખરેખર પતિતોનો ઉદ્ધાર કરનારી છે. પ્રભુ ! હું આપની પાસે સંયમ લેવા ઇચ્છું છું, તો રાજા ચંડપ્રદ્યોતની આજ્ઞા લઈને હું દીક્ષિત બનીશ. તરતજ મૃગાવતી ચંડપ્રદ્યોત્ પાસે આવી અને બોલી:— રાજન્, ત્હમે મારા પિતા તૂલ્ય છો, હું દીક્ષિત થવા ઇચ્છું છું. અને આ ઉદાયનકુમારને તમને સોંપું છું. આજ્ઞા આપો તો દીક્ષા લઉં. ગમે તેવા વિકારી અને પાપી મનુષ્યો સતીના શિયળના પ્રકાશ આગળ શાંત બની જાય છે તે મુજબ ચંડપ્રદ્યોત્ શાંત અને નિર્વિકારી બન્યો: તેણે કહ્યું: પુત્રી, ખુશીથી ત્હમે દીક્ષા લઈ જૈન માર્ગ દિપાવો. હું તમારા પુત્રનું રક્ષણ કરીશ. આ પ્રમાણે આજ્ઞા મળવાથી મૃગાવતીએ દીક્ષા લીધી. મૃગાવતી ચંદનબાળા સાધ્વીની શિષ્યા બની. ઉદાયનને કૌશાંબીના રાજ્યાસને સ્થાપી ચંડપ્રદ્યોત્ પોતાના વતનમાં ગયો.

એક વખત ચંદ્ર અને સૂર્યદેવ વિમાનમાં બેસી પ્રભુને વાંદવા આવ્યા હતા. તે વખતે ચંદનબાળા પણ મૃગાવતી સાથે પ્રભુવંદનાર્થે આવ્યા હતા. પોતાને ઉઠવાનો સમય જાણી ચંદનબાળા પોતાના ઉપાશ્રયે ગયા. પણ મૃગાવતી હજુ દિવસ છે એમ ધારી ત્યાંજ બેસી રહ્યા. ચંદ્રસૂર્ય ત્યાંથી વિદાય થયા કે તરત જ રાત્રી પડી, આથી ભય પામી મૃગાવતી શીઘ્ર ઉપાશ્રયે આવ્યા. તે વખતે ચંદન-બાળાએ મૃગાવતીને કહ્યું કે તમારા જેવી કુલિન સન્નારીને રાત્રે એકલાં બહાર રહેવું એ શું યોગ્ય છે? મૃગાવતીને પોતાની ભૂલનો પશ્ચાત્તાપ થયો. તેણે ચંદનબાળાની ક્ષમા માગી; છતાં પોતાની ભૂલનો ડાઘ હૃદયમાંથી ખસ્યો નહિ. મૃગાવતી વધુ પશ્ચાત્તાપ કરતાં શુભ ભાવનાએ ચડયાં અને ઘાતી કર્મનો ક્ષય થતાં જ તેમને

કૈવલ્યજ્ઞાન થયું. આ વખતે ચંદનબાળાની પથારી પાસેથી સપ જતો હતો, તે મૃગાવતીએ પોતાનાં દિવ્ય જ્ઞાન વડે જોયો, તેથી તેમણે ચંદનબાળાનો હાથ ઉંચો કર્યો. આથી ચંદનબાળાએ જાગૃત થઈ તેમ કરવાનું કારણ પૂછ્યુંઃ મૃગાવતીએ કહ્યું. આપની પથારી પાસે સર્પ હતો. ચંદનબાળા બોલ્યાઃ ત્હમે આ અંધારી રાત્રે કેમ જાણ્યું? મૃગાવતીએ વિવેકપૂર્વક જવાબ આપ્યો. મહાસતીજી, મ્હને આપના પ્રતાપે કેવળજ્ઞાન થયું છે. આ સાંભળી ચંદનબાળા ચમકયા અને વિચારવા લાગ્યા કે અહો, મેં કેવળીની આશાતના કરી. એમ ચિંતવતાં ચંદનબાળાને પણ કૈવલ્યજ્ઞાન થયું. કેટલોક સમય કૈવલ્ય પ્રવર્જ્યામાં ગાળી મૃગાવતી મોક્ષમાં ગયા.

## ૧૮૪ મેઘકુમાર.

સૌંદર્યસમી રાજગૃહી નગરીનો મહારાજા શ્રેણિક એક દિવસે સવારમાં પોતાના રાજ્યભુવનમાં સિંહાસન પર અત્યંત શોક સાગરમાં બેઠો હતો. તેની મુખમુદ્રા નિસ્તેજ જણાતી હતી. અને તે કોઈ મહાન કાર્ય પૂર્ણ કરવાના મનોરથોમાં મગ્ન હતો. તે સમયે અભયકુમાર નામનો મહાબુદ્ધિશાળી મંત્રી અને સુપુત્ર નિત્યનિયમ પ્રમાણે પિતાશ્રીના પાયવંદન કરવા આવ્યો. શોકમાં ગરકાવ થયેલા મહારાજાએ કુમારનો સત્કાર ન કર્યો. બુદ્ધિવાન કુમારે પિતાશ્રીની શોકજન્ય દશા નિહાળી અતિ નમ્રતાથી ઉદાસીનતાનું કારણ પૂછ્યું અને પોતાની અલ્પમતિ અનુસાર ઇષ્ટ કાર્ય સિદ્ધ કરવાનું વચન આપ્યું. મહારાજા શ્રેણિકે સર્વ વાત નિવેદન કરી.

તે ચિંતા શાની હતી? અભયકુમારની નાની માતા ધારિણી દેવીને ગર્ભાવસ્થામાં અકાળે મેઘ વરસતો જોવાની ઉત્કટ ઇચ્છા થઈ હતી, અને તે ઇચ્છા પૂર્ણ કરવા ચિંતાતુર હતી. અહર્નિશ આર્તધ્યાન ધ્યાતી, દિવસે દિવસે તે ક્ષીણ થતી જતી હતી. આ વાતની

દાસી દ્વારા રાજા શ્રેણિકને ખબર પડી. રાજા શ્રેણિક દોહદ+ પૂર્ણ કરવાનું ધારિણી રાણીને વચન આપીને પોતાના આવાસમાં ચિંતામગ્ન બેઠો હતો. પિતાને આશ્વાસન આપ્યા બાદ અભયકુમાર વિચારમાં પડયો. દેવતાની સ્હાય વગર માનવજાતિની મગદૂર નથી કે અકાળે મેઘ પૃથ્વી ઉપર વરસાવી શકે. અભયકુમારે પોતાના પૂર્વ પરિચય-વાળા પહેલા દેવલોકના સુધર્મ નામના દેવનું સ્મરણ કરવા પૌષધ શાળામાં જઈ અઠમ ભક્ત પૌષધ કર્યો. તપના પ્રભાવથી દેવનું આસન ચલિત થયું. દેવ આવ્યો અને પોતાને બોલાવવાનું કારણ પૂછયું. અભયકુમારે સર્વ વાત નિવેદન કરી. વચન આપી દેવ ગયો અને ધારિણી દેવીની ઇચ્છા મુજબ અકાળે મેઘની વૃષ્ટિ થઈ. ધારિણી રાણી શ્રેણિક રાજા સાથે નગર–ઉદ્યાન વગેરે સ્થળે ફરી, અને વરસાદથી ઉગેલી વનસ્પતિ વગેરેનું અનુપમ સૌંદર્ય નિહાળી સંતોષ પામી. દોહદ પૂર્ણ થયો અને તે આનંદથી ગર્ભનું રક્ષણ કરવા લાગી. સવા નવ માસે પુત્રનો જન્મ થયો. રાજ્યમાં સર્વત્ર આનંદ છવાઈ રહ્યો. ગર્ભમાં મેઘનો દોહદ ઉત્પન્ન થયો હતો, તેથી તેનું નામ **'મેઘકુમાર'** પાડવામાં આવ્યું. પાંચ ધાવમાતાએ અને અનેક દાસીઓના લાલનપાલન વડે કુમાર વધવા લાગ્યા. નવ વર્ષે કળાચાર્ય પાસે ભણવા મૂકયા અને ૭૨ કળામાં પ્રવીણ થયા. અનુક્રમે યૌવનાવસ્થા પામ્યા, ત્યારે તેમને અત્યંત સૌંદર્યવાન, યૌવનરસ ભરપુર એવી આઠ સ્ત્રીઓ પરણાવવામાં આવી. એક દેદિપ્યમાન, સુશોભિત રાજ્યભુવનમાં કુમાર તે સૌંદર્યમુગ્ધા રમણિઓના વિલાસમાં આનંદ ઉપભોગ કરવા લાગ્યા.

એકદા પ્રસ્તાવે શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતા રાજગૃહી નગરીના ઉદ્યાનમાં પધાર્યા. નગરજનોના ટોળેટોળાં પ્રભુમહાવીરના દર્શન કરવાને હર્ષાતુર વદને ઉદ્યાન તરફ

---

+ ડહોળો, ઇચ્છા.

જવા લાગ્યાં. સુખ વૈભવમાં મગ્ન રહેલા મેઘકુમારે રાજ્યભુવનની અટારીમાંથી આ દૃશ્ય જોયું. અનૂચરોને પૂછતાં જાણ્યું કે પ્રભુ મહાવીરના દર્શન કરવા માનવ મેદની જાય છે. મેઘકુમાર હર્ષ પામ્યા. સત્વર સ્નાન કરી વસ્ત્રાભુષણો પહેરી, સમુદાય સહિત પ્રભુના દર્શન કરવા નીકળ્યા. ઉદ્યાનમાં જઈ, એ ચરમતીર્થંકર શ્રી મહાવીર પ્રભુને ત્રણવાર પ્રદક્ષિણા દઈ મેઘકુમારે ભાવયુક્ત વંદન કર્યું. શ્રી જગન્નાયક દેવે શ્રુત, ચારિત્ર, ધર્મની દેશના આપી. મિથ્યાત્વ, અવ્રત, કષાયથી જીવ બંધાય છે અને જ્ઞાન ચારિત્રની વિશુદ્ધ ક્રિયાઓથી જીવ મુક્ત દશાને પામે છે, એવા પ્રભુના અપૂર્વ ઉપદેશથી પરિષદ્ રંજિત થઈ સ્વસ્થાનકે ગઈ. મેઘકુમાર પ્રભુની અદ્ભુત વાણી સાંભળી અત્યંત હર્ષ પામ્યા, અને નમસ્કાર કરી પ્રભુ પ્રત્યે બે હાથ જોડી બોલ્યાઃ—હે પ્રભુ, મને નિર્ગ્રંથના પ્રવચનની શ્રદ્ધા થઈ છે. તે પ્રત્યે સંપૂર્ણ રૂચિ થઈ છે. કિંતુ હે નાથ, મારા માતાપિતાની આજ્ઞા લઈને હું આપની પાસે દીક્ષિત થઈશ. એટલું કહી મેઘકુમાર ઉઠયા, પ્રભુને વંદન કર્યું અને પરિવાર સહિત સ્વસ્થાનકે ગયા.

ત્યાંથી મેઘકુમાર સત્વર માતાપિતા પાસે આવ્યા, અને સર્વ વાત નિવેદન કરી. દીક્ષા લેવાની વાત સાંભળતાં ધારિણીદેવીને પારાવાર દુઃખ થયું. ગાત્રો શિથિલ થવા લાગ્યાં, શરીર કંપવા લાગ્યું, અને પુત્ર વિયોગ થશે એવા દુઃખોત્પાદક વિચારોમાં એકદમ મૂર્છિત થઈને જમીન પર તે ઢળી પડી. દાસદાસીઓ એકઠાં થઈ શિતળ જળ છાંટી ઉપચાર કરવા લાગ્યાં. કેટલીક વારે તે સાવધ થઈને આક્રંદ અને વિલાપ કરતી મેઘકુમાર પ્રત્યે કહેવા લાગી. 'પ્રાણથી પણ અધિક પ્રિય હે પુત્ર, ત્હારો ક્ષણ માત્ર વિયોગ મારાથી સહન નહિ થઈ શકે, જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે, ત્યાં સુધી તમે આ મનુષ્ય સંબંધીના કામ ભોગ સુખે સુખે ભોગવો. આ વિપુલ રાજ્ય લક્ષ્મી, અનુપમ સૌંદર્યવાન લલનાઓના ઉપભોગમાં અમૂલ્ય માનવ

દેહનું સાર્થક કરો, અને ખડ્ગની ધાર સમાન કઠિન સંયમ માર્ગ ગ્રહણ કરવાના વિચારો છોડી દ્યો.'

મેઘકુમારે કહ્યું:–માતા, આ ક્ષણભંગુર મનુષ્ય દેહનો વિશ્વાસ શો? વિદ્યુતના ચમકારસમું; પાણીના પરપોટા જેવું, અને સંધ્યાના રંગ સરખું આ આયુષ્ય અસ્થિર છે, ક્ષણિક છે, અને આગળ કે પાછળ જરૂર આ નાશવંત શરીરને છોડયા વગર છૂટકો નથી જ. તો પછી અત્યારે જ એ સર્વ મોહ અને મમતા કેમ ન તજવાં? વળી મનુષ્યનું શરીર માત્ર દુર્ગંધનું જ ભાજન છે, તેમાં મળ, મૂત્ર, શ્લેષ્મ અને રૂધિરનો પાર નથી. માટે તે લલનાઓનાં અશૂચિ કામ ભોગોને તિલાંજલી આપવી, અને અનર્થનું મૂળ એવી લક્ષ્મીનો ત્યાગ કરવો એમાંજ ખરી વીરતા રહેલી છે. યમદૂતના દરબારમાં જતી વખતે તેમાંનું કશુંયે સાથે આવવાનું નથી; માટે એ કનક અને કાંતાનો ત્યાગ કરી અપૂર્વ સંયમ માર્ગમાં પ્રવૃત્ત થવાની મારી પરમ જીજ્ઞાસા છે. માટે હે માતા! મને સહર્ષ દિક્ષા લેવાની રજા આપો. અનેક પ્રકારની આશાઓ અને લાલચો આપવા છતાં, મેઘકુમારને તેના વિચારોમાંથી એક ડગ પણ હઠાવવા તેના માતાપિતા સમર્થ ન થયાં. તેથી માતાપિતાએ દીક્ષાની પરવાનગી આપી. પરંતુ પોતાના સંતોષને માટે એક દિવસનું રાજ્ય ભોગવવાની સરત, મેઘકુમારે કબુલ કરી. કૌટુંબિક પુરૂષોને બોલાવી મેઘકુમારને રાજ્યાભિષેક કર્યો. અનેક સૂવર્ણનું દાન કરી, એક દિવસનું રાજ્ય ભોગવી, સર્વ વસ્ત્રાલંકારો ઉતારી મેઘકુમારે પંચમુષ્ટિ લોચ કર્યો. એક પાલખીમાં બેસી રાજગૃહમાંથી નીકળી ગુણશિલ ઉદ્યાનમાં પ્રભુ મહાવીર પાસે તે આવ્યા અને રાજા શ્રેણિક તથા ધારિણી દેવીએ પ્રભુ મહાવીરને પુત્ર ભિક્ષા અર્પણ કરી. પ્રભુએ મેઘકુમારને દીક્ષિત બનાવી પોતાની પાસે શિષ્ય તરીકે રાખ્યા.

મેઘકુમારે સઝાય ધ્યાનમાં દિવસ પસાર કર્યો. રાત્રી થઈ અને નિયમ મુજબ તેમને સૂવાની પથારી સર્વ મોટા સાધુઓથી છેલ્લી, અને જવા આવવાના દ્વાર પાસેજ કરવામાં આવી. રાત્રિના વખતમાં

અનેક મુનિઓ વારંવાર લઘુનીતિ વગેરેના કાર્ય નિમિત્તે જતાં આવતાં દ્વાર પાસે સૂતેલા તે નવદીક્ષિત મુનિના શરીરની બરાબર વૈયાવચ્ચ થવા લાગી. એટલે જતાં આવતાં બંને વખત મુનિઓના પગનો સ્પર્શ મેઘકુમારને થતો. તેથી મેઘકુમારને બહુ દુઃખ થતું. નિરાંતે ઉંઘી શકાય નહિ, ઉંઘ આવવા લાગે કે તરત એકાદ મુનિના પગ મેઘકુમારના પગ સાથે અથડાય જ; તેથી તેમણે આખી રાત્રી ઉંઘ વિના દુઃખમાં જ પસાર કરી. પરિણામે અશુભ વિચારોએ તેમના હૃદયમાં સ્થાન લીધું. મેઘકુમારથી આ પરિષહ સહન ન થયો. તેમને ગૃહસ્થાવાસના સુખ સાંભર્યાં, અને કઠિન સાધુમાર્ગથી નિવૃત્ત થવાની આકાંક્ષા ઉત્પન્ન થઈ.

પ્રભાતે તેઓ પ્રભુ મહાવીરને વંદન કરવા આવ્યા. તત્ક્ષણ તે સર્વજ્ઞ પ્રભુએ મેઘકુમારે રાત્રિમાં કરેલાં અશુભ વિચારો કહી દીધાં. મેઘકુમારે તે કબુલ કર્યું. પ્રભુ મહાવીરે તેનો પૂર્વ ભવ વર્ણવતાં કહ્યું, હે મેઘકુમાર, તું પૂર્વભવમાં એક સર્વોપરિ હાથી હતો. અનેક હાથી અને હાથણીઓના સમૂહ વચ્ચે તું અભિમાન સહિત વસતો હતો. ગ્રીષ્મ રૂતુનો સમય હતો. એક વખત વનમાં દાવાનળ સળગ્યો. હાથી, હાથણીઓ અને અનેક પશુ પંખીયો ભયભ્રાંત થઈને આમતેમ નાસવા લાગ્યાં. ત્હારા ત્રીજા ભવમાં પણ આવીજ સ્થિતિ થયેલી હોવાથી તે તને યાદ આવી, અને ત્હારી વિશુદ્ધ લેશ્યાના શુભ પરિણામથી તને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ત્યારબાદ ત્યાંથી નાસીને એક જગ્યામાં આસપાસના તમામ વૃક્ષો તેં મૂળમાંથી ઉખેડી નાખ્યાં અને ઝાડ પાન વગરનું એક મેદાન તેં બનાવ્યું કે જ્યાં અગ્નિ પ્રસરી શકે નહિ. ત્યાં તે મેદાનમાં તું નિર્ભય રીતે રહ્યો. તે મેદાનમાં હાથી, સિંહ, વાઘ, શિયાળ વગેરે અનેક પ્રાણીઓએ આશ્રય લીધો. તે વખતે હે મેઘ, તારૂં શરીર ખણવા માટે તેં એક પગ ઉપાડયો. અનેક પ્રાણિયોની ગીચોગીચમાં અને જગ્યા માટે હલન ચલન થતાં, તારા પગ મૂકવાની જગ્યા નીચે એક સસલો આવી રહયો. શરીર ખણીને

તેં પગ નીચે મૂકવાનો વિચાર કર્યો, તેવામાં તે જગ્યાએ એક સસલો તારા જોવામાં આવ્યો. પ્રાણી જીવની મહાન દયાની ખાતર તેં તારો પગ નીચે ન મૂકતાં અધર રાખ્યો. હે મેઘ, તે જીવદયાના મહાન પ્રભાવે તેં તારો સંસાર કાપી નાખ્યો, અને મહાન રત્નચિંતામણિ સમાન અમૂલ્ય મનુષ્યભવનો બંધ કર્યો. તે વનદવ અઢી દિવસ સુધી રહ્યો. અને પછી શાંત થવાથી પ્રાણીઓ ફરવા લાગ્યા. સસલો પણ ત્યાંથી ખસી ગયો. આટલો વખત અધર પગે ઉભો રહેવાથી, તું નિર્બળ, અશક્ત બની ગયો. અને પગ નીચે મૂકતાની સાથે જ તું એકદમ નીચે ઢળી પડયો. અત્યંત વેદના પામી ત્યાં જ તું મરણ પામ્યો અને તે જીવદયાના પ્રતાપે તું મેઘકુમાર થયો. તિર્યંચના ભવમાં જ્યાં સમકિત પ્રાપ્તિની આશા પણ ન્હોતી, તે વખતે અપાર કષ્ટ વેઠીને તેં સમતા દાખવી ! તો ઉત્તમ કૂળમાં જન્મીને, અને જૈન ધર્મ પામીને સાધુ મુનિના હાથપગના સંઘર્ષણની અલ્પ કિલામના પણ હે મેઘ, તું સહન ન કરી શકયો તે કેટલા ખેદની વાત?

મેઘ મુનિ આશ્ચર્યમુગ્ધ બન્યા. ગતરાત્રિએ કરેલાં અશુભ વિચારોનો તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. આમ વિચાર કરતાં તેમને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તે વડે ભગવાનની વાત સત્ય માનીને વૈરાગ્ય ભાવનામાં ચડયા. પ્રભુ પાસે પુનઃ તેમણે દીક્ષા લીધી. સખ્ત તપ જપ ધ્યાન ધરી સર્વ નિર્ગ્રંથને ખમાવીને સંથારો કર્યો, એક માસનો સંથારો ભોગવી સમાધિ સહિત કાળ કરી તેઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવતાપણે ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને મોક્ષ જશે.

**ન્યાય—જેવી રીતે ભગવાન મહાવીરે મેઘકુમારને મધુર વચનથી સમજાવી સંયમમાર્ગમાં સ્થિર કર્યા, તેવીજ રીતે આચાર્યો કોઇપણ અવિનિત શિષ્યને મધુર વચનથી સમજાવી સંયમ માર્ગમાં સ્થિર કરે.**

---

# ૧૮૫ મેતાર્ય મુનિ.

ઉનાળાના સખ્ત તાપમાં મેતાર્ય નામના એક જૈન મુનિ ગૌચરી અર્થે રાજગૃહિ નગરીમાં નીકળ્યા છે. મુનિવર મહાન તપસ્વી અને સહનશીલતાનો અવતાર છે. એક માસના ઉપવાસ છતાં તેમનું તેજ, ગંભીરતા અને આત્મશ્રદ્ધા જોવાને તેવાજ સુદૃઢ છે. ભિક્ષાર્થે ફરતા ફરતા આ મેતાર્ય મુનિવર એક સોનીના ઘર પાસે થઇને જતા હતા. સોનીની દૃષ્ટિ આ સાધુ ઉપર પડી. સોનીએ ઉભા થઈ તેમને વંદન કરીને વહોરવાનું આમંત્રણ કર્યું. મુનિ આહાર માટે સોનીના ઘરમાં ગયા. સોની કોઈ ગ્રાહકને માટે સોનાની જવમાળા તૈયાર કરતો હતો. અને તે માટે તે સોનાના જવલાં બનાવતો હતો. મુનિને વહોરાવવા માટે કામ એમને એમ પડતું મૂકીને સોની રસોડામાં ગયો અને મુનિને પ્રેમપૂર્વક આહાર પાણી વહોરાવ્યાં. જે વખતે સોની આ મુનિને વહોરાવતો હતો, તે વખતે એક ક્રૌંચ નામનું પક્ષી સોનીના ઘરમાં આવ્યું અને પેલાં સોનાનાં બનાવેલાં જવલાં ચરી ગયું. પછી તે ઉડીને સામેના એક ઝાડની ડાળી પર બેસી ગયું. આ દૃશ્ય મેતાર્ય મુનિના જોવામાં આવ્યું. મેતાર્ય મુનિ આહાર લઇને બહાર નીકળ્યા.

હવે પેલો સોની મુનિને વહોરાવીને કામ હાથમાં લેવા જાય છે કે તરતજ પેલાં જવલાં તેના જોવામાં આવ્યાં નહિ. સોનીને શંકા થઈ કે જરૂર આ મુનિએ જવલાં લીધા હશે. તેથી તે મુનિ પાછળ દોડયો; મુનિ બહુ દૂર ન્હોતા ગયા તેથી સોની તરતજ મુનિને પકડી લાવ્યો અને તેમને કહેવા લાગ્યો:—હે મુનિ, મ્હારાં જવલાં ચોરી ને લઈ જાવ છો તે પાછા લાવો. મુનિ મૌન રહ્યા, ફરીવાર સોનીએ કહ્યું, છતાં મુનિ બોલ્યા નહિ. મેતાર્ય મુનિને લાગ્યું કે જો હું કહીશ કે આ ઝાડ પર બેઠેલું પક્ષી તારા જવલાં ચરી ગયું છે, તો જરૂર આ સોની આ બિચારા પક્ષીને મારી નાખશે. સોનીએ

ત્રીજીવાર મુનિ પાસે જવલાં માગ્યાં. છતાં મુનિ શાંત રહ્યા તેથી સોની વધારે ક્રોધાયમાન થયો. તેણે મુનિને ખૂબ માર માર્યો અને ચામડાની દોરીથી મુનિના હાથ પગ વગેરે મજબુત રીતે બાંધ્યા. પછી તેણે મુનિને જવલાં આપવાનું કહ્યું, પણ શાંતમૂર્તિ મુનિવરને તો પરિષહ સહન કરવાનો હતો. તેઓ પોતાના જીવ સમાન જ બીજા જીવોને પણ ગણતા હતા, તેથી તે સઘળું શાંતિથી સહન કરવા લાગ્યા. પછી સોનીએ મુનિને સખ્ત તાપથી ધગધગતી રેતીમાં બેસાડયા, અને તે માર મારવા લાગ્યો. સખ્ત તાપથી આ તપસ્વી મુનિનું શરીર ક્ષીણ થવા લાગ્યું, અને ચામડી ઉતરવા લાગી. માથામાં પણ ખાડા પડવા માંડયા. પરિણામે મેતાર્ય મુનિની ખોપરી ફાટી અને તડ દઈને અવાજ થયો. સોનીએ જાણ્યું કે હવે મુનિ મ્હારા જવલાં પાછા આપશે, પણ મુનિવર તો જેમ જેમ પરિસહ પડતો જાય તેમ તેમ સમભાવે સહન કરે, જરા પણ રોષ સોની ઉપર ન લાવે અને આત્માની અપૂર્વ ભાવનાનું સ્મરણ કરે. આવી રીતે આત્માની ઉચ્ચ દશાને ભાવતાં ત્યાંજ શ્રી મેતાર્ય મુનિ-વરને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. તેમનો અમર આત્મા દેહથી જુદો પડીને નિર્વાણપદને પામ્યો.

તેવામાં એક બાઈ માથે લાકડાંનો ભારો લઈને જતી હતી. અતિશય ભાર લાગવાથી તેણે તે ભારો સોનીના ઘર આગળ જોરથી પછાડયો. ભારો નીચે પડવાથી મોટો અવાજ થયો. જેથી પેલું ઝાડપર બેઠેલું ક્રૌંચ પક્ષી બીન્યું. તેનું મોઢું એકદમ પહોળું થઈ ગયું. આથી પેલાં ચરી ગયેલાં જવલાં તેના મોઢામાંથી બહાર નીકળી ગયાં અને નીચે પડયાં.

સોનીની નજર તરત જવલાં તરફ ગઈ. જવલાંને જોતાંજ તે દંડોગાર થઈ ગયો. મુનિને વિના વાંકે દુઃખ આપ્યા બદલ તે ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. સોનીને લાગ્યું કે મુનિવરને મારી નાખ્યાની

વાત જો રાજા જાણશે તો મારા બાર વાગી જશે. હાય ! હું હવે શું કરૂં ? એમ વિચારી તે સોનીએ મુનિ પાસે જઈ મેતાર્ય મુનિવરના કપડાં પહેરી લીધાં, અને દીક્ષિત બનીને તે ત્યાંથી ચાલી નીકળ્યો. સખ્ત તપ જપ કરી, સંયમ પ્રવર્જ્યા પાળીને તેણે પણ આત્માનું કલ્યાણ કર્યું. ધન્ય છે મેતાર્ય મુનિ જેવા મહાનુભાવી ક્ષમાશ્રમણને.

## ૧૮૬ મેતાર્ય ગણધર.

વચ્છદેશમાં આવેલાં તુંગિક ગામમાં વસતા કૌડિન્ય ગૌત્રના દત્ત નામના બ્રાહ્મણ અને વરૂણદેવા માતાના તેઓ પુત્ર હતા. ઉમર લાયક થતા વેદાદિ ૭ શાસ્ત્રમાં પ્રવિણ બની, તેઓ ૩૦૦ શિષ્યોના અધ્યાપક થયા. તેમને 'પરલોક છે કે નહિ' એ વિષયનો સંશય હતો, તે ભગવાન્ મહાવીરે દૂર કર્યો, આથી તેમણે પોતાના શિષ્યો સહિત ૩૭ વર્ષની ઉંમરે પ્રભુ પાસે દીક્ષા લીધી; અને ભ. મહાવીરના દશમા ગણધરપદે આવ્યા. ૧૦ વર્ષ છદ્મસ્થપણામાં રહ્યા, ૪૭ મા વર્ષમાં કૈવલ્યજ્ઞાન પામ્યા, ૧૬ વર્ષ કૈવલ્ય પ્રવર્જ્યામાં વિચરી એકંદર ૬૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ નિર્વાણ પામ્યા.

## ૧૮૭ મૌર્યપુત્ર ગણધર.

પ્રભુ મહાવીરના સાતમા ગણધર મૌર્યપુત્ર થયા. તેઓ કાશ્યપગોત્રના મૌર્યગામ નિવાસી મૌર્ય નામક બ્રાહ્મણના પુત્ર હતા. તેમની માતાનું નામ વિજયદેવા. તેઓ ચાર વેદ, ચૌદ વિદ્યાદિ અનેક શાસ્ત્રોમાં પારંગત હતા, અને ૩૫૦ શિષ્યોના અધ્યાપક હતા. તેમને 'દેવો છે કે નહિ' એ બાબતનો સંદેહ હતો, તે ભ. મહાવીરે દૂર કર્યો, એટલે ૬૫ વર્ષની ઉંમરે તેઓ દીક્ષિત બની ગણધર બન્યા. ૧૪ વર્ષ છદ્મસ્થપણામાં રહ્યા, ૮૦ મા વર્ષની શરૂઆતમાં કૈવલ્યજ્ઞાન થયું. ૧૬ વર્ષ કૈવલ્ય પ્રવર્જ્યામાં વિચરી

અનેક જીવોનો ઉદ્ધાર કરી, તેઓ ૯૫ વર્ષનું આયુષ્ય ભોગવી પ્રભુની હયાતિમાં જ નિર્વાણ–મોક્ષ પધાર્યા.

## ૧૮૮ મંડિત ગણધર.

છઠ્ઠા ગણધર શ્રી મંડિત, વાસિષ્ઠ ગૌત્રના, મૌર્ય ગામના રહિશ હતા. તેમના પિતાનું નામ ધનદેવ અને માતાનું નામ વિજયદેવી. તેઓ ઘણા જ બુદ્ધિમાન હતા, તેથી ટુંક સમયમાં ચૌદ વિદ્યામાં પારંગત થયા. તેમને ૩૫૦ શિષ્યો હતા. તેમને 'બંધ અને મોક્ષ'ની બાબતમાં સંશય હતો, તે ભગવાને નિવાર્યો, એટલે તેમણે ૫૪ મા વર્ષે પ્રભુ પાસે જૈન પ્રવજ્યા અંગીકાર કરી; અને ગણધરપદ પામ્યા. ૧૪ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં રહ્યા પછી ૬૮ મા વર્ષે તેમને કૈવલ્યજ્ઞાન થયું. ૧૬ વર્ષ કેવળીપણે વિચર્યા પછી, ૮૩ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ મુક્તિપદને પામ્યા.

## ૧૮૯ રહનેમી—રાજેમતી

ધનપતિ કુબેરની બનાવેલી, સોનાના ગઢ અને રત્નના કાંગરાવાળી દ્વારિકાનગરીમાં શ્રીકૃષ્ણ વાસુદેવ રાજ્યાસને હતા. તેમના અધિકાર નીચે બીજા સોળ હજાર રાજાઓ તે જ નગરીમાં રાજ્ય કરતા હતા. તેમાંના એક રાજા ઉગ્રસેન પણ હતા. તેમને ધારિણી નામની રાણી હતી. તેમને એક પુત્રી હતી. નામ 'રાજેમતી.' શ્રી નેમીશ્વર ભગવાન સંસારમાં હતા, અને લગ્ન ન્હોતા કરતા, પણ કૃષ્ણ વાસુદેવે ખૂબ કહેવાથી લગ્ન માટે તે કબુલ થયા અને તેમનો વિવાહ આ રાજેમતી સાથે નક્કી કરવામાં આવ્યો. લગ્નને દિવસે શ્રી નેમનાથ જ્યારે તોરણે આવ્યા, ત્યારે પશુઓનો કરૂણવિલાપ સાંભળીને નેમનાથ પ્રભુ તોરણેથી પાછા ફર્યા, અને દીક્ષા લીધી. રાજેમતી પણ મહાન સંસ્કારી હતી. તે સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવીને અહિં અવતરી હતી. રાજેમતીને બીજે પરણવા માટે

ઘણાઓએ કહ્યું, પણ તેણે તો તે બધી વાત તિરસ્કારી કાઢી, અને કહ્યું કે જગતમાં સ્ત્રીઓને એકજ પતિ હોઈ શકે. અને મ્હારા પતિએ જ્યારે આત્મ-સાધના કરવા માટે દીક્ષા લીધી છે, ત્યારે મ્હારે પણ તે જ રસ્તે જવું જોઈએ. એમ કહીને રાજેમતી પણ દીક્ષા લઇને ચાલી નીકળ્યા અને તપસંયમમાં આત્માને ભાવતાં વિચરવા લાગ્યા.

એકવાર રાજેમતી સાધ્વીજી નેમનાથ પ્રભુને વાંદીને પાછા આવે છે, તેવામાં વૃષ્ટિ થઈ અને પોતાના કપડાં પાણીથી ભિંજાયાં. તે સૂકવવા માટે રસ્તામાં આવતી એક ગુફામાં તેઓ દાખલ થયાં, અને ત્યાં તમામ કપડાં ઉતારી નગ્ન દશામાં રહી તે કપડાં સૂકવવા મૂક્યાં.

આ તરફ નેમનાથ પ્રભુના ભાઈ રહનેમિ ( રથનેમિ ) એ પણ દીક્ષા લીધી હતી. તેઓ ગોચરી કરીને પ્રભુ પાસે વંદન કરવા જતા હતા; પણ રસ્તામાં વૃષ્ટિ થવાથી તેઓ પણ તે જ ગુફામાં પેઠા, કે જ્યાં રાજેમતી ગયા હતા. ગુફામાં અંધકાર હતો, પણ રાજેમતીનું રૂપ દિવ્ય પ્રકાશ જેવું હતું. તેવામાં રહનેમિની નજર રાજેમતો ઉપર ગઈ. રાજેમતીને નગ્ન દશામાં જોતાંજ રહનેમિને કામવિકાર ઉત્પન્ન થયો. તે મોહાંધ બની ગયા. તરતજ તેઓ રાજેમતી પાસે આવી બોલ્યા. અહો રાજેમતિ, શું તમારૂં રૂપ છે! આટલી નાની ઉંમરમાં તમારે દીક્ષા લેવી યોગ્ય નથી. વળી હું પણ ભોગ ભોગવવાની ઇચ્છા રાખું છું માટે મારી પાસે આવો. આપણે સુખ ભોગવીએ. રાજેમતી બોલીઃ—અહો રહનેમિ, તમે આ શું બોલો છો? સંસાર છોડી ત્યાગી થયા છતાં સ્ત્રી ભોગની આકાંક્ષા શું હજુ તમે રાખી રહ્યા છો?

રહનેમિ—હા. સંસાર છોડયો એ વાત ખરી, પણ ત્હમારા જેવી સુંદર સ્ત્રી મળતી હોય તો સાધુપણું છોડી દેવું મને ઠીક લાગે છે. વળી આપણે બંને સુખ ભોગ ભોગવશું અને પછી સાધુ ક્યાં નથી થઈ શકાતું?

રાજેમતી—ધિક્કાર છે, ત્હમારા જીવનને, રહનેમિ, ધિક્કાર છે. તમારા ભાઈ નેમનાથે મને વિષ સમાન માનીને છાંડી અને શું તમે તે છાંડેલા વિષને ફરી ભોગવવા માગો છો ? અગંધન કૂળના સર્પો મરી જતાં પણ વમેલું વિષ પાછું ચૂસતાં નથી.

તો મહાન રત્નચિંતામણી સમાન મળેલા આ સાધુમાર્ગથી ભ્રષ્ટ બની તમારા ભાઈથી છંડાયેલી હું, તેની સાથે શું તમે ભોગ ભોગવવા માગો છો? સ્વપ્નેય પણ તેમ બનનાર નથી. વળી હું સાધ્વી છું એટલે તમારી તે ઇચ્છા ત્રિકાળે પણ તૃપ્ત થવાની નથી. એક તિર્યંચ સર્પ જેવાં પ્રાણીઓ પણ સમજે, અને તમે દીક્ષિત છતાં ભોગની ઇચ્છા ધરાવો છો ? સમજો, રહનેમિ ! સમજો, તમારો આત્મ ધર્મ વિચારો. હું ઉગ્રસેન રાજાની પુત્રી છું, તમે સમુદ્રકુમારના પુત્ર છો. મહેરબાની કરી આપણા બંનેનાં કૂળ તરફ એકવાર નજર કરો. વળી સંયમી બનીને જ્યાં ત્યાં ફરતાં તમે ઘણી સૌંદર્યવાન સ્ત્રીઓ જોશો, અને તેમાં મનલુબ્ધ કરશો તો અનંત સંસારમાં ભ્રમણ કરતા છતાં પણ તમારો પાર નહિ આવે. ઉત્તમ મનુષ્યભવ, ઉચ્ચકુળમાં જન્મ, શાસ્ત્ર શ્રવણ, સદ્‌ગુરૂનો સમાગમ, જૈનધર્મ અને સંયમ, જીવને અનંતકાળે પણ મળવા દુર્લભ છે ! જાઓ, જાઓ, રહનેમિ, જાઓ, તમારા ભ્રષ્ટ વિચારો છોડી, વિશુદ્ધ થવા શ્રી નેમીશ્વર ભગવાન પાસે જાઓ, અને પાપની આલોચના લઇ સંયમમાર્ગને સુધારો.

આ સાંભળી રહનેમિ ઠંડાગાર થઈ ગયા. રાજેમતીના બોધક વચનો રહનેમિના હૃદયમાં આરપાર ઉતરી ગયા. તેમણે તરતજ રાજેમતીની ક્ષમા માગી. તે સાથે પોતાને ખરાબ વાસનાથી ઠેકાણે લાવવા માટે તેની પ્રશંસા કરી. રહનેમિ નેમપ્રભુ પાસે જઈ આલોચના લઈ શુદ્ધ થયા, અને સંયમમાર્ગમાં અદ્‌ભુત રીતે આગળ વધી કૈવલ્યજ્ઞાનને પામ્યા.

રાજેમતીએ રહનેમિને સ્થિર કર્યા, ત્યાંથી કપડા પહેરી તેઓ

પ્રભુને વંદન કરવા ગયા. ત્યારબાદ સંયમ, તપ, ક્રિયાઓમાં આત્માને ભાવતાં કૈવલ્યજ્ઞાન પામી રાજેમતી પણ મોક્ષમાં ગયા.

ધન્ય છે, રાજેમતી સમા બાળ બ્રહ્મચારી સતી–સાધ્વીને. તેમને આપણા ત્રિકાળ વંદન હોજો.

## ૧૯૦ રામ

તેઓ મુનિસુવ્રત સ્વામીના વખતમાં બળદેવ તરીકે પ્રસિદ્ધ થયા. તેમના ભાઈ લક્ષ્મણ વાસુદેવ તરીકે પ્રસિદ્ધ થયા. રામચંદ્ર અયોધ્યાના સૂર્યવંશી રાજા દશરથના મોટા પુત્ર હતા. તેમની માતાનું નામ કૌશલ્યા. શ્રી રામ વિદેહ દેશના જનક રાજાની પુત્રી સીતાને પરણ્યા હતા. ઉંમર લાયક થતાં, તેમની અપર માતા કૈકેયીની સ્વાર્થ બુદ્ધિને કારણે પિતાના વચન પાલનને ખાતર તેમણે વનવાસ સ્વીકાર્યો. તેમની સાથે સીતા અને લક્ષ્મણ પણ વનમાં ગયાં; ત્યાં એક પર્ણકુટિ બાંધીને રહ્યા. રામ લક્ષ્મણની ગેરહાજરીનો લાભ લઈ, લંકાનો રાજા રાવણ સીતાનું હરણ કરી ગયો. સીતા મહાસતી હોઈ રાવણની દુર્બુદ્ધિને તાબે થયા નહિ. રાવણની સ્ત્રી મંદોદરીએ પોતાના પતિને સતીને નહિ સંતાપતા પાછી સોંપી દેવાની વિનંતિ કરી, પરન્તુ 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' એ અનુસાર ઘમંડી રાવણે કોઈનું હિતકથન ગણકાર્યું નહિ. આખરે સીતાનો પત્તો મળતાં, રામચંદ્ર તથા લક્ષ્મણે હનુમંત, સુગ્રીવ આદિ યોદ્ધાઓની મદદ લઈ લંકા પર ચડાઈ કરી, ત્યાં લક્ષ્મણે પ્રતિવાસુદેવ રાજા રાવણને માર્યો, અને તેનું રાજ્ય તેના ભાઈ વિભિષણને સોંપ્યું. ત્યારબાદ સીતાને લઈ રામચંદ્રજી વગેરે પાછા આવ્યા. વનવાસ કાળ પૂરો થયે તેઓ અયોધ્યામાં આવ્યા અને રાજ્ય સંભાળ્યું. ઘણા વર્ષો સુધી તેઓ લક્ષ્મણ સાથે રહ્યા. ત્યારબાદ લક્ષ્મણનું મૃત્યુ થતાં શ્રી રામે દીક્ષા લીધી; અને મહાતપ કરી તેઓ કૈવલ્ય જ્ઞાન પામી મોક્ષમાં ગયા. (રામનું બીજું નામ પદ્મ પણ હતું.)

## ૧૯૧ રાવણ

મુનિસુવ્રત સ્વામીના સમયમાં દક્ષિણ ભરતની લંકા નામની નગરીનો તે પ્રતિવાસુદેવ રાજા હતો. તે ત્રણ ખંડનો અધિપતિ હતો; એટલે અર્ધ ભરત તેના તાબામાં હતો. તેને કુંભકર્ણ અને વિભિષણ નામના બે ભાઈઓ હતા, તેમજ ઈંદ્રજિત આદિ અનેક પુત્રો અને મંદોદરી આદિ અનેક રાણીઓ હતી. રાવણ મહા સમૃદ્ધિશાળી હોવા છતાં, તેને એક એવો નિયમ હતો કે જે સ્ત્રી પોતાને ન ઇચ્છે, તેને પરણવું નહિ. આમ છતાં તે પોતાની બહેનના ભંભેરવાથી એક દિવસ ઉશ્કેરાયો, અને શ્રી રામચંદ્રજીની સુશીલ પત્ની સીતાદેવીને ઉપાડી લાવ્યો. આખરે યુદ્ધ થયું, તેણે પોતાનું ચક્ર લક્ષ્મણ પર છોડયું, પરન્તુ વાસુદેવ લક્ષ્મણને તે કંઈ અસર ન કરી શકયું. લક્ષ્મણે તેજ ચક્ર પોતાને હાથ કરી, તેજ ચક્ર વડે રાવણનું મૃત્યુ નીપજાવ્યું. રાવણ મૃત્યુ પામીને નરકમાં ગયો.*

## ૧૯૨ રૂકિમણી

તે દ્વારિકાના રાજા શ્રી કૃષ્ણની રાણી અને વિદર્ભ દેશના ભીમક રાજાની પુત્રી હતી. તેણીનું રૂપ અથાગ હતું. એકવાર નારદે તેણીના રૂપના વખાણ શ્રી કૃષ્ણ પાસે કર્યાં, આથી કૃષ્ણને તેણીની સાથે લગ્ન કરવાની ઈચ્છા થઈ. આ વખતે વિદર્ભમાં ભીમકનો પુત્ર રૂકિમ રાજગાદી પર હતો, તેનો પાસે કૃષ્ણે દૂત મોકલ્યો રૂકિમ

---

*૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ પ્રતિવાસુદેવો અને ૯ બળદેવો એ ૬૩ શલાકા (શ્લાધ્ય) પુરુષો કહેવાય છે. ચક્રવર્તીઓની ગતિ મોક્ષ, દેવલોક અને નર્કની હોય છે. વાસુદેવો અને પ્રતિવાસુદેવો નર્કના આધિકારી હોય છે અને બળદેવો દેવલોક અને મોક્ષના અધિકારી હોય છે. નરકે જનારા ચક્રવર્તી તથા વાસુદેવો થોડાક ભવો કરી છેવટે મોક્ષના જ અધિકારી બને છે એવો જૈનાગમનો સિદ્ધાન્ત છે.—સં.

રાજાએ દૂતને કહ્યું કે તારા રાજા ગોવાળના પુત્ર છે, માટે તેની સાથે મારી બેન નહિ પરણાવું, તેને તો શિશુપાળ રાજા સાથેજ પરણાવવી છે. આથી દૂત વિદાય થયો. આ તરફ નારદઋષિએ રૂકિમણી પાસે જઈ કૃષ્ણનાં રૂપ ગુણના વખાણ કર્યાં, એટલે રૂકિમણીની ફોઈની યુકિતથી કૃષ્ણને છાની રીતે વિદર્ભના ઉદ્યાનમાં બોલાવવામાં આવ્યા, ત્યાં નાગદેવની પૂજા કરવાને બહાને રૂકિમણી પોતાની ફોઇ સાથે તે ઉદ્યાનમાંના દેવળે ગઈ, ત્યાં શ્રી કૃષ્ણે આવી તેણીનું હરણ કર્યું, એજ વખતે રૂકિમણીનો વિવાહ પ્રસંગ હતો અને શિશુપાળ પોતાના સૈન્ય સાથે પરણવા માટે ત્યાં આવ્યો હતો. રૂકિમણીના હરણના સમાચાર તરતજ શહેરમાં ફરી વળ્યા. એટલે શિશુપાળ તથા રૂકિમ રાજા ક્રોધે ભરાયા; અને રૂકિમણીને પ્રપંચથી રથમાં બેસાડીને ઉપાડી જતાં કૃષ્ણ અને બળભદ્રની તેઓએ પુંઠ પકડી. બળભદ્રે તેમનો સામનો કર્યો, અને રૂકિમને પકડીને બાંધ્યો, પરન્તુ છેવટે દયા લાવી તેને છોડી મૂકયો. શિશુપાળ પણ નિરાશ બની પાછો ફર્યો. શ્રી કૃષ્ણે દ્વારિકામાં પહોંચી જઈ રૂકિમણી સાથે લગ્ન કર્યું. તેનાથી તેમને પ્રદ્યુમ્ન નામે મહાસમર્થ પુત્ર થયો. આખરે દ્વારિકાનો દાહ સાંભળ્યા પછી બીજી રાણીઓ સાથે રૂકિમણીએ દીક્ષા લીધી અને આત્મ કલ્યાણ કર્યું.

## ૧૯૩ રૂપીરાજા

તે કુણાલ દેશની શ્રાવસ્તિ નગરીનો રાજા હતો. પૂર્વભવમાં તે વસુ નામના રાજા અને મહાબલ કુમારનો મિત્ર હતો. તે મહાબલ સાથે દીક્ષા લઈ સખ્ત તપ કરી જયંત નામના અનુત્તર વિમાનમાં દેવ થયો હતો. ત્યાંથી ચ્યવી શ્રાવસ્તિમાં તે રાજા થયો. તેને સુબાહુ નામે કુંવરી હતી. તેનો ચાતુર્માસિક સ્નાનનો ઉત્સવ આવવાથી, તે નિમિત્તે રાજમાર્ગમાં પુષ્પનો વિશાળ અને સુશોભિત મંડપ કરાવી વચ્ચે એક સુવર્ણની પાટ મૂકાવી તેનાપર સુબાહુ કુંવરીને બેસાડીને રાણીઓએ તેણીને

સ્નાન કરાવ્યું, અને સુંદર વસ્ત્રાલંકારો પહેરાવી રાજા પાસે મોકલી. આ વખતે કુમારીનું રૂપ અથાગ હતું. તેથી આનંદ પામી રૂપીરાજાએ પોતાના વર્ષધર નામના દૂતને બોલાવીને કહ્યું, કે ત્હમે ઘણે સ્થળે ફરો છો, તો આજના જેવો મહાન ઉત્સવ ત્હમે કયાંઈ જોયો છે? દૂતે કહ્યું: મહારાજા! મિથિલા નગરીના કુંભરાજાની પુત્રી મલ્લીકુંવરીની જન્મગાંઠ વખતે થયેલા ઉત્સવ આગળ આપનો આ ઉત્સવ કાંઈ ગણત્રીમાં નથી, એમ કહી તેણે મલ્લીકુંવરીના શરીર સૌંદર્યનું વર્ણન કર્યું. તે સાંભળી રાજાને મલ્લીકુંવરીને પરણવાની ઇચ્છા થઈ. તેથી કુંભરાજા પાસે તેણે પોતાનો દૂત મોકલ્યો. કુંભરાજાએ ના કહી, તેથી જિતશત્રુ આદિ રાજાઓ સાથે સંપ કરી રૂપી રાજા મિથિલા પર ચડી આવ્યો. તેમાં મલ્લીકુંવરીની યુક્તિથી તેણે બોધ પામી દીક્ષા લીધી. અંતે સમેતશિખર પર અનશન કરી રૂપીરાજા મોક્ષમાં ગયા.

## ૧૯૪ રેવતી.

મેઢક ગામમાં કોઈ એક શ્રેષ્ઠિની તે પત્ની હતી. જૈનશાસન પ્રત્યે તેને અતિશય પ્રેમ હોવાથી પ્રભુ મહાવીરની તે પરમ ઉપાસિકા હતી. એકવાર જ્યારે ગોશાળાએ પ્રભુ પર તેજુલેશ્યા ફેંકી અને પ્રભુનો દેહ લોહખંડવાળો થયો, તે મટાડવાના હેતુથી પ્રભુએ પોતાના સિંહ નામના અણગારને રેવતીને ત્યાં મોકલ્યા. પ્રભુને થયેલા ઉપસર્ગથી રેવતી જ્ઞાત હતી, તેથી તેણે પ્રભુનું દરદ મટે તે માટે કોહળાપાક બનાવ્યો હતો, અને ઘરના માણસો માટે બીજોરાંપાક બનાવ્યો હતો. સિંહ અણગાર રેવતીને ત્યાં પધાર્યા કે તેણીએ મુનિને વંદન કરી કહ્યું: મહારાજ, આજે મારૂં ઘર પાવન થયું. આપને શું જોઈએ? સિંહઅણગાર બોલ્યા: પ્રભુએ મને તમારે ત્યાં બનાવેલો પાક વહોરી લાવવાની આજ્ઞા આપી છે. આ સાંભળી રેવતી હર્ષ પામી અને કોહળાપાક લઇ આવીને મુનિને વહોરાવવા લાગી. મુનિએ કહ્યું. આ તો ત્હમે પ્રભુને માટેજ બનાવ્યો છે, તેથી તે અકલ્પનીય

છે. માટે બીજોરાંપાક, જે તમે બનાવ્યો છે તે વહોરાવો. રેવતી બોલી: મહારાજ, તે તો વાપરી નાખ્યો. સિંહમુનિ બોલ્યા: પ્રભુના કહેવાથી હું જાણું છું કે તે પાક તમારા વાસણમાં થોડો ચોટી રહ્યો છે. આ જાણી હર્ષ પામી, રેવતીએ બીજોરાપાકનું પાત્ર લાવી, તેમાં ચોટેલો થોડોક બીજોરાપાક ઉત્કૃષ્ટ ભાવથી સિંહમુનિને વહોરાવ્યો. આ ભાવનાના પ્રતાપે રેવતી શ્રાવિકાએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. અનુક્રમે ગૃહસ્થધર્મનું નિરતિચારપણે પાલન કરી તે દેવલોકમાં ગઈ.

## ૧૯૫ રોહિણી.

શ્રેણિક રાજાની રાજગૃહી નગરીમાં ધન્નાસાર્થવાહ નામનો મહાઋદ્ધિવંત શેઠ રહેતો હતો. તેને ધનપાળ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત એ નામના ચાર પુત્રો હતા. તે ચારે પુત્રોને ચાર સ્ત્રીએ। હતી. જેમના નામ ૧ ઉઝીયા, ૨ ભોગવતી, ૩ રક્ષિતા, ૪ રોહિણી અનુક્રમે હતાં. એક વખત ધન્નાસાર્થવાહને વિચાર થયો કે હું મ્હારા કુટુંબમાં અગ્રગણ્ય છું. દરેક કાર્ય મ્હારી સલાહથી જ કરવામાં આવે છે. પરંતુ મ્હારી ગેરહાજરીમાં અગર મ્હારા મૃત્યુ પછી મારી સઘળી મીલ્કતની શી વ્યવસ્થા થશે, અથવા તે સારી રીતે કોણ સાચવી શકશે, અગર કુટુંબમાંના કોઈ માણસને કુરસ્તે જતા અથવા અકાર્ય કરતાં કોણ અટકાવશે; માટે હું મ્હારી ચાર પુત્રવધુઓને ડાંગરના પાંચ અખંડ દાણા આપીને પરીક્ષા કરૂં કે તેમાં કોણ અને કેવી રીતે તેની રક્ષા કરે છે, અથવા વૃદ્ધિ કરે છે.

એવો વિચાર કરીને બીજે દિવસે સવારમાં શેઠે મિત્રજ્ઞાતિ વગેરેને જમણ આપ્યું. તેમાં ચાર પુત્રવધુઓને બોલાવી સત્કાર સન્માન આપી જમાડી. પછી જ્ઞાતિજનો વચ્ચે મોટી પુત્રવધુ ઉઝીયાને બોલાવી, અને કહ્યું:–' વહુ, લ્યો આ પાંચ ડાંગરના દાણા, અને

જ્યારે હું પાછા માગું ત્યારે તે મને આપજો.' ત્યાર પછી બીજી ત્રીજી અને ચોથી એમ દરેક સ્ત્રીને બોલાવીને દરેકને પાંચ પાંચ ડાંગરના દાણા આપ્યાં અને પોતે માગે ત્યારે પાછા આપવા જણાવ્યું.

પ્રથમ મોટી વહુએ તે દાણા લઈને વિચાર કર્યો કે મારા કોઠારમાં ડાંગર ઘણી ભરી છે, તો મારા સસરા માગશે તે વખતે તેમાંથી લાવીને આપીશ. એમ કહીને તેણે તે પાંચ દાણા ફેંકી દીધા.

ભોગવતી નામની બીજી પુત્રવધુ પણ એવો જ વિચાર કરીને, તે ડાંગર ઉપરથી ફોતરા ઉતારીને દાણા ખાઈ ગઈ, અને પોતાના કામે લાગી.

ત્રીજી રક્ષિતા નામની પુત્રવધુ તે દાણા લઇને એકાંતમાં ગઈ અને વિચાર કર્યો કે મારા સસરાએ મિત્ર, જ્ઞાતિ, કુટુંબ ઇત્યાદિ સર્વની સન્મુખ આ પાંચ દાણા મને આપ્યા છે, માટે તેમાં કંઇક ભેદ હોવો જોઇએ. એમ ધારી તે પાંચ દાણાને એક વસ્ત્રમાં બાંધી તેને રત્નના કરંડીયામાં રાખ્યા, અને તે કરંડીયાને એક પેટીમાં રાખ્યો. પછી તે પેટી ઓસીકા નીચે રાખી સવાર સાંજ બે વખત રોજ તેની સંભાળ કરવા લાગી.

રોહિણી નામની સૌથી નાની પુત્રવધુએ રક્ષિતા માફક વિચાર કર્યો કે આમાં કંઈક કારણ હોવું જોઈએ. માટે આ દાણાની બરાબર રક્ષા કરવી જોઈએ. એટલું જ નહિ પણ તેમાં વૃદ્ધિ કરવી જોઈએ. એમ ધારી તેણે પોતાના ઘરના નોકરને બોલાવીને કહ્યું કે ' આ ડાંગરના દાણા લઈ જાઓ, અને બહુ વર્ષાદ થાય તે વખતે એક નાની ક્યારી બનાવી, તેમાં આ પાંચ દાણા વાવજો, અને તે કયારીને ફરતી એક વાડ બનાવી તેની બરાબર રક્ષા કરજો. પ્રથમ વર્ષાઋતુમાં તેણે તે દાણા વવરાવ્યા, બીજી સાલ પણ ઉત્પન્ન થયેલા સઘળા દાણા વવરાવ્યા, એમ દર વર્ષાઋતુમાં તમામ ઉત્પન્ન થતી ડાંગર વાવતાં તેમાં પુષ્કળ વૃદ્ધિ થતી ગઈ. અનુક્રમે ચાર વર્ષ સુધી તે વાવી. તૈયાર થયે તેને

કાપીને ખળાં બનાવ્યાં. તેમાં તેને મસળી, સ્વચ્છ કરી તે ડાંગર વાસણોમાં ભરી લીધી અને તેની રક્ષા કરવા લાગી.

પાંચમે વર્ષે ધન્નાએ તે દાણા પાછા માગવાનો વિચાર કર્યો. એક દિવસે સ્વજન, મિત્ર, જ્ઞાતિ તથા પુત્રવધુઓ વગેરેને બોલાવી, ભોજન વગેરે જમાડી શેઠે તેમનું સન્માન કર્યું. ત્યારબાદ સૌથી પહેલાં મોટી પુત્રવધુને બોલાવીને પ્રથમ આપેલા પાંચ દાણા પાછા માગ્યા. ઉઝઝીયાએ કોઠારમાં જઈ તેમાંથી પાંચ દાણા લાવી ધન્નાસાર્થવાહને આપ્યા. ધન્નાસાર્થવાહે ઉઝઝીયાને સોગન આપીને કહ્યું કે હે પુત્રી, મેં તને જે પાંચ ડાંગરના દાણા આપ્યા હતા તે આ છે કે બીજા ? ઉઝઝીયાએ સત્ય હકીકત જાહેર કરતાં તે દાણા બીજા હોવાનું જણાવ્યું. ધન્ના સાર્થવાહ તેના પર ગુસ્સે થયો અને તેને ઘરનું ઝાડું કાઢવાનું, પાણી છાંટવાનું, છાણ વાસીદું કરવાનું તથા લીંપવા ગુંપવાનું વગેરે ઘરની બહારનું દાસ, દાસીનું કામ સોંપ્યું.

ત્યારબાદ બીજી ભોગવતીને પૂછયું, તેણે પણ તેવો જ જવાબ આપ્યો. તેણી તે દાણા ખાઈ ગઈ હતી તેથી તેને ડાંગર ખાંડવાનું, ઘઉં દળવાનું, રસોઈ કરવાનું, વાસણ માંજવાનું, અને ઘરની અંદરનું પરચુરણ કામ સોંપવામાં આવ્યું.

ત્રીજી રક્ષિતા નામની પુત્રવધુ પાસે જ્યારે તે દાણા માગવામાં આવ્યા, ત્યારે તે ઘેર ગઈ અને રત્નના કરંડીયામાંથી વસ્ત્રથી બાંધેલા દાણા લાવી. જ્યારે તેને તેજ દાણા હોવા વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેણે સઘળી સત્ય વાત નિવેદન કરી. ધન્ના સાર્થવાહ આનંદ પામ્યો અને તેણે સર્વ હીરા, માણેક, સુવર્ણ વગેરે ધનભંડારની કુંચીઓ રક્ષિતાને સોંપી.

છેવટે રોહિણી નામની ચોથી પુત્રવધુને પૂછવામાં આવ્યું. ત્યારે તેણે કહ્યું:–'હે તાત! મને પુષ્કળ ગાડા ગાડીઓ આપો, જેથી હું

તમારા તે પાંચ દાણા લાવી આપું.' ધન્નાએ કહ્યું:–પુત્રી, મારા પાંચ દાણા ગાડા ગાડીઓમાં તું કેવી રીતે લાવીશ ? તે સાંભળી તેણે ઉપરોક્ત સર્વ વાત વિદિત કરી. ધન્ના સાર્થવાહે ગાડા આપ્યાં. રોહિણીએ પાકેલી તમામ ડાંગરથી તે ગાડાઓ ભરાવ્યાં. જે રાજગૃહી નગરીના રાજમાર્ગની મધ્યમાં થઈને તે ડાંગરથી ભરેલાં ગાડાંઓ જતાં જોઈને નગરજનોએ વાત જાણવાથી, સર્વ કોઈ ધન્નાસાર્થવાહની રોહિણી નામની પુત્રવધુની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યા. ધન્નાસાર્થ-વાહ ડાંગરના ભરેલાં ગાડાંઓ જોઈને ખૂબ આનંદ પામ્યો અને તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. પછી તેણે તે રોહિણીને, દરેક કાર્યમાં સલાહ આપવાનું કામ સોંપ્યું, અને તેણીને ઘરમાં સર્વથી મોટી સ્થાપિત કરવામાં આવી.

ન્યાય—જેવી રીતે ઉજ્ઝીયા ડાંગરના પાંચ દાણા નાખી દેવાથી, લોકમાં નિંદાને પાત્ર બની, હલકું કામ કરી દુ:ખી થઇ. તેવી રીતે સાધુ સાધ્વી પંચ મહાવ્રત અંગીકાર કરીને પ્રમાદવશ શિથિલ બનીને પંચમહાવ્રતને ફેંકી દે, તો તેઓ આ ભવમાં નિંદાને પાત્ર બને, અને પરભવમાં દુ:ખી થાય.

જેમ ભોગવતી તે પાંચ દાણાને ખાઈ ગઈ, ને મહેનત મજુરીનું કામ કરીને દુ:ખી થઈ, તેમ સાધુ સાધ્વી, પંચમહાવ્રત ધારણ કરીને, રસના લોલુપી બની વ્રત ભંગ કરે તો હિલના નિંદા પામે અને સંસારમાં પરિભ્રમણ કરે.

જેમ રક્ષિતાએ પાંચ દાણાનું ઉમદા રીતે રક્ષણ કર્યું તેમ સાધુ સાધ્વી પંચ મહાવ્રતનું મૂળ ગુણમાં રહીને યથાર્થ રક્ષણ કરે તો ચાર તીર્થમાં પુજ્યનિક બને, અને આત્મકલ્યાણ સાધે.

જેમ રોહિણી પાંચદાણાની વૃદ્ધિ કરીને પ્રશંસા પામી, તેમ સાધુ સાધ્વી પંચ મહાવ્રત લઇને, સંયમ તપમાં વૃદ્ધિ કરે તો આ ભવમાં સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા એ ચારે તીર્થમાં પ્રશંસા પામે, પુજનિક બને અને પરભવમાં અનંત સંસારનો છેદ કરી સિદ્ધગતિને પામે.

———

# ૧૯૬ રોહિણીયો ચોર.

રાજગૃહ નગરની પાસે આવેલા વૈભારગીરી પર્વતની ગુફામાં રોહિણીયો નામનો પુરૂષ ચોરીનો ધંધો કરતો હતો. એકવાર તેના બાપે તેને કહેલું કે, મહાવીર નામનો એક માણસ છે તેનો ઉપદેશ કદી સાંભળતો નહિ, તેમજ મહાવીર જ્યાં હોય તે રસ્તે પણ ન જતો, કારણ કે તેથી આપણા ધંધાને ઘણી હાનિ પહોંચશે. પુત્રે પિતાની આ શિક્ષા બરાબર મનમાં ધારણ કરી રાખી. જ્યાં મહાવીરનું નામ સાંભળે ત્યાંથી તે દૂર નાસી જતો. કોઈ એકવાર ઉદ્યાનમાં બેસી પ્રભુ મહાવીર ધર્મોપદેશ આપી રહ્યા હતા, તેજ સ્થળે રોહિણીયાને અચાનક આવવું પડ્યું. રોહિણીયા માટે આ સિવાય પસાર થવા માટે બીજો એકે રસ્તો ન હતો, તેથી તેણે કાનમાં આંગળીઓ ઘાલી દીધી કે રખેને મહાવીરનો ઉપદેશ પોતાના કાનમાં પ્રવેશ કરી દે. દૈવયોગે રોહિણીયાના પગમાં કાંટો વાગ્યો, તે કાઢવા તેણે કાને દીધેલો હાથ પગ આગળ લાવી કાંટો કાઢવાનો પ્રયત્ન કર્યો. એજ વખતે પ્રભુના ઉપદેશમાંના નીચેના શબ્દો તેની શ્રવણેન્દ્રિયમાં પડ્યાઃ-(૧) દેવ પૃથ્વીથી અદ્ધર ચાલે તેમજ તેઓ આંખોનું પલકું મારે નહિ. આ શબ્દો રોહિણીયે સાંભળ્યા. કેટલાક વખત પછી ચોરી કરતાં તે પકડાયો. તે વખતે તેણે પોતાનું નામ ઠામ ખોટું આપ્યું, તેમજ તેની પાસેથી ચોરીની વસ્તુઓ કાંઈ નીકળી નહિ, આથી તેને ચોર ઠરાવવા સંબંધમાં શ્રેણિક રાજા સંશયમાં પડ્યો. આ કામ તેણે અભયકુમારને સોંપ્યું. અભયકુમારે એક યુક્તિ રચી. તેણે રોહિણીયાને ઘેનવાળો કેફી પદાર્થ ખવરાવ્યો એટલે તે બેભાન બન્યો. પછી તેને ઉંચકીને એક વિમાન જેવા રાજમહેલમાં સૂવાડ્યો. ત્યાં બે સ્ત્રીઓ દેવીઓ તરીકે રાખી. ઘેન ઉતર્યાં પછી પેલી બે સ્ત્રીઓ બોલીઃ-અહો ! નાથ, તહમે એવાં શાં દાન પુણ્ય કર્યાં કે આ દેવલોકમાં અમારા સ્વામી તરીકે ઉત્પન્ન થયા ! રોહિણીયો વિચારમાં

પડ્યો કે શું હું આ સત્ય જોઉં છું કે સ્વપ્ન ? શું આ સાક્ષાત્ દેવીઓ છે ? હું દેવ થયો હઈશ ? આ વખતે તેને ભગવાનનાં વચનો યાદ આવ્યાં. તેણે પેલી સ્ત્રીઓ સામે જોયું તો તેમના પગ જમીનને અડકેલા હતા, તેમની આંખો ક્ષણે ક્ષણે પલકારા મારી રહી હતી. આથી તે સમજ્યો કે ખરેખર ષડ્યંત્ર રચવામાં આવ્યું છે. હવે મારે મારો ચોરીનો ધંધો ત્યજી દેવો જોઈએ, અને જે મહાવીરનું એકજ માત્ર વાક્ય સાંભળવાથી આટલું જાણવાનું મળ્યું તો ત્હેમના હંમેશના સંસર્ગથી કેટલોયે લાભ મળે, એમ વિચારી અભયકુમાર આવતાં તેણે પોતાની ચોરીના કૃત્યોનો પશ્ચાત્તાપ કરી પ્રવર્જ્યા લેવાની વાત વિદિત કરી. અભયકુમારે તેને છોડી દીધો. રોહિણીયે એકઠું કરેલું તમામ ધન શ્રેણિકરાજાને સોંપ્યું અને તે દીક્ષા લઈ ચાલી નીકળ્યો; સપ્ત તપાદિ કરી તે દેવલોકમાં ગયો.

## ૧૯૭ લક્ષ્મણ.

અયોધ્યાના રાજા દશરથની સુમિત્રા રાણીથી ઉત્પન્ન થયેલા પુત્ર. રાવણ નામના પ્રતિવાસુદેવને મારી આઠમા વાસુદેવ તરીકે તેઓ પ્રસિદ્ધ થયા; અને રામ બળદેવ તરીકે પ્રસિદ્ધ થયા. ત્રણ ખંડ જીતી લક્ષ્મણ અયોધ્યાના રાજસિંહાસને અર્ધચક્રવર્તી તરીકે બિરાજ્યા. તેમનું બીજું નામ નારાયણ હતું. બારહજાર વર્ષનું આયુષ્ય ભોગવી, મુનિસુવ્રત સ્વામીના નિર્વાણ પછી તેઓ મૃત્યુ પામી ચોથી નરકે ગયા.

## ૧૯૮ વરૂણ.

વિશાળા નગરીના ચેડારાજાના નાગ નામના રથિકનો પુત્ર. તે ભ. મહાવીરનો પરમ ભક્ત હતો. તેણે શ્રાવકના બારવ્રત ધારણ કર્યાં હતા. તે મહાસમર્થ સેનાપતિ પણ હતો, અને તપશ્ચર્યામાં પણ તે મહાસમર્થ હતો. એકવાર છટ્ટના પારણે અઠ્ઠમ કરવાની તેની ઈચ્છા

છતાં રાજાએ કહેણ મોકલ્યું કે આજે તમારે શ્રેણિક સાથેના યુદ્ધમાં સેનાપતિ તરીકે જવાનું છે. આથી પોતાના દેશની રક્ષાને ખાતર તે સેનાપતિ બની યુદ્ધે ચડ્યો. પરન્તુ પહેલા વ્રતની વિધિ અનુસાર પહેલો ઘા તેણે ન કર્યો પણ જ્યારે શ્રેણિકના સેનાપતિએ વરૂણ પર પહેલો ઘા કર્યો, અને વરૂણનાગનું મર્મસ્થાન ભેદાયું, ત્યારે જ તેણે એકજ ઘાથી તે સેનાપતિને સ્વધામ પહોંચાડી દીધો; આ વખતે તે મૃતવત્ સ્થિતિમાં હતો, તેથી તેણે રણક્ષેત્રની બહાર જઈને એક જગ્યા પ્રમાર્જન કરીને આલોચના લઈ સંથારો કર્યો અને પ્રભુનું સ્મરણ કરવા લાગ્યો. શુદ્ધ પરિણામે તે કાળધર્મ પામીને પહેલા સૌધર્મ દેવલોકમાં ગયો; અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ તેજ ભવમાં તે મોક્ષમાં જશે.

## ૧૯૯ વ્યકત ગણધર.

ભ. મહાવીરના ચોથા ગણધર વ્યકત મહારાજ, કોલ્લાક ગામના રહિશ હતા. તેમના પિતાનું નામ ધનમિત્ર. માતાનું નામ વારૂણી, તેઓ ભારદ્વાજગોત્રના બ્રાહ્મણ હતા. તેમને 'પૃથ્વી આદિ પાંચ ભૂત છે કે નહિ' એ સંબંધી સંશય હતો. તે દૂર થતાં તેમણે પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રભુ મહાવીર પાસે દીક્ષા લીધી, અને ગણધર પદ પર આવ્યા. તેમણે ઈંદ્રભૂતિની માફક ૫૧ મા વર્ષે દીક્ષા લીધી હતી. ૧૨ વર્ષ છદ્મસ્થપણે રહી ખૂબ અભ્યાસ કર્યો. ૬૩ મા વર્ષે કૈવલ્યજ્ઞાન પામ્યા, ૧૮ વર્ષ કેવળીપણે વિચર્યા અને ૮૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ મોક્ષમાં ગયા.

## ૨૦૦ વાયુભૂતિગણધર.

તેઓ પહેલા અને બીજા ગણધર ઇંદ્રભૂતિ તથા અગ્નિભૂતિના ભાઈ થાય. તેઓ ગૌતમ ગોત્રના વસુભૂતિ બ્રાહ્મણ અને પૃથ્વી માતાના પુત્ર હતા. તેમને "આ શરીર છે તેજ આત્મા છે કે

શરીરથી આત્મા ભિન્ન છે' એવો સંદેહ હતો. ભ. મહાવીરના સમાગમમાં આવતાં ભગવાને તે સંદેહ દૂર કર્યો, એટલે તેમણે પોતાના ૫૦૦ શિષ્યો સહિત ૪૩ મા વર્ષે દીક્ષા લીધી. ૧૦ વર્ષ છદ્મસ્થપણામાં રહ્યા પછી ૫૩ મા વર્ષે કૈવલ્યજ્ઞાન પામ્યા. ૧૮ વર્ષ કૈવલ્ય પ્રવર્જ્યામાં વિચરી, ૭૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પ્રભુની હયાતિમાં તેઓ નિર્વાણ પામ્યા. વાયુભૂતિ પ્રભુ મહાવીરના ત્રીજા ગણધર હતા.

## ૨૦૧ વાસુપૂજ્ય.

ચંપાપુરીના વસુપૂજ્ય રાજાની જયાદેવી નામક રાણીની કુક્ષિમાં દશમા દેવલોકમાંથી ચ્યવીને જેઠ શુદિ ૯ ની રાત્રિએ તેઓ ઉત્પન્ન થયા. માતાએ ૧૪ સ્વપ્ન દીઠાં. સ્વપ્નપાઠકોએ મહાભાગ્યશાળી તીર્થંકરનો જન્મ થવાનું કહ્યું. રાજારાણી આનંદ પામ્યા. અનુક્રમે ગર્ભકાળ પૂરો થયે, ફાગણ વદિ ૧૪ ના રોજ પ્રભુનો જન્મ થયો. ઈંદ્રોએ જન્મોત્સવ ઉજવ્યો. પિતાએ તેમનું 'વાસુપૂજ્ય' એવું નામ આપ્યું. યૌવનવય થતાં પિતાએ તેમને પરણવાનો અને રાજ્યાસને બેસવાનો આગ્રહ કર્યો; પરન્તુ તેમણે ના કહી. આ સમયે લોકાંતિક દેવોએ આવી પ્રભુને ધર્મમાર્ગ પ્રવર્તાવવાની ઉદ્‌ઘોષણા કરી, એટલે તેમણે વરસીદાન આપી ૬૦૦ રાજાઓ સાથે, છઠ્ઠતપ સહિત ફાગણ વદી અમાસે દીક્ષા અંગીકાર કરી. વાસુપૂજ્ય સ્વામીના વખતમાં બીજા વાસુદેવ દ્વિપૃષ્ટ, બળદેવ વિજય અને પ્રતિવાસુદેવ તારક એ ત્રણ શ્લાઘ્નીય પુરુષો થયા.

એક માસ છદ્મસ્થપણે રહ્યા પછી, મહા શુદિ ૨ ને દિવસે છઠ્ઠની તપશ્ચર્યામાં પ્રભુને કૈવલ્યજ્ઞાન થયું. તેમને સૂક્ષ્મ વગેરે ૬૬ ગણધરો થયા. તેમના સંઘ પરિવારમાં ૭૨ હજાર સાધુ, ૧ લાખ સાધ્વીઓ, ૨૧૫ હજાર શ્રાવકો અને ૪૩૬ હજાર શ્રાવિકાઓ હતા. વાસુપૂજ્ય સ્વામી પોતાનો મોક્ષકાળ સમીપ જાણી ચંપા-

નગરીમાં પધાર્યા. ત્યાં ૬૦૦ મુનિ સાથે અનશન તપ કર્યો. એક માસને અંતે અશાડ શુદિ ચૌદશે પ્રભુ મોક્ષપદને પામ્યા. તેમનું કુલ આયુષ્ય ૭૨ લાખ વર્ષનું હતું.

## ૨૦૨ વિજય બળદેવ.

તેઓ દ્વારકા નગરીના બ્રહ્મ નામક રાજા અને સુભદ્રા નામની રાણીના પુત્ર તથા દ્વિપૃષ્ટ વાસુદેવના ઓરમાન ભાઈ હતા. તેઓ ૭૫ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી વાસુપૂજ્ય સ્વામીના વખતમાં મોક્ષ ગયા.

## ૨૦૩ વિમળનાથ.

કાંપિલપુર નગરમાં કૃતવર્મા રાજાની શ્યામા નામક રાણીની કુક્ષિએ ૮ મા દેવલોકથી ચ્યવીને વૈશાક શુદિ બારશે તેઓ ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન દીઠાં. ગર્ભકાળ પૂરો થયે મહા શુદિ ત્રીજે તેમનો જન્મ થયો. માતા પિતાને આનંદ થયો. ઇંદ્રોએ જન્મોત્સવ ઉજવ્યો. પિતાએ 'વિમળનાથ' એવું નામ આપ્યું. યૌવનવય પામતાં અનેક રાજકન્યાઓ તેમને પરણાવવામાં આવી. પંદર લાખ વર્ષની ઉંમરે તેઓ પિતાની ગાદીએ આવ્યા. ૩૦ લાખ વર્ષ રાજ્ય કર્યું. લોકાંતિક દેવોની પ્રેરણાથી પ્રભુએ વાર્ષિક દાન આપ્યું અને મહા શુદિ ૪ ને દિવસે એક હજાર રાજાઓ સાથે સહસ્રામ્ર ઉદ્યાનમાં પ્રભુએ દીક્ષા લીધી. બે વર્ષ છદ્મસ્થ-પણામાં રહ્યા પછી, પોશ શુદિ છટ્ઠે છઠ્ઠની તપશ્ચર્યામાં પ્રભુને કૈવલ્ય-જ્ઞાન થયું. તેમને મંદર વગેરે ૫૭ ગણધરો થયા. પ્રભુના શાસન પરિવારમાં ૬૮ હજાર સાધુઓ, એક લાખ આઠસો સાધ્વીઓ, ૨ લાખ ૮ હજાર શ્રાવકો અને ૪ લાખ ૩૪ હજાર શ્રાવિકાઓ હતા. અંત સમયે સમેતશિખર પર ૭ હજાર સાધુઓ સાથે પ્રભુએ એક માસનું અનશન કરી, અશાડ વદિ ૭ મે સિદ્ધિપદ

પ્રાપ્ત કર્યું. વિમળનાથ તીર્થંકરનું એકંદર આયુષ્ય ૬૦ લાખ વર્ષનું હતું.

## ૨૦૪ શાલિહીપિતા.

શ્રાવસ્તિ નગરીમાં શાલિહીપિતા નામે મહાઋદ્ધિવંત ગાથાપતિ હતા. તેમને ફલ્ગુની નામે સુશીલ અને સુસ્વરૂપવાન સ્ત્રી હતી. એકદા પ્રભુ મહાવીર તે નગરીમાં પધાર્યા. શાલિહીપિતા પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુએ વ્યાખ્યાન આપ્યું. સાધુનો અને શ્રાવકનો એમ બે પ્રકારનાં ધર્મો પ્રભુએ સંભળાવ્યા. શાલિહીપિતાએ વિચાર્યું કે મ્હારાથી સાધુધર્મ ગ્રહણ કરી શકાય તેમ નથી. પણ શ્રાવક ધર્મ તો હું જરૂર અંગીકાર કરૂં. એમ ધારી તેમણે પ્રભુ પાસે શ્રાવકના બાર વ્રત ધારણ કર્યા અને ધર્મ ધ્યાનમાં, વ્રતનિયમમાં અડગપણે રહેવા લાગ્યા. કેટલાક વર્ષ વિત્યાબાદ તેમને ઉપાધિમુક્ત થવાની ઇચ્છા થઈ. તેથી ઘરનો સઘળો કારભાર પોતાના જ્યેષ્ઠ પુત્રને સોંપી તેઓ પૌષધશાળામાં જઈ ધર્મધ્યાન કરવા લાગ્યા.

છેવટે તેમણે શ્રાવકની અગીયાર પ્રતિમા ધારણ કરી, સાધુ જીવન ગાળવું શરૂ કર્યું. તપશ્ચર્યાથી શરીર ક્ષીણ થતાં સંથારો કર્યો. એક માસનો સંથારો ભોગવી અને આત્માની ઉચ્ચતમ દશાને ભાવતાં શાલિહીપિતા કાળધર્મને પામ્યા અને મરીને ૧લા દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં અવતરી તેજ ભવમાં તેઓ મોક્ષ જશે.

## ૨૦૫ શાંતિનાથ.

વર્તમાન ચોવિસીના સોળમા તીર્થંકર અને પાંચમા ચક્રવર્તી હસ્તિનાપુર નગરના વિશ્વસેન રાજાની અચિરા (અચળા) દેવી રાણીની કુક્ષિમાં સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવીને ઉત્પન્ન થયા.

તે વખતે દેશમાં મરકી ચાલતી હતી, તે બંધ પડી ગઈ, તેથી તેમનું ‘ શાંતિનાથ ’ એવું નામ પાડયું. શ્રી શાંતિનાથ પૂર્વભવમાં મેઘરથ રાજા હતા, તે વખતે તેમની અહિંસાપ્રિયતાની પ્રશંસા ત્રિભુવનમાં થઈ રહી હતી. ઇંદ્રસભામાં તેમની પ્રશંસા થતાં એક મિથ્યાત્વી દેવે મેઘરથની પરીક્ષા કરવા એક પારેવું બનાવી તેમના આશ્રયમાં ઉરાડી મૂક્યું હતું, પાછળથી તે દેવે બાજરૂપ કરી રાજા પાસે પોતાનું ભક્ષણ માગ્યું. રાજાએ કહ્યું કે શરણાગતને રક્ષણ આપવું, એ મારો ધર્મ છે. બાજપક્ષીએ કહ્યું કે માંસ એ મારો ખોરાક છે. જો પારેવું ન આપી શકે તો તેનાં શરીરના ભારોભાર તારા શરીરનું માંસ કાપી આપ. રાજાએ તે કબુલ કર્યું. એક બાજુ એક પલ્લામાં પારેવું મૂક્યું, બીજી તરફ બીજા પલ્લામાં રાજા છરીવતી પોતાના શરીરનું માંસ કાપીને મૂકતો, પણ દેવ-માયાથી પારેવાવાળું પલ્લું નીચું જ રહેતું. પ્રજામાં હાહાકાર વર્તાયો. પ્રધાન વગેરેએ રાજાને તેમ ન કરવા સમજાવ્યા, પરન્તુ મેઘરથરાજા બીજાના જીવના બચાવ આગળ પોતાના શરીરને અલ્પ ઉપયોગી ગણતા. છેવટે રાજાના પ્રણામ શુદ્ધ જાણી દેવ પ્રસન્ન થયો. તેણે મેઘરથની માફી માગી. રાજાએ અનુક્રમે અહિંસાધર્મમાં સર્વોત્કૃષ્ટ બની દીક્ષા લીધી, અને સખ્ત તપ કરી દેવગતિમાંથી અહિંયાં જન્મ લીધો. યુવાવસ્થા પામતાં તેઓ ૬૪૦૦૦ સ્ત્રીઓ પરણ્યા. અને છખંડ સાધી ચક્રવર્તી થયા. તેઓ ૨૫ હજાર વર્ષ કુમારપણે રહ્યા. ૫૦ હજાર વર્ષ ચક્રવર્તીપણે રાજ્ય ભોગવ્યું. તે પછી લોકાંતિક દેવોની પ્રેરણાથી વરસીદાન આપી એક હજાર પુરૂષો સાથે દીક્ષા લઈ ચાલી નીકળ્યા. સર્વ સમૃદ્ધિનો ત્યાગ કર્યો. સખ્ત તપશ્ચર્યા કરતાં પ્રભુને એક જ માસને અંતે કૈવલ્યજ્ઞાન થયું. તે પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તેમને ૯૦ ગણધરો હતા.

શાંતિનાથ પ્રભુના શાસનપરિવારમાં ૬૨ હજાર સાધુઓ,

૮૯ હજાર સાધ્વીઓ,* ૨૯૦ હજાર શ્રાવકો અને ૩૮૩ હજાર શ્રાવિકાઓ હતા. ૨૫ હજાર વર્ષનું ચારિત્ર પાળી, એક માસના અનશને, સમેતશિખર પર ૯૦૦ મુનિઓ સાથે જેઠ વદિ તેરસે પ્રભુ મોક્ષમાં ગયા.

## ૨૦૬ શાળીભદ્ર.

રાજગૃહિમાં ગોભદ્ર નામના વિપુલ સંપત્તિશાળી શેઠ હતા. તેમને ભદ્રા નામની સુશીલ પત્ની હતી. તેમને એક પુત્ર થયો. નામ પાડયું શાળીભદ્ર. તેઓ મહા પ્રજ્ઞાવંત અને બુદ્ધિશાળી હોઈ થોડા વખતમાં ૭૨ કળાઓ શીખી પ્રવિણ બન્યા. યુવાવસ્થા પામતા પિતાએ તેમનું ૩૨ સ્વરૂપવાન કન્યાઓ સાથે લગ્ન કર્યું. સ્ત્રીઓ સાથે સાંસારિક સુખો ભોગવતાં દિવસ કે રાત્રિ કેવી રીતે પસાર થાય છે, તે પણ તેઓ જાણતા ન હતા; અર્થાત્ તેમને ત્યાં દુઃખ જેવી વસ્તુનું નામ નિશાન ન હતું. કેટલેક કાળે ગોભદ્ર શેઠ દીક્ષા લઈ મૃત્યુ પામ્યા અને દેવલોકમાં ગયા. તેમને પુત્ર પર અતિશય સ્નેહ હોવાથી શાળીભદ્ર અને તેની પત્નીઓના ભોગોપભોગ માટે હમેશાં તેઓ વસ્ત્ર, ઘરેણાં અને મીઠાઈઓથી ભરેલી ૯૯ પેટીઓ મોકલાવતા. શાળીભદ્ર દેવ જેવું સુખ ભોગવતા, અને લાવવા લઈ જવા વગેરેનું સર્વ ગૃહકાર્ય ભદ્રામાતા કરતાં.

એક દિવસ કોઈ એક વેપારી રત્નની કાંબળો લઈને રાજગૃહમાં વેચવા આવ્યો. તે કાંબળો બહુમૂલ્યવાન હોવાથી શહેરનો ધનિક વર્ગ તો ન ખરીદી શક્યો, એટલું જ નહિ પણ રાજગૃહના રાજા શ્રેણિકે પણ તે રત્ન કાંબળો ખરીદી નહિ. વેપારી નિરાશ

* બીજા એક પુસ્તકમાં ૬૧ હજાર છસો સાધ્વીઓ અને ૩ લાખ ૯૩ હજાર શ્રાવિકાઓ લખેલ છે.

થઈ શાળીભદ્રના મહેલ આગળ નીકળ્યો. ભદ્રા માતાએ તે વેપારીની સઘળી કાંબળો ખરીદી લીધી. વેપારી શેઠની ઋદ્ધિ જોઈને અજાયબ થયો.

બીજે દિવસે શ્રેણિક નૃપતિની રાણી ચેલ્લણાએ તે રત્નકાંબળ લેવાનો રાજાને આગ્રહ કર્યો, એટલે રાજાએ તે વેપારીને બોલાવ્યો, પરન્તુ રાજાએ જાણ્યું કે શાળીભદ્ર શેઠની માતાએ બધી કાંબળો ખરીદી લીધી છે! આ જાણી રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો કે પોતાના નગરમાં આવા સમૃદ્ધિશાળી રત્નો અસ્તિત્વ ધરાવે છે. ત્યારપછી તેમાંની એક કાંબળ રાણી માટે લઈ આવવા રાજાએ અભયકુમારને શાળીભદ્રને ઘેર મોકલ્યા. ભદ્રાએ મંત્રીનો ભાવપૂર્વક સત્કાર કરતાં કહ્યું કે મંત્રીજી, ધન્ય ભાગ્ય અમારાં કે આપે અમારે ત્યાં પગલાં કર્યાં, પરન્તુ દીલગીર છું કે તે કાંબળો શાળીભદ્રની સ્ત્રીઓએ સ્નાન કર્યાં પછી, તે વડે અંગ લૂછીને ગટરમાં ફેંકી દીધી છે. આ સાંભળતાં અભયકુમારના આશ્ચર્યનો પણ પાર રહ્યો નહિ. તેણે સઘળી વાત શ્રેણિક રાજાને કહી. શ્રેણિકે શાળીભદ્રનો આવાસ જોવા જવાનો વિચાર કર્યો, તેથી તેઓ શાળીભદ્રને ઘેર આવ્યા. મહારાજા તથા મંત્રીશ્વર વગેરેનું ઉચિત સ્વાગત કરી ભદ્રાએ તેમને યોગ્ય આસને બેસાડયા. શ્રેણિકે શાળીભદ્રના મુખદર્શનની ઈચ્છા વ્યક્ત કરી, એટલે ભદ્રામાતા ઉંચા પ્રાસાદના છેક ઉપરના ભાગમાં શાળીભદ્ર પાસે ગયા અને કહ્યું:—ભાઈ! આપણે ત્યાં શ્રેણિક આવ્યા છે તો નીચે આવો. જેમને દુનિયાનો લેશ પણ ખ્યાલ નથી એવા શાળીભદ્રે માતાનું વચન સાંભળીને કહ્યું: માતાજી! શ્રેણિક આવ્યા હોય તો નાખો વખારે, એમાં મને પૂછવા જેવું શું હોય? ભદ્રા સમજ્યા કે શાળીભદ્રને શ્રેણિક કોણ છે તેની ખબર નથી. એટલે તેમણે કહ્યું:—ભાઈ, શ્રેણિક મહારાજા! રાજગૃહિના ભૂપતિ, આપણા માલીક પધાર્યા છે. શાળીભદ્ર આ સાંભળી ચમકયા. તેઓ વિચારમાં પડયા કે મ્હારે આટઆટલી સાહ્યબી, છતાં શું મ્હારે માથે માલીક?

હું માલીક વગરનો કેમ બનું ? એમ વિચાર કરતાં તેઓ વૈરાગ્ય વાન બન્યા. થોડીવારે તેઓ રાજા પાસે આવી પ્રણામ કરી યોગ્ય આસને બેઠા. રાજા શ્રેણિક શાળીભદ્રનું મુખ, તેમની રિદ્ધિ સિદ્ધિ, વગેરે જોઈ આનંદ પામ્યા અને રજા લઈ સ્વસ્થાનકે ગયા.

કેટલાક સમય પછી ત્યાં ધર્મઘોષ નામના સ્થવીર મહાત્મા પધાર્યા. તેમનું વ્યાખ્યાન સાંભળી શાળીભદ્રે દીક્ષા લેવાનો વિચાર કર્યો, અને માતા પાસે રજા માગી. માતાએ તેમને ધીમે ધીમે ત્યાગવૃત્તિ કેળવવાનું કહ્યું, એટલે માતાના સ્નેહને વશ થઈ શાળીભદ્ર દરરોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરવા લાગ્યા: તેવામાં તેમના બનેવી ધન્નાએ આવી તેમને ચેતવ્યા અને કહ્યું કે ઉઠો, સાવધાન થાવ. રોજ એક એક સ્ત્રીને ત્યાગવાની કાયરતા વીર પુરુષને સંભવે નહિ, હું આઠેય સ્ત્રીઓને ત્યાગીને ચારિત્ર લેવા માટે ઉદ્યુકત થયો છું. આ સાંભળી શાળીભદ્રના જ્ઞાનચક્ષુઓ સતેજ થયાં. તેઓ ધન્ના સાથે ત્યાં બિરાજમાન પ્રભુ મહાવીર પાસે ગયા અને દીક્ષા લીધી. સખ્ત તપ જપ ક્રિયાઓ કરી, અંતિમ સમયે વૈભારગીરી પર અનશન કરી શાળીભદ્ર સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા.

## ૨૦૭ શિવરાજ ઋષિ.

હસ્તિનાપુરના શિવ નામના રાજાએ, પોતાના પુત્ર શિવભદ્રને રાજ્ય સોંપી, તામલીની માફક તાપસ દીક્ષા અંગીકાર કરી, અને યાવજજીવ છઠ છઠની તપસ્યા કરતા વિચરવા લાગ્યા. ઉગ્ર તપશ્ચર્યાને લીધે તેમને વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું, જે વડે તેમણે સાત સમુદ્રો અને સાત દ્વીપો જોયાં. આથી તેમણે પોતે જોયેલી વસ્તુથી જગત પર કાંઈ વધારે નથી એવી પ્રરૂપણા કરવા માંડી. એવામાં ભ૦ મહાવીર હસ્તિનાપુરમાં પધાર્યા. ગૌતમ સ્વામી ગામમાં ગોચરી કરવા નીકળ્યા; ત્યાં લોકોના મુખે તેમણે શિવરાજની પ્રરૂપણા સાંભળી.

ભગવાનને પૂછતાં તેમણે કહ્યું કે દ્વીપ સમુદ્રો સાત નથી, પણ અસંખ્યાતા છે. આથી ગૌતમે લોકોને સત્ય સમજાવ્યું. એટલે શિવરાજ પ્રભુ મહાવીર પાસે આવ્યા. મોટી ધર્મસભા સમક્ષ ભગવાને દેશના આપી, તેમાં શિવરાજનો સંશય ટળ્યો, તેથી તેમણે આરાધક બની ભગવાન પાસે દીક્ષા લીધી; અને તેજ ભવમાં તેઓ મોક્ષે ગયા.

## ૨૦૮ શ્રી દેવી

રાજગૃહ નગરમાં સુદર્શન નામે મહાઋદ્ધિવંત ગાથાપતિ રહેતો હતો, તેને પ્રિયા નામે સ્ત્રી હતી. તેનાથી તેને એક પુત્રી થઈ હતી. તેનું નામ ભૂતા. ભૂતા જન્મથીજ વૃદ્ધ જેવી, કુમારપણામાં પણ વૃદ્ધ જેવી દેખાતી. શરીર પણ જીર્ણ જેવું, તેથી કોઈપણ પુરૂષ તેને પરણ્યો નહિ. તે સમયે પાર્શ્વનાથ પ્રભુ પધાર્યા. ભૂતા વંદન કરવા ગઈ. પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય પામીને ભૂતાએ દીક્ષા લીધી અને પુષ્પચુલા નામે સાધ્વીજીની શિષ્યા થઈ. સમય જતાં ભૂતા શિથિલાચારી બનવા લાગી. હાથપગ મસ્તક મોઢું વગેરે વારંવાર ધોવા લાગી, અને એ રીતે શરીરની શુશ્રુષા કરવા લાગી. પુષ્પચુલા સાધ્વીજીએ તેને સાધુનો ધર્મ સમજાવીને તેમ ન કરવા સૂચવ્યું. અને પ્રાયશ્ચિત લેવાનું કહ્યું છતાં ભૂતાએ તે ગણકાર્યું નહિ, અને તેમનાથી જુદી પડીને એક જુદા ઉપાશ્રયમાં સ્વચ્છંદપણે વિચરવા લાગી. ત્યાં છઠ અઠમ આદિ તપશ્ચર્યા કરતાં કરતાં ઘણા વર્ષ સંયમ પાળી, કાળકરીને તે સૌધર્મ દેવલોકમાં દેવીપણે ઉપ્તન્ન થઈ, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ. દીક્ષિત બનીને આખરે તે સિદ્ધગતિને પામશે,

## ૨૦૯ શિતળનાથ

ભદ્દિલપુર નગરના દઢરથ રાજાની નંદાદેવી નામક રાણીની કુક્ષિમાં દશમા દેવલોકથી ચ્યવી, વૈશાક વદિ ૬ની રાત્રીએ પ્રભુ ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન જોયાં. અનુક્રમે મહાવદિ ૧૨ ના રોજ

પ્રભુનો જન્મ થયો. ઇંદ્રોએ જન્મોત્સવ ઉજવ્યો. પ્રભુ ગર્ભમાં હતા ત્યારે રાજાનું તપ્ત થયેલું શરીર નંદાદેવીના સ્પર્શથી શિતળ થયું હતું, તેથી પુત્રનું શિતળનાથ એવું નામ આપ્યું. બાલ્યકાળ વીતાવી તેઓ યુવાવસ્થા પામ્યા ત્યારે પોતાની અનિચ્છા છતાં પિતાના આગ્રહે તેમણે લગ્ન કર્યું. ત્યારબાદ ૨૫ હજાર પૂર્વની ઉમરે તેઓ રાજ્યાસને બેઠા. ૫૦ હજાર પૂર્વ સુધી રાજ્ય ભોગવ્યું. પછી વાર્ષિક દાન આપી મહા વદિ બારશે એક હજાર રાજાઓ સાથે પ્રભુએ સંયમ ગ્રહણ કર્યો. માત્ર ત્રણ માસ છદ્મસ્થપણામાં રહ્યા પછી શિતળનાથ સ્વામીને પોશ વદિ ૧૪ ના રોજ કૈવલ્યજ્ઞાન થયું. તેમને આનંદ વગેરે ૮૧ ગણધરો હતા.

પ્રભુના સંઘપરિવારમાં ૧ લાખ મુનિ, ૧ લાખને ૬ સાધ્વીઓ, ૨૮૯ હજાર શ્રાવકો અને ૪૫૮ હજાર શ્રાવિકાઓ હતા. અંતિમ સમયે સમેત શિખર પર એક હજાર મુનિઓ સાથે, એક માસનું અનશન પાળી વૈશાકવદિ બીજે પ્રભુ નિર્વાણ—મોક્ષ પધાર્યા. શિતળનાથ જિનનું એકંદર આયુષ્ય એક લાખ પૂર્વનું હતું.

## ૨૧૦ શ્રેયાંસનાથ

સિંહપુર નગરના વિષ્ણુરાજ રાજાની વિષ્ણુ નામક રાણીની કુક્ષિમાં ૭મા દેવલોકથી ચ્યવીને જેઠવદિ છઠે તેઓ ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન દીઠાં. ગર્ભકાળ પૂરો થયે ફાગણ વદિ ૧૨ પ્રભુનો જન્મ થયો. ઇંદ્રોએ જન્મોત્સવ કર્યો. યૌવનાવસ્થામાં તેઓ અનેક રાજકન્યાઓ પરણ્યા. પછી લોકાંતિક દેવોની પ્રેરણાથી વરસીદાન આપી, ૧ હજાર રાજાઓ સાથે ફાગણ વદિ ૧૩ સંયમ અંગીકાર કર્યો. તેઓ ૨૧ લાખ વર્ષ કુમારપણે રહ્યા; ૪૨ લાખ વર્ષ રાજ્ય કર્યું. ૭ માસ છદ્મસ્થાવસ્થામાં રહ્યા પછી મહા વદિ અમાસે પ્રભુને કૈવલ્ય જ્ઞાન થયું. ૨૧ લાખ વર્ષમાં બે માસ ઓછા સમય સુધી કૈવલ્ય પ્રવર્જ્યામા વિચરી ઘણા જીવોનો પ્રભુએ ઉદ્ધાર કર્યો. છેવટે એક હજાર

મુનિઓ સાથે, સમેતશિખર પર એક માસના અનશને શ્રાવણ વદિ ત્રીજે પ્રભુ મોક્ષ પહોંચ્યા. તેમનું કુલ આયુષ્ય ૮૪ લાખ વર્ષનું હતું.

શ્રેયાંસનાથ સ્વામીના સંઘ પરિવારમાં ૮૪ હજાર સાધુઓ ૧૦૩ હજાર સાધ્વીઓ, ૨૭૯ હજાર શ્રાવકો અને ૪૪૮ હજાર શ્રાવકાઓ હતા.

## ૨૧૧ શ્રેયાંસકુમાર.

ઋષભદેવ ભગવાનના પુત્ર બાહુબળ; અને બાહુબળના પુત્ર સોમપ્રભ, જેઓ હસ્તિનાપુરના રાજા હતા, તેમને શ્રેયાંસકુમાર નામે પુત્ર થયો હતો. આદિનાથ પ્રભુએ દીક્ષા લીધા પછી, આહાર આપવાનો વિધિ લોકો જાણતા ન હોવાથી ભગવાનને એક વરસ સુધી આહાર મળ્યો નહિ. પ્રભુ ફરતા ફરતા ગજપુર–હસ્તિનાપુરમાં પધાર્યા, લોકો પ્રભુને જુદી જુદી વસ્તુઓ ભેટ ધરતા, તે પ્રભુ લેતા ન હતા. આથી લોકોમાં કોલાહલ થયો. તે શ્રેયાંસકુમારના જાણવામાં આવ્યું; એટલે પ્રભુ પધાર્યા જાણી તે હર્ષભેર પ્રભુ પાસે દોડી ગયા. પ્રભુનું સ્વરૂપ જોતાં 'પૂર્વે મેં આવું ક્યાંક દીઠું છે' એમ વિચારતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. એ અરસામાં પોતાને ત્યાં શેરડીનો રસ આવ્યો, તે નિર્દોષ હોવાથી તેમણે પ્રભુને વહોરાવ્યો. પ્રભુએ તે હસ્તપાત્રમાં લઈ, તેનું પાન કરી પારણું કર્યું. શ્રેયાંસકુમારની સર્વત્ર પ્રશંસા થઈ, તે દિવસ વૈશાક શુદિ ત્રીજનો હતો, જેને લઈ આજે જૈનધર્મીઓ વરસી તપનું પારણું તે દિવસે કરે છે, જેને અક્ષય તૃતિયા કહે છે. શ્રેયાંસકુમાર સુપાત્ર દાનના પ્રભાવે સદ્ગતિ પામ્યા.

## ૨૧૨ શ્રેણિકરાજા ( બિંબીસાર ).

કુશાગ્રપુરના રાજા પ્રસેનજિતનો સૌથી નાનો કુમાર, તે શ્રેણિક. તેમની માતાનું નામ ધારિણી. ભાઈઓની ઈર્ષાને લીધે તેઓ

કુશાગ્રપુર છોડીને વેણાતટ નગરમાં ગયા. ત્યાં પુણ્યયોગે ભદ્ર નામના એક શ્રેષ્ઠિએ તેમને પરોણા તરીકે રાખ્યા, એટલું જ નહિ પણ શ્રેણિક રાજાની સરળતા, બુદ્ધિમતા તથા મુખની તેજસ્વીતા આદિ જોઈ ભદ્ર શેઠે શ્રેણિકને પોતાની નંદા નામની પુત્રી પરણાવી. પ્રસેનજીત રાજા પાછળથી રાજગૃહ નગર વસાવી ત્યાં રહેવા લાગ્યા. તેવામાં તે માંદા પડયા. આ સમાચાર શ્રેણિકે સાંભળ્યા, તેથી તે પોતાના પિતા પાસે શીઘ્ર જઈ પહોંચ્યા. પિતાને તેમના પર પ્રેમ હોવાથી રાજગૃહનું રાજ્ય શ્રેણિકને સોંપી, તેઓ સ્વર્ગવાસ પામ્યા. આ વખતે નંદા ગર્ભવતી હોવાથી તેણીએ 'અભયકુમાર' નામના મહા બુદ્ધિવંત પુત્રનો જન્મ આપ્યો. ગાદીએ બેઠા પછી શ્રેણિકે રાજ્યમાં ઘણો વધારો કર્યો અને તે મહર્દ્ધિક રાજા થયો. તેને ચિલ્લણા, નંદા, ધારિણી, કાલી વગેરે ઘણી રાણીઓ હતી; તથા અભયકુમાર, કોણિક, કાલી, મેઘ આદિ ઘણા કુમારો હતા. શ્રેણિક પહેલાં બૌદ્ધધર્મના ઉપાસક હતા, પરન્તુ પાછળથી અનાથી મુનિના સંસર્ગે તેઓ જૈનધર્મી બન્યા. ભ૦ મહાવીરના તેઓ પરમ ભક્ત હતા; તેમજ દઢ સમકિતી હતા; તેમણે પોતાના રાજ્યમાં કસાઈની દુકાનો બંધ કરાવી હતી.

એક વખત દેવે શ્રેણિકની પરીક્ષા કરવા માંસાહારી જૈન-સાધુ અને સગર્ભા જૈન સાધ્વીનો દેખાવ રજુ કર્યો, પણ શ્રેણિક ડગ્યા નહિ. તેમના પુત્રોમાંના મેઘકુમાર, નંદિષેણ, અભયકુમાર, જાલી વગેરે ઘણાઓએ દીક્ષા લીધી હતી. કાલી, નંદા વગેરે રાણીઓએ પણ દીક્ષા લીધી હતી. આખર અવસ્થામાં દુર્બુદ્ધિ કોણિકે શ્રેણિકને કેદમાં પૂર્યા હતા. પુત્રના હાથથી મૃત્યુ ન પામવા માટે શ્રેણિકે પોતાની મુદ્રિકામાં રહેલ કાલકુટ વિષ ચૂસીને પોતાના દેહનો અંત આણ્યો હતો. તેમણે મૃગલીના શિકાર વખતે નિકાચિત કર્મનો બંધ કર્યો હોવાથી મૃત્યુ પામીને તેઓ પહેલી નરકે ગયા, પરન્તુ

તેમણે શાસનની ભક્તિથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હતું, તેથી તેઓ આવતી ચોવિસીમાં પદ્મનાભ નામના પહેલા તીર્થંકર થશે.

## ૨૧૩ શંખરાજા

તે કાશીદેશની વારાણસી નગરીના રાજા હતા. પૂર્વભવમાં મહાબલના પુરણ નામના તે મિત્ર હતા; અને સંયમ પાળી જયંત વિમાનમાં ગયા હતા. ત્યાંથી ચ્યવી અહિં ઉત્પન્ન થયા હતા. એકવાર અર્હન્નક નામના વેપારીએ મિથિલાના કુંભરાજાને મલ્લીકુંવરી માટે બે દિવ્ય કુંડલો ભેટ આપ્યા હતા, તેમાંના એક કુંડલની સાંધ તૂટી જવાથી કુંભરાજાએ તે સાંધી આપવા માટે મિથિલાના સોનીઓને બોલાવ્યા, પણ તેમાંના કોઈ આ સાંધ સાંધી શકયા નહિ, આથી રાજાએ ગુસ્સે થઇને સોનીઓને દેશનિકાલ કર્યા. તેઓ ફરતા ફરતા વારાણસી નગરીમાં આવ્યા અને ત્યાં રહેવા માટે રાજાની આજ્ઞા માગી. રાજાએ કારણ પૂછતાં તેમણે સર્વ હકીકત કહીને મલ્લીકુંવરીના રૂપનું વર્ણન કર્યું. આથી તે કુંવરીને પરણવા માટે શંખ રાજાએ દૂત મોકલી કુંભ-રાજાને કહેણ મોકલ્યું. રાજાએ ન માન્યું, એટલે શંખે, જિતશત્રુ વગેરે રાજાઓ સાથે સંધી કરીને મિથિલાને ઘેરો ઘાલ્યો. આખરે મલ્લીકુંવરીની યુક્તિથી તેઓ બોધ પામ્યા અને દીક્ષા લઈ, સખ્ત તપશ્ચર્યા કરી મોક્ષમાં ગયા.

## ૨૧૪ શંખ અને પોખલી

શ્રાવસ્તિ નગરીમાં શંખ અને પોખલી નામના બે ધનાઢય શ્રાવકો વસતા હતા. તેઓ જીવ અજીવ આદિ નવતત્ત્વના જાણ તથા ધર્મિષ્ટ અને ક્ષમાની મૂર્તિસમા હતા; તેઓ બંને ભ. મહાવીરના અનન્ય ઉપાસક હતા.

એકવાર પ્રભુ મહાવીર તે શ્રાવસ્તિમાં પધાર્યા. પરિષદ્ વંદન

કરવા ગઈ. તેમાં શંખ અને પોખલી આદિ શ્રાવકો પણ ગયા. પ્રભુએ દેશના આપી. સદ્બોધ સાંભળી સૌ પાછા ફર્યા. તે વખતે રસ્તામાં શંખ શ્રાવકે પોખલી આદિ બીજા શ્રાવકોને કહ્યું કે ત્હમે વિસ્તીર્ણ અન્ન, પાણી, મેવા, સુખડી આદિ ચાર પ્રકારનાં ભોજન કરાવો: જે જમ્યાબાદ આપણે પાક્ષિક પૌષધ કરી ધર્મ જાગ્રિકા કરીશું. શંખનું કહેવું સૌએ કબુલ કર્યું. તે પછી તેઓએ ચાર પ્રકારનું અન્ન નીપજાવ્યું અને સમય થતાં શંખ શ્રાવકના આગમનની વાટ જોવા લાગ્યા.

બીજી તરફ શંખ શ્રાવકે ઘેર જઇને વિચાર કર્યો કે પૌષધ નિમિત્તે આવો સમારંભ કરાવવો યોગ્ય નહિ, તેમજ ભારે પદાર્થો ખાઈને પૌષધ કરવો ઉચિત નથી. પણ સર્વ આભરણ, વિલેપન, છોડીને, ક્રોધ કષાય રહિત, બ્રહ્મચર્ય સહિત, દાભની પથારી પર બેસીને ધર્મધ્યાન ભાવતાં પૌષધ કરવો ઉચિત છે. એમ વિચારી તેઓ જમવાના સ્થાને ન જતાં, પોતાની સ્ત્રીને કહીને પૌષધશાળામાં ગયા અને પૌષધ ગ્રહણ કરીને આત્મ ભાવના ભાવવા લાગ્યા.

વખત થઈ જવા છતાં શંખશ્રાવક જમવા ન આવ્યાથી અન્ય શ્રાવકોની રજા લઈ પોખલી શ્રાવક શંખને ઘેર આવ્યા. તેમને જોઈ શંખની પત્નીએ તેમનો આદર સત્કાર કર્યો અને કહ્યું કે શંખજીએ પૌષધ કર્યો છે. આ સાંભળી પોખલી શ્રાવક શંખ પાસે પૌષધશાળામાં ગયા. ત્યાં કેટલીક વાતચિત કરી, શંખ પૌષધમાં હોવાથી પોખલી ચાલ્યા ગયા. રાત્રે શંખ શ્રાવકે વિચાર કર્યો કે મારે ભગવાનના દર્શન કર્યા પછીજ પૌષધ પારવો. આથી પ્રાતઃકાળ થતાં તે પ્રભુના દર્શને ગયા, જ્યાં પોખલી આદિ શ્રાવકોથી પરિષદ ચિકાર હતી. પ્રભુએ દેશના આપી. દેશનાને અંતે પોખલીએ શંખને કહ્યું કે ત્હમે ગઈકાલ જમવા ન આવ્યા, માટે અમે તમારી નિંદા કરીશું. આ સાંભળી પ્રભુએ કહ્યું: હે દેવાનુપ્રિય, શંખ શ્રાવક નિંદવા લાયક નથી. તે ધર્મમાં દૃઢ છે. પ્રમાદ, નિંદ્રા રહિત તે ધર્મજાગ્રિકા કરનાર

છે. તેના વિચારો કપટ યુક્ત ન હતા; પણ ધર્મમય હતા. આ સાંભળી સર્વ શ્રાવકોએ શંખજીની ક્ષમા માગી. તે પછી ભગવાનને શંખજીએ કેટલાક પ્રશ્નો પૂછી ખુલાસા મેળવ્યા, અને પ્રભુને વંદન કરી ઘેર ગયા.

આ વખતે શ્રી ગૌતમે ભગવાનને પૂછ્યું:–હે પ્રભુ, શંખ શ્રાવક સાધુ થશે? પ્રભુએ કહ્યું:–ના. શ્રી ગૌતમે પૂછ્યું:–ત્યારે તેઓ ગૃહસ્થપણામાં કાળધર્મ પામી કયાં જશે? શ્રી પ્રભુએ કહ્યું કે તેઓ દેવગતિમાં જશે અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ તેજ ભવમાં મોક્ષ જશે.

## ૨૧૫ સદ્દાલપુત્ર (સકડાલપુત્ર)

પોલાસપુર નગરમાં ગોશાળાના મતનો ઉપાસક સદ્દાલપુત્ર નામે એક કુંભાર રહેતો. તેને એક ક્રોડ સોનામ્હોર જમીનમાં, એક ક્રોડ વ્યાપારમાં અને એક ક્રોડ ઘર વખરામાં એ રીતે ત્રણ ક્રોડ સોનામ્હોરો હતી. દશ હજાર ગાયોનું એક ગોકુળ તેને ત્યાં હતું. તે મહા ઋદ્ધિવંત હતો. તેને કુંભારના ધંધાની પાંચસો દુકાનો હતી. અગ્નિમિત્રા નામની સુશીલ અને સુસ્વરૂપવાન સ્ત્રી હતી. આ સર્વ સુખમય સામગ્રીમાં સદ્દાલપુત્ર સમય વ્યતીત કરતો હતો. એક સમયે સદ્દાલપુત્ર પોતાની અશોક વાડીમાં આવી ગોશાળાના કહેલા ધર્મની ચિંતવણા કરતો હતો, તે સમયે એક દેવ તેની પાસે આવ્યો અને કહેવા લાગ્યો. હે સદ્દાલપુત્ર, આવતી કાલે સવારમાં ત્રિકાળજ્ઞાની શ્રી અર્હત–જિનેશ્વર અહિં આવશે, માટે તું તેમની સેવા ભકિત બરાબર કરજે, તથા પ્રભુને પાટ પાટલા મકાન વગેરે જે જોઈએ તે આપજે. એટલું કહીને દેવ ત્યાંથી ચાલ્યો ગયો. સદ્દાલપુત્રે વિચાર કર્યો કે મ્હારા ધર્માચાર્ય મહા જ્ઞાન ધારક

ગોશાલક મંખલીપુત્ર આવશે, માટે હું તેમને વંદન કરીને સેવા ભકિત કરીશ.

પ્રાતઃકાળ થયો. પ્રભુ મહાવીર તે નગરના ઉદ્યાનમાં પધાર્યા. સદ્દાલપુત્રે વાત જાણી, તેથી તે પરીવાર સહિત પ્રભુને વાંદવા ગયો. પ્રભુએ દેશના આપી. પ્રભુ જાણતા હતા કે સદ્દાલપુત્ર ગોશાલકના મતનો અનુયાયી છે અને જે વસ્તુ બનવાની હોય છે તેજ બને છે, તેમ માનનારો છે; પણ ઉદ્યમ, પુરૂષાર્થને માનતો નથી. તેથી સદ્દાલપુત્રને સમજાવવા પ્રભુ મહાવીર તેને ત્યાં ગયા. અને ત્યાં પડેલા માટીના ઘડા સદ્દાલપુત્રને બતાવીને કહ્યું:–જુઓ, આ માટીના ઘડા શી રીતે બન્યા ? સદ્દાલ પુત્રે કહ્યું, પ્રભુ, એતો બનવાના હતા ને બન્યા. પ્રભુએ કહ્યું, ઉદ્યમ કરવાથી થયાને ? ત્યારે સદ્દાલપુત્રે જવાબ આપ્યો:–પ્રભુ, જગતમાં જે બનવાનું હોય છે તે કુદરતી રીતે બન્યેજ જાય છે, તેમાં પુરૂષાર્થને કંઈ લાગતું વળગતું નથી. સદ્દાલપુત્રને પ્રભુએ સમજાવવાનો પ્રયત્ન કર્યો છતાં તે સમજ્યો નહિ. તેથી ફરીથા પ્રભુએ પ્રશ્ન કર્યો:–જો કોઈ પુરૂષ ત્હારા માટીના વાસણોને ફોડી નાખે, અથવા ત્હારી સ્ત્રી સાથે ભોગવિલાસ કરે તો તું શું કરે ? સદ્દાલપુત્રે કહ્યું:–“ હું તેને પૂરતી શિક્ષા કરૂં. ” પ્રભુએ કહ્યું. શિક્ષા કરવાનું કાંઈ કારણ ? જે બનવાનું છે તે બન્યેજ જાય છે ને ! સદ્દાલપુત્ર તરત ચમકયો. તેણે પ્રભુ મહાવીરની વાત સત્ય માની, અને પુરૂષાર્થને માનનારો થયો. પ્રભુએ તેને ધર્મ સંભળાવ્યો. સદ્દાલપુત્ર બારવ્રતધારી શ્રાવક થયો. આ વાતની ગોશાલકને ખબર પડી. તેથી તે સદ્દાલપુત્ર પાસે આવ્યો. પોતાના મતને મનાવવા તેણે ઘણા પ્રયત્ન કર્યા, પણ તે સર્વ ફોગટ ગયા. એકવાર સદ્દાલપુત્ર પૌષધશાળામાં ધર્મધ્યાન કરતો હતો, તે વખતે અર્ધ રાત્રીએ એક દેવ આવ્યો, તેણે ભયંકર રૂપો કરી સદ્દાલપુત્રને ધર્મથી ચળાવવા ઘણા પ્રયત્નો કર્યા; છતાં સદ્દાલપુત્ર ડગ્યો નહિ. સદ્દાલપુત્રના ત્રણે પુત્રોને

લાવી દેવે તેમનો સંહાર કર્યો, છતાં તે જરા પણ ડગ્યો નહિ. છેવટે દેવે તેની સ્ત્રીને મારી નાખીને તેનું માંસ તળી તેના શરીરપર લોહી છાંટવાનો ભય જ્યારે બતાવ્યો, ત્યારે 'સદ્દાલપુત્રને ઘણું જ લાગી આવ્યું; તેથી તે દેવને પકડવા ઉઠયો, તરત જ દેવ નાસી ગયો અને સદ્દાલપુત્રના હાથમાં એક સ્તંભ આવ્યો. સદ્દાલપુત્રે કોલાહલ કર્યો. આ સાંભળી તેની સ્ત્રી દોડી આવી. સદ્દાલપુત્રે હકીકત કહી. એ સર્વ દેવની માયા હોવાનું તેની સ્ત્રીએ કહેવાથી સદ્દાલપુત્રે પ્રાયશ્ચિત લીધું. તે પછી ૧૧ પ્રતિમા ધારણ કરીને, એક માસનો સંથારો ભોગવી, સદ્દાલપુત્ર કાળ ધર્મ પામ્યા, અને મરીને પહેલા દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તેજ ભવમાં તેઓ મોક્ષ જશે.

## ૨૧૬ સનંતકુમાર ચક્રવર્તી.

હસ્તીનાપુર નગર હતું. ત્યાં અશ્વસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સહદેવી નામે સુસ્વરૂપવાન રાણી હતી. એક રાત્રીએ આ રાણીએ ચૌદ સ્વપ્ન જોયાં. તરત રાણી જાગૃત થઈ અને દીઠેલ સ્વપ્નનું રટણ કરવા લાગી. પ્રભાત થતાં રાણીએ રાજા પાસે જઇને સ્વપ્નની વાત કરી. રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવી સ્વપ્નનું ફળ પૂછયું. સ્વપ્ન પાઠકોએ કહ્યું કે ચૌદ પ્રકારના સ્વપ્નો તીર્થંકરની માતાને કે ચક્રવર્તીની માતાનેજ આવે. તેથી તમારે ત્યાં એક ભાગ્યશાળી પુત્ર અવતરશે. કાંતો તે તીર્થંકર થશે, અગર ચક્રવર્તી થશે. રાજાએ સ્વપ્નપાઠકોને પુષ્કળ દ્રવ્ય આપી વિદાય કર્યાં.

અનુક્રમે નવમાસ પૂર્ણ થયે સહદેવી રાણીએ એક તેજસ્વી, દેદિપ્યમાન પુત્રનો જન્મ આપ્યો. રાજાએ કુમારનો જન્મોત્સવ ધામધૂમપૂર્વક ઉજવ્યો. રાજાને રિદ્ધિ સિદ્ધિનો પાર ન હતો, તેથી તેણે ગરીબ ગુરબાને ખૂબ દાન દીધું અને પુત્રનું 'સનંતકુમાર' એવું નામ પાડયું.

સનંતકુમાર આનંદપૂર્વક વૃદ્ધિ પામ્યા. કેટલાક વખત પછી માતાપિતાના મૃત્યુ બાદ તે રાજ્યાસન પર આવ્યા. આવતાંજ તેમણે અનેક દેશોપર લડાઈ શરૂ કરી. મોટા મોટા રાજાઓને હરાવી તેમણે છ ખંડ ધરતીમાં ચોતરફ પોતાની આણ વરતાવી. કેમકે ચક્રવર્તીને ચક્રરત્ન, છત્રરત્ન આદિ નવરત્નો, તથા દેવો વગેરે સહાય હોય છે. આવી રીતે ચક્રવર્તી થઈને તેઓ સૂખપૂર્વક રાજગાદી ભોગવવા લાગ્યા.

સનંતકુમારનું શારીરિક રૂપ અદ્‌ભુત હતું. તેમના રૂપની જોડી સારાયે જગતમાં પણ ન મળે. એકવાર સુધર્મ દેવલોકમાં સભા હતી, તેમાં ઇંદ્ર મહારાજાએ સનંતકુમારના રૂપની ઘણીજ પ્રશંસા કરી. તેમાંના એક દેવને અતિશયોક્તિ લાગવાથી તે સનંતકુમારનું રૂપ જોવાનો વિચાર કરી એક બ્રાહ્મણનું રૂપ ધરીને સનંતકુમારને જોવા આવ્યો. આ વખતે સનંતકુમાર સ્નાન કરતા હતા, અને ન્હાવાના કેટલાક પદાર્થો ચોપડવાથી તેમનું શરીર જોઈએ તેવું સુંદર ન હતું, છતાં તેવું શરીર દેખીને પણ આ દેવના આશ્ચર્યનો પાર ન રહ્યો. સનન્તકુમારે આ બ્રાહ્મણને જોઈને પૂછયુંઃ—મહારાજ, કેમ પધારવું થયું છે? બ્રાહ્મણે જવાબ આપ્યોઃ—મહારાજા! મેં સાંભળ્યું હતું કે આપનું રૂપ બહુ તેજસ્વી અને સુંદર છે, તેથી જોવા માટે હું અત્રે આવ્યો છું, અને ખરેખર મેં સાંભળ્યું હતું તેથી ઓછું નહિ પણ વિશેષ દેદિપ્યમાન આપનું રૂપ અને કાંતિ છે. આ સાંભળી સનંતકુમારને અભિમાન આવ્યું અને બોલ્યાઃ—મહારાજ, અત્યારે તો હું સ્નાન કરૂં છું અને શરીરે લેપ કરેલો છે, પરન્તુ હું વસ્ત્રાભુષણો સજી જ્યારે રાજસભામાં આવું ત્યારે આપ મારૂં રૂપ જોવા પધારજો. બ્રાહ્મણે કહ્યુંઃ ભલે, મહારાજા, હું આવીશ.

સનંતકુમાર સ્નાન કરી, સુંદર વસ્ત્રાભુષણો પહેરી રાજસભામાં દાખલ થયા. આ વખતનું તેમનું રૂપ સાક્ષાત દેવતાઓને પણ શરમાવે તેવું હતું. રાજા રાજસભામાં બેઠા છે તેવામાં પેલો બ્રાહ્મણ આવ્યો

અને તેણે મહારાજાના રૂપ સામે જોયું. સનંતકુમારે વિચાર્યું કે હમણા આ મહારાજ મ્હારાં રૂપની ખૂબ પ્રશંસા કરશે; પરંતુ ઉક્ત બ્રાહ્મણે તેનું રૂપ જોઈને નિસાસો નાખ્યો અને બીજી બાજુ ફરીને ઉભો રહ્યો. આ જોઈ સનંતકુમારને આશ્ચર્ય થયું. તરત જ તેમણે બ્રાહ્મણને પૂછ્યું, મહારાજ, આમ કેમ ? પહેલી વખત તો તમે ખુશ થયા હતા અને આ વખતે દીલગીર થવાનું કારણ શું ? બ્રાહ્મણે કહ્યું, મહારાજા, પહેલા તમારૂં શરીર અમૃતમય હતું. અને અત્યારે તે ઝેરમય છે. સનંતકુમારે વિસ્મિત થતાં પૂછ્યું. એમ શાથી મહારાજ ? બ્રાહ્મણે કહ્યું:—મહારાજા, પરીક્ષા કરવી હોય તો તમે મ્હોંમાંથી થૂંકો. તે થૂંક પર માખી બેસતાંની સાથે તે મરણ પામશે. આ સાંભળી સનંતકુમાર થૂંક્યા, તરતજ માખી તે પર બેસી મરણ પામી. સનંતકુમારને જ્ઞાન થયું. તે સમજ્યા કે ખરેખર અભિમાન રૂપી ઝેરનું મિશ્રણ થવાથી આ સ્થિતિ થઈ. તો પછી ક્રોધ, માન, માયા, લોભ, રાગ દ્વેષ એ બધી વસ્તુઓ જ્યાં સુધી આત્મામાં હોય, ત્યાંસુધી શા કામનું ? તેમજ આ નાશવંત અને ક્ષણિક શરીર પર આટલો બધો મોહ શા માટે હોવો ઘટે ? આ શરીર મળમૂત્રનું ભાજન છે, તેમાંથી ઝેર પણ પ્રગમે છે. આવા ગંદા શરીરનો ભરોસો શો ? માટે તે પરથી મમતા ઉતારી નાખવાની અને આત્માના સ્વસ્વરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં તલ્લીન બનવાની આવશ્યકતા છે. તરતજ સનંતકુમારને વૈરાગ્ય થયો. અને તેઓ સર્વ રિદ્ધિસિદ્ધિ છોડીને દીક્ષા લઈને ચાલી નીકળ્યા.

એકવાર તેમના શરીરમાં રોગ ઉત્પન્ન થયો. એક દેવ વૈદનું રૂપ ધરીને આવ્યો અને સનંતકુમારને કહ્યું. હે મુનિ ! આપને રોગ થયો છે. તો હું આપની દવા કરી તે રોગ મટાડું. સનંતકુમારે જવાબ આપ્યો. વૈદરાજ, કર્મ રૂપી અસાધ્ય રોગને મટાડી શકવા તમે સમર્થ હો, તો ભલે મટાડો. બાકી આ રોગને તો હું પણ મટાડી શકું છું; એમ કહી તરતજ તેમણે પોતાની આંગળી થૂંકવાળી કરીને પેલા રોગ પર ઘસી. પરિણામે સનંતકુમારનો રોગ શાંત થઈ

ગયો. દેવ આશ્ચર્ય પામ્યો અને સનંતકુમારને વંદન કરીને સ્વસ્થાનકે ગયો. સનંતકુમાર મુનિ મહાન તપશ્ચર્યાઓ કરીને નિર્વાણ પદને પામ્યા.

## ૨૧૭. સગર (ચક્રવર્તી)

અયોધ્યા નગરીમાં વિજય નામે રાજા હતા. તેમના ભાઈ સુમિત્રની યશોમતી રાણીની કુક્ષિએ સગર ચક્રવર્તીનો જન્મ થયો. વિજય રાજાને 'અજિતનાથ' (બીજા તીર્થંકર) નામે પુત્ર હતા. સગર અને અજિતનાથ એકજ દિવસે જન્મ્યા. રાજ્યમાં આનંદ ફેલાઈ રહ્યો. વિજય રાજાએ પોતાનું રાજ્ય અજિતનાથને સોંપી દીક્ષા લીધી; તેમજ સુમિત્ર રાજાએ પણ દીક્ષા લીધી; શ્રી અજિતનાથ રાજગાદી પર આવ્યા. કેટલાક વખત પછી તેઓ પણ પોતાનું રાજ્ય સગરને સોંપી ધર્મતીર્થ પ્રવર્તાવવા દીક્ષા લઈ ચાલી નીકળ્યા. ત્યારપછી સગરે પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા છખંડ સાધ્યા અને ચક્રવર્તી થયા. સગરને સાઠ હજાર પુત્રો હતા. એકવાર સગર ચક્રવર્તી દેશાટન નીકળ્યા, તે વખતે અષ્ટાપદ પર્વત પાસે તેમણે એક ખાઈ બનાવરાવીને તેમાં ગંગાનો પ્રવાહ વાળ્યો, આથી નાગકુમાર દેવતાઓ, પોતાને અડચણ પડતી હોઈ, સગર પર ક્રોધાયમાન થયા, અને તેના સાઠ હજાર પુત્રોને બાળીને ભસ્મ કર્યા. આ વખતે તેઓ સઘળા અયોધ્યામાં હતા. સગર જ્યારે દેશાટનથી પાછા ફરતા હતા, ત્યારે એક ઈંદ્ર બ્રાહ્મણનું રૂપ ધરી સગર પાસે આવ્યો, અને રડતાં રડતાં બોલ્યો, કે અરેરે, મ્હારો પુત્ર મરી ગયો, હું શું કરીશ? આ સાંભળી સગરે કહ્યું: મહારાજ, આ જગત્ વિનાશી છે, મૃત્યુ કોઇને છોડતું નથી, તો પછી આટલો વિલાપ શાને કરો છો? મ્હારે ૬૦૦૦૦ પુત્રો છે, જો તેઓ સઘળાય મૃત્યુ પામે, તોપણ મને શોક થાય નહિ. આ સાંભળી તે બ્રાહ્મણે કહ્યું:—રાજન્, મેં સાંભળ્યું છે કે આપના સાઠ-હજાર પુત્રો દેવના કોપથી બળીને ભસ્મ થયા છે. એમ કહી દેવ અદશ્ય થયો. સગર રાજાને આથી ઘણો શોક થયો. રાજ્યમાં

આવ્યા પછી પ્રધાનો વગેરેના સમજાવવાથી તેઓ શાંત થયા, તે સાથેજ તેમને જગતના વિનાશીપણાની ખાત્રી થઈ અને દીક્ષા લેવાનો વિચાર થયો. એવામાં અજિતનાથ પ્રભુ ફરતા ફરતા ત્યાં આવી ચડયા; સગરે તેમની પાસે દીક્ષા અંગીકાર કરી. ત્યારબાદ ખૂબ તપશ્ચર્યાઓ કરીને, ભાવનાના મહાશિખરે ચડતાં, સગર ચક્રવર્તી કૈવલ્યજ્ઞાન પામ્યા. અને એકંદર ૭૨ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી, તેઓ મોક્ષમાં ગયા.

## ૨૧૮ સગડકુમાર

સોહંજણી નામની નગરીમાં મહચંદ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં એક સુદર્શના નામની વેશ્યા રહેતી હતી. સુભદ્ર નામનો એક મોટો શાહુકાર પણ રહેતો હતો. આ શાહુકારને પોતાની ભદ્રા નામની સ્ત્રીથી એક પુત્ર થયો હતો. તેનું નામ 'સગડ-કુમાર'. એક સમયે પ્રભુમહાવીર તે નગરીમાં પધાર્યા. ગોચરી અર્થે શ્રી ગૌતમ સ્વામી નીકળ્યા. તેમણે નીચે પ્રમાણે રાજમાર્ગપર એક દૃશ્ય જોયું.

'ઘણા હાથી ઘોડા અને માણસોની વચમાં એક સ્ત્રી અને એક પુરૂષને બાંધી રાખ્યા હતા. પુરૂષને સ્ત્રીની પાછળ બાંધેલો અને બંનેના નાક કાન કાપી નાખ્યા હતા. તેઓ બોલતા કે અમે અમારા પાપકર્મથી મરી જઇએ છીએ,' શ્રી ગૌતમ ત્યાંથી નીકળી પ્રભુ પાસે આવ્યા અને જોયેલ દૃશ્યની વાત કરીને પૂછયું:–હે ભગવંત. તેઓ પૂર્વે કોણ હતા? અને શાં પાપ કર્યાં હતા? કે જેથી તેઓ આવું ફળ ભોગવે છે! પ્રભુએ તે પુરૂષનો પૂર્વભવ વર્ણવતાં કહ્યું:–છગલપુર નામનું નગર હતું. ત્યાં સિંહગિરી નામે રાજા હતો. તે નગરમાં છન્નિક નામનો એક કસાઈ રહેતો હતો. તે ધનવાન હતો, પાપી હતો અને દુરાચારી હતો. તેણે પોતાના વાડામાં બકરા, બકરી, ગાય, બળદ, ભેંસ, પાડા, હરણ, રોઝ, મોર, મોરલી વગેરે લાખો જાનવરો મારવા માટે એકઠાં કર્યાં હતા. બીજા

પાસે દ્રવ્ય આપી એકઠાં કરાવતો, અને માંસ વગેરે ખરીદતો હતો. પછી તે કસાઈ તે જાનવરોને કાપી તેનાં માંસને કઢાઈમાં તળીને, અગ્નિપર સેકીને બજારમાં વેચવા નીકળતો અને પોતાની આજીવિકા ચલાવતો. એવી રીતે તે સાતસો વર્ષનું આયુષ્ય ભોગવી મરીને ચોથી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળીને તેણે સુભદ્રશાહુકારને ત્યાં જન્મ લીધો. સગડ ઉંમર લાયક થતાં તેના માતા પિતા મરી ગયાં. સગડ ધીમે ધીમે દુર્વ્યસની બન્યો. ચોરી, જુગાર, વ્યભિચાર આદિ દુષ્ટ વ્યસનોનું સેવન કરવા લાગ્યો. સમય જતાં તે સુદર્શના નામની ગણિકાના પ્રેમમાં પડયો. આ વાતની પ્રધાનને ખબર પડી, તેથી તેને ત્યાંથી હાંકી કાઢયો અને પ્રધાને તે વેશ્યાને પોતાના જનાનામાં રાખી.

સગડ હડધૂત બનવાથી અહિં તહિં ભટકવા લાગ્યો. તેને કયાંઈ ચેન પડયું નહિ. તેથી મોહને વશ થઈ તે વેશ્યાને ત્યાં જવાનો લાગ શોધવા લાગ્યો. એકદા તે લાગ સાધીને વેશ્યાના ઘરમાં પેસી ગયો. તેવામાં પ્રધાન ત્યાં આવી પહોંચ્યો અને આ સગડને વેશ્યા સાથે રમણ કરતો દેખીને તેને ખૂબ માર્યો, તથા માણસો મારફત પકડીને બાંધ્યો. પ્રધાને રાજાને વાત કરી. રાજા પણ ક્રોધે ભરાયો તેથી તેને આકરામાં આકરી શિક્ષા કરવાનું પ્રધાનને સૂચવ્યું.' તે પરથી પ્રધાને ઉપર પ્રમાણે તેને શિક્ષા કરી હતી.

શ્રી ગૌતમને સગડનું પશ્ચાત્ જીવન જાણવાની ઈચ્છા હોવાથી પ્રભુએ કહ્યું:-સગડ ૫૭ વર્ષનું આયુષ્ય ભોગવી આજ ત્રીજા પહોરે લોખંડની બળતી ભઠ્ઠીમાં હોમાઈને મરણ પામશે અને પહેલી નરકમાં જશે. ત્યાંથી નીકળી રાજગૃહનગરમાં ચંડાળને ત્યાં એક જોડલું ઉત્પન્ન થશે. તેમાં તે પુત્ર રૂપે જન્મશે. પુત્રનું નામ સગડ અને પુત્રીનું નામ સુદર્શના રાખશે. સુદર્શનાનું રૂપ દેખીને સગડ મૂર્છિત થશે અને તે પોતાની બહેનની સાથે ભોગ ભોગવશે. એ રીતે તે મહાન પાપ કર્મને સેવશે. ત્યાંથી અનંત સંસાર પરિભ્રમણ કરશે. આખરે તે મનુષ્યભવમાં આવી કર્મ રહિત થશે.

## ૨૧૯ સમુદ્રપાળ મુનિ

ચંપાનગરીના પાલિત નામના વણિક સાર્થવાહના તેઓ પુત્ર હતા અને ભ. મહાવીરના પરમ ભકત હતા. એકવાર આ પાલિત શેઠ કરિયાણાના કેટલાક વહાણો લઈ વ્યાપારાર્થે પિહુડ નગરમાં ગયા. ત્યાંના એક વણિક શેઠે પાલિત શેઠને પોતાની દીકરી પરણાવી; તે ગર્ભવતી થઈ ત્યારે પાલિત તેણીને લઇને પોતાના દેશમાં આવતા હતા, તે વખતે સમુદ્રમાં પુત્રનો પ્રસવ થયો, આથી તેનું સમુદ્રપાળ એવું નામ પાડયું. બાલ્યકાળ વિતાવી, ૭૨ કળામાં પ્રવિણ થઈ સમુદ્રપાળ યુવાન થયા ત્યારે તેમને રૂપિની નામે સ્ત્રી પરણાવવામાં આવી. સમુદ્રપાળ તેની સાથે દેવ જેવાં સુખ ભોગવવા લાગ્યા. એક પ્રસંગે સમુદ્રપાળ ગોખમાં બેઠા છે, તે વખતે તેમણે કોઈ એક ચોરને બાંધીને લઈ જવામાં આવતો જોયો, આથી તેમને વિચાર થયો કે એ ચોર પોતાના કર્મનું ફળ ભોગવે છે, તેવીજ રીતે મારે પણ કર્મનો ઉદય આવતાં તેવાં ફળો ભોગવવાં પડશે. આમ વિચારતાં તેમને જાતિ સ્મરણ જ્ઞાન થયું; જેથી તેમણે માતા પિતાની રજા લઈ ચારિત્ર ગ્રહણ કર્યું, ને સિંહની પેરે ચારિત્ર પાળવામાં દૃઢ થયા. અનુક્રમે ચારિત્રની વિશુદ્ધ આરાધના કરી, સર્વ કર્મોને ક્ષય કરી તેઓ કૈવલ્ય જ્ઞાન પામ્યા અને મોક્ષમાં ગયા.

## ૨૨૦ સ્વયંભૂ

તેઓ દ્વારિકાના ભદ્રરાજાની પૃથ્વી દેવીના પુત્ર હતા. મેરક નામના પ્રતિવાસુદેવને મારી, ત્રીજા વાસુદેવ તરિકે તેઓ પ્રસિદ્ધ થયા. ૬૦ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, ભ. વિમળનાથના સમયમાં તેઓ મૃત્યુ પામીને છઠ્ઠી નરકે ગયા.

# ૨૨૧ સ્થૂળીભદ્ર.

વીર સંવત. ૨૧૫ ની આ વાત છે. મગધદેશની રાજ્યધાની પાટલીપુત્રમાં નંદરાજા રાજ્ય કરતો હતો. તેમને શકડાલ નામનો બુદ્ધિશાળી મંત્રી હતો. તે મંત્રીને બે પુત્રો હતા. એકનું નામ સ્થૂળીભદ્ર, અને બીજાનું નામ શ્રેયક.

રાજ્યનો માનિતો મંત્રી અને રાજાનો મુખ્ય સલાહકાર, એટલે તેને ત્યાં શી કમીના હોય ! ધન, લક્ષ્મી, બાગ, બગીચા, સુંદર આવાસો, નોકર ચાકર ઈત્યાદિથી આ કુટુંબ આનંદ ભોગવતું હતું.

તે નગરમાં કોશ્યા નામની એક સુવિખ્યાત વેશ્યા રહેતી હતી. તે સૌંદર્યનો ભંડાર હતી, ગાનતાનમાં કુશળ હતી, કટાક્ષ કળામાં પ્રવિણ હતી. ભલભલા પુરૂષો તેને જોઈને બે ઘડી સ્થંભી જતા. તેની ખ્યાતિ દેશ પરદેશમાં પહોંચી ગઈ હતી. આ વાત સ્થૂળીભદ્રના જાણુવામાં આવી. સ્થૂળીભદ્રને તે કોશ્યાને જોવાનો ભાવ થયો. વસ્ત્રાલંકારો પહેરી એકવાર તે કોશ્યાના આવાસમાં ગયા. કોશ્યાએ સ્થૂળીભદ્રનું સ્વાગત કર્યું. કોશ્યાને જોઈને સ્થૂળીભદ્ર જગતનું ભાન ભૂલી ગયા. કોશ્યાના રૂપમાં તે મુગ્ધ બન્યા અને તેમણે ત્યાંજ રહેવાનો નિશ્ચય કર્યો. ઘેરથી પુષ્કળ ધન મંગાવ્યા કરે, કોશ્યાને આપે. કોશ્યા પ્રેમથી તેને ચાહે. આ રીતે બંને જણા પ્રેમવિલાસમાં સમય પસાર કરે.

આમ કરતાં કરતાં બાર વર્ષના વ્હાણા વીતી ગયા. સ્થુળીભદ્રના પિતા મૃત્યુ પામ્યા. શ્રેયકે આવીને ખબર આપ્યા કે ભાઈ, "હવે તો સમજો, આપણા પૂજ્ય પિતા ત્હારો જાપ જપતાં મૃત્યુ પામ્યા છે !" આ સાંભળી સ્થૂળીભદ્ર ચમકયા. એક વેશ્યાના પ્રેમમાં પડી ઘરબાર, માતાપિતા, બધાને ભૂલી ગયા બદલ તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા, એટલુંજ નહિ પરંતુ મૃત્યુ આગમચ પિતાનો મેળાપ ન થયો, એ ત્હેમને ભારે દુઃખ લાગ્યું. એકદમ જેમ સાપ કાંચળી છોડીને નાસે તેમ સ્થૂળીભદ્ર વેશ્યાભૂવનમાંથી પલાયન કરી ગયા.

ઘર તો તેમને સ્મશાનવત્ લાગવા માંડયું, અને પોતાની જાતને ભ્રષ્ટ કરી, એથી ત્હેમને પારાવાર ખેદ થયો. સંસ્કારી હોવાથી તેમણે આત્માના સ્વરૂપનો વિચાર કરવા માંડયો. જગત્ તેમને નિઃસાર જણાયું. અને તેનાથી મુક્ત થવાનો ભાવ સ્ફૂર્યો. તત્કાળ તે વખતે ત્યાં બિરાજતાં સંભૂતિવિજય નામના મુનિ પાસે તેઓ ગયા અને તેમણે દીક્ષા લીધી. દીક્ષા લઈ તેમણે ખૂબ જ્ઞાન મેળવ્યું: શાસ્ત્ર સિદ્ધાંતો ભણી, આત્મ ભાવમાં સમય પસાર કરવા લાગ્યા.

ચાતુર્માસનો સમય હતો. સંભૂતિવિજય મુનિના ચાર શિષ્યોએ જુદા જુદા સ્થળે ચાતુર્માસ રહેવાનો નિશ્ચય કર્યો. ચાર માસના ઉપવાસ કરી ચારે શિષ્યો જુદાં જુદાં સ્થાને રહ્યા. તેમાંના એક રહ્યા સિંહની ગુફાના મોઢા ઉપર, બીજા સાપના રાફડા આગળ, ત્રીજા કુવાના મંડાણ ઉપર અને ચોથા સ્થુળીભદ્રજી કોસ્યા નામની વેસ્યાના ઘેર ચાતુર્માસ ગાળવા માટે ગયા.

સ્થુળીભદ્રજી કોસ્યાના આવાસે પહોંચ્યા. તેમને જોઈને કોસ્યાને ઘણો હર્ષ થયો. પોતાને છોડીને ચાલી ગયેલા સ્વામી મળવા આવ્યા એમ ધારી તેણીયે તેમનું સ્વાગત કર્યું; પણ સ્થૂળીભદ્રને મુનિવેશમાં જોઈ વેસ્યાએ ઈર્ષાગ્નિથી બળવા માંડયું. સ્થુળીભદ્રજીએ ચોમાસુ ગાળવા માટે કોસ્યાના આવાસની માગણી કરી. કોસ્યાએ તે સ્વીકારી. સ્થુળીભદ્રજી ત્યાં રહ્યા. કોસ્યા સોળ શણગારો સજી, બણી ઠણી, જોરમાં પગ ઉપાડતી, સ્થુળીભદ્રજી સમીપ આવી અને અનેક પ્રકારના હાવભાવ, કટાક્ષ કરવા લાગી. સ્થુળીભદ્રને ચળાવવા તેણે ઘણા ઘણા પ્રયત્નો કર્યા. પણ બધા ફોકટ. તે નિરાશ થઈ. જુનો પ્રેમ તાજો કરવા અને પોતાની સાથે ભોગ ભોગવવા તેણીયે ઘણી આજીજી કરી, વિનંતી કરી, ઘુંટણીએ પડી, પણ બધું નિરર્થક! સ્થૂળીભદ્ર સમજ્યા કે આને બુઝવવી. એમ ચિંતવી તેમણે વેસ્યાને ઉપદેશ આપ્યો અને જાર કર્મના મહાન પાપ કર્મથી પાછા હઠવા સમજાવ્યું. વેસ્યા હળુકર્મી હતી, તેથી મુનિનો આ

ઉપદેશ કોશ્યાના હૃદયમાં હાડોહાડ વ્યાપી ગયો. તેણીને માનવદેહે કરવા યોગ્ય કાર્યોનું ભાન થયું. જીંદગીમાં કરેલાં વ્યભિચારના અગણિત પાપો માટે તેણીને પશ્ચાત્તાપ થયો. તેણીનું હૃદય વૈરાગ્ય રસથી પ્રેરિત બન્યું અને મુનિની ક્ષમા માગી તેણીયે મુનિ પાસે શ્રાવિકાના બાર વ્રતો ધારણ કર્યાં. સ્થુળીભદ્ર અને કોશ્યા પોતપોતાના વ્રતોનું રક્ષણ કરતાં માનવજીવનની સાર્થકતા સાધવા લાગ્યા.

અનુક્રમે ચાતુર્માસ પુરૂં થયું. ચારે મુનિવરો તપના પ્રભાવે આબાદ રહ્યા. અને ગુરુ પાસેઆવી, સૌએ તેમને વંદન કર્યું. ગુરૂએ ત્રણે જણને એકેકવાર ધન્યવાદ આપ્યો અને સ્થૂળીભદ્રજીને ત્રણવાર ધન્યવાદ આપ્યો. પાસે ઉભેલા તેમાંના એક મુનિવરને આ સાંભળી અદેખાઈ આવી. તેમણે વિચાર્યું કે હું સિંહની ગુફાના મોઢે ચાતુર્માસ રહ્યા, છતાં મને એકવાર ધન્યવાદ, અને આ સ્થૂળીભદ્રને ત્રણવાર! તેથી બીજું ચોમાસું આવતાં તે મુનિએ કોશ્યાને ત્યાં ચાતુર્માસ રહેવાનું નક્કી કર્યું, અને તે માટે ગુરૂની આજ્ઞા માગી. ગુરૂએ કહ્યું કે તે કામ માત્ર સ્થૂળીભદ્રથીજ થઈ શકે, તમે નાહક તમારૂં ચારિત્ર ગુમાવી બેસશો. શિષ્યે માન્યું નહી અને બીજું ચાતુર્માસ આવતાં તેઓ કોશ્યાને ત્યાં રજા લઈને ચાતુર્માસ રહ્યા.

કોશ્યા તો હવે જ્ઞાની બની ગઈ હતી. તેણે વિચાર્યું કે આ મુનિ સ્થૂળીભદ્રની હરિફાઈ કરવા આવ્યા લાગે છે. માટે તેમની પણ કસોટી કરૂં એટલે હીરો ઝટ પરખાઈ આવશે. આમ વિચારી કોશ્યા સુંદર વસ્ત્રાભૂષણો સજી, હાથમાં મિષ્ટ ભોજનનો થાળ લઈ, હાવ ભાવ અને કટાક્ષ કરતી ઉક્ત મુનિ પાસે આવી પહોંચી. મુનિ જ્યાં કોશ્યાના મુખચંદ્ર સામે દૃષ્ટિ કરે છે, ત્યાંજ તેઓ સ્થંભી ગયા. તેમને વિકારભાવના જાગૃત થઈ. વેશ્યાએ થાળમાંથી ભોજન આપવા માંડયું. મુનિએ ન લીધું. વેશ્યા તરત તેમનો ભાવ સમજી ગઈ. મુનિએ વેશ્યાના પ્રેમની

માગણી કરી. વેશ્યાએ કહ્યું:-મહારાજ, તમારે મારી સાથે સુખ ભોગવવું હોય તો હું કહું તેમ કરો. મુનિએ કહ્યું, શી આજ્ઞા છે, કહો. મરણાંતે પણ તમારી તે આજ્ઞા પાળવા હું તૈયાર છું. વેશ્યાએ કહ્યું:-મહારાજ, તમે જાણો છો કે અમે વેશ્યાઓ ધન વિના કોઈને પેસવા ન દઈએ.

'પણ અમે તો ત્યાગી સાધુ! અમારી પાસે ધન ક્યાંથી હોય?' મુનિએ કહ્યું.

'ત્યારે તમે નેપાળ દેશના રાજા પાસે જાઓ. તે રાજા સાધુને રત્નની કાંબળ આપે છે, તે મારે માટે લઈ આવો. તો હું તમારી સાથે જરૂર ભોગવિલાસ કરૂં.' વેશ્યાએ કહ્યું.

'કામાંધો નૈવ પશ્યતિ,' એ સુત્રાનુસાર તે મુનિ સ્થિરવાસ રહેવાના ચોમાસાના સમયને તરછોડી વિહાર કરી નેપાળમાં ગયા, અને ત્યાંથી કાંબળ લઈ, ચોરોથી ઘેરાયેલા છતાં બચીને સહિસલામતે વેશ્યા પાસે આવી પહોંચ્યા.

વેશ્યાએ તે કાંબળ લીધી. પછી તેણીએ સ્નાન કરીને તે રત્ન જડિત્ર કાંબળથી પોતાનું શરીર લુછયું, અને તે કાંબળ ગટરમાં ફેંકી દીધી.

મુનિ આ જોઈ આશ્ચર્ય પામીને બોલ્યા:-રે, કોસ્યા, જીવના જોખમે આ કાંબળ હું લાવ્યો, તેની આ દશા? આ તે કેવી મૂર્ખતા!

વેશ્યાએ સ્મિત કર્યું અને બોલી. મહારાજ, રત્નકાંબળની કિંમત વધારે કે તમારા **સંયમની**? મુનિ વિચારમાં પડયા. પુનઃ વેશ્યાએ કહ્યું: મહારાજ, વિચાર શો કરો છો? રત્ન કાંબળની ચિંતા કરવા કરતાં, તમારાં સંયમ રત્નને દુર્ગંધથી ભરેલી સ્ત્રીરૂપ આ ગંદી ગટરમાં ફેંકી દેવાને તૈયાર થયા છો, તેની ચિંતા કરોને! અસંખ્યકાળ સુધી

સ્વર્ગનાં કામભોગ ભોગવ્યાં, છતાં જીવની તૃપ્તિ ન થઈ, તો શું આ ક્ષણિક અને તુચ્છ મનુષ્યના વિષયભોગથી જીવની તૃપ્તિ થશે ખરી? વિચાર કરો, મહારાજ, આપને નેપાળમાં મોકલવાનો મ્હારો એજ ઉદ્દેશ હતો. હું તો સ્થૂળીભદ્રજીના ઉપદેશથી શ્રાવિકા થઈ છું; એટલે હજુયે તમને મ્હારી સાથે ભોગ ભોગવવાનો મનોભાવ હોય તો મ્હારાથી તે તૃપ્ત નહિ થઈ શકે મહારાજ. આપ સાધુ ધર્મથી ભ્રષ્ટ બન્યા; એટલુંજ નહિ પણ ભર ચોમાસામાં આપ નેપાળમાં ગયા. માટે આપ આપના ગુરુ પાસે જઈ ક્ષમાપના લ્યો અને પવિત્ર થાઓ! મનુષ્યભવ, સંતસમાગમ, શાસ્ત્રશ્રવણ, અને સંયમદશા આ જીવને અનંતકાળે પણ મળવા દુર્લભ છે એ સમજો.

સાધુ આ સાંભળી સ્થિર થઈ ગયા. તેઓ પવિત્ર કોશ્યા અને સ્થૂળીભદ્રને ધન્યવાદ આપવા લાગ્યા. તત્કાળ તેઓ ત્યાંથી ગુરૂ પાસે આવ્યા અને પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થયા.

ધન્ય છે, સ્થુળીભદ્રસમા નિશ્ચળ વૈરાગી મહાપુરૂષને!

## ૨૨૨ સીતા

વિદેહદેશના જનક રાજાને સીતા નામે પુત્રી હતી. તે મહા પતિવ્રતા સતી હતી. તે ઉંમર લાયક થતાં જનક રાજાએ સ્વયંવર રચ્યો, જેમાં અનેક રાજાઓ આવ્યા. ત્યાં અયોધ્યાપતિ દશરથ રાજાના પુત્ર શ્રી રામ ધનુષ્ય તોડી સીતાને પરણ્યા. સુખનો સમય આવ્યો તે વખતે રામચંદ્રજીને પિતાના વચનને ખાતર રાજ્યગાદીને સ્થાને વનવાસ સ્વીકારવો પડયો. 'પતિ ત્યાં સતી' એ ન્યાયે સીતા રામચંદ્રજીની સાથે વનમાં ગયા, અને વૃક્ષનાં ફળ, ફૂલ, પાન વગેરે ખાઈ જીવન નિર્વાહ ચલાવવા લાગ્યા. તેવામાં એક કૃત્રિમ અલૌકિક મૃગને જોઈ તેને પકડવાનું સીતાજીને મન થયું અને રામને આગ્રહ કરી તે મૃગ લેવા મોકલ્યા; પાછળ લક્ષ્મણ પણ ગયા. આ તકનો લાભ લઈ લંકાનો રાજા રાવણ કપટ યુક્તિથી સીતાજીનું હરણ કરી લંકામાં

લઈ ગયો. અતિશય ધાક, ધમકી, વિનવણી છતાં સતી સીતાએ પોતાના શિયળનું રક્ષણ કર્યું. પાછળથી રામ તથા લક્ષ્મણે સુગ્રીવ, હનુમંત વગેરે રાજાઓની મદદ લઈ લંકા પર ચડાઈ કરી. અને ત્યાંના રાજા રાવણને મારી સીતાજીને ઘેર લઈ આવ્યા. આ વખતે તેઓનો વનવાસકાળ પૂરો થયો હતો. લોકો માંહોમાંહે બોલતા કે લંકાના રાજા રાવણને ત્યાં સીતાજી પવિત્ર કેમ રહી શકે ? આ સાંભળી રામચંદ્રજીએ સીતાને અગ્નિમાં પડી પોતાની પવિત્રતા સાબીત કરી આપવાનું કહ્યું. સીતાજી અગ્નિકુંડ પાસે આવી પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરી બોલ્યાઃ–"હે અગ્નિદેવ, જો હું આજસુધી પવિત્ર હોઉં, તેમજ મેં મન, વચન, કાયાથી અન્ય પતિની ઈચ્છા સરખી પણ ન કરી હોય તો આ અગ્નિ મને રક્ષણ કરનાર થજો." એમ કહેતાંજ તેમણે અગ્નિમાં પ્રવેશ કર્યો. શિયળ રક્ષિત દેવોએ તરતજ તે અગ્નિ બુઝાવી નાખ્યો. સીતાજી તેમાંથી સહિસલામત બહાર નીકળ્યા. લોકોએ સતીનો જયધ્વનિ ઉચ્ચાર્યો. તે પછી એક ધોબીની ચર્ચા સાંભળી સીતાજીને રામે વનવાસમાં મોકલ્યા. આ વખતે તેમને ગર્ભ હતો; વનમાં વાલ્મીકી નામના ઋષિએ સતીને આશ્રય આપ્યો. સીતાએ અહિંયા 'લવ અને કુશ' નામક બે મહાસમર્થ પુત્રોને જન્મ આપ્યો. તેઓ મોટા થયા, તે વખતે લક્ષ્મણ (વાસુદેવ રૂપે) દેશ સાધતા હતા ત્યારે આ બંને કુમારો લક્ષ્મણના સૈન્યની સામે થયા અને સૈન્યને હરાવ્યું. આથી લક્ષ્મણે પોતાનું ચક્ર મૂકયું, પણ ચક્ર ગોત્રઘાત ન કરે તેથી તે ચક્ર પાછું આવ્યું. આથી તે કુમારોની ઓળખાણ પડી. સઘળાં મળ્યાં, ભેટયાં, આખરે સીતાજી પોતાના પુત્રોને લઈ રામ સાથે અયોધ્યા આવ્યા અને સુખપૂર્વક દિવસો વ્યતિત કરવા લાગ્યા. કાળાન્તરે સીતાજી ચારિત્ર લઈ દેવલોકમાં ગયા.

## ૨૨૩ સુકોશલમુનિ

સાકેતનગરમાં (અયોધ્યા) કીર્તિધર નામે રાજા હતા. તેમને સહદેવી નામની રાણી હતી. તેમનાથી સુકોશલ નામના પુત્રનો જન્મ

થયો. તે કિશોરાવસ્થાએ પહોંચ્યા, ત્યારે કીર્તિધર રાજાએ તેને રાજ્યાસને સ્થાપીને વિજયસેન નામક મુનિની પાસે દીક્ષા અંગીકાર કરી. એકવાર કીર્તિધર મુનિ માસક્ષમણને પારણે ભિક્ષાર્થે શહેરમાં નીકળ્યા, તેવામાં તેમની પત્ની સહદેવીએ તેમને રાજમહાલયની અગાશીમાંથી જોયા. જોતાંજ તેણીને વિચાર થયો કે મારા પતિને મુનિ વેશમાં જોઈને, જો મારો પુત્ર સુકોશલ પણ દીક્ષા લેશે તો મહા અનર્થ થશે, એમ ધારી કોઈ વેશધારીઓ પાસે તેણીએ કીર્તિધર મુનિને નગરની બહાર કઢાવી મૂકયા. આ સમાચાર જાણી સુકોશલની ધાવમાતા રુદન કરવા લાગી. સુકોશલે તેણીને રુદનનું કારણ પૂછતાં, તેણીએ કહ્યું કે જ્યારે ત્હમે ન્હાની વયમાં હતા ત્યારે તમારા પિતાએ તમને રાજ્યાસને બેસાડીને દીક્ષા લીધી હતી. તેઓ આજે ભિક્ષાર્થે નગરમાં આવ્યા હતા, અને જો ત્હમે તેમને જુઓ તો ત્હમે પણ દીક્ષા લઈ લ્યો, એ હેતુથી તમારી માતાએ તે ક્ષમાશીલ મુનિને નગરની બહાર કઢાવી મૂકયા છે. આ વાત જાણી સુકોશલ પિતાના સ્થાને ગયો; અને ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી તે પણ દીક્ષિત થયો. આથી તેની માતા સહદેવીને અતિશય સંતાપ થવા લાગ્યો. અનુક્રમે આર્તધ્યાનથી તે મૃત્યુ પામીને કોઈ ગિરિની ગુફામાં વાઘણ થઈ.

એકવાર આ બંને પિતા પુત્ર સાધુ એક પર્વતની ગુફામાં ચાતુર્માસ કરીને રહ્યા. ચાતુર્માસ પૂરો થતાં તેઓ બંને ભિક્ષા મેળવવા માટે બહાર ચાલ્યા. ત્યાં માર્ગમાં યમદૂતી જેવી પેલી વાઘણે તેઓને દીઠા. તેનામાં પૂર્વભવનું વૈર જાગૃત થયું. મોટી ત્રાડો મારતી તે દુષ્ટ વાઘણ સુકોશલ મુનિ સામે ઘુરકીયા કરતી દોડી આવી. પોતાને ઉપસર્ગ આવેલો જાણી બંને મુનિઓ ધર્મધ્યાનમાં સ્થિર બની કાયોત્સર્ગમાં રહ્યા. વાઘણે સુકોશલ મુનિનું શરીર ફાડીને માંસનું ભક્ષણ કરવા માંડયું. સુકોશલ મુનિ ‘વાઘણ મને કર્મક્ષય

કરવામાં સહાયભૂત છે' એમ માની શુકલધ્યાને ચડયા; કે તરતજ તેમને કૈવલ્યજ્ઞાન થયું. વાઘણે તે પછી કીર્તિધર મુનિને પણ ફાડી ખાધા. કીર્તિધર મુનિ પણ શુકલધ્યાન ભાવતાં કૈવલ્યજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

## ૨૨૪ સુદર્શન (બળદેવ)

તેઓ અશ્વપુર નગરના શિવરાજ રાજાની વિજયા રાણીના પુત્ર અને પુરૂષસિંહ નામક વાસુદેવના ઓરમાન ભાઈ હતા. તેઓ પાંચમા બળદેવ તરીકે પ્રસિદ્ધ થયા. તેઓ ધર્મનાથ પ્રભુના વખતમાં ૧૭ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી મોક્ષમાં ગયા.

## ૨૨૫ સુધર્માસ્વામી.

તેઓ પ્રભુ મહાવીરના પાંચમા ગણધર હતા. કોલ્લાક ગામના રહિશ, અગ્નિ વેશ્યાયન ગોત્રમાં જન્મ્યા હતા. તેમના પિતાનું નામ ધનમિત્ર અને માતાનું નામ ભદ્દિલા. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. તેઓ અતિશય બુદ્ધિમાન હોવાથી ૧૪ વિદ્યામાં પારંગત થયા. તેમને એવો સંશય હતો કે—જે પ્રાણી જેવો આ ભવમાં હોય તેવોજ તે પરભવમાં થાય છે કે બીજા સ્વરુપે ? ભ. મહાવીરે તેમનો આ શંસય દૂર કર્યો, જેથી તેમણે પણ ૧લા અને ૪થા ગણધરની માફક ૫૧મા વર્ષે પ્રભુની પાસે દીક્ષા લીધી. તેમણે ૪૨ વર્ષ સુધી છદ્મસ્થપણું ભોગવ્યું. તેમાં ૩૦ વર્ષ સુધી વીરપ્રભુની સેવામાં અને ૧૨ વર્ષ સુધી ગૌતમસ્વામીની સેવામાં રહ્યા. ૯૨ વર્ષ વીત્યા બાદ તેઓ કૈવલ્યજ્ઞાન પામ્યા. ૮ વર્ષ કૈવલ્યપણે વિચરી શ્રી જંબૂસ્વામી આદિ ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધી ૧૦૦ વર્ષનું આયુષ્ય પુરૂં થતાં વૈભારગિરિ પર એક માસનું અનશન કરી તેઓ વીરપ્રભુના નિર્વાણ પછી ૨૦ વર્ષે મોક્ષમાં ગયા. પ્રભુ મહાવીર મોક્ષમાં ગયા તે સમયે ૧૧માંથી માત્ર

૨ ગણધરો હયાત હતા. જેમાં ગૌતમને તરત કેવળજ્ઞાન થયું, જેથી ભ. મહાવીર પછી તેઓ પાટપર બિરાજ્યા હતા. જેમ શ્રી ગૌતમે મહાવીર પ્રભુને અનેક પ્રશ્નો પૂછી, શંકાઓનું સમાધાન કરી જ્ઞાન મેળવ્યું હતું, તેમ શ્રી જંબુસ્વામીએ સુધર્મા સ્વામીને અનેક પ્રશ્નો પૂછી અનેક વિષયોનો નિર્ણય કર્યો હતો.

## ૨૨૬ સુદર્શન શેઠ

અંગ દેશની ચંપાનગરીમાં દધિવાહન રાજા રાજ્ય કરતો હતો. તેને અભયા નામની રાણી હતી. તેજ નગરમાં સુદર્શન નામનો એક ધનશ્રેષ્ઠિ વસતો હતો. તેનું રૂપ સાક્ષાત્ કામદેવ જેવું સુંદર અને મોહક હતું, છતાં સુદર્શન બ્રહ્મચર્યનું રક્ષણ કરવામાં એક્કો ગણાતો હતો. પોતાની પાસે અઢળક લક્ષ્મી હોવા છતાં શિયળનું રક્ષણ એજ તેની મ્હોટી સંપત્તિ હતી. ટૂંકમાં તે સત્યવાદી, ધર્મપ્રેમી, શીલવંત અને ગુણવંત હતો.

એકવાર સુદર્શન શેઠ કોઈ કામ પ્રસંગે શહેરમાં જતાં રાજમહાલયના પાછળના રસ્તેથી પસાર થતો હતો, તે વખતે અભયા રાણીએ તેને જોયો, જોતાંજ તેના હૃદયમાં કામ વિકારની ભાવના ઉત્પન્ન થઈ. ત્હેણીએ કોઈપણ ભોગે સુદર્શન સાથે સુખભોગ ભોગવવાની ઈચ્છા કરી. તેણે પોતાની કપિલા નામની દાસીને કહ્યું કે દાસી, જા, પેલા પસાર થતાં રૂપસુંદર પુરૂષને બોલાવી લાવ. રાણીનો હુકમ થતાં દાસી સત્વર નીચે ઉતરી અને સુદર્શન પાસે જઈ પહોંચીને કહ્યું: શેઠ, ત્હમને અમારા રાણી સાહેબ કાંઈ કામ માટે બોલાવે છે. ભદ્રિક સુદર્શન પોતાની માલિકિનીનો અનાદર ન કરવાના કારણે મહેલમાં ગયા. રાણીએ શેઠનું સુંદર સ્વાગત કર્યું અને ઉચિત સ્થાને બેસાડી પોતાની કામેચ્છા તૃપ્ત કરવાની વિનંતિ કરી. આ સાંભળી સુદર્શન શેઠ ચમકયા. ત્હેમને ધર્મસંકટ આવ્યું.

તેમાંથી બચવાનો વિચાર કરતાં એક યુક્તિ સુઝી આવતાં તે બોલ્યાઃ–રાણીસાહેબ, ધન્યઘડી, ધન્યભાગ્ય, કે ત્હમે મારા જેવા પામર કિંકરને બોલાવીને ઉપકૃત કર્યો છે, પરંતુ વાત એવી છે, કે તે સાંભળી આપને દુઃખ થશે, માટે મને માફ કરજો. 'શી વાત છે?' રાણીએ આશ્ચર્યચકિત બની પૂછ્યું. સુદર્શને કહ્યુંઃ એજ કે હું નપુંસક છું એટલે આપની ઈચ્છા મારાથી તૃપ્ત નહિં થઈ શકે. આ સાભળી રાણીએ ગુસ્સે થઈને શેઠને કાઢી મૂકયા.

કેટલોક સમય વિત્યા બાદ શહેરમાં કૌમુદિ ઉત્સવ આવ્યો. રાજ્યવંશી કુટુંબ અને આખું શહેર આનંદમગ્ન બની આમ તેમ ફરી રહ્યું છે, તેવામાં સુદર્શન શેઠના કામદેવ જેવા છ પુત્રો, સુંદર વસ્ત્રાલંકારો પહેરીને રાજમાર્ગ પરથી પસાર થતા હતા, તે અભયારાણીએ જોયા. દાસીને પૂછતાં રાણીએ જાણ્યું કે તે સુદર્શન શેઠના પુત્રો છે. આથી રાણીને સુદર્શન પર અતિશય ક્રોધ થયો. તેણીયે કોઈપણ રીતે સુદર્શનનું વેર વાળવાનો નિશ્ચય કર્યો.

રાજા રાત્રે અંતઃપુરમાં રાણી પાસે આવ્યા. અભયારાણી કૃત્રિમ રુદન કરી રહી હતી. રાજાએ તેણીને શોકનું કારણ પૂછ્યું. રાણી બોલીઃ આ નગરનો સુદર્શન નામનો શેઠ મહાદુષ્ટ છે, તેણે ગઈ રાત્રે મારા મહેલમાં ધુસી જઈને મારાપર બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરન્તુ મેં તેને ધમકાવ્યો તેથી તે ન્હાસી ગયો. નાથ, હવે મારે પ્રાણહત્યાજ કરવી પડશેઃ આપની હાજરીમાં સતીઓનાં શિયળો લૂંટાય એના જેવું રાજનું બીજું અંધેર કયું કહેવાય? રાજા અત્યંત ગુસ્સે થયો, તરતજ માણસોને મોકલી તેણે સુદર્શનને પકડી મંગાવ્યો અને રાણીની હાજરીમાં તેને કટુ વચનો કહી સંભળાવી શૂળીનો હુકમ ફરમાવી દીધો.

શહેરમાં હાહાકાર થયો. સુદર્શનનું કુટુંબ રડી રહ્યું હતું; પણ સુદર્શન દૃઢ હતો. તેને દુર્ધ્યાન લેશ માત્ર ન હતું. આનંદથી તે

શૂળી પર ચડવા તૈયાર થયો. તેને શૂળી પર ચડાવવામાં આવ્યો, ત્યાં તેણે હૃદયના એકાગ્રભાવે પરમ પવિત્ર પંચપરમેષ્ટિ દેવોનું આરાધન કરવા માંડયું. પવિત્ર નવકાર મંત્રના પ્રભાવે શૂળી એક સિંહાસનના રૂપમાં ફેરવાઈ ગઈ. અર્થાત્ દેવોએ તેના શિયળના પ્રતાપે શૂળીને સિંહાસન બનાવી દીધું. રાજા આ જોઈ દિંગમૂઢ બની ગયો. તેણે સુદર્શનને સત્ય હકીકત કહેવાનું કહ્યું: અભયારાણીને અભયદાન આપવાની શરતે સુદર્શને રાજાને સર્વ હકીકત કહી. આખરે સુદર્શન શેઠ દીક્ષા અંગીકાર કરી દેવલોકમાં ગયા.

## ૨૨૭ સુપ્રભ (બળદેવ)

તેઓ દ્વારિકા નગરીના સોમરાજાની સુદર્શના રાણીના પુત્ર, અને પુરુષોત્તમ નામક વાસુદેવના ઓરમાન ભાઈ હતા. તેઓ ચોથા બળદેવ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. તેઓ ૫૫ લાખ વરસનું આયુષ્ય ભોગવી અનંતનાથ પ્રભુના સમયમાં ચારિત્ર લઈ મોક્ષમાં ગયા.

## ૨૨૮ સુપાર્શ્વનાથ

વારાણસી નગરીમાં પ્રતિષ્ઠ નામે રાજા હતા. તેમને પૃથ્વી નામે રાણી હતી. તેના ઉદરમાં છઠ્ઠી ગ્રૈવેયકથી ચ્યવી ભાદરવા વદિ અષ્ટમિએ તેઓ ઉત્પન્ન થયા. માતાને ૧૪ સ્વપ્ન આવ્યાં. જેઠ શુદિ બારશે પ્રભુનો જન્મ થયો. ઇંદ્રોએ મેરૂપર્વત પર જઈ જન્મોત્સવ ઉજવ્યો. પિતાએ જન્મોત્સવ કરી પુત્રનું 'સુપાર્શ્વનાથ' એવું નામ પાડયું. યૌવનવય થતાં પિતાની આજ્ઞાથી તેમણે અનેક રાજ્યકન્યાઓ સાથે લગ્ન કર્યું, તે પછી તેઓ રાજ્યાસને આવ્યા. ભોગાવલી કર્મ પૂરૂં થતાં લોકાંતિક દેવોએ પ્રભુને પ્રેરણા કરી, એટલે તેમણે વરસીદાન આપી, જેઠ શુદિ તેરસે એક હજાર રાજાઓ સાથે સંયમ અંગીકાર કર્યો. નવમાસ છદ્મસ્થ અવસ્થામાં વીતાવતાં પ્રભુને ફાગણ વદિ છઠ્ઠને રોજ કૈવલ્યજ્ઞાન થયું. તેમને ૯૫ ગણધરો હતા. તેમાં વિદર્ભ સૌથી મોટા

હતા. તેમના પરિવારમાં ૩ લાખ સાધુ, ૪૩૦ હજાર સાધ્વીઓ, ૨૫૭ હજાર શ્રાવકો અને ૪૯૩ હજાર શ્રાવિકાઓ હતા. પ્રભુ પાંચ લાખ પૂર્વ કુમારપણે રહ્યા. ૧૪ લાખ પૂર્વ અને ૨૦ પૂર્વાંગ સુધી રાજ્ય કર્યું. એક લાખ પૂર્વમાં વીસ પૂર્વાંગ અને નવમાસ ઓછા, સમય સુધી કેવળી તરીકે વિચર્યા. ત્યાર પછી સમેત શિખર પર જઈ, ૫૦૦ મુનિઓ સાથે એક માસનું અનશન કરી ફાગણ વદિ ૭મે પ્રભુ મોક્ષ પધાર્યા. તેમનું કુલ આયુષ્ય ૨૦ લાખ પૂર્વનું હતું.

## ૨૨૯ સુબાહુકુમાર

હસ્તીનાપુર નામનું નગર હતું. ત્યાં સુમુખ નામનો ગાથાપતિ રહેતો હતો. તે નગરના સહસ્ત્રવન નામના ઉદ્યાનમાં ધર્મઘોષ નામના સ્થવીર બીરાજતા હતા. એકદા તેમના પટ્ટશિષ્ય શ્રી સુદત્ત અણગાર આજ્ઞા લઈને ભિક્ષાર્થે નીકળ્યા. ફરતાં ફરતાં તેઓ સુમુખ ગાથાપતિને ઘેર આવી પહોંચ્યા. જૈન મુનિને દેખી ગાથાપતિને ઘણોજ આનંદ થયો. આસન પરથી તરત ઉભા થઈ સાત આઠ પગલાં આગળ જઈ તેમણે મુનિને ભાવપૂર્વક વંદન કર્યું, અને અત્યંત પ્રેમપૂર્વક મુનિને ચાર પ્રકારનો આહાર વહોરાવ્યો. સુપાત્રદાનના પ્રભાવથી, ગાથાપતિના ઘરમાં સાડાબાર ક્રોડ સોનામહોરો, અને પાંચ પ્રકારના પુષ્પોની વૃષ્ટિ થઈ. આ દ્રશ્ય ઘણાએ જોયું. લોકો દિંગ્મુઢ બન્યા, અને સર્વ કોઈ સુમુખ ગાથાપતિને દાન આપ્યા બદલ ધન્યવાદ આપવા લાગ્યા. ઘણા વર્ષનું આયુષ્ય ભોગવી, સુપાત્ર દાનનું મહાન પુણ્ય ફળ ઉપાર્જન કરી, સુમુખ ગાથાપતિ મરીને હસ્તિશીર્ષ નામના મહા ઋદ્ધિવંત નગરમાં અદીનશત્રુ રાજાની ધારિણી રાણીની કુક્ષીમાં પુત્રપણે અવતર્યા. નામ 'સુબાહુકુમાર'.

પાંચ ધાવમાતાઓ અને અનેક દાસ દાસીઓના લાલન પાલન વડે કુમાર વૃદ્ધિ પામવા લાગ્યા. અનુક્રમે બાલ્યાવસ્થા વીતાવી

યુવાવસ્થાને પામ્યા, ત્યારે તેમને પુષ્પચુલા આદિ ૫૦૦ રાજકન્યાઓ પરણાવવામાં આવી. પાંચસો મહેલો બંધાવી આપવામાં આવ્યા. જેમાં કુમાર સુખભોગ ભોગવવા લાગ્યા.

એકદા પ્રભુ મહાવીર તે નગરના ઉદ્યાનમાં પધાર્યા. પ્રજાગણના ટોળે ટોળાં પ્રભુના દર્શન કરવા જવા લાગ્યાં. આ દ્રશ્ય સુબાહુકુમારે જોયું; પરિવાર સહિત સુબાહુકુમાર દર્શનાર્થે ગયા. પ્રભુએ ઉપદેશ આપ્યો. સુબાહુકુમાર શ્રાવક થયા. બીજી વાર પ્રભુ પધાર્યા. સુબાહુકુમાર દર્શનાર્થે ગયા. પ્રભુના અદ્‌ભુત ઉપદેશની અસર હૃદયમાં હાડોહાડ વ્યાપી ગઈ, સંસારની અસારતાએ તેમનામાં ગંભીર રૂપ લીધું. પ્રભુને વંદન કરી તેઓ ઘેર આવ્યા. રાજ-મહાલયો, સૌંદર્યવાન સ્ત્રીઓ, રાજ્યની વિપુલ લક્ષ્મી, એ સઘળા પર તેમને અભાવ છૂટયો. સુબાહુકુમાર સ્વસ્થ થયા. જેમ કપડાં ઉપરથી ધૂળ ખંખેરી નાખે તેમ સર્વ મોહ તજી સંસારથી તેઓ વિરક્ત થઈ ગયા. માતાપિતાની દીક્ષા માટે રજા લીધી. માતાપિતાએ કુમારને ઘણું સમજાવ્યાં પરન્તુ કુમાર એકના બે ન થયા, પરસ્પર સંવાદ થયો, તેમાં કુમાર સફળતા પામ્યા. દીક્ષાની તૈયારીઓ થઈ, અનેક પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યાં, સર્વ કોઈ સુબા-હુકુમારને ધન્યવાદ આપવા લાગ્યા, પણ સુબાહુકુમારને જગતનો ધન્યવાદ કયાં જોઈતો હતો? તેમને તો જન્મ મરણના ફેરા મિટાવવા હતા. આ સ્વાર્થમય સંસારનો ત્યાગ કરવો હતો, તેથી તેઓ પુષ્કર ઉદ્યાનમાં ગયા, જ્યાં પ્રભુ મહાવીર બિરાજતા હતા. પ્રભુ પાસે સુબાહુકુમારે દીક્ષા લીધી અને આત્મ દશામાં વિચરવા લાગ્યા. ઘણા વર્ષ સંયમ પાળી, ખૂબ તપશ્ચર્યાઓ કરી, સુબાહુકુમાર કાળ કરી સુધર્મ દેવલોકમાં ગયા. ત્યાંથી મનુષ્ય જન્મ પામી દેવતા અને મનુષ્ય એ બેજ ગતિના થોડાક ભવો કરી તેઓ મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષ જશે. ધન્ય છે, એ સુબાહુસમા રાજપુરૂષને, તેમને આપણા વંદન હોજો!

# ૨૩૦ સુભદ્રા.

વસંતપુર નગરમાં જિનદાસ નામે શ્રાવક હતો. તેને જિનમતી નામની સ્ત્રી હતી. તેનાથી તેમને એક પુત્રી થઈ હતી. તે પુત્રીનું નામ સુભદ્રા. સુભદ્રા રોજ ઉપાશ્રયમાં જાય, વ્યાખ્યાન સાંભળે, સામાયક કરે, ધાર્મિક પુસ્તકો વાંચે, અને ખૂબ ભણે. તે સામાયક શીખી, પ્રતિક્રમણ શીખી, જીવાજીવનું સ્વરૂપ જાણ્યું, નવતત્વ જાણ્યાં, કર્મપ્રકૃતિ જાણી, એટલું જ નહિ પણ તે સદાચાર શીખી, ગૃહજીવનની ઉન્નતિ શીખી. તેનો સ્વભાવ મીઠો અને મધુરો. વખત જતાં તે ઉંમર લાયક થઈ; એટલે તેના પિતાએ તેને માટે લાયક પતિની તપાસ કરવા માંડી.

એકવાર ચંપાનગરીના બુદ્ધદાસ નામનાં એક બૌદ્ધમાર્ગી ગૃહસ્થે, સુભદ્રાને સુશીલ અને સ્વરૂપવાન જાણીને તેનું માગું કર્યું. જિનદાસે પરધમમાં તેને આપવા ના પાડી. તેથી બુદ્ધદાસ શ્રાવક થયો. જિનદાસે સુભદ્રાનું તેની સાથે લગ્ન કર્યું. સુભદ્રા સાસરે આવી. તેની નણંદ સાસુ વગેરે બૌદ્ધધર્મી, અને સુભદ્રા જૈનધર્મી, તેથી બંનેનો મેળ મળ્યો નહિ. પરિણામે સાસુ નણંદ રોજ કંકાસ કરવા લાગી અને સુભદ્રાને સતાવવા લાગી. તેમજ સાચા ખોટા વાંક કાઢી સુભદ્રાને ઠપકો અપાવવાના પ્રયત્ન કરવા લાગી. છતાં બુદ્ધદાસને તેના પતિવ્રતપણાની તથા તેની સરળતાની ખાત્રી હતી. તેથી તે સુભદ્રાને કંઈ કહેતો નહિ. સાસુ નણંદનું જોર વધ્યે જ જતું. સુભદ્રા બધું સમભાવે સહન કરતી. અને સાસુ વગેરેના વિશેષ કંકાસથી સુભદ્રા નિત્ય નિયમ સાચવી પોતાના કર્મનો જ દોષ કહાડતી દિવસો પસાર કરવા લાગી.

એકવાર કોઈ જૈન સાધુ સુભદ્રાને ઘેર વહોરવા પધાર્યા. સુભદ્રાએ મુનિને પ્રેમપૂર્વક વંદન કર્યું. તેવામાં વંટોળીયો થયો. ખૂબ પવનના વાવાથી મુનિની આંખમાં એક તણખલું પડયું જેથી મુનિને

પીડા થવા લાગી. આ મુનિ જિનકલ્પિત સાધુ હતા, એટલે તેઓ શરીરના સંસ્કારથી વિમુખ હતા. સુભદ્રાને દયા આવી. તેથી સુભદ્રાએ પોતાની જીભના ટેરવાથી મુનિની આંખ માંહેનું પેલું તણખલું ઉપાડી લીધું; પણ સુભદ્રાનું કપાળ અચાનક મુનિના કપાળ સાથે અડી ગયું. તેથી સુભદ્રાએ કરેલા કંકુના ચાંલ્લાની છાપ મુનિના કપાળમાં પડી. મુનિ ત્યાંથી ભિક્ષા લઈને બહાર નીકળ્યા.

એવામાં જ સુભદ્રાની સાસુ તથા નણંદે મુનિના કપાળમાં ચાંલ્લો જોયો. તેઓ તો સુભદ્રાના છિદ્રો શોધતી જ હતી. તેથી સુભદ્રાના પ્રમાદનો લાભ આ રીતે તેઓએ મેળવ્યો. તરત જ તેમણે આ દૃશ્ય બુદ્ધદાસને બતાવ્યું, અને કહ્યું કે અમે ન્હોતા કહેતા કે સુભદ્રા કેવી પતિવ્રતા છે?

બુદ્ધદાસનો વહેમ સાચો ઠર્યો. સરળ સન્નારી પર સંકટ આવ્યું. તે પતિની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગી. કાચા કાનના બુદ્ધદાસે તેનો ત્યાગ કર્યો. સુભદ્રાના દુઃખનો પાર ન રહ્યો, તે કર્મને જ દોષ દેવા લાગી અને કોઇ રીતે માથે આવેલું કલંક દૂર કરવાના વિચાર કરવા લાગી. તેણે અઠમ તપ આદર્યો, અને શાસન દેવીનું આરાધન કર્યું. છેલ્લી રાત્રિએ દેવીએ આવીને કહ્યું. ફિકર ન કર. બહેન, સવારે સઘળું સારૂં થશે.

સવાર થતાં જ ચંપાનગરીના દરવાજા ઉઘડયા નહિ. લોકોને જવા આવવાની હરકત પડી. રાજાએ પણ વાત જાણી. સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયાં. ઘણા મંત્ર-ઉપચારો કર્યા, પણ ફોકટ. બધાએ દેવતાઓનું સ્મરણ કર્યું. ત્યારે આકાશવાણી થઈ કે કોઈ મહાસતી કાચા સુતરના તાંતણાથી ચારણીને બાંધી કૂવામાંથી પાણી કાઢે; અને તે પાણી દરવાજાને છાંટે તો દરવાજા ઉઘડે.

રાજાએ શહેરમાં ઢંઢેરો પીટાવ્યો અને આ વાતની રૈયતને જાણ કરી. સ્ત્રીઓનાં ટોળે ટોળાં ચારણીથી પાણી કાઢવા માટે હાલી નિકળ્યાં. પણ જ્યાં સુતર બાંધી ચારણી કૂવામાં નાખે કે તરત સુતર તૂટી જાય; અગર ન તૂટે તો ચારણીના છિદ્ર દ્વારા પાણી નિકળી જાય. પરિણામે આખા ગામની સ્ત્રીઓમાંથી કોઈ એવી પતિવ્રતા ન નીકળી કે જે કૂવામાંથી સહિસલામત પાણી કાઢી શકે. આ જાણી સુભદ્રાએ કૂવામાંથી પાણી કાઢવા માટે સાસુ તથા પતિની આજ્ઞા માગી. સાસુ તો આ સાંભળતાં જ ભભકી ઉઠી. અને બોલી:-હવે જોઈ જોઈ તને, પતિવ્રતાપણું બતાવવા આવી છે તે ! સુભદ્રાએ આજીજી કરી અને મહામુશીબતે રજા મેળવી. સુભદ્રા કુવા આગળ આવી પહોંચી.

સુભદ્રાના પ્રયાસથી ચારણી પાણીથી ભરાઈને બહાર આવી. ગામ લોકો આશ્ચર્ય પામ્યા. તરત જ તેણીએ રાજગૃહી નગરીના ત્રણ દરવાજાને પાણી છાંટયું. દરવાજા એકદમ ઉઘડી ગયા. ચોથો દરવાજો સુભદ્રાએ બંધ રહેવા દીધો અને કહ્યું કે હજુ કોઈ સ્ત્રી પતિવ્રતા હોવાનો દાવો કરતી હોય તો તેમના માટે આ દરવાજો બંધ રાખ્યો છે, તો તે પોતાની ઉમેદ પાર પાડે, છતાં કોઈ તૈયાર થયું નહિ.

સુભદ્રાને સૌ કોઈ ધન્યવાદ આપવા લાગ્યાં. તેની સાસુ નણંદના મ્હોં કાળાં થયાં અને બધાં તેમને ધિક્કારવા લાગ્યાં. છેવટે રાજાએ પણ તે મહાસતીને ઘણું માનપાન પહેરામણી આપ્યાં અને વાજતે ગાજતે તેને ઘેર પહોંચાડી. આખરે સુભદ્રાએ દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

**સાર**—પરધર્મમાં કન્યા આપવાથી કેવું નુકસાન થાય છે, તેમજ સંસ્કારી સ્ત્રીઓ વાતાવરણ કેવું સુવાસિત બનાવે છે, અને અસંસ્કારી સ્ત્રીઓ કેવું દુર્વાસિત બનાવે છે તેનો આ વાત પુરાવો આપે છે. **—સં.**

## ૨૩૧ સુમતિનાથ

વનિતા નામની નગરીમાં મેઘરાજાની મંગળા નામની રાણીની ઉદરમાં શ્રાવણ શુદિ બીજે, વિજય વિમાનમાંથી ચ્યવીને, તેઓ ઉત્પન્ન થયા. માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. અનુક્રમે ગર્ભકાળ પૂરો થયે વૈશાક શુદિ આઠમે પ્રભુનો જન્મ થયો. સુમતિનાથ નામ પાડવામાં આવ્યું. યૌવનવય થતાં માતાપિતાએ ઘણી કન્યાઓ તેમને પરણાવી. દશ લાખ પૂર્વ સુધી તેઓ કુમારપણામાં રહ્યા. પછી પિતાએ તેમને રાજ્ય સોંપી દીક્ષા લીધી. ૨૯ લાખ પૂર્વ અને ૧૨ પૂર્વાંગ સુધી રાજ્ય ભોગવ્યું. પછી પ્રભુએ વરસીદાન આપી ૧ હજાર રાજાઓ સાથે વૈશાક શુદિ ૯મે દીક્ષા લીધી. ૨૦ વર્ષ છદ્મસ્થપણે રહ્યા પછી ચૈત્ર શુદિ ૧૧ ના રોજ તેમને કૈવલ્યજ્ઞાન થયું. તેમને ચમર આદિ ૧૦૦ ગણધરો હતા. પ્રભુના શાસન પરિવારમાં ૩ લાખ ૨૦ હજાર સાધુ, ૫ લાખ ૩૦ હજાર સાધ્વી, ૨ લાખ ૮૧ હજાર શ્રાવકો અને ૫ લાખ ૧૬ હજાર શ્રાવિકાઓ હતા. પ્રભુ ૧ લાખ પૂર્વમાં ૧૨ પૂર્વાંગ અને ૨૦ વરસ ઓછા, એટલો સમય કેવળીપણે વિચર્યા. તે પછી સમેતશિખર પર એક હજાર સાધુઓ સાથે એક માસના અનશનના અંતે ચૈત્ર શુદિ ૯ના દિવસે પ્રભુ સિદ્ધ થયા.

## ૨૩૨ સુરાદેવ

વારાણસી નગરીમાં સુરાદેવ નામે ગાથાપતિ હતા. તેમને ધન્ના નામની સ્ત્રી હતી. રિદ્ધિસિદ્ધિમાં તેઓ કામદેવ સમાનજ હતા. એકવાર પ્રભુ મહાવીર તે નગરીમાં પધાર્યા. સુરાદેવ પ્રભુને વાંદવા ગયા. પ્રભુની અમોઘ વાણીથી પ્રતિબોધ પામી, તેમણે શ્રાવકના બારવ્રત અંગીકાર કર્યા. તેમની સ્ત્રી પણ શ્રાવિકા બની. બંને જણ વ્રત નિયમનું પાલન કરવા લાગ્યા. કેટલાક વર્ષો વિત્યાબાદ સુરાદેવ, ગૃહનો સઘળો કારભાર પોતાના

જ્યેષ્ઠ પુત્રને સોંપી પૌષધશાળામાં ધર્મધ્યાન કરવા લાગ્યા. સુરાદેવ એક વખત ધ્યાનમાં લીન હતા, તે વખતે અર્ધ રાત્રિએ તેમને ચળાવવા માટે એક દેવ આવ્યો. તેણે રાક્ષસનું ભયંકર રૂપ કરીને વ્રત ભંગ કરવાનું સુરાદેવને કહ્યું; પણ સુરાદેવ ધ્યાનથી ડગ્યા નહિ, તેથી દેવે સુરાદેવના એક પછી એક ત્રણે પુત્રોને લાવીને તેની સમીપમાં ઉભા રાખી તરવારથી કાપી નાખ્યા. અને તેમના માંસને કડાઈમાં સેકીને, ત્હેમનું લોહી સુરાદેવના શરીર પર છાંટયું, છતાં સુરાદેવ જરા પણ ચલાયમાન થયા નહિ; તેથી તે દેવે વધારે ક્રોધિષ્ટ બનીને સુરાદેવના શરીરમાં સોળ ભયંકર રોગો ઉત્પન્ન કરીને પીડા પમાડવાનું કહ્યું. આથી સુરાદેવ ત્રાસ પામ્યા અને તે દેવને પકડવા દોડયા. દેવ નાસી ગયો અને સુરાદેવના હાથમાં એક સ્તંભ આવ્યો. તેથી સુરાદેવે કોલાહલ કર્યો. આ સાંભળી તેમની સ્ત્રી ધન્ના સફાળે જાગીને ત્યાં દોડી આવી; અને કોલાહલનું કારણ પૂછ્યું. સુરાદેવે વાત કહી. ધન્નાએ કહ્યું. આપણા ત્રણે પુત્રો તો નિરાંતે ઉંઘે છે. માટે દેવે તમને ધ્યાનથી ચળાવવા ઉપસર્ગ આપ્યો છે. માટે પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થાઓ. સુરાદેવે પ્રાયશ્ચિત લીધું. તે પછી તેમણે ૧૧ પ્રતિમા ધારણ કરી અને અંતિમ કાળે એક મહિનાનો સંથારો કર્યો. પ્રાંતે આયુષ્ય પૂર્ણ કરીને સુરાદેવ સૌધર્મ દેવલોકમાં ગયા અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં અવતરી તેઓ મોક્ષગતિ પામશે.

## ૨૩૩ સુષુમાદારિકા

શ્રેણિક મહારાજાની રાજગૃહી નગરીમાં ધન્ના સાર્થવાહ નામે એક મહા ઋદ્ધિવંત શેઠ રહેતો હતો. તેને પાંચ પુત્રો અને એક પુત્રી હતી. તે પુત્રીનું નામ સુષુમાદારિકા, તે ઘણી સુંદર હતી. તે ધન્નાસાર્થવાહને ચિલાત નામનો એક નોકર હતો. તે બાળકોને હંમેશાં ક્રીડા કરાવતો હતો. ક્રમેક્રમે આ નોકર બાળકોનું ઘરેણું, કપડાં વગેરે ચોરવા લાગ્યો. શેઠને આ વાતની ખબર પડવાથી શેઠે

તે ચિલાતને ઠપકો આપી ઘરમાંથી કાઢી મૂક્યો. ચિલાત નોકર ગામમાં જ્યાં ત્યાં રખડવા લાગ્યો અને તે ચોરી, માંસ, દારૂ, જુગાર, પરસ્ત્રીગમન ઈત્યાદિનો વ્યસની બની ગયો અને સ્વચ્છંદે વર્તવા લાગ્યો. તે નગરીથી થોડેક દૂર એક ચોરોને રહેવાની ગુફા હતી. તેમાં વિજયસેન નામનો ચૌર્યકળામાં કુશળ એવો ચોર રહેતો હતો. તેની સાથે બીજા પાંચસો ચોરો હતા. આ ચિલાત નોકર ત્યાં ગયો અને તે ચોરને મળ્યો. તેની સાથે રહીને તે પણ ચોરી કરતાં શીખ્યો અને ચૌર્યકળામાં પ્રવીણ થયો.

કાળાન્તરે તે વિજયસેન ચોર મરણ પામ્યો. તેથી પાંચસે ચોરોએ મળીને આ ચિલાત ચોરને પોતાનો અધિપતિ બનાવ્યો. એક વખત તે ચિલાત ચોર પોતાના પાંચસે ચોર સાથીઓને લઈને રાજગૃહી નગરીમાં ધન્નાસાર્થવાહને ઘેર ચોરી કરવા આવ્યો. ધન્ના સાર્થવાહ પોતાના પાંચ પુત્રોને લઈ ભયભીત થઈને એકદમ ઘરમાંથી દૂર જતો રહ્યો. ચિલાતે ધન્નાના ઘરમાંથી પુષ્કળ દ્રવ્ય લીધું એટલુંજ નહી પણ સુષુમાદારિકા નામની તેની કન્યાને લઈ તે ત્યાંથી પલાયન કરી ગયો.

ચોરના ગયા બાદ ધન્નાસાર્થવાહ ઘેર આવ્યો અને કોટવાળ પાસે ગયો. તેણે કોટવાળને ચોરીની તથા પુત્રીહરણની વાત કરીને, પોતાની સાથે તપાસ કરવા આવવાનું કહ્યું. કોટવાળ હથીયાર તથા માણસો લઈને ધન્નાસાર્થવાહ સાથે પેલી ગુફામાં ગયો. ત્યાં ચોરો સાથે યુદ્ધ થયું. પરિણામે બધા ચોરો નાસી ગયા. ચિલાત પણ ગભરાયો તેથી તે સુષુમાદારિકા નામની કન્યાને સાથે લઈ બીજે રસ્તેથી જંગલ ભણી પસાર થઈ ગયો. આ દૃશ્ય ધન્ના તથા તેના પુત્રોના જોવામાં આવ્યું, તેથી તેઓ તેની પાછળ પડયા. દૂર અટવીમાં ગયા પછી ચિલાત થાક્યો. કન્યા સાથે આગળ જલદીથી નાસી શકાશે નહિ, એમ ધારી તેણે પેલી કન્યાનું તલવાર વતી મસ્તક ઉડાવી

દીધું અને તે દૂર અટવીમાં નાસી ગયો. ધન્નાસાર્થવાહ પેલી કન્યાના શબ આગળ આવી પહોંચ્યો. શબને જોતાંજ તે મૂર્છિત થઇને નીચે પડયો અને આક્રંદ કરવા લાગ્યો. કેટલીકવારે તે શુદ્ધિમાં આવ્યો. આ વખતે ધન્નાને તથા તેના પુત્રાને ખૂબ દોડવાથી ભૂખ અને તૃષા લાગી હતી. અને પાણી વિના તેઓ મૃત્યુના મુખે આવી લાગ્યા, ત્યારે ધન્નાએ તેના પુત્રાને કહ્યું:–હે પુત્રો, આપણને ઘણી ભૂખ અને તરસ લાગી છે, અને અહિં પાણી મળે તેમ નથી. તો આપણે મરી જઈશું અને રાજગૃહીમાં પહોંચી શકશું નહિ. માટે તમે મને મારી નાંખો અને મ્હારા માંસ, રૂધિરનો આહાર કરી સાન્ત્વન પામો અને ઘેર જઈ સુખ ભોગવો. ત્યારે તેના મોટા પુત્રે કહ્યું, પિતાજી, તમે પરમ ઉપકારી છો; માટે તમે મને મારી નાખો. ત્યારે બીજાએ કહ્યું કે મને મારી નાખો. એમ વારાફરતી પાંચે પુત્રાએ કહ્યું. ત્યારે વિચાર કરી ધન્નાએ જવાબ આપ્યો:–પુત્રો, કોઇને પણ મારવાનો વિચાર હવે નથી. પણ આ પુત્રી, જે હવે મરી ગઈ છે. માટે તેના માંસ રૂધિરનો આહાર કરી આપણે ઘેર પહોંચીએ. બધાએ આ કબુલ કર્યું. એટલે આસપાસથી લાકડા વીણી લાવી તેઓએ અગ્નિ સળગાવ્યો, અને તે પુત્રીનું માંસ વગેરે પકાવી તેનો તે સઘળાએ આહાર કર્યો. પરિણામે તેઓ જીવતાં રહ્યા અને રાજગૃહી નગરીમાં પહોંચ્યા.

એકવાર પ્રભુ મહાવીર તે નગરમાં પધાર્યા. રાજા શ્રેણિક, ધન્ના સાર્થવાહ વગેરે વંદન કરવા ગયા. પ્રભુએ દેશના આપી. ધન્નાસાર્થવાહને વૈરાગ્ય થયો અને તેણે દીક્ષા લીધી. સખ્ત તપ જપ ધ્યાન ધરી, સંથારો કરી તે પહેલા દેવલોકમાં ગયો, ત્યાંથી કાળ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી મોક્ષમાં જશે.

ન્યાય–જેમ ધન્નાસાર્થવાહે શરીર, વર્ણ, રૂપ, બળ કે વિષયને માટે સુષુમાદારિકાનો આહાર ન્હોતો કર્યો, પણ માત્ર રાજગૃહ નગરમાં

પહોંચવા માટેજ કર્યો હતો, તેમ સાધુ સાધ્વી ઉદારિક શરીરને વર્ણ, રૂપ, બળ, વિષયને માટે પોષે નહિ, પરંતુ માત્ર સિદ્ધિ–મૂકિતને માટે સાધનભૂત જાણી નિ:સ્વાદ રૂપે આહાર કરે. ચિલાતીપુત્ર વિષયમાં લુબ્ધ બની અટવીમાં રખડી મહાદુઃખ પામ્યો, તેમ વિષયમાં ગૃદ્ધ બનેલ જીવો મહાદુ:ખને પામે અને સંસાર પરિભ્રમણ કરે.

## ૨૩૪ સુલસા

રાજગૃહ નગરમાં નાગ નામના રથિકને સુલસા નામે પતિભક્ત અને ધર્મપરાયણ સ્ત્રી હતી. એકદા નાગ રથિકે ગુરુસન્મુખ એવો નિયમ કર્યો કે 'હવે મ્હારે બીજી સ્ત્રી કરવી નહિ.' એ દંપતી પરસ્પર સ્નેહયુક્ત હતા. નાગ રથિક શ્રેણિક રાજાની સેવા કરતો હતો. એકદા પોતાના આંગણા પાસે કેટલાક દેવકુમાર જેવાં બાળકોને જોઈ પુત્ર વગરની એવી સુલસા પોતાને પુત્ર ન હોવા બદલ ખેદ પામી, ચિંતાથી તેનું મુખ ઉતરી ગયું, ત્યારે નાગરથિકે તેણીને દેવ વગેરેની બાધા રાખવાનું કહ્યું. આ સાંભળી જૈનધર્મમાં દૃઢ એવી સુલસાએ કહ્યું. મિથ્યા દેવદેવીઓની બાધા વ્યર્થ જ છે, માટે અરિહંત ધર્મ ઉપર શ્રદ્ધા રાખો, તેનાથી સર્વ સિદ્ધિ મળશે. આમ સત્ય ધર્મની શ્રદ્ધાવડે પતિ–પત્ની બંને દિવસો વિતાવવા લાગ્યા.

એકવાર કોઈ દેવે સુલસાની ધર્મશ્રદ્ધાની કસોટી કરી. તે એક જૈન સાધુનું રૂપ ધરીને સુલસાને ત્યાં આવ્યો. સુલસાએ મુનિ ધારીને વંદન કરી તેમનો સત્કાર કર્યો. -સાધુએ કહ્યું: હું લક્ષપાક તેલની યાચના કરવા આવ્યો છું, જો હોય તો વહોરાવશો. સત્પાત્રને જોઈ મૂલ્યવાન વસ્તુ પણ પ્રેમપૂર્વક વહોરાવવા સુલસા તત્પર થઈ. તેણીની પાસે તેલના ચાર શીશાઓ હતા, તેમાંથી એક લઇને તે આવી. આવતાં જ દેવની માયાથી તેને ઉમરામાં ઠેસ વાગ્યાથી શીશો પડીને ફૂટી ગયો, એટલે હોંશભેર સુલસા બીજો શીશો લઈ આવી, પણ તેની પણ એવી જ દશા થઈ. એમ દેવે માયાવડે તેના ચારેય

શીશા ફોડાવી નાખ્યા, છતાં સુલસાના મનમાં મુનિ પ્રત્યે કિંચિત્ પણ અભાવ ન થયો, કે વહોરાવવા પ્રતિ અરુચિ ન થઈ. દેવ તેની ધર્મશ્રદ્ધાથી પ્રસન્ન થયો, અને તેણે પ્રકટ થઇ, તેલના શીશા પાછા આપી, સુલસાને વરદાન માગવા કહ્યું: સુલસાએ કહ્યું: હે દેવ, ત્હમે જ્ઞાનબળથી મારો મનોરથ જાણી શકો છો. આથી દેવતાએ તેણીને ૩૨ ગોળીઓ આપી અને કહ્યું કે ત્હારે આમાંથી એકેક ગુટિકા ખાવી, એના પ્રભાવથી તને ૩૨ પુત્રો થશે. તેમજ તને જ્યારે સંકટ પડે ત્યારે મને સંભાળજે. હું તારૂં વિઘ્ન દૂર કરીશ. એમ કહીને તે દેવ અંતર્ધ્યાન થઇ ગયો.

હવે સુલસાએ વિચાર કર્યો કે મારે ૩૨ પુત્રો શું કરવા છે? કારણ કે તેથી તો તે બધાના મળમૂત્ર ધોવામાં મારો સમય ચાલ્યો જાય અને ધર્મધ્યાન થાય નહિ; તેના કરતાં બત્રીસ લક્ષણો એવો એકજ પુત્ર ઉત્પન થાય તે વધારે સારૂં. એમ વિચારી સુલસા બત્રીસે ગોળીઓ એકી સાથે ગળી ગઈ, આથી તેના ઉદરમાં ૩૨ ગર્ભ પ્રકટ થયા. પરિણામે તે મહાવેદના અનુભવવા લાગી, તેથી સુલસાએ પેલા દેવને યાદ કર્યો. દેવ આવ્યો. સુલસાએ પોતાની ગર્ભવેદનાની વાત કહી. દેવે તેને કહ્યા પ્રમાણે કામ ન કર્યા બદલ ઠપકો આપ્યો. સુલસાએ ભવિતવ્યતાનો નિયમ કહ્યો. છેવટે દેવે તેની વ્યથા દૂર કરી. અનુક્રમે તેણીએ ૩૨ પુત્રોનો જન્મ આપ્યો. નાગરથિકે મહાદાન દઈ પુત્રોનો જન્મોત્સવ કર્યો. પાંચ પાંચ ધાવમાતાઓથી ઉછેરાતાં તે પુત્રો વૃદ્ધિ પામ્યા; ધર્મ, કર્મ અને શાસ્ત્ર સંબંધી સર્વ કળાઓ શીખ્યા; પિતાએ તેમના લગ્ન કર્યાં. તેઓ શ્રેણિક રાજાના સેવકો થયા. પુત્રવધુઓથી સુલસા સુખી થઈ.

એકવાર શ્રેણિક રાજા સુજ્યેષ્ઠાનું સુરંગદ્વારા હરણ કરવા ગયો હતો, ત્યારે તે સુલસાના આ ૩૨ પુત્રોને સાથે લઈ ગયો હતો. ચેટક રાજાના સૈન્યને યુદ્ધ થયું. તેમાં સુલસાનો એક

પુત્ર મૃત્યુ પામતાં બત્રીસે પુત્રો મૃત્યુ પામ્યા. આથી સુલસાના શોકનો પાર રહ્યો નહિ. છેવટે અભયકુમારના ઉપદેશે સુલસા શોક મુક્ત થઈ. ત્યારબાદ ધર્મમાં નિશ્ચલ શ્રદ્ધા છે એવી તે સુલસાને ભ. મહાવીરે અંબડ સન્યાસીદ્વારા ધર્મલાભ કહેવડાવ્યો. અંબડે પરીક્ષા કરી, તેમાં તે સફળ થઈ. છેવટે અંત સમયે સર્વ પાપની આલોચના લઈ, મૃત્યુપામી સુલસા દેવલોકમાં ગઇ, ત્યાંથી ચ્યવી તે ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં નિર્મમ નામે ૧૫ મા તીર્થંકર થશે.

## ૨૩૫ સુભૂમ ચક્રવર્તી

શ્રી અરનાથ પ્રભુના શાસનમાં સુભૂમ નામે આઠમા ચક્રવર્તી થયા. તે હસ્તીનાપુરના કૃતવીર્ય રાજાની તારા નામક રાણીના પુત્ર હતા. તેમનો જન્મ જંગલમાં તાપસના આશ્રમમાં થયો હતો. સમય જતાં વૈતાઢ્ય પર રહેનારા મેઘનાદ વિદ્યાધરે તેમને પોતાની પદ્મશ્રી નામની કન્યા પરણાવી હતી. તે વખતે તેનો પ્રતિસ્પર્ધી પરશુરામ નામે પ્રતિવાસુદેવ હતો, તેણે સુભૂમના પિતાને મારી પૃથ્વીને નિઃક્ષત્રિયા કરી હતી એ વાત સુભૂમે પોતાની માતાદ્વારા સાંભળી, તેથી તે ક્રોધવશ બની હસ્તિનાપુરમાં આવ્યો. ત્યાં તેને ચક્રરત્નની પ્રાપ્તિ થવાથી તેણે પરશુરામને માર્યો. જેમ પરશુરામે પૃથ્વીને સાતવાર નિઃક્ષત્રિયા કરી હતી, તેમ તેનાં વેર રૂપે સુભૂમે પૃથ્વીને એકવીસ વાર નિર્બ્રાહ્મણી કરી.

અનુક્રમે સાઠ હજાર વર્ષના આયુષ્યવાળા સુભૂમે ચાર દિશામાં ફરી અનેક રાજાઓને પરાજય પમાડી છ ખંડની સાધના કરી અને તે ચક્રવર્તી થયો. અનેક પ્રાણિઓની હિંસા કરતો તે સુભૂમ લોભને વશે સાતમો ખંડ સાધવા ગયો, જ્યાં દરિયામાં ડૂબવાથી તે મૃત્યુ પામ્યો અને મરીને તે સાતમી નરકમાં ગયો.

## ૨૩૬ સુવિધિનાથ (પુષ્પદંત).

કાકંદી નગરીના સુગ્રીવ રાજાની રામાદેવી નામક રાણીની કુક્ષિમાં વૈજયંત વિમાનમાંથી ચ્યવીને ફાગણ વદિ ૯ ના રોજ તેઓ ઉત્પન્ન થયા. માતાને ૧૪ સ્વપ્ન આવ્યાં. માગશર વદિ પાંચમે જન્મ થતાં દેવદેવીઓએ પ્રભુનો ઉત્સવ કર્યો. ગર્ભ વખતે માતા સર્વ વિધિમાં કુશળ હતાં, તેમજ તેમને પુષ્પના દોહદથી પુત્રને દાંત આવ્યા હતા, તે પરથી તેમનાં સુવિધિ અને પુષ્પદંત એવાં બે નામ રાખવામાં આવ્યાં. યૌવન પામતાં પિતાના આગ્રહથી તેઓ અનેક રાજકન્યાઓ પરણ્યા. પછી પિતાની ગાદીએ આવ્યા. ૫૦ હજાર પૂર્વ કુમારપણે રહ્યા, તથા ૫૦ હજાર પૂર્વ ઉપર ૨૮ પૂર્વાંગ સુધી તેમણે રાજ્ય ભોગવ્યું. તે પછી લોકાંતિક દેવોની પ્રેરણાથી પ્રભુએ વાર્ષિકદાન આપી માગશર વદિ ૬ ના રોજ એક હજાર રાજાઓ સાથે સંયમ અંગીકાર કર્યો. ચાર માસ છદ્મસ્થપણે રહ્યા પછી પ્રભુને મહાપ્રકાશ આપનારૂં એવું કૈવલ્યજ્ઞાન થયું. તેમને વરાહ આદિ ૮૮ ગણધરો હતા.

પ્રભુના સંઘ પરિવારમાં ૨ લાખ સાધુ, ૧૨૦ હજાર સાધ્વી, ૨૨૯ હજાર શ્રાવકો તથા ૪૭૨ હજાર શ્રાવિકાઓ હતા. કેવળજ્ઞાન થયા પછી સુવિધિજિને એક લાખ પૂર્વમાં ૨૮ પૂર્વાંગ અને ચારમાસ ઓછા, સમય સુધી કેવળીપણે વિચરી અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કર્યો. અંતે સમેતશિખર પર, એક હજાર મુનિઓ સાથે, માસિક અનશને કારતક વદિ ૯ મે પ્રભુ નિર્વાણ પધાર્યા. તેમનું કુલ આયુષ્ય બે લાખ પૂર્વનું હતું.

## ૨૩૭ સોમિલ*.

ભ. પાર્શ્વનાથના સમયમાં વારાણશી નગરીમાં સોમિલ નામે બ્રાહ્મણ હતા. તે મહાસમૃદ્ધિવંત, તથા ચારવેદાદિ ૭ શાસ્ત્રમાં પારંગત હતા.

* ગજસુકુમારને ઉપસર્ગ આપનાર, બીજા સોમિલનું વૃત્તાંત ગજસુકુમારની કથાના અંતરભાગમાં આવી જતું હોઈ તે અહિં લીધું નથી. —સં.

એકવાર ભ. પાર્શ્વનાથ ત્યાં પધારતાં સોમિલ પ્રભુની દેશનામાં ગયા. દેશના પૂરી થયા બાદ તેમણે પ્રભુને પૂછ્યું:-તમારે યાત્રા છે? તમારે ઈંદ્રિયોને જીતવાનું છે ? તમારે રોગરહિત પણું છે ? તમારે નિર્દોષ વિહાર છે? તમારે સરસવ ખાવા યોગ્ય છે કે નહિ? તમારે માંસ ખાવા યોગ્ય ખરૂં કે નહિ, ફૂલફળ તમારાથી ખવાય કે નહિ? ત્હમે એક છો કે બે ? અક્ષય છો કે અવ્યય છો ? વગેરે પ્રશ્નો પૂછ્યા. પ્રભુએ તેના બરોબર જવાબો આપ્યા, આથી સોમિલે પ્રભુ પાસે જૈન માર્ગના બાર વ્રતો અંગીકાર કર્યાં, તથા જીવ, અજીવાદિ નવ તત્ત્વનું જાણપણું કર્યું. ત્યારબાદ સોમિલને લાંબા કાળ સુધી સાધુનો સમાગમ થયો નહિ, તેથી તેમનામાં મિથ્યાત્વના પર્યાય વધ્યા, તે પછી તેમણે શહેર બહાર બગીચા બનાવ્યા, તેમાં અનેક પ્રકારના વૃક્ષો તથા છોડવાઓ ઉછેર્યાં. તે પછી કેટલેક સમયે સ્વજન, મિત્ર અને કુટું-બીઓને ભોજન જમાડી, તાપસના સાધનો બનાવરાવી, મોટા પુત્રને ગૃહકાર્યભાર સોંપી તેમણે તાપસની દીક્ષા અંગીકાર કરી, અને તામલી તાપસની પેઠે તેઓ સઘળી ક્રિયાઓ કરવા લાગ્યા. એકવાર એક દેવે આવીને તેમને કહ્યું કે-સોમિલ, ત્હારી પ્રવજ્યાં ખોટી અને અજ્ઞાન-કષ્ટ સહન કરવા જેવી છે. આમ દેવે લાગલાગટ ચાર રાત્રિ સુધી ત્રણ ત્રણ વખત કહ્યું. છેવટે પાંચમી રાત્રિએ કહ્યું કે પહેલાં તેં પ્રભુ પાર્શ્વનાથ પાસે વ્રત અંગીકાર કરેલાં, તે મૂકી દઇને મિથ્યા કષ્ટમાં કેમ પડ્યો ? આથી સોમિલ સમજ્યો. દેવ નમસ્કાર કરી ચાલ્યો ગયો. પછી પુનઃ સોમિલે શ્રાવકના વ્રત ગ્રહણ કરી ઘણો તપ કર્યો. અંત સમયે અનશન કરી, પૂર્વ વ્રતભંગની આલોચના લીધા વગર, તે કાળ કરીને શુક્ર નામે ગ્રહ થયો. ત્યાંથી ચ્યવી તે મહાવિદેહમાં જન્મી મોક્ષ જશે.

## ૨૩૮ સોરિયદત્ત મચ્છીમાર.

નંદીપુર નામનું ગામ હતું. ત્યાં મિત્ર નામે રાજા હતો. તે રાજાને એક સીરીયા નામનો રસોયો હતો. તે ઘણો જ પાપી હતો.

રસોઈના કામમાં તેણે પોતાના હાથ નીચે માછલીને પકડવાવાળા, હરણને મારવાવાળા વગેરે હિંસાનું કામ કરનારા માણસો રાખ્યા હતા. જેઓ અનેક પશુ પક્ષીઓ લાવી આપતાં. સીરીયા મરઘાં, મોર, તેતર, વગેરે પંખીઓને પાંજરામાં પૂરી રાખતો, તથા જીવતાં પંખીઓની પાંખ ઉખાડીને વેચતો, એટલું જ નહિ પણ ગાય, ભેંસ, કુક્કર, બકરાં વગેરે પશુઓનાં માંસના ટુકડા કરી, તેને તેલમાં તળી રસોઈ બનાવતો, તે પોતે ખાતો અને રાજાને પણ ખવડાવતો. આવી રીતે ઘણા વર્ષો સુધી હિંસાકારી કૃત્યો કરીને તે મરણ પામ્યો અને મરીને તે છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયો.

ત્યાંથી નીકળીને તે સોરીપુર નગરમાં સમુદ્રદત્ત નામના મચ્છીમારને ત્યાં તેની સમુદ્રદત્તા નામની સ્ત્રીને પેટે જન્મ્યો. તેનું નામ સોરિયદત્ત પાડયું. યુવાવસ્થા પામ્યો, ત્યારે તેના માબાપ ગુજરી ગયાં, તેથી તે મચ્છીમારોમાં અગ્રેસર તરીકે રહેવા લાગ્યો. તેણે ઘણા માણસો નોકર તરીકે રાખ્યા. જેઓ પાસે માછલાંઓ પકડવાનું કામ કરાવતો. પછી તે સોરિયદત્ત પકડાયેલાં માછલાંઓને તાપમાં સૂકવતો અને તેઓને પકવીને બજારમાં વેચવા લઈ જતો.

એકવાર સોરિયદત્ત માછલીને સેકીને ખાતો હતો, તેવામાં તે માછલીનો કાંટો તેના ગળામાં ભરાઈ ગયો. તેનાથી તેને તીવ્ર વેદના થઈ. ગળામાં કંઈ પણ પદાર્થ જઈ શકે નહિ, જેથી તે ભૂખ અને તૃષાથી પીડાવા લાગ્યો. ખોરાક ન લઈ શકવાથી તે દિન પ્રતિદિન સુકાવા લાગ્યો. તેનું શરીર ક્ષીણ થવા લાગ્યું. તેથી તેણે ઘણા વૈદ્યોને ઉપચાર અર્થે બોલાવ્યા. વૈદ્યોએ ખૂબ ઉલટીઓ કરાવી તથા બીજા ઘણા ઉપચારો કર્યા. પણ તે કાંટો ગળામાંથી કાઢવા કોઈ સમર્થ થયું નહિ. પરિણામે તે મચ્છીમાર મરણ પામ્યો અને પહેલી નરકમાં

ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી અનંત સંસાર પરિભ્રમણ કરતાં કરતાં છેવટે મનુષ્ય જન્મ પામી તે મોક્ષમાં જશે.

## ૨૩૯ સંયતિરાજા.

પંચાલ દેશના કપિલપુર નગરમાં સંયતિ નામનો રાજા હતો. એકવાર તે પોતાની ચતુરંગી સેના સાથે પોતાના કેશરી નામના ઉદ્યાનમાં શિકારાર્થે ગયો. ત્યાં તેણે ઘણા મૃગલાઓનો સંહાર કર્યો. તે ઉદ્યાનમાં ગર્દભાળી નામના એક મુનિ ધ્યાનદશામાં લીન હતા. મૃત્યુના ભયથી શિકારના પંજામાંથી નાસી છૂટેલું એક મૃગ ધ્યાનસ્થ મુનિ તરફ દોડવા લાગ્યું, તેવામાં રાજાએ તેને એક બાણ વડે ઘાયલ કર્યું. મૃગ ત્યાં જ લગભગ મુનિ સમિપ પહોંચી મૃત્યુને શરણ થયું. તેને લેવા માટે રાજા તે જગ્યાએ આવ્યો, તેવામાં તેણે એક ધ્યાનસ્થ જૈન મહાત્માને તે જગ્યાએ જોયા. આથી રાજા મનમાં ભય પામ્યો અને ખેદપૂર્વક વિચારવા લાગ્યો કે અહો ! મેં પાપીએ માંસમાં ગૃદ્ધ બનીને મુનિના મૃગને માર્યું ! આ મૃગ મુનિનું જ હોવું જોઈએ, નહિ તો તે મુનિ પાસે આવે નહિ. અરે, હવે શું થાય ? જો આ મુનિ કોપાયમાન થશે તો તેઓ પોતાના તપોબળથી મને અને મારાં સૈન્યને બાળી મૂકશે. એમ બ્હીને તે મુનિ પાસે આવ્યો અને તેમના પગમાં વંદન કરી નમ્રતાપૂર્વક બોલ્યોઃ—હે મુનિ ! હે તપસ્વી ! મ્હારો અપરાધ ક્ષમા કરો, મેં આપના મૃગને ઓળખ્યું નહિ. મુનિ ધ્યાનસ્થ હોવાથી રાજાના કથનથી કાંઈ પણ બોલ્યા નહિ, આથી રાજા વધારે ભયભીત બન્યો; ને વધારે નમ્રતાથી કહેવા લાગ્યોઃ-હે મહારાજ ! કરુણા-સાગર ! મ્હારા સામે જુઓ, હું આ નગરનો સંયતિ રાજા છું. મ્હને બોલાવી મારો ઉદ્વેગ ટાળો. થોડીવારે ગર્દભાળી મુનિએ કાયોત્સર્ગ પાળ્યો અને કહ્યુંઃ—રાજન્ ! તને અભય છે; અને તું

સર્વ જીવોને અભયદાનનો દાતાર થા. આ અનિત્ય મનુષ્યલોકને વિષે હિંસામાં કેમ પ્રવૃત્ત થયો છે? કર્મના વશે સર્વ જીવોને સઘળી પૌદ્ગલિક વસ્તુઓ છોડીને જવાનું છે, તો પછી તું રાજ્યમાં આટલો બધો આસક્ત કેમ બન્યો છે? હે રાજા! તું જીવિતવ્ય અને રૂપને વિષે આટલો બધો કેમ મૂર્છા પામે છે? આયુષ્ય અને રૂપ તો વિજળીના ચમકારા જેવું ક્ષણિક છે. સ્ત્રી, પુત્ર, પરિવાર અને ઉપાર્જન કરેલું ધન સાથે આવતું નથી, પણ તે સર્વ મૃત્યુ પછી અહિં જ પડી રહે છે. જે સ્ત્રી પોતાના પતિ પર અતિશય પ્યાર કરે છે, તેજ સ્ત્રી તેના પતિના મૃત્યુ પછી અન્ય સાથે સુખ ભોગવે છે; જે મહાપાપ કરી ધન ઉપાર્જન કર્યું હોય છે, તેનો ભોક્તા બીજો બને છે, વગેરે હિત શિખામણો વડેરાજાને મુનિએ બોધ આપ્યો. આ સાંભળી સંજતિ રાજા પ્રતિબોધ પામ્યો. તેણે ગર્દભાળી મુનિ પાસે ચારિત્ર અંગિકાર કર્યું; અને તેઓ ગીતાર્થ થઈ સાધુની સમસ્ત સમાચારી શીખી, ગુરુની આજ્ઞા લઈ એકાકીપણે વિચરવા લાગ્યા. એકદા સમયે તેમને ક્ષત્રિયરાજ ઋષિ મળ્યા; તેમણે સંયતિ મુનિની તેજસ્વી પ્રભા જોઈ કહ્યું: હે મુનિ! તમારું રૂપ અને મન નિર્વિકારી દેખાય છે, તો તમારૂં નામ શું છે તે કૃપા કરી કહેશો? સંયતિ બોલ્યા:—મારૂં નામ સંયતિ, મારૂં ગોત્ર ગૌતમ, તથા શ્રુતજ્ઞાન અને ચારિત્રના પારગામી એવા ગર્દભાળી ભગવાન મારા ધર્મગુરુ–ધર્માચાર્ય છે. હિંસાથી બચવા માટે મેં સંયમ આદર્યો છે. તે પછી સંયતિ રાજાએ સાધુના ઉત્કૃષ્ટ ગુણો, મિથ્યાત્વના પ્રકાર વગેરે જૈન તત્ત્વનું રહસ્ય કહી, પોતાને જાતિસ્મરણ જ્ઞાન થયું હોવાથી કહ્યું કે હું સમ્યક્ પ્રકારે મારા આત્માનો પૂર્વભવ જાણું છું. હું પાંચમા બ્રહ્મદેવલોકમાં મહાપ્રાણ નામના વિમાનમાં દેવપણે હતો, ત્યાંની દશ સાગરોપમની* સ્થિતિ પૂરી કરી હું આ

---

* ચાર ગાઉનો લાંબો, પહોળો અને ઉંડો એવો એક કુવો હોય, તેમાં દેવકુરૂ, ઉત્તરકુરૂ યુગલીયાના સાત દિવસના જન્મેલાં બાળકના એકેક

મનુષ્યભવ પામ્યો છું. આ પ્રમાણે વાર્તાલાપ થતાં ક્ષત્રિયરાજ ઋષિને ઘણો આનંદ થયો અને તેઓ છૂટા પડ્યા. અનુક્રમે સંયમ માર્ગમાં વિચરતાં સંયતિ રાજર્ષિને કૈવલ્યજ્ઞાન થયું અને તેઓ મોક્ષમાં ગયા.

## ૨૪૦ સંભવનાથ.

વર્તમાન ચોવીસીના ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ, શ્રાવસ્તી નગરીના જિતારી રાજાની સેનાદેવી રાણીની કુક્ષિમાં, નવમા દેવલોકમાંથી ચ્યવીને ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન દીઠાં. માગશર શુદિ ૧૪ ના રોજ પ્રભુનો જન્મ થયો. ૫૬ દિગ્કુમારી દેવીઓએ સૂતિકાકર્મ કર્યું. ઇંદ્રોએ પ્રભુને મેરુ પર્વત પર લઈ જઇને જન્મોત્સવ ઉજવ્યો. પિતાએ સંભવનાથ એવું નામ આપ્યું. યૌવનાવસ્થા થતાં તેઓ અનેક રાજકન્યાઓ પરણ્યા. પંદર લાખ વર્ષો સુધી કૌમાર્યાવસ્થામાં રહ્યા પછી પિતાએ તેમને રાજ્યગાદી પર બેસાડી દીક્ષા લીધી. ૪૪ લાખ પૂર્વ અને ૪ પૂર્વાંગ સુધી રાજ્ય ભોગવ્યું, તે પછી લોકાંતિક દેવોની પ્રેરણાથી વરસીદાન આપી, પ્રભુએ માગશર શુદિ પૂર્ણિમાએ એક હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. ચૌદ વર્ષ છદ્મસ્થપણામાં રહ્યા પછી કાર્તિક વદિ પાંચમે તેમને કૈવલ્યજ્ઞાન થયું. તેમને ચારુ વગેરે ૧૦૨ ગણધરો હતા.

સંભવ જિનના સંઘ પરિવારમાં ૨ લાખ સાધુ, ૩૩૬ હજાર સાધ્વીઓ, ૨૯૩ હજાર શ્રાવકો અને ૬૩૬ હજાર શ્રાવિકાઓ હતા. અંતિમ સમયે પ્રભુએ સમેતશિખર પર એક હજાર મુનિઓ સાથે માસિક અનશન કર્યું અને ચૈત્ર શુદિ પાંચમે તેઓ મોક્ષ પધાર્યા. સંભવનાથ પ્રભુનું એકંદર આયુષ્ય ૬૦ લાખ પૂર્વનું હતું.

---

વાળના અસંખ્યાતા ખંડ કરી, ઠાંસી ઠાંસીને તે કુવામાં ભરે, પછી તેમાંથી એકેક ખંડ સો સો વરસે કાઢે અને જ્યારે તે કુવો ખાલી થાય ત્યારે તેને એક પલ્યોપમ કહેવાય. એવા દશ કોડા કોડી ( દશક્રોડને દશક્રોડે ગુણીએ ) કુવા ખાલી થાય ત્યારે એક સાગરોપમ કહેવાય, એમ ગ્રન્થકાર વર્ણવે છે.

## ૨૪૧ હરિસેન ( ચક્રવર્તી ).

કપિલપુર નગરમાં મહા હરિ નામે રાજા હતો. તેને મેરા નામની રાણી હતી. તેમને મહાન્ શક્તિશાળી પુત્ર થયો. તેનું નામ હરિસેન. યૌવનવય પામતાં હરિસેન રાજ્યાસને આવ્યા અને અન્ય ચક્રવર્તીઓની જેમ પોતાની આયુદ્ધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થવાથી, તેની મદદ વડે છખંડ જીતી દશમા ચક્રવર્તી થયા. અંતે સર્વ રાજ્યરિદ્ધિ છોડી તેમણે દીક્ષા લીધી અને કૈવલ્યજ્ઞાન પામી તેઓ મોક્ષમાં ગયા.

## ૨૪૨ હસ્તિપાળ.

પૂર્વ ભરતના મગધ દેશમાં પાવાપુરી નગરી હતી; ત્યાં હસ્તિપાળ નામનો જૈનધર્મી રાજા હતો. તે ભ. મહાવીરનો પરમભક્ત હતો. ભગવાનને છેલ્લું ચાતુર્માસ પોતાની નગરીમાં કરવાની તેમણે વિનંતિ કરી હતી. ભગવાને તે માન્ય રાખી. પ્રભુ મહાવીર તેજ ચાતુર્માસમાં પાવાપુરીમાં આશો વદી ૦)) ના રોજ નિર્વાણ પામ્યા.

## ૨૪૩ હરિકેશબળ

ગંગાનદીના કિનારા પર એક નાનું ગામડું હતું. તેમાં ચંડાળ જાતિના મનુષ્યો રહેતા હતા. ત્યાં બળકોટ નામે એક ચંડાળ હતો. પોતાની ન્યાતનો તે આગેવાન હતો. તેને બે સ્ત્રીઓ હતી. ૧ ગૌરી અને બીજી ગાંધારી. ગાંધારીથી તેને એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ હરિકેશબળ.

હરિકેશ પૂર્વ ભવમાં બ્રાહ્મણ હતો અને દીક્ષા લઈને તે દેવલોકમાં ગયો હતો; પણ બ્રાહ્મણ જાતિમાં તેણે પોતાના ઉચ્ચ કુળનો અને અથાગ રૂપનો મદ કર્યો હતો. તેથી તે આ ભવમાં નીચ

કુળમાં ઉત્પન્ન થયો, અને રૂપના મદથી તે બેડોળ, કાળો અને કદ્દરૂપો થયો. તેનું બેડોળપણું જોઈને તેના માબાપ અને સ્વપર જનો સૌ કોઈ તેની સામે તિરસ્કારની નજરે જોતું. એકવાર ગામમાં કંઈક ઉત્સવ હતો. એટલે બધા ચંડાળો એક સ્થળે એકઠા થઈ મોજ શોખ કરી રહ્યા હતા. નાના છોકરાઓ નિર્દોષ રમ્મત રમતા હતા. તેવામાં હરિકેશ તેમની પાસે આવ્યો. હરિકેશનો સ્વભાવ તોફાની હતો, તેથી તે છોકરાઓને મારીને રંજાડવા લાગ્યો. છોકરાઓ રડતાં રડતાં પોતાના માબાપ પાસે ગયા અને હરિકેશે માર્યાનું કહ્યું. તેમના માબાપોએ બળકોટને ફરિયાદ કરી. એટલે બળકોટ ક્રોધાયમાન થઈને હરિકેશને મારવા દોડયો. પણ હરિકેશ ત્યાંથી દૂર નાસી જઈને ધૂળના એક ઉંચા ઢગલા પર બેઠો, અને એકઠા થયેલાં સ્વજ્ઞાતિજનો તરફ દૂર નજરથી તે જોવા લાગ્યો. સઘળા ચંડાળો ટોળે મળીને આનંદ કરી રહ્યા હતા, તેવામાં ભયંકર ફુંફાડા મારતો એક વિષધર સર્પ તે ટોળામાં આવ્યો. માણસો ભયભીત બનીને આમ તેમ નાસવા લાગ્યા. એક જોરાવર ચંડાળે આવી તે વિષધર સર્પ ઉપર લાકડીનો ફટકો લગાવ્યો અને સાપના ટુકડે ટુકડા કરી નાખ્યા.

થોડીવારે ફરીથી ત્યાં એક બીજો સર્પ આવ્યો. એક બે માણસો બોલી ઉઠયાઃ–મારો, મારો. ત્યારે બીજાઓએ કહ્યુંઃ–ભાઈઓ, આ સર્પને કોઈ મારશો નહિ, કારણ કે તે ઝેરી નથી. એટલે તે કોઈને ઈજા કરશે નહિ. સર્પ ધીરે ધીરે ત્યાંથી ચાલ્યો ગયો. માણસો પુનઃ પ્રમોદ કરવા લાગ્યા.

આ સઘળું દશ્ય ધૂળના ઢગલા પર દૂર બેઠેલો હરિકેશ જોઈ રહયો હતો. તેણે વિચાર્યું કે, અહો ! જેનામાં ઝેર હોય છે, તેની બુરી દશા થાય છે, અને જેનામાં ઝેર હોતું નથી, જે સર્વદા શાંત છે, તેને કોઈ સતાવતું નથી. ખરેખર, હું ઝેરી છું. મ્હારો સ્વભાવ

તોફાની છે. તેથીજ લોકો મને સતાવે છે. માટે મારે આ સ્થાનમાં રહેવું ઉચિત નથી. એમ ધારી હરિકેશ ત્યાંથી જંગલ માર્ગે દૂર ને દૂર ચાલવા લાગ્યો. ત્યાં રસ્તામાં તેણે એક શાંતમુર્તિ સાધુ મહાત્માને બેઠેલાં જોયા. જોતાંજ તેનામાં સદ્‌ભાવ ઉત્પન્ન થયો. તેણે મુનિના ચરણમાં શિર ઝૂકાવીને વંદન કર્યું. મુનિ બોલ્યાઃ–હે વત્સ, તું કોણ છું અને અહિં કયાંથી આવી ચડયો? હરિકેશે જવાબ આપ્યોઃ મહારાજ! હું ચંડાળનો પુત્ર છું. મ્હારા તોફાની સ્વભાવથી વડિલોએ મ્હારો તિરસ્કાર કર્યો છે, પરંતુ મને હવે ખાત્રી થઈ છે કે જગતમાં ઝેર અને કંકાસથી જીવની દુર્દશા થાય છે, અને નમ્રતાથી જીવનું કલ્યાણ છે. મહારાજ, મેં હવે જ્યાં શાંતિ મળે ત્યાં જવાનો નિશ્ચય કર્યો છે. તો કૃપા કરી મને શાંતિનો માર્ગ બતાવશો?

મુનિ સમજ્યા કે આ હળુકર્મી જીવ છે, તેથી તેમણે હરિકેશને બોધ આપતાં કહ્યુંઃ–હે વત્સ! તું શાંતિની શોધમાં છે, તે તને બહાર શોધવાથી નહિ મળે. ખરી શાંતિ ત્હારા આત્મામાં રહેલી છે. આ જીવ અનંત કાળથી ૮૪ લાખ જીવા યોનિમાં રખડયો છે. અને કલેશ, પ્રપંચ, નિંદા, કષાય, પ્રમાદ વડે સંસારમાં દુઃખ પામે છે. માટે ભાઈ, ત્હારે ખરી શાંતિ જોઈતી હોય, તો જગતની સર્વ ઉપાધિ, સર્વ માયાનો પરિત્યાગ કર અને મ્હારી જેમ ત્યાગદશાને આધિન થા, તોજ ત્હારૂં કલ્યાણ થશે. આ સાંભળી હરિકેશ બોલ્યોઃ—પણ પ્રભુ, હું ચંડાળ છું ને! શું તમે મને દીક્ષા આપી શકશો?

'હા, ચંડાળ હો તેથી શું થયું? પ્રભુ મહાવીરના માર્ગમાં સર્વ કોઇને આત્મ કલ્યાણ કરવાનો હક્ક છે. મુનિનું કથન સાંભળી હરિકેશબળે ત્યાંજ મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી અને એકાંત તપ કરવા તેઓ જંગલમાં નીકળી પડયા. ત્યાંથી ફરતાં ફરતાં હરિકેશમુનિ વારાણશી નગરીના તિંદુક નામના ઉદ્યાનમાં પધાર્યા, અહિં તિંદુક નામના યક્ષનું

મંદિર હતું, તેમાં હરિકેશ મુનિ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન રહ્યા. તિંદુક નામનો યક્ષ હરિ કેશ મુનિની તપશ્ચર્યા અને ચારિત્રથી પ્રસન્ન થઈ તેમનો ભક્ત બન્યો અને મુનિની સેવા ચાકરી કરવા લાગ્યો.

હવે તે નગરના રાજાની પુત્રી ભદ્રા કેટલીક સખીઓ સાથે તિંદુક યક્ષની પૂજા કરવા આ ઉદ્યાનમાં આવી. ત્યાં તેણે મેલાં ઘેલાં વસ્ત્રવાળા અને કદ્દરૂપા શરીરવાળા હરિકેશને જોયા, તેમને જોતાંજ તે ઘૃણા પામી અને મુનિની નિંદા કરવા લાગી. પેલા યક્ષથી મુનિની થતી નિંદા સહન થઈ નહિ. તેથી તે રાજપુત્રી પર ગુસ્સે થયો, અને ક્ષણભરમાં તેને જમીન પર પછાડી દીધી. બાળા મૂર્છા પામી, અને બેહોશ બની ગઈ. તેના શરીરમાંથી રૂધિર નીકળવા માંડયું. આ જોઈ તેની સખીઓ ગભરાઈ ગઈ અને રાજા પાસે જઈ સઘળી વાત નિવેદન કરી. રાજા તિંદુક ઉદ્યાનમાં આવ્યો. તેણે જાણ્યું કે પુત્રીએ આ તપસ્વી સાધુની નિંદા કરી હશે, તેથી સાધુએ કોપાયમાન થઈ આ પ્રમાણે કર્યું લાગે છે. એમ ધારી રાજા બે હાથ જોડી મુનિ પ્રત્યે કહેવા લાગ્યો. હે મહારાજ, મ્હારી પુત્રીનો અપરાધ ક્ષમા કરો. તરત પેલો યક્ષ રાજપુત્રીના શરીરમાં પેસી ગયો અને બોલ્યોઃ–હે રાજન્! જો, તું ત્હારી પુત્રીને આ મુનિ સાથે પરણાવે તોજ તે બચે. આ સાંભળી રાજા પોતાની પુત્રીને મુનિ સાથે પરણાવવા કબુલ થયો, એટલે યક્ષ તે બાળાના શરીરમાંથી નીકળી મુનિના શરીરમાં પેઠો. પુરોહિતને બોલાવી રાજાએ મુનિ સાથે તે બાળાનું લગ્ન કર્યું. તરતજ તિંદુક યક્ષ મુનિના શરીરમાંથી નીકળી સ્વસ્થાનકે ગયો. બાળાએ મુનિને કહ્યું: મહારાજ! મેં તમારી નિંદા કરી હતી, તો મારો અપરાધ ક્ષમા કરો અને મારો પ્રેમ સ્વીકારો. આ સાંભળી હરિકેશ મુનિ બોલ્યાઃ—હે બાળા, હું પંચ મહાવ્રતધારી સાધુ છું અને બ્રહ્મચારી છું. અમારાથી મન વચન કાયાએ સ્ત્રી સમાગમ થઈ શકે નહિ. બાળા! મેં તારી સાથે

લગ્ન કર્યું નથી. પણ આ યક્ષ મારા શરીરમાં પ્રવેશવાથી આમ બન્યું છે, માટે કૃપા કરી તમે ફરી આવું વચન મારી સાથે બોલતા નહિ. બાળા મુનિના વચનથી નિરાશ થઈ, અને ઘેર આવી તેણે રાજાને સર્વ વાત વિદિત કરી. રાજાએ પુરોહિતને બોલાવ્યો. પુરોહિતે જણાવ્યું:–મહારાજા! યક્ષથી ત્યજાયેલ બાળા પુરોહિત–બ્રાહ્મણને આપી શકાય છે. રાજાએ પોતાની પુત્રીને રૂદ્રદત્ત નામના પુરોહિત સાથે પરણાવી. પુરોહિત રાજકન્યા મળવાથી ઘણો રાજી થઈ ગયો.

પુરોહિતે આ કન્યાને પવિત્ર કરવા માટે એક પ્રચંડ યજ્ઞ આરંભ્યો. અનેક બ્રાહ્મણોને તે યજ્ઞમાં તેણે નોતર્યા. તે સર્વને જમવા માટે અનેક પ્રકારના સ્વાદિષ્ટ ભોજનો રંધાવ્યાં. બ્રાહ્મણો યજ્ઞ મંડપમાં વેદ મંત્રોચ્ચાર બોલવા લાગ્યા. તેવામાં હરિકેશ મુનિ ભિક્ષાર્થે ફરતા ફરતા આ યજ્ઞપાડામાં આવી પહોંચ્યા.

જાડા હોઠ અને લાંબા દાંતવાળા આ કદ્રૂપા અને બેડોળ મુનિને દેખી કેટલાક અભિમાની બ્રાહ્મણો ગુસ્સે થઈ બોલી ઉઠયા: અલ્યા, તું કોણ છે? અને આ વાઘરી જેવા વેશે અહિં કેમ આવ્યો છે? ચાલ્યો જા અહિંથી જલ્દી, નહિ તો જીવતો નહિ રહેવા પામે.

આ સાંભળી હરિકેશ બોલ્યા:—ભૂદેવો! ક્રોધ ન કરો. હું અહિં ભિક્ષા લેવા સારૂં આવ્યો છું.

'ભિક્ષા બિક્ષા અહિં નહિં મળે. તારા જેવા ભામટા માટે અમે ભોજન નથી બનાવ્યું. આ ભોજન તો અમારા જેવા પવિત્ર બ્રાહ્મણોને જમવા માટે છે. કદાચ આમાંનું ભોજન વધે તો અમે તે ફેંકી દઇએ; પણ તારા જેવા બેડોળ ભિખારીને તો હરગીજ નહિ આપીએ. માટે આવ્યો તે રસ્તે ચાલ્યો જા, નહિતો જોરજુલમથી અમે તને મારીને હાંકી કહાડીશું.' ઉક્ત કઠિન શબ્દો બ્રાહ્મણના મુખેથી સાંભળી હરિકેશ બોલ્યા:

'હે ભૂદેવો, હું બ્રહ્મચારી છું, નિરંતર તપશ્ચર્યા કરું છું, અસત્ય બોલતો નથી, અને વધેલાં અન્નમાંથી નિર્દોષ ભોજન લઉં છું. તમે તો યજ્ઞમાં હિંસા કરો છો, જુઠું બોલો છો, બ્રહ્મચર્ય પાળતા નથી, માટે હું પવિત્ર છું તો મને તમારા માટે નીપજાવેલાં ભોજનમાંથી થોડુંક આપો.'

આ સાંભળતાં બ્રાહ્મણો વધુ ગુસ્સે થયા અને મુનિને ત્યાંથી હાંકી કાઢવા તત્પર થયા. યુવાન બ્રાહ્મણો એકદમ યજ્ઞ મંડપમાંથી બહાર નીકળી આવ્યા, અને સૌ કોઈ મુનિને મારવા લાગ્યા. આ આ દ્રશ્ય તિંદુક યક્ષના જોવામાં આવ્યું. તેથી તે મુનિની વ્હારે આવ્યો અને મુનિના શરીરમાં પેસી ગયો. પેસતાં જ તેણે પોતાના પ્રચંડ બળથી અનેક બ્રાહ્મણોને ભોંય ભેગા કરી દીધા. કેટલાકના નાક, કાન, મ્હોં છુંદી નાખ્યાં, કેટલાકના શરીરમાંથી લોહિની ધારાઓ વહેતી કરી દીધી. એટલામાં રૂદ્રદત્ત બ્રાહ્મણ અને રાજકન્યા ભદ્રા ત્યાં આવી પહોંચ્યા. ભદ્રા હરિકેશ મુનિને ત્યાં ઉભેલા જોઈ આશ્ચર્ય પામી અને તેમને ઓળખી તેમના ચરણમાં તેણીએ વંદન કર્યું.

ભદ્રાએ બીજા ભૂદેવોને કહ્યું: ત્હમે આ મહામુનિની નિંદા શા માટે કરો છો ? આ તો મહાપ્રતાપી તપસ્વી મહાત્મા છે, અને બાળ બ્રહ્મચારી છે. યક્ષના પ્રભાવે તે મ્હને પરણ્યા હતા, પરંતુ પોતે બ્રહ્મચારી હોવાથી તેમણે મારો ત્યાગ કરેલો. માટે આ પવિત્ર મુનિને જે જોઈએ તે ખુશીથી આપો. એમ કહી તે ભદ્રા મુનિની ક્ષમા માગવા લાગી. યક્ષ આ વખતે મુનિના શરીરમાંથી પલાયન કરી ગયો. એટલે મુનિએ બાળાને કહ્યું:-હે બાળા, હું ત્યાગી અને તપસ્વી છું, મ્હારાથી ક્રોધ થઇ શકે નહિ; પણ યક્ષના પ્રવેશવાથી આમ બન્યું હતું. મારે માસક્ષમણનું આજે પારણું છે. માટે તમે યજ્ઞ માટે નિપજાવેલાં અન્નમાંથી મને થોડુંક આપો. તરત રાજકન્યાએ હરિકેશ મુનિને ભિક્ષાદાન આપ્યું. સુપાત્ર દાનના પ્રભાવે 'અહોદાનં, મહાદાનં' એવો ત્યાં આકાશ ધ્વનિ થયો. યજ્ઞ પાડામાં

દિવ્ય સુવર્ણની વૃષ્ટિ થઈ, સૌ કોઈ સ્તબ્ધ બનીને મુનિની ક્ષમા માગવા લાગ્યા. હરિકેશ મુનિએ તેમને ધર્મબોધ આપ્યો. કેટલાક બ્રાહ્મણોને મુનિનો ઉપદેશ રૂચ્યો, તેથી તેમણે દીક્ષા લીધી. એમ અનેક જનોને પ્રતિબોધ પમાડી, અદ્‌ભુત તપશ્ચર્યા કરી, હરિકેશબળ મુનિ ચંડાળ કુળમાં ઉપજેલા છતાં આત્માની ઉચ્ચતમ ભાવનાને ભાવતાં કૈવલ્યજ્ઞાન પામ્યા, અને નિર્વાણપદને પહોંચ્યા. ધન્ય છે! હરિકેશ મુનિ સમા મહાન તપસ્વી ક્ષમાશ્રમણને! તેમને આપણા અનેક વંદન હો!!!

**સમાપ્ત.**

# કલ્યાણ સાધના

તારાં સગાંસબંધી, વિષયભોગો કે દ્રવ્યસંપત્તિ તારૂં રક્ષણ કરી શકતાં નથી, કે તને બચાવી શકતાં નથી; તેમજ, તું પણ તેમનું રક્ષણ કરી શકતો નથી, કે તેમને બચાવી શકતો નથી. દરેકને પોતાનાં સુખ દુઃખ જાતેજ ભોગવવાં પડે છે. માટે, જ્યાં સુધી પોતાની ઉંમર હજુ મૃત્યુથી ઘેરાઈ નથી, તથા શ્રોત્રાદિ ઇન્દ્રિયોનું બળ તેમજ પ્રજ્ઞા સ્મૃતિ–જ્ઞાન શક્તિ વગેરે કાયમ છે, ત્યાં સુધી, અવસર ઓળખી, શાણા પુરુષે પોતાનું કલ્યાણ સાધી લેવું જોઈએ.

**—શ્રી આચારાંગ સૂત્ર.**

* * *

જેને તું હણવાનો વિચાર કરે છે, તે તું પોતેજ છે; જેને તું આજ્ઞા આપવા માગે છે, (જેના પર તું અધિકાર ભોગવવા માગે છે) તે તું પોતેજ છે; જેને તું સંતાપ આપવા ચાહે છે, તે તું પોતેજ છે; જેને તું દબાવવા ઇચ્છે છે, તે તું પોતેજ છે અને જેને તું ઉપદ્રવ કરવા માગે છે તે પણ તું પોતેજ છે.

સજ્જન માણસ આ પ્રમાણે સમજીને પોતાનું જીવન વીતાવતો છતો, કોઈ પણ જીવને મારતો નથી, બીજાની પાસે મરાવતો નથી અને (બીજા જીવ પ્રતિ આચરેલું દુઃખાદિ) પોતાને–આત્માને પાછળથી ભોગવવું પડે છે એમ સમજીને તેને ચાહતો પણ નથી.

**—શ્રી આચારાંગ સૂત્ર.**

* * *

અંતઃકરણપૂર્વક સત્યની અન્વેષણા કર! અને સર્વ જીવો પર મૈત્રીભાવ ધારણ કર!

**—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.**

* * *

પીળું જીર્ણ પાંદડું જેમ રાત્રિના સમૂહો પસાર થયે (કાળ પૂરો થઈ ગયા પછી) પડી જાય છે. તેમ મનુષ્યોનું જીવિત પણ આયુષ્ય પૂર્ણ થયેથી પડી જાય છે. માટે હે ગૌતમ, સમય માત્રનો પ્રમાદ ન કર.

**—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.**

## વાંચવા લાયક જૈન પુસ્તકો.

| | |
|---|---|
| આદર્શ રત્નો | ૦—૮—૦ |
| જંબુસ્વામી ચરિત્ર | ૦—૮—૦ |
| શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ | ૦—૧૦—૦ |
| સમકિત સાર ભા. ૧—૨ | ૧—૦—૦ |
| પ્રજ્ઞાપના સૂત્ર ભા. ૧—૨—૩ | ૧૬—૦—૦ |
| ઉત્તરાધ્યયન સૂત્ર (અનુવાદ) | ૦—૬—૦ |
| આચારાંગ સૂત્ર „ | ૧—૦—૦ |
| રાયપ્રશ્નીય સૂત્ર „ | ૦—૧૦—૦ |
| ત્રિષષ્ટીશલાકાપુરુષ પર્વ—૧ થી ૧૦ પુસ્તક ૫ | ૧૨—૦—૦ |
| ઉપમિતિ ભવપ્રપંચા કથા ભા. ૧ થી ૩ | ૯—૮—૦ |
| સૂયગડાંગસૂત્ર ભા. ૧ થી ૫ (ટીકા સાથે) | ૬—૪—૦ |
| કલ્પસૂત્ર સચિત્ર ગુજરાતી | ૩—૦—૦ |
| પ્રશ્નોત્તર મોહનમાળા (ઉત્તરાર્ધ) | ૧—૮—૦ |
| શ્રી સિદ્ધાંતસાગર (થોકડાઓ) | ૧—૦—૦ |
| વિવેકવિલાસ (જ્યોતિષ) | ૨—૮—૦ |
| અધ્યાત્મ કલ્પદ્રુમ | ૨—૮—૦ |
| શ્રીપાળનો રાસ (સચિત્ર ભાષાંતર) | ૧—૪—૦ |
| પ્રત્યેક બુદ્ધ ચરિત્ર | ૧—૪—૦ |
| મહાવીર અને શ્રેણિક | ૧—૮—૦ |
| જૈન સઝાયમાળા ભા. ૧ થી ૪ | ૫—૦—૦ |
| જૈન ધર્મ | ૨—૦—૦ |
| ઉપાસક દશાંગ (કરાંચીનું ટીકાવાળું) | ૨—૧૨—૦ |
| પુંડરિક ચરિત્ર | ૨—૦—૦ |
| મહાવીર જીવન વિસ્તાર (સચિત્ર) | ૧—૦—૦ |

ઉપરાંત જૈન સૂત્રો, ગ્રંથો, ચરિત્રો, રાસો, પાઠ્ય પુસ્તકો આદિનો સારો સ્ટોક હમેશાં શિલિકમાં રહે છે. વધુ માટે સૂચિપત્ર મંગાવો.

પત્રવ્યવહાર—**જીવનલાલ છગનલાલ સંઘવી**

પંચભાઈનીપોળ : અમદાવાદ.

# પુરવણી અને શુદ્ધિ

**વાર્તા નં. ૧**—અકંપિત ૩૦૦ શિષ્યોના અધ્યાપક હતા. ૪૯મા વર્ષે દીક્ષા લઈ, ૫૮ મા વર્ષે કૈવલ્યજ્ઞાન પામ્યા. ૨૧ વર્ષ કૈવલ્ય પ્રવર્જ્યા પાળી, ૭૮ વર્ષની ઉંમરે મોક્ષમાં ગયા.

**વાર્તા નં. ૨**—ગોબરગામ મગધદેશનું હતું. અગ્નિભૂતિ ૫૦૦ શિષ્યોના અધ્યાપક હતા. ૪૭મે વર્ષે દીક્ષા લઈ ૫૯ મા વર્ષે કૈવલ્યજ્ઞાન પામ્યા. ૧૬ વર્ષ કૈવલ્ય પ્રવર્જ્યા પાળી, ૭૪ વર્ષે વૈભાભારગિરિ પર એક માસના અનશનને અંતે મોક્ષમાં ગયા.

**વાર્તા નં. ૩**—કૌશંબી નહિ, પણ કોશલા (અયોધ્યા) નગરી જોઇએ. અચળભ્રાતાને ૩૦૦ શિષ્યો હતા. ૪૭ મા વર્ષે દીક્ષા, ૫૯ મા વર્ષે કૈવલ્યજ્ઞાન, ૧૪ વર્ષની કૈવલ્ય પ્રવર્જ્યા અને ૭૨ મા વર્ષે મુક્તિપદ પ્રાપ્ત કર્યું.

**વાર્તા નં. ૬**—અજીતનાથ છેલ્લા તીર્થંકર નહિ, પણ બીજા તીર્થંકર છે.

**વાર્તા નં. ૧૮**—અભગ્ગસેન અથવા અભગ્નસેન.

**વાર્તા નં. ૨૦**—અભિચ, અભિચિ અથવા અભિજી પણ કહે છે.

**વાર્તા નં. ૩૦**—અર્જુનમાળીના ૭ મિત્રો હતા એમ નહિ, પણ બીજા કોઈ ૭ મિત્રો હતા.

**વાર્તા નં. ૫૩**—અંબડ સાથે નહિ, પણ અંબડ વિના શિષ્યો તૃષાતુર હતા.

**વાર્તા નં. ૫૬**—બ્રાહ્મણ ચંડાલ નહિ, પણ કરકંડુને ચંડાલ ધારી દધિવાહન ઉશ્કેરાયો હતો.

**વાર્તા નં. ૭૨**—ગૌતમસ્વામી કેશીસ્વામી પાસે આવ્યા, પણ વંદન કરવા જવું જોઇએ અને ભાવયુક્ત વંદન કર્યું એ હકીકત આગમપાઠે નથી. વ્યવહાર હોવો સંભવિત છે.

**વાર્તા નં. ૮૨ તથા વાર્તા નં. ૨૩૯**—ગર્દભાળીમુનિ અને સંયતિરાજા સંબંધીની વાત આ ગ્રંથમાં લખ્યા અનુસાર પરંપરાથી

ચાલી આવી છે; પરન્તુ આ બાબત વિદ્વાન અનુભવીઓ પ્રકાશ પાડે છે, કે મૃગ મુનિનું હશે, એવું ધારીને સંયતિ રાજા દિલગીર થયો, એમ નહિ; પરન્તુ હરિણના ટોળા પાછળ ગર્દભાળી મુનિ ધ્યાનસ્થ બેઠા હતા, રાજાએ સામેથી બાણો ફેંકી મૃગને માર્યું. તે મૃગ લેવા જતાં રાજાએ મુનિને જોયા અને તે ગભરાયો કે અવશ્ય આ મહાત્માને મારૂં બાણ વાગ્યું હશે! એવા સંભ્રમથી રાજા ગભરાઈને મુનિ પાસે જાય છે.

**વાર્તા નં. ૧૧૬**—બલિચંચાના ઈંદ્રનું આસન ચલિત થયું નથી, પણ ત્યાં ઈંદ્રનો અભાવ છે, તેથી ત્યાંના દેવ દેવીઓએ ત્યાં આવવાનો સંકલ્પ કરવાનું તામલી તાપસને કહ્યું. (પૃ. ૧૫૫) દેવદેવીઓ ઈશાન ઇંદ્ર પાસે આવ્યા નથી, પણ ત્યાં રહી ક્ષમા માગી, એટલે તેમને છોડી મૂકયા.

**વાર્તા નં. ૧૪૭**—નંદીષેણને ભોગાવલી કર્મ બાકી છે, માટે દીક્ષા લેવાની દેવે ના કહી એ વાર્તા ગ્રંથકથાની છે. ભ. મહાવીરે તેને ધીરજ ધરવાનું કહ્યું તે બરાબર નથી.

**વાર્તા નં. ૧૮૯**—રાજેમતી દીક્ષિત થઈને જયાં આગળ ચાલ્યા જાય છે, ત્યાં વર્ષાદ થવાથી પર્વતની ગુફામાં જાય છે, એમ સમજવું.

**વાર્તા નં. ૧૯૪**—તમારા વાસણમાં એ પાક થોડો ચોંટેલો રહ્યો છે તે વહોરાવો, એ અર્થ પરંપરા બરાબર નથી; પણ એ પાક અન્યને અર્થે કરેલો છે, તે લેવો છે. ત્યારે રેવતી તે પાક પુષ્કળ હતો તેટલો વહોરાવી નાખે છે.

**વાર્તા નં. ૨૧૫**—પ્રભુ મહાવીર સકડાલને ત્યાં સમજાવવા ગયા નથી; પણ ત્યાં ધર્મોપદેશ વખતે સમજાવવા પ્રયત્ન કરે છે.

**વાર્તા નં. ૨૨૧**—સ્થૂળીભદ્રની વાત જો કે મહાવીર નિર્વાણ પછીની છે અને કથાગ્રંથે પરંપરાથી ચાલી આવે છે; પણ વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહેવું એવી પ્રભુઆજ્ઞા સંભવતી નથી, એવો વિદ્વાનોનો મત છે.

# અગાઉથી થયેલા ગ્રાહકોની નામાવળી

### ૧૫૧ ચોટીલા

૧૫૧ શેઠ નેમચંદભાઇ ઠાકરશી

### ૩૪ બોટાદ

૧ વ્રજલાલ ભુદરભાઈ શેઠ
૧ વકીલ હિંમતલાલ વેલશી
૧ દોશી સોમચંદ માણેકચંદ
૪ સ્થા. જૈન પાઠશાળા
૧ શા. લખમોચંદ દેવશી
૧ વૈદ ગીરધરલાલ છગનલાલ
૧ વોરા વખતચંદ લક્ષ્મીચંદ
૧ શા જયંતિલાલ ધનજીભાઈ
૧ શા ગાંડાલાલ નાનચંદ
૧ શા ગાંડાલાલ જશા
૧ ખંધાર મોહનલાલ જીવાભાઈ
૧ ખંધાર ચતુર કલાણ
૧ ગોપાણી ભુદર ઠાકરશી
૧ ગોપાણી લખમીચંદ ચતુર
૧ ગોપાણી ઓધડ મુળચંદ
૧ દોશી નરોતમ નરશી
૧ માસ્તર સુખલાલ શીવલાલ
૧ શા ગુલાબચંદ કાળીદાસ
૧ ગોપાણી નાગર વિઠલ
૧ શા અમ્રતલાલ દીપચંદ
૧ પા. રતનશી નથુ ભાવસાર
૧ ભાવસાર વીઠલ નરશી
૧ „ ખીમચંદ નીમજી
૧ ગાંધી અનોપચંદ ચત્રભુજ
૧ મણીયાર નાનચંદ બાવાભાઈ
૧ પારેખ જગજીવન નાનચંદ
૧ વસાણી કસ્તુર હરીચંદ
૧ નાગલપુર સ્થા. જૈન સંઘ
હ. સલોટ મોહનલાલ પાનાચંદ
૧ શા. મુળચંદ હીરાચંદ બોડી પીપરડી
૧ શા. પ્રેમચંદ તારાચંદ
૧ ભા. ત્રીભોવન વેલશી

### ૩૭ અમદાવાદ

૫ શેઠ આત્મારામ માણેકલાલ
૫ હિંમતલાલ ગીરધરલાલ પારેખ
૨ ભા. છગનલાલ શામળદાસ સરસપુર
૨ સંઘવી ધરમશી માણેકચંદ
૨ મોતીચંદ ધારશીભાઈ દોશી
૧ મોરારજી ધનજીભાઈ પડીયા
૧ સ્થા. જૈન મિત્ર મંડળ
૧ લખમીચંદ ઝવેરચંદ સંઘવી
૧ શા પ્રેમચંદ સાંકળચંદ
૧ શા માણેકલાલ પ્રેમચંદ
૧ મોદી નાથાલાલ મહાદેવ

૧ શા કાંતિલાલ ત્રિભોવન
૧ અમૃતલાલ ઓધડભાઇ દોશી
૧ ચંદુલાલ શીવલાલ સંઘવી
૧ કેવળભાઇ દામોદર
૧ શા. રંગજીભાઇ મોહનલાલ
૧ શા. ડાહ્યાભાઈ ચુનીલાલ
૧ શા. છક્કડભાઇ મગનલાલ
૧ મેતા મુળચંદ મગનલાલ
૧ શા. રમણલાલ બહેચરદાસ
૧ શા. શામળભાઇ ગોરધન
૧ શા. પોપટલાલ નાગરદાસ
૧ ભા. જેસીંગભાઈ ડાહ્યાભાઈ સરસપુર
૧ ભા. મંગળજી પાનાચંદ હ. બેન પુરી „
૧ ભા. નાથાલાલ ગુલાબચંદ „
૧ ભા. દલસુખભાઇ ગીરધર „

### ૧૭ જામનગર

૪ શેઠ સોમચંદભાઈ ટોકરશી હથુ
૨ શેઠ સોમચંદ ટોકરશી
૨ શેઠ જગજીવન ખેતશીભાઈ
૧ નાગનીયા માવજી માણેકચંદ
૧ શા ગોકળભાઈ અમુલખ
૧ સંઘવી ગોકળદાસ કાનજી
૫ સ્વર્ગસ્થ મહેતા વૃજલાલ માનસિંગના ધર્મપત્ની અચરતબાઇ
૧ શા લખમીચંદ પોપટલાલ

### ૧૬ રાજકોટ

૧૫ સ્થા. જૈનશાળા ખાતે હ. ગુલાબચંદભાઈ
૧ બોઘાણી રતીલાલ ભાણજી

### ૯ મેંદરડા

૧ હીરાણી ત્રીકમજી પરસોતમ
૧ શા. આણંદજી ડાહ્યાભાઈ
૧ શેઠ કુંવરજી કલાણજી
૧ હીરાણી વલ્લભજી રતનશી
૧ ભાઈચંદ જસરાજ અજમેરા
૧ શા જગજીવન શવચંદ
૧ માવાણી પોપટલાલ તલશી
૧ ગાંધી કપુરચંદ ઝવેરચંદ
૧ બેન નંદુભાઈ ઠાકરશી હીરાણી

### ૮ ખંભાત

૧ શા. નગીનચંદ અનોપચંદ
૨ શા. છગનલાલ રતનચંદ તરફથી હ. શા. છોટાલાલ દોલતચંદ
૧ શા. છોટાલાલ તારાચંદ
૧ શા. ચતુરભાઈ છોટાલાલ
૧ ગાંધી મોહનલાલ દોલતચંદ
૧ શા. મોહનલાલ ઇચ્છાલાલ
૧ ડો. ભુદરદાસ બી. વોરા

### ૯ કરાંચી

૧ ડો. ન્યાલચંદ રામજીભાઈ દોશી
૧ વૈદ્ય કાનજી ઝુંઝાભાઇ
૧ ત્રીકમજી લધાભાઈ

૧ ત્રીકમજી અમીચંદ
૧ મયાશંકર લીલાધર
૧ પારેખ ઉત્તમચંદ ત્રીભોવન
૧ સંઘવી ગોકળદાસ નેણશી
૧ લાલજી સુંદરજી નાયડા
૧ શેઠ છગનલાલ લાલચંદ

## ૮ વાંકાનેર

૧ સંઘવી ઝુંઝાભાઇ સોમચંદ
૧ વખારીયા જટાશંકર જગજીવન
૧ સંઘવી વીકમચંદ જેચંદ
૧ સંઘવી મોહનલાલ શામજી
૧ સંઘવી અમ્રતલાલ શામજી
૧ મેતા કાંતિલાલ કપુરચંદ
૧ મેતા વાઘજી ગુલાબચંદ
૧ શા. મગનલાલ કાલીદાસ

## ૬ કત્રાસગઢ

૧ દેવચંદ અમુલખ મહેતા
૧ ફુલચંદ કીરચંદ દોશી
૧ પાનાચંદ ખોડીદાસ મહેતા
૧ રતીલાલ કેસવજી મહેતા
૧ હરસુખલાલ હરખચંદ દોશી
૧ શંકરલાલ ઉમિયાશંકર મહેતા

## ૪ ઝરીઆ

૧ જયાશંકર કાલીદાસ ખોખાણી
૧ જગજીવન માણેકચંદ મહેતા
૧ નાગરદાસ એચ શાહ
૧ લવજી વલ્લભજી માટલીયા

## ૭ રાયપુર

૧ ભાઈ મુલતાનચંદ લખમીચંદ
૧ ભાઈ જસકરણજી ડાગા
૧ ભાઇ ખુશાલચંદ માણેકચંદ
૧ ભાઇ છગનભાઈ મુળચંદ
૧ ભાઈ નાગજી પાનાચંદ
૧ ભાઈ પરસોતમ જીવન
૧ ભાઇ શામજી કાલીદાસ

## ૭ સરસાઇ

૧ શ્રી સરસાઈ જૈન લાયબ્રેરી
૧ ગાંધી જેચંદ ટીડાભાઇ
૧ શાહ મોતીચંદ સોમજી
૧ શાહ મોનજી પરસોતમ
૧ શાહ રતીલાલ શામજી
૧ બદાણી રામજી હીરાચંદ
૧ ગાંધી રાઘવજી કાલાભાઇ —મોણીયા

## ૭ ગઢડા

૧ નારણદાસ ભીખાભાઈ પોસ્ટ માસ્તર
૧ કામદાર માણેકચંદ ટોકરશી
૧ ગોસલીયા નરસીદાસ ગોકળ
૧ શા મોહનલાલ પ્રેમચંદ
૧ બેન સાંકળી વર્ધમાન
૧ કેરોસીન જૈનશાળા હ. પોપટલાલ
૧ રાઘવજી વાલજી

## ૭ પુના

૭ કાવેડીયા ગુલરાજ સંતોકચંદજી સાદડીવાળા

## ૧૧ ઉપલેટા

૨ દોશી દેવચંદ હરખચંદ
૧ દોશી મુળજી મકનજી
૧ દોશી નેમચંદ શવજી

૧ „ „ ચુડા
૧ „ „ કચ્છ-અંજાર
૧ શ્રી પાનાચંદજી સ્વામી સ્મારક જૈન લાયબ્રેરી--ચણાકા

### ૧૫ વડોદરા

૧ મણીલાલ ભાઈ ભાઇચંદ મહેતા
૧ શા અમીચંદ માણેકચંદ
૧ શા બેચરભાઇ છોટાલાલ
૧ શા મોતીચંદ છોટાલાલ
૧ શા કસ્તુરચંદ છોટાલાલ
૧૦ શા નાથાલાલ ગોરધન બુકસેલર ઠે. કરોળીયાપોળ

### ૧૧ વણુછરા

૧ શા. હીરાલાલ શામળદાસ
૧ શા. હીરાલાલ ભવાનીદાસ
૧ શા. મહાસુખભાઈ શીવલાલ
૧ શા. ચુનીલાલ કાળીદાસ
૧ શા મગનલાલ માણેકચંદ
૧ શા. લખમીચંદ રામદાસ
૧ શા. હીંમતલાલ ફુલચંદ
૧ શા. મહાસુખભાઇ લલ્લુભાઇ
૧ શા. મગનલાલ ભવાનીદાસ
૧ શા. ભાયચંદભાઇ અમરચંદ
૧ શ્રી જૈન લાયબ્રેરી ખાતે

### ૭ વીરમગામ

૧ શા ટોકરશી છગનલાલ
૧ શા ઓધડભાઈ કેશવજી
૧ શા ચંદુલાલ જેસિંગભાઈ
૪ શા નથુભાઈ નાનચંદના વિધવા બાઈ જીવીબેન

### ૭ ધારી

૧ શાહ જગજીવન ગોવિંદજી
૧ શાહ અમૃતલાલ સુંદરજી
૧ ગાંધી દલીચંદ કશળચંદ
૧ ગાંધી કશળચંદ હ.બાઇ ગોદાવરી
૧ શાહ રણછોડ જુઠાભાઈ
૧ બહેન કેશર બહેન
૧ કામદાર દેવચંદ હેમચંદ બગસરા

### ૧૬ કચ્છ

૧ શા. રવજી ડાહ્યાભાઇ-દેશલપુર
૧ મેતા છગનલાલ દેવચંદ દરશડી
૨ દોશી શાંતિલાલ માવજી— માંડવી બંદર
૧ ડૉ. મોહનલાલ એસ દેસાઈ— ગઢસીસા
૧ મેતા વેલજી વીસનજી માન કુવા
૧ શ્રી ચાંદરોડા જૈન સ્થાનક હ. મેતા જેરામ ભગવાનજી
૧ મેતા પ્રતાપશી ગલાલચંદ ભુવડ
૧ મેતા વેલજી આશકરણ „
૧ શા વલ્લમજી ખેંગાર લાખાપુર
૧ મેતા ઠાકરશી જાદવજી બેડોઈ
૧ શા જીવરાજ કચરાણી ”
૧ શામજી મેઘજી ચંદીઆ
૧ ગાંધી ઓધવજી અજરામર મથડા
૨ શા શંભુભાઈ પરસોતમ અંજાર

### ૩ પડધરી

૧ પડધરી જ્ઞાન ભંડાર
૧ પટેલ જેઠાલાલ પાનાચંદ
૧ મેતા ભીમજી ગોવિંદજી

૧ શા. વીરજીભાઇ ખીમચંદ—
નાવડા

૧ કામદાર મોહનલાલ હીરાચંદ
બાબરા

૧ શા. ત્રંબકલાલ કુંવરજી—રહોલ

૧ દેસાઇ જગજીવન જેચંદભાઈ—
બગસરા

૧ શા કુંવરજી જાદવજી—પાલેજ

૧ કોઠારી વછરાજ કાલીદાસ—
વડાલ

૧ ગુલાબચંદ તુલસીદાસ ગાંધી
ઘોઘલા (દીવ)

૧ શા દામોદર મુળચંદ ,,

૧ શા ધીરજલાલ લખમીચંદ—
વીંછીયા

૧ સ્થા. જૈન સંઘ—સુદામડા

૧ શા. મગનલાલ લખમીચંદ
બોડેલી

૧ ગો. રવજી નારણજી, સેક્રેટરી
સ્થા. જૈન સંઘ—માંગરોળ

૧ છોટાલાલ ગુલાબચંદ શાહ—
નાર

૧ દોશી જીવરાજ લાલચંદ—
સાણંદ

૧ શા વાડીલાલ આશારામ ,,

૧ રૂપાણી પ્રાગજી રવજી પુસ્તકા-
લય—ભેસાણ

૧ વોરા મુળચંદ હરખચંદ—
જસદણ

૧ ભા. ચંપકલાલ મગનલાલ—વસો

૧ શા. હરગોવન ધરમશી—પીપરડી

૧ શા. પ્રેમચંદ વસનજી—
વેરાવળ બંદર

૧ સ્થા. જૈન ઉપાશ્રય હ. શા.
વાલજી મનજી—કાટકોરા

૧ લલુભાઈ નાગરદાસ—ચંદરવા

૨ શ્રી શ્વે. સ્થા. જૈન પાર્શ્વનાથ
મિત્ર મંડળ—બદનાવર

૧ અંબાલાલ રણછોડભાઈ
શીવરાજપુર

૧ સ્થા. જૈન સંઘ. હ. પુંજીલાલ
હિંમતલાલ—પ્રાંતીજ

૧ શેઠ આત્મારામ મોહનલાલ કલોલ

૧ શ્રી લવજી સ્વામી જૈન ફ્રી
લાયબ્રેરી—ચોટીલા

૧ શ્રી લવજી સ્વામી સ્મારક
લાયબ્રેરી—જુનાગઢ

૧ શ્રી લવજી સ્વામી સ્મારક જૈન
લાયબ્રેરી—આણંદપુર

૧ ,, ,, ભાડલા
૧ ,, ,, ખીરસરા
૧ ,, ,, ખાટડી
૧ ,, ,, રામપુરા
૧ ,, ,, સેજકપુર
૧ ,, ,, ખોડુ
૧ ,, ,, વસતડી
૧ ,, ,, દેદાદરા
૧ ,, ,, અંકેવાળીયા
૧ ,, ,, રાજપુરા
૧ ,, ,, જામકંડોરણા

૧ ,, ,, ચુડા
૧ ,, ,, કચ્છ-અંજાર
૧ શ્રી પાનાચંદજી સ્વામી સ્મારક
જૈન લાયબ્રેરી--ચણાકા

## ૧૫ વડોદરા

૧ મણીલાલ ભાઈ ભાઈચંદ મહેતા
૧ શા અમીચંદ માણેકચંદ
૧ શા બેચરભાઇ છોટાલાલ
૧ શા મોતીચંદ છોટાલાલ
૧ શા કસ્તુરચંદ છોટાલાલ
૧૦ શા નાથાલાલ ગોરધન
બુકસેલર ઠે. કરોળીયાપોળ

## ૧૧ વણછરા

૧ શા. હીરાલાલ શામળદાસ
૧ શા. હીરાલાલ ભવાનીદાસ
૧ શા. મહાસુખભાઈ શીવલાલ
૧ શા. ચુનીલાલ કાળીદાસ
૧ શા મગનલાલ માણેકચંદ
૧ શા. લખમીચંદ રામદાસ
૧ શા. હીંમતલાલ ફુલચંદ
૧ શા. મહાસુખભાઇ લલ્લુભાઇ
૧ શા. મગનલાલ ભવાનીદાસ
૧ શા. ભાયચંદભાઇ અમરચંદ
૧ શ્રી જૈન લાયબ્રેરી ખાતે

## ૭ વીરમગામ

૧ શા ટોકરશી છગનલાલ
૧ શા ઓઘડભાઈ કેશવજી
૧ શા ચંદુલાલ જેસિંગભાઈ
૪ શા નથુભાઈ નાનચંદના વિધવા
બાઈ જીવીબેન

## ૭ ધારી

૧ શાહ જગજીવન ગોવિંદજી
૧ શાહ અમૃતલાલ સુંદરજી
૧ ગાંધી દલીચંદ કશળચંદ
૧ ગાંધી કશળચંદ હ.બાઇ ગોદાવરી
૧ શાહ રણછોડ જુઠાભાઈ
૧ બહેન કેશર બહેન
૧ કામદાર દેવચંદ હેમચંદ બગસરા

## ૧૬ કચ્છ

૧ શા. રવજી ડાહ્યાભાઇ-દેશલપુર
૧ મેતા છગનલાલ દેવચંદ દરશડી
૨ દોશી શાંતિલાલ માવજી—
માંડવી બંદર
૧ ડૉ. મોહનલાલ એસ દેસાઈ–
ગઢસીસા
૧ મેતા વેલજી વીસનજી માન કુવા
૧ શ્રી ચાંદરોડા જૈન સ્થાનક
હ. મેતા જેરામ ભગવાનજી
૧ મેતા પ્રતાપશી ગલાલચંદ ભુવડ
૧ મેતા વેલજી આશકરણ ,,
૧ શા વલ્લભજી ખેંગાર લાખાપુર
૧ મેતા ઠાકરશી જાદવજી ખેડોઈ
૧ શા જીવરાજ કચરાણી "
૧ શામજી મેઘજી ચંદીઆ
૧ ગાંધી ઓધવજી અજરામર મથડા
૨ શા શંભુભાઈ પરસોતમ અંજાર

## ૩ પડધરી

૧ પડધરી જ્ઞાન ભંડાર
૧ પટેલ જેઠાલાલ પાનાચંદ
૧ મેતા ભીમજી ગોવિંદજી